## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૧૪ | ૩૭ | તત્ત્વાનુસારિતા | ૨ |
| ૨. | ૧૪ | ૩૭ | ચિત્તાવશુદ્ધિ અને મનોબળ | ૪ |
| ૩. | ૧૪ | ૪૦ | સાવદ્યાચાર્ય ચિત્તવિશુદ્ધિ ગુમાવી | ૧૧ |
| ૪. | ૧૪ | ૪૨ | અસ્થિતપ્રજ્ઞાના મૂળમાં સાકાંક્ષભાવ | ૨૨ |
| ૫. | ૧૪ | ૪૩ | સ્વાર્થના હિસાબો | ૩૧ |
| ૬. | ૧૪ | ૪૩ | અજ્ઞાન ધોરણો | ૩૫ |
| ૭. | ૧૪ | ૪૪ | હારના દૃષ્ટાન્તે પરાણે પ્રીતની સિદ્ધિ | ૩૮ |
| ૮. | ૧૪ | ૪૪ | ક્રોધાદિના અનર્થ કેવા ? | ૪૨ |
| ૯. | ૧૪ | ૪૫ | આપત્તિમાં તત્ત્વ આ જોવાનું કે ? | ૫૦ |
| ૧૦. | ૧૪ | ૪૬ | જિનવચનમાં રંગના પ્રભાવે | ૫૨ |
| ૧૧. | ૧૪ | ૪૭ | લોભ જતો કરવાથી | ૬૦ |
| ૧૨. | ૧૪ | ૪૭ | અનિષ્ટમાં દર્શન કેવું ? | ૬૪ |
| ૧૩. | ૧૫ | ૧ | વૈરાગ્ય ધાર્યો તે ધાર્યો | ૬૭ |
| ૧૪. | ૧૫ | ૧ | ચાણક્યની તત્ત્વદર્શિતા-તેજસ્વિતા | ૬૯ |
| ૧૫. | ૧૫ | ૨ | ઉચ્ચ વલણના બીજા દાખલા | ૭૬ |
| ૧૬. | ૧૫ | ૩ | વ્યાખ્યાન કેમ સંભળાય ? | ૮૨ |
| ૧૭. | ૧૫ | ૩ | આત્માની દૃષ્ટિએ કિંમત કોની ? | ૮૫ |
| ૧૮. | ૧૫ | ૩ | વિજ્ઞાન પાંગળું છે | ૮૭ |
| ૧૯. | ૧૫ | ૩ | વિજ્ઞાનમાં બરબાદી | ૮૯ |
| ૨૦. | ૧૫ | ૪ | આત્મવિકાસનું મહત્ત્વ | ૯૦ |
| ૨૧. | ૧૫ | ૪ | સતીત્ત્વનો બીજો પ્રભાવ | ૯૮ |





| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૨૨. | ૧૫ | ૭ | ચારિત્ર સ્વીકારનાં કારણો | ૧૦૬ |
| ૨૩. | ૧૫ | ૯ | સાધનાના અનેક પ્રકાર | ૧૧૬ |
| ૨૪. | ૧૫ | ૧૦ | પુરુષાર્થની ખામીનાં ૮ કારણ | ૧૨૨ |
| ૨૫. | ૧૫ | ૧૦ | ભગવતીસૂત્રનો જમાલિનોવૈરાગ્યમયઅધિકાર | ૧૨૮ |
| ૨૬. | ૧૫ | ૧૧ | જમાલિનો ઉત્તર | ૧૩૧ |
| ૨૭. | ૧૫ | ૧૩ | ઈન્દ્રિયનિગ્રહની ચાવી | ૧૪૯ |
| ૨૮. | ૧૫ | ૧૪ | ઘરવાસ અને ચારિત્રજીવન વચ્ચે ફરક | ૧૫૫ |
| ૨૯. | ૧૫ | ૧૪ | સીતા સાધ્વીની સાધના | ૧૬૧ |
| ૩૦. | ૩૧ | ૨૧ | **પ્રભાવકપૂર્વજોની યશોગાથા : સીતાજી** | ૧૬૮ |
| ૩૧. | ૩૧ | ૨૨ | સીતાજીના ચારિત્ર નિર્ધારનું રહસ્ય | ૧૭૮ |
| ૩૨. | ૩૧ | ૨૨ | ત્રણ મુદ્દામાંથી બોધપાઠ | ૧૮૩ |
| ૩૩. | ૩૧ | ૨૬ | ધર્માત્માની મોક્ષ તરફ દૃષ્ટિ | ૨૦૬ |
| ૩૪. | ૩૧ | ૨૬ | આપત્તિમાં મોક્ષદૃષ્ટિ સમાધિ આપે | ૨૦૯ |
| ૩૫. | ૩૧ | ૨૮ | દુઃખ નહિવત્ લગાડવાના ઉપાય | ૨૨૬ |
| ૩૬. | ૩૧ | ૨૯ | સીતાજીના ઉમદા બોલ | ૨૩૩ |
| ૩૭. | ૩૧ | ૩૦ | મયણાસુંદરીમાં સત્ત્વ હતું | ૨૩૯ |
| ૩૮. | ૩૧ | ૩૧ | કર્તવ્યમાં આનંદના દાખલા | ૨૪૭ |
| ૩૯. | ૩૧ | ૩૧ | રામની સ્થિતપ્રજ્ઞતા | ૨૫૩ |
| ૪૦. | ૩૧ | ૩૨ | સીતાનો સંદેશો | ૨૬૩ |
| ૪૧. | ૩૧ | ૩૨ | ઉત્તમતાનો ઉપાય | ૨૬૫ |
| ૪૨. | ૨૯ | ૩ | **નવપદ પૂજા** | ૨૭૭ |
| ૪૩. | ૨ | ૪૩/૪૪ | ચાતુર્માસની આરાધના | ૨૮૦ |
| ૪૪. | - | - | ગુરુદેવની અમૃતવાણી | ૩૦૯ |

# આત્માનો વિકાસ અને મહાસતી સીતાજીના જીવન-પ્રસંગ

## • (૨) તત્ત્વાનુસારિતા •

**હૃદય ઉચ્ચ અને ઉમદા બનાવવા કર્મ પર અટલ શ્રદ્ધાની જેમ તત્ત્વાનુસારિતા એ બીજો ઉપાય છે.** તત્ત્વાનુસારિતા એટલે તત્ત્વનું અનુસરણ. તત્ત્વ એટલે વસ્તુતત્ત્વ, વસ્તુનું સ્વરૂપ, રહસ્ય, વસ્તુનો પરમાર્થ, એનું અનુસરણ એટલે કે મનની દૃષ્ટિ એના તરફ રહે. એમાં જીવનો એવો સ્વભાવ બની જાય કે એ વસ્તુ કે પ્રસંગના ઉપલકિયા દેખાવ તરફ મનને ન ઠરવા દેતાં ઉંડાણ તરફ લઈ જાય. દા.ત. વેપારમાં કોઈ તક આવી ને જરા હોંશિયારી વાપરી પૈસા કમાયો ત્યાં મનને એવું ન થાય કે 'આ હોંશિયારી રાખી તો પૈસા કમાયો.' એ તો સમજે કે 'ભાગ્યની લીલા છે. હોંશિયારી તો પહેલાં પણ અનેકવાર વાપરેલી પરંતુ પૈસા ક્યાં રેઢા પડ્યા હતા ? ત્યાં તો ચાલુ રોટલા કમાઈ ખાતા હતા. એ તો પરમાત્માનો પ્રભાવ કે એમના આલંબને ઊભું થયેલું પુણ્ય અત્યારે ઉદયમાં આવ્યું ને સારી કમાણી થઈ ! ઉપકાર ભગવાનનો છે તો આ હોશિયારી પણ દેખવા મળે છે. આમ દૃષ્ટિ ભગવાનના ઉપકાર તરફ જાય એ વસ્તુના પરમાર્થ તરફ, તત્ત્વ તરફ ગઈ ગણાય. એનું નામ તત્ત્વાનુસારિતા, ત્યાં પછી મનને થાય કે,'

'અરિહંતા મે સરણં, સિદ્ધા મે સરણં' મારે ભગવાનનું શરણ છે હું અબુઝ છું. કયા અગમનિગમ કર્મ કામ કરી રહ્યા છે એની મને ખબર નથી, તેમ એ પણ ખબર નથી કે ક્યારે એ પલટો પામી જઈ ઊલટા સ્વભાવનાં કર્મ ક્યારે ઉદયમાં આવી જાય, અને પરિસ્થિતિ ફેરવી નાખે ? એટલે કાંઈ હરખઘેલછા કે અભિમાન ન કરતાં મારે તો ભગવાન ! તારું શરણ છે. મને સદા સદ્‌બુદ્ધિ આપજે,' આ તત્ત્વાનુસરણ કર્યું.

**પૈસાની કમાણી પર અ-તત્ત્વનું અનુસરણ એટલે** પોતાની હોંશિયારી પર મદાર રાખવાનું કર્યું હોત તો એમાં અભિમાન પોષાત, ખોટો આત્મવિશ્વાસ સેવત, અને એથી કદાચ વધુ સાહસ કરી પૈસા ગુમાવવાનું ય થાત, એવા તો આજે ઢગલાબંધ દાખલા જોવા મળે છે કે જેઓ એમ જ ખુવાર થઈ ગયા, ખુવાર થયા તો થયા, પણ હજીય પરમાત્માનું શરણ સ્વીકારી શકતા નથી, હજીય આને દોષ



દે છે ને પેલાને દોષ દે છે, ખોટા ઓરતા કરે છે કે 'મારી પાસે મૂડી હોય તો આમ કમાઈ લઉં.' દૃષ્ટિ જ અતત્ત્વ ઉપર છે, એટલે ઉંધા બાથોડિયા મારે છે, ભગવાનને શરણે જતા નથી, આડાઅવળા ફાંફા મારે છે, પુણ્ય વધારતા નથી, ખોટા પ્રયત્નમાં નાસીપાસ થાય છે, અને જિંદગીભર રોદણાં રોયા કરે છે.

### • ત્યારે તત્ત્વાનુસારિતાની બલિહારી છે •

એ તો સારું કમાયા પર પરમાત્માનો જ પ્રભાવ દેખે છે, કૃતજ્ઞતારૂપે પરમાત્માની સેવા-ભક્તિ તરફ એમના આદેશના પાલન તરફ ઢળે છે. પુણ્ય વધારે છે, અને જાતની હોંશિયારીનું અભિમાન કે ખોટો આત્મવિશ્વાસ નહિ હોવાથી ખોટાં સાહસ કરવા તરફ એ લલચાતા નથી, સારા વખતમાં કમાઈ લઈ ખૂણે બેસી જઈને શાંતિથી જીવન જીવનારના દાખલા પણ આજે મળે છે.

(૨) તત્ત્વાનુસારિતા વળી આ પ્રેરણા આપે છે કે 'ધનની કમાણી તો થઈ પરંતુ ધનની કમાઈની સાથે પાપનીય કમાઈ થઈ છે. ધનનો સંયોગ અંતે વિનશ્વર છે, પાપનો સંયોગ અંતે ઊભો રહેવાનો છે. માટે જીવ ! હવે પૈસા મળ્યા છે તો પાપનો નિકાલ કરવા તરફ લક્ષ રાખજે. પૈસા તો આજ છે ને કાલે નથી; પણ પાપ જો ઊભાં રહી ગયાંને, તો એના ઉદય ભોગવતાં દમ નીકળી જશે !'

**દૃષ્ટિ ધનના ઢગલા ઉપર નહિ, કિન્તુ એની સાથે ઊભા થયેલ પાપસંચય પર ગઈ, એ તત્ત્વનું અનુસરણ કર્યું કહેવાય.** એવી દૃષ્ટિના હિસાબે હવે પરમાર્થ-પરોપકાર તરફ વિશેષ લક્ષ રહે. પૂર્વના કાળમાં દેશાવરથી ધન કમાઈ લાવતા ત્યારે પહેલું કામ અર્થીઓને દાન દેવાનું કરતા; દુઃખીના દુઃખ ફેડતા, નિરાધારને આધાર આપતા; અને પછી પણ અભંગદ્વાર. કોઈપણ દીનદુઃખી માટે દરવાજા ખુલ્લા કે એ આવીને પામી જતા. એમ બીજાં પણ ધર્મકાર્યોમાં ખરચવાનું ચાલું રહેતું.

**સિદ્ધગિરિ અને પ્રેમચંદ શેઠ :-**

**પ્રેમચંદ રાયચંદ** એકવાર સિદ્ધગિરિ યાત્રાએ ગયા, સુંદર રીતે યાત્રા કરી. આ મહાતીર્થની ભવ્ય જાહોજલાલી જોઈ હૃદય દ્રવિત થયું. બીજી બાજુ પાલીતાણાના દરબારના રખોપાની દખલ જોઈ દુઃખ થયું કે 'આવા મહિમાવંતા મહાતીર્થની આ પરાધીન દશા ! અનંતાને મોક્ષે મોકલનાર આ તીર્થની ભવ્યતા ક્યાં ? ને ક્યાં આ રાજ્યની એના પર હકુમત ?' એમના મનને આઘાત લાગ્યો અને તરત આ પરિસ્થિતિનો અંત લાવવા ઉપડ્યા દરબાર પાસે. શું કરવા ? સિદ્ધગિરિને રખોપામાંથી છોડાવવા ! પછી ભલે એમાં લાખો રૂપિયા કાં ન લાગે ? ક્યાંથી એવડી મોટી રકમ ઊભી કરવાની ? ટીપટપ્પો ફંડફાળો કરીને નહિ. પોતાની મૂડીમાંથી જ આ કામ

કરવાનું. જીવનમાં તત્ત્વાનુસારિતા હતી, તેથી તીર્થના એક ભક્ત અને તે પણ સ્થિતિસંપન્ન તરીકે પોતાની જવાબદારીનું તત્ત્વ મન પર આવ્યું; ભક્તપણાનું કર્તવ્ય નજર સામે તરવરી ઊઠ્યું ! દરબારને કહે,-

'આ હર સાલ અમને રખોપાની રકમની ઉઘરાણી કરવી પડે એના કરતાં અમે તમને મોટી રકમ જ આપી દઈએ તો તમારે વ્યાજમાંથી રકમ મળી રહે તો કેમ ?'

ઠાકોર કહે 'તે કેટલી રકમ આપો ?'

પ્રેમચંદ શેઠ કહે 'આપ ફરમાવો. રખોપાનો હક ઊઠાવી લઈને કહેજો.'

ઠાકોરે વ્યાજની રકમ ઊપજી જાય એના કરતાં બહુ મોટી રકમ કહી, પણ પ્રેમચંદ શેઠ ક્યાં કાચા હતા ? વેપારી પદ્ધતિથી વાટાઘાટ કરતાં અંતે રૂપિયા તેર લાખ ઠાકોરે કહ્યા. આટલી મોટી રકમ પ્રેમચંદ શેઠે એકલાએ આપવાની ? હા, એ સમજતા હતા કે જનમ જનમ ભટકતાં લક્ષ્મી તો બહુ ય વાર મળી પણ આવું અનુપમ સુકૃત ક્યાં મળ્યું ? મળ્યું હોત તો આજે ભવમાં રખડતી અને કર્મથી કચરાયેલી સ્થિતિ શાની હોય ? વળી પૈસા તો આમેય ક્યાં નથી જતા રહેતા ? બિમારીમાં, ચોરીમાં, વેપારમાં, આગ-અકસ્માતમાં પૈસાને જતાં ક્યાં વાર લાગે છે ? છેવટે મૃત્યુ થતાં તો પૈસા છૂટી જ જાય છે ને ?

**પૈસા અહીં ! અને આપણે પરલોક !** કેવી દુર્દશા ! પૈસા તો લોહીનું પાણી કરીને મેળવ્યા તે અહીં રહ્યા અને એના પાપ સાથે થયા ! તો અંતે મૂકવા પડે એના કરતાં આવા મહાન સુકૃતના લહાવામાં પૈસા કાં ન જતા કરવા ? એથી પુણ્ય કાં ન સાથે કરવું ?

**પરલોકમાં પૈસા સાથે નહિ, હુંડી સાથે રહો :-**

માણસ પરદેશ જાય તો મોટી રકમ સાથે ન લઈ જતાં ચેક, હુંડી, ડ્રાફ્ટ કઢાવી લે છે તેથી જોખમમાંથી બચી જાય છે, અને પરદેશમાં એને વટાવતાં રોકડી રકમ પણ મળી જાય છે. એટલે એ હુંડી-ડ્રાફ્ટમાં પૈસા આપ્યા તે કાંઈ પડી ગયા નથી, પણ સુરક્ષિત બન્યા છે. ઊલટું જો રકમની રકમ જ લઈને જાત તો વચમાં ક્યાંક કદાચ ગૂંડાના હાથે પ્રાણ ને પૈસા બંને જવાનો સંભવ હતો. બસ, પરલોક જતાં આવું જ છે, સંસારરૂપી અટવીમાં પસાર થતાં પૈસા સાથે લઈ જવાનું ધારે અને ઠેઠ અંતકાળ સુધી એની મમતા ન છોડે, તો ય પૈસા અને પ્રાણ બંને જવાનું નિશ્ચિત્ત છે. એના બદલે જો સુકૃતરૂપી હુંડીમાં ભરે, તો પૈસા ખોવાય નહિ, પણ સદ્ધર-સુરક્ષિત બન્યા કહેવાય, પરલોકે જ ધનથી દસ ગુણા મળવાનું નક્કી થઈ ગયું ! અને ઉત્કૃષ્ટથી તો યાવત્ સ્વર્ગસુખ કે કેવળજ્ઞાન પણ મળે ! એટલે, સારા કાર્યમાં ખરચવું એ ખોટ નથી, ખોવાવાનું નથી, પણ પાકી પુણ્ય-હુંડી ઊભી કરે છે.





**સુકૃતમાં ધન નાખવું, એ તો રસાળ જમીનમાં બીજનું વાવેતર છે.** એ અનેક ગુણો પાક આપે ! સુકૃત બીજી-ત્રીજી, આશંસા-અપેક્ષા વિના કરાય તો એ પાકમાં એવું અદ્ભુત મનોબળ અને ચિત્તશુદ્ધિ મળે કે જે સર્વ ત્યાગ સુધી લઈ જાય.

## • ચિત્તવિશુદ્ધિ અને મનોબળ •

**એકલા ધનનું પુણ્ય કેમ કિંમતી નહિ ?**

**એટલે સુકૃતનું ખરું ફળ ચિત્તવિશુદ્ધિ અને મનોબળ છે.** સુકૃત કરવા પર પુણ્યથી પૈસા મળે એની કશી કિંમત નથી. ઊલટું જો ચિત્તવિશુદ્ધિ ન મળી હોય તો એ જ ધનપ્રાપ્તિ પર હેવાનિયત જાગે, શેતાનપણું આવે, એમ મનોબળ ન હોય તો પ્રલોભક સંયોગોમાં સંયમ સાચવી શકે નહિ, ઉદ્ભટ વિલાસી બને અને જરૂર પડ્યે, અનાચારના માર્ગે ચડી જાય ! મલિનચિત્ત અને નિર્બળ મન, બંનેનું પરિણામ દીર્ઘ દુર્ગતિમાં ભટકવાનું. દુન્યવી ઈચ્છાઓ રાખી કરેલા સુકૃતમાં એવા મલિન પુણ્ય ઊભાં થાય છે કે એનાથી સક્લિષ્ટ ભોગ મળે છે. સંકલેશ કરાવનારી સામગ્રી મળે છે, સંકલેશ એટલે મલિન રાગ-દ્વેષવાળું ચિત્ત. સામગ્રી તો મળે, પરંતુ ચિત્તમાં ભારે આસક્તિ, લંપટતા, વિષયાંધતા, ઈર્ષ્યા, અનિષ્ટ પ્રત્યે દ્વેષ વગેરે સળગતા રહે. ત્યાં હવે કહો જો; પુણ્યે અનુકૂળ પૈસા ટકા વિષયો, શરીર-કુટુંબ, માન-સન્માન વગેરે મળ્યાની શી વિશેષતા ? ઊલટું એ ચિત્તદોષે આ સામગ્રી મળ્યા પરથી જ બેફામ વિફરવાના !'

**એટલે જ ખરી કિંમત ચિત્તશુદ્ધિની છે,** એ મલિન રાગદ્વેષ-આસક્તિ આદિ દોષો ટળ્યાની છે, એ ટળીને વૈરાગ્ય, ઉપશમ, સંતોષ, સમતા, મૈત્રી, કરુણા વગેરે દુન્યવી સામગ્રી પર જીવ પાગલ નહિ થાય, દુષ્કૃત્યો નહિ. આચરે આમાં વળી સાથે મનોબળ હોય એટલે તો પૂછવું જ શું ? ગમે તેવા પ્રલોભક સંયોગો સામે આવે છતાં મન લલચાઈ નહિ જાય, ઈન્દ્રિયસંયમ ગુમાવશે નહિ એમ પ્રતિકૂળ સંયોગમાં ચિત્ત બગડશે નહિ. સુકૃત કરાય અને તે નિરાશંસ ભાવે કરાય; કોઈ જ પૈસા, પરિવાર, પ્રતિષ્ઠા આદિની અપેક્ષા નહિ કામના નહિ;

**માત્ર એક જ શુદ્ધ બુદ્ધિ કે**

(૧) જીવનમાં કરવા લાયક હોય તો તે સુકૃત જ છે, માટે સુકૃત કરું.

(૨) અથવા, સુકૃતાચરણથી કર્મનાં બંધન તૂટે મમતાદિ દોષો ઓછા થાય, માટે કરું;

(૩) અથવા તીર્થંકર ભગવાનની આજ્ઞા છે માટે કરું, મોહની આજ્ઞાથી તો આજ સુધી અનંત કાળથી કરતા આવ્યા, પણ એથી ભવમાં ભટકતા ને ભટકતા રહ્યા. પ્રભુની આજ્ઞાથી જ ઉદ્ધાર થાય અને ભવના ફેરા ટળે, માટે બને તેટલું જિનાજ્ઞાપાલન કર્યે જાઉં, વાતે વાતે જોતો જાઉં કે મારા જિનની આજ્ઞા શી છે ?'

આજ એક લેશ્યાથી સુકૃત આચરાય એ ચિત્ત વિશુદ્ધિ અને મનોબળની મહાન સંપત્તિ ઊભી કરી આપે છે. જેથી ભવાંતરે આત્માનો મહાન વિકાસ થાય છે.

**શાલિભદ્રની ચિત્તવિશુદ્ધિ અને મનોબળ :-**

પૂર્વ પુરુષોના દાખલા જોઈએ તો આ બહુ જોવા મળે છે. શાલિભદ્રનો જીવ પૂર્વ ભવે ભલે ગરીબ ભરવાડણનો છોકરો હતો, રોઈને ખીર મેળવી હતી, પરંતુ દાનના બદલામાં કોઈ સુખસંપત્તિની આશા અપેક્ષા રાખ્યા વિના, 'મહાત્માને દેવાનું ક્યાંથી મળે ?' એ ઉલ્લાસથી અહોભાગ્ય સમજી મુનિને એ ખીર વહોરાવી દીધી ! અને વિશુદ્ધ ભાવે એ ગુરુયોગ અને દાનના આનંદમાં ખીલ્યો !

(૧) તો ભવાંતરે ચિત્તવિશુદ્ધિ એવી મેળવી કે દેવતાઈ નવ્વાણું પેટી જર-ઝવેરાત-ભરી રોજ મળી રહી છે ! છતાં એના પર લંપટતા નથી; તે સંગ્રહ કરવાનું મન થતું નથી ! ને બીજે દહાડે એ ગઈ. કાલનો માલ કૂવામાં નખાવી દે છે ! શું એનું દાન નહિ ? ના, લોકને એ પચે એવી નથી. પણ ચાલો સંઘરતા જઈએ, દુનિયામાં શ્રેષ્ઠ કોટિના અગણિત સંપત્તિવાળા ગણાઈશું; અગર ભવિષ્યમાં કામ લાગશે એ વાત નથી. એવી આસક્તિ, અભિમાન તૃષ્ણા જાગે જ નહિ એટલી બધી ચિત્તવિશુદ્ધિ છે !

(૨) વળી જુઓ, એને ખબર નથી કે માથે રાજા શ્રેણિકની હકુમત છે. ત્યારે એ કેટલો બધો નિશ્ચિત રહેતો હશે કે એ કાંઈ આડી અવળી ચિંતા જ નહિ કરતો હોય, એને વેપારધંધો તો છે નહિ, એટલે નવરા પડ્યા શું બીજી ત્રીજી જિજ્ઞાસાઓ આતુરતાઓ ન થાય ? એવી પૂછગાછ-વાતચીતો ન ચાલે ? ના, ચિત્ત એવું વિશુદ્ધ છે કે એમાં ખોટા તરંગો ઊઠતા જ નથી, ખોટી જિજ્ઞાસાઓ જાગતી જ નથી; એટલે જ ક્યારેય એવો પ્રસંગ ન આવ્યો હોય કે એમાં એને ખબર પડે કે માથે રાજા શ્રેણિકની હકુમત છે. આ સમજી રાખો મફતિયા તરંગ-જિજ્ઞાસા-આતુરતા-ખણજો એ અશુદ્ધ ચિત્તનાં લક્ષણ છે.

(૩) ત્યારે શાલિભદ્રની આ પણ ચિત્તવિશુદ્ધિ કેવી કે મગધદેશનો સમ્રાટ શ્રેણિક ચાહીને ઘર આંગણે મળવા આવે છે છતાં શાલિભદ્રને મન એનો કોઈ ગર્વ નથી, હર્ષોલ્લાસ નથી, કે 'અહો ! મારું કેવું આકર્ષણ કે સમ્રાટ મહારાજા મને જોવા આવે છે !' એવા તો કેટલાય પ્રસંગો વિચારી શકાય જેમાં જોવા મળે કે



કેટલી બધી ચિત્તવિશુદ્ધિ છે.

**ત્યારે મનોબળ પણ** કેટલું બધું અદ્ભુત કે પ્રસંગ આવતાં 'માથે શ્રેણિક એ માલિક છે,' એ ખ્યાલ આવ્યો કે એવા વૈભવી સંસાર પરથી ચિત્ત ઊઠી ગયું ! 'હેં ! આવી પુણ્યની ખામીવાળો સંસાર ?' ૩૨ રમણીઓ, અને રોજની ૯૯ દેવતાઈ પેટી મળવાના વૈભવને પડતો મૂકી ચાલ્યા મહાવીર પ્રભુ પાસે ! જઈને ચારિત્ર લઈ લીધું ! ત્યાં પણ મનોબળનો વિકાસ એટલો બધો કે ત્યાગ અને ઘોર તપસ્યા આદરી ગોરીગુલાબી લષ્ટ પુષ્ટ કાયાને સુક્કી-ભુક્ખી-લુક્ખી બનાવી દીધી ! યાવત્ વૈભારગિરિ પર અનશન ઝુકાવી પંડિતમરણ સ્વીકારી લીધું.

**પુણિયાની ચિત્તવિશુદ્ધિ અને મનોબળ :-**

**ચિત્તવિશુદ્ધિ, અને મનોબળ એક જબરદસ્ત મૂડી છે,** Marvelous Asset છે. વૈભવમાંય જિતાડે અને દરિદ્રતામાંય જિતાડે ! વૈભવી શાલિભદ્રનું જોયું. ગરીબ પુણિયા શ્રાવક રોજની માત્ર બે આનાની, મહિને ૩ાા રૂપિયાની કમાઈવાળો, છતાં, ચિત્તવિશુદ્ધિવાળો, એવો કે 'એટલાથી જો જીવન નભે છે તો વધુ કમાઈ કરવાની જરૂર નથી, એવા નિર્ધાર સાથે સામાયિકની આરાધના કરનારો ! એવી કમાઈ કે જેમાં માત્ર બેનું પુરું થાય એમાં પણ દંપતી એકાંતરે ઉપવાસ કરી એમને રોજ એક સાધર્મિકની ભક્તિ કરવા જોઈએ છે ! રોજ ફૂલપ્રકર ભરી જિનપૂજા કરવા જોઈએ છે ! આટલી ચિત્તવિશુદ્ધિ અને મનોબળ એવું કે રાજા શ્રેણિક અઢળક સંપત્તિ એના ચરણે ધરે છે પણ પોતાના એક સામાયિકનું ય ફળ વેચવા તૈયાર નથી ! અરે ! આવા મહાન પુણિયા સાધર્મિકની ભક્તિરૂપે રાજા ગુપ્ત રીતે બજારમાં એને મફત જેવો ઘણો માલ અપાવરાવે તો એમાં એ લલચાય એમ નથી, એને એ ખપતો નથી. ચિત્તશુદ્ધિ એટલી બધી છે કે એના મનને એમ થાય કે **'આ પરિગ્રહ-સાપના ભારા ક્યાં ઊંચકું ?'** મનોબળ એવું કે એનાથી જરાય લલચાવાની વાત નહિ.'

**પુણિયાને ચિત્તવિશુદ્ધિ સાથે અશુભોદય કેમ ? ૩ કારણ :-**

**પ્ર.-** પુણિયાએ આવી સુંદર ચિત્તવિશુદ્ધિ અને મનોબળ મેળવ્યું ત્યારે પૂર્વ જીવનમાં નિરાશંસ ભાવે કાંઈ સુકૃત તો કર્યું હશે ને ? ને એ જો કર્યું હોય તો એના પુણ્ય પછી અહીં દરિદ્રતા કેમ મળી ?

ઉ.- અહીં સમજવાનું છે કે,-

(૧) આત્મામાં શુભ કર્મ, અશુભ કર્મ, બંનેના જથ્થા પડેલા છે, અને તે ક્યારેક કોક, ક્યારેક કોક ઉદયમાં આવ્યા કરે છે, અવસરે તાજાં સારાં કર્મ પડ્યા રહે, અને પુરાણાં નરસાં ઉદયમાં આવી જાય. પાર્શ્વપ્રભુનાં દસેય ભવનાં જીવન

સુંદર કોટિના, છતાં એમને ભવે ભવે કમઠનો ભયંકર ઉપસર્ગ નડ્યા કર્યો ! એ પ્રભુના પોતાનાં અશુભ કર્મ વિના નહિ, પછી ત્યાં પ્રશ્ન નકામો કે 'એ ઉચ્ચ ચિત્તવિશુદ્ધિ અને મનોબળવાળા એટલે પૂર્વ સુકૃતના પુણ્યવાળા; તો એમને ઉપસર્ગપીડા કેમ ?' કારણ, એવા કોઈ પૂર્વસંચિત અશુભકર્મનો ઉદય આવી લાગે તો એવું ય બને, તો પુણિયાને ય એવું કાં ન હોય ?

(૨) બીજી વાત એ છે કે આરંભ-સમારંભ, વિષયસંગ-પરિગ્રહ વગેરે પાપસ્થાનક સેવ્યાં હોય એટલે પાપ બંધાય, પરંતુ જો એમાં હૃદયનો તીવ્ર બળાપો હોય કે 'આ પાપસ્થાનક ક્યાં સેવવાનું આવ્યું ? તેમજ પાપનો ભય અને ભારે તિરસ્કાર હોય, તો એથી પેલું પાપ બંધાય તે પુણ્યાનુંબધી બંધાય; અર્થાત્ પછી જ્યારે એ પાપનો ઉદય ભોગવવાનો આવે ત્યારે પુણ્યબંધ કરાવે એવી ચિત્તવિશુદ્ધિ અને મનોબળ મળે, પુણિયાને એ ય સંભવિત છે.

(૩) એક વાત એ પણ છે કે ધર્મસાધના કરાતી હોય, પણ એમાં અજ્ઞાનતા, વીર્યોલ્લાસની ખામી આદિ કારણે કોઈ અવિનય, આશાતના, પ્રમાદ, શિથિલતા સેવાતી હોય, દા.ત. ચૈત્યવંદન કરાય છે પણ પલાંઠીએ બેઠા બેઠા, મંદિરમાં પેસતાં હાથ જોડી 'નમો જિણાણં' કહેવું ભૂલી ગયા, સામાયિકમાં ખોટા વિચાર આવી ગયા, વ્રતપાલનમાં અતિચાર સેવાયો, વગેરે વગેરે અવિનયાદિ આચરાયું, તો પાપ તો બંધાવાનું અને એના ઉદયમાં અશાતા-દરિદ્રતા-પરાધીનતા વગેરે ઊભી થવાની; પરંતુ પેલી ધર્મસાધના વિશુદ્ધ ભાવે કરી છે, તેમજ સેવાયેલ અવિનય આશાતના પ્રમાદ આદિમાં તીવ્ર પશ્ચાત્તાપ રાખ્યો છે, તો એના પ્રતાપે ચિત્તવિશુદ્ધિ મળવાની. પુણિયાને આ પણ સંભવિત છે, તેથી દરિદ્રતા હોય અને સાથે ચિત્તવિશુદ્ધિ અને મનોબળ પણ જાગ્રત હોય.

**વિવિધ સાવધાની :-**

વાત આ છે કે (૧) પાપનો સતત ભય રહે, (૨) પાપસ્થાનક અને અવિનયાદિ પ્રત્યે ભારે નફરત-અણગમો-તિરસ્કાર રહે, અને (૩) પાપસામગ્રી ધન-સન્માનાદિ પ્રત્યે હૈયાના એવા હેત-આકર્ષણ-લંપટતા ન હોય, તો ગમે તે સંયોગમાં ચિત્તવિશુદ્ધિ અને મનોબળ મળે છે. એ પાપ-ભય આદિ ન હોય તો ચિત્ત સંકલિષ્ટ રહેવાથી ત્યાં અને ભવાંતરે પણ ચિત્ત-વિશુદ્ધિના ફાંફાં ! સુકૃત કરતાં, ધર્મ સાધતાં, ધન-સન્માનાદિની કામના રાખવામાં એ સ્થિતિ બને છે; ચિત્ત સંક્લિષ્ટ રહે છે.

**માટે જ ચિત્તવિશુદ્ધિ અર્થે આ ખાસ બે તકેદારી જોઈએ કે** (૧) સુકૃતસાધના, ધર્મસાધના, નિરાંશસભાવે કરીએ; અને (૨) પાપસ્થાનકાદિ બને તેટલા બંધ કરીએ,



અને સેવાઈ જાય તે ખૂબ સંતાપ પશ્ચાત્તાપ સાથે, તેમ એના લેશમાત્ર બચાવ કર્યા વિના અર્થાત્ એને કર્તવ્યમાં નહિ ખપાવીને, તેથી જ જેમ બને તેમ એમાં ઓછાશ કરતાં આવવાનું સહેજે થાય. આ બંને તકેદારી આગામી ભવ માટે ચિત્તવિશુદ્ધિ અને મનોબળ સુલભ કરી આપે છે.

**સંસારીની દ્વિવિધ પરિસ્થિતિમાં ચિત્તવિશુદ્ધિ**

જીવ સંસાર લઈને બેઠો છે એને બે પરિસ્થિતિ છે, (૧) ઘરસંસાર, ચૂલો-હોલો, દુકાન-બજાર, કબાટ-તિજોરી, વગેરેમાં પાપસ્થાનકનાં સેવન; અને (૨) દેવદર્શન-પૂજા, વ્યાખ્યાનશ્રવણ, સામાયિક પ્રતિક્રમણ, દાન-શીલ-તપ-ભાવના વગેરેમાં ધર્મસ્થાનકનાં સેવન. બંનેમાં ચિત્તવિશુદ્ધિ માટે આ તકેદારી છે કે પાપસ્થાનક વખતે એના પ્રત્યે આંતરિક અરુચિ, અણગમો, નફરત રહે, પાપ લાગવાનો ભય, કંપ, અફસોસી રહે. ત્યારે ધર્મસ્થાનકનાં સેવન વખતે આંતરિક પ્રેમ, ઉલ્લાસ, શુદ્ધ ધર્મ બુદ્ધિ, પૌદ્‌ગલિક કોઈ લાલસા-અપેક્ષા નહિ, કર્મક્ષયનું લક્ષ, જિનાજ્ઞાની આરાધનાનું લક્ષ વગેરે રહે.

**ધર્મસ્થાનકનાં નામ** જાણો છો ? ૧૮ પાપ સ્થાનકનાં નામ આવડે છે, કેમ ? રોજનો એ સેવવાનો મહાવરો છે એટલે ? ના, જૈનશાસનમાં 'પહેલે પ્રાણાતિપાત, બીજે મૃષાવાદ, ત્રીજે અદત્તાદાન...' એ અઢાર પાપસ્થાનકનો મિચ્છામી દુક્કડં કરવાનું સૂત્ર બહુ પ્રચલિત છે તેથી એની ખબર છે. બસ ત્યારે એ દરેકના પ્રતિપક્ષી એ ધર્મસ્થાનક છે. હવે ગણો,-

૧. પહેલે દયા, અહિંસા.
૨. બીજે સત્ય.
૩. ત્રીજે નીતિ-પ્રામાણિકતા-ન્યાયસંપન્નતા.
૪. ચોથે શીલ-સદાચાર-બ્રહ્મચર્ય.
૫. પાંચમે દાન, ત્યાગ, અપરિગ્રહ.
૬. છઠે ક્ષમા-સમતા.
૭. સાતમે નમ્રતા-મૃદુતા-લઘુતા,
૮. આઠમે સરળતા-નિખાલસતા,
૯. નવમે તૃપ્તિ-સંતોષ-નિઃસ્પૃહતા, વિરતિ-વ્રતનિયમ,
૧૦. દશમે વૈરાગ્ય, વિષયનફરત,
૧૧. અગીયારમે ઉપશમ-કરુણા,
૧૨. બારમે સંપ-ભ્રાતૃભાવ-મૈત્રી,
૧૩. તેરમે ગુણાનુરાગ, ઉપબૃંહણા, પાપભય,

૧૪. ચૌદમે ગંભીરતા,

૧૫. પંદરમે ઉદાસીનતા, જડનું નિર્મૂલ્યાંકન,

૧૬. સોળમે મૌન, ગુણાનુવાદ, ધર્મકથા;

૧૭. સત્તરમે નિખાલસ હિતવચન અને

૧૮. અઢારમે સમ્યગ્દર્શન, તત્ત્વચિંતા.

દરેક પાપસ્થાનકનો ત્યાગ દા.ત. અહિંસા, મૃષા-ત્યાગ, ચોરીત્યાગ, વગેરે ધર્મસ્થાનક તો છે જ; ઉપરાંત અહીં ગણાવ્યા તે દયા. સત્ય, ન્યાયનીતિ વગેરે એવાં સ્થાન છે કે જેમાં રહેવાથી પાપ અટકે છે, માટે એ ધર્મસ્થાનક ગણી એનાં સેવનનો ખૂબ અભ્યાસ રાખવાનો છે.

**જિનભક્તિ આદિ ક્યાં ધર્મસ્થાનક ?**

**પ્ર.**- આમાં જિનભક્તિ, સાધુસેવા, તપસ્યા, સામાયિક વગેરે ધર્મસ્થાનક ક્યાં આવ્યા ?

**ઉ.**- એમ તો આહારસંજ્ઞા, ઈન્દ્રિય-વિષયસંજ્ઞા, લોકસંજ્ઞા, ઈર્ષ્યા વગેરે પાપસ્થાનક પણ પ્રસિદ્ધ અઢારમાં ક્યાં સ્પષ્ટ રીતે ઉલ્લેખાયા છે ? પરંતુ એનો સમાવેશ લોભ, રાગ, રતિ, અભિમાન વગેરેમાં સમજવાનો છે, એમ જિનભક્તિ વગેરેનો સમાવેશ ગણાવેલ ધર્મસ્થાનકમાં કરવાનો છે. દા.ત. જિનભક્તિમાં આપણાં દ્રવ્ય પરમ ઉચ્ચ પાત્ર પ્રભુને ચરણે અર્પવાનાં છે, તેથી એનો, ને એમ સાધુભક્તિનો સમાવેશ દાનમાં કરવાનો. તપમાં આહારની લાલસા છોડવાની છે, તેથી એનો અને સામાયિકનો સમાવેશ વૈરાગ્યવ્રત-નિયમમાં સમજવાનો. જિનવાણીશ્રવણ-સાધુસેવા-તીર્થયાત્રા-દેવદર્શન વગેરેનો સમ્યગ્દર્શનની કરણી તરીકે એમાં સમાવેશ. શાસ્ત્રાધ્યયનનો તત્ત્વચિંતામાં સમાવેશ કરવાનો. સામાયિકનો અહિંસા તથા વિરતિમાં સમાવેશ.

સારાંશ, જે જે રીતે પાપસ્થાનક અટકે એ ધર્મસ્થાનક બને. ધર્મસ્થાનકનું સેવન નિરાશંસ-નિઃસ્પૃહ ભાવે શુદ્ધ આત્મહિતની બુદ્ધિથી થવું જોઈએ. એથી પુણ્ય ઊભું થાય તે પુણ્યાનુબંધી ઊભું થાય, એમાં ચિત્તવિશુદ્ધિ અને મનોબળની કમાઈ થાય.





**મેઘકુમારના જીવ હાથીએ** સસલાની દયાનું ધર્મસ્થાનક એ રીતે સેવ્યું કે એને ભવાંતરે મેઘકુમારના ભવમાં ઉત્તમ મનુષ્યભવ, રાજકુળ, વૈભવ, સંપત્તિ વગેરે તો મળ્યા, પરંતુ ચિત્તવિશુદ્ધિ એને એવી મળી કે એણે એમાં ન બેસી રહેતાં સર્વ જીવોને અભય-દાનદાયી સંસારત્યાગપૂર્વક ચારિત્રનું જીવન સ્વીકારી લીધું ! એમાંય મનોબળ એવું કે બાર વરસ ઘોર તપ આચરી કાયા લુખ્ખી-ભુક્ખી-સુક્કી બનાવી દઈ અંતે અનશન ઝુકાવી દીધું !

**પૂર્વ જીવનની કે આ જીવનની શુદ્ધ ધર્મની આરાધના** બીજી પુણ્યાઈ સાથે આ ચિત્તવિશુદ્ધિ અને મનોબળ કેવાં સુંદર આપે છે કે પછી એના ભવ્ય પરાક્રમ દેખાય છે. જુઓ શ્રીપાલકુમાર અને મયણાસુંદરીનું જીવન.

**મયણાને** પિતાએ કોઢિયો પતિ મેળવી આપ્યો પણ પિતા પ્રત્યે એને કોઈ દ્વેષ નથી થતો. એ તો એ માન્યતા વાળી છે કે 'જિનેશ્વર ભગવાનનાં તત્ત્વ-સિદ્ધાન્તની રક્ષા કરવી હોય તો ભોગ આપવો જ જોઈએ, કષ્ટ આવે તે વધાવી જ લેવા જોઈએ. તત્ત્વશ્રદ્ધા જેવી અતિ ઊંચી આત્મસંપત્તિ કમાવવી હોય, સાચવવી હોય, તો એ કષ્ટસહન એ તો કિંમતની ચુકવણી છે. એવો જરૂરી ખર્ચ ઉઠાવવો જ જોઈએ.' પછી તો શ્રી સિદ્ધચક્રની આરાધનાના પ્રભાવે કોઢ મટી શ્રીપાળ દેવકુમાર જેવા સુંદર બની જાય છે અને પિતા સામેથી નમતા આવે છે ! ત્યાં મયણાને ગર્વ નથી કે 'કેવુંક નમતું આવવું પડ્યું !' મનમાં પિતાએ પૂર્વે કરેલી વિટંબણાની કોઈ જ ગાંઠ નથી. એટલે જ મામાએ આશ્રય આપેલો છતાં જાણે પૂર્વે કશું જ બન્યું નથી. એ રીતે પિતાની સાથે વ્યવહાર રાખે છે. પિતા ઘરે લઈ જઈ રાખે છે તો જાય છે. એમાં ખોટું શું થયું ? જનસમાજ જૈનધર્મની વાહવાહ બોલે છે. ચિત્તવિશુદ્ધિ હોવા ઉપર આ દિલની વિશાળતા છે. ચિત્ત જો મેલું હોત તો મયણાએ ગાંઠ વાળી રાખી હોત કે 'વિટંબણા કરનાર પિતાની સામે પણ ન જોવું.' પછી એમના ઘરે જવાની તો વાતે શી ? ચિત્ત મેલું હોત તો ગર્વ થાત કે પિતાના હાથ કેવા હેઠા પડ્યા ? એમણે તો ચાહીને કોઢિયો પતિ પસંદ કર્યો, પરંતુ અહીં કેવો એ દેવકુમાર જેવો રાજપુત્ર નીકળી આવ્યો !

**ગર્વ અને ગાંઠના પ્રત્યાઘાત ન ભૂલો :-**

વિચારવા જેવું છે કે ચિત્તવિશુદ્ધિની સાચી મહાન મૂડી પાસે નથી તો મેલાં ચિત્તમાં કેવા દોષો અને આંટીઓ સળવળે છે ! ને એની પાછળ કેટલાં કાળાં દુષ્કૃત્યો આચરવાનું બને છે ! હવે આવી પરિસ્થિતિમાં પૈસા ઘણાય મળ્યા હોય

અને દુનિયામાં રૂવાબે ય પડતો હોય, તો ય શી વિશેષતા ? આત્માની શી સદ્ધરતા ! પુણ્ય ખૂટે એટલી વાર ! પછી રવડી મરવાનું ને ? દિલમાં ગર્વ અને ગાંઠો બાંધી બાંધીને ફરો છો તો એના કૂડા પ્રત્યાઘાત અને આત્માની ખરાબીનો વિચાર કરી જોજો. અગ્નિશર્માએ રાજા ગુણસેન સામે એક વૈરની ગાંઠ ઊભી કરી તો એને ભવે ભવે મહાત્માના ઘાતક અને અંતે અનંત સંસાર ભટકનારા બનવું પડ્યું !

**દુર્ભાવ કરતાં પહેલાં વિચારો :-**

ત્રિપૃષ્ઠ વાસુદેવે ફાડી નાખેલા સિંહને એના પ્રત્યે દુર્ભાવની ગાંઠ બંધાઈ ગઈ, તો પછી એ સુદંષ્ટ્ર દેવ થઈ એ જ ત્રિપૃષ્ઠના જીવ મહાવીરપ્રભુ પર ઉપસર્ગ કરવા આવ્યો ! અને પછી ખેડૂત થયો ત્યાં ગૌતમ મહારાજે તો એને સાધુ બનાવેલો છતાં એ મહાવીરપ્રભુને જોતાં દુર્ભાવ કરી ચારિત્ર મૂકીને નાઠો ! જે તીર્થંકર મહાવીરપ્રભુથી જગત તરતું હતું એ જ પ્રભુ પ્રત્યે પૂર્વની દુર્ભાવની ગાંઠે આ અભાગિયાએ દુર્ભાવ ઊભો કર્યો, અને ચારિત્રનો ભંગ કરાવી ડૂબવાનું કરાવ્યું ! કોઈની ય પ્રત્યે દુર્ભાવ-વૈર-તિરસ્કારની ગાંઠ બાંધતાં આ વિચારવા જેવું છે કે ભવિષ્યમાં કદાચ એ કોઈ મહાન પુણ્યશાળી થશે ત્યારે જગત એમનાથી આકર્ષાઈ ભવ પાર કરી જવાનો રસ્તો લેશે, પણ આપણે પેલી ગાંઠના પ્રતાપે એમના પ્રત્યે દ્વેષ-દુર્ભાવ કરનાર બની ભવમાં ડૂબવાનું કરીશું ! તો શા સારુ આવી ગાંઠ બાંધી રાખવી ?

ચિત્તવિશુદ્ધિની ઉમદા સંપત્તિ પ્રાપ્ત નહિ એનાં આ પરિણામ છે કે દ્વેષ, વિરોધ-દુર્ભાવ, ઈર્ષ્યા, નિંદા, ચાડીચુગલી, મદ-અહંકાર વગેરે દોષ તાગડધિન્ના કરે છે. એથી વૈભવ-વિલાસના ચમકારા તો ચાર દિનની ચાંદની ! પરંતુ અહીં અપજશ, લોક-અરુચિ, ચિંતા-ઉપાધિ અને પરલોકે દીર્ઘ દુર્ગતિના ભવોની દુઃખદ પરંપરાની અંધારી રાત ત્રાહ પોકરાવી નાખે છે ! અરે ! મોટા વિદ્વાન અને પ્રભાવક આચાર્ય પણ થઈ ગયા, છતાં જો ચિત્ત મલિન કર્યું, ચિત્તવિશુદ્ધિ ગુમાવી તો ભારે હેઠા ફેંકાઈ જવાનું થાય છે !

## • સાવદ્યાચાર્યે ચિત્તવિશુદ્ધિ ગુમાવી •

સાવદ્યાચાર્ય પહેલાં તો મહાન પ્રભાવક કમલપ્રભાચાર્ય હતા, ચૈત્યવાસીઓના નગરે પધાર્યા. આ લોકો એમને વિનંતી કરે છે 'ભગવન્ ! અહીં સુંદર ચૈત્યમંદિર બનાવવાનો ઉપદેશ આપો મહાન શાસન પ્રભાવના અને ધર્મવૃદ્ધિ થશે.' આ જુએ છે કે 'આ પતિત સાધુઓ મંદિરમાં અખાડા નાખે છે, અને મંદિરના દ્રવ્યને



પોતાનો પરિગ્રહ બનાવી એનો ઉપભોગ કરે છે. તેથી અહીં નવા મંદિરને ઊભું કરાવવું એટલે આ પાપાત્માઓને મંદિરવાસ, દેવદ્રવ્યચોરી, પરિગ્રહ અને દેવદ્રવ્યભક્ષણનાં મહાપાપની સગવડ કરી આપવા બરાબર છે, તેથી એમણે પેલાઓ ઘણું કરગર્યા છતાં વિનંતી માન્ય ન કરી. ઊલટું લોકોને મંદિર અને દેવદ્રવ્યની કેવી પવિત્રતા છે, અને શાસ્ત્રો એની કેવી કેવી કડક મર્યાદાઓ ફરમાવે છે,... વગેરે ઉપદેશ કર્યો. આ એમની શાસનરક્ષા, વિધિરક્ષા, જ્વલંત સમ્યગ્દર્શન અને મંદિર તથા દેવદ્રવ્ય પ્રત્યે ઊંચી ભક્તિ-બહુમાન, વગેરેએ એમનામાં તીર્થંકર નામકર્મનું પુણ્ય ઊભું કરી દીધું ! ત્યારે, એની સાથે બીજાં ઉચ્ચ ગોત્રકર્મ, યશ-આદેય-સૌભાગ્ય નામકર્મ, મહાન શાતાવેદનીય વગેરે તો કેટલાંય ઊંચા પુણ્ય ઊભા થઈ ગયા !'

પરંતુ હવે જુઓ કે ચિત્તવિશુદ્ધિ ગુમાવવાથી કેટલો ભયંકર અનર્થ ઊભો થાય છે ! એકવાર એવું બન્યું કે કમળપ્રભાચાર્યને સાધ્વીનો સંઘટ્ટો થયો, સ્પર્શ થઈ ગયો; તે પેલા ચૈત્યવાસીઓ જોઈ ગયા. એટલે એ આચાર્યને પર્ષદા વચ્ચે પૂછે છે કે 'સાધુથી સાધ્વીને અડાય ?'

આચાર્ય પ્રશ્નનું કારણ સમજી ગયા. પણ હવે મનમાં વસવસો થયો કે 'જો હા કહું તો લોકમાં મારી હલકાઈ થાય અને ના કહું તો પેલા ઝટ પૂછે કે તો પછી તમે કેમ અડ્યા હતા ? ત્યાં જો કહું કે ભૂલમાં; તો વળી એ પૂછે કે મોટા આચાર્ય મહારાજ થઈને આવી ભૂલ હોય ?' હા કહેવી કે ના, એના વસવસાને અંતે નક્કી કર્યું કે 'જવાબ બીજો જ આપવો.' બસ, વિદ્વાન અને કુશળ વકતા તો હતા જ. એટલે એમણે શાસ્ત્રની આડી ને અવળી વાતો કરવા માંડી. સીધો ઉત્તર ટાળવા ઘણુંય મથ્યા, પરંતુ પેલા ક્યાં છોડે એવા હતા ? એ તો આચાર્ય પ્રત્યે દ્વેષિલા બનેલા હતા, તેથી એમને હલકા પાડવા હતા. એમણે પણ બીજા ત્રીજા પ્રશ્ન કર્યે રાખ્યા. છેવટે જોયું કે આ સીધો ઉત્તર નથી આપતા એટલે એકવાર સીધો જ પ્રશ્ન કર્યો 'મહારાજ ! આપની વિદ્વત્તા અગાધ છે. આપ ફરમાવો કે તે દિવસે આપ સાધ્વીને કેમ અડેલા ? સાધુથી અડાય ?'

કમળપ્રભાચાર્ય આનો 'એ ભૂલ થઈ, પ્રમાદ થયો હતો.' એવો ઉત્તર કરવામાં નાનમ લાગી. અને નથી અડાયું કહેવામાં જૂઠા પડવાનું થાય એવું લાગ્યું. એટલે એ કહે છે 'તમને શી ખબર છે ? શાસ્ત્રમાં ઉત્સર્ગ-અપવાદ ઘણા છે.'

બસ, આ બોલતાં જ એની પાછળ રહેલા નિષ્ઠુર મલિન અધ્યવસાયે તીર્થંકર નામકર્મના દળિયા વિખેરી નાંખ્યાં ! એની સાથેના બીજા કેટલાંય ઉત્કૃષ્ટ પુણ્ય પણ ખત્મ કર્યાં ! શું કમાયા ! તીર્થંકર બનવાની સર્વોત્તમ તક ગુમાવી ! એટલે શાસન

સ્થાપી જગતને તારવાનો અવસર ગુમાવ્યો ! અહીંથી ત્રીજે ભવે તીર્થંકરપણાની પૂર્વ ભૂમિકામાં વીતરાગ સર્વજ્ઞ થવાનો ચાન્સ ખોયો ! હવે આ દુઃખમય, દુઃખફલક દુઃખાનુબંધી ભવચક્રમાં ભટકવાનું ઊભું કર્યું ! શાના ઉપર ? ચિત્ત બગડવા પર. વિચારો ચિત્તવિશુદ્ધિ અને ચિત્તની મલીનતા વચ્ચેનું મહાઅંતર ! શાસનરક્ષાની તીવ્ર ધગશે વિશુદ્ધિ વધારી ત્યારે જાતના સ્વમાનની રક્ષાની બુદ્ધિએ મન મેલુંદાટ કર્યું.

**પ્ર.**- પેલામાંય વિરોધીઓ નિંદા કરતા હતા, એટલે એટલું સ્વમાન ઘવાતું, પરંતુ ત્યારે કેમ પરવા ન કરી ?

ઉ.- આનાં બે કારણ છે એક તો એ વખતે બહારમાં શાસનરક્ષાનું નિમિત્ત હતું; ત્યારે હવે અહીં લોચો વાળવાનું ન કરે અને પોતાની ભૂલ જાહેર કરે એમાં એવી કાંઈ શાસનરક્ષા થવાની ન દેખાઈ. અહીં એ ન જોયું કે જો હું સરળતાથી ભૂલ જાહેર કરી દઉં તો આચાર્યોની સારી ખ્યાતિ થશે કે 'જુઓ જૈનાચાર્ય કેટલા સરળ હોય છે કે એ પોતાની ભૂલ કબૂલ કરી લે છે !' પેલામાં શાસનરક્ષા, તો અહીં શ્રમણસંઘની કીર્તિની રક્ષા હતી. પરંતુ એ ધ્યાનમાં આવે કે એનું મહત્ત્વ સમજાય તો ને ? ત્યારે આ ફલિત થાય છે કે,

**સ્વમાનની ઝેરી લાગણી કેમ દબે ?**

**જો સંઘ-શાસન આદિની રક્ષા-આરાધના-પ્રભાવનાને મહત્ત્વ અપાય, એનું આલંબન મુખ્ય કરાય, તો સ્વમાન આદિની લાલસા ગૌણ થઈ જાય છે.** એનો અર્થ એ કે સ્વમાનની ઝેરી લાગણીને દબાવવી હોય તો આવી કોઈ સંઘસેવા આદિની ધગશ ઝગમગતી કરો. પૂર્વપુરુષોનાં પ્રસંગનું અવલંબન કરી એને મહત્ત્વ આપો. વિચારો કે ચાર માણસોમાં સ્વમાન રક્ષેલું કાંઈ બહુ ટકવાનું કે પરખાવવાનું નથી. સંભવ છે કે એના એ જ લોકમાં બીજા કોઈ પ્રસંગે માનહાનિ પણ થાય એટલે એવા તુચ્છ તકલાદી સ્વમાનની શી કિંમત છે ? ત્યારે સંઘ શાસનની રક્ષા આરાધના કરી તો તે નક્કર જવાબ આપશે, આત્માને ન્યાલ કરી દેશે !

**સુલસા શ્રાવિકાએ** લોકોને સારું મનાવવાનું કે લુચ્ચી આંખને નવું જોવરાવવાનું ન કર્યું, અને મિથ્યાદેવને જોવા પડતા મૂકી મહાવીરપ્રભુની સાચી ઉપાસના અને ભક્તપણું પકડી રાખ્યું, તો પોતાનું સમ્યક્ત્વ નિર્મળ કર્યું ! અંબડ પરિવ્રાજકનું પણ સમકિત દૃઢ કર્યું અને શાસ્ત્રના પાને અમર થઈ ગઈ ! માનવભવમાં આ કેવી સુંદર કમાઈ ? ગાંડા લોકમાં માન કમાયે શું વળવાનું હતું ?

**સ્વમાન રક્ષવા** સિંહગુફાવાસી મુનિ કોશાવેશ્યાને ત્યાં ચોમાસુ કરવા ગયા, તો પડ્યા ! સુદર્શન શેઠે સ્વમાનની પરવા ન કરતાં રાણી પરની દયાને મહત્ત્વ



આપી મૌન રહ્યા, તો શૂલીનું સિંહાસન થયું ! શાસનનો જયજયકાર થયો ! વાત આ છે કે ધર્મની આરાધના-રક્ષા-પ્રભાવનાને જ મહત્ત્વ આપી એનું આલંબન પકડો.

કમલપ્રભાચાર્યને અહીં ભૂલવાનું બીજું કારણ એ ગણાય કે પહેલી વખતે તો નિંદામાત્ર વિરોધીઓમાં થતી હશે તે બરદાસ્ત કરી લીધી; પરંતુ આ વખતે એમને ભક્તવર્ગમાં સ્વમાનહાનિ દેખાઈ; તેથી ભૂલ કબૂલ ન કરી, અને પડ્યા ! એનો અર્થ એ, કે ભક્તવર્ગમાં સ્વમાનહાનિ થાય એ ખમી લેવું અતિ દુષ્કર છે, મુશ્કેલ છે, અને એ ન સહન કરવાથી જ જીવ ઊંધા માર્ગે ચડી જાય છે.

**પવનંજય-અંજના :-**

વિચારવા જેવું છે કે આ સ્વમાનની ઝેરી લાગણી ચિત્તને કેવું મલિન કરે છે કે ઉત્સૂત્ર-ઉન્માર્ગ ભાષણ જેવા ભયંકર પાપમાં ચડાવી દે ! જમાલિ એમ જ ભૂલ્યો ને ? પવનંજયે સ્વમાન ઘવાતું દેખી, મહાસતી અંજનાસુંદરી જે પોતાની પત્ની, એનો ૨૨ વરસ ત્યાગ કર્યો ! પણ અંજનાએ સ્વમાન ભૂલી પતિવ્રતા ધર્મ બરાબર બજાવ્યો, બાવીસ વરસે પણ પાછા ઠેકાણે આવેલા પતિને વધાવ્યો, તો વીર હનુમાનજીની માતા બની ! આવા ઉત્તમ ફરજંદને ઉત્તમ મનની માતા વિના કોણ જન્મ આપે ?

**ત્યારે બાહુબળજીમાં** જુઓ કે,- 'હેં મારી સાથે અન્યાયી યુદ્ધ ?' એમ સ્વમાનની લાગણીમાં બાહુબળજી ભાઈ ભરતનો ભુક્કો કરવા લોખંડી મુઠ્ઠી ઉપાડી મારવા દોડ્યા ! પણ અધવચ્ચે સ્વમાન ભૂલી ભ્રાતૃહત્યાનું પાપ, કુળને કલંક, પિતાને નાલેશી, વગેરેનો વિચાર લાવ્યા, તો એ જ મુઠ્ઠીથી લોચ કરી મહામુનિ બન્યા ? પાછા હવે 'નાના અઠ્ઠાણું ભાઈ મુનિઓને કેમ નમુ ?' એમ સ્વમાનને વશ પડ્યા, તો બાર મહિના સુધી કેવળજ્ઞાન ન મળ્યું પણ બેન સાધ્વીઓ આવી, લલકાર કર્યો કે 'વીરા મોરા ! ગજ થકી ઊતરો' તો સ્વમાન પડતું મૂકતાં જ કેવળ જ્ઞાન પામ્યા ! જુઓ, સ્વમાન કરવા-મૂકવાના કેવા ઝોળાં ? એનાં કેવાં પરિણામ ?

**બ્રહ્મચર્યવ્રતમાં અપવાદ નહિ :-**

વાત આ છે કે સ્વમાનની ઝેરી લાગણીથી યા બીજી રીતે મન બગાડી ચિત્તવિશુદ્ધિ ગુમાવવામાં અનર્થનો પાર નથી રહેતો. કમલપ્રભાચાર્ય એમજ ભૂલી સાવદ્યાચાર્ય બન્યા ! તીર્થંકરનામકર્મ અને બીજી અઢળક પુણ્યાઈ ગુમાવી ! જે સ્ત્રી-સ્પર્શ ચતુર્થવ્રત અંગેની વસ્તુ એના માટે ગર્ભિત એવું સૂચન કર્યું કે એમાંય અપવાદ હોય. શાસ્ત્ર કહે છે કે બાકીના ચાર મહાવ્રતોમાં અપવાદ છે, પરંતુ ચોથું

બ્રહ્મચર્યવ્રત નિરપવાદ છે, એમાં અપવાદ નહિ. અનેકાંતવાદમાં એકાંત માટે તો રાજીમતીએ ભૂલેલા રહનેમિને કહ્યું,

**'કહે એકાંતે બ્રહ્મચર્ય જિનવરિયા જો,**

**વ્રત ભાંગી પૂરવધર નિગોદે પડિયા જો**

**વિરુઆં વિષ ફળ ખાતાં કુણ સુખિયા થયા જો'**

બ્રહ્મચર્ય અંગેની વાત આવે ત્યાં ઉત્સર્ગ-અપવાદનું ટાયલું કૂટવું, એ ઉન્માર્ગગમન છે, મનનો બગાડો છે, ચિત્તવિશુદ્ધિ સારામાં સારી કમાયેલી હોય તો ય તે ત્યાં નષ્ટ થઈ જાય છે.

**માટે ચિત્તવિશુદ્ધિઓ જાળવવા :-**

(૧) એવાં શાસ્ત્ર વિરુદ્ધ ટાયલાં ન કરવાં;

(૨) એ કરાવનાર સ્વમાનાકાંક્ષા પડતી મૂકવી;

(૩) બીજા પણ ઈર્ષ્યા, વૈરવિરોધ, ખોટી આતુરતા, માયા-પ્રપંચ, લોભ-આસક્તિ, વગેરે દોષ દૂર જ રાખવા;

(૪) મન બગાડનાર પરસ્ત્રીદર્શન, વિલાસીવાંચન, કુથલી-વિકથા-નિંદા, કુમિત્ર-સંસર્ગ, વગેરે પ્રવૃત્તિઓથી આઘા જ રહેવું. આજના છાપાનાં વાંચન પણ જોશો તો જણાશે કે, મન કેટલું બધું બગાડે છે ! વાંચતાં રાગદ્વેષ ઊઠે છે, મહા આરંભ-સમારંભોની અનુમોદના થાય છે, ગુનેગારને સજા જોરદાર કરવાની લેશ્યા જાગે છે ! પરરાજ્યોમાંની ધાંધલમાં રસ લઈ કષાયભર્યા વિચારો આવે છે ! એક વાંચનમાં કેટલા બગાડા !! એવું રેડિયો સાંભળવામાં કેટલા ?

**પ્ર.**- પણ આજના જમાનામાં છાપું જોયા વિના ચાલતું નથી ને ?

**ઉ.**- બસ, આમ જ જિંદગીભર પાપ ચલાવવાનાં ? પાપના ભાર દેખી ચલાવો એ વિના નહિતર જીવન હારી જવાશે ! સુવર્ણજીવનની માટી થઈ રહી છે એમાં ! કદાચ ન જ રહેવાતું હોય, તો માત્ર અતિ જરૂરી ઝપાટાબંધ જોઈ બાકીનું વાંચવું પડતું મૂકો, અને એ થોડું પણ વાંચેલું ચિત્ત ન બગાડે એ માટે એની મગજ પર અસર ન લો. અસર થતાં પહેલાં જ ૨-૫ નવકાર ભાવથી ગણવાનો મહાવરો રાખો.

**ચિત્તવિશુદ્ધિનો આ એક મહાન ઉપાય છે કે,**

(૬) ક્યારેય પણ કોક ક્રોધ લોભાદિ કષાય ઊઠે કે તરત, યા એવો ખરાબ વિચાર-વિકલ્પ જાગે કે તરત જ ૫-૭ નવકાર ગણવા. જરૂર લાગે વધુ વાર નવકારમંત્ર ગણવા. યાદ કરવાની ટેવ પાડશો તો આ સહેલું થઈ જશે, ને એ અઢળક દુર્ધ્યાન-કષાય, અસમાધિથી બચાવશે. મનના ભાવ નહિ બગડવા દે.



અથવા પંચસૂત્રકાર કહે છે તેમ જ્યારે જ્યારે રાગ-દ્વેષના સંકલેશ ઊઠવા જાય ત્યારે ત્યારે 'અરિહંતા મે સરણં, સિદ્ધા મે સરણં, સાહુ મે સરણં, કેવલિપન્નતો ધમ્મો મે સરણં, ગરિહામિ સવ્વાંઈ દુક્કડાઈં, અણુમોએમિ સવ્વેસિં સુક્કડાઈં' કરો.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૪,અંક-૪૧,તા.૯-૭-૧૯૬૬**

ચિત્તવિશુદ્ધિ સાથે સત્ત્વ, મનોબળ એની પણ જરૂર છે, કેમકે મન તો સ્વચ્છ રાખ્યું, પરંતુ કોઈક તેવો પ્રસંગ આવીને ઊભો રહ્યો ત્યારે જો સત્ત્વ નહિ હોય, તો મન કહેશે કે 'કર્તવ્ય તો આ જ છે પરંતુ હું લાચાર છું, મારાથી એ બને તેવું નથી.' માટે એમ કર્તવ્યથી પાછા ન પડવા સત્ત્વ જોઈએ. એ તો નિર્ધાર હોય કે 'કરવાનું તે કરવાનું' 'ગુણ પકડી રાખવાનો તે પકડી જ રાખવાનો.' ત્યાં બીજી ખોટને અકિંચિત્કર ગણવાની.

સત્ત્વ હોય તો જ સત્‌માં ટકી શકાય છે. સદ્‌ગુણ, સત્પુરુષાર્થ જીવંત રહે છે. નહિતર તો એ મરી પરવારે.

એટલે ચિત્તવિશુદ્ધિની જેમ સત્ત્વ, મનોબળ, એ આત્મ વિકાસનો માર્ગ છે, સાધનાથી મળતું હોય તો આ બે મેળવવા જેવા છે;

**સોદો કેમ અટક્યો ? :-**

**પ્રેમચંદ શેઠ** સત્ત્વ ઉપર તૈયાર થઈ ગયા. ઠાકોરે સિદ્ધગિરિનું રખોપું જતું કરવા રૂા. તેર લાખ કહ્યા તો તે તરત કબૂલ કરી લીધા, દસ્તાવેજ થયા, અને હવે શેઠે મુંબઈ જઈ એના પર સહી અને રૂપિયા મોકલી આપું એમ નક્કી કર્યું, પરંતુ મુંબઈ આવ્યાં ત્યાં વેપારમાં ભારે ખોટ જોઈ, તેથી સોદો અટકી ગયો ! ઉચ્ચ ભાવના અને પૂર્વ તૈયારીમાં અથાગ પુણ્ય બાંધી ગયા.

સીતાજી પણ ચિત્તની વિશુદ્ધિ અને મહાસત્ત્વના બળે રામ પર દ્વેષ તિરસ્કાર ન લાવતાં ચિંધી રહ્યા છે કે લોકવાયકાથી મને છોડી, પણ ધર્મ ન છોડશો આના મૂળમાં કર્મ પર અટલ શ્રદ્ધા છે, કર્મના ઉદયનો જાગતો ખ્યાલ છે, તત્ત્વાનુસારિતા છે, બનેલા પ્રસંગ પર તત્ત્વ જુએ છે કે

**આવા પ્રતિકૂળ પ્રસંગમાં રોદણાં કરાવવાનું દ્વેષ કરાવવાનું, હૈયા વરાળ કઢાવવાનું તત્ત્વ નહિ, પણ ધૈર્ય વધારવાનું સ્થિતપ્રજ્ઞતા કેળવવાનું એ કર્મકચરાનો નિકાલ થવા દેવાનું તત્ત્વ છે, સહિષ્ણુતાનો અભ્યાસ કરાવવાનું છે.** ખરાં આંતરિક તત્ત્વ આ છે.

**અમેરિકન મેનેજરનું દૃષ્ટાન્ત :-**

અમેરિકામાં એક નવી કંપનીના મેનેજરને બીજે ઠેકાણે અહીં કરતા ઊંચા પગારે હોદ્દા પર જવાની ઓફર મળી. કંપનીના ડિરેક્ટરોએ એ જાણી તરત મિટીંગ ભરી મેનેજરને બોલાવી વિનંતી સાથે કહ્યું કે 'તમે તો આ કંપનીને ઊંચે લાવવામાં સારો ફાળો આપ્યો છે, અને હાલ પણ તમારી કુનેહ અને કાર્યશક્તિ પર સુંદર કામ ચાલી રહ્યું છે, માટે મહેરબાની કરી અમને છોડી જતા નહિ, અમે તમારો પગાર વધારી આપત. પરંતુ તમે જાણો છો કે કંપનીની સ્થિતિ કેટલી છે, બાકી તમે નીકળી જશો તો કંપનીને ધક્કો પહોંચશે.'

**ઉદારતાનો નમુનો :-**

મેનેજરે ઉદાર દિલે એમનું કહેવું સ્વીકારી લીધું અને નવી નોકરી જતી કરી... માનવહૃદયમાં કેવી ઊંચી વિશેષતાઓ છૂપી પડી હોય છે. પરંતુ એનો ઉપયોગ કરે તો ને ? માનવભવની ઉચ્ચતાનો ખ્યાલ આવે તો આ કાંઈ કઠિન નથી. વળી આજના જગતમાં પણ એવી વિશેષતાને જીવનમાં ઉતારનારના દાખલા પણ મળે છે, જેથી આપણા માટે એ આલંબન રૂપ બની શકે. માત્ર, જીવને લાગવું જોઈએ કે 'મારે ગુણહીન-સાધનાહીન કીડા-પશુનું જીવન નથી જીવવું, પરંતુ આવા ઉદારતા આદિ ગુણનો જ્યાં જ્યાં મોકો મળે ત્યાં ત્યાં અભ્યાસ કર્યે જવો છે. આનો અવસર અહીં માનવભવે અને તે પણ પ્રસંગે જ છે. પ્રસંગ વિના તો ઉદારતા ય શી બતાવવાની ? અને ક્ષમા, મૃદુતા, સહિષ્ણુતા, ગુણાનુરાગ વગેરે ય શા બતાવવાના ?' માટે આ જીવનમાં જ્યારે આની ભરપૂર તક મળે છે, તો પછી એને જરૂર વધાવી લઈ ક્ષુદ્રતાદિ દોષોનો નિગ્રહ અને ઔદાર્ય આદિ ગુણોનો અમલ જરૂર કરી લેવાનો.

**પશુ-માનવના ફરક :-**

**જીવનના પ્રસંગોમાં તક બંને ય છે, (૧)** સારું કરવાની અને (૨) નરસું કરવાની. કોઈએ આપણું અણગમતું કર્યું, ત્યાં ક્રોધ, વિરોધ, કરવા હોય તો કોણ રોકે છે ? અથવા ક્ષમા, વધામણુંય ધારીએ તો કરી શકાય. હવે વિચારવા જેવું છે કે કઈ તક સાચવવી ? ધ્યાનમાં રહે કે પશુઓ અને અનાર્ય કે ઢેડ ભંગી પણ ક્રોધ, ઉકળાટ વિરોધ કરવાની તકને ઝડપે છે. ત્યારે શું આપણે પણ એ જ કરવાનું ? પેલાને બિચારાને તો એવી બુદ્ધિ નથી, તત્ત્વની સમજ નથી; કોઈ તેવું જિનેશ્વર ભગવાનનું અનુયાયીપણું નથી. ત્યારે,

**આપણને વિશિષ્ટ બુદ્ધિશક્તિ, તત્ત્વસમજ અને માથે નાથજિનેન્દ્રનું સેવકપણું મળેલું છે. શું એનો કોઈ વિશિષ્ટ ઉપયોગ ખરો કે નહિ ?**

તો કહો, તીર્થંકર મહાવીરદેવને માથે શા માટે ધર્યા છે ? સ્ત્રી કોઈ પતિને



સ્વામી તરીકે માથે ધરે છે તો એનો કોઈ ભારબોજ રાખે કે નહિ ? કે એ પતિના આદર્શ-આદેશ-ઘરવ્યવહારથી તદ્દન વિપરીત વર્તે ? અને તેમ વર્તે તો પતિ એને પોતાની તરીકે હૃદયથી વધાવે ? સ્વીકારે ? એમ,

**આપણને ક્રોધાદિની જ તક ઝડપવાનો ખપ હોય તો વીતરાગ પ્રભુ આપણને પોતાના સેવક તરીકે સ્વીકારે ?**

'કાંઈ નહિ, ન સ્વીકારે તો એ સ્વીકારીને થોડું જ અમારું ઘર પૂરવા આવે છે ? અમારો ઘરસંસાર તો અમારી અવસરે ક્રોધ, ફુંફાડો વગેરે રીતરસમથી ચાલે-નભે છે, માટે અમારે તો એનો જ ખપ,'-આવું તો મનમાં નથી ને ? કદાચ મનમાં આવી અધમ માન્યતા નહિ હોય, પરંતુ પશુ તક ઝડપે એવી તામસ ભાવોની તક જ ઝડપી લેવાનું જે કરાય છે, એ કેવા દિલના હિસાબે ? આંખ મિચામણાં તો ખરા ને ? દિલને કોઈ શરમ નથી લાગતી એ પણ ખરું ને ? 'અરે ! કોણ હું ? કોનો સેવક ? કોને મેં માથે નાથ તરીકે ધર્યા છે ? ને આ હું શું કરી રહ્યો છું ?' એમ શરમ લાગે છે ? ત્યારે, પરલોકના એના દારુણ વિપાકરૂપે ભયંકર દુઃખ, રોગ, વેદના, પરાધીનતા-અપમાન-વિટંબણા વગેરેના હૈયે ફફડાટ પણ નહિ ને ? એથીય વિશેષ, આ ક્રોધ-વૈર-વિરોધ આદિના દૃઢ થયેલા કુસંસ્કાર, અને એ ક્રોધ વગેરે જેની ખાતર થાય છે એ તુચ્છ જડ પદાર્થ તથા સ્વમાનના લોભના **કુસંસ્કાર એ પરભવોમાં જીવને કેવો પાપિષ્ઠ બનાવશે એનો ભય-કંપારો ખરો ?** ના, આ બધી વાત પ્રત્યે આંખ મિચામણાં ! કોઈ લાજ-શરમ, કોઈ ભય-ફફડાટ, કોઈ કંપારી-ધ્રુજારી, કશું નહિ એની પાછળ કઈ અધમ મનોવૃત્તિ ? કેવું નફ્ફટ નઠોર દિલ ? અને અરિહંત નાથનું માથેથી કેવું ઉલાળિયું કામ કરતું હશે ? એનો વિચાર ક્યાં છે ? વિચાર આજે નહિ, તો ક્યારે કરવાનો રાખ્યો છે ? સારાની તક હાથમાંથી સરકી ગયા પછી ?

**તક બંને છે,-**

રોફ બજાવો, યા નમ્રતા-લઘુતા કેળવો.

ઈર્ષ્યા કરો યા ગુણાનુરાગથી સામાનું ભલું જ ચિંતવો.

નિંદા કરો કે ગુણાનુવાદ યા મૌન રાખો.

કુથલી-વિકથા કરો યા ધર્મ ચર્ચા કે કોઈના સુકૃતની અનુમોદના ગાઓ.

દ્વેષ કરો યા નીતરતી ભાવદયા જ ચિંતવો.

કૃપણતા કરો, કે ઉદારતાથી સુકૃતનો લહાવો ઊઠાવો.

સામે આવે એટલું બાજ પક્ષીની જેમ ભોગવી લો, યા એમાંથી બધો યા થોડો ત્યાગ કરો.

સંયોગ મળ્યો છે તો ભૂંડ-ભૂંડણની કે ગદ્ધા-ગદ્ધીની જેમ દેહને અને આત્માને વિડંબો, કે મન પવિત્ર રાખી સામાને ભાઈ-બેન જેવા ગણી સુંદર બ્રહ્મચર્ય પાળો.

સ્વાર્થમાં જ અંધ બનો યા પરોપકાર ઝડપી લો, બીજાનું ભલું કરી લો.

આવી તો અનેક બાબતમાં **બંને પ્રકારની તક છે. કંઈ લુંટવી છે ? કઈ જતી કરવી છે ?** ભૂલશો નહિ, પશુ કે અનાર્ય માણસને આની ગંધ પણ નથી. એ તો એક જ નરસા પ્રકારની તકો ઝડપવાનું અને તે પ્રમાણે વાણી-વિચાર-વર્તાવ પ્રવર્તાવવાનુ સમજે છે. એને બિચારાને ક્યાં ગમ છે કે અહીં મન-વચન-કાયા-ઈન્દ્રિયોના કિંમતી યોગ મળ્યા છે, તો એને સારી તકને અમલમાં લાવવામાં ખરચીએ ? તમે તો કિંમત સમજો છો. પછી એનો સરાસર દુરુપયોગ ? જોઈ જુઓ કે આખા દિવસમાં ઘણીય તક મળે છે સારા બોલ કાઢવાની અને સારા વિચાર કરવાની. પરંતુ કચરાપટ્ટી-મોહભર્યા વાણી-વિચારમાં મહા કિંમતી વચનયોગ અને મનોયોગ કેવો ધૂળધાણી થઈ રહ્યો છે ? મફતિયું કે પાપભર્યું કેટલું ય બોલાઈ વિચારાઈ રહ્યું છે, એનો વિચાર કોણ કરશે ? ક્યારે કરશો ?

**સીતાએ કઈ તક સાધી ? :-**

બસ, એક જ ધ્યાન પૂરતું છે, નરસાને બદલે કઈ સારી તક છે તે જુઓ, એને વધાવી લો. એ પ્રમાણે અમલ કરો. આત્મવિકાસનો આ મહાન માર્ગ છે. સીતાજીએ એ અપનાવ્યું છે. (૧) જંગલમાં તરછોડતાં રામને ટોણાં-મેણાં અને હૈયાવરાળ કાઢવાની તક પડતી મૂકીને પોતાના કર્મનો દોષ જોવાની તકને વધાવી લીધી. એમ (૨) મૂકવા આવેલા સેનાપતિને શ્રાપ વરસાવવાની નહિ, પણ આશ્વાસન આપવાની તક સાધી. ત્યારે રામને સંદેશો મોકલવામાં પણ (૩) હૃદય-ઉકળાટ ઠાલવવાની તક ન ઝડપતાં લોકવચનથી ધર્મ ન છોડવાનું કહેવરાવવાની તક ઝડપી. **જીવનમાં ધન્ય પળે આવી તક સાંપડે છે.** આપત્તિ એ ધન્ય પળ છે. કેમકે એમાં જ અંતરાત્માનું ઝવેરાત વાણી-વિચારમાં લાવવાની તક મળે છે, અને તે રીતે બજાવવાથી જીવન ધન્ય બને છે.

**પેલા મેનેજરે** ઉદારતા અને પરહિતકરણની તક ઝડપી વધુ સારા પગારની નોકરી જતી કરી ! પણ પછી બન્યું એવું કે ડિરેક્ટરો સાથે એકવાર અંટસ પડતાં એમને આને રજા આપી છૂટો કર્યો. આ તો ગભરાઈ જ ગયો ! પારાવાર ખેદ થયો કે આવાના ભરોસે ક્યાં મેં સારી નોકરી જતી કરી ? પછી એને એક માનસ-શાસ્ત્રી મળ્યો. એની આગળ એણે પોતાનું રોદણું રોયું. ત્યારે, પેલો કહે છે,-

'મહાનુભાવ ! આ ઘટનામાં' શું એકલું ગુમાવ્યાનું જ તત્ત્વ છે ? નુકસાન થયાનું જ તત્ત્વ છે ? કે કોઈ કમાઈની તક મળ્યાનું તત્ત્વ પણ છે ?'



**માનસશાસ્ત્રીની સલાહ :-**

અમેરિકન માનસશાસ્ત્રી ત્યાંની એમની એવી ફિલસુફીને પામેલો હતો તેથી કહે છે, 'જુઓ, આ વિશ્વ પર ઈશ્વરનું સામ્રાજ્ય ચાલે છે; તે ઈશ્વરની સર્વનું ભલું કરવાની દૃષ્ટિથી જ ચાલે છે; ઈશ્વર કોઈનું ય ભૂંડુ કરે નહિ. તેથી માનો કે આ ઘટના પણ તમારા સારા માટે જ કરી છે, તમે પૂછશો કે આમાં મારું શું સારું ? પણ ઉતાવળા ન થાઓ, આ ઉચ્ચ માનવજીવનને માત્ર પૈસા કે સુખસગવડના કાંટે ન માપો. ખરું સુખી જીવન જીવવા માટે માણસમાં Resisting Power સ્થિતપ્રજ્ઞ રહેવાની શક્તિ જોઈએ, ગમે તેટલો અગ્નિનો તાપ આવો કે હથોડાના ઘા લાગો પણ સોનું એનું તેજ નથી છોડતું, એમ માણસે પણ ગમે તેવા પ્રસંગ આવે એમાં પોતાની સ્વસ્થતા, સમતોલપણું, અને સુંદર ચાલતી પ્રજ્ઞાની ધારાને બગડવા દેવી ન જોઈએ. ઈશ્વરે તમને આ ઘટનામાં તક આપી છે તો આ શક્તિ ખીલવો.'

પેલા મેનેજરને આ વાત ગળે ઊતરી ગઈ, પછી તો ઈશ્વરને પ્રાર્થના કરે છે કે 'પ્રભુ ! તારો કેટલો બધો ઉપકાર માનું ! તેં મને આ સ્થિતપ્રજ્ઞતાની તાકાત કેળવવા કેટલી સુંદર તક આપી ! માફ કરજે, તને ઓળખ્યા વિના મેં નિસાસા નાખ્યા ! હવે તારા દૂરંદેશી વહીવટ પર ઓવારી જાઉં છું. તારા સામ્રાજ્યમાં કશું અજુગતું નથી.'

એની આ દિલની પ્રાર્થનામાં એક બાજુ એ લાલસા વિનાનો બન્યો, અને બીજી બાજુ એને થોડા જ વખતમાં સારી નોકરી મળી ગઈ. નિરાશંસ પ્રાર્થનાએ વાદળ વિખેરી નાખ્યું. એમાં પણ હવે તો એ ભાઈ પેલા સ્થિતપ્રજ્ઞતા ગુણને વધુ વળગનારો બન્યો.

**સ્થિતપ્રજ્ઞા કેમ નહિ ?**

(૧) નિરાશંસભાવ ચીજ એવી છે કે ચિત્તને સ્થિતપ્રજ્ઞ બનાવે છે, સહિષ્ણુ બનાવે છે. સંયોગ ફરે છે એટલે માણસનું ચિત્ત ફરે છે. બહારની પરિસ્થિતિ ફરી કે મનની સ્થિતિ પણ ફરી જાય છે. કોઈના પર ઘણું હેત ઊભરાતું હોય, એથી એમ થતું હોય કે આ કેમ સારો આગળ આવે, પરંતુ જો પેલાએ કાંક એવી ભૂલ કરી નાખી કે તરત આને હેત ઘટે છે, એના ભલાની લાગણી ઓછી થઈ જાય છે. આ શું ? ચિત્ત સ્થિત ન રહ્યુ. શુભ પ્રજ્ઞા બુદ્ધિ અવસ્થિત ન રહી; સ્થિતપ્રજ્ઞતા ગુમાવી કેમ ? આશંસાને લીધે. દા.ત. મિત્ર છે, વહાલો છે. એને જરૂર પડી ને આપણે રૂા.૫૦૦) ધીર્યા ત્યાં સુધી હજી હેત છે એના ભલાની લાગણી પણ છે. પરંતુ પછી એને રૂપિયા પાછા વાળતાં વિલંબ થયો, ત્યાં હેત ઘટે છે, ભલાની ભાવના ઓસરી જાય છે કેમ વારુ ? પેલા રૂપિયાની વધારે આશંસા છે માટે.

નિરાશંસભાવ, નિરપેક્ષભાવ હોય, અગર આશંસા ઓછી હોય તો તો હેત ટક્યું રહે.

(૨) હવે માનો કે રૂપિયાની એવી આશંસા-અપેક્ષા નથી રાખી, પરંતુ પેલો મિત્ર ક્યારેક કહી દે છે કે 'રૂપિયા આપ્યા એમાં શી ખોટી ધાડ મારી ?' તો તો ઝટ હેત પલાયન થાય છે. કેમ વારુ ? એજ અહીં માનાકાંક્ષા નડે છે. સામાએ આપણો ઉપકાર માનવો તો દૂર રહ્યો પણ ઉપરથી આપણને કશું ભલું ન કરનાર તરીકે ઓળખે છે' આ સ્વમાનની આકાંક્ષા રહી એટલે પેલું હેત અને એના ભલાની લાગણી ચાલવા માડે છે. મનને થાય છે કે 'આ આવો નઠોર છે કે આપણે એનું કરી છૂટવા છતાં એને આપણી કદર નથી ? તો પછી એવા પર શા હેત રાખવા હતા ? શું એનું ભલું ચિંતવવું હતું ?' આ શું થયું ? પ્રજ્ઞા હચમચી. હેતની પ્રજ્ઞા-બુદ્ધિ સ્થિત ન રહી, ટકી નહિ; એ જ સ્થિતપ્રજ્ઞતાનો અભાવ કહેવાય. સહિષ્ણુતાનો અભાવ ગણાય. કેમકે ચિત્ત પૈસાની મિત્રમાં ભલામણ કે સ્વમાનની હાનિ સહી શક્યું નહિ.

**સહિષ્ણુતા સ્થિતપ્રજ્ઞતા કેમ રહે ? :-**

જો એવો હિસાબ આવડ્યો હોત કે 'જે થાય તે સારા માટે. કુદરતનો આમાં કોક સારો જ સંકેત હશે ! મિત્ર ખાતર ભોગ આપવાનું સુકૃત થયું; ખોટું શું છે ? અરે ! એના ઉપર સામો હજી આપણો ગુણ માનવા તૈયાર નથી, આપણી કદર નથી કરતો, તો એટલું સ્વમાન જતું કરવાનો માનકષાયને જીતવાનો અવસર મળ્યો !' એમાં ય શું ખોટું છે ?

**આપણી ટૂંકી બુદ્ધિના હિસાબ ખોટા છે.**

કર્મ કરે તે થાય. ક્યાં આપણે જન્મ સાથે આ રૂપિયા લઈ આવ્યા હતા કે એના પર એવો ગાંડિયો હક કરી મિત્રતા ગુમાવવી ? હેત ભાંગવા ? સામાના ભલાની લાગણી ખંડિત કરવી ? ત્યારે અહીંથી જતાં પણ રૂપિયા કે સ્વમાન ક્યાં સાથે ચાલવાનું છે ? સાથે ચાલશે તો તે નિર્મળ હેત, ભલાની લાગણી અને સહિષ્ણુતાના અમૃત સંસ્કારોની મૂડી ! એ જો અહીં નહિ ઉપાર્જી તો વૈર-વિરોધ-સ્વાર્થાંધતા-અસહિષ્ણુતાના વિષમય સંસ્કારોનો ભાર ઊંચકી ચાલવું પડશે ! પછી એની પાછળ ભવાંતરે મૂઢ અજ્ઞાન દશામાં કેવા નરકદાયી ઘોર પાપભર્યાં જીવન !... જો આવો કોઈ વિચાર રાખવામાં આવે, વિચાર પણ દિલના તાર ઝણઝણાવે એવો, તો સહિષ્ણુતા સહેલાઈથી રાખી શકાય; સ્થિતપ્રજ્ઞતા સહેજે ટકાવી શકાય.

**આત્મવિકાસનો આ માર્ગ છે. પ્રજ્ઞા સ્થિત રાખો દિલના સારા ભાવ સારી**



**બુદ્ધિ ટકાવી સ્થિર રાખો.** સીતાજી એ રાખી રહ્યા છે, રામ પ્રત્યેના પૂજ્યભાવ પતિત્વભાવ, અહિત નહિ કરનાર તરીકેનો ભાવ અકબંધ ઊભો રાખી રહ્યો છે. આના પાયામાં અમુક હદનો નિરાશંસભાવ છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૪,અંક-૪૨,તા.૧૬-૭-૧૯૬૬**

**અસ્થિતપ્રજ્ઞાના મૂળમાં સાકાંક્ષભાવ :-**

આપણે અનેકાનેક પ્રકારની આશંસાઓ-અપેક્ષાઓમાં મરી રહ્યા છીએ માટે જ પ્રજ્ઞા-સારી બુદ્ધિ ટકાવી શકતા નથી, અસ્થિતપ્રજ્ઞ બનીએ છીએ. અપેક્ષાઓ પાછી કેવી ? માત્ર બહુ કિંમતી વસ્તુ કે બહુ મોટા માનની જ નહિ, કિન્તુ તુચ્છ તુચ્છ વસ્તુની ! તુચ્છ માન-સન્માનની ! બે માણસ આપણને સારો કહે, આપણે જઈને ઊભા રહીએ તો આવકારના શબ્દ કહે,... આવી આવી માન-સન્માનની ય આકાંક્ષા બેઠી છે તેથી પછી જો કદાચ આપણે ત્યાં ગયા અને પેલાએ કાંઈ ઈરાદાપૂર્વક નહિ કિન્તુ ધ્યાન બીજે હતું માટે, અગર એ કોઈ ચિંતામાં વ્યગ્ર હતા તેથી આપણને આવકારનો શબ્દ ન કહ્યો કે ઝટ આપણને તુચ્છ માનાકાંક્ષાવશ મનને લાગી આવે છે, પેલા માટે ભાવ ઘટે છે. અસ્થિતપ્રજ્ઞ બની સ્થિતપ્રજ્ઞતા ગુમાવીએ છીએ. પછી કદાચ અવસરે પેલાને ટોણો મારવાનું કરાય એવી ગાંઠ એવું શલ્ય હૈયામાં રાખી મૂકીએ છીએ, અને ટોણો લગાવીએ પણ છીએ. ત્યાં જો પેલા સાચો ખુલાસો કહી 'આવું ઊંધું કાં વિચાર્યું ?' એમ કહે છે તો આપણે ભોંઠા પડવાનું થાય છે. શો સાર કાઢ્યો ? તુચ્છ આશંસા-અપેક્ષાઓ રાખવી ખોટી. એમ તો મોટી ય આશંસા ખોટી જ છે. પરંતુ એને હટાવવા પૂર્વે આ નાની મામૂલી મામૂલી આકાંક્ષાઓ પડતી મૂકવાનું સહેલું છે. માટે,

**આત્મવિકાસનો આ પણ એક માર્ગ છે કે પહેલાં નાની આકાંક્ષાઓ પડતી મૂકવી.**

જીવન છે એટલે અવસર તો આવ્યા જ કરવાના; ત્યાં આ ચોંટ કે એવી બહુ અપેક્ષાઓ-આકાંક્ષાઓ મારે હવે પોષવી નથી સીતાજીને નજર સામે રાખો. એમણે કેવા વિકટ પ્રસંગમાં કેવો નિરપેક્ષભાવ, નિરાશંસભાવ રાખ્યો છે. એ દૃષ્ટિ સામે રાખો. બળ મળશે. મનને થશે કે 'તો પછી મારે તુચ્છ તુચ્છ અપેક્ષાઓની શી લોથ ઉપાડવી'તી ? એમ કહીને શા સારુ અસ્થિતપ્રજ્ઞ બનું ? પ્રજ્ઞાને, બુદ્ધિને, મનને વિહ્વળ બનાવી બનાવીને બહાર તો પછી, પણ પહેલાં ઘરના જ માણસો માટે દિલના ભાવ બગાડી રહ્યો છું ! કેવું તકલાદી માલ વિનાનું જીવન ! શા

કારણે ? તુચ્છ આકાંક્ષાઓના કારણે. કપડું જરા સારું ન ધોયું, ચા જરા ઠંડી આપી, પથારી મોડી પાથરી, પવાલું આમને બદલે આમ મૂક્યું... આવી આવી ફરિયાદો એવી તુચ્છ આકાંક્ષાઓને લીધે ઊઠે છે, ને મન બગાડે છે, પ્રજ્ઞા અસ્થિર ચંચળ બને છે. શો માલ છે એવી આકાંક્ષાઓમાં ?

**મનને જરાક મનાવી લીધું હોય કે**

આની શી બહુ કિંમત આંકવી ? કપડું બહુ ઊજળાને બદલે જરા ઓછું ઊજળું ધોયેલું મળ્યું **એમાં શી આપણી નાનમ થવાની હતી ?**

ચા જરાક ઠંડી આવી તેથી **પેટ ક્યું નથી ભરાવાનું ?**

પથારી મોડી મળી, એમાં તો જાતે કરવાનું કામ એમને જાણે નોકરડી સમજી કરાવું છું તેથી લાગે છે. **મારે હાડકાં હરામ કરીને શું કામ છે ?**

પવાલો ઠીક ન મૂક્યો **એ કઈ મોટી ખોટ છે ?**

જા રે જા ઘેલા જીવ ! એની લેશ પણ કિંમત આંકવા જેવી નથી. એમ કરીને મહાકિંમતી સ્થિતપ્રજ્ઞતા ગુમાવવા જેવી નથી. એવી આકાંક્ષાઓ તો ઝેર છે. ઝેર બહુ પીધાં ! હવે આ ઉચ્ચ અવતારે એવાં વિષપાન શા સારુ ? હવે તો બને તેટલા નિરાશંસભાવ-નિરપેક્ષભાવ-નિરાકાંક્ષભાવનાં અમૃત પીઉં. જેથી સ્થિતપ્રજ્ઞતાનું બળ મળે.

**પોટ્ટિલા ક્યાં ભૂલી ?**

**પોટ્ટિલા** એક શ્રીમંત સોનીની કન્યા, એને રાજ્યનો મંત્રી તેતલીપુત્ર માગીને પરણ્યો. એટલે હવે પોટ્ટિલા પર એના અથાગ પ્રેમનું પૂછવું જ શું ? પરંતુ એકવાર એવું બને છે કે મંત્રી ગમે તે ચિંતામાં કે કાર્યમાં વ્યગ્ર હશે તેથી પોટ્ટિલાને તો એમ જ લાગ્યું કે 'પતિ મને પહેલાંની જેમ હવે બોલાવતા નથી તેથી એમનો પ્રેમ ઊઠી ગયો લાગે છે. એ દુઃખી થવા લાગી. એને ચેન પડતું નથી, વલખાં મારે છે કે શું કરું તો એમનો પ્રેમ ઓછો પૂર્વવત્ થઈ જાય ! ગેરસમજ માણસને કેવો ભૂલાવે છે ! અને ક્યાં સુધી લઈ જાય છે ! પોટ્ટિલા ભૂલી પડી તે જોગી-જોગણ વગેરેના ફાંફાં મારવા લાગી કે જેથી એ કાંઈ વશીકરણ કરી આપે તો પતિ પાછા આકર્ષિત રહે. પણ વળતું કાંઈ નથી.'

એવામાં સાધ્વીજી મહારાજ એના ઘરે ગોચરી આવ્યા. એમની આગળ એ પોતાનું દુઃખ રુએ છે અને ઉપાય માગે છે. સાધ્વીજી શાણા હતા. એ કહે છે, 'ભલી રે બાઈ ! આ તને દુઃખ લાગે છે ને ? દુઃખ શાનું છે ? તારા પતિ બોલાવતા નથી એનું નહિ, પણ તારા દિલમાં બેઠેલી આશંસાનું દુઃખ છે. તારા દિલમાં વાસનાની આગ સળગે છે, એથી તને આવી આવી ઈચ્છાઓ-આશંસાઓ



થાય છે કે પતિ મને બોલાવે, મારી સાથે પ્રેમથી વાતો કરે. એ જો આશંસા-અપેક્ષા જ ન હોય તો બોલાવે કે ન બોલાવે, તારે હરખ ઉદ્વેગ કરવાનો રહે જ શાનો ?'

પોટ્ટિલા કહે, 'પણ મહારાજ ! હજી વાસના ઊભી હોય એટલે આશંસા તો થાય ને ?'

'અરે ભાગ્યવતી ! એવો કોઈ નિયમ નથી. આ જો તું વાસનાને ઝેરરૂપ સમજી લે, તો તો તને એમ થાય કે ઝેરના વધારા કરનારી આ આશંસાઓ-અપેક્ષાઓ સળગી જાઓ. એનાં પોષણ શા સારુ કરવા ? જો વાસનાને આ ભયંકર રોગરૂપ સમજી લે, તો તો તને એના તરફ એવી નફરત છૂટે કે પછી મન નક્કી કરે કે 'એ રોગને પુષ્ટ કરનારી આ આશંસા અપેક્ષાઓરૂપી કુપથ્ય ખાવાનું મારે કામ શું છે ? હાથે કરીને વાસનાના વિષ-રોગ કાં વધારું ? વધારનારી આશંસા-અપેક્ષા મારે જોઈએ જ નહિ.' વાસના-આશંસાની ઓળખ નથી કે એ જીવને કેટકેટલાં ભયંકર ઉદ્વેગ કરાવે છે. કેવી દુઃખી કરે છે માટે એમાં તણાઈ પતિના વર્તાવને દોષ દઈ રહી છે. પણ ધ્યાનમાં રાખ કે કર્મસત્તા એક દિવસ પતિના સંયોગ મુકાવી દેશે ! છેવટે અંતકાળે તો જરૂર મુકાવશે. એ વખતે આ વાસનાની આગ તને કેટલી બાળશે ?

**ઈન્દ્રિય-રાણીઓનો ગુલામ જીવ :-**

"હે સુશીલા ! એ તો કહે કે વાસના કોની ? આત્માના ગુણોની ? કે ઈન્દ્રિયના કામગુણોની ? ઈન્દ્રિયના વિષયોની ? તે તારે આ ભુખારવી ઈન્દ્રિયોની જ ચાકરી હજી પણ કર્યે જવી છે ? શું તને વિચાર નથી કે એમ ઈન્દ્રિયોની તુષ્ટિપુષ્ટિ તો અનંતાકાળ કરી છતાં આજે ક્યાં એ શમી છે ? શમે નહિ એ, ઈન્દ્રિયોના તર્પણમાં તો એ છાકટી અને વધુ ભુખારવી બને છે, વાસનાની બેડીઓ મજબૂત થાય છે પછી તો એથી અતીત અનંતાકાળની જેમ આત્મા ઈન્દ્રિય મહારાણીઓનો મજૂર બન્યો રહે છે. શા સારુ આવી ગુલામી ચલાવ્યે રાખે ? શા સારુ જાતની જ ગુલામીને મજબૂત કરે ?

'હે ભાગ્યવતી ! આશંસાઓ મૂક, તો પછી આ મજૂરી કરવાની નહિ રહે, ઈન્દ્રિયોનાં તર્પણ નહિ ચાલે, અને વાસનાની આગ ઓલાવાતી જશે. બીજી બાજુ વિષયોની આશંસા જાતે જ સમજી બુઝીને છોડી એટલે પછી એ વિષયો ન મળવા પર કોઈ દુઃખ નહિ લાગે. બાકી જો વલખાં માર્યા કરીશ, ને કદાચ કોઈ કિમિયાગર મળશે, તારા પતિને તારી ધારણા મુજબ બોલાવતો ય કરશે, તો ઘડીભર તને સુખ લાગશે; પણ સમજી રાખજે કે **એમાં તારી વાસનાઓ આગમાંથી દાવાનળ**

**થશે ! અને એની ભાવિ કારમી વિટંબણાઓ તારાથી સહી નહિ જાય.**' માટે એવા કૃત્રિમ ક્ષણિક સુખ પાછળ ઝંખી મરવાને બદલે આશંસા-અપેક્ષાઓ પડતી મૂકી વાસનાના ચિરાગો બુઝવતી જા. તો તું મહાસુખી શાંત અને સ્વસ્થ થઈશ."

સાધ્વીજીની આ અમૃતવાણીએ જાદુઈ અસર કરી. કોને ? તમને ? તમને કરી કે નહિ એની મને ખબર નથી પડતી. કરી હોય તો વાસનાને પડતી મૂકી એનાં બારણાં સીલપેક બંધ કરી દેવા કોઈ વ્રત-નિયમ લેવા માટે શું ઊભા ન થઈ જાઓ ? પણ ઠંડગાર બેઠા છો ને ? પોટ્ટિલાને જાદુઈ અસર થઈ, તેથી એ તો ઊભી થઈ સાધ્વીજીના ચરણે માથું ઢાળી આખમાં દડ દડ પાણી સાથે કહે છે,-

**પોટ્ટિલાનું પરિવર્તન :-**

મહારાજ ! આજ તમે મારી આંખ ખોલી નાખી ! મારી અનંત અનંત કાળની ઊંઘ ઉડાડી દઈ મને જાગતી કરી દીધી ! કેટલો ભવ્ય તમારો ઉપદેશ ! કેવું અદ્‌ભુત તત્ત્વજ્ઞાન ! ઘોર અંધારા કૂવામાંથી આપે તો મને બહાર ઝગમગતા પ્રકાશમાં લાવી મૂકી ! આંધળીને આંખ આપી ! આજથી હવે મારે એવી ગોઝારી આશંસાથી સર્યું. શા સારુ એની પાછળ મરું ? શું કામ દુઃખી થાઉં ? હવે મને સમજાય છે કે પતિ તો મારા દેવ જેવા છે. પણ મારી વાસના, મારી આશંસા મને દુઃખી કરે છે. એણે મારી બુદ્ધિ નષ્ટ કરી. મારી પ્રજ્ઞા ચંચળ કરી. મને અસ્થિતપ્રજ્ઞ બનાવી પણ હવે મારે એનું પ્રયોજન નથી. હવે ફરમાવો કે મારે શું કરવા યોગ્ય છે કે જેથી વાસનાઓ ઘસાતી-દબાતી આવે ?'

સાધ્વીજીએ ત્યાં એને શ્રેષ્ઠ માર્ગ ચારિત્રનો બતાવ્યો. પરંતુ એમાં એની અશક્તિ દેખી સમ્યક્ત્વ અને શ્રાવકના બાર વ્રત સમજાવ્યાં. તે એણે તરત સ્વીકારી લીધાં. ત્યારબાદ તો એ એવી સ્થિતિપ્રજ્ઞ બની ધર્મસાધના કરે છે કે એના પતિ મંત્રી તેતલીપુત્રનું એના પર આકર્ષણ વધી ગયું ! છતાં આ સ્થિતપ્રજ્ઞતાના પ્રભાવે જરાય લહેવાતી નથી. ઊલટું એનો ધર્મરંગ અને વૈરાગ્ય વધતો ચાલ્યો. તે બીજીવાર સાધ્વીજી પધાર્યા ત્યારે ચારિત્ર માટે તૈયાર થઈ ગઈ. પતિ એના બહુ આકર્ષણમાં ના પાડે છે, વિનવે છે, છતાં એ પોતાના નિર્ણયમાં દૃઢ છે. એટલી મક્કમ સ્થિતપ્રજ્ઞ બની ગઈ છે.

**સ્થિતપ્રજ્ઞતા એટલે ?**

શાનો પ્રતાપ આ ? આશંસા-અપેક્ષા પડતી મૂકી એનો. નિરાશંસભાવ માણસને સ્થિતપ્રજ્ઞ બનાવે છે. ગમે તેવા સંયોગો ફરે, અગર ધારેલું ન બની આવે, તેથી એને પ્રજ્ઞા બુદ્ધિ બગાડવાની જરૂર નથી રહેતી. નિરાશા-નિશાસામાં પડવું પડતું નથી. કેમકે હૃદયમાં એવી તીવ્ર આશંસા ઉત્કંઠા રાખી હોય તો ને ?



અમુક ધારણાથી ભલે તે કોઈ કામ કરવા ગયો, અથવા અનુકૂળ સંયોગો ભલે ફરી ગયા, પરંતુ એ ધારેલી વસ્તુ કે અનુકૂળ સંયોગોનો એણે આગ્રહ જ રાખ્યો નથી. કે 'આ આમ બનવું જ જોઈએ, મળવું જ જોઈએ આ અનુકૂળ સંયોગ કાયમ રહેવા જ જોઈએ.' ના, એનો આગ્રહ જ રાખ્યો નથી; એની આશંસા-અપેક્ષા દૃઢ કરી રાખી નથી; તેથી વિપરીત બનતાં 'કાંઈ નહિ' કહીને કાઢી નાખે છે. એટલે એને કોઈ જ વિહ્‌વળતા, ઉચાટ, ઉકળાટ, ઉદ્વેગ, કશું જ થતું નથી. તેમ બીજા ઉપર પોતાનો ભાવ બગાડતો નથી. આનું જ નામ સ્થિતપ્રજ્ઞતા; પ્રજ્ઞા યાને સારી બુદ્ધિ અવસ્થિત રહી કાયમી રહી.

બસ, આ માટે નિરાશંસ-નિરપેક્ષ-નિઃસ્પૃહ બનો. ધારણા કે અનુકૂળ સંયોગ-સ્થિતિનો મન પર એવો ભાર ન રાખો, એનું મનને એવું બંધન ન રાખો કે 'આ આમ થવું જ જોઈએ, રહેવું જ જોઈએ' આવો કોઈ આગ્રહ જ નહિ એનું નામ નિરાશંસભાવ-નિરપેક્ષભાવ.

**નિરાશંસભાવ માટે મન કેમ મનાવવું ? :-**

છોકરા કે ઘરવાળા પાસે કોઈ ચીજ મંગાવી, એ લાવવી ભૂલી ગયા તરત મનને કહેવાનું કે 'એમણે લાવવી જ જોઈએ,' એવો આગ્રહ મારે રાખવાનો નથી; કેમકે એ કદાચ ભૂલી ય જાય'

અથવા જાણીને નથી લાવ્યા તો

'એ એમની મુન્સફીની વાત છે. કોઈના મન પર મારો અધિકાર નથી' વળી,

'મારાં પુણ્ય પ્રમાણે જ બને.' તેમજ

'ભવિતવ્યતા એવી જ હશે.'

'જીવનમાં આવી ઘટનાને મહત્ત્વ જ આપવા જેવું નથી, નહિતર પ્રેમ-સદ્‌ભાવ ટકરાશે.'

આવા કોઈ વિચારે પેલો આગ્રહ પડતો મૂક્યો, એટલા નિરાશંસ બન્યા, એટલે પછી મન બગાડવાનું રહેતું નથી.

એમ, શરીર માંદું પડ્યું, ત્યાં પણ મનને થાય,

'ભલે આપણે નિરોગીતા ઈચ્છતા હતા પરંતુ આરોગ્યના નિયમનો ભંગ કર્યો, એટલે સહેજે રોગ આવે.' અથવા તો,

'કર્મ છુપાં છે, અને કર્મપરિણતિ વિચિત્ર છે, તેથી એવાં ગુપ્ત કર્મના ઉદયે રોગી બનવું પડે.' અથવા,

'શરીર રોગોનું ઘર છે. ત્યાં ૨-૪ રોગ પ્રગટ દેખાય જેની નવાઈ નથી.

વધારે પ્રગટ ન થાય એ આશ્ચર્ય છે.' અથવા,

'એક દૃષ્ટિએ રોગ આવકારદાયક માનું; કેમકે એ તેવાં ખાનપાનનાં ટેસ્ટ અને ધંધાધાપાની દોડધામ, વગેરે પાપ-આશ્રવ અટકાવે છે, અને ભગવાનનું સ્મરણ વધારે સુલભ કરે છે.'

'રોગ પરિષહ પણ એક આરાધના છે આરાધના મળે ત્યાં ખેદ શો ?'

આવા કોઈ વિચારે રોગ વખતે મન નહિ બગડે. કેમકે નિરોગીતાનો ખોટો આગ્રહ ન રાખ્યો; એટલો નિરાશંસભાવ આવ્યો તેથી સ્થિતપ્રજ્ઞતા રહી શકે છે. મહાપુરુષો તો મન બગાડ્યા વિના રોગ સહી ગયા, પરંતુ આજે ય એવા રોગી માણસો દેખાય છે કે જે શાંત ચિત્તે રોગ સહે છે, મનને ડહોળંડહોળ નથી કરતાં. શું એમને આરોગ્ય નથી ગમતું ? ગમે છે, છતાં રોગની નિર્ધારિત હકીકત સમજી, 'નિર્ધારિત સામે ખોટા આગ્રહ શા ?' એટલા માટે મનને વ્યાકુળ નથી થવા દેતા, પ્રજ્ઞા સ્થિર રહે છે.

બધે જ આ વાત છે. પૈસા ખોયા, માન ગુમાવ્યું, અપમાન આવ્યું, વેપાર તૂટ્યો, કુટુંબી વાંકો થયો વગેરે વગેરે પ્રસંગમાં નિરાશંસભાવ જાગતો રખાય, ખોટા આગ્રહ જેવા કે 'પૈસા કેમ જાય ?' 'માન કેમ ન મળે ?' 'મને અપમાન કેમ આપે ?' 'બજાર સીધો જ રહેવો જોઈએ.' 'કુટુંબી સીધો સરળ જ ચાલવો જોઈએ,' વગેરે ખોટા આગ્રહ ન બાંધી મૂકાય, તો મન એટલા પ્રમાણમાં ચળ-વિચળ નહિ થાય, પ્રજ્ઞા નહિ બગડે, સ્થિતપ્રજ્ઞતા રહેશે.

**જેટલા પ્રમાણમાં (૧) અનુકૂળતાના ખોટા આગ્રહ (૨) સ્વાર્થી હિસાબ અને (૩) અજ્ઞાન ધોરણ પડતા મૂકાય, એટલો નિરાશંસભાવ ઊભો થાય;** અને એ પ્રજ્ઞાબુદ્ધિને અવસ્થિત રાખે, બગડવા ન દે એટલા સ્થિતપ્રજ્ઞ બન્યા રહેવાય.

**પ્રજ્ઞા (બુદ્ધિ) કેમ ચંચળ બને છે ? :-**

(૧) અનુકૂળતાના આગ્રહમાં મરી રહ્યા છીએ.

પુણ્ય પાતળું છે.

કાળ વિષમ છે.

બહુ અનુકૂળતા પચાવવાની જાતની લાયકાત છે નહિ, આફરો ચડે છે, મદ અને મૂઢતા વધે છે.

-આ કાંઈ જોવું નથી, ધ્યાન પર લેવું નથી, ને અનુકૂળતાઓ ભરચક જોઈએ છે. 'કેમ એ ન મળે ?' એવો આગ્રહ રાખવો છે. 'અલ્યા પણ. આરિસામાં તારું મોઢું તો જો. શું મોઢું તારું કહે છે કે તને એવી અનુકૂળતાઓ મળે ?' ના, એ કાંઈ જોવું નથી, ને ભરપૂર અનુકૂળતાઓનો દૃઢ આગ્રહ રાખવો છે ત્યાં એ



બનવાનું છે નહિ, એટલે બુદ્ધિ કેટલી ચળવિચળ થવાની ? પછી એ આંતરિક કેટલાં દુર્ધ્યાન કુવિકલ્પો અને કાળી લેશ્યાનાં પાપ તથા બાહ્ય કેટકેટલી દોડધામનાં પાપ ઊભાં કરશે ? આ ભાવમૃત્યુ છે. ક્ષણે ક્ષણે એ ચાલુ, એનો અર્થ એ કે અનુકૂળતાના ખોટા આગ્રહમાં ક્ષણે ક્ષણે મરવાનું થાય છે.'

**જુઓ અનુકૂળતાના દુરાગ્રહના પ્રત્યાઘાત કેવા ભયંકર છે.** શું જીવન આમ જ પૂરું કરવાનું ? આટલા ઊંચા ભવમાં શું આ જ મુખ્ય ધંધો કે ભરચક અનુકૂળતાઓના ખોટા આગ્રહમાં ડૂબાડૂબ રહેવાનું ? ખૂબી તો કેવી છે કે મળવાનું તો એટલું પુણ્ય નથી તેથી મળે છે બહુ ઓછું ! છતાં મનના તરંગો-આશાઓ અનુકૂળતાઓ પાછળ દોડી રહી છે !

(૧) ડગલે પગલે એના વિચાર સસ્તા !

(૨) પછી વિકલ્પજાળ, દોડધામ, ફાંફા મારવાનું, અને કંઈ ન થાય તો છેવટે લારા કરવાના ! કેમ આમ ? અનુકૂળતાઓના ખોટા ચડસ, આગ્રહ, આશંસાઓ રાખી છે તેથી જ જીવ એની પૂંઠે બાહ્ય અને આભ્યન્તરથી ભમે છે.

(૩) એથી જ પછી વીતરાગના મંદિરમાં, ત્યાગી ગુરુઓની વાણીમાં કે પરમેષ્ઠિમંત્રના સ્મરણમાં જીવ ઠરતો નથી.

(૪) અનુકૂળતાના દુરાગ્રહ ઉપર મનમાં કાંઈ ને કાંઈ તરંગો છૂટે છે. ઠેઠ ગિરિરાજ ઉપર મોટા આદેસર દાદાની પૂજા કરતો હશે પણ ત્યાં પાછું આવું કાંક યાદ કરશે કે 'અહીં બફારો ઘણો !' અરે મૂર્ખ ! અહીં બફારો છે કે મહાઠંડક ?

**ઠંડક ક્યાં ?** આ અવસર્પિણીમાં પહેલો ધર્મનો પાયો નાખનાર ધર્મધુરંધર આદેસર ભગવાનની પડખે આવી ઊભો એમાં ઠંડક ? કે બહાર અર્થકામ અને વિષય-કષાયોની આગથી સળગી રહેલા સંસારમાં ઠંડક ? ક્યાં ઠંડક ક્યાં બફારો ? શરીરના ચામડા સામે જુએ છે ? ચામડીને જરા ઋતુનો તાપ લાગ્યો, એ મન પર લેવાની વસ્તુ છે ?

**હવાની ઠંડકની અનુકૂળતાના હઠાગ્રહમાં વીતરાગ ભગવાનના સાનિધ્યની સાચી મહા ઠંડકની કિંમત નથી !** નહિતર બહારના બફારાનો વિચાર શાનો આવે ? અને કદાચ આવ્યો તો તરત જ મન સાવધાન બની વિચારે કે 'અહો ! આ વીતરાગનાં દર્શન-પૂજન કરવાનું મળ્યું એ મારા આત્મામાં કેવા મહાપુણ્યની ઠંડક કરવાના છે ! કષાયના ઉપશમની કેવી સુંદર શીતલતા આપનાર અને પાપના ગંજ તોડનાર છે ! ત્યાં બહારનો એ તો કિંમત ચુકવણી રૂપ છે ! એ સહન કરીને પણ આવું ઊંચું સત્કૃત્ય થાય છે, એજ મારાં અહોભાગ્ય છે !'

**'પડો પડો બફારા ! પડો; તમે પડો એમ મારી પૂજા કિંમતી થાય.'**

**કષ્ટ વેઠીને, ભોગ આપીને કરેલા ધર્મનાં ઊંચા મૂલ્ય છે.**

ધર્મ માટે કષ્ટ વેઠવાનું અને ભોગ આપવાનું જ્યાં સહર્ષ વધાવી લીધું ત્યાં જડની અનુકૂળતાના આગ્રહ પર કાપ પડવાનો. એટલા પ્રમાણમાં નિરાશંસભાવ ઊભો થવાનો; તેથી સ્થિતપ્રજ્ઞતા ટકવાની. ક્યારે બને આ ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૪,અંક-૪૩,તા.૨૩-૭-૧૯૬૬**

**જડની ભરચક અનુકૂળતાનું રાક્ષસી ભૂખારવાપણું ક્યારે મટે ?** સામે દેવ-ગુરુ-ધર્મની આરાધના ઝગમગતી રખાય ત્યારે એ માટે એમને પહેલાં વહાલા કરવા જોઈએ.

**બોલો, વીતરાગ એવા વહાલા છે ?** વહાલા હોય તો એમની પૂજાની વાતમાં અખાડા કરાય ? 'કહો છો સાહેબ ! દર્શન રોજ કરીએ છીએ,' પૂજા કેમ નહિ ? પત્ની વહાલી છે, પુત્ર-પુત્રી વહાલા છે, તો એની પૂજામાં કેવા ખડેપગે રહેવાય છે ? એની સરભરામાં કેટકેટલી તન-મન-ધનથી સેવા અપાય છે ? બિચારાને ભગવાનની સેવા-પૂજા નથી બનતી !! ભગવાન વહાલા હોય તો બને ને ?

**આ બેનોથી પૂજા થાય ?** ના, એનાથી ધણીની અને છોકરા-છૈયા-પિયરિયાની પૂજા થાય, ભગવાનની પૂજામાં જ અખાડા કરવા છે ! ભગવાનની વાત આવે ત્યાં દર્શનથી પતાવવું છે, અને દુનિયાની તથા શરીરની વાતમાં ઠેઠ સુધીની પૂજા કરવી છે ! ખાવા બેઠા, ભાણું પીરસાયું, ત્યારે એમ કરો ને કે એનાં દર્શન કરી, હાથ જોડી ઊઠી જવાનું; જમવાનું શું કામ છે ? ભગવાનના દર્શનની જરૂર છે, પણ પૂજાની જરૂર નથી; એવું ચલાવનાર બેનોએ તો ચૂલાનાં દર્શન કરી દિવાનખાનામાં જઈ સુઈ રહેવાનું. રસોઈ કરવાનું શું કામ છે ? પણ ખાવું વહાલું છે, શરીર સગાં વહાલા છે, એટલે ત્યાં હાથપગ બધું ચલાવવાનું; બધી ક્રિયા કરવાની; ને ભગવાન જ વહાલા નહિ, તેથી બહાનું કાઢવાનું કે અમે બાઈ માણસ, તે ઘરના કામમાંથી ઊંચા આવીએ તો પૂજા થાય ને ? પૂજામાં કેટલો સમય લાગે ? દર્શન કરવા તો જવાય જ છે, પછી પૂજા માટે જરાક પૂજાનાં કપડાં પહેરવા-બદલવાની પાંચ મિનિટ નથી મળતી ? દર્શન કરવા જતાં રસ્તે કોઈ સગલી મળી જાય, તો ખુશમિશાલ ૦। કલાક વાતોમાં કાઢી નખાય ! કેમકે એ વહાલી છે, તેથી એના માટે સમય છે, ખડે પગે કાઉસ્સગ્ગ છે, પણ ભગવાન વહાલા નથી તેથી પૂજાનો ક્યાંથી સમય હોય ? કે ક્યાંથી અરિહંતપદ-આરાધનાર્થે ૫-૭ મિનિટનો બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ હોય ?



**પ્ર.**- પણ બેનો તો બિચારી સવારે વહેલી દર્શન કરવા જાય ત્યારે પૂજા ક્યાં થઈ હોય છે ?

ઉ.- આ ઓઠું સારું કાઢ્યું ! શું એટલા માટે પૂજા અટકે છે ? કે પૂજાની મરજી જ નથી માટે નથી થતી. પૂજા કરવી હોય તો તો રસ્તો છે. એટલી સંખ્યામાં બેનો પૂજા કરવા આવશે ત્યારે તો એ બેનો જ પૂજા સંભાળી લેશે, પૂજારીની અપેક્ષા નહિ રાખે.

**પ્ર.**- પણ દૂધ ન આવ્યું હોય ને ?

ઉ.- બહાનાં ઠીક શોધી રાખ્યા છે ! જળપૂજા અને કેશરપૂજા તો થાય ને ? પૂજારીને કહી દેવાય કે દૂધ આવે ત્યારે એ ફરીથી પખાળ પૂજા કરી લે. દૂધવાળાને જરા ભાવ વધારે આપો તો શું એ વહેલું દૂધ ન આપી જાય ? અરે, કશી સગવડ નથી, તોય ઘરેથી વાસક્ષેપની ડબી લઈ જઈ એનાથી પૂજા તો થાય ને ? એટલુંય પૂજાનાં કપડાં પહેરીને કરવા ગયા, તે પરમાત્માના ચરણે સ્પર્શ કરવાનું મળે. બોલો, આ હાથ આખા દિવસમાં કેટલી જગાએ અડી આવે છે ? બસ, ત્યારે એટલું જ ભાગ્ય નહિ કે એ પ્રભુના ચરણે અડી આવે ? **પાપના સેંકડો સ્પર્શ પછી એક** પરમાત્માનો પવિત્ર સ્પર્શ નથી જોઈતો ? વાત આ છે કે ભગવાન એવા વહાલા ક્યાં છે કે એના ચરણસ્પર્શ અને પૂજા વિના ન રહી શકાય ?

**ચોર ચિત્તને ઓળખજો. નહિતર ઠગાશો.** એ તો મનાવશે કે 'મને ભગવાન વહાલા છે. સંયોગ નથી એટલે પૂજા નથી થતી.' આદમીને ય પૂજાનો સમય નથી, ને બાઈઓને ય નથી; કેમકે મૂળમાં ભગવાન તેવા વહાલા ક્યાં છે ?

ત્યારે પૂજા કરનાર કેટલાયની દશા કેવી છે ? ભગવાન વહાલા છે, તેથી પૂજા કર્યા વિના ચેન નથી પડતું; પરંતુ મફતિયા ભગવાન વહાલા છે; એટલે પૂજા માટે કશો જાતનો ખર્ચ નથી રાખવો, અને સમય બહુ કાઢવો નથી. રેડીમેઈડ (Ready-made) કેશર જોઈએ અને રેડીમેઈડ ભગવાન જોઈએ. દહેરામાં કેશર રેડીમેઈડ જોઈએ, એટલે દહેરાનું તૈયાર ઘસેલું, અને ભગવાન પૂજારીએ પખાળ-અંગલૂંછણાં કરીને તૈયાર રાખેલા જોઈએ ! ઘરનું કેશર-સુખડ-અગરબત્તી-દૂધ લઈ જવાનો ખર્ચ નથી પહોંચાતો બિચારાને, તે શું કરે ? તેમ જાતે પ્રભુને પખાળ અંગલૂછણાં કરવાનો સમય છે નહિ, પછી રેડીમેઈડ જ જોઈએ ને ? રેડીમેઈડનો જમાનો છે ને ? મફતિયું પરભાર્યું મળતું હોય તો ખપે ! ભગવાન પણ કશો ખર્ચ ન કરાવે એવા ગમે. ત્યાં ભગવાન પર વહાલ કેટલું ? ઘરવાળા ઉપર વહાલ છે, દીકરા-દીકરી પર વહાલ છે, તો એની પાછળ હોંશે હોંશે ખર્ચ થાય છે. ભગવાન વહાલા હોય તો ખર્ચ ન થાય ? ભૂલતા નહિ **પત્ની, દીકરા-દીકરી વહાલા કરવાના**

**ભવ તો ઘણા જોયા, વીતરાગ વહાલા કરવાનો આ ઉત્તમ ભવ મળ્યો છે ત્યાં આ નહિ કરાય તો ક્યાં કરાશે ?** વાત આ છે કે પ્રભુ વહાલા કરાય, તો પછી મંદિરમાં બફારો વિસાતમાં ન લાગે. ઠંડકની અનુકૂળતાના એવા આગ્રહી ન બનાય; એ ન મળતાં ચિત્ત ન બગડે.

## ● સ્વાર્થના હિસાબ ●

**(૨) બીજી વાત છે, સ્વાર્થના જ હિસાબ નિરાશંસભાવ નથી આવવા દેતા.** જે તે વાતમાં એ જુએ કે 'મારું શું સરે ? મને વિષયસુખ-સમૃદ્ધિ-માનસન્માનની શી અનુકૂળતા થાય ? એમાંની પ્રતિકૂળતા શી ઓછી થાય ?'-આવી સ્વાર્થદૃષ્ટિનો જ હિસાબ માંડે ત્યાં નિરાશંસભાવના ફાંફાં જ હોય. 'મને' અને 'મારું' નો જ હિસાબ માણસને ભૂલો પાડી દે છે. એની પાછળ પછી કેટલીય આકાંક્ષાઓને અપેક્ષાઓ ઊભી થાય છે ! પછી એ ચિત્ત બગાડ્યા વિના રહે ? સ્થિતપ્રજ્ઞ રહી શકે ? ના, એ તો જરા-જરામાં વિહ્વળ થવાનો. દા.ત. મનને થયું કે, 'મારું માન ઘવાય છે ? બીજાનું ભલે ઘવાઓ, મારું ન ઘવાવું જોઈએ.' -આવો સ્વાર્થનો હિસાબ રહ્યો પછી પોતાના માનની રક્ષા અર્થે ભારે ચડાઉતરી કરશે ! જીભાજોડીમાં પાછો નહિ હટે. સામાને ખોટો પાડવા અને પોતે સાચો ઠરવા આકાશ પાતાળ એક કરશે આ બધું ચિત્ત બગડ્યા વિના થાય છે ? સ્વાર્થનો 'હું અને મારું' નો જ એક હિસાબ રાખવાનો હોય એટલે અપેક્ષાઓ ઘણી રહેવાની; ને એમાં ચિત્ત અસ્થિત-અસ્થિર ચંચળ બની વિકારને વશ થવાનું.

**સ્વમાનાકાંક્ષા પર હજારો વાર શુભ બુદ્ધિ ગુમાવી ? :-**

જીવનમાં તપાસી જોશો તો દેખાશે કે જાતનું માન, જાતનું સારાપણું, અને જાતનું ન ભૂલવાપણું સાબિત કરવા, આગળ લાવવા, કેટકેટલી વાર બીજા જોડે તર્ક, દલીલબાજી, અને જરૂર પડ્યે સત્તાથી દબામણી અજમાવવાનું કર્યું છે ? એમાં આપણે સાચા ઠર્યા, સામો ચૂપ થઈ ગયો, હલકો પડ્યો, એમાં રાજીપો કેવો થયો છે ? આવું તો સેંકડો હજારો વાર બન્યું હશે. ત્યાં પ્રજ્ઞા-શુભબુદ્ધિ સ્થિત ક્યાં રહી ? ચિત્ત બગડ્યું કેટલી વાર સેંકડો હજારો વાર ! શાની પાછળ ? સ્વમાનની આશંસા પાછળ; સ્વાર્થનો જ હિસાબ રાખવા પાછળ. આ કેટલો બધો ભારી ચિત્તવિકાર-મનબિગાડ કે જ્યાં બીજાને હલકા પડ્યા જોઈ આનંદ થાય ? હલકા પાડવાની જ એક લેશ્યા રહે ? ત્યારે સમજો કે સ્થિતપ્રજ્ઞતા કેવું મહાન સંરક્ષણ છે ! અને સ્વાર્થનો હિસાબ કેવો મોટો સ્વાત્મઘાતક છે !

**સ્વાર્થ લેખા પર પૂજ્ય પ્રત્યે મન બગડે :-**



પોતાની ચીજ-વસ્તુને પોતાના પૂજ્ય ગણાતા કોઈથી જતાં આવતાં ઠોકર લાગી. હૃદય કેવું થાય છે ? ઝટ અણગમો ખેદ ઊઠે છે ને ? 'આ આવું કેવું રાભાભાઈ જેવું ચાલે છે ? એવું પૂજ્ય માટે પણ થાય છે ખરું ? ત્યાં મન કેવું બગડ્યું ! સ્વાર્થ ખતરનાક છે. વસ્તુને જરા ઠોકર એટલે એક તુચ્છ હરકત છે. પરંતુ સ્વાર્થની માયા ભૂંડી, તે એનો જ મુખ્ય હિસાબ હોવાથી પૂજ્ય માટે પણ હલકું ચિંતવવાની દુષ્ટતા પર ચડાવી દે છે !'

**સ્વાર્થના જ હિસાબ પર દયા ગૂમ !**

ચમનભાઈને ખબર મળ્યા કે રમણિયો વાહન સાથે અથડાઈ પડ્યો છે. બેઠા હતા ત્યાંથી 'હેં ?' કરતાંક ઝટ ઊઠી દોડ્યા ! રસ્તે કોઈ પૂછે છે, 'કેમ કેમ ચમનભાઈ આમ હાંફળા ફાંફળા દોડો છો ?'

'અરે ભાઈ ! આ મારો રમણિયો વાહન સાથે અથડાઈ પડ્યો છે !'

પેલો કહે છે, 'તે તમારો નહિ; એ તો ફલાણાનો રમણિયો.'

ત્યાં ચમનભાઈને ઝટ 'હાશ !' થાય છે. વિચારો શાનું હાશ ? પોતાનાને નહિ અને બીજાના છોકરાને વાહનઅકસ્માત થયો એનું ને ? કેવી સ્વાર્થની જ ગણતરી ? અરે ! ભલે તારો નહિ પણ બીજાનો છોકરો ય બિચારો અકસ્માતનો ભોગ તો બન્યો ને ? એની દયા નથી ? તે એટલું ય નથી થતું કે 'અરેરે ભલે બીજાનો, પણ એને અકસ્માત નડ્યો ?' એવી દયા ઊભરાવીને બદલે 'હાશ !' થાય એ સ્વાર્થનો કેટલો ઘેલો હિસાબ ?

**સ્વાર્થના હિસાબ પર પત્નીને ડામ :-**

ઘરમાં છોકરો, માનો કે બાપનો બહુ કહ્યાગરો હોય, પરંતુ માતાની સામે ઉદ્ધત બોલ કાઢતો હોય ત્યાં આ એને ઝાડી કાઢે છે. ત્યારે જો બાપ છોકરાની માને દબડાવે કે, 'આ તમને આ શી ઝાડઝાડ કરવાની જ કુટેવ છે ? છોકરો મારી સામે કેમ બોલતો નથી ? આ તમે જ એવા છો એટલે તમારી સામે થાય છે,' બાપ જો આમ છોકરાનું ઉપરાણું લે, અને એની સમક્ષ પત્નીને ડામે, દબડાવે, તો એ છોકરાના મગજ પર કેવી ખરાબ અસર પડે ? એને એમ થાય કે 'આ મા દબડાવવા લાયક જ છે; કેમકે આ બાપાજી જ કહે છે કે એનો સ્વભાવ સારો નથી.' આ અસરથી પછી માતા સામે એની ઉદ્ધતાઈ વધતી જવાની એમાં નિમિત્ત કોણ બન્યું ? બાપ. કેમકે એને માત્ર સ્વાર્થનો જ હિસાબ હતો કે 'મારું પોતાનું માન અદબ સચવાય છે ને ? હા, તો પછી પત્નીનું ન સચવાય તો ચિંતા નહિ.' આ માત્ર સ્વાર્થ લેખું હોવાથી એને એમ નથી થતું કે 'મને ભલે નહિ, પણ એની માનેય એ કેમ ઉતારી પાડે ? કેમ એના સામું બોલે ?' ના, મારી સામું નથી

બોલતો, એટલે બસ ! પછી બીજાનું મારે જોવાનું નહિ, આ સ્વાર્થઘેલછા કેવી ખતરનાક ! ચિત્ત કેવું બગાડે છે ! છોકરાની માતાનું છોકરા તરફથી અપમાન-તિરસ્કાર થાય એના પ્રત્યે ધિટ્ઠાઈ કરાવે અને કદાચ સારું ય મનાવે એવું ! 'એનો સ્વભાવ એવો છે એટલે છોકરા તરફથી તિરસ્કારને લાયક છે,' 'આવું ય કદાચ મનમાં આવે. એનું છોકરા તરફથી અપમાન થવા પર રાજીપો.' એ ચિત્તનો કેવો બિગાડો ઊભો થયો ?

**સ્વાર્થપ્રિયતા સાધુ-સાધર્મિકને ય હલકા બનાવે :-**

સ્વાર્થનો હિસાબ પત્નીના થતા અપમાન-તિરસ્કારને ય લેખામાં ન લેવા દે, તો પછી દેવ, ગુરુ કે સાધર્મિકની થતી હલકાઈને ક્યાંથી લેખામાં લેવા દે ? મંદિર કે ઉપાશ્રયનો માણસ ટ્રસ્ટીના ગુણ ગાતો હોય કે 'શેઠ ! તમે બહુ સારા છો,' પછી એ કોઈ સાધુનું કે શ્રાવકનું ઘસાતું બોલે કે પણ શેઠ ! આ પેલા સાધુમહારાજ આવા કેવા છે ? સ્વભાવના જરા તીખા. પેલા શ્રાવક વળી અભિમાનથી રોફ જ મારે છે ! 'એમ સાધુ કે શ્રાવકની નિંદા કરે, ત્યાં શેઠને પોતાના ગુણ ગવાય છે ને ? સ્વાર્થ સધાય છે, પછી ગુરુની નિંદા કે સાધર્મિકની નિંદા સાંભળવી ખપે છે ! કદાચ ઉપરથી નોકરનું તાણશે કે 'નોકર વાજબી કહે છે.' આમાં ચિત્ત કેવું બગડ્યું ? સ્થિતપ્રજ્ઞતા ક્યાં રહી કે 'મારા ગુરુ તો સારા છે તે છે જ અથવા મારો સાધર્મિક સારો જ છે. આ નોકર અજ્ઞાની છે, માખણિયો છે, તે આવું અનુચિત બોલે છે.' આ સ્થિત-પ્રજ્ઞતા નહિ; કેમકે સ્વાર્થની જ અંધતા, એટલે નોકરને દબાવવાનું નથી કરાતું કે 'રહેવા દે તારું ડહાપણ. તું મને માખણ લગાડે છે અને મારા પૂજ્ય કે સાધર્મિકની નિંદા કરે છે એ ઠીક નથી. ખબરદાર ફરીથી આવું બોલ્યો તો !'

**સ્વાર્થના હિસાબમાં ગુરુની નિંદા સાંભળશે ? :-**

સ્વાર્થનો જ હિસાબ રાખવાનું ભૂંડું ! ગુરુ આગળ શિષ્ય એમનું સારું બોલે, પણ ગુરુના ગુરુનું ઘસાતું બોલે, અને જો ગુરુને એ ખપે, તો પછી એ ય શિષ્યના બોલમાં ટાપસી પૂરાવશે કે 'હા, તારી વાત ખરી છે. ગુરુ મહારાજ એવા જ છે. પક્ષપાતી છે, સ્વભાવના ક્રોધી છે, અભિમાની જ છે.' આ કેવી અધમ દશા ! ગુરુના ગુણ ગાવા તો દૂર રહ્યા, પણ ઊલટું એમની નિંદા સાંભળવાનું અને કરવાનું કરાવે છે ! કારણ ? પોતાના સ્વાર્થનો જ હિસાબ છે માટે. ચિત્ત કેવું બગાડે છે કે ગુરુની નિંદામાં ઉતારી દે. હાં જો પોતાનીય નિંદા પેલો કરતો હોત અને સાથે ગુરુની, તો કદાચ ગુરુ ઉપર ચિત્ત ન બગાડત. સ્વાર્થનો હિસાબ જ મારે છે.

**સ્વાર્થની લંપટતા અને એનું પોષણ બીજાના દુઃખને જોવા દેતું નથી.** પૂજ્ય,



માન્ય, ઉપકારીના દુઃખ ત્રાસ તકલીફ તરફ આંખમિંચામણા કરાવે છે ! પોતાનો સ્વાર્થ અખંડ સધાય છે ને ? પછી શું કામ એમની અગવડ જુએ ? હલકાઈ થતી જુએ ? ઉપરથી એમાં રાજી ન થાય તો સારું ! જાતેય એમની હલકાઈ ન કરવા માંડે તો ભલું ભલું ! શું પૂજ્યની ઉપકારીની હલકાઈ ગમે છે ? ના એમ તો નહિ, પણ પોતાનો સ્વાર્થ સરે છે, સધાય છે, એ બહુ ગમે છે; માટે પેલું ગમતું થઈ જાય છે. એ ગમતું થાય એ ચિત્તની કેટલી બધી વિકૃત દશા ! સ્વાર્થનો હિસાબ એ કરાવે છે, પછી ત્રાહિતના કષ્ટ-દુઃખ-તકલીફ તરફ આંખમિંચામણા કે રાજીપો થવાની અધમ મનોદશા જાગે એમાં શી નવાઈ ? આમ સ્વાર્થના જ હિસાબને લીધે જુદા જુદા પ્રસંગે ચિત્તના ભાવ ડહોળાય, હલકા બને ત્યાં સ્થિતપ્રજ્ઞતા ન રહી શકે.

**રામની સ્થિતપ્રજ્ઞતા :-**

મહાસતીમાં આવા સ્વાર્થના હિસાબ નથી, તેથી વનવગડે તરછોડવા છતાં એ પતિ રામ પ્રત્યે દિલ નથી બગાડતી, અધમ ક્ષુદ્ર દ્વેષિલું નથી કરતી. એ તો એકમાત્ર પોતાના પૂર્વકૃત કર્મ તરફ જોઈ સ્થિતપ્રજ્ઞ રહે છે ત્યારે રામે પણ પૂર્વે શું કર્યું છે ? કૈકેયીના વચનથી રાજ્ય ભરતને અપાયું, પોતાનો રાજ્યાભિષેક ઊડી ગયો છતાં, સ્વાર્થનો હિસાબ નહોતો તેથી રામે કૈકેયી કે પિતા પ્રત્યે મન ન બગાડ્યું એ હિસાબ હોત તો મન બગડત, વિહ્વળ થાત કે 'આ બાપાજીએ શું કર્યું ? કેવો અન્યાય ? આ કૈકેયી કેવી ? એનો આપણે અત્યાર સુધી વિનય કર્યો, ભક્તિ-બહુમાન કર્યા, સગી મા જેવી ગણી, એનું આ એણે ફળ દેખાડ્યું ? બધા આવા ને આવા જ મળ્યા છે ? ગુસ્સો તો એવો ચડે છે કે બતાવી આપું...' રામને છે આ વિચારમાનું કાંઈ ? ના, કારણ કે સ્વાર્થનો હિસાબ જ નહોતો, એટલે સ્થિતપ્રજ્ઞતા, સ્થિર શુભ ભાવ અખંડ હતો.

**પૂર્વપુરુષોના સ્વાર્થભંગની અપેક્ષાએ આ પણ** વિચારવા જેવું છે કે આ રાજવંશી આત્માઓના જીવનમાં પ્રસંગ કેટલા બધા વિકટ આવ્યા છે ? કેવા જબ્બર સ્વાર્થના ઘાત થયા છે ? છતાં સ્વાર્થનો હિસાબ નહોતો રાખ્યો અને માટે જ મન ન બગાડતાં સ્થિતપ્રજ્ઞતા જાળવી છે, તો પછી આપણાં જીવનમાં પેલા પ્રસંગોની અપેક્ષાએ અતિ તુચ્છ તુચ્છ સ્વાર્થભંગના પ્રસંગ આવે ત્યાં શું સ્વાર્થના હિસાબ પડતા ન મૂકાય ? શું સ્થિતપ્રજ્ઞતા ન ટકાવી શકાય ? અથવા શું સ્વાર્થ સાધવા મેલી મુરાદો રચાય ? એકલા સ્વાર્થનો જ હિસાબ આવ્યો એટલે સહજ છે કે એ સાધવા કેટલાય કાવાદાવા, કૂડકપટ, પાપપ્રપંચ, લોભ-મમતા, આસક્તિ, મદ-અહંકાર-કૃતઘ્નતા વગેરે મનમાં પેસવાના ! કેટલાય પાર વિનાના આરંભ-

સમારંભ વગેરેના વિચાર મનમાં પેસવાના ! ટૂંકમાં, આ ઉચ્ચ ભવમાં સ્વાર્થના હિસાબ પડતા મૂકી પરાર્થ-પરમાર્થના જ હિસાબ ધરવા જેવા છે.

બે વાત થઈ. સ્થિતપ્રજ્ઞતા એટલે કે સદ્બુદ્ધિ શુભ ભાવ ટકાવવાનું કેમ નથી બનતું ? કેમ ઉપકારી કે પૂજ્ય ઉપર બહુમાન અને બીજા પર સ્નેહ-મૈત્રીભાવ-કરુણાના શુભ ભાવ અખંડ ટકતા નથી ? એમ વિષયવૈરાગ્યનો શુભ ભાવ કેમ ઘવાય છે ? (૧) અનુકૂળતાનો આગ્રહ, અને (૨) સ્વાર્થનો જ હિસાબ એમાં કારણભૂત છે. સીતાજીએ એ બંને ય નથી રાખ્યા, માટે જંગલમાં એકલા અટુલા તરછોડાઈ જવા છતાં ચિત્ત બગાડતા નથી.

## • અજ્ઞાન ધોરણો •

(૩) ચિત્ત બગાડનાર, અસ્થિતપ્રજ્ઞ બનાવનાર, ત્રીજું કારણ અજ્ઞાન ધોરણ છે. **'આપણું બગાડનાર આપણાં કર્મ નહિ. પણ બીજાઓ છે,' એ અજ્ઞાન ધોરણ કહેવાય** મહાસતીએ એ રાખ્યું નથી, તેથી એ રામ પર ચિત્ત બગાડતી નથી, કે છોડવા આવેલ સેનાપતિને તુચ્છકારતી નથી. ઉપરથી એને આશ્વાસન આપે છે.

**અજ્ઞાન ધોરણોના નમૂના :-**

જીવને એવા અનંતકાળથી અનેક અજ્ઞાન ધોરણ ચાલ્યા આવે છે; જેમકે- 'શઠં પ્રતિ શાઠ્યં' 'થાય તેવા થઈએ,' 'સો કામ મૂકીને ખાવું,' 'ધર્મ તો નિરાંતે થાય,' 'મન ચોક્ખા વિના ધરમ ન થાય,' 'ધરમમાં પરાણે પ્રીત ન કરાવાય,' 'વડિલોને આપણાં માન જોઈતા હોય તો એમણે સારી રીતે વર્તવું જોઈએ,' 'ઘર બાળીને તીરથ ન થાય,' 'જીવનમાં આપણે સુખના જ અધિકારી છીએ, માન-સન્માનના હકદાર છીએ,'...આવા આવાં તો કેઈ મિથ્યા ધોરણો છે. એ ધોરણ અનુસાર ન બને ત્યાં ચિત્ત બગડે છે.

**શઠં પ્રતિ શાઠ્યમ્ :-**

દા.ત. ધોરણ રાખ્યું કે 'શઠં પ્રતિ શાઠ્યં, થાય તેવા થઈએ,' પછી જ્યાં કોઈ આપની સામે પ્રપંચ કરતો દેખાયો કે એની સામે આપણને પણ પોલિસી રમવાનું મન થાય છે ! અભિમાની સામે અભિમાન બતાવવાનું સ્ફુરે છે ! કેમકે 'થાય તેવા થઈએનું અજ્ઞાન ધોરણ' બાંધી બેઠા છીએ, તેથી આમાં માનવ જીવનની કેવી બરબાદી છે. એ ધ્યાનમાં જ નથી ઊતરતું !

**એમ, 'ધર્મ તો નિરાંતનો'નું ધોરણ** બાંધ્યા પછી સમય મળશે તો ય કોઈ ધર્મપ્રવૃત્તિ નહિ સૂઝે; કેમકે ત્યાં પણ, એને કેઈ ચિંતાઓ છે તેથી નિરાંત નથી. એમ ચિંતા નહિ હોય તો પણ એમ લાગ્યા કરશે કે 'આખા દિવસના બળ્યાઝળ્યા



હવે થોડું ફરી આવીએ નહિ, સગા-સ્નેહીને મળીએ-કરીએ નહિ, વાતોચીતો કરીએ નહિ, ત્યાંસુધી પેલો થાક ક્યાં ઊતરે છે ? ચિત્ત ક્યાં ફોરું બને છે ? તો તે વિના તો નિરાંત ક્યાં થઈ ?' મન આ રીતે ફોરું થવાનું માનવું એ અજ્ઞાન ધોરણ છે. પૂર્વના મહા-પુરુષોનાં ચરિત્ર વાંચનથી મન સાચું ફોરું થાય છે. એમ શાસ્ત્રસ્વાધ્યાય, સત્સંગ, ધર્મચર્ચા-કથાદિથી ચિત્ત ખરેખરું ફોરું થાય છે. તો પ્રતિક્રમણનો લાભ સમજાય તો એમાં વળી ચિત્તની કોઈ વિશિષ્ટ શાંતિ થાય છે. અરે ! બે ઘડી સ્તવન-સજ્ઝાય ગવાય કે વંચાય તો એમાં મનને સારી તાજગી મળે છે. 'ધર્મ નિરાંતનો'નું ખોટું સૂત્ર બાજુએ મૂકી આવું કાંક આદરે તો અનુભવ થાય.

**આવું એક અજ્ઞાન ધોરણ 'મન ચોક્ખા વિના ધર્મ નકામો'નું છે.** અજ્ઞાનતા આ, કે અનાદિકાળનું મેલું અને પાપપ્રવૃત્તિઓથી પોષાતું મન એમ ચોક્ખું શી રીતે થવાનું ? એ તો સત્સંગ, ધર્મશ્રવણ, મહાપુરુષોના ચરિત્રનું વાંચન સદ્અનુષ્ઠાનો વગેરે કે જે ધર્મ જ છે એ કરતા રહેવાય, તો ચોકખું બને. ભલે મનમાં ખોટા વિચાર ઊઠતા રોકી શકાતા નથી, પરંતુ 'મન ચોકખું આવી બધી ધર્મપ્રવૃત્તિથી થશે;' એ ઉદ્દેશ રાખીને ધર્મપ્રવૃત્તિ કરાય તો એ નકામી નથી. એ કરતાં કરતાં જ બીજા ત્રીજા વિચારો અટકી મન સ્વચ્છ થાય છે. ધર્મ જો ન જ ખપતો હોય તો મનને ચોકખું કરવાનો બીજો રસ્તો જ શો છે ? દાન દેતાં રસ આવવાથી ઉદારતા આવે છે, અને મનનો કૃપણતા-સ્વાર્થાંધતા મેલ કપાય છે. જિનેશ્વરદેવની ત્રિકાળ ભક્તિ સારી રીતે કરતાં કરતાં મનને પાપપ્રવૃત્તિના રસનો મેલ ઘટતો આવે છે. સામાયિક કરતાં કરતાં સમભાવનો અનુભવ થવા લાગે છે, અને મનના રાગાદિ મેલ ઓછા થતા આવે છે. પણ આ બધું પેલું અજ્ઞાન ધોરણ હેઠું મૂકે તો થાય ને ? નહિતર તો ધર્મથી આઘાને આઘા રહેવામાં તો ચિત્ત વિશુદ્ધ શી રીતે થવાનું ? સ્થિતપ્રજ્ઞતા, સ્થિર શુભ ભાવ, ક્યાંથી ઊભો થવાનો ?

**ધોરણ ઘડી રાખ્યું કે 'ધર્મમાં પરાણે પ્રીત ન થાય;'** ધર્મ તો રાજીખુશીથી કરાવો જોઈએ; હવે જીવની આ સંસારમાં ભટકતાં ભટકતાં સ્થિતિ તો એવી છે કે એને પાપપ્રવૃત્તિઓ હોંશે હોંશે કરવાની ગમે છે. ધર્મની વાત આવે ત્યાં જાણે કીડીઓ ચડે છે ! તો પહેલ પહેલી પ્રવૃત્તિ ધર્મમાં રાજીખુશીથી થવાની શી રીતે ? બાળક રમતની હોંશવાળું પહેલ-પહેલું નિશાળે જવાની હોંશ ક્યાંથી લાવવાનું ? શરૂઆતમાં તો એને પરાણે નિશાળે મૂકી આવો છો ત્યારે ધીરે ધીરે એનું રસિયું બની પછી હોંશે હોંશે નિશાળે દોડી જાય છે. એમ ધર્મમાં પહેલાં હોંશ નહિ છતાં ગુરુના દાક્ષિણ્યથી કે કુળલાજે પણ ધર્મમાં જોડાયા, તો આગળ જતાં એ રાજીખુશીનો સોદો ઊભો થાય છે.

જો પરાણે પ્રીત ધરમમાં ન થાય, તો શું બીજે થાય ? હા, સંસારમાં તો કેટલુંક પરાણે કરવામાંય વાંધો નથી લાગતો, અહીં જ વાંધો લાગે છે. કારણ કે મૂળમાં, ધર્મના અચિંત્ય લાભની ગમ નથી. છોકરો મન વિના પણ નોકરી જાય ને. પૈસા કમાઈ લાવે એ ગમે છે ! કુટુંબમાં રસોઈ કરનાર બીજી ય બાઈઓ છે, પરંતુ પોતાની માંદી પત્ની જો મન વિના પરાણે પણ સારી રસોઈ બનાવે તો તે ગમતી વાત છે. અથવા એને આરામ મળે અને બીજી પાડોશણ બાઈ મન વિના પણ રસોઈનું સંભાળી લે તો તે પસંદ છે. મન વિનાનું પરાણે પણ શું નથી ચાલતું કે ચલાવાતું ? જાતમાં ય ઘણું ચલાવાય છે. મન નથી છતાં મેમાનને સાચવી લેવાય છે. 'પરાણે પ્રીત ખોટી' કરીને એને કાઢી મૂકો ને ? ના, એમાં તો વધુ નુકશાન દેખાય છે માટે પરાણે નભાવવો પડે છે. ત્યારે ધર્મ જ બિચારો છેલ્લા પાટલાનો ધંધો કે એ પરાણે ન થાય ! પરાણે દવા લેવાય, પરાણે દેવું કરાય, પરાણે પાડોશીનું કામ બજાવાય; માત્ર ધર્મની વાત આવે ત્યારે 'પરાણે પ્રીત ના થાય' નો સિદ્ધાન્ત લડાવવાનો ! એમ ને ? જે કુળોમાં પહેલાં પરાણે પણ છોકરા-છોકરીને ધર્મમાં જોડે છે એ કુળોની ધર્મસુવાસ જુઓ તો ખબર પડે કે આ 'પરાણે પ્રીત ન થાય' નું સૂત્ર કેવું ખોટું પકડાયું છે !

**મેતારજનો જીવ પૂર્વ ભવે** બ્રાહ્મણ પુરોહિતનો પુત્ર હતો અને રાજકુમારની દોસ્તીમાં સાધુની મશ્કરી કરતો, એની સજા રૂપે એને રાજપુત્ર સાથે સાધુપણું લેવું પડ્યું પછી તો સાધુપણાની કલ્યાણ ચર્યાઓનો અભ્યાસ કરતાં કરતાં ચારિત્ર ઘણું સુંદર લાગ્યું. કિન્તુ એક વાર મનમાં એમ આવી ગયું કે 'સાધુપણું તો સરસ, પરંતુ ગુરુએ જે આ પરાણે પકડાવ્યું તે ઠીક નહિ. આવો સુંદર ધર્મ તો સામાને ઉત્સાહિત કરી એની રાજીખુશીથી કરાવવો જોઈએ.' બસ, આ વિચારે એણે દુર્લભ-બોધિપણું ઉપાર્જ્યું ! તે એવું કે મેતારજના ભવમાં પોતે પૂર્વના દેવભવમાં મિત્રદેવ સાથે નક્કી કરી આવ્યા મુજબ પેલો દેવતા આવીને હવે ધર્મ લેવા પ્રેરે છે, પણ આને ઉત્સાહ જ વધતો નથી. ૪-૫ વાર જોરદાર પ્રેરણા કરી પણ વ્યર્થ ! એટલો બધો વિષયોનો રસ લાગ્યો કે તાવવાળાને મોંમાં ખાવાની રુચિ જ ન થાય એમ આને ચારિત્રની રુચિ જ થતી નથી. પૂછો તો ખરા,





**પ્ર.**- ધર્મમાં પરાણે પ્રીત ન થાય, એટલું વિચારવામાં આટલો બધો વિષયરસ ક્યાંથી જાગ્યો ? ચારિત્ર તો એવું સરસ પાળ્યું છે કે ત્યાંથી દેવલોકમાં અને પછી મેતારજના ભવે સંસારનો અંત કરી મોક્ષે જવાના છે પછી આમ કેમ ? ચારિત્ર તો ગમેલું, પછી વિષયોનો ઉન્માદ ક્યાંથી આવ્યો ?

ઉ.- અહીં ઉંડાણમાં ઊતરવું જોઈશે.

**'ધર્મ પરાણે ન થાય' એ ભાવની પાછળ રહેલી વૃત્તિનું પૃથક્કરણ** કરવું જોઈશે. ચારિત્ર સુંદર તો એટલી હદ સુધી જ લાગ્યું કે એ પરાણે ન અપાય તો... 'ધર્મમાં પરાણે પ્રીત ન હોય' એનો એ અર્થ થયો કે 'સંયમધર્મ રાજીખુશીથી લેવાય તો તો સારું, અને એમ ન લઈ શકાય તો અસંયમ સારું. ઘરવાસ સારો, વિષયક્રીડા સારી.' એ અર્થ આવીને ઊભો ને ? એટલે અંતરમાં 'ધર્મ પરાણે નહિ સારો' એવા ભાવની પાછળ છુપી રીતે 'ધર્મ પરાણે લેવાય એના કરતાં વિષયભોગમાં બેસી રહેવાનું સારું' એ જ ભાવ પોષાયો ને ? પછી અહીં એના સંસ્કાર બળે વિષયગૃદ્ધિ કેમ ન જાગે ? અનાદિની વિષયવાસના તો હતી જ, પણ એને ચારિત્રપ્રીતિથી ધક્કો લાગવાનો હતો તે આ છૂપી શરતીય વૃત્તિથી પુષ્ટ રહી ! એ હવે અહીં કેમ ન નડે ?

**હારના દૃષ્ટાન્તે પરાણે પ્રીતની સિદ્ધિ :-**

આ અજ્ઞાન ધોરણમાં જીવની ઘેલછા જોવા જેવી છે. ખૂબી કેવી કે 'ગુરુએ પરાણે ચારિત્ર આપ્યું પણ એમ ન અપાય. મારીને મુસલમાન ન કરાય,' એ ભાવ મહાકિંમતી ધર્મ માટે કરાય છે ! પણ દુનિયાની કોઈ કિંમતી ચીજ માટે નહિ. કોઈ પરાણે કરોડ રૂપિયા, બંગલો, મોટર આપી દે તો તો એમાં કાંઈ અજુગતું નથી લાગતું.

ધારો કે તમે રસ્તે ચાલ્યા જતાં તમારા ગળામાંથી ધ્યાન બહાર પંદર હજારની કિંમતનો હીરાનો હાર તૂટી નીચે પડી ગયો. અગત્યના કામે દોડતા જવામાં તમને એની ખબર ન રહી. પણ પાછળથી કોઈ મિત્રે એ પડતો જોયો અને ઉપાડી તરત પાછળ દોડતો આવ્યો હવે એ બૂમ મારે છે કે 'ઊભો રહે ! તમે સાંભળવા છતાં નથી ઊભા રહેતા. પેલો દોડતો આવી પાછળથી કપડું પકડી પરાણે ઊભા રાખે છે અને બરડામાં ધબ્બો લગાવી કહે છે 'લે ગધેડા ! આ હાર પાડીને ક્યાં ચાલ્યો ?' એ વખતે તમે શું કરો ? શું કહો ? એને શું કહો ખરા કે 'હાર કિંમતી, પરંતુ આમ પરાણે ઊભા ન રખાય, ધબ્બો લગાવી ગધેડા કહી ન અપાય.' આવું

કહો ખરા ? કે એના બદલે મિત્રને પગે પડો ? હાથ જોડી કહો કે 'ભાઈશાબ ! સારું કર્યું, આ મને તો ધ્યાન ન રહ્યું પણ તે 'હાર લાવી આપ્યો !' આવું કહો કે નહિ ? કદાચ ત્યાં કોઈ ત્રાહિત કહે 'અરે પણ આમ ધબ્બો મારી ગધેડા કહી હાર અપાતો હશે ?' તો તમે શું કહો ? એ જ ને કે 'અરે ભાઈ ! ધબ્બો જ નહિ, લાત પણ લગાવી, ચાર ડંડા ઠોકીને પણ, આવો કિંમતી હાર આપે તો સારું. બાકી હું તો ખરેખર આવો કિંમતી હાર ગુમાવનારો ગધેડો જ શું, ગધેડાનો ગધેડો, મહાગધેડો છું. એનો ધબ્બો ને ગાળ તો હિતબુદ્ધિના હોઈ ઘીની નાળ જેવા છે એમેય આ હાર ક્યાં મળવાનો હતો ?' કહોને આવું બધું ?

તો હવે તપાસો કે જો ચારિત્ર એટલું બધું કિંમતી અને ગમતું કર્યું હોય, તો શું મનને એમ ન થાય કે 'ગુરુના લાખ લાખ ઉપકાર કે મને પરાણે પણ આવો મહાકિંમતી ચારિત્રધર્મ પમાડ્યો ! નહિતર હું નંગ સીધેસીધું ચારિત્ર ક્યાં લેવાનો હતો ? અને ન લેત તો વિષયકીચડમાં મહાલીને કેવો દુર્ગતિના પલ્લે પડી જાત ? કેટલા દુ:ખદ હલકા નરક-તિર્યંચ ભવોની હારમાળા ચાલત ? ભલું થાઓ ગુરુનું, કે એવા દુર્ગતિ પતનમાંથી બચાવી લઈ સદ્ગતિના રસ્તે ચડાવી દીધો ! મારા જેવા મૂઢ-અજ્ઞાન-બાળ જીવને પરાણે પણ જો ધર્મમાં ચડાવ્યો તો એના જેવી ધન્ય ઘડી બીજી કઈ ?' આવું આવું મનમાં જરૂર આવે, જો પેલા પંદર હજારના હીરાના હાર કરતાંય કેઈ ગુણો કિંમતી ચારિત્રધર્મ લાગે તો. ત્યાં પછી 'ધર્મમાં પરાણે પ્રીત ન થાય,' એવું અજ્ઞાન ધોરણ ઊભું ન રહે.

મન કેમ બગડ્યા કરે છે ? આવા ને આવા અજ્ઞાન ધોરણના કારણે.

**ધોરણ બાંધ્યું કે 'સો કામ પડતાં મૂકીને ખાવું,'** પછી કેમ, તો કે ગમે તેટલું સારું કામ આવ્યું હશે, પણ ત્યાં ખાવાનો ટાઈમ થયો છે માટે ખાવાનું પહેલું કરવાનું મન થશે. અરે ! કોઈ સારા કાર્યમાં જોડાયો હશે. રંગત પણ જામી હશે, ત્યાં જમવાનો સમય થયો દેખી અધવચ્ચે મન ઊંચુંનીચું થશે. કદાચ અડધું પડતું મૂકી ખાવા માટે ઊઠશે ! 'કબીર કાયા કૂતરી કરે ભજન મેં ભંગ' અત્યંત કકડીને ભૂખ લાગવાથી મન વ્યાકુળ થઈ ભજનમાં ભંગ થાય એ હજી સહજ છે, કિન્તુ 'સો કામ પડતાં મૂકીને ખાવું' નો સિદ્ધાન્ત બાંધવાથી ખાવકલા મન પર અંકુશ મૂકવાની વાત નહિ રહે, અને અધવચ્ચે ખાવા દોડશે ! અથવા અવસર પર આવી લાગેલ સારું કામ ખાવાના પાપે ખોરંબે નાખશે એટલો બધો ખાવા પર મદાર, પછી તપ શાનો કરવા દે ? વીતરાગ પ્રભુની ભક્તિમાં અસાધારણ ભાવોલ્લાસ ક્યાંથી ઊછળવા દે ? કોઈ વિશેષ માંદાની માવજતમાં, કે જમવા મોડો પડેલા વડિલ માતપિતાદિ ગુરુજનની રાહ જોવામાં ચિત્ત ક્યાંથી લાગવા દે ? એને તો



'બસ, ખાવું એ મુખ્ય કામ !'- એજ સૂત્રે ચાલવું છે. આમ આ અજ્ઞાન ધોરણ ભક્તિભાવોલ્લાસ, ઉચિત સેવા, કૃતજ્ઞતા, તપ વગેરે ચૂકાવે છે ! આહારસંજ્ઞા દઢ કરાવે છે ! આત્મા-પરમાત્માની માયા કરતાં પુદ્ગલની માયા, કાયા-માયાની મમતા જોરમાં રખાવે છે !

**એવું એક અજ્ઞાન ધોરણ છે 'વડિલોને આપણી તરફથી યોગ્ય માન જોઈતું હોય તો એમણે સારી રીતે વર્તવું જોઈએ.'** આ ધોરણ બાંધી બેઠા, પછી મુખ્ય એ જોવાશે કે 'એ કેવા વર્તે છે ?' મુખ્ય એ નહિ જોવાય કે 'મારે આ ઉપકારીની પ્રત્યે કૃતજ્ઞતા બજાવવાનો અવસર ક્યાં મળે છે ?' 'વડિલનો વિનયધર્મ સાધવાની તક ક્યાં આવી ?' બે દષ્ટિમાં કેટલો બધો ફરક છે ? પહેલામાં 'સામામાં દોષ છે ? એ પક્ષપાત કરે છે ? એ ગુસ્સો કરે છે ? સ્વાર્થી છે ?..,' વગેરે દોષ દૃષ્ટિ રહ્યા કરવાની; બીજામાં મારે કૃતજ્ઞતાદિ ગુણ અને વિનયાદિ ધર્મની કમાઈ કેમ થાય એવી સ્વકલ્યાણ દૃષ્ટિ રહેવાની બેનું અંતર તપાસો.

દોષ દૃષ્ટિ આમે ય ખતરનાક છે, તો એમાં વળી વડિલના પૂજ્યના ઉપકારીના દોષ તરફ નજર તો કેવી ય ખતરનાક ! એમના અનેક ગુણ તરફ ભાન ત્યાં નહિ રહે. ગુણાનુરાગ, ગુણાનુમોદના, ગુણગ્રહણ ગુમાવશે ! ગુણો તરફ સતત નજર રાખી પોતાના જીવનકાળમાં એનું અનુકરણ નહિ કરવા દે. દોષ તરફ નજર છે એટલે અભાવ, અરુચિ, ઊભી કરશે ! પૂજ્ય ઉપકારી તરફ અભાવ-અસદ્ભાવ કે આગળ વધીને દુર્ભાવ ઊભો કરાય એમાં મનની કેટલી બધી અધમદશા ! કેવા ભયંકર કુસંસ્કારનું વાવેતર ! સ્વાભિમાન કેવું જાગતું કે જાણે. 'મારામાં તો દોષ છે જ નહિ, એમનામાં કેમ દોષ ?' એવી ઉન્મત્ત દશા ! પૂજ્યના ઉપકારીના ગુણિયલના કોઈક દોષ ચલાવી લેવાની વૃત્તિ જ નહિ. ત્યારે આવી અધમ દશામાં પાપકર્મનાં પોટલાં કેવા ઊભાં કરવાના ! આવી દોષ-દૃષ્ટિ રહી એટલે પછી બહાર બીજા આગળ પૂજ્યનાં ગુણગાનની વાત વિસારી એમના દોષની નિંદા કરવાનો સંભવ કેવો ? અને કદાચ એ પૂજ્યમાં ખરેખર એવો દોષ છે નહિ તો દ્વેષવશ અસદ્ આરોપ ચડાવવાનું કેવું થાય ! એવી નિંદા આરોપ ચડાવવાનું કેટલા જણની આગળ થવાનું ? જે પૂજ્યના અને ઉપકારીના ય દોષ વીણ્યા કરે નિંદા કરે એ પછી બીજાના તરફ તો કેવો ય દોષદ્રષ્ટા બન્યો રહે ?

જીવન તો કદાચ એકાંતે ધર્મ સાધવાનું સાધુ જીવન લીધું હોય, પરંતુ જો ગુરુ કે વડિલો પ્રત્યે આ દોષદૃષ્ટિ રખાય, તો એમાં ધર્મને બદલે હળાહળ, અધર્મ કેવો સાધવાનો બને ? એ સાધુતાની છઠ્ઠા ગુણસ્થાનકની પાયરીએથી હડફ ટાંટિયો ખેંચી નીચે પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે પટકવાનું કેવું કરે ? બીજું બધું છે, પાંચ

મહાવ્રતનું પાલન છે, ત્યાગ છે, તપ છે, જ્ઞાનધ્યાન છે, છતાં એ દોષદૃષ્ટિ હેઠે મિથ્યાત્વમાં ઉતારી નાખે ! કેવી કરુણ દશા ! પીઠ-મહાપીઠ મહામુનિઓ પણ આમાં ફસાયા ! ગુરુનું હલકું બહાર બોલતા નથી, પણ હૃદયમાં અરુચિ ઊભી કરી તો એમાં પણ આમ તો અનુત્તર વિમાનગામી જીવ હોવા છતાં ગુણસ્થાનકની પાયરીએથી નીચે પટકાયા ! કદાચ સાધુજીવન ન હોય, ગૃહસ્થજીવન હોય, તો પણ ભવ તો માનવનો ખરો ને ? માનવભવ એટલે શકય ધર્મપુરુષાર્થ અજમાવવાનો ભવ છતાં દોષદૃષ્ટિ રાખી એ ધર્મપુરુષાર્થ આદરવાના કામની કેવી વિટંબણા થાય ? માતાપિતા જેવા મહા ઉપકારીનો દ્રોહ કરવા સુધી પણ કેવું પહોંચવાનું થાય ? દેખાય છે ને આજે કે પત્નીએ ભરાવેલા માતાના દોષ પર દૃષ્ટિ રાખીને છોકરા માતાપિતાથી જુઆરું લે છે ! એમના પર અભાવ-અરુચિ-દુર્ભાવ કરવાનું કરે છે ! અત્યારસુધી તો એમના ઉપકાર લેતો; પણ હવે એમની સેવાનો કાળ આવી લાગ્યો, ત્યારે એમનો દ્રોહ કરી એમને રખડતા મૂકવાનું સૂઝે છે !! અજ્ઞાન ધોરણની આ મોંકાણ છે કે 'વડિલનું માન-સન્માન કરવાનું, સેવા ઉઠાવવાનું તો જ બની શકે, કે જો એ એક પણ દોષ વિના સારી રીતે વર્તતા હોય !' જાતે શું કરવાનું એ મુખ્ય નહિ, પણ એમણે કેવા વર્તવાનું એ મુખ્ય ! જાણે મોટો ફિરસ્તો, તે જાતને કાંઈ સુધારવાનું બાકી નથી ! અને સામે પૂજ્ય વડિલને સુધરવાનું બાકી છે ! આ ફિરસ્તાની દૃષ્ટિ રાખવી છે ! ઉત્તમ ભવે પણ અજ્ઞાન ધોરણે રાખ્યે જીંદગીભર એ પાપ ધંધો જ રહેશે !

આ અજ્ઞાન ધોરણ જીવને કેવો ભૂલો પાડી દે છે ! ઉત્તમ જીવનમાં ખરેખરી કૃતજ્ઞતા-વિનય-સેવાદિ ધર્મ કમાતા રહેવાની તક મળી છે એ ચૂકાવી દે છે ! વડિલ ઉપકારી પ્રત્યે પણ જ્યાં દોષદૃષ્ટિ મુખ્ય બની એટલે પછી એ જોવું ભૂલાય છે કે 'મારે જો આ વડિલ ન હોય તો વિનયધર્મની સાધના ક્યાં કરવાની ? જો ઉપકારી ન હોય, તો કૃતજ્ઞતા ક્યાં બજાવવાની ? જાણે ધર્મ માત્ર કોઈ તપ, દેવદર્શન કે વ્રતનિયમમાં માની લીધો, વિનયાદિમાં નહિ ! આ પણ એક અજ્ઞાન ધોરણ છે. વિનય-કૃતજ્ઞતા-ઔચિત્ય એ તો પાયાના ધર્મ છે. એને લેખામાં ન લેવા એ અજ્ઞાનતા નહિ, તો બીજું શું છે ? દેવ-ગુરુની ભક્તિ કરે પણ વિનય ગુમાવીને, તો એની કેટલી કિંમત ? માતાપિતાને સગવડ સારી કરી આપે પણ ઉદ્ધતાઈ ન છોડે, ને અભિમાન દેખાડ્યા કરે, 'આ તો હું તમારું સાચવું; બાકી મારી જગાએ બીજો હોય તો તમને ખબર પડે કે એ કેટલું સાચવવા ઊભો રહે...' વગેરે ટોણાં-મેણાં મારે, એની ભક્તિ સંભાળની કિંમતી કેટલી ? સારી સગવડ સાચવવા છતાં ઉદ્ધત વર્તાવ એમના દિલને શાતા આપે કે સંતાપ-અશાતા ? વિનય હોય, ઉચિત



બોલ કહેતો હોય કે 'હું તમારું શું સાચવું છું ?' તમે જે મારું આજ સુધી કર્યું છે. એમાંનું મારાથી કશું બનતું નથી. તમારું ધૈર્ય, તમારી સમતા, ઉદારતા ક્યાં ? ને મારી અધીરાઈ, ઉકળાટ, તુચ્છતા ક્યાં ? ક્યાં તમારો સ્નેહ અને ક્યાં મારો ?...' આવા કોઈક બોલ કાઢતો હોય, પછી સગવડ એટલી ન ય સાચવી શકતો હોય તો પણ માબાપના દિલને ઠારે, કૃતજ્ઞતા, વિનય, ઔચિત્ય એ પાયાના ધર્મ તરીકે હોવાનું સમજાય તો આ વાત છે.

વિનયાદિને પાયાના ધર્મ સમજ્યા પછી તો એ વિનયાદિ ખાસ કમાવવાની ભૂખ રહે. જ્યાં મોકો મળે ત્યાં એ સાચવવાનું ન ચૂકે. એ સાધવા મળે ત્યાં હોંશ હોય, તત્પરતા હોય. સમજે કે અનંતાકાળની અહંકારની, કૃતઘ્નતાની અને અનુચિત ક્ષુદ્ર વર્તાવની વાસનાઓ આવા વિનય-કૃતજ્ઞતા-ઔચિત્ય ધર્મની વારંવાર સાધનાઓથી મોળી પડવાની છે. તો જ સંસારના મૂળ પાયાભૂત એ અહંકારાદિ ઓછા ઊઠશે, ઘસાતા જશે. એની વાસનાઓ-સંસ્કારો ઘસાતા આવે તો એ ઘસાય; અને

**વાસનાઓનો હ્રાસ એની પ્રતિપક્ષી ભાવનાઓ અને વર્તાવથી થતો આવે.**

(૧) તેથી જ જેમ જેમ વિનય-કૃતજ્ઞતા-ઔચિત્યની પ્રવૃત્તિ કર્યે જવાય, તેમ તેમ એ અહંકાર-કૃતઘ્નતા-ઔચિત્ય-સ્વાર્થવૃત્તિની વાસનાઓ કાર્યકર ન બનવાથી ઘસારે પડે.

**કુવાસનાઓને ઘસારે પાડવા આ એક સચોટ સાધન છે કે દૃઢ મનથી પ્રતિ-પક્ષી ગુણના જ અમલ રાખી એ કુવાસનાને કાર્ય ન કરવા દો, અમલમાં ન આવવા દો.**

(૨) બીજું સાધન આ, કે વાસનાની ભયંકરતા ખૂબ વિચારો; સાથે પ્રતિપક્ષી ગુણો નમ્રતા-કૃતજ્ઞતા મહાકલ્યાણ કરતા ખૂબ ભાવો; એના મીઠા મનોરથ કરો; ભાવના ભાવો. જે દોષ બહુ નડતો દેખાતો હોય, એના સંસ્કાર વધુ જોરદાર સમજાય. એને દબાવવા-હટાવવા માટે આ વિશેષ પ્રયત્ન જોઈએ. દા.ત. સ્વભાવ તામસી છે, ક્રોધ બહુ આવી જાય છે. તો એને સુધારવા માટે પહેલાં નાની નાની બાબતમાં તો જરૂર ક્ષમા-સહિષ્ણુતા ગુણનો અમલ કરવાનો. ઉપરાંત એ વખતે તો શું પણ બીજા સમયમાં પણ ક્ષમાદિની ભાવના કરવાની કે 'એ ક્રોધાદિ કેવા અનર્થકારી છે ! મારા આત્માની એક મહાન નબળાઈ છે કે હું એને વશ થાઉં.'

**ક્રોધાદિના અનર્થ કેવા ?**

(૧) અશુભ કર્મોના કચરા કેટલા વધે !

(૨) અનાદિના કુસંસ્કારો કેવા દૃઢ થાય !

(૩) ભવની પરંપરા બગડી જાય !

(૪) એ પાછા આગળ, અજ્ઞાન ભવોમાં કેટલા બધા પીડે ! કેવો મને પાપી બનાવે !

(૫) ક્રોધથી સામાના કેવા સારા સદ્‌ભાવ ગુમાવી દુર્ભાવ ઊભા કરવાનું થાય !

(૬) એ દુર્ભાવના વળી કેવા અનિષ્ટ પ્રત્યાઘાતો પડે !

(૭) ક્રોધને વશ પડવામાં સત્ત્વ હણાય, સત્ત્વ હણાયે બીજાં સારાં કામ બગડે.

(૮) જગતમાં ક્રોધી તરીકે અપકીર્તિ થાય એના પણ પ્રત્યાઘાત ખરાબ પડે.

(૯) સામા જીવને કષાય વધે, એથી એ બિચારો વિશેષ કર્મબંધન અને વિશેષ અશુભ પામે.

(૧૦) ક્રોધમાં મારે ક્ષમા, દયાદિ, કેળવવાની સુંદર તક જાય !

આવા આવા અનર્થોનો વારંવાર વિચાર રહેવો જોઈએ, મહાપુરુષોએ કેવા ભીષણ સંયોગોમાં પણ ક્ષમાદિ જાળવ્યા, તો પછી મારે એના કરતાં ઓછી આપદાવાળા પ્રસંગમાં તો એમનું આલંબન પકડી જરૂર ક્ષમાદિના અભ્યાસ પાડવા જ જોઈએ. વારંવારની ભાવનાના બળે એ શક્ય છે.

વાત એ હતી કે 'વડિલો, પૂજ્યો, ઉપકારીઓ સરખી રીતે વર્તે તો આપણને એમનાં માન સન્માન સાચવવાનું મન રહે,' -આ અજ્ઞાન ધોરણ રાખવામાં અંદરખાને દોષદૃષ્ટિ પોષાય છે, પરંતુ આપણને એમના વિનયાદિ સાધવાની તક મળે છે તે ઝડપી લેવાનું ભૂલાય છે.

**આ પાયાના વિનય-કૃતજ્ઞતા-ઔચિત્ય વગેરે ધર્મ સાધવાનું, એ પૂજ્યો ઉપકારીઓ મળ્યા છે તો જ બને છે માટે લક્ષ તો એમને પામીને ધર્મસાધના પર જ રખાય. પરંતુ એ કેવું વર્તે છે, ક્યાં ભૂલે છે, એવી ઝેરી દોષ-દૃષ્ટિ ન સેવાય.**

**નિમિત્ત-આલંબનનો ઉપકાર માનો :-**

જૈન શાસન આ દિવ્યદૃષ્ટિ આપે છે કે જ્યાં તેવાં તેવાં આલંબને અને તેવાં તેવાં નિમિત્તે આપણને વિવિધ ધર્મકમાઈ મળે ત્યાં સામાનો ઉપકાર માનો, ધન્યવાદ આપો કે આપણને એ ધર્મ-તક આપે છે.

**લાખોનું દાન** કરીને પણ, 'આપણે સામાનું ભલું કર્યું' એવો ગર્વ નથી લેવાનો, કિન્તુ ઉપકાર માનવાનો છે કે 'સામાએ મને દાન ધર્મ સાધવાની તક આપી, ધર્મ સધાવવાનો ઉપકાર કર્યો.'

**ચોવીસે કલાક ખડે પગે ગુરુની સેવા** કરી ગ્લાનની માવજત કરી, એમાં પણ 'આપણે સામાનું કર્યું.' એ ભાવ નહિ, પણ 'સામાએ આપણને સેવાની તક આપી



આપણું ભલું કર્યું,' એવો આભાર માનવાનો છે. આવા સુંદર જ્ઞાન ધોરણ છોડી અજ્ઞાન ધોરણ રાખવાનું શું કામ ?

મહાસતીએ અજ્ઞાન ધોરણ રાખ્યું નથી એટલે જંગલમાં તરછોડાઈ મૂકાવા છતાં રામનો દોષ નથી જોતા તત્ત્વાનુસારી બુદ્ધિ રાખી છે તેથી પ્રસંગનું વસ્તુ-તત્ત્વ જોઈ કર્મને જ જવાબદાર લેખે છે, સ્થિતપ્રજ્ઞ રહે છે.

**(૧) અનુકૂળતાનો આગ્રહ (૨) સ્વાર્થનો જ હિસાબ અને (૩) અજ્ઞાન ધોરણ પ્રજ્ઞા, સદ્‌બુદ્ધિ, શુભ ભાવ, સ્થિતપ્રજ્ઞતા ગુમાવરાવે છે.** અનુકૂળતાને વાંધો ન આવે, સ્વાર્થ ન ઘવાય, ત્યાંસુધી હૃદયના ભાવ સારા રાખ્યા, પણ એમાં વાંધો આવ્યો કે ભાવ બગડ્યા ! એમ અજ્ઞાન ધોરણે પ્રસંગ આવતાં ભાવ બગડે છે.

**અજ્ઞાન ધોરણ ઘડી રાખ્યું કે 'ઘર બાળીને તીર્થ ન થાય,'** પછી જ્યાં કાંઈ તીર્થનું એટલે કે પરમાત્મ ભક્તિનું પરમાત્માએ કહેલા ધર્મની આરાધનાનું કામ આવ્યું એટલે તરત વિચાર આવશે કે 'પણ પહેલાં મારા ઘરનું શું ?'

**પ્રભુને પ્રક્ષાલ માટે દૂધની વાત** આવી ત્યાં મનને થશે કે 'મારે ને મારા કુટુંબને પીવાનું કેમ ? એમાંથી ઓછું થાય એ કેમ પાલવે ? ઘર બાળીને તીર્થ ન થાય. માટે રહેવા દો દૂધ મંદિરે લઈ જવાનું. ભગવાનને અભિષેક કરવા માટે બીજાનું દૂધ આવે એ ચાલે, આપણું જ લઈ જવું જોઈએ એવું કાંઈ નહિ. પાણીથી પખાલ કરીએ તોય ચાલે. અરે ! એકલી કેશરથી પૂજા કરવાથીય પૂજા કરી કહેવાય. આપણા ઘરમાં ઓછું કર્યે કે તદ્દન ન વાપર્યે ન ચાલે. ઘર બાળીને તીર્થ ન થાય.'

આ શું કર્યું ? હૈયાના ભાવ કલુષિત કર્યા, બગાડ્યા, 'પૂર્વ ભવની ભક્તિથી અહીં મળ્યું છે, એમાંથી એક કૃતજ્ઞતારૂપે પણ ભક્તિમાં લઈ જવું જોઈએ; તેમ આગળ ઉપર ઉપકાર પણ પરમાત્માથી જ થવાનો છે, એનું ય કાંઈક પણ મૂલ્ય અહીં ખરચવું જોઈએ,' એમ બંને રીતે કૃતજ્ઞભાવ અને મૂલ્યદાનનો ભાવ ભૂલાવે એવો સ્વાર્થભાવ તરવરી રહ્યો એ હૃદયનો અશુભભાવ ઊભો કર્યો. આત્મહિત વિસારી જડ કાયા અને કુટુંબનો મોહ પોષવાનું કર્યું, એ ભાવ બગાડ્યા એના પર, પાછો અજ્ઞાન ધોરણે સિક્કો લગાવ્યો કે 'એમ ચાલે છે તે બરાબર છે. ઘર બાળીને તીર્થ ન થાય.' આ કેટલી બધી અધમ મનોદશા !

તમે કહેશો 'અમને આવું કાંઈ મનમાં નથી આવતું.' તો તો એનો અર્થ એ કે કેવળ ઘરનો સ્વાર્થનો જ વિચાર રહે છે. પરમ ઉપકારી પરમાત્માના કે એમના શાસનના ઉપકારનો વિચાર જ નથી લાવતા, ઉપકારની કૃતજ્ઞતા બજાવવાનો વિચાર જ નથી લાવતા. એ તો વળી હૃદયની કેટલી બધી નઠોરતા અને ધિઠ્ઠાઈ

કહેવાય ? ત્યાં સ્થિતપ્રજ્ઞતા ગુમાવવાની એટલે કે સારામાંથી નરસા ભાવમાં જવાની વાત તો ગઈ, પણ પહેલેથી જ નરસા ભાવમાં ડૂબાડૂબ રહેવાની વાત આવીને ઊભી રહી ! ધન્ય જીવન ! પરમાત્માના મંદિરે જવાનું અને પરમાત્માના ચરણે કશું ધરવાનો વિચાર જ નહિ. જ્યારે ઘરે રહેતાં પોતાના ચરણે, પોતાની પત્નીના ચરણે અને કુટુંબની સરભરામાં સત્તર જાતનું કામે લગાડવાનો વિચાર અને અમલ તરવર્યા કરે !! કેમ જાણે પરમાત્મા આપણી જાત સમાન તો નહિ. કિન્તુ પત્ની પુત્રાદિની ય બરાબર નહિ. આપણા ઘરનાય નહિ, પણ એક પાડોશી સમા ય નહિ !

પાડોશી ખાતરે ય અવસરે અવસરે ભોગ આપવો પડે; પરમાત્માના ચરણે કશું કરવાનો વિચાર જ નહિ ! એટલે પરમાત્મા સાથે કોઈ હૃદયસંબંધ રહ્યો ? આ કેટલી બધી અશુભ મનોદશા ?

આવું આવું તો કેટલીય ધર્મફરજો સંબંધમાં બને છે એ તપાસી જુઓ.

**'ઘર બાળીને તીર્થ ન થાય.' એ અજ્ઞાનસૂત્ર** પકડીને ચાલ્યા; પછી જુઓ ઘરમાં દસ માણસનું કુટુંબ પોષાય, એક સાધર્મિક નહિ ! સાધર્મિક જમાડવાની વાત આવે એટલે 'ઘરના બૈરાની તબીયત બરાબર નથી ચાલતી' એવું ઓઠું ધરાય છે ! ને દસના કુટુંબનું કરવા માટે તબીયત ખખડધખ ચાલે. વળી બૈરાના ભાઈ બેન કાકા કોક આવી જાય, યા ઘરમાં બે બચ્ચા વધી જાય તો એ બધા માટે શરીર ચાલે; ન ચાલે માત્ર સાધર્મિક માટે !

**પ્ર.**- ઘરનું તો કરે શું ? સંભાળ્યા વિના ચાલતું નથી એટલે નરમ શરીરે પણ ઘસડાવું પડે છે.

**ઉ.**- હા, એમાં ઘસડાઈને ય કરવાનું જરૂરી ખરું, અને જે સાધર્મિકોના સંસર્ગે ધર્મ-ઉત્સાહ વધે છે, ટકે છે, એ મહાન ઉપકાર કરનાર સાધર્મિક માટે ઘસડાઈને ય કરવાની જરૂર નહિ ! આ માનનારું મન કૃતજ્ઞ છે ? ધર્મ અતિ જરૂરી માને છે ? ના, 'પાપસંસાર બહુ જરૂરી, ધર્મ નહિ,' આ કેવી મનોદશા ?

**અતિ જરૂરી ધર્મ ફરજો :-**

હૈયાના ઉંડાણમાં અજ્ઞાન ધોરણ બેઠું છે કે 'ઘર બાળીને તીર્થ ન થાય, એમાં અતિ આવશ્યક આ ધર્મફરજો.'-

પરમાત્માને ચરણે કાંઈ ને કાંઈ ધરવું જ જોઈએ,

સાધર્મિક-ભક્તિ કરવી જ જોઈએ,

ધર્મક્ષેત્રમાં દેવું જ જોઈએ,

સાધુસેવામાં બિમાર સાધુની ભક્તિ કરવી જ જોઈએ,



દિવસ-રાત, મોહમૂઢતા-આરંભ-પરિગ્રહમાં જાય ત્યાં એક બે ઘડી પણ બહાર નીકળી સામાયિક-સમભાવમાં બેસવું જ જોઈએ,

છોકરાએ નિશાળની આખો દિવસ પલોજણમાંથી જરા છૂટા થઈ ધાર્મિક પાઠશાળાએ જવું જ જોઈએ,

ધર્મનું શીખવું જ પડે,

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૪,અંક-૪૫,તા.૬-૮-૧૯૬૬**

'ઘર બાળીને તીરથ ન થાય' એ સૂત્રમાં આ બધી ધર્મફરજો અતિ આવશ્યક ન માનવી, ન બજાવવી, એ સહજ બની જાય છે. હૈયે એની કોઈ અફસોસી પણ નહિ, એ અજ્ઞાન ધોરણ બાંધી મૂક્યાનો-પ્રભાવ છે. ત્યાં હૈયાના ભાવ ક્યાંથી સુધરે ? મળેલો માનવભવ અને જૈનધર્મ શે સફળ થાય ?

**નપાવટ સ્થિતિ :-**

જીવન પ્રવૃત્તિઓ અને જીવન પ્રસંગોમાં વિષય-આરંભ-પરિગ્રહ અને કાયા-કંચન-કુટુંબને સ્થાન ખરું, ધર્મને નહિ, આ કેટલી બધી નપાવટ સ્થિતિ ગણાય ? ધર્મનું તો પ્રધાન સ્થાન જોઈએ. બીજી બાબતો કરતાં પહેલું સ્થાન જોઈએ, એના બદલે સમાન હરોળમાંય સ્થાન નહિ, એ ધર્મનો કેટલો પ્રેમ ? જીવનમાં તત્ત્વ જોવાની વાત ક્યાં રહી ? અજ્ઞાન દુનિયા કર્યે જાય એની પાછળ આંધળિયા કરી એમ જ કર્યે જવું ત્યાં ઉંડાણમાં ઊતરવાની વાત ક્યાં રહી ? તત્ત્વાનુસારિતા ક્યાં ઊભી રહી ? અજ્ઞાન ધોરણો એ આવવા ન દે.

મહાસતી સીતાજીને એવું અજ્ઞાન ધોરણ નથી કે પતિ સરખી રીતે વર્તે તો એમની વાહવાહ બોલવાની અને વાંકા વર્તે તો એમની ખોદણી કરવાની' આવું અજ્ઞાન ધોરણ નથી રાખ્યું તેથી એમની ખોદણી નથી કરતાં. એમની મતિ તત્ત્વાનુસારી છે, એટલે પ્રસંગના ઉંડાણમાં તત્ત્વ જુએ છે કે 'આ ચાલુ સંયોગમાં અસાધારણ વિચિત્ર પ્રસંગ કર્મજન્ય છે, આમાં પણ ધૈર્ય-સહિષ્ણુતા-સ્વસ્થતા વગેરેનો અભ્યાસ કેળવવાના અવસરનું તત્ત્વ છે. એના તરફ જડ દૃષ્ટિ રાખવા દે. ઉકળવાની જરૂર નથી, સૌમ્યતા ગુમાવવાની જરૂર નથી. પતિને આવા અવસરે સુયોગ્ય સંદેશ મોકલવા જેવો છે.' આવા કોઈ માનસિક ધોરણથી એ સ્વસ્થ સૌમ્ય રહી ધર્મસંદેશો મોકલે છે.

**સ્વસ્થતા વિના ધર્મસંદેશો સૂઝે ?**

સીતાજીના આ અદ્ભુત અવ્વલ સહિષ્ણુતા પાછળ (૧) કર્મ પર અટલ

શ્રદ્ધા સાથે કર્મવિપાકનો જાગતો ખ્યાલ અને (૨) તત્ત્વાનુસારિતા કેવા કામ કરે છે. એનો વિચાર કર્યો. હજી બીજા બે કારણ (૩) જિનવચનભાવિતતા અને (૪) શુભ અધ્યવસાયની અખંડિતતા સાથે એનો જાગતો પુરુષાર્થ એ બે વિચારવાના છે. સીતાએ જે એટલી બધી સહિષ્ણુતા સ્થિતપ્રજ્ઞતા રાખી વનમાં તગેડી મૂકનાર પતિ રામને ધર્મસંદેશ મોકલ્યો, એની પાછળ અદ્ભુત રીતે કામ કરતી અટલ **કર્મશ્રદ્ધા અને તત્ત્વાનુસારિતા** પર ઠીકઠીક વિચાર કર્યો છે. એમાં આ તત્ત્વાનુસારિતા ખૂબ લક્ષમાં રાખવા જેવી છે.

**આવી પડેલ ભારે અણધારી આપત્તિમાં પણ ઊંડું સારું તત્ત્વ આ છે કે,**

(૧) આપણામાં ધૈર્ય કેળવવાની તક મળે છે,

(૨) સન્મતિ જાળવવાનો અવસર મળે છે,

(૩) સંપત્તિની જેમ આપત્તિ પણ સંસારી તરીકેનું એક દુનિર્વાહ જીવનઅંગ હોવાની ખબર પડે છે, અને

(૪) તેથી જ સંસાર અસાર હોવાનો જાત અનુભવ મળવાથી ખ્યાલ આવે છે.

આપત્તિના પ્રસંગમાં આ ખરેખરાં તત્ત્વ રહેલાં છે, એનું અનુસરણ કરવાનું મૂકી ખેદ વગેરે શા સારુ કરવા ? એ તો અતત્ત્વાનુસરણ છે.

**આપત્તિને જીવનઅંગ ન માનવાથી અનર્થ**

પરંતુ અજ્ઞાન મૂઢ દશા આ છે કે સંપત્તિ-સગવડની જેમ આપત્તિ-અગવડ પણ એક જીવનઅંગ છે, એ વાત હૈયું કબૂલ નથી કરતું. આપત્તિ જીવનઅંગ ન માન્યા પછી જુઓ જીવનમાં કેવા કેવા અનર્થ ઊભા થાય છે. જીવનઅંગ ન માનવું એટલે "મારે આપત્તિ પણ જીવવી જોઈએ, જીવન જીવતાં આવા પ્રસંગ પણ આવે એ વધાવી લેવા જોઈએ, શાંતિ અને સ્વસ્થતા-સમાધિથી પસાર કરવા જોઈએ." આ હૃદયમાં ઠસાવ્યું નહિ, એટલે પછી આપત્તિનો પ્રસંગ ઊભો થતાં ઝટ ચિત્ત આકુળવ્યાકુળ થાય છે. મનને ગમતું નથી. પછી એ પ્રસંગ ચાહ્ય બહુ નિકટના સગા માતાપિતા કે પત્ની તરફથી ઊભો થયો હોય, તો પણ એની પણ પ્રત્યે દિલમાં અરુચિ અભાવ ઊભો થાય છે કે 'આ કેવા છે ! કેમ આમ કરતા હશે ! આવું મારી તરફ વર્તે છે ?'

**આમ કચવાટ કરવામાં,**

(૧) અભિમાન પોષાય છે,

(૨) દ્વેષ પોષાય છે,

(૩) લેશ્યા બગડે છે,

(૪) જડનું મહત્ત્વ અંકાય છે,



(૫) સામામાં દોષનું દર્શન થાય છે,

(૬) કદાચ ખોટો આરોપ પણ ચડાવાય છે.

**આપત્તિ તરફના એક અણગમાએ હૃદયમાં કેટકેટલા દોષો ઊભા કર્યા ?**

ધારો કે જમવા બેઠા અને દાળ કે શાકમાં મીઠું વધારે પડી ગયું છે. ભોજનની અનેક ચીજોમાંથી માત્ર એક જ ચીજ છે ને ? છતાં એ આપત્તિ બરદાસ્ત કરી લેવાની મનની તૈયારી નથી, તો ચિત્ત ઉકળે છે. પછી રસોઈ કરનાર પોતાની પત્ની કે માતાને પણ મોં બગાડી કેવું સંભળાવાય છે ? ગુસ્સો કેવો ઊઠી આવે ? બડફાં કેવા બોલાય ? 'આ શું બાળ્યું છે ? ભાનબાન છે કે નહિ ? ઢોરને ખાવાનું શાક ? આંખ મીચીને જ મીઠું ઝીક્યું છે ? ચિત્ત ક્યાં ભટકી રહ્યું હતું ?..'

**સામેથી લમણાતોડ :-**

આવું કાંક સંભળાવે અને કદાચ સામેથી લમણામાં મારે એવા બોલ નીકળે કે 'ભાન તમને જ છે ? ચિત્ત અમારું ભટકતું, ત્યારે તમારું તો બહુ ઠેકાણે રહેતું હશે ? જરાક મીઠું વધારે પડ્યું એમાં આટલો ભણભણાટ ને છણછણાટ ? ખોળી લાવો બીજી સારું રાંધી આપે આવી ! બજારમાં તમે ભાન ભૂલી ઊંધા વેપલાં નહિ કરતા હો ?' આવું કાંક સામેથી ઝીકાય તો ? પછી બીજું સારું રાંધેલું પણ જમવાનું ધૂળ જ થાય ને ?

**ખારા શાક પર સમાધાન :-**

જો શાકમાં જરા વધુ મીઠાની આપત્તિ નથી નભાવી લેવી હોય, આવી પણ ચીજ ખાવાની આવે. એમાં શું ? સારું ઘણું ય ઘણાય દિવસ ખાધું તો આ પણ ખાઈ લેવાનું હોય, મોંમાં પેસે એવું ન લાગે અને ન પણ ખાઈ શક્યા, તો પડતું રહે, પણ એનો ઉકળાટ ન કરાય. બીજી ઘણી સેવા કરનાર માતા કે પત્ની પર ધમધમાટ તો ન જ કરાય.' આમ પતાવતાં નથી આવડતું નથી પાલવતું તો એની પાછળ પણ ગુસ્સો, દ્વેષ, અભિમાન વગેરે તગતગે છે. તો પછી સામાના તીખા બોલ તો કેવી ય આપત્તિરૂપ લાગે ? પરિણામ રણસંગ્રામ જ ને ? અગર ભારે પરાજય કે બીજું કાંઈ ? **આપત્તિ પણ જીવનઅંગ માનવાની તૈયારી નહિ, એમાંથી કેવું દુઃખદ સર્જાય છે ?**

આવું આવું વિચારી જુઓ,-માતા, પિતા, ભાઈ, બેન, પત્ની, પુત્ર, પુત્રી, કાકા, મામા, માસી, ફોઈ, ફુઆ, નણંદ, ભાભી વગેરે સાથેના વ્યવહારમાં કડવાશભર્યું કેટકેટલું કેટલી વાર ઊભું થાય છે ? ત્યારે આડોશી પાડોશી, મિત્રમંડળ, નાતિલા વગેરે સાથે તો કેટલું ય ? **આપત્તિ પણ જીવનમાં સહજ છે એટલે વધાવી લેવાની ચીજ છે; એવી માન્યતા નથી, એની આ પંચાતી છે કે સ્નેહીના સંબંધો**

બગાડ્યા છે.

**આપત્તિમાં કમીશન દેવાનું વિચારવું :-**

માણસ વિચાર કરે તો લાગે કે કુટુંબીઓ, સ્નેહીઓ અને આડોશી પાડોશી તરફથી સીધા યા આડકતરા કેટલાય લાભનો ભાગ બની રહ્યા હોય છે. અરે ! આખો સમાજ પણ લાભ આપી રહ્યો છે, લાભ એ, કે સુસંસ્કારોની પ્રેરણા તેવા તેવા સંસ્કારોને જીવનમાં જીવતા સમાજને બાળપણથી જોઈ જોઈને મળે છે. વળી કેટલીય જાતના ચોરી બદમાશી વગેરે અપકૃત્યોથી બચવાનું સમાજના ભયથી યા વ્યવહારથી કે નિકટપણાથી થાય છે. બાકી તો કુટુંબના નાના બાળકથી માંડી મોટા સુધીના કંઈ ને કંઈ લાભ આપે જ છે.

**પ્ર.**- બાળક શો લાભ આપે ?

ઉ.- એ ય તમે કામથી કંટાળ્યા હો ત્યારે કે એમ ને એમ પણ દર્શનથી આનંદ આપે છે ને ? એ મોટો થઈ તમારે ઉપયોગી થાય એ માટે અત્યારે તમારી કેળવણી ઝીલે છે ને ? આ તમને લાભ નથી ? એમ પાડોશી પણ મન ફોરું કરવા તમને વાતચીતનો અને અવસરોચિત સલાહ-સૂચન-રક્ષણ વગેરેનો લાભ આપે છે ને ?

હવે વિચારવાનું આટલું જ છે કે વેપાર કરતા હો છો એમાં પૈસાનો લાભ થવાનો હોય છે, તો દલાલને દલાલી-કમીશન આપો છો ને ? ત્યાં કમીશન દેવામાં શું આનાકાની થાય છે ? ના, કેમકે સમજો છો કે લાભ એના કરતાં કેટલો બધો થાય છે ? તો એટલું કમીશન તો દેવું પડે. શું કર્યું આ ? વસ્તુતત્ત્વ જોયું. કમીશનની નુકશાની ન જોઈ, પરંતુ અંતે તત્ત્વભૂત લાભ જોયો. બસ, હવે આવો પ્રસ્તુત પર. સ્નેહી-કુટુંબી-પાડોશી વગેરે તરફથી કોઈ અણગમતો બોલ કે વર્તાવ આવ્યો, આપત્તિ આવી, આને 'કમીશન દેવું પડે છે' એમ માની સહર્ષ સહન કરી લેવાનું, એના પર બહુ મદાર નહિ બાંધવાનો. મદાર તો વસ્તુતત્ત્વ પર; અર્થાત્ એમનાથી મળતા લાભ ઉપર, એમનાથી એટલા બધા લાભ મળે છે, કે એની આગળ એમના કોક ભારે બોલ યા અનિષ્ટ વર્તાવ વિસાતમાં નથી. એ સહી લેવા એ તો કમીશન આપવા બરાબર છે. માટે એટલું કમીશન ખાતે સમજવાનું, સરવાળે તો લાભ વધી જાય છે. આમ કરી વસ્તુતત્ત્વ તરીકે લાભ ઉપર જ દૃષ્ટિ રાખી પેલું અનિષ્ટ અજુગતું ગળી ખાધું, મોં ન બગાડ્યું, દિલનો સદ્ભાવ ન બગાડ્યો, તો એ તત્ત્વાનુસારી દૃષ્ટિ થઈ. કમીશન દેવામાં રૂપિયા જાય છે એ ઉપલકિયા વસ્તુ છે. સરવાળે લાભમાં કમાઈ મળે છે એ વસ્તુતત્ત્વ છે. એમ કુટુંબી વગેરે તરફથી આપત્તિ સહવી પડે, એ ઉપલકિયા બાબત છે; બીજા લાભો બહુ મળે છે, એ વસ્તુતત્ત્વ છે. મગજ વસ્તુતત્ત્વને અનુસરતું રાખવાનું; ઉપલકિયા



બાબત પર ચોંટી પડતું નહિ. એથી મન આપત્તિ છતાં પ્રફુલ્લિત રહેશે.

**પ્ર.**- પણ આતો જેનાથી બીજા લાભ મળે છે એવા કુટુંબી વગેરે તરફથી આવતી આપત્તિ માટે કમીશનરૂપે સમજાય; પરંતુ જે ત્રાહિતથી લાભ છે નહિ, એના તરફથી આપત્તિ આવે ત્યાં તત્ત્વ શું જોવાનું ? એ કેમ સહન થાય ?

ઉ.- ત્યાં પણ તત્ત્વ આ તો જડે ને, કે આપણાં કર્મ વિના આપણને આપત્તિ આવે નહિ, અને આફત ભોગવીએ એટલા પ્રમાણમાં કર્મ-કચરો સાફ થાય જ. તો તત્ત્વ આ કે આપત્તિની પીડા એ ઉપલકિયા વસ્તુ છે, કર્મકચરો ઓછો થાય છે એ અંદરનું તત્ત્વ છે. એમ આપત્તિ સહી લેવામાં જીવનો સત્ત્વ નામનો મહાન ગુણ કેળવાય છે. કોઈએ ગાળ દીધી, અપમાન કર્યું, આપણે એ શાંતિ રાખી સહી લીધું, ભલે મન મારીને સહ્યું, પરંતુ એમ કરવામાં સત્ત્વ કેળવાયું. ઝટ સામે ઊછળી પડ્યા હોત તો એ સત્ત્વ કહેવાત નહિ; એ તો આવેશીપણું. સમજદાર જીવો ગરીબી-દુઃખ-રોગ આપત્તિ શાંતિથી સહી લે છે તો એ સત્ત્વ કેળવી સદ્ગતિમાં જાય છે. એ ન સમજનારા જીવો સહવાને બદલે સામનો અને કચવાટ ખેદ કષાયો કરે છે. તો સત્ત્વ ગુમાવી નરક કે તિર્યંચ ગતિમાં ચાલ્યા જાય છે.

ખંધકસૂરિના ૫૦૦ શિષ્યોએ ઘાણીમાં પીલાતાં સત્ત્વ કેળવી પીલનાર પાલક પ્રત્યે આવેશ ન કર્યો, તો એ સત્ત્વના વધવા સાથે ક્ષપકશ્રેણી માંડી કેવળજ્ઞાન અને મોક્ષ લીધો ! ત્યારે ખુદ ખંધકસૂરિ પોતે સત્ત્વ ગુમાવી આવેશમાં ચડ્યા, તો સંસારમાં અટકી પડ્યા ! માટે,

**આપત્તિમાં તત્ત્વ આ જોવાનું કે**

(૧) સત્ત્વ કેળવવાનો લાભ મળે છે.

(૨) કર્મકચરાનો નિકાલ થાય છે.

(૩) આટલી તકલીફ તો કમીશન ખાતે રાખો. બીજા લાભ મળે છે એ મુખ્ય રાખો.

(૪) જીવનમાં સુખ-સગવડ-અનુકૂળતા એ જેમ એક અંગ છે, તેમ આફત પણ એક અંગ છે, એને પણ સગવડની જેમ વધાવી લેવામાં ન્યાયિતા છે.

(૫) નરકગતિ આદિના દુઃખ આગળ આ આફત વિસાતમાં નથી. તો એને શી બહુ લેખવી ?

(૬) આફત કાયમી શાશ્વતી નથી. એનો પણ અંત આવે છે, અને સંપત્તિનો ઉદય થાય છે. સંસારમાં ઊંચી-નીચી ચાલ્યા જ કરે છે.

**રાજાનો પ્રસંગ :-**

પેલા રાજાનો પ્રસંગ ખબર છે ને ? રાજ્ય ઉપર દુશ્મને એકાએક છાપો

માર્યો; રાજાને ભાગી જવું પડ્યું. જંગલમાં પોકેપોક રુએ છે, માથું કૂટે, છાતી કૂટે છે ! એમાં ગળામાંનું માદળિયું તૂટીને પડ્યું શિલા પર. તેથી માદળિયાની ડબી ખૂલી ગઈ. એમાંથી ચિટ્ઠી નીકળી વાંચતાં જ રાજા સ્તબ્ધ ! કેમકે એમાં લખ્યું હતું,

**'આ પણ ટકવાનું નથી.'**

રાજાને આ વાંચતાં જ હિંમત આવી ગઈ. એને લાગ્યું કે 'આ આફત ભલે આવી. પરંતુ એ કાંઈ બહુ ટકવાની નથી માટે ગભરાવાની જરૂર નથી. ઉપાય કરવા દે.' બસ ત્યાંથી ઉત્સાહભર્યો ચાલ્યો મિત્રરાજા પાસે, મિત્રરાજાએ પણ એને આવકાર્યો અને પરિસ્થિતિ જાણી બીજા મિત્રરાજાઓને ભેગા લઈ પેલા શત્રુ પર આક્રમણ કર્યું એને હરાવી આનું રાજ્ય પાછું અપાવ્યું.

હવે આ ખુશખુશાલ છે મંત્રીઓ વગેરેની બેઠકમાં રાજા કહે છે 'જુઓ આ બધું સુંદર બની આવ્યું એમાં પ્રતાપ કોનો ? આ માદળિયાની ચિટ્ઠિનો.'

ચિટ્ઠીનાં લખાણે આપત્તિમાં તત્ત્વ આપ્યું કે આ આપત્તિ પણ ટકનાર નથી, કાયમી નથી, શાશ્વત નથી, બસ દૃષ્ટિ એના પર ઠરી એ તત્ત્વાનુસારી દૃષ્ટિથી. એ દૃષ્ટિએ હિંમત આપી ચિત્તનો કલેશ મિટાવ્યો. ઉપર ઉપરથી જ જોયા કર્યું હોત કે 'હાય ! આ કેવું કષ્ટ ! કેટલો જુલ્મ ! કઈ હદનો સત્યાનાશ !...' તો શું વળત ? શું મળત ? કદાચ મનોદુઃખ વધી જતાં આપઘાતના વિચાર પર પણ પહોંચી જાત. આપઘાત કરવા જતાં શક્ય સુધારો અને અમૂલ્ય માનવ જિંદગી હાથમાંથી ગુમાવત !

**ઉપલકિયા દર્શનમાં અનેક નુકસાનો આવીને ઊભાં રહે છે. વસ્તુતત્ત્વ જોવા જતાં નવી જ પ્રેરણા, નવો ઉત્સાહ અને નવી સુખદ દિશા મળે છે.**

**મંત્રીનો કટાક્ષ :-**

રાજાનું કામ આ તત્ત્વદૃષ્ટિ ઉપર તો આગળ વધે છે કેમકે મંત્રી કહે છે, 'મહાન ભાગ્યશાળી આપ, કે આ દર્શન ને આ દિશા મળી ! હવે આપ જરા ફરીથી વાંચો જો, ચિટ્ઠિમાં શું લખ્યું છે ?'

રાજા ચિટ્ઠિ વાંચે છે, **'આ પણ ટકવાનું નથી.'**

મંત્રી કહે છે, 'મહારાજ ! 'આ' એટલે ?'

રાજા, એના પર ધ્યાન દેતાં ચોંકી ઊઠે છે ! કહે છે. "મંત્રીજી ! શી વાત કરો છો ? હવે તો ચિટ્ઠીનું લખાણ આ બધી સંપત્તિને લાગુ પડે છે. એ કહે છે કે 'આ સંપત્તિ-વૈભવ પણ ટકવાના નથી' તો પછી આવા નાશવંત વૈભવથી મારે સર્યું."





**મહારાજા કુમારપાળે** કુબેર શેઠની અઢળક સંપત્તિ જોઈ એમને સ્ફુર્યું કે આ સંપત્તિ હાથીઓના કાન યા હવેલીઓની ધજાઓ જેવી ચંચળ છે. હાથીઓની કતાર અને હવેલીઓની પંકિત જોઈ એમને ગિલગિલયાં ન થયાં કે 'વાહ ? એક પ્રજાજનને આ કેટલી અઢળક સંપત્તિ !' એનું કારણ કે એમણે કલિકાલસર્વજ્ઞ આ.શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ પાસેથી ધર્મ પામ્યા પછી મતિને જિનવચનથી ભાવિત કરી દીધી હતી; અને જિનવચન આ ફરમાવતું હતું કે 'મોટી ચક્રવર્તીઓની સમૃદ્ધિ પણ ચંચળ છે. જીવને અવશ્ય એનો વિયોગ થાય છે' આ કથન સાથે કુમારપાળની મતી, વિચારણા સમસૂત્રે ચાલી; એ જિનવચનથી ભાવિત મતિ કહેવાય.

**જિનવચનના રંગના પ્રભાવે :-**

મહાસતી સીતાજી પણ જિનવચનથી ભાવિત મતિવાળા હોઈ જ્યાં સંદેશો આપવાનો મોકો આવ્યો, એટલે તો એ એમને શુભ-વચનયોગ સાધવાનો અવસર મળ્યો. જિનવચન વચનશક્તિને શુભ વચનયોગમાં સફળ કરવા કહે છે, અને સીતાજીને સહેજે એ જ સ્ફુરે છે, શુભ ધર્મસંદેશ કહેવડાવે છે, એથી એમની મતિ જિનવચનથી રંગાયેલી કહેવાય. મહા કપરા સંયોગ બન્યા છે છતાં મોકો આવતાં પાપ બખાળા નથી કાઢવા, પણ ધર્મપ્રેરક ઉદ્ગાર જ કાઢવા છે. એ જિનવચનનો રંગ કેવો ! એટલે જ કહે છે, 'મને છોડી એ રીતે ધર્મ છોડતા નહિ.' પતિ પ્રત્યેની લાગણી... જીવ ચડેલો પડે નહિ એ દયા,... હૈયામાં દુર્ભાવ નહિ કે જે અજુગતાં વેણ કઢાવે,... આ બધું જિનવચનના રંગને આભારી છે.

**જિનવચનની પરવા કેમ નહિ ? :-**

આ એક ખૂબી છે કે કાંઈ પણ બોલવાનો પ્રસંગ આવ્યો ત્યાં જો જરાક સાવધાની રાખીએ કે 'મળેલી દુર્લભ કિંમતી વચનશક્તિને વાપરવી જ છે તો અશુભ વાણીમાં કાં એને વેડફીએ ?' તો સહેજે સારા ઉદ્ગાર કાઢવાનું બને. બોલવું તો છે જ પછી સારું જ કાં ન બોલવું ? પરંતુ આ સાવધાની ક્યારે રહે ? આપણને જે કષાયોની અસર નીચે ઉદ્ગાર કાઢીએ છીએ, એના બદલે મન પર જિનવચનનો ભાર ધરીને ઉદ્ગાર કાઢીએ, તો એ સાવધાની રહે. મુશીબતી આ જ રહે છે કે આપણા કોઈ સ્વાર્થનો લોભ, કોઈ સ્વમાનની લાગણી, કોઈ દ્વેષ, ગુસ્સો, યા લાલસા, આતુરતા, હર્ષ, ઉદ્વેગ વગેરે કષાયની અસર જાગતી રહે છે, અને ત્યાં મહામૂલ્યવંતા જિનવચનની પરવા રહેતી નથી. એટલે જ વિચારસરણી

અશુભ ચાલ્યા કરે છે. પછી તો કહે છે ને કે હૈયે તેવું હોઠે; એટલે બોલ પણ અશુભ અજુગતા નીકળે એમાં નવાઈ નથી.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનાં વચનનો મન પર ભાર હોય, હૈયે રંગ લાગ્યો હોય, મતિમાં સમન્વય હોય, તો કમમાં કમ મલિન વિચારો અને ઉદ્‌ગારો અંગે દિલને દુઃખ થાય કે 'આવું ક્યાં સુધી ચાલવાનું ?' હૃદયના આ ખેદ ઉપર તો સાવધાની રખાય કે હવેથી નરસા વિચાર-વાણી અટકાવી સારા પ્રવર્તાવું.'

સીતાજી સાવધાન છે એટલે પોતાને ભયંકર આપત્તિમાં પણ મૂકનાર પતિને ધર્મસંદેશો મોકલે છે. એમાં આ ટંકશાળી સત્ય રજૂ કરે છે કે પત્ની વગેરે જગતના પદાર્થ સારા અનુકૂળ માનેલા ગુમાવ્યા પછી પણ, બીજા સવાયા સારા હજી મળી શકે છે, કિન્તુ વીતરાગ પ્રભુનો શુદ્ધ ધર્મ ગુમાવ્યા પછી સવાયો તો શું, પણ સમાન હરોળનોય સારો ધર્મ નથી મળતો કેમ કે જગતમાં વીતરાગ પ્રભુના ધર્મ જેવો સારો સમર્થ ધર્મ બીજો છે જ નહિ. જીવને આના તરફ લક્ષ હોય તો એ શુદ્ધ ધર્મ સાચવવા માટે કેટલી બધી કાળજી રાખે ? 'સોનાનો કે ઝવેરાતનો દાગીનો ગુમાવ્યા પછી બીજો નહિ વસાવી શકાય,' એવું સમજનાર માણસ એને સાચવવાની કેટલી બધી ચીવટ અને ચોકસાઈ રાખે છે ? શુદ્ધ ધર્મ તો એના કરતાં કેટલાય ગુણો કિંમતી અને અનન્ય છે ! એને સાચવવા કશી કાળજી નહિ ? ત્યારે એમ કહો કે જીવનમાં ધર્મ ખોવાઈ જાય તો 'બહુ કાંઈ સારું ગુમાવી નાખ્યા જેવું લાગતું નથી, એટલે પછી એનો ખેદ શાનો હોય ? ચાર પૈસાનું ચીંથરું ગુમાવ્યાનો ખેદ ! અને અબજોની કિંમતનો ધર્મ ખોયાનો કોઈ ખેદ નહિ ? પોતાના આત્માનાં ધોરણનું કક્ષાનું માપ કાઢવા જેવું છે.'

**ખરું જીવન કયું ? :-**

**ધર્મ ગુમાવ્યાની ખોટ ન લાગે, ખેદ ન થાય, એ આત્માની અધમ કક્ષા છે.** મનુષ્ય ભવમાં આવ્યા પછી પણ આવી અધમ કક્ષા કાયમ રખાય એ કેટલી મોટી કમનસીબી ? ભૂલશો નહિ, ખરું જીવન બાહ્ય સારા પૈસાટકા હોવા, ખાનપાન સારા મળવા, સારું મકાન-દુકાન-સગવડો હોવી એ નથી. તો એકલા બાહ્ય પર શું નાચો ને રાચો છો ?

**આત્માનું જીવન એટલે ચેતનનું જીવન છે. જડનું નહિ.** આત્મામાં ચૈતન્ય ધબકતું છે; આંતરિક ભાવો ધબકતા છે. એટલે ખરું જીવન તો સંસ્કારી શુભ ભાવોનું કહેવાય, પૈસા ગયા છતાં જો આત્માને એની પરવા નથી, તો એ સ્વસ્થતા રાખી શકે છે. ત્યારે પૈસા કાયમ છતાં જો તેવા કોઈ ભયની આગાહી કલ્પી આકુળ વ્યાકુળ થાય છે, તો જીવન ખારું બની જાય છે. એ બતાવે છે કે **સારી રીતે જીવવું**



**એનો આધાર અંતરના શુભ સંસ્કારી ભાવો પર છે,** આત્માની તૃષ્ટિ-પુષ્ટિ એના પર અવલંબે છે, સારા પૈસાટકા કે પ્રતિષ્ઠા પર આત્માની તૃષ્ટિપુષ્ટિ નહિ, પણ અંતરના શુભ ભાવો પર તૃષ્ટિ-પુષ્ટિ થાય છે. જડ પદાર્થો આવ્યા અને ગયા. એના પર આત્મામાં સંસ્કારો જામતા નથી, પરંતુ અંતરમાં ચાલેલા ભાવો પર જામે છે.

**સારું સંસ્કરણ કેમ થાય ? :-**

હવે જો સારું સંસ્કરણ, સારી તુષ્ટિપુષ્ટિ, સારો દેદાર કરવો હોય, તો શુભ ભાવભર્યું જીવન જોઈએ અને એ શુદ્ધ ધર્મના આલંબનથી જ થાય; એના જ આધારે એક યા બીજા પ્રકારે શુભ ભાવ જાગતા રાખી શકાય, દયા કરો, દાન કરો, પ્રભુભક્તિ કરો; વ્રતમાં આવો, નિયમમાં આવો, પચ્ચકખાણમાં આવો; સામાયિક કરો, શાસ્ત્ર સ્વાધ્યાય કરો, પરીષહ સહો, વગેરે વગેરે ધર્મનું આલંબન રાખો, ધર્મમાં પરોવાઓ, તો ચિત્તમાં શુભ ભાવ ધબકતા રહે, અને એજ ખરું જીવન છે. બાકી તો ધર્મ અને શુભ ભાવ વિહોણું જીવન એ તો ધમણના ધબકારા છે.

**આત્મવિકાસનો આ માર્ગ છે કે જીવન આંતરિક શુભ ભાવનું સમજી ધર્મને મુખ્ય રાખો.**

**લોકસંજ્ઞા સમજને છારી દે છે :-**

મહાસતી આ સમજે છે, એટલે પતિને કહેવરાવવા યોગ્ય બાબતમાં એમને આ જ જડે છે કે ધર્મ ગુમાવતા નહિ, શું રામચંદ્રજી એવા અણસમજુ છે કે ધર્મને છોડી દે ? ના, સમજદાર તો છે, પરંતુ જ્યારે સીતાજીનું સતીત્વ નિશ્ચિત કાયમ હોવાનું સમજવા છતાં માત્ર લોકોની અસર નીચે જાય, જઈ એક અસતીની જેમ એને તરછોડી દે છે; લોકનિંદાનો જો આટલો બધો ભય છે તો શી ખબર કે કાલે ઊઠીને એમના શુદ્ધ ધર્મને વળગી રહેવાની લોક નિંદા કરે તો એની અસર નીચે આવી ધર્મનો ય ત્યાગ કરી દે તો ?

લોકસંજ્ઞા સમજને છારી દે છે. સીતાજી એટલે જ એમને સાવધાની મોકલે છે.

**લોકસંજ્ઞા એ મોટી ચીજ છે,** ભલભલાને પકડમાં રાખે ! પકડમાં રાખીને એની પાછળ કેઈ અનર્થમાં ઘસડે ! કર્તવ્ય ભુલાવે ! અનુચિત આદરાવે, જૂઠ બોલાવે, દ્રોહ કરાવે, ઉપકાર વિસરાવે ! કેટલાંય તોફાન મચાવે ! મન પર લોક વાહવાહ વસી ગઈ, લોકને સારું મનાવવાનું મુખ્ય થઈ ગયું, 'લોકને જરાય ખોટું ન લાગે, એ આપણું ઘસાતું ન બોલે, એની દૃષ્ટિમાં હલકા ન પડીએ,' આ લક્ષ જો મુખ્ય થઈ ગયું, તો પછી એ લોકસંજ્ઞાના ભાર નીચે કર્તવ્ય ભૂલતાં અને અપકૃત્ય કરતાં શો સંકોચ રહે ? આપણા જીવનમાં તપાસીશું તો દેખાશે કે કેટલીક વાર બીજાને સારું લગાડવા અગર બીજાની દૃષ્ટિમાં સારા દેખાવા કોઈની નિંદા ય

કરીએ છીએ, માયા ય રમીએ છીએ, આપ બડાઈ ય ગાઈએ છીએ, ખોટા આડંબર રાખીએ, ધર્મનો ઢોંગ કરીએ, ધર્મીનું ઘસાતું બોલીએ.-વગેરે વગેરે કેટલુંય કરીએ છીએ. સામાની વાત પાપની હોય છતાં એને સારું મનાવવા એમાં મત્તુ મારવામાં સંકોચ નથી રહેતો, એક લોકસંજ્ઞા ન હોય, તો આ બધાં અસદ્ આચરણોથી બચી જઈએ, પરંતુ લોકસંજ્ઞાને જીતીએ તો ને ? લોકસંજ્ઞાને પોષવા તો કેટલુંય સહવા ને કેટલાંય ભોગ આપવા તૈયાર રહીએ છીએ.

**લોકસંજ્ઞા એવી ગજબનાક છે** કે એની પાછળ માણસ આહારસંજ્ઞા પર કાપ મૂકી મોટી તપસ્યા પણ આદરે છે ! વિષયસંજ્ઞા દબાવી બ્રહ્મચર્ય પણ ઉચ્ચરે છે ! ક્રોધ દબાવી ક્ષમા ય કરવી હોય તો કરશે ! માન મૂકી નમ્રતા દેખાડશે ! પરિગ્રહ પર કાપ કરી કેટલોય ખર્ચ પણ કરી નાખશે ! દેખાય છે ને કે સુપના વગેરેની બોલીમાં કેવી ચડાચડી થાય છે ? શું બધા ય આત્મકલ્યાણના હેતુથી જ બોલે છે ? જો આત્મકલ્યાણની તમન્નાથી મોટી મોટી રકમ બોલાતી હોય તો પછી સાધારણ ખાતાના ખર્ચમાં કે કોઈ સાધર્મિકની ભક્તિમાં યા પાઠશાળાના ઉત્તેજનમાં થોડી રકમ દેવા આનાકાની કરે ? નકારો ભણે ? પરંતુ સારા સારાની હરોળમાં બેસીને લોકદૃષ્ટિમાં પોતાનું ઊંચું રાખવું છે; એટલે પછી ‘ભલે એટલા રૂપિયા ખરચાય; ખરચવા જ પડે,’ એમ ગણતરી રહે છે આ લોકસંજ્ઞાનું જોર છે. ધર્મસંજ્ઞાથી ય બોલી બોલાય; ન બોલાય એમ નહિ, પરંતુ એના આગળ-પાછળનાં લક્ષણ જુદાં હોય, ધર્મને આગળ કરવાની, મુખ્ય કરવાની દૃષ્ટિ છે, એટલે જીવન જીવતાં ઔચિત્ય, કૃતજ્ઞતા, દયા, પરોપકાર, દેવગુરુભક્તિ, વગેરે સહેજે ઝગમગતા રખાય; અનુચિત વિચાર કે અનુચિત બોલચાલ, કૃતઘ્ન વર્તાવ, નિષ્ઠુરતા કે સ્વાર્થાંધતા; યા અર્થ-કામની અતિશય લંપટતા, વગેરે કાંઈ સ્ફુરે જ નહિ ને. મળેલી પુણ્યશક્તિઓને શુભ યોગમાં જ લેખે લગાડવાનો એક હિસાબ રાખ્યા પછી, ભલે સાંસારિક કર્તવ્ય બજાવવાં પડતાં હોય, પણ મન સદ્‌વિચાર શુભલાગણી પ્રશસ્તભાવમાં રમતું હોય; ને એથી મોકે મોકે સમ્યગ્‌વાણી-વર્તન લવાયા જ કરે.

મહાસતી સીતાજીને મોકો મળ્યો છે, તો પતિને ધર્મસંદેશ મોકલે છે. લોકસંજ્ઞાના જોરનો ખ્યાલ છે, તેથી પતિને એમાં તણાઈ ધર્મ ન ત્યજવા અગમચેતી આપે છે જિનવચન હૈયે એવાં વસીને ઠસી ગયાં છે. એનો બુદ્ધિ પર એવો રંગ ચડી ગયો છે કે લેશમાત્ર અનુચિત મનમાંય ન સ્ફુરતાં, ઉચ્ચ આશયનું કર્તવ્ય સ્ફુરે છે, ઉચ્ચ કોટિનો શુભ ભાવ સ્ફુરે છે. જોવા જેવું છે કે જ્યારે રામને આ અગમચેતી મોકલે છે, ત્યારે પોતાના હૈયે ગમે તેવા લોક-કોલાહલની સામે પણ શુદ્ધ ધર્મને પકડી રાખવાની સજ્જડ શ્રદ્ધા કેવીક બેઠી હશે ! ‘લોક ગમે તે બોલો, પણ



જિનવચન સત્ય જ છે.’ જિનવચનનો ચોળમજીઠ રંગ લાગ્યાની બલિહારી છે.

**પેલા પ્રેમચંદ રાયચંદ શેઠે** જિનવચનના રંગના હિસાબે જ દરબાર પાસેથી આખો સિદ્ધગિરિ પહાડ એકલા પંડે ભોગ આપીને ખરીદી લેવાનો નિર્ધાર કરેલો ને ? તે એ કાળના રૂા. ૧૩ લાખ આપી દઈને ! એ તો સંઘના એ વખતે એટલાં પુણ્ય જાગતાં નહિ હોય તે પ્રેમચંદ શેઠ સોદો નક્કી કરી મુંબઈ ગયા, અને ત્યાં જ એમની આર્થિક પરિસ્થિતિ વિણસી ગઈ, અને પતાવટ અટકી પડી. બાકી મોટો ભોગ આપીને શક્ય અવસરોચિત સુકૃત સાધી લેવાની જિનાજ્ઞા પ્રત્યે કેટલું ગજબનું બહુમાન !

**રામને પસ્તાવો :-**

સીતાજીનો એવો ધર્મસંદેશ જ્યાં સેનાપતિ લઈ જઈ રામચંદ્રજીને કહે છે, રામની શી મજાલ કે એ સાંભળી સ્વસ્થ રહી શકે ? તરત મૂર્ચ્છા આવી ગઈ ! બેભાન સ્થિતિમાંથી ઠંડા ઉપચારે ભાન આવતાં મનને પારાવાર પસ્તાવો થયો. ‘લોકને ભલે બોલવું હોય તો બોલે, મહાસતીને તરછોડાય નહિ,’-એવું મનમાં આવતાં સેનાપતિને લઈને ઉપડ્યા સતીને લેવા, પરંતુ અહીં તો રાજા વજ્રજંઘ લશ્કર લઈને નીકળેલો તે જંગલમાં સીતાજીને જોતાં ધર્મની બેન માની લઈ ગયો હતો પોતાના મહેલમાં. તે હવે રામચંદ્રજીને ૧૬૦ યોજન દૂર આવતાં જંગલમાં ગમે તેટલું શોધે પણ સીતા ક્યાંથી મળે ? નિરાશ થઈ કલ્પાંત કરતા પાછા ગયા.

સીતાને ત્યાં બે બાળકનો જન્મ થયો. નામ રાખ્યાં અનંગલવણ અને મદનાંકુશ; ટૂંકા નામ લવણ અને અંકુશ, ઈતર રામાયણમાં એને લવ અને કુશ કહે છે.

આ લવણ-અંકુશને માતાની દેખરેખ નીચે કેવી અધ્યાત્મ પ્રધાન કેળવણી મળી હશે, એ આપણને આગળ પર લક્ષ્મણજીના અચાનક થયેલ મૃત્યુ વખતે એમને સ્ફુરેલા ઊંચા આધ્યાત્મિક પરાક્રમ પરથી જાણવા મળે છે. હમણાં તો એ કળાકૌશલ્ય પ્રાપ્ત કરી, ‘માતાને પિતાએ કાઢી મૂકી હતી’ એ જાણવામાં આવતા ઊછળી ઊઠે છે ! નક્કી કરે છે કે ‘પિતાજીને બતાવી આપીએ કે અમારી માતાનો કોઈ બેલી નથી એ સમજતા હો ને તેથી એને કાઢી મૂકી હોય તો હવે જોઈ લો એના રક્ષણહાર તૈયાર છે.’ બસ, પિતા રામની સામે લડવા જવા તૈયાર થઈ ગયા. માતાને પૂછે છે, ‘અમે પિતાજીની સામે લડવા જઈએ, એમને ય ખબર પડે કે અમારી માતાના રક્ષણહાર મોજુદ છે.’

સીતાજીનો પતિ પ્રત્યેનો આદરભાવ અહીં જોવા મળે છે. પતિએ પોતાને કેવી કપરી સ્થિતિમાં મૂકેલ છે એની કાંઈ હૃદયમાં નોંધ નથી ટાંકી રાખી, એટલે જ પુત્રોના આ કથનને આવકારતા નથી, પરંતુ એ કહે છે ‘પિતાજીની સામે લડવા

ન જવાય; એમના દર્શનાર્થે જવું હોય તો જાઓ.' હૃદય કેટલું સ્વચ્છ ફોરું અને સ્વસ્થ હશે ત્યારે આ ઉચિત બોલ નીકળે છે ! પ્રસંગ બની ગયાની વિકટતા અતિશય ભારે હતી ! રાજ-રાણીપણાના હોદ્દા પરથી ભ્રષ્ટ થઈ જંગલમાં ભટકતી દશા ! પતિના ઘરમાંથી નીકળવું પડ્યું તે, પછી બાપના ઘરે નહિ, કોઈ સગાસ્નેહીના ઘરે નહિ, કિન્તુ સીધું ભયાનક જંગલમાં જ મૂકાવું પડ્યું ! આટલી બધી નીચી હદે પતિ તરફથી દુઃખમાં પડવાનું આવેલું. છતાં અત્યારે ક્યાં ગયું એનું સ્મરણ ? પતિ પ્રત્યે પૂજ્યભાવ એનો એજ કાયમ ! જિનવચનથી ભાવિત મતિમાં હલકટ ભાવો વૈર, તિરસ્કાર, દુર્ભાવ વગેરે સ્થાન નથી પામતા, પતિએ પોતાના તરફથી કર્યું તે કર્યું, સીતાજીને પોતાના તરફથી ઉમદા જ વર્તન કરવાનું સૂઝે છે એ પુત્રોને લડવા જવાની મનાઈ કરી દર્શનનું કર્તવ્ય બતાવે છે.

આ નાનકડો પ્રસંગ કેટલા બધા મોટા ભવ્ય ભાવથી ભરેલો છે ! આત્માનો વિકાસ સાધવો હોય એના માટે આ પ્રસંગ ઉત્તમ માર્ગસૂચન કરે છે. માર્ગ આ કે

(૧) હૃદયને એટલું બધું ફોરું સ્વચ્છ અને ઉમદા રાખવું કે એમાં એવા કોઈ વૈર-વિરોધ-દુર્ભાવ વગેરેની ગાંઠ જ ન રહે;

(૨) બીજા તરફથી એને સૂઝયું તે વર્તન થયું હોય, પરંતુ આપણા તરફથી તો મુલાયમ યોગ્ય વર્તન જ થાય;

(૩) જીવન બાહ્ય કરતાં આંતરિક વિશેષ લક્ષમાં રહે, અને એ આંતરિક સુંદર જીવન અર્થે સૌમ્ય, ઉમદા અને મહા ઔચિત્યભર્યા જ ભાવ ઝળકતા રખાય.

સીતાના જીવનમાં આ ઝળકતું દેખાય છે. માટે જ એ કહી રહી કે 'પિતાજીના દર્શનાર્થે જવાય, પણ સામે લડવા ન જવાય.' પેલા લડવા તલવલાટ કરી રહ્યા છે, છતાં આનો તો આ જ બોલ છે ! કેટલી બધી એની ધીરજ ! કેટલી ચિત્ત-વિશુદ્ધિ ! કેવી જિનવચન-ભાવિતતા !

**સમુદ્રદત્તની જિનવચન-ભાવિતતા**

જિનવચનથી રંગાયેલી બુદ્ધિ ઉપર આ ધૈર્ય અને યોગ્ય વિચારસરણી ઊભી થાય છે, સમરાદિત્ય કેવળીચરિત્રમાં પ્રસંગ આવે છે કે શ્રેષ્ઠિપુત્ર સમુદ્રદત્ત નવી પરણેલી પત્ની જિનમતિને સાસરેથી તેડી લાવવા નીકળ્યો છે. પરંતુ સાથેના નોકરને રસ્તો જંગલમાં દટાયેલો દલ્લો જોતાં એ હાથ કરવાની બુદ્ધિ જાગે છે. ત્યાં સમુદ્રદત્ત એને કહે છે 'ભાઈ ! રહેવા દે ખોદ્યા વિના, નાહક અધિકરણ થશે.'

**અધિકરણ એટલે દુર્ગતિના અધિકારી કરે એવાં પાપનાં ઉત્થાનનું સાધન.** વધારે પડતા પૈસા મફતમાં હાથ લાગવા પર જીવની અનાદિકાળની ગોઝારી ધન-મૂર્ચ્છા ફાલશે-ફુલશે ! એના પર કોઈ પાપારંભ કરવાનું અને મદ-માયાદિ દોષો



હૃદયમાં મહાલતા થવાનું થશે ! આ બધું દુર્ગતિના અધિકારી બનાવે, માટે એ અધિકરણ કહેવાય. શા સારુ સૂતેલા સાપને જગાડવા તુલ્ય અધિકરણ ઊભા કરવા ? એવાં અધિકરણથી તો દૂર રહ્યા સારા.

જિનવચન સમુદ્રદત્તને આ શિખવાડી રહ્યું છે. તેથી નોકરને ખાડો પૂરી દેવા કહે છે. માંહી સોનાનો ચરૂ પડ્યો છે. પણ એને લોભથી માલરૂપે ન જોતાં, ન લલચાતાં, પાપધિકરણ રૂપે જોઈ એને પડતો મૂકવા યોગ્ય દેખે છે. બુદ્ધિને જિનવચનનો કેવો રંગ ચઢાવ્યો હશે કે આ મફતમાં મળતો દલ્લો એને જોઈતો નથી એને ઝેર રૂપ લાગે છે !

**ધનશેઠનું પરિગ્રહવ્રત :-**

બાર વ્રતની પૂજામાં પાંચમા વ્રતની પૂજામાં આવે છે ને

**'ધનશેઠ ધરી ધનમાન, ચિત્રાવેલીને પરિહરી રે'**

ધનશેઠે ધનમાન યાને પરિગ્રહનું પરિમાણ ધરી રાખીને ચિત્રાવેલી છોડી દીધેલી. એ પહેલાં એ એક વાર નદી પાસેથી જતા હતા એમાં બાજુની ખડક તૂટી પડેલી; તેમાં રત્નનો ચરુ દેખ્યો. કેમ જાણે આ સાપનો ભારો દેખ્યો ! તે પરિગ્રહથી ગભરાઈને શેઠ ત્યાંથી ચાલતા જ થઈ ગયા. ઘરે આવી પત્નીને વાત કરી, તો તે પણ આ દલ્લો ન લીધો એમાં ખુશી થઈ. એણે પણ નિરાંત અનુભવી. કેવું જુગતે જોડું ! વળી પાછી પંખીએ આકાશમાંથી ઘરના ચોકમાં ચિત્રાવેલી વનસ્પતિ નાખી. એનો પ્રભાવ એવો કે એના પર રાખેલી ઘીની કુલડીમાંથી ઘી ઠાલવ્યે રાખો પણ અંદર ઘી ખૂટે નહિ ! આવી ચિત્રાવેલી મફતમાં આવી પડી, પરંતુ શ્રાવક-શ્રાવિકા બંનેને ખપતી નથી. તે એને કાપી દાળ-શાકમાં નાખી ખત્મ કરી. બહાર પણ કોઈના હાથમાં જાય તો અધિકરણ કરે ને ? માટે શા સારુ નાહક એ ઊભી રાખવી ? રત્નોનો ચરુ અને ચિત્રાવેલી મફતમાં જડે એનો લોભ છૂટવો સહેલો છે ? પરંતુ જિનવચનથી રંગાયેલી બુદ્ધિ એના મનમાં લક્ષ્મીનું એવું મહત્ત્વ જ નથી બેસવા દેતી કે જેથી એવી ખોટી લલચામણ થાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૪,અંક-૪૭,તા.૨૦-૮-૧૯૬૬**

જિનવચનની ભાવિતતા તો એના ચિત્તમાં પરિગ્રહ પરિણામ વ્રતનું જ મહત્ત્વ ઊભું રાખે છે. એથી વ્રત કેમ જળવાય, ને વિશુદ્ધ રહે, એની જ એને ફિકર રહે છે. આરોગ્યના સાચા ચાહક ને શું થાય છે ? એને મન મહત્ત્વ આરોગ્યનું હોય છે એવું મિઠાઈનું નહિ, તેથી પેટ ભરાઈ ગયા પછી એ એમાં

લલચાતો નથી. એવું અહીં જિનવચનથી ભાવિત મતિ એને કહી રહી છે કે વ્રત પહેલું; એ સુરક્ષિત રહે, ઉજ્જવળ રહે, એટલું જ ધન જોઈએ, ઉપરના ધનની કોડીની કિંમત.

**શ્રાવક સાજનને** શું છે ? ખંભાત પાસેના રાળજ ગામમાં એ એક છીપાના ઘરમાં ભાડે રહેતો હતો. ત્યાં ઘરના વાડામાંની જમીનમાંથી એકવાર સોનાની કઢાઈ નીકળી એ એણે પોતાની ન કરી. કેમ ?

**જિનવચનથી રંગાયેલી બુદ્ધિ વચનોકત ન્યાયસંપન્નતાને મહત્ત્વ અપાવે છે, ને એના ભંગથી આવતા ધનને કોડીનું લેખાવે છે.**

અહીં સાજનને લાગ્યું કે 'આ કઢાઈ ઘર-જમીનના માલિક છીપાની કહેવાય; મારી નહિ' તેથી કોઈ જાણતું નથી, એકાંત અવસરે સોનાની કઢાઈ નીકળી છે; છતાં એ રાખી લેવાની એને લલચામણ નથી. પ્રામાણિકતા-ન્યાયસંપન્નતા આગળ એનું મહત્ત્વ આંકે તો લલચાય ને ? એ તો બહુ વિચાર કરવા થોભ્યો જ નહિ. કેમકે 'ધણીને આપું કે નહિ ?' એ વિચારણા પણ ભૂંડી. કદાચ એમાં આગળ વધતાં 'મારે હાલ અમુક જરૂરિયાત છે, અમુક આવશ્યકતા છે, એવા વિચાર જો સ્ફુરી બળવાન બની ગયા, તો રાખી લેવાનું મન કરાવે, માટે એવા વિચારમાં ચડવાનું જ નહિ.' એ તો ઝટ ઊઠીને કઢાઈ લઈ ગયો છીપા પાસે. જઈને આપતાં કહે છે, 'લ્યો આ તમારી જમીનમાંથી કઢાઈ દટાયેલી પડેલી નીકળી આવી છે તે તમને ભળે.'

**જિનવચનથી ભાવિત મતિનાં દર્શન જ જુદા.** એટલે જ એ દર્શનથી પેલો સમુદ્રદત્ત જંગલમાં દટાયેલ પડેલા ધનના ચરુને એક કિંમતી સુખ-સગવડનાં સાધન તરીકે ન જોતાં પાપાધિકરણ તરીકે જુએ છે.

**દર્શન પર આત્માની ઉત્તમ અધમ સ્થિતિ મપાય છે.**

કૂતરો માતાને ય ભોગ્ય દૃષ્ટિથી જુએ છે, એ અધમ દર્શન છે; તો એની આત્મદશા પણ અધમ જ ગણાય; આર્ય મનુષ્ય પરસ્ત્રીનાં રૂપમાં જો આકર્ષાય તો એણે શું કર્યું ? પરસ્ત્રીને એક ચક્ષુ-ઈન્દ્રિયના ભોગપાત્ર તરીકે માની. માટે આંખ લગાવવા ગયો, પરસ્ત્રીને ભોગ્ય તરીકે જોવું એ અધમ દર્શન છે. એ જોનાર અધમ આત્મદશાવાળો ગણાય. જિનવચનથી રંગાયેલ મતિવાળો એ જ રૂપમાં નરકના પરમાધામીના ભાલાની ભોંકામણ દેખે છે, પરસ્ત્રીના રૂપને પોતાના હક બહારની વસ્તુ તરીકે માને છે, તેથી એમાં એ આકર્ષાતો નથી. ઉત્તમ દર્શનથી ઉત્તમ આત્મદશા સૂચિત કરે છે. ઉત્તમ દર્શનવાળા માણસ પોતાનો ભાઈ કે પાડોશી ઝઘડો કરે એવી વાતવસ્તુમાં સારાપણું ને રાખવા લાયકપણું જોતો જ



નથી. એ તો એમાં કષાયવૃદ્ધિ અને કર્મબંધનનાં દર્શન કરે છે. તેથી એ એને જતી કરવામાં સંકોચાતો નથી.

**જિનવચન એને કહી રહ્યા છે કે** 'ભલા માણસ ! અહીં જો ને. આ સમુદ્રદત્ત અને ધનશેઠ જેવાને વગર ઝઘડે જંગલમાંથી મફતમાં મળે છે છતાં એનો લોભ નથી, તો પછી તારે આ ઝઘડાની વાતવસ્તુમાં લોભ શા માટે રખાય ?' જતી કર એને. તો

**લોભ જતો કરવાથી**

(૧) બંનેને કલેશ નહિ થાય.

(૨) સલાહસંપી રહેશે.

(૩) અવસરે એ તારા કામમાં આવશે.

(૪) કલેશ-કષાય-નિંદા વગેરેની પરંપરા નહિ ચાલે.

'આ બધા લાભ મોટા ? કે તુચ્છ જડ વસ્તુ પોતાની કરવાના લાભ મોટા ?'

માણસ જો આ વિચાર રાખે તો ધન-માલની વાત તો બાજુએ, પણ શબ્દોની જે મારામારીમાં ઊતરી પડે છે, ને તુચ્છ અહંત્વ અને જાતનું માન ઊંચું રાખવાની ખેંચા ખેંચમાં પડે છે, તે ન પડે. 'હું આમ નહોતો બોલ્યો; મેં આમ નહોતું કહ્યું; તમે મને જુઠ્ઠો પાડો છો'... વગેરે રગડો ઉઠાવવાનું શું કામ ? મારું માન શા માટે ઘવાવું જોઈએ ? સામો ભલે હલકો પડો, હું હલકો ન પડું' આની ખેંચાખેંચ અને જીભાજોડી શા માટે ચલાવવી ? જિનવચન તો એમાં ક્લેશ, કષાયવૃદ્ધિ, કર્મબંધન, ભવિષ્યના અખંડ બનતા વૈરવિરોધ વગેરેનાં દર્શન કરાવે છે. જિનવચનના રંગ લાગ્યા હોય એ તો તુચ્છ અહંત્વરક્ષા અને જાતવડાઈની કોડીની કિંમત આંકે; એમાં આ અનર્થોનાં દર્શન કરી એથી આઘો જ રહે.

**ઝઘડાથી આઘો રહેવા** એ તો કહી દે 'ભાઈ ! તમારું માનવું બરાબર, હું તો કર્મથી કચરાયેલો માણસ છું માફ કરજો,' બસ, જરાય જીભાજોડીમાં ઊતરે જ નહિ ને. પછી ભલે ને જશ સામાને મળ્યો, ભલે ને પોતાનું માન ઘવાયું, પણ **માનને તો એ તુચ્છ દેખે છે.**

**કષાયો પોતાના અને સામાના ન વધે, એને એ મહત્ત્વની વસ્તુ સમજે છે.**

જિનનાં વચનનું પાલન એ જ જીવનનો લહાવો સમજે છે; મોટી સાચી કમાઈ દેખે છે. એને મન તુચ્છ માન કે વસ્તુની રક્ષા એ જીવનનો લહાવો નહિ.

**જિનવચન ભાવિત મતિ એટલે** મુખ્ય એ જ બુદ્ધિ રહે કે 'મારે તો પ્રભુનું વચન શું કહે છે એ જ જોવાનું.' આ બુદ્ધિમાં એને જિનાજ્ઞા ઝઘડાની નહિ, ક્લેશ

કષાયની નહિ, પણ ઉપશમભાવની મળે છે, ધનવૃદ્ધિની નહિ, પણ અધિકરણથી બચવાની, અન્યાયથી બચવાની અને વ્રતરક્ષાની મળે છે. પછી દૃષ્ટિ એના પર જ પતિમાં પૂજ્યતા જ જુએ છે, પણ પતિને દ્રોહ કરનાર તરીકે નથી જોતા, અવજ્ઞા કેન્દ્રિત હોય એ સહજ છે. સીતાજી એટલે જ કરવા લાયક ઝઘડવા લાયક નથી જોતા. તેથી દીકરાઓને કહે છે, 'પિતાજીની સામે લડવા ન જવાય, દર્શનાર્થે જવાય.' મહાસતીનું કેવું ભવ્ય જીવન ! કેવી ભવ્ય વિચારસરણી !

**જિનવચનથી ભાવિત મતિનાં દર્શન અનેરાં !!** પેલા સમુદ્રદત્તમાં હજી આગળ જુઓ ધનના ચરુને પાપનું સાધન મનાવી એમ જ દટાયેલ રાખી સસરાના ગામે નવી પત્નીને તેડવા જાય છે. ત્યારે પેલો નોકર ઊંધું સમજે છે કે 'આમને મારી ગેરહાજરીમાં આ દલ્લો ઉઠાવવો છે, તેથી આમ કહે છે. પણ હું કેમ ઉઠાવવા દઉં ? હું જ આમને ભૂલાવામાં પાડી એકલો જ દલ્લો હાથ કરી લઈશ.' બસ, આ વિચારે જ્યાં નગર પાસે પહોંચ્યા અને સમુદ્રદત્તે એને નગરમાં તપાસ કરી આવવા કહ્યું, ત્યારે એ નોકર અમસ્તો આંટો મારી આવી આને કહે છે કે 'તમારે તેડવા જવા જેવું નથી. કેમકે તમારી પત્ની જિનમતિના બદ આચારથી એના મા બાપની ય હલકાઈ થઈ લાગે છે. તેથી શરમાઈ બેઠા છે કે 'જમાઈ તેડવા આવશે તો મોઢું શું બતાવીશું ?' નોકરની દાનત ખોટી છે કે આમ કરીને સમુદ્રદત્ત પાછો ઘરે પહોંચી જાય એટલે હું એકલો આવી ચરુ લઈ લઈશ એટલે એણે તો ગપ્પું માર્યું, પણ નિષ્પાપ સરળ હૃદયના સમુદ્રદત્તને આની ગંધ જ શી આવે ? એ તો આજ સુધી નોકરને વિશ્વાસુ માનતો આવ્યો છે. અહીં પણ એણે ચરુ દટાયેલો રહેવા દેવા કહ્યું તો તે નોકરે માન્ય કર્યું છે. એટલે એને વિશ્વાસુ સમજી એનું આ કહેલું સાચું માની લે છે.'

**પ્ર.**- નોકર કહે છે, પણ પોતે તપાસ ન કરે ?

ઉ.- નોકર પર જરાય અવિશ્વાસ હોય તો એને તપાસનો વિચાર આવે ને ? અવિશ્વાસનો આજ સુધી પ્રસંગ જ નથી બન્યો એટલે સહેજે વિશ્વાસથી સાચું માની લે એમાં નવાઈ નથી. બાબત ભલે ગંભીર ખરી, પરંતુ વિશ્વાસના લીધે તો એવી બાબત પણ માની લેવાય છે.

હવે જુઓ અહીં સમુદ્રદત્તની જિનવચને રંગાયેલી બુદ્ધિ શું કામ કરે છે ! એને આના પર વિચાર આવે છે કે,-

**જિનવચન ભાવિત કેવું વિચારે ?**

'અહો ! ચંદ્રમામાં આગના ભડકા જેવું અસંભવિત આ શું ? ઉત્તમ જૈન કુળમાં જન્મ્યા પછી આવા અનુચિત અસદ્ આચારના માર્ગે ?'



'પરંતુ જ્ઞાની ભગવંતો કહે છે તે ખોટું નથી. મોહનીય કર્મના ઉદય વિચિત્ર છે. એ અજુગતું-અઘટતું બનાવે છે. તેથી આ બિચારી જિનમતિ ભૂલી પડે એમાં નવાઈ નથી.'

ખેર ! સંસાર આવો જ છે કે જ્યાં કર્મના ઉદય અણધાર્યું વિચિત્ર ઘડે. તો પછી મારે એવા સંસારને હવે રાખીને શું કામ છે ? જાઉં ગુરુ પાસે અને ચરિત્ર લઈ લઉં. જો જો જિનવચનથી રંગાયેલી બુદ્ધિના વિચાર.

**જેમ રંગના કુંડામાં ઝબોળેલ સ્વચ્છ વસ્ત્રની પુમે પુમે રંગ ચડી જાય, તાંતણે તાંતણો આરપાર રંગાઈ જાય, એમ આત્માના પ્રદેશે પ્રદેશે જિનવચનનો શ્રદ્ધારંગ, પરિણતિરંગ ચડી જાય;** પછી પદાર્થ કે પ્રસંગ જિનવચનના માપદંડે મપાય, ભારોભાર વિચારણા કરી કરી ભાવના ભાવી ભાવી જિનવચનને આત્મામાં ઓતપ્રોત કરી દીધા હોય એટલે દૃષ્ટિ જ એવી બની જાય કે સહેજે દર્શન જ એવું કરાવે. જિનમતિના સાંભળેલા પ્રસંગમાં સમુદ્રદત્તને આ દર્શન થઈ રહ્યું છે કે

(૧) જૈન કુળમાં આ ઉચિત નહિ.

(૨) મોહના ઉદય વિચિત્ર સર્જન કરે છે.

(૩) મારે આવા સંસારથી ચેતી જઈ આત્મ કલ્યાણ સાધવું રહ્યું.

જુઓ ખૂબી કે એને એ વિચાર નથી આવતો કે 'આ હરામી પત્ની કેવી મળી ? ઘરે લાવીને એને સીધી દોર કરી નાખું.' કેમકે એની બુદ્ધિમાં જિનવચનનો રંગ છે; અને

**જિનવચન આવા નામર્દના વિચાર ન કરવા કહે છે.**

**પ્ર.**- આ શું નામર્દના વિચાર ?

ઉ.- હા,

**જે વાત પ્રબળ કર્મ સરજે છે. જ્યાં તમારું ચલણ નથી, એમાં જાતપરાક્રમના વિચાર વ્યર્થ છે, નિષ્ફળ છે.**

**જ્યાં કશું ઊપજે નહિ એવા વિચારો કરવા એ મર્દાનગી નથી, નામર્દાઈ છે.**

એમ, સામા પર દ્વેષ કરવાની પણ જિનવચન મનાઈ કરે છે.

**પ્રતિકૂળ વર્તનાર અંગે જિનવચન આ દર્શન કરાવે છે કે અહીં તો ભાવદયા ચિંતવવાની તક મળી ગણાય.** આવું કાંઈ અજુગતું દેખાય ત્યાં જ ભાવદયા વહેવડાવવાની તક હોય છે. સારાસારીમાં શી એવી તક ? એટલે આવા ભાવદયા કમાવવાના પાત્ર મળવા અવસરે દ્વેષ કરવો એનો અર્થ એ કે કરુણાના અભ્યાસનો અવસર ગુમાવ્યો ! ઉપરથી દ્વેષ કરીને જુગજુના કષાય-સંસ્કારોને તાજા કર્યા, પુષ્ટ કર્યા ! તો પછી એ ભૂંસવાનો અવસર ક્યારે ! સારાસારીમાં રાગના કુસંસ્કાર

પોષાય, અને અનિષ્ટ બનાવમાં દ્વેષના; પછી એ ભૂંસવાના અવસર રહ્યા કોઈ ?

**વૈરાગ્ય મૈત્રી આદિ કેમ ભૂલાય છે ?**

**જીવ આમ જ ભૂલે છે.** એ માથે જાત, કુટુંબ, સમાજ વગેરે હોંશથી લઈ બેઠો છે, ત્યાં મનગમતું થતાં રાગ, મદ, આસક્તિ વગેરે કરવા છે, અને અણગમતું થતાં દ્વેષ, ધમધમાટ નિર્દયતા, નિંદા, પરદોષદર્શન કરવા છે, તો પછી વૈરાગ્ય અને મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ વગેરેના અભ્યાસ ક્યારે કરવાના ? ક્યાં કરવાના ? ભૂલવા જેવું નથી હોં કે,

જે કાંઈ સારું કરવું હોય તેની ઉત્તમ તક આ ઉચ્ચ મનુષ્યભવમાં છે.

તે ય ભાન છે ત્યાંસુધી.

તે ય જિનશાસનનો સહારો છે માટે.

**આનાં મહત્ત્વ સમજી આંખ ખુલ્લી છે ત્યાંસુધી આ વૈરાગ્ય અને મૈત્રી વગેરેનાં જ્યાં જ્યાં મોકા મળે ત્યાં ત્યાં એના જ અભ્યાસ રાખવાના;** આંખ મિંચે ડૂબ ગઈ દુનિયા;

**એક જ ધૂન, એક જ લગની, કે** 'કર્માનુસાર બધું આવશે ને જશે, પણ મને (૧) વિષયો પર વૈરાગ્ય, (૨) જીવો પર સ્નેહભાવ, (૩) ગુણી પર પ્રમોદભાવ, (૪) દુઃખી અને પાપી પર દયાભાવ, તથા (૫) પરદોષ પ્રત્યે અંધાપો, અદર્શન કેળવવા દે; ત્યાં રાગ દ્વેષ ઈર્ષ્યા નિર્દયતા પર ચિંતાને જરાય હૈયે ન ઘાલું.' મારા પ્રભુનાં વચન આ ઉપદેશે છે.

સમુદ્રદત્તને એટલે જ, જિનમતિ બગડવાનું સાંભળ્યું તો, એના પર દ્વેષનો વિચાર નથી. તેમ એ પણ વિચાર નથી કે 'હાય ! આ કેવા આપણાં કમભાગ્ય કે આવી બૈરી મળી !' કેમકે જિનવચનથી એ સમજે છે કે :

**પુણ્ય પ્રમાણે માલ મળે.** પુણ્યનાં નાણાં ઓછાં, તો માલ વધારે ક્યાંથી મળે ? જો પુણ્ય રાશિ તો માલ સારો શાનો મળે ?

**પ્ર.**- તો પણ ઓછાં પુણ્ય પર તો ખેદ થાય ને ?

ઉ.- ના, એનું કારણ એ છે કે પૂર્વે જિનને અને જિનના વચનને એવા મોટાં ન માન્યા હોય, તો પુણ્ય પણ એવું મોટું ન મળે એટલે,

**પુણ્યની ઓછાશ વખતે ખેદ એનો નહિ, પણ એના કારણભૂત જિન-જિનવચનને એવા મોટા મહત્ત્વના ન માન્યાનો હોય.** આનું પરિણામ એ આવીને ઊભું રહે કે ખાલી ખેદ નહિ, પણ હવેથી જિનેન્દ્ર ભગવાન અને જિનવચનને બહુ મોટા મહત્ત્વના માનવાનો ઉદ્યમ થાય. દુનિયાના પુણ્ય અને મનગમતા પદાર્થ અર્થાત્ ઈન્દ્રિયોને ઈષ્ટ સારા વિષયોને મહત્ત્વ નહિ આપવાનું, પણ જિનેશ્વરદેવ



અને એમનાં વચનને મહત્ત્વ આપવાનું; એને મહત્ત્વ અપાય એટલે એ શું કહે છે એ વસ્તુને અર્થાત્ એમણે કહેલા વિધિ-નિષેધને મહત્ત્વ અપાય.

મહાસતી આ કરી રહી છે. રામે વગર વાંકે એમને કાઢી મૂક્યા છે ! અને તે પણ એમના પિયરમાં નહિ કિન્તુ વનવગડામાં ! તે પણ જીવન નિર્વાહ ને રક્ષણની કોઈ ચીજવસ્તુ સાથે નહિ ! આવા ક્રૂર દુઃખદ બનાવને પણ સીતાએ મહત્ત્વ આપ્યું નહિ, એમાં કારણભૂત કોણ છે ? આજ કે પાપોદય પર રોદણાં ચાલુ નથી. ઊલટું 'રામ પતિ છે, બીજી વાતે સુયોગ્ય છે, એમના પર બહુમાન પૂજ્યભાવ ધરવાનું કહેનારા જિનવચનને મહત્ત્વ આપી એ જ બહુમાનની વસ્તુ જ પકડી રાખવાની,' આ રાખ્યું છે, એટલે પુત્રોને કહે છે 'પિતા સામે લડવા ન જવાય એમના દર્શનાર્થે જવાય.'

**અનિષ્ટમાં દર્શન કેવું ?**

અનિષ્ટ પ્રસંગ બનવા અવસરે મોટા પુણ્યની ખામી જોઈ એના કારણ તરીકે જોવાય કે 'પૂર્વે જિનવચનને મહત્ત્વ નથી આપ્યું માટે પુણ્ય મોટું ઊભું નહિ થયેલું; એનું આ પરિણામ છે કે ચાલુ ઈષ્ટની ધારા અટકી અને અનિષ્ટ બની આવ્યું.' અનિષ્ટમાં આ દર્શન કરતાં આવડે એટલે હવે નજર મૂળ જિનવચનને મહત્ત્વ આપવા તરફ જાય. અપાતું હોય તો પણ વિશેષ મહત્ત્વ આપવા તરફ જાય. મનને એમ થાય કે જગતમાં મને ભલે બીજું કિંમતી લાગતું હશે, પણ જિનવચન આગળ એ શી વિસાતમાં છે ? શ્રેષ્ઠ કિંમતી તો જિનવચન જ છે. કેમકે સર્વ સુખ, સર્વકલ્યાણ, સાધી આપનાર કોઈ દર્શન હોય તો તે માત્ર જિનવચન જ છે. માટે મારું દર્શન માત્ર બરાબર જિનવચનને અનુસરતું થઈ જાઓ.

**(૧) જિનવચન ઈન્દ્રિયોના વિષયોને રાગદ્વેષ ન કરવા લાયક કહે છે,** તો મારું દર્શન પણ એ વિષયોમાં જરાય આકર્ષણ કે દ્વેષનું નહિ કિન્તુ ઉદાસીન ભાવનું જ હો, વૈરાગ્યથી તરબોળ દર્શન હો. જિનવચનને વિશેષ મહત્ત્વ આપવું આ ગણાય કે વૈરાગ્ય વિશેષને ઝળકાવું.

**(૨) વળી જિનવચન જગતના જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ, સ્નેહ, હેત રાખવાનું કહે છે,** તો મારું દર્શન પણ મૈત્રીભાવનું જ હો, મોટા દુશ્મન પર પણ દ્વેષ નહિ, સ્નેહની જ દૃષ્ટિથી જોવાનું. એનું હિત થાય એવી કામનાથી જોવાનું દર્શન એવું જ થાય કે :

**'સામો જીવ બિચારો કર્મપીડિત છે, કર્મથી કચરાયેલો છે. રોગી પુત્ર પર માતાના હેતની જેમ એના પર મારું હેત જ વરસો. રોગી પુત્ર કદાચ કાંઈ વાંકું બોલી-ચાલી નાખે, તો માતા એ ઉવેખી એની દુઃખદ રોગપીડિત દશા સામે લાગણીથી**

**જોતી, ક્યાં એના પર દ્વેષ કરે છે ? એમ મારે પણ સામાનું વાંકું બોલવું-ચાલવું ઉવેખી એની દુઃખભરી કર્મપીડિત અવસ્થા તરફ નજર રાખી દ્વેષ નહિ કરવાનો એને હૈયાના સ્નેહે જ નવરાવવાનો.'**

જિનવચનને વિશેષ મહત્ત્વ આપવું છે તો આ મૈત્રીભાવને વિશિષ્ટ વિશિષ્ટ બનાવાય.

(૩) **'જિનવચન દુઃખી અને ભૂલતા જીવો પ્રત્યે કરુણા-દયા-અનુકંપા** ઊભરાવવાનું કહે છે. તો મારું દર્શન પણ દુઃખી જીવોને દયાના પાત્ર તરીકે જોવાનું હોય, નિર્દય વ્યવહારના પાત્ર તરીકે જોવાનું નહિ. એમ ભૂલતા જીવ, પાપી જીવ, અજ્ઞાન જીવ, અધર્મી કે કષાય પરવશ જીવને કયા પાત્ર તરીકે જોનારું હોય, દ્વેષપાત્ર તરીકે નહિ. ગરીબ, રોગી કે ભીખ માગતા વગેરે પર હૃદય દયાર્દ્ર થાય; પણ એને હરામ હાડકાના, ખાઉધરા, માગણિયા તરીકે દેખી કઠોર ન થાય. ભૂલ કરતા, ક્રોધે ભરાતા, હિંસાદિ પાપો આચરતા, કે ધર્મહીન જીવને 'બિચારા કર્મપીડિત !' ગણી હૃદય દયાર્દ્ર થાય, પણ દ્વેષિલું નહિ.

(૪) **'જિનવચને ગુણવાન પર પ્રમોદ,** ગુણાનુમોદન કરવા કહ્યું છે. તો મારું દર્શન પણ ગુણવાનમાં પ્રમોદપાત્રતા દેખે, કિન્તુ ઈર્ષ્યાપાત્રતા નહિ; કે દોષાન્વેષણ નહિ.' કહ્યું છે ને કે જગતની વસ્તુમાં સારું નરસું બન્ને છે. આપણું દર્શન કોના તરફ જાય છે, કોને પકડે છે, એ પર આપણી ઉત્તમતા-અધમતા મપાય છે. આત્મા વીતરાગ નથી બન્યો ત્યાંસુધી છદ્મસ્થ છે, છદ્મ એટલે કર્મનું આવરણ એમાં રહેલો તે છદ્મસ્થ છે, કર્મના આવરણથી દબાયેલો. એનામાંથી હજી કર્માવરણને લીધે સર્વ દોષોનો નિકાલ નથી થયો. એટલે દોષ હોય એ સંભવિત છે. સંસારના જીવોમાં આમ દોષોની નવાઈ નથી. નવાઈ એમનામાં જેટલા ગુણ આવે એની છે. તેથી આપણી દૃષ્ટિ આ સારી નવીનતા તરફ જવી જોઈએ. પુરાણા કચરા તરફ શું જોયું ? કોઈ નગર જોવા જાય તો શું જુએ ? મહેલો; ગટરો નહિ; ઉદ્યાનો ઉકરડા નહિ; સમજી રાખો જગતમાં ગુણદર્શન દુર્લભ છે, કિંમતી છે. માટે એ જ પકડવું. જિનવચન પ્રમોદભાવનામાં આ જ કરવાનું કહે છે. માટે જો આપણી બુદ્ધિ જિનવચન-ભાવિત હોય અગર કરવી હોય, તો આ જ ધગશ રહે કે 'મારી દૃષ્ટિમાં બીજાના ગુણ જ આવો જેથી મને ગુણની જ રટણા રહે; તેથી મારે જાત માટે ગુણ સુલભ થાય.'

**પ્ર.- ગુણ જ જોવાના હોય તો પછી પોતાના દોષ જોવાનું કેમ કહ્યું છે ?**

ઉ.- એનું કારણ છે કે પોતાના દોષોનો નિકાલ કરવાનો છે, અને તે જાતે શક્ય છે. પરંતુ સ્વદોષ દર્શન વિના ક્યાંથી બનવાનો હતો ? દોષ જ ન દેખાય



તો દોષ શું કાઢે ?

**પ્ર.- તો શું બીજાના દોષોનો નિકાલ ઈષ્ટ નથી ?**

ઉ.- ઈષ્ટ તો ખરો, પણ તે આપણા હાથમાં નથી; જ્યારે સ્વદોષનો નિકાલ હાથમાં છે. એનું કારણ એ છે કે સ્વદોષ જોઈ દોષિત જાત પર ઘૃણા થાય, તેથી સુધરવાનું મન થાય,- 'લાવ, આના કરતાં તો હું સારો બનું.' એવું થાય પણ બીજાના દોષ જોવા જતાં એ વ્યક્તિ પર ઘૃણા થાય અને એને સુધારવાનું આપણા હાથમાં નથી, તેથી બચતમાં એ વ્યક્તિઘૃણા ઊભી રહેશે ! તેથી મૈત્રીભાવ સ્નેહ પલાયન ! માટે ચોથી ભાવના આ કહી,-

(૫) **જિનવચને બીજા અધર્મી નિર્દય પાપી જીવોના દોષની ચિંતા ન કરવાનું કહ્યું છે.** સામાન્યથી કોઈના પણ દોષ ન જોવાનું કહ્યું છે, એની ઉપેક્ષા કરવાની; એના તરફ ઉદાસીન રહેવાનું. **'परदोषोपेक्षमुपेक्षा'** તો મારું દર્શન કદી કોઈના દોષ જોવાં તરફ ન જાઓ. અનાદિ સ્વભાવથી કદાચ પરદોષ દેખાઈ ગયો તો ત્યાં તરત જ દૃષ્ટિ એના કોઈ ગુણ તરફ જાઓ, અગર બીજી કોઈ વાત-વસ્તુમાં લાગી જાઓ, જેથી પેલાનો દોષ ભૂલાઈ જાય. મનને અર્થાત્ દૃષ્ટિને ત્યાં કે બીજે જો સારું ખાવા મળે છે, તો મેલું ચાટવાની શી જરૂર છે ? બીજાના દોષ જોવાથી બીજા પર ઘૃણા અભાવ અરુચિ થશે, તેથી મૈત્રીભાવ ઘવાશે !

બીજું એ પણ છે કે જિનવચન તો કહે છે, 'સ્વાત્મચિંતા કર' પરંતુ બીજાના દોષના ચિંતનમાં પડેલું મન ક્યાંથી પોતાના આત્માની ચિંતા કરવા નવરું જ હશે ? પરની તૃપ્તિ, પરનો બળાપો, ખોટો.

**જગત તો એવું જ ચાલવાનું. વૈરાગ્યાદિનો અવસર બીજે ક્યાં ?**

આમ મતિ જિનવચનથી ભાવિત કરવા માટે જિનવચને જગતના જડ વિષયો પર વૈરાગ્ય, જીવ પર મૈત્રીભાવ, દુઃખી પાપી પર દયા, ગુણી પર પ્રમોદ અને પરદોષ તરફ ઉપેક્ષા કરવાની કહી. તો આપણું દર્શન આપણી દૃષ્ટિ એને અનુસરતી રહ્યા કરે, એ પ્રયત્ન કરવાનો છે. પ્રયત્ન વારંવાર કરવાનો; એનો અભ્યાસ ચાલુ જ રાખવાનો. જો આ વૈરાગ્ય-મૈત્રી આદિ પાંચ શુભ ભાવનો અભ્યાસ ચાલુ નહિ રાખીએ તો સમજી રાખો કે આપણે એવા જગતની વચમાં વસીએ છીએ કે ત્યાં રાગ-દ્વેષ અને અ-મૈત્રી વગેરે થવાના સંયોગો બહુ બહુ સુલભ અને આપણો અનાદિનો સ્વભાવ પણ એવો ઊંધો જ ચાલું છે. ત્યારે જો એ રાગાદિ કરવાનું ચાલુ જ રાખવાનું હોય તો પછી વૈરાગ્ય, મૈત્રી વગેરેનો અભ્યાસ ક્યાં કરવાનો ? ક્યારે કરવાનો ? ઉત્તમ મનુષ્યભવ ગુમાવ્યા પછી એ સુલભ છે ?

નોકર લોભમાં વહેમાય છે કે 'આને આમ કરીને પેલો ચરુ કાઢી લેવો છે, પણ હું એમ છોડું નહિ'; એટલે કુમારને કહે છે કે 'ના, હું તમને ગુરુ મહારાજ મળ્યા વિના એકલા નહિ મૂકું, હું સાથે આવીશ.'

સરળ હૃદયનો સમુદ્રદત્ત કહે છે 'ભલે ત્યારે, એમ કરજે, પછી ઘરે જજે.' બસ કહીને બંને ચાલ્યા ગુરુની શોધમાં.

**સમુદ્રદત્તને નોકર છરી મારે છે :-**

લોભમાં ખેંચાયેલો નોકર આગળ જતાં કુમારને પાછળથી પીઠમાં છરી ભોંકી ભાગે છે ! સમુદ્રદત્તને ઘા લાગતાં પાછું વળીને જુએ છે તો નોકર ભાગી રહ્યો દેખાય છે, એટલે શંકા ખાય છે કે 'ત્યારે આ પેલા ચરુના લોભમાં તો આમ કરીને નહિ ભાગતો હોય ? તો પછી એણે જિનમતિનું પણ ગપ્પું કાં ન લગાવ્યું હોય ?

**વૈરાગ્ય ધાર્યો તે ધાર્યો :-**

હવે એ શું કરે સસરાના ગામે જઈ તપાસ કરે ? એ નથી કરતો; એ તો નોકરની આ લોભદશા અને વિશ્વાસઘાત જોઈ સંસાર પર ઊઠેલા વૈરાગ્યને દઢ કરે છે; વિચારે છે 'ભલે ત્યારે જિનમતિ શુદ્ધ આચારની હોય, પરંતુ સંસાર સમગ્રનું જે દુઃખદ સ્વરૂપ જ્ઞાનીઓ કહે છે અને આ પ્રત્યક્ષ દેખાય પણ છે, તેથી તો હવે ચારિત્ર લેવું એ જ મારે કર્તવ્ય છે. જિનમતિ સારી નીકળી તેથી કાંઈ અસાર સંસાર સારરૂપ નથી બનતો.' એમ વિચારી પાંદડાથી લોહી અટકાવી આગળ ચાલે છે.

એને જિનવચનનો રંગ કેવો લાગ્યો છે તે જોવા જેવું છે. સંસારમાં કોઈ એક બે વાત અનુકૂળ બની આવી, તેથી એને જ્ઞાનીનાં વચનમાં ફેરફાર લાગતો નથી. કેમકે અનુકૂળ પણ દીર્ઘદૃષ્ટિએ અનુકૂળ નથી.

**અંતરમાં ઝગમગી ઊઠેલ જિનવચનના પ્રકાશે હવે તો મોહના અંધારાં ઉલેચાઈ ગયા, તે પાછા ઘાલવાના જ નહિ.**

ભલેને સંસારમાં કોઈ વાત અણધારી અનુકૂળ બની આવી, પણ તેથી શું ? એ તો એક પુણ્યની લીલા છે, અને પુણ્ય અંતે તો નાશવંત જ છે, એટલે કાંઈ કાયમી નિરાંત તો થવાની જ નથી. માટે કોઈ નિમિત્તે કે ગુરુનો ઉપદેશ સાંભળી જે પ્રજ્ઞા જે શુભ બુદ્ધિ ઊભી કરી તેને હવે અસ્થિર નહિ કરવાની; અસ્થિતપ્રજ્ઞ નહિ બનવાનું. સ્થિતપ્રજ્ઞતા જ રાખવાની, એ ત્યારે જ બને કે જો જિનવચનનો રંગ હૈયે ફટાકિયો હળદરિયો નહિ, પણ દઢ ચોળમજીઠનો લગાવી દીધો હોય. સીતાજીમાં આવો જ રંગ હોવાનું આગળ પર જોવા મળશે કે દિવ્ય



કરીને દુનિયામાં પોતાનાં સતીત્વનો મહાયશ મળવાની અનુકૂળતા અને રામ વગેરે તરફથી ભારે આદર-સત્કાર મળવા છતાં એની જિનવચને રંગાયેલી બુદ્ધિ કઈ તરફ લઈ જાય છે.

**રગરગ અને રોમેરોમમાં વ્યાપી ગયેલ જિનવચનનો રંગ આત્માના નૂર ફેરવી નાખે છે !** મહાતેજસ્વિતા અને તત્ત્વદર્શિતાને જ ઝગમગાવે છે ! પછી સંસારમાં થોડું મનગમતું બની આવ્યું સારું અનુકૂળ અનુકૂળ થઈ આવ્યું તેથી શું ? તેથી કાંઈ હવે મોહભરી મુડદાલગીરી અને અજ્ઞાનનું અંધારૂં થોડું જ ઊભું થાય ? જિનવચનના પ્રકાશથી હૈયે જો અજવાસ અજવાસ પાથરી દીધો છે, તો એ તો સંસારની વિશ્વવ્યાપી નિર્ગુણતા-અસારતા-તુચ્છતા દેખાડે છે. એમાં કદાચ એકાદ બે ઘટનાની તાત્કાલિક અનુકૂળતા બની આવી, તો એ વિસાતમાં નથી. અસારતાનાં વિશ્વદર્શન થયે અર્થાત્ હજારો-લાખો વાતમાં કાંઈ જ સાર નથી દેખાતો, અનંતા કાળના અનુભવ ભરચક અસારતા જ દેખાડે છે, પછી કોઈ એક ખૂણામાં બની આવેલ તાત્કાલિક અનુકૂળતા થોડી જ સારરૂપ ગણાય ? અંતે એ ય અસારતામાં જ પરિણમવાની છે. ભૂતકાળમાં આવું ક્યાં નથી બન્યું ? પૂર્વ ભવોમાં શું અનુકૂળ અનુકૂળ નથી બની આવ્યું ? પણ છેવટે શું ? મૃત્યુના આક્રમણે બધું લોપ ! નવા ભવે નવી વેઠ વિટંબણા અને અંતે ઠગાવાનું. વર્તમાન ભવ કહી રહ્યો છે કે પૂર્વ ભવોમાં મળેલી બધી અનુકૂળ સુખસગવડ ત્યાંની ત્યાં રહી અને અહીં નવી વેઠ ચાલુ છે. સંસારમાં વેઠની વેઠ જ ઊભી રહે એ જ અસારતા છે. ત્યાં બે ચાર વાતમાં તત્કાલ અનુકૂળતા દેખાય તેથી શું ? જિનવચને સંસારની કરાવેલ ઓળખ પર તત્ત્વપ્રકાશ અંતરમાં રેલાઈ ગયો, તત્ત્વદર્શિતા ઊભી થઈ ગઈ, હવે કામચલાઉ અનુકૂળતા સંસારમાં સાર દેખવાના અજ્ઞાનાંધકારને પેસવા દે નહિ.

એમ સંસારત્યાગની તેજસ્વિતા ઊભી થઈ, એ સંસારની વ્યાપક નિર્ગુણતા દેખીને; હવે એ પાછી 'ના ત્યારે, હવે તો આટલું અનુકૂળ બની આવે છે, તો ભલે સંસારવાસ રહ્યો' એવી મોહની મુડદાલગીરી ન આવવા દે. આત્મા એકવાર ટટ્ટાર થઈ ગયો, ત્યાગનું જોમ ઝળકી ઊઠ્યું, પછી થોડા અનુકૂળમાં શાનુ લહેવાઈ જઈ ગળિયા થવાનું હોય ! શાનું મુડદાલ બની ભોગ વિલાસમાં આસક્ત બનવાનું ઊભું થાય ? સત્ત્વ ખીલવ્યાં તે ખીલવ્યાં; હવે એને મોળા પડાય નહિ.

**આચારાંગસૂત્ર** કહે છે **'ખણે દુલ્લહે'** - અવસર દુર્લભ છે, તત્ત્વ દર્શનના પ્રકાશ અને વૈરાગ્ય તથા ત્યાગસંકલ્પની તેજસ્વિતા ઊભી કરવાની તથા ટકાવી રાખવાની નહીં તક મળેલી છે, એ તક અતિ દુર્લભ છે ! આવી દુર્લભ તકને વેડફી કેમ નખાય ?

**ભલેને થોડું અનુકૂળ સુખ બની આવ્યું, તેથી શું ? મોહના અંધકાર થોડા જ પાછા આવકારાય ?** ત્યાગનાં તેજ મૂકી ભોગની મુડદાલ રાંકડાગીરી થોડી જ અપનાવાય ? એ તો તત્ત્વદર્શિતા અને તેજસ્વિતા જ ઊભી રાખવાની, સમુદ્રદત્ત એ કરી રહ્યો છે.

**ચાણક્યની તત્ત્વદર્શિતા-તેજસ્વિતા**

રાજા ચંદ્રગુપ્ત પછી એનો પુત્ર બિન્દુસાર ગાદીએ આવ્યો. ત્યારે ચાણક્ય મહામંત્રી હવે ઘરડો થયો છે, તે રાજાને સમજાવીને પોતાની જગાએ એક બીજા મંત્રીને ગોઠવાવે છે, અને પોતે કોઈ ખાસ પ્રસંગે સલાહ આપવાનું માથે રાખી નિવૃત્તિ લે છે. છતાં રાજાની પૂર્ણ આસ્થા તો ચાણક્ય ઉપર જ છે; તે પેલા નવા મંત્રી સુબુદ્ધિને ખૂંચે છે. એટલે એ ચાણક્ય પ્રત્યે દ્રોહ કરવા તૈયાર થાય છે. એક દિવસ રાજાને એ ચઢવણી કરે છે કે 'ચાણક્યે તો તમારી માતાનું પેટ ચીરી નાંખેલું.' રાજા સાંભળીને ચોંકી ઊઠ્યો. એને આમ ચાણક્ય પર બાપ જેવું બહુમાન હતું તે એકદમ અભાવ થઈ ગયો. ચાણક્ય ત્યાં આવતાં રાજા તરફથી અભાવ જોતાં ગભરાયો કે 'રખેને મારા આખા કુટુંબનો નાશ કરી નાખે તો ?' તેથી એણે ઘરમાંથી નીકળી જઈ નગરની બહાર જઈ સંસારના સંબંધો છોડી અરિહંતનું ધ્યાન લગાવ્યું.

અહીં રાજા પોતાની ધાવમાતાને પૂછે છે કે 'શું આ ખરી વાત છે કે ચાણક્યે મારી માતાનું પેટ ચીરી નાંખેલું ?'

ધાવમાતા કહે છે, 'વાત તો ખરી, પરંતુ શા માટે એ જાણો છો ? જેણે તમને આ વાત કરી હશે એને તમે પૂછ્યું હશે ને કે શું કારણ ?'

રાજા કહે 'ના એ તો પૂછ્યું નથી.'

'તો પછી એ જાણ્યા વિના જ તમે તમને જીવતદાન દેનાર અને આટલી ઊંચી સ્થિતિએ પહોંચાડનાર ચાણક્યને દુશ્મન માની લીધો ? અને એને બિચારાને નગરની બહાર નીકળી જવું પડ્યું ?'

રાજા મુંઝાયો કે 'આ મેં શી ઉતાવળ કરી નાખી ?' પૂછે છે 'પેટ ચીરવાનું શું કારણ હતું ?'

**ચાણક્યે બિંદુસારની માતાનું પેટ કેમ ચીરેલું ?**

ધાવમાતા કહે છે,'તમારા પિતાજી પર ક્યારેક કદાચ રાજખટપટમાં કોઈ દુશ્મન તરફથી ગુપ્તપણે ઝેરનો પ્રયોગ થાય તો પિતાજી મરે નહિ એ માટે ચાણક્યની સલાહથી એ થોડા સોમલવાળી રસોઇ જમતા હતા. એકવાર તમારી માતાએ પિતાજીને આગ્રહ કર્યો કે મારે તમારા ભાણામાં ભેગું જ જમવું છે. એને ઘણીય



ના પાડવા છતાં જીદ મુકી નહિ, ને એ રાજાના ભેગા જમવા બેઠી. પરંતુ એ ભોજનથી મહારાજા ટેવાયેલા, તમારી માતાં ક્યાં ટેવાયેલી હતી ? ભોજન કરીને ઉઠયા પછી થોડી જ વારમાં એના શરીરમાં ઝેર પ્રસરવાથી છેલ્લા પ્રાણે પહોંચી ગઈ. ત્યારે તમે ગર્ભમાં હતા. ત્યાં ચાણક્યે જોયું કે 'આ તો મરશે, પણ ગર્ભ નાશ પામશે, તેથી કુશાગ્ર બુદ્ધિ વાપરી તરત જ તમારી માતાનું પેટ ચીરી તમને બહાર કાઢી લીધા ! તમારા મસ્તક પર ઝેરી બિંદુ પડેલું નિવારણ કરી લીધું, પણ તે પરથી તમારું નામ બિંદુસાર રાખવામાં આવ્યું . આમ તમે બચી ગયા. બોલ હવે, ચાણક્યનો તમારા ઉપર કેટલો ઉપકાર ?'

**બિંદુસારનો પશ્ચાત્તાપ અને ક્ષમાયાચના**

રાજા તો આ સાંભળતા થીજી જ ગયો ! એને પારાવાર પસ્તાવો થયો ! કલ્પાંત કરે છે કે 'અરરર ! આ મેં શું કર્યું ? પેલા લુચ્ચા સુબુદ્ધિનું એકાંગી વચન માની લીધું ? ને મને જીવનદાન આપનાર પરમ ઉપકારી ચાણક્યને છેહ દીધો ?

(૧) એણે મને માતાનું પેટ ચીરી બહાર ન કાઢ્યો હોત તો હુંય માતાની સાથેસાથે મરત જ ને ?

(૨) બહાર કાઢ્યા પછી પણ એણે મને કાળજીથી ઉછેર્યો. નહિતર શોકય માતાઓની ઈર્ષ્યાનો કદાચ ભોગ બની જાત તો ય ખત્મ થઈ જાત !

(૩) વળી એણે બધી રાજશિક્ષા આપી રાજનીતિ શિખવાડી ઠેઠ આ સ્થિતિ સુધી પહોંચાડ્યો.

આવા મહાન ઉપકારી પ્રત્યે આ મેં શું કર્યું ? કેટલો હું નરાધમ ? વિશ્વાસ-ઘાતી ? કૃતઘ્ન ?'

રાજાની આંખમાંથી આંસુ ઝરે છે, દડદડ પાણી પડે છે. રોતાં રોતાં ધાવમાતાને કહે છે,' મેં આ ભયંકર સાહસ કરી નાખ્યું છે. હું પાપાત્મા છું. કૂતરા કરતાં નીચ છું. મારી કઈ ગતિ થશે ?

ધાવમાતા આશ્વાસન આપતાં કહે છે, 'હજી બગડી નથી ગયું. જાઓ, નગર બહારથી ચાણક્યને મનાવી લાવો.'

રાજા તરત ઊઠ્યો; પહોંચ્યો. નગરની બહારથી ચાણક્યને ખમાવે છે, માફી માગે છે. પણ હવે તમારા અથાગ ઉપકારને સાંભળી મને પારાવાર પશ્ચાત્તાપ થાય છે ! માફ કરો, ચાલો નગરમાં'

**ચાણક્યની અડગતા :-**

ચાણકય ધ્યાનમાં જ રહે છે, બોલતો નથી ફરીથી પણ રાજા વિનવે છે; પરંતુ ચાણક્યને મૂકવાનું ધ્યાન મૂકવાનું છે નહિ. ત્યારે રાજાના મનમાં લાગે છે કે

'મારી એકલાની ક્ષમા-યાચના શું મંત્રી સુબુદ્ધિને અહિ ક્ષમા યાચના મોકલું.' એમ વિચારી નગરમાં પાછો જઈ સુબુદ્ધિને બોલાવી ખખડાવે છે,-

'અરે દુષ્ટ ! આ તેં મને શું ઊંધું ભરમાવ્યું ? માતાનું પેટ તો ચાણક્યે એ ઝેરથી મરતી હતી તે મને એના ગર્ભમાંથી બચાવી લેવા ચીરેલું, તે તેં અડધી વાત કરીને મારા પરમ ઉપકારીને ખોટો ચીતરી એના પર મન અભાવવાળો કર્યો ? આ તારા પાપે એ રીસાઇ જઇ નગર બહાર બેઠો છે. જા, જા, જઇને એની ખૂબ ખૂબ ક્ષમા માગી એને મનાવી લાવ. ભાન વિનાના ! તને મંત્રીપદે લાવનાર ઉપકારીને છેહ ?'

**સુબુદ્ધિ માફી માગે છે :-**

રાજાના આ બોલ પર સુબુદ્ધિ સમજી ગયો કે 'મારું પોકળ ખુલ્લું પડી ગયું. ગભરાઇ ગયો કે રાજા હવે શું ય સજા કરી નાખે ?' રાજાની પગે પડી ક્ષમા માગીને જાય છે ચાણક્ય પાસે. એના પગમાં પડી આંખમાં પાણી સાથે કહે છે, 'પ્રભુ ! માફ કરો.મેં તમારો દ્રોહ કર્યો છે. તમે તો મને ઠેઠ ઊંચા મુખ્ય મંત્રી પદે બેસાડવાનો મહાન ઉપકાર કર્યો, પણ ઈર્ષ્યાથી મેં નરાધમે રાજાને 'ચાણક્યે તો તમારી માતાનું પેટ ચીરી નાખેલું' એવી અડધી વાત કરી ઉશ્કેર્યો. તમારી તરફ અભાવવાળા કર્યા. માફ કરો આટલો મારો ગુનો. ચાલો પધારો નગરમાં.'

**ચાણક્યે જીવનમાં કેટલું સહેલું :-**

જુઓ , રાજા પશ્ચાત્તાપ સાથે માફી માગી ગયો, હવે મંત્રી પણ ક્ષમા માગે છે, છતાં ચાણક્ય પોતાના ધ્યાનમાં જ રહે છે; જવા તૈયાર નથી. અહીં જોવા જેવું છે કે ચાણક્યે જીવનમાં કેટકેટલું સહ્યું છે ! આ રાજા બિન્દુસારના પિતા ચંદ્રગુપ્તને એક મયૂરપાલકના પુત્રમાંથી એણે રાજા બનાવ્યો હતો. તે માટે નંદ વંશના છેલ્લા રાજાને ઊખેડી નાખવા ભારે કષ્ટ સહ્યાં હતાં ! તે પછી પણ રાજ્ય વ્યવસ્થિત કરવા અને દુશ્મન રાજાઓના મદ ઉતારવા ઘણું સહેલું ! બાદ, આ બિન્દુસારને રાજા, અને સુબુદ્ધિને મંત્રી બનાવ્યો. ત્યાં પણ રાજ્ય સુસ્થિત રાખવા કેટલુંય સહ્યું હશે ! જીવન કેટકેટલું સહન કરવામાં ગયું ! એમાં વળી એ બધાને અંતે ખુદ એ મંત્રી અને રાજા તરફથી દ્રોહ થવાનો શિરપાવ મળે છે, પોતાને નગરની બહાર આવી બેસી જવું પડે છે !

**તમારા જીવનને સરખાવો :-**

વિચારો એટએટલું સહન કરવા ઉપર છેહ મળે ત્યારે જીવન પર કેટલી બધી નિરાશા આવી જાય ? તમે કેટલું સહન કરો છો ! છતાં જરાક ટોણોટપકો આવતાં મન બગડી જાય છે ! કેઈ વિકલ્પો ચાલે છે ! આર્તધ્યાનના પોટલાં ઊભા



થાય છે ! અને એમાં વળી જો કોઈના પર આપણે ઉપકાર કરેલાં છતાં, એ છેહ દે, તો તો મગજ એના દ્વેષની જ વિચારણાથી ખચ ભરાઈ જાય છે ! ત્યારે અહીં ચાણક્યને મગજ ફોરું છે. દ્વેષના વિકલ્પોને બદલે એ ધર્મનું શરણું લે છે ! ભગવાનનું ધ્યાન કરે છે ! કારણ ? આ જ કે,

**જે ભગવાનને નહિ ભજવાથી કે ભજવામાં ખામી રાખવાથી જ આપત્તિ આવી છે, હવે એ ભગવાનનું જ શરણું લેવામાં ડહાપણ છે. આપત્તિને બચકાં ભરવાથી શું વળે ?**

તમારા જીવનની આની સાથે તુલના થાય છે ?

સહન કરવામાંથી ભાગેડુ થતાં શરમ લાગે છે ?

જીવનમાં ઉપરાપર સહવાનું આવી પડે તો તેને સત્ત્વથી સહી લેવાની ધગશ છે ? માયકાંગલાવેડાભર્યું જ જીવન કે ' હાય ! સહવાનું આવ્યું ! કેટલું સહન થાય ? અને વળી જેના પર અથાગ ઉપકાર કર્યો એના તરફથી સહવાનું આવ્યું ? હાય, ભગવાન ! આ કેવા દહાડા મારે જોવાના આવ્યા ?' આવા ને આવા માયકાંગલાવેડા જ ને ? વિચારો, વિચારો, ઊંચા ક્યારે આવશો ?

**સત્ત્વથી સહન કર્યા વિના ઊંચા નહિ અવાય.** આત્મવિકાસનો આ માર્ગ છે કે સહન કરવામાં કંટાળો નહિ. કંટાળો આવે તો આપત્તિ પર નહિ, પણ જે સંસારના કારણે આપત્તિ છે એ સંસાર ઉપર કંટાળો લાવો. આપત્તિ માટે ધૈર્ય કેળવો એમ સમજીને કે સંસાર એટલે આપત્તિ હોય જ; હમણાં નહિ તો પછી, પણ આપત્તિ ખરી જ.

**સંસાર આપત્તિઓનું ઘર છે.** જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી આપત્તિ રહેવાની, પરંતુ એને સત્ત્વથી સહન કરી લેવામાં સંસાર કપાતો આવે છે. અલબત, સાથે સાથે સંસાર પર ભારોભાર ઉદ્વેગ જોઇએ. બસ સમજી રાખો,

**સંસાર પર ભારોભાર ઉદ્વેગ રાખી આપત્તિઓ સત્ત્વથી શાહજોગ સહન કરી લેવી એ સંસારને કાપવાનો અદ્દ્ભુત ઉપાય છે.** કેમકે એમાં વિપુલ સકામ નિર્જરા થાય છે; કર્મનાં બંધનો તૂટે છે.

**આપત્તિથી ભાગવામાં** કર્મ ઊભા રહે છે, રોતડપણે સહન કરવામાં જે સહ્યું એનું કર્મ તો વિખરાયું, પરંતુ રોતડપણાના યોગે અશુભ ભાવ હોવાથી જ્ઞાનાવરણાદિ અશુભ કર્મ થોકબંધ ઊભા થાય છે.

**પાર્શ્વનાથ ભગવાનના જીવ** મરુભૂતિને પહેલા ભવમાં કમઠે શિલા માથા પર ઠોકી; ભયંકર સહવાનું અને મરવાનું આવ્યું, પણ રોતડપણે સહન કર્યું, તો મરીને જંગલમાં હાથણીના પેટે હાથી થયા ! તોફાની હાથી ! ક્યાં રહ્યું જ્ઞાન ? ક્યાં

વિવેક ? ક્યાં માનવસુલભ સુખસગવડ ? કેમ નહિ ? જ્ઞાનાવરણ, મોહનીય, અંતરાય વગેરે કર્મો ઉદયમાં આવ્યાં ! બાંધ્યા વિના ? ના, બાંધેલાં જ કર્મ ઉદય પામ્યા. ત્યારે એજ હાથીએ પરિચિત અવધિજ્ઞાની રાજર્ષિ અરવિંદ મહાત્મા પાસેથી જાતિસ્મરણ જ્ઞાન અને ધર્મ પામ્યા પછી, અંતે જ્યાં કમઠ-સર્પથી ડસાઈ ભયંકર સહવાનું આવ્યું, ત્યાં રોતડપણે નહિ કિન્તુ સત્ત્વથી સહર્ષ સહન કર્યું ! તો મરીને એ હાથી દેવલોક ગયો કેમ ? સત્ત્વથી સહર્ષ સહન કરવામાં. સહ્યાનાં કર્મ તો ખપે જ છે, પણ બીજા ય કેઈ કર્મ ક્ષય પામે છે ! તેથી સંસાર કપાય છે. કેટલો બધો તફાવત ?

**મનુષ્ય ભવ છતાં પતન ! તિર્યંચભવ છતાં ઉન્નતિ ! શાથી ? રોતાં સહન અને સહર્ષ સહનના મોટા અંતરથી.**

**સહવાનો અભ્યાસ પાડો :-**

સમજી રાખવા જેવું છે કે મરુભૂતિને ધર્મ ફરસ્યો હતો, છતાં સહન કરવાનું આવ્યું ત્યાં ભૂલા પડી ગયા ! આ સૂચવે છે કે અવસરે મોટી આપત્તિ પણ સહર્ષ સહાય એ માટે ચાલુ જીવનમાં નાનું નાનું સહવાનું આવે એ સત્ત્વ ધરી સહર્ષ સહતા રહેવાનો અભ્યાસ જોઈએ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૫,અંક-૨,તા.૧૦-૯-૧૯૬૬**

**દર્શન આવરાય નહિ :-**

ચાણક્યને રાજા અને મંત્રી બંને ક્ષમા માંગી આવકાર આદર-સત્કાર સાથે પાછો લઈ જવા વિનવે છે, છતાં ચાણક્ય જવા તૈયાર નથી. કેમ વારુ ? એટલા જ માટે કે જિનવચનના રંગથી સંસારની ઓળખ કરી લીધી. ભલે દુઃખનો પ્રસંગ પામીને, પરંતુ હવે એ સંસાર સુખ દેખાડે તેથી લલચાવાની વાત નહિ. કેમકે એથી કાંઈ સંસાર સુખમય, વિશ્વસનીય સગુણ સારભૂત બની જતો નથી. તેથી એક વાર એમાં સમ્યગ્દર્શન કર્યું તે કર્યું, હવે એ દર્શન આવરવાનાં નહિ, વિસરવાનાં નહિ. આવરાય-વિસરાય તો 'એ દર્શન તકલેદી કર્યા હતાં' એ સાબિત થાય.

**આ દુઃખદ ભવચક્રમાં વસ્તુનાં સમ્યગ્દર્શન ક્યારેક જ લાધે છે. એ લાધ્યાં પછી મિથ્યાદર્શન કેમ ઘલાય, ઘોર અંધારી ગુફામાં પ્રકાશે રત્નદર્શન કે કાચદર્શન સાચાં કર્યા પછી હવે એને મિથ્યા વિપરીત રીતે કેમ જોવાય ?** ઉપદેશ સાંભળતાં સચોટ લાગી ગયું કે લક્ષ્મી ભૂંડી, દાન ઉત્તમ; રસ ભૂંડા ત્યાગ સુખદ' હવે ઘરે ગયા પછી પત્ની વગેરે કોઈ ગમે તે કહે તેથી ' લક્ષ્મી સારી, રસ સારા, દાન



ત્યાગ દુઃખદ ' એમ કેમ મનાય; ભલે ને એ લક્ષ્મીઆદિ કામ લાગતા હોય, અને સુખ દેખાડતા હોય ? વસ્તુની સાચી પિછાણ કરી તે કરી; એને ઓળવાય નહિ.

**અસારમાંથી સાર કમાઈ લેવો :-**

ચાણક્ય ત્યાં જ રહે છે, અનશન સ્વીકાર્યું છે, ત્યાં સુબુદ્ધિએ એનો સત્કાર દેખાડવા દીવા-ધૂપ કરેલા છે. એ પાસેના ઘાસ વગેરેને બાળે છે. એથી મહાત્મા ચાણક્યને શેકાઈ જવાનું મહાકષ્ટ આવે છે ! છતાં એ ત્યાંથી ખસવા તૈયાર નથી. સંસારદર્શન કર્યું તે કર્યું. કાયા પણ સંસાર છે, અને સંસાર અસાર છે. અસારના હવે આદર શા કરવા ? હવે તો સળગતી અસાર કાયાથી સારભૂત આરાધના, રત્નત્રય યાને દર્શન-જ્ઞાન-ચારિત્રની રક્ષા કરી લેવાની, સમાધિ કમાઈ લેવાની. મહાત્મા ચાણક્ય અનશન પાળી શેકાઈ જઈને મરી સ્વર્ગે જાય છે. આમ પહેલાં ત્યાં રાજાની ગેરસમજે અનર્થ ઊભો થયો હતો, પણ પછી એને સમજ આવીને એ ભારે પશ્ચાત્તાપ દેખાડે છે ! છતાં ચાણક્યે કરેલ દર્શન ફેરવ્યું નહિ ! ઘર તરફ પાછા પગલાં માંડ્યા નહિ.

પેલા સમુદ્રદત્તનું પણ એવું જ છે. પત્ની જિનમતિના ભલે ખોટા સમાચાર મળ્યા હતા, પરંતુ એના પર સંસારનું દર્શન ચોક્ખું સાચું કર્યું હતું, હવે સમજાય છે કે એ સમાચાર ખોટા હોય, છતાં કરેલું સમ્યક્ સંસાર-દર્શન આવરવા-ઓળવવાની વાત નહિ. કરેલો સંસારત્યાગનો નિર્ણય ફેરવવાની વાત નહિ. બસ, ગુરુ પાસે પહોંચી જઇ વૈદ પાસે ઘાની મરામત કરાવી સ્વસ્થ થયે ચારિત્ર લઇ લીધું. હવે જુઓ,

**જિનમતિની પણ જિનવચનથી રંગાયેલી બુદ્ધિ.** એને આ દીક્ષાના સમાચાર મળ્યા એટલે પોતાના પિતાને કહે છે 'મારે એમના દર્શને જવું છે.' પિતા સંમત થઇ સગવડ કરી આપે છે તે લઇને એ ત્યાં પહોંચી જાય છે, પતિ મુનિના દર્શન-વંદન કરી પરમ આલ્હાદ અનુભવે છે, એ કહે છે, 'આર્યપુત્ર ! તમે બહુ ઉત્તમ કાર્ય કર્યું. **આ દુઃખદ સંસાર-કૂવામાંથી આપના આત્માને ઉગારી લીધો ! અને મને પણ ઉગારી !** મને પણ ભવનિસ્તરણની તક આપી, સગવડ કરી દીધી ! તમારો કેટલો ઉપકાર માનું !'

આમાં છે ક્યાંય વાસના કે કષાયનો ઉકળાટ ? કોઈ વિષયાકાંક્ષાનો બફારો ? 'હે તમે આ શું બાળ્યું ? કોને પૂછીને દીક્ષા લીધી ? દીક્ષા લેવી'તી તો હાથ પકડતાં વિચાર કરવો હતો ને ? આ મને ફસાવીને મારવાનો ધંધો ? શરમ નથી ? દયા નથી ? આવું કાંઈ બોલવાનું તો શું, પણ વિચારમાં ય નથી કારણ, જિનવચનથી એનું મન રંગાયેલું છે.

**જિનવચન એને શીખવે છે કે,**

(૧) 'માનવભવ ભોગ માટે નથી, ત્યાગ માટે છે; ત્યાગનાં જ મૂલ્યાંકન માટે છે. ભોગના ભવ ઘણા, ત્યાગનો ભવ આ

(૨) ભોગથી ભય વધે છે; ભવપરંપરા લાંબી થાય છે; એકેન્દ્રિયપણાથી આટલે ઊંચે આવ્યાનું નિષ્ફળ જાય છે; પરમાત્મા અને એમનાં શાસન-તત્ત્વથી દૂર રહેવાય છે.

(૩) 'સંસારમાં સંબંધી તો ઘણા મળે; પણ ભોગ મૂકી ત્યાગે ચડનાર-ચડાવનાર કોક જ મળે ! લાખોમાં એક મળે ! એવા સંબંધીએ તો આપણા ભવની જંજાળ કાપી; મુક્તિનો રાહ દેખાડ્યો ! દુર્ગતિ બંધ કરાવી ! બાકી તો ચકલાચકલીના સંબંધ !

(૪) 'કર્મના બંધનોમાં જકડાવાની સગવડ કરી આપે એ હિતૈષી શાના ? સાચા સ્નેહી તે કે જે હિતમાં જોડે સંસારના મૂળ પાયાભૂત રાગ-દ્વેષને ઉખેડવાની સગવડ કરી આપે એ સાચા હિતૈષી છે.

(૫) 'આ અથાગ લોકસ્થિતિમાં તત્ત્વના અંધકાર અને પાપસ્થાનકો ભરચક ભર્યા છે, તત્ત્વ પ્રકાશ અને ધર્મ દુર્લભ છે, પાપથી બચવું મુશ્કેલ છે. તે આ ખૂણેખાંચરે જેવા પડેલા માનવભવે સુલભ-સુકર બને છે. આવી મોંઘેરી તક શા સારું ગુમાવવી ? જગતમાં બીજે દુર્લભ એવી વસ્તુ જો અહીં સુલભ છે, તો એને માટે અહીં પ્રયત્ન નહિ થાય તો ક્યાં થશે ? માટે જ માતા, પિતા, કે પત્ની વગેરે આ જીવનમાં તત્ત્વપ્રકાશ અને પાપત્યાગ સાથે ધર્મ સુલભ કરી આપતા હોય તો હૃદયના આનંદથી એ વધાવી જ લેવા જોઈએ.

(૬) વળી જીવનમાં પ્રસંગ બે જાતના; **૧.** ચાલુ બનતા અને **૨.** અણચિંત્યા અક્સ્માત બની આવતા. એમાં જેમ એકાએક કોઈ મોટો દલ્લો કે સત્તા સન્માન મળી આવે, તો લોક વધાવી લે છે, એવી રીતે અણચિંત્યું પણ બ્રહ્મચર્યપાલન વગેરે મળી આવે તો કેમ ન વધાવી લેવું ?''

જિનવચન આ શીખવે છે. જિનમતિ જિનવચનના રંગે રંગાયેલી હોઇ એને પતિ સમુદ્રદત્તની એકાએક દીક્ષા સાંભળીને કોઈ આઘાત કે દુઃખદ ન લાગતાં એ વાતને વધાવી લે છે. માટે ઘરે પણ કોઈ ખેદ, કલ્પાંત કે બળાપો એણે કર્યો નહિં. અને અહીં પણ સમુદત્ત મુનિની સામે પણ એમાંનું કશું જ ન કરતાં અનુમોદના કરે છે ? ઉપકાર માને છે કે એ પોતે તરીને એને તરવાની તક આપી ! કેટલી ઊંચી આત્મદશા !

**દષ્ટિનાં વલણ પર આધાર છે કે કઇ બાજુ વિચારસરણી ઊતરી પડે, અને**



**કેવી પ્રવૃત્તિ અખત્યાર કરાય.** જિનવચન દષ્ટિનું વલણ ઘડી કાઢ્યા પછી ઉત્તમ પવિત્ર અને ઉદાર વિચારસરણી ચાલે, તેમજ પ્રવૃતિ પણ ઊંચી નિર્દોષ અને સ્વ-પર હિતકારી હાથ ધરાય, એ સહજ છે.

**ઉચ્ચ વલણના બીજા દાખલા :-**

**આર્યરક્ષિતની માતા** જિનવચનથી ભાવિત મતિવાળી, એટલે એનું દષ્ટિનું વલણ એ છે કે 'પુત્ર આર્યરક્ષિત દુનિયાની નજરમાં ભલે મોટો પંડિત થઇ આવ્યો પરંતુ એ પંડિતાઈ મિથ્યા તત્ત્વોની, અને ભરચક અભિમાન તથા સંસારવાસના પોષનારી હોઈ પુત્રના આત્મહિતની ઘાતક છે; તેથી એ આવકારવા-વધાવવા યોગ્ય નહિ.' -આ વલણ હોઈને એણે જગતે સન્માનેલા પુત્રનું ગૌરવ અનુમોદના કરી નહિ. બલ્કે એને અંતિમ જિનાગમ-'દષ્ટિવાદ' ભણવાની પ્રેરણા કરી. એમાં ગર્ભિત પ્રેરણા ચારિત્ર લેવાની આવી ગઈ.

**રાજા શ્રેણિકને** જિનવચનની દષ્ટિનું વલણ હતું તો પોતાની ઉંમર થવાના હિસાબે રાજ્ય ચલાવવા સમર્થ એવા પુત્ર અભયકુમારને રાજયગાદી સોંપવાની ઈચ્છા છતાં જ્યાં એની મરજી ચારિત્ર લઈ આત્મકલ્યાણ સાધવાની દેખી, ત્યાં ખુશીથી એ વાત વધાવી લીધી.વધાવી તે એટલે સુધી કે અભયકુમારની દીક્ષા થયા બાદ કોણિક શ્રેણિકનો દ્રોહ કરી એમને કેદમાં પૂર્યા તોપણ જિનવચનના રંગવાળા શ્રેણિકે જરાય અફસોસી ન કરી કે 'હાય ! આ અભયે દીક્ષા કાં લાધી ? અને મને આ સ્થિતિમાં કાં ઉતાર્યો ?' ના, જરાય નહિ. એમણે તો જેલમાં બેઠા પણ અનુમોદના કરી કે 'અહો એ મેઘકુમાર, નંદીષેણ, સુબાહુકુમાર, અભયકુમાર વગેરેને ધન્ય છે કે જેમણે રાજાશાહી સુખો ભર્યા પણ સંસારનો ત્યાગ કરી મહાવીર પ્રભુના ચરણ પકડ્યા ? સ્વાત્માને ઉદ્ધરી લીધો ! હું કમનસીબ કે સંસારના ખાડામાં પડી રહ્યો!' **એમની ઉચ્ચ દષ્ટિનું વલણ આત્મહિતને મુખ્ય કરવા તરફ હતું.** માટે તો રત્નકંબળ ખરીદવામાં પૈસા વેરવાની તૈયારી નહિ, પણ પ્રભુની સુખશાતાના સમાચારની વસ્તુ વધાવી લેવામાં પ્રીતિ-દાન દેવાનું સહર્ષ કરવાનું રાખેલું !

જિનમતિએ ઉચ્ચ દષ્ટિનાં વલણને લીધે પતિના ચારિત્રની ભારે અનુમોદના કરી અને પોતે પણ પછી ચારિત્રમાર્ગે ચડી ગઇ ! જિનવચનથી આ પતિ-પત્ની અને એમના માતાપિતાની કેવી રંગાયેલી બુદ્ધિ ! ક્યાંય ચિત્ત બગાડવાનું છે ?

**પુત્રો રામ સામે લડ્યા... :-**

**મહાસતી સીતાજી પણ** ઉચ્ચ દષ્ટિનાં વલણથી એવી કેળવાયેલી બુદ્ધિના હિસાબે પુત્રોને કહી રહ્યા છે કે 'પિતાજીની સામે લડવા ન જવાય, એમનાં દર્શને જઇ શકો.' છતાં લવણ અને અંકુશ તો માતાની ભક્તિના આવેશમાં લડવા ગયા,

રામ અને લક્ષ્મણને યુદ્ધનું આહ્વાન આપ્યું ; અને નરવીર પણ રામ અને લક્ષ્મણ એમને જીતી શક્યા નહિ, ચોંકી ઊઠ્યા કે 'આ કોણ છે !' નારદે આવી ઓળખાણ કરાવી, ત્યાં શસ્ત્રો હેઠાં મૂકી સામા લેવા આવ્યા ! તો લવણ-અંકુશ પણ સામે જઇ પિતા અને કાકાના પગમાં પડી જઇ કહે છે, માફ કરજો, આ તો જરા અમારી માતાના સમર્થ રખેવાળ મોજુદ છે એ બતાવવા આ અમારી બાળચેષ્ટા હતી, અવિનય થયો હોય એની ક્ષમા કરજો.'

**ચિત્તવિશુદ્ધિ માટે હવે છેલ્લી ચોથી વાત** શુભ અધ્યવસાયની અખંડ ધારા અને એને યોગ્ય પુરુષાર્થ ચલાવવાની વિચારવી રહે છે. સાથે મહાસતી સીતાજીના જીવન-પ્રસંગોમાં પણ છેલ્લી દિવ્ય અને દીક્ષાની વાત વિચારવાની છે, એટલે પછી આ વિષય પૂર્ણ થઇ જશે. સાથે જેમ અહીં સુધી સીતાજીના જીવન પ્રસંગોમાં અનેક આત્મવિકાસના માર્ગ વિચારાયા, તેમ હવે પણ વિચારાશે. આપણું જીવન એ માર્ગોથી વ્યાપ્ત કરી મઘમઘતું કરવાનું છે.

**૪. અખંડ શુભ અધ્યવસાય : સીતાજીનું દિવ્ય**

ચિત્તની વિશુદ્ધિ માટે (૧) કર્મ પર અટલ શ્રદ્ધા સાથે ચાલુ કર્મવિપાકનો જાગતો ખ્યાલ, (૨) તત્ત્વાનુસારિતા અને (૩) જિનવચનભાવિત મતિ, ઉપરાંત (૪) ચોથી વાત આ જરૂરી છે કે,- શુભ અધ્યવસાય અખંડ ચાલુ રાખવા વચમાં અશુભ અધ્યવસાય જાગવા જ દેવા નહિ.

**ઊંચા ભવમાં મહત્ત્વ કોને અપાય ?**

**અધ્યવસાય એટલે ?** મનના પરિણામ, માનસિક ભાવ, પરિણતિ, વલણ, લાગણી, લેશ્યા. એ બધા શુભ જોઈએ, અશુભ નહિ; સારા જોઈએ, ખરાબ નહિ. દા.ત મનનો પરિણામ બહુ પૈસા કમાવવા તરફ, રહેતો હોય, 'બસ, રૂપિયા ભેગા કરો' યા 'સુખ સગવડ ભોગવો' એવી જ લગન રહેતી હોય તો તે માનસિક અશુભ પરિણામ છે, અશુભ અધ્યવસાય છે. ત્યાં જ એ લક્ષ હોય કે આ બધું તો ચાલ્યા કરવાનું, પણ આ ધનાર્જન, વિષયવિલાસ, વગેરે કાંઈ આવા ઊંચા ભવનાં કાર્ય નહિ આ તો પશુસુલભ કાર્યો છે; માટે આનું મહત્ત્વ ન અંકાય. મહત્ત્વ તો કર્તવ્ય બજાવવાનું અંકાય, સુકૃત-સત્કૃત્યો આચારવાનું અંકાય, સદ્‌ગુણો કેળવવા-વધારવાનું, દેવ-ગુરુ-ધર્મની સેવા-ભક્તિ-ઉપાસના વધારવાનું મહત્ત્વ ગણાય. માટે એના પર લક્ષ રાખી એ ન ચૂકું.' આના તરફ ધ્યાન રહે તો શુભ અધ્યાવસાય ચાલે. એ વળી સતત ચાલુ રાખવા તરફ ચીવટ-ચોક્સાઈ રહે, તો એની અખંડ ધારા ચાલે. એ જો ચાલે તો પછી ચિત્ત ક્યાં બગડે ?

મહાસતી સીતાજીના હવેના જીવન પ્રસંગમાં આ જોવા મળે છે કે એમને



શુભ અધ્યવસાય અર્થાત્ હૃદયના શુભ ભાવની ધારા કેવી અખંડ ચાલતી હશે ! જુઓ, પિતા-પુત્ર રામચંદ્રજી અને લવણ અંકુશનો ભેટો થઈ ગયો. ત્યારે રામને ખબર પડી કે સીતાજી જીવંત છે. એમને જંગલમાં ત્યજાવાનો ભારે ખેદ પત્તો ન લાગ્યાથી ભારે દુઃખ હતું ! તે હવે હયાત હોવાનું, અને એમના આ બે પુત્રરત્ન હોવાનું જાણવા મળે છે. એટલે હરખનો પાર નથી ! સીતાજીને ત્યાં લાવવામાં આવે છે. હવે એમને નગરમાં લઇ જવા છે. પરંતુ હવે ફરીથી લોક એમના માટે કાંઇ વાંકુ ન બોલે એ માટે લોકને ખાતરી કરાવવી છે કે 'એ મહાસતી છે' એથી

રામ સીતાજીને કહે છે, 'તમે દિવ્ય કરી બતાવો જેથી લોક ફરીથી નિન્દા ન કરે.'

સીતાજી કહે છે, 'આ ન્યાય સારો કે ગુનેગાર લાગેલાને દંડ પહેલાં કરી દીધો અને ગુનાની પરીક્ષા હવે થાય છે ! ખેર ! કહો તે દિવ્ય કરવા તૈયાર છું. કહો તો ધગધગતા અંગારા હાથમાં લઉં, યા સર્પના ઘડામાં હાથ ઘાલું, યા તલવારની ધાર પર ચાલું.... જે કહો તે કરૂં.'

કયા વિશ્વાસ પર આ તૈયારી ? જીવન જીવવાની ખૂબી છે કે એવી રીતે એ વીતાવાય કે દરેક ક્ષણે સાફ દિલ અને પવિત્ર આચારના લીધે નિર્ભીકતા હોય.

**સીતાજીને ત્યાં અગ્નિની ખાઈમાં પ્રવેશ કરવાનું** દિવ્ય નક્કી થાય છે. ૩૦૦ હાથની લાંબી પહોળી ખાઇ ખોદવામાં આવે છે, અને એમાં લાકડા ભરાવી ભડભડતી આગ સળગાવવામાં આવે છે ! કેવી આગ હશે એ ? કલ્પનામાં લાવી જુઓ. ત્રણસો હાથ લાંબી પહોળી એટલે મોટો દાવાનળજ ને ? એમાંથી પસાર થઈ જવાનું છે ! લોકોને જોવા માટે ચારેબાજુ ઊંચા માંચડા ગોઠવવામાં આવ્યા છે. એની વચમાં આ ભડભડતો દાવાનળ સળગી ઊઠ્યો છે ! માંચડા પર બેસી ગયેલ લોક પોકાર કરી ઊઠે છે ! રામચંદ્રજીને કહે છે કે 'આ શું કરી રહ્યા છો ?'

રામ લોકોને કહે છે 'તમારું શાણપણ રહેવા દો. સીતાજીનો અપવાદ તમે ને તમે ગાનાર હતા ને ? ફરીથી પણ તમે એમના સતીત્વ અંગે શંકા ન કરો એની શી ખાતરી ? એ તો હવે દિવ્ય થશે તે જોયા કરો !

**સીતાજીની જાહેરાત :-**

જ્યાં લોકોને દેખતા ત્રાસ છૂટે છે એવા ભડભડતા અગ્નિમાં સીતાએ પ્રવેશ કરવાનો છે, ત્યાં રામ નિશ્ચિન્ત છે, અને સીતાજી પણ પ્રવેશ કરવાને માટે તૈયાર છે ! સતીત્વની શ્રદ્ધા કેવીક હશે ? આ સતીત્વ માત્ર કાયાથી પાળેલ નહિં, કિન્તુ મનથી પણ અણી શુદ્ધ પાળેલું હોવાની ખાતરી જોઇએ. આ તો અગ્નિપરીક્ષા છે, જુબાની પરીક્ષા નહિ. જરાક જો ક્યારે ય પણ મન બગાડ્યું હોય તો અગ્નિ

ચલાવી લે નહિ. ત્યાં કાંઇ પોલ ચાલે એવી નથી, એ તો સહેજ મનથી પણ સતીત્વની મર્યાદા બહારનું વિચાર્યું હોય, તો પણ ખબર લઇ નાખે ! બાળી ભસ્મ કરી નાખે ! આ સ્થિતિની પરીક્ષામાં સીતાજી તૈયાર છે ! ત્યારે એમનું સતીત્વપાલન કેટલું ચોક્કસ હશે ? અગ્નિની ખાઇ પાસે આવી એ કહે છે કે ' જો મેં રામચંદ્રજી સિવાય બીજા કોઇને ક્યારે ય પણ હૃદયમાં ય ઘાલ્યા હોય, તો અગ્નિદેવતા તમે મને બાળીને ભસ્મ કરી નાખજો. અને સતીત્વપાલન મન-વચન-કાયાની અખંડિત હોય તો મને ક્ષેમકુશળ તમારા વચ્ચેથી પસાર થઇ જવા દેજો.'

**પ્રલોભક સંયોગોમાં વિકાર કેમ નહિ ? :-**

જગત વચ્ચેનું જીવન છે એટલે રૂપાળા અને લષ્ટપુષ્ટ કાન્તિ-લાવણ્યથી લચબચ ભરેલા માણસ પણ નજરે ચડી આવે એ સહજ છે. તેમ અનાદિકાળની વાસનાઓ છે એટલે વિકારો જાગવાને પણ અવકાશ છે. છતાં પરરૂપ તરફ સ્હેજ પણ આકર્ષણ મનમાં ન ઊભું થવા દેવું, એ માટે કેટલી બધી સાવધાની હોય ?

**પરરૂપનાં આકર્ષણ કેમ નહિ ?**

મનને ઠેઠ પહેલેથી એવું ઘડી રાખ્યું હોય કે પરરૂપની એને કોઇ કિંમત જ નહિ. એના આકર્ષણ પહેલેથી જ મારી નાખેલાં. શાકાહારીને શું હોય છે ? જીભને માંસાહારીનું પહેલેથી કોઈ આકર્ષણ જ નહિ. એમ કુલીન બાળાના ચક્ષુ વગેરે ઇન્દ્રિયને પરપુરુષના રૂપ આદિના કોઇ જ આકર્ષણ જ નહિ. એની ઉર્મી જ પહેલેથી મરી પરવારેલી; એટલે પછી જગતની વચ્ચે રહેતાં ગમે તેવાં પરરૂપ સામે આવોને એનું આકર્ષણ કિંમત છે જ નહિ પછી વિકાર જાગવાની વાત જ શાની?

બાઇ કે ભાઇ પરરૂપમાં કેમ મરે છે ? કારણ, હૈયે એનું આકર્ષણ બેઠું છે, એટલે નજર સામે રૂપ આવતાં આંખ અને મન વિકાર અનુભવે છે. જો પહેલેથી જ માંસાહારની જેમ પરરૂપને કોડીની કિંમતનું લેખે, મનને એનું કશું જ મહત્વ ન હોય, જરાય આકર્ષણ ન હોય, તો એ સામે આવતાં કશોય વિકાર જાગવાને અવકાશ જ નથી.

**વિકાર ન જાગવાની આ ચાવી છે કે** અભક્ષ્ય માંસાદિ જેમ અસેવ્ય-અદશ્ય પરરૂપની કશી કિંમત જ ન ધરવી, લેશ પણ આકર્ષણ જ નહિ રાખવું. એને કોડીની કિંમતનું લેખવું. નિયમ છે કે જેને કિંમતી ગણો, મહત્ત્વનું ગણો, એ નજર સામે આવતાં દિલમાં એના પ્રત્યે ભાવ જગાડે. દુશ્મનને મહત્ત્વનો દુશ્મન ગણશો એટલે એ દૃષ્ટિ આવતાં દ્વેષનો ભાવ ઝળહળશે. એમ રૂપાળાં પરરૂપને જો મહત્ત્વ આપ્યું, તો એ નજર સામે આવતાં વિકારનો ભાવ જાગવાનો. માટે એનાથી બચવાનો માર્ગ આ કે એને કશું મહત્ત્વ જ ન આપવું, ધૂળ જેવું જ ગણવું. ધૂળની



કાંઇજ કિંમત નથી ગણતા તો એ ગમે તેવી સુંવાળી-રૂપાળી નજર સામે આવે છતાં દિલ એના પ્રત્યે લહેવાઇ જતું નથી.

**એટલે કર્તવ્ય આ છે** કે પરરૂપ વગેરે ફૂટી કોડી જેવાં છે. તુચ્છ છે, એવી ભાવના વારંવાર કરવી, અવરનવર ભાવ્યા કરવું કે **'પરરૂપ એટલે કુછ નહિ; વિષ્ઠાની કોથળી પર રેશમી બોસ્કીનું અસ્તર ! ધૂળનો ચૂંટી કાઢેલો પુદ્ગલનો સંગ્રહ !' મનમાં વારંવાર આવી ભાવના કરવાથી પરરૂપનું આકર્ષણ ઘટી જાય છે.**

**સુવાસિત પાણી એ ગટરના પુદ્ગલ :-**

પેલા સુબુદ્ધિ મંત્રી અને જિતશત્રુ રાજાના પ્રસંગમાં શું બન્યું છે ? જે શુદ્ધ સુવાસિત પાણી પર રાજા આકર્ષાઈ જાય છે, અને એ પાણીની મંત્રીને મન કોડીની કિંમત છે. કેમકે એ જાણે છે કે આ પાણી એટલે નગરની ખાળના ગંધા મળમૂત્ર ભર્યા પાણીના ચૂંટેલા પુદ્ગલ છે. રાજાને એની ખબર નહોતી ત્યાં સુધી આકર્ષાયો, ખુશી ખુશી થઇ ગયો. પરંતુ જ્યાં રાજાએ નજરોનજર જોયું કે 'અંદરના ઓરડામાં એ જ ગટરનાં પાણીને કોલસીના મટકા-મટકામાંથી પસાર કરી કરી ગાળી-ગાળી છેવટે ચોક્ખા સ્વરૂપમાં લાવવામાં આવ્યું છે,' એટલે ખરેખર તો એ મળમૂત્ર પાણીના પુદ્ગલ છે એમ જણાતાં આકર્ષણ ઊઠી ગયું ! બસ, એ જ રીતે પરરૂપને પહેલેથી જ ગંદવાડના ચૂંટેલા પુદ્ગલ લેખવાનાં, એની વારંવાર એ રીતની ભાવના કરવાની. એથી આકર્ષણ નહિવત થઇ જવાથી પરરૂપ તરફ મનને તણાવાનું નહિ રહે. સુશીલ સદાચારી આત્માઓ એ રીતે સદાચારમાં મક્કમ રહી શકે છે; મર્યાદા બહારના ગમે તેવા રળિયામણાં પદાર્થને કિંમતી લેખતા જ નથી, જેથી મન ત્યાં દોડે. નીતિમાન-પ્રામાણિક માણસને મન અનીતિના લાખો-કરોડો રૂપિયાની પણ કશી જ કિંમત નથી હોતી. એ તો એવી ભાવના જ વારંવાર કરાતી હોય કે આવા ધનની કોઇ જ કિંમત નથી,' એથી ચિત્તમાં એવો સંસ્કાર ઊભો થઇ ગયો હોય, કે જે અવસરે પ્રસંગ આવતાં મનને અનીતિના ધન તરફ જવા જ ન દે તેથી એનો પ્રયત્ન જ થાય નહિ.

**મનુષ્ય-જીવન તત્ત્વચિંતનનું છે.** એટલે જ તત્ત્વોનું ચિંતન ચાલુ રહેવું જોઇએ. જો આ નહિ રહે, તો મન તો કંઇ ને કંઇ કામ કરતું જ રહેશે; પછી સારું નહિ, તો ખોટું. ખોટામાંથી બચવાનો, ખોટાને અટકાવવાનો રસ્તો જ આ કે સારામાં મનને જોડ્યું રાખવું ; એટલે કુદરતી રીતે ખોટું અટકી જશે.

**સારા વિચારનો ધંધો લઇ બેસો :-**

કેટલાક માણસો ફરિયાદ કર્યા કરે છે કે 'ખોટા વિચાર બહુ આવે છે.' પણ આ ફરિયાદ ઠેઠ જીવનના અંત સુધી ? હા, કારણ આ છે કે એ ફરિયાદ મટવાનો

રસ્તો અજમાવતો નથી સ્તો આ, કે સારું ચિંતન ખૂબ જ રાખવું જોઇએ. જેમ ખોટા વિચારનો આપણે જાણે એક ધંધો લઇ બેઠા જેવું થાય છે, તો પછી સારા ચિંતનનો ધંધો લઇ બેસવા જેવું ન કરાય ? શરૂમાં ભલે ને એની અખંડ ધારા ન ચાલે, અને વચમાં ખોટા વિચાર ઘૂસી ય જાય; છતાં સારાનો ધંધો માંડી બેઠા જેવું કરાય, તો ધીરે ધીરે નક્કર પ્રગતિ થાય છે માટે સારું ચિંતન રાખ્યા કરો.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૫,અંક-૩,તા.૧૭-૯-૧૯૬૬**

સારા તત્ત્વચિંતનમાં આ એક ચિંતન છે કે અનીતિના ધનની કશી કિંમત નહિ; પરસ્ત્રીના રૂપ આદિની કશી મહત્તા નહિ; એ વિચાર વારંવાર આવે. એ વિચારની દઢતા માટે નીતિમાન અને પવિત્ર સતા-સતીઓના પ્રસંગ યાદ કરાય. વળી પરધન-પરરૂપ-પરસ્પર્શમાં તણાયેલાના નરકાદિ ગતિઓમાં થતા બેહાલ પર વિચાર કરાય. એમ ચિંતવાય કે,

**'ગૃહસ્થજીવન માટે પૈસા ભલે જરૂરી ગણાતા હશે, પરંતુ આત્મરક્ષા એથી વધારે જરૂરી છે.**

**આત્મા માટે પૈસા છે, પૈસા માટે આત્મા નહિ.** આત્માનું બગાડીને પૈસાનું સુધારવાનું હોય શાનું ? કિંમતી તો આત્મા છે, પૈસા નહિ....' આવાં આવાં ચિંતન ચાલુ રહે, એટલે ખોટા વિચાર આવે નહિ, ખોટા સંસ્કાર પોષાય નહિ. ખોટા કામ કરવાનું બને નહિ. બસ, વાત આ છે કે મનુષ્યજીવન તત્ત્વચિંતનનું છે. માટે તત્ત્વનું ચિંતન કરતા રહો.

**સારું સાંભળેલું સાર્થક ક્યારે ?:-**

સત્સમાગમ આ કાર્ય કરે છે કે એ કોઇ તત્ત્વનો પ્રકાશ ખોલી આપે છે, જેથી પછી મન એના ચિંતનના કામે લાગી જાય. સાધુ મહાત્માનો સંસર્ગ સાધ્યો, જિનવાણીનું શ્રવણ કર્યું, તત્ત્વનો પ્રકાશ પણ મળ્યો, છતાં જો પછી એના પર ચિંતન ચાલુ નથી કરવું, તો મન-શુદ્ધિકરણ નહિ થાય; હૃદય ચોક્ખું નહિ થતું આવે, ઉપદેશનો અમલ નહિ થાય, એ તો સાંભળેલા-જાણેલા તત્ત્વ પર ભરપૂર ચિંતન ચાલુ રહેવું જોઇએ નહિતર સાંભળેલું ફોક જવાનું. માટે તો હજારો વ્યાખ્યાન સાંભળ્યા પછી પણ આ ફરિયાદ કેમ રહે છે કે 'અહીં સાંભળીએ ત્યાં સુધી તો મનને લાગે છે પણ બહાર ગયા પછી કેમ અસર નથી રહેતી ? આ ફરિયાદનું સમાધાન આ છે, અસર ન રહેવાનું કારણ આ જ છે કે અહીંથી ઊઠ્યા પછી આનું ચિંતન નથી. વ્યાખ્યાન બંધ થવું એટલી જ વાર; પછી ધસારાબંધ ખોટા વિચારો,



મોહ-માયાના વિચારો કર્યે જવા છે ! **અહીં સાંભળતાં મેળવેલા તત્ત્વ પ્રકાશ પર ધોધમાર ચિંતન કરવા નથી. પછી લાખો-કરોડો શ્રવણ કરાય તોય શું ?**

કોઇની પાસેથી અગ્નિની થોડી ચિનગારી મળી, એને લઇ જઇને બળતણમાં ઘાલે તો તો એ ચિનગારી પાછળ મોટો ભડભડ અગ્નિ સળગી ઊઠે પરંતુ બળતણમાં ઘાલે જ નહિ, તો એ ચિનગારી બુઝાઇ જ જાય ને ? એવી તો હજારો ચિનગારી પણ બુઝાઇ જ જાય ! એવી રીતે મહાપુરુષ પાસેથી તત્ત્વપ્રકાશની ચિનગારી મળી, એને હવે માનસિક વિચારણામાં ઘાલે, તો તો નાનામાંથી મોટો અગર ઝાંખામાંથી તેજસ્વી તત્ત્વપ્રકાશ બની આવે. પરંતુ વિચારણામાં ઘાલવાની વાત જ ન હોય, તો એ તત્ત્વપ્રકાશની ચિનગારી લાખ વાર મળે તોય એ શે ટકે ? બુઝાઇ જ જાય ને ?

આ જગતમાં જુઓ કે તત્ત્વનો પ્રકાશ કેટકેટલો દુર્લભ છે ! એને દેનાર અને જીવનમાં જીવનાર સાધુમહાત્માઓ પણ કેટલા બધા દુર્લભ છે ! આવા દુર્લભ યોગ સધાયા પછી પણ જીવની શું કંગાળ ચિંથરેહાલ દશા, કે ખોટા વિચાર એમજ ચાલ્યા કરે ? મળેલા તત્ત્વપ્રકાશ પર ચિંતન જ નહિ ? ફેરવો ફેરવો જીવનપદ્ધતિ ફેરવો. ખાસ કરીને જીવનમાં આ મુદ્દો દાખલ કરો કે સારું સાંભળેલું ને વાંચેલું વિચારણામાં ઉતારવું જ, એના પર ચિંતન અવશ્ય કરવું. 'ચિંતન-વિચારણા કરવી છે' એ જો લક્ષ હશે તો સાંભળતાં-વાંચતાં મન ઉપર લેવાનું ધ્યાન રહેશે; એના પર ધારણા થશે; એમાંથી મુદ્દા લક્ષ પર લેવાશે.

**વ્યાખ્યાન કેમ સંભળાય ? :-**

વ્યાખ્યાન સાંભળતાં ધારણા કેમ નથી કરાતી કે "આ મુદ્દા પર આવી આવી છણાવટ આવી, પછી એમાંથી આ બીજો મુદ્દો નીકળ્યો, પછી આ મુદ્દો ચર્ચાયો; ૦।।-૦।।। કલાકમાં આ આ ૪-૫ વિષય આવ્યા, અને તે એકેક પછી બીજો આવી આવી રીતે સંકળાયો. પછી વ્યાખ્યાન ચાલ્યું તે પૂરું થયું ત્યાં સુધીમાં અમુક અમુક વિષય આવ્યા, અમુક સચોટ દલીલ ને કથા આવી આવી કહેવાઈ." વ્યાખ્યાન સાંભળતાં આ રીતે ધારણા કરતા જવાનો માથે ભાર કેમ નથી ? આ જ કારણ છે કે પછીથી એના પર ચિંતન કરવાની જવાબદારી માથે ક્યાં છે ? હમણાં જો પ્રતિજ્ઞા હોય કે 'સાંભળ્યા પર ચિંતન વિચારણા કરવી જ,' તો એ બાધા પાળવા માટે પણ સાંભળતી વખતે મનમાં એની ધારણા કરવાનું લક્ષ રહે જ; જેથી પછી એ ધારી રાખેલી વાતો પર વિચારણા કરી શકાય.

વાત આ છે જીવનમાં તત્ત્વ-ચિંતન અતિ જરૂરી છે. એમાં એક ચિંતન તરીકે પરધન, પરરૂપ, પરસ્પર્શ વગેરેનાં આકર્ષણ મુદ્દલ તોડી નાખવા માટે એ

વિષયોની નિર્ગુણતા, નિસ્સારતા, અપકારકતા, વિટંબણાકારિતા વગેરે પર વારંવાર ચિંતન જોઈએ. એ વિચારી વિચારી એને ફૂટી કોડી જેવા લેખ્યા, એનાં આકર્ષણ જ મિટાવી દીધાં, પછી મોકો આવતાં ભલે કદાચ એ નજર સામે પડી ગયા, છતાં એથી વિકાર નહિ જાગે, મહાસતીએ જીવન આખું આવું જીવ્યું છે, રાવણ વગેરે કોઈ જ પરપુરુષ ઉપર યત્કિંચિત પણ મનનું ખેંચાણ કર્યું નથી, લેશ પણ વિકાર અનુભવ્યો નથી. એટલે હવે અહીં અવસર આવતાં આ સંકલ્પ જાહેર કરી શકે છે કે 'રામચંદ્રજી સિવાય કોઈને પણ હૃદયમાં ઘાલ્યા હોય તો અગ્નિ મને બાળી મૂકજો.

**આ પરથી આત્મવિકાસના આ માર્ગ જડે છે** કે, (૧) આપણા અધિકાર-બહારના ઈંદ્રિય-વિષયોની તુચ્છતા, નિર્ગુણતા અને અપકારકતા ખૂબ ખૂબ ચિંતવવી; અને એનું આકર્ષણ મારી નાખવું.

(૨) પરરૂપ વગેરે અસેવ્ય વિષયો પર ચાહીને તો નજર નાખવી જ નહિ; અને સહેજે નજરે પડી જાય ત્યાં એની નિસ્સારતા-અપકારકતા ખ્યાલમાં રાખી જરાય વિકાર, જરાય રાગ-દ્વેષ, જાગવા દેવા નહિ.

(૩) સારું સાંભળતાં કે વાચતાં મુખ્ય-મુખ્ય મુદ્દા પર મનની ધારણા કરતાં રહેવું. એક મુદ્દા પછી બીજા મુદ્દા આવે એની પૂર્વના મુદ્દા સાથે કડી જોડવી, જેથી એ ઝટ યાદ આવે.

(૪) સારું સાંભળેલા વાંચેલા મુદ્દા પર પછીથી ચિંતન કરવું, વિચારણા કરવી.

(૫) જીવન એવું જીવતાં રહેવું કે ક્યારેય પણ આપણા સત્યની પરીક્ષા ખુશમિશાલ વધાવી શકીએ. એનો અર્થ એ કે જીવનમાં એક પણ અનુચિત વર્તાવ ન કરાય. અનુચિત બોલ ન બોલાય; કોઈ પણ ઈંદ્રિયના દુરાચારનો વિચાર પણ ન કરાય; અને દુરાચારનો વિષય ઈંદ્રિય સામે આવી જતાં ઈંદ્રિયને એમાં ભેળવાય જ નહિ; એવી દઢતા રહે.

સીતાજીના જીવન પ્રસંગો આત્મવિકાસ અર્થે ઘણું ઘણું શીખવી જાય છે. ઠેઠ પહેલેથી મુદ્દા ડાયરીમાં ભેગા કરતા ચાલો તો એની વિશાળ ભવ્યતાનો ખ્યાલ આવશે.

**ચમત્કાર; અગ્નિની ખાઈ જળ સરોવર ! :-**

હવે આગળ જુઓ. સીતાજીએ સંકલ્પ જાહેર કરી જ્યાં ભડભડતી અગ્નિજ્વાળામાં પ્રવેશ કર્યો ત્યાંજ ભારે ચમત્કાર ! અગ્નિ-ભડભડતી ૩૦૦ હાથની ખાઈ શીતળ જળનું સરોવર બની ગઈ ! એની મધ્યમાં સુવર્ણકમળ પર મહાસતી



સીતાજી બિરાજમાન છે ! બંને બાજુમાં લવણ અને અંકુશ તરતાં પહોંચી ગયેલા, તે શોભી રહ્યા છે ! કેવું ભવ્ય દશ્ય !

આ દશ્ય જોતાં ચારે બાજુ માચડા પર ચિક્કાર ગોઠવાઈ ગયેલ લોકોમાં સનસનાટી ફેલાઈ ગઈ ! કેવી ચકિતતા વ્યાપી ગઈ હશે ? કેવી અથાગ આશ્ચર્ય-મુગ્ધતા વ્યાપી ગઈ હશે ? ચારે બાજુ મહાસતીનો જય-જયકાર બોલાઈ રહ્યો છે!

**જોવાની ખૂબી** એ છે કે સીતાને મન આનો કોઈ ઉત્કર્ષ નથી, ગર્વ નથી, મદ નથી કે મારો કેવો પ્રભાવ પડ્યો ! ટીકા કરનાર લોકોને કેવા ઝાંખા પાડી દીધા ! ના, આમાંનું કશું નથી, એ વસ્તુ એની પછીની ભવ્યાતિભવ્ય કાર્યવાહી પરથી સમજી શકાય છે. એ જોઈને ત્યારે દેખાય છે કે અહીં એમણે ગર્વ અહંકાર-માનાકાંક્ષાને કેવી દૂર ને દૂર રાખી હશે ?

**કર્તવ્યપરાયણ જીવોની દષ્ટિ કર્તવ્ય બજાવવા પર જ હોય છે. માનાકાંક્ષી જીવોની દષ્ટિ માન મળવા ઉપર રહે છે.** એકને કર્તવ્ય બજાવવાની જ લગની બીજાને માન મેળવવાની.

માનાકાંક્ષી જીવ અવસરે કર્તવ્ય બજાવે ખરો, પણ એને સંતોષ કર્તવ્યના પાલનનો નહિ, પણ માન મળ્યાનો ! માન ન મળે તો એને એમ જ લાગે કે 'મહેનત નિષ્ફળ ગઈ !'

ત્યારે કર્તવ્યપ્રિય માણસને માન સાથે નિસ્બત નહિ; એને તો કર્તવ્ય બજાવ્યાનો જ આનંદ. બેમાં અંતર કેટલું ? સીતાને મન 'પોતાના થયેલા અપયશને દિવ્ય કરી દૂર કરવો' આજ એક કર્તવ્ય બજાવવું છે. હવે એ કર્તવ્ય બજાયું અને લોકોએ ભારોભાર ધન્યવાદ આપ્યા, જયજયકાર પોકાર્યા, ધન્ય મહાસતી ! જગદંબાનો જય !' ના નાદ ગજવ્યા; તેથી શું દિલમાં ગર્વ લાવવાનો ? છાતી ફુલવવાની ? ધ્યાનમાં રાખવા જેવું છે કે સત્કર્તવ્ય પાલન એ દિવ્ય કે માનવીય વિશેષતા છે ત્યારે ગર્વ-ઉત્કર્ષ-અભિમાન એ પાશવી-પિશાચી ભાવ છે. દિવ્ય વિશેષતાને પાછી પાશવી ભાવથી કાં ખરડવી ? આ તો કોઈ મોટા સારા માણસની પાસે બેસી સાથે મવાલી કે ભંગીને બેસાડવા જેવું થાય છે! નહાયેલા શરીરે કાદવ ચોપડવા જેવુ બને છે !

**આત્મવિકાસનો આ માર્ગ છે કે પવિત્ર કર્તવ્યપાલનના દિવ્ય કે માનવીય ભાવને પવિત્ર જ રહેવા દો, ગર્વ-અહંત્વાદિથી કલુષિત ન કરો.** દિલમાં કર્તવ્યપાલનનો જ સંતોષ રહે એ સ્વચ્છ ભાવ છે. એમાં માન મળ્યાનો ગર્વ ઘાલવો એ મલિન ગંદો ભાવ છે, જીવન જીવતાં જીવતાં આપણા હૃદયનું આ ઘડતર કરતા જવાનું છે કે કોઈ ઊભા કરેલા સારા ભાવને સાથે બીજા મલિન ભાવ ઘાલી મળમિશ્રિત

ન કરીએ. ઘડતર કરવાનું છે એટલે એકાદ બે વારના પ્રયત્નથી નહિ ચાલે; કેમકે અનંતાનંત કાળની કુટેવોથી ચિત્તને અશુભ ભાવોથી ખરડ્યે જ જવાનું, ખરડ્યે જ જવાનું કરતાં આવ્યા છીએ એના સંસ્કારોના થરના થર જામી પડ્યા છે ! ને હવે એક-બે વારના પ્રયત્નથી આત્મા એકલા નીતરતા શુભ ભાવની રીતરસમવાળો શે બને ? એ તો વારંવારના મળરહિત શુભભાવના પ્રયત્ન ચાલ્યા કરે, તો જ આત્માનું સારું ઘડતર થાય, કર્તવ્યપાલન કર્યુ એના આનંદનો શુભ ભાવ જન્મ્યો; હવે સાથે માનાકાંક્ષા કે માન મળ્યાનો ગર્વ ભળે, એ મળનું મિશ્રણ થયું કહેવાય. એમ રાગ-દ્વેષ-મદ-માયા વગેરે અશુભ ભાવો એ મળ છે. સારા ભાવમાં એનું મિશ્રણ ન થવા દઈએ.

**આત્માની દષ્ટિએ કિંમત કોની ?** કર્તવ્યપાલનની ? કે માન મળ્યાની ? શું કર્તવ્યપાલનથી ઊભું થયેલ પુણ્ય માન મળવાથી બેવડું થાય ? વધે ખરૂ ? અને માન ન મળે તો ભુંસાઈ જાય ? ના, જરાય નહિ. ઊલટું માન મળવામાં આ ભયસ્થાન છે કે એથી આત્મામાં અભિમાન આવે; અગર કર્તવ્યપાલનનું ફળ માન મળવામાં જ માની સંતોષ કરાય. ત્યાં કર્તવ્યપાલન એક Medium (સાધન) બની જાય, અને માનપ્રાપ્તિ એ સાધ્ય બની જાય ! કેવી દુર્દશા ! શું સુકૃતથી કષાય ખરીદવાનો !

સીતાજીનું જોવા જેવું છે કે એમને માન મળવામાં હદ નથી રહી અને તે પણ પોતાના ચમત્કારિક દિવ્યના લીધે ! અગ્નિ પાણી બની જાય છે ! છતાં પોતાને એનો કોઈ ગર્વ, ઉત્કર્ષ કે માન મળ્યાનો આનંદ નથી. શુભભાવની ધારા અખંડ રાખવી હોય, તો આ ધ્યાન રાખવું જ પડે કે એક સારા કૃત્યનાં પરાક્રમ ઉપર ગર્વ વગેરે કષાય ખરીદવાનું ન થાય.

**આત્મવિકાસનો માર્ગ આ, કે કરેલા સુકૃત ઉપર કષાય ન ખરીદો.**

સારું કાંઈક કરીને માન ચાહવું, કીર્તિ ચાહવી, એ કષાયની ખરીદી છે. નવપદજીની ઓળી કરી, નવકાર જાપ કર્યા, શંખેશ્વર-કેસરિયાજીની યાત્રા કરી, એ સુકૃત તો થયું. પરંતુ હવે એના પર 'મને સારા પૈસા મળો, પુત્ર મળો,' વગેરે ઈચ્છવું એ લોભ થયો, લોભકષાયની ખરીદી થઈ. શું સુકૃત કરવા ઉપર આ સોદો કરવાનો ? કે કષાયમુક્તિ-કષાયનિગ્રહની ઈચ્છા ધરવાની ? જૈનધર્મ પામ્યા છતાં, કંઈક ધર્મસાધના કરવા છતા મનોભાવનામાં અને હૃદયના નિર્મળ ભાવમાં ઊંચા કેમ નથી આવતા ? કારણ આ છે કે માનાકાંક્ષા, મદપ્રદર્શન, તુચ્છ લોભ, આપબડાઈ વગેરે જીવતા ને જાગતા રહે છે. આ ડિંડવાણું, - સુકૃત કરી કરી કષાયની ખરીદી કરવાની બેહુદી ચાલ, - ક્યાં સુધી નભાવશો ?



સીતાજીને તો એક કર્તવ્યપાલનનો, શુદ્ધ આનંદ છે, તેથી જે અઢળક માન મળી રહ્યું છે એની પર કશો જ ગર્વ-ઉત્કર્ષ નથી.

**માનાકાંક્ષી અને કર્તવ્યનિષ્ઠાવાળા વચ્ચે અંતર :-**

માનાકાંક્ષી જીવ કર્તવ્ય બજાવવાની મહેનત કરે છે છતાં એ કરીને માનકષાય અને કર્મબંધ પોષે છે. ત્યારે,

શુદ્ધ કર્તવ્ય નિષ્ઠાવાળો જીવ કર્મના ક્ષયોપશમને પોષે છે; અલબત્ત કર્તવ્ય પ્રશસ્ત કોટિનું હોવું જોઈએ. બાકી એને ય માન તો મળે છે' પરંતુ એની એને મન કિંમત નથી, કિંમત તો કર્તવ્યપાલનની છે. એ સમજે છે કે,

**'માન મળેલું તો ચાર દિનકી ચાંદની જેવું છે.** એમાંય અહીં પણ માન મળવાથી કાંઈ બીજી બધી ઉપાધિઓ નીપટતી નથી. બધીય વેઠ તો ઊભી જ રહે છે. ત્યારે પરલોકમાં તો અહીનું માન મળેલું કશુંય લીલું ન વાળે કશા જ ખપમાં ન આવે. એ તો અહીંની બીજી સંપત્તિ-પરિવાર વગેરેની જેમ જીવન પૂર્ણ થયે ખા ગયા, ખો ગયા,' જ થવાનું ! પરભવે જરાય સાથે પહેલાં માન ઘણુંય મેળવ્યું છતાં, ઊઠીને નરકમાં ચાલી ગયા ! ત્યાં માન શું કામ લાગ્યું ? માટે માનની જરાય કિંમત આંકવા જેવી નથી ?

**માનની આકાંક્ષા તો જીવને ભાનભૂલો બનાવે છે,** માનની ખાતર અજુગતાં કાર્ય પણ કરાવે છે ! એનું કારણ સ્પષ્ટ છે. માન એ તુચ્છ ચીજ છે.

**તુચ્છ ચીજની આકાંક્ષા હૃદયને તુચ્છ બન્યું રાખે છે.** એવા તુચ્છ હૃદયમાંથી હલકા કૃત્યની ઈચ્છા ઊઠે, એમાં નવાઈ નથી.

**જીવનમાં જો હલકટ કૃત્ય, હલકટ બોલ ન ચાહતા હો, તો હૃદય હલકટ ન થવા દો.**

**હૃદય અધમ ન થવા દેવું હોય, તો એમાં તુચ્છ, અધમ, આકાંક્ષાઓ ઊભી જ ન રાખો.**

**સીતાને માનની પડી નહોતી એનું પ્રમાણઃ-**

સીતાજીને અગ્નિની ખાઈ પાણીનું સરોવર બની જાય છે તેમ પોતે એક મહાન દેવીની માફક સુવર્ણકમળ પર આરૂઢ બની જાય છે, અને લોકો તરફથી જયજયકાર ગાજી ઊઠે છે છતાં સીતાજીને મન કોઈ ઉત્કર્ષ, કોઈ ગર્વ કોઈ માનનો આનંદ નથી. કેમકે એ જો હોત તો પછી જે બને છે તે બનવાને અવકાશ ન રહેત. પછી તો એ માનને વિશેષ વિકસાવવાનું જે સુલભ હતું, તેનો જ લહાવો લેત. પરંતુ અહીં તો જુદું જ બને છે. એ પણ હજી એક સતીત્વનો નવો ચમત્કાર બન્યા પછી ? એ બતાવે છે કે માનની એમને પડી નહોતી.

**પાણીના પૂર :-**

બને છે એવું કે સીતાજી તો મધ્યમાં સુવર્ણકમળ પર આરૂઢ છે, પરંતુ સરોવરનાં પાણી, સમુદ્રમાં ભરતી ચઢે એની જેમ, ચારે બાજુ ઊંચા ચઢતા જાય છે ! એટલે ? ચોતરફ માંચડા પર લોકો છે, એમની તરફ ભરતીનાં મોજાની જેમ પાણી ઊંચા ઊંચા ચઢતા જાય છે ! વિચારો, હવે લોકોની ગભરામણ કેવી હોય ? લોકોને એમ લાગે છે કે 'કલ્પાંતકાળના જંગી પૂરની જેમ આ પાણીના પૂરનો ધસારો ઊંચો ઊંચો ચડી આવ્યો, તે હાય ! આપણને ડૂબાડી તાણી જશે !' ભયંકર ભય વ્યાપી ગયો, !

**લોકોની કાળી ચિચિયારીઓ ઊઠી,**-' હે જગદંબા ! હે જગદંબા ! બચાવો અમને, બચાવો અમને....માફ કરો અમારો ગુનો. મહેરબાની કરો અમારા ઉપર, અમને બચાવો. અરેરે ! આ મરી ગયા અમે !' લોકોને લાગે છે કે 'મહાસતીની નિંદા કરી એમને જંગલમાં તગેડાવ્યા, એની હવે મૃત્યુદંડ જેવી સજા આવી રહી છે. સતીત્વનો પ્રકોપ ફાટી નીકળ્યો છે. એમાં કોઇ માનવીય શક્તિ બચાવી શકે એમ નથી.'

**વિજ્ઞાન પાંગળું છે :-**

જુઓ છો ને આજે કે વિજ્ઞાન સંશોધનમાં ગમે તેટલું આગળ વધ્યું છતાં ગંગા જેવી નદીમાં પૂર ઊભરાતાં ગામડાના ગામડાં સાફ થઇ જાય છે ત્યાં વિજ્ઞાનનો શો બચાવ. શી અટકાયત કરી શકે છે ? એમ પરદેશમાં ફાટતા જ્વાળામુખી, ઊતરી આવતા બરફના ગચ્ચા, ગમે ત્યાં પટકાતાં વિમાન, વગેરેની સામે વિજ્ઞાન શો બચાવ આપી શકે છે ? જડનાં ગમે તેટલાં સંશોધન અને આવિષ્કાર કરવામાં આવે, પરંતુ એ પરિમિત જ રહેવાનાં, અને આત્માનાં કર્મોની શક્તિથી જડનો સંહાર અપાર-અપ્રતિકાર્ય રહેવાનાં. માટે તો છઠ્ઠા આરાના પ્રારંભે જીવોના તેવા ભાગ્યવશ ભયંકર પ્રલય સર્જાઇ જવાનો છે. આજનાં બધાં વિજ્ઞાનસાધનો ત્યાં નષ્ટ થઇ જવાનાં છે. આત્માનાં કર્મોની શક્તિ સામે આજનું વિજ્ઞાન પાંગળું છે, બેકાર છે. જડનું વિજ્ઞાન શું કરી શકે ? ત્યાં પ્રતિકાર ચાલી શકે તો કોઇ આત્મશક્તિનો, વિજ્ઞાનનો નહિ.

**દ્વારિકા પર અગ્નિદાહનો પ્રકોપ** ઝઝુમી રહ્યો હતો. નેમનાથ પ્રભુના વચનથી લોકો આયંબિલ, જિનપરમાત્મભક્તિ વગેરે ધર્મપ્રવૃત્તિમાં લાગી ગયા. એણે એવી આત્મશક્તિ ઊભી કરી કે પેલો દાહ લંબાતો ગયો. બાર વરસ એમ ચાલ્યું. દાહ કરવાની ઇચ્છાવાળો દ્વૈપાયન દેવ ફાંફા મારતો રહ્યો. એ ધર્મનાં તેજ આગળ કશું કરી શકતો નથી; પોતાનું ઓજસ દબાઇ ગયું છે એ તો લોકો ભૂલા પડ્યા, માની



બેઠા કે 'હવે બાર વરસ થયા, દેવતા ભૂલી ગયો હશે.' ને એમ માનીને ધર્મ મૂક્યો, રંગરાગમાં પડ્યા, ત્યાં ધર્મતેજ ગુમાવ્યું, ને દેવતા ચડી બેઠો; દાહ સળગાવી દ્વારિકા ભડકે બાળી ! આંબેલ વગેરે ધર્મસાધના ચાલુ હતી ત્યાંસુધી દેવતા ફાંફા મારતો રહ્યો !

આત્મશક્તિની બલિહારી છે. શ્રાદ્ધવિધિમાં પ્રસંગ આવે છે કે નિમિત્તિયાએ બાર વરસની દુકાળની આગાહી કરેલી. પરંતુ એવા એક પ્રતાપી પુરુષનો તે નગરમાં જન્મ થયો કે એના પુણ્યબળે દુકાળી રદ થઇ ગઇ. પ્રભાવક આચાર્ય મહારાજોના ઈતિહાસમાં એવાં પ્રસંગો આવે છે કે જ્યાં આચાર્ય મહારાજની તપશક્તિથી ઊભી થયેલ લબ્ધિ સંઘોના મોટા ઉપદ્રવો ટાળે છે. ત્યાં જડવિજ્ઞાન શું કરી શકે ?

**સીતાજીએ પૂર વાળ્યાં !**

સીતાજી જે અગ્નિખાઇમાં પેઠા, તે પાણીનું સરોવર કે વાવડી બની ગઇ. એમાંથી પાણીની ભરતીઓ ચડી આગળ ધસે છે ! માંચડા પર બેઠેલ પ્રેક્ષક લોકને જાણે હમણાં જ એ ભરતીનાં પૂર તાણી જશે ! લોકની ચીચીયારીઓ ઊઠી કે 'હે જગદંબે ! મહાસતી ! બચાવો બચાવો' કેમ વારૂ ? હમણા જ જોયું છે કે 'મહાસતી શીલની આત્મશક્તિએ અગ્નિનો ઉપદ્રવ મિટાવી જળવાવડી કરી દીધી છે,' તો હવે લાગે છે કે 'આ પાણીના ઘોડાપૂરનો ઉપદ્રવ પણ એજ મિટાવી શકે.' બીજો કોઇ રક્ષણહાર દેખાતો નથી. કોઇ બચાવનારૂં તત્ત્વ દેખાતું નથી. બચાવે તો તે સીતાજીની આત્મિક શીલશક્તિ અને બન્યું પણ એવું જ સીતાજીએ દયાથી પોતાનો હાથ કમળની બાજુના પાણી પર અડાડ્યા કે તરત ઊછળેલાં પાણી વળી અંદર સંકોચાઇ ગયાં, મૂળ સરોવરરૂપે થઇ ગયા ! ત્યાં નિર્ભય બનેલા લોકોનો ફરીથી જયજયકારનો નાદ ઊઠ્યો.

**જીવનવિકાસનો આત્મવિકાસનો અહીં મહાન માર્ગ** આ પ્રસંગ એ રહ્યો છે કે, 'જડ વિજ્ઞાનની પૂંઠે ન પડો. એના ગમે તેટલાં સંશોધન-આવિષ્કાર અંતે બેકાર છે. એ રક્ષણ નહિ આપે. અમૂલ્ય આત્મશક્તિ ખીલવવાનો સમય એમાં બરબાદ જાય છે. **માનવ જન્મના કિંમતી સમયને જડવિકાસમાં બરબાદ કરવાને બદલે આધ્યાત્મિક ઉત્થાન અને વિકાસમાં કામે લગાડો, લેખે લગાડો.** તો અહીં પણ સુખીથશો અને ભવાંતરે પણ મહાસુખી થશો.

**ક્યાં ધ્યાન દેવું ?**

મહાસતીનું શીલ, કર્મ પર અટળ શ્રદ્ધા, કર્મવિપાકનો જાગતો ખ્યાલ, તત્ત્વનુસારી મતિ, જિનવચનથી ભાવિતતા, અને શુભ અધ્યવસાયની અખંડ ધારા,-

એ બધી આધ્યાત્મિક વિકસેલી શક્તિઓએ એમને કેવી કેવી આપત્તિમાં કેવા સુંદર બચાવ આપ્યા છે, અને ભવાંતરે અચ્યુત ઇન્દ્રપણના કેવાં સુખ આપનાર છે ! આના પર ખૂબ ધ્યાન દેવા જેવું છે. જેથી મનને એ ભ્રમણા ન રહે કે 'આધ્યાત્મિક વિકાસની મહેનત કરવા જઇએ તો અહી દુઃખી થઇ જઇએ, એ અને પરલોકમાં કોણ જાણે શું ય સુખ મળે ?' આ ભ્રમણા રાખવા જેવી નથી. એનું કારણ આ છે,

**પૂર્વોપાર્જિત કર્મના દુઃખ તો આવવાનાં તે આવશે જ; એ કાંઇ જડ પદાર્થોની સગવડો વધારવાથી અટકાશે નહિ** એટલે જડની પૂંઠે પડવામાં સમય અને શક્તિ તો વેડફાઇ જ ગયા ને ?

**વિજ્ઞાનમાં બરબાદી :-**

દેખાય છે ને મોટા માંધાતા વૈજ્ઞાનિકો પણ પરવશ થઇ ગયા,? અકાળ મૃત્યુ પામી ગયા ? અગર સીધેસીધું પણ આયુષ્ય તો પૂર્ણ થઇ જ ગયું. હવે પરલોકમાં કોણ જવાબ આપશે ? શોધેલું વિજ્ઞાન ?

અણુ વિજ્ઞાનનો શોધક પ્રોફેસર આઇન્સ્ટાઇન દુનિયામાં ગમે તેવો મહાન ગણાયો પણ મૃત્યુ સામે વિજ્ઞાન શું કામ લાગ્યું ? આજે એ ક્યાં છે ? કેમ છે ? એનું એડ્રેસ અને સમાચાર મળે ? ત્યારે એના વિજ્ઞાને પોતાના દેશને શો બચાવ આપ્યો? એ જ વિજ્ઞાનના એટમ-બોંબે જાપાનના હીરોશીમા અને નાગાસાકી શહેરોના લાખો માનવો અને અગણિત બીજા પ્રાણીઓનો કેવો કચ્ચરઘાણ વાળ્યો ? આજે પણ એ જ વિજ્ઞાનની આગળ વધારેલી શોધો હાઇડ્રોજન બોંબ, કોબાલ્ટ બોંબ, રોકેટ, સબમરીનો વગેરે પર રશિયા અને અમેરિકા કેવા સામસામે ડરાવી રહ્યા છે? તો વિમાન-અકસ્માતમાં વૈજ્ઞાનિક પણ કેવા અકાળ મૃત્યુ પામી ગયા ? બોલો, જડવિજ્ઞાન અને જડનો વિકાસ માણસને કઇ નિરાંત, કઇ શાંતિ અહીં પણ દેખાડી શકે ? તો પછી પરલોકમાં તો લેશ પણ એની પહોંચ જ શી ? આટલી બધી જહેમત, જો આધ્યાત્મિક ઉત્થાન અને વિકાસ પાછળ લીધી હોત તો ? કેવા અનેરા સુખ શાંતિ નિરાંત પ્રસર્યા હોત ?

**વીર પ્રભુની શાંતિ-સ્ફુર્તિ ક્યાં ? :-**

દેખો, ત્રિલોકનાથ મહાવીરપ્રભુએ પહેલાં પોતાનાં જ જીવનમાં સામે આવેલી જડની મહાઅનુકૂળતાઓ, દેવો તરફથી ધનના ઢગલા, દેવોનાં સન્માન, રાજકુમારોની શિરદારી વગેરે વગેરે ને બહુ માન્યા નહિ. ત્યાં પણ આધ્યાત્મિક ઉન્નતિના રાહભૂત જવલંત વૈરાગ્ય ઝગમગતા રાખ્યા ! સર્વત્યાગના ચારિત્રમાર્ગે ચડ્યા, એમાં પણ આધ્યાત્મિક વિકાસના તપ, ધ્યાન અને ઘોર પરિષહ-ઉપસર્ગ-સહનના ભગીરથ પુરુષાર્થ આદર્યા ! તો ઘરવાસ કરતાં કેટલાં બધાં મહાન સુખ, મહાશાંતિ અને



મહાસ્ફૂર્તિનો અનુભવ કર્યો કે સંગમ શૂલપાણી જેવા દેવ પણ હારી ગયા ! જો પ્રભુએ જરાય ઉકળાટ, અશાંતિ દેખાડ્યા હોત તો એ હારત ? નમી પડત ? ના, એમ ચંડકોશિયો નાગ હારીને શાંત પડી જાત ખરો ? પણ પ્રભુએ જે ગજબની શાંતિ સૌમ્યતા રાખી, એણે એવા ભયંકર ઝેરી નાગને પણ ઠારી શાંત કરી નાખ્યો ! શાંત એવો કે એ પણ પછીથી આધ્યાત્મિક વિકાસના કપરા માર્ગે લાગ્યો ! ભરવાડણોના ઘીના છાંટણાં એના શરીર પર પડેલાં, તેથી શરીરને વળગી પડેલી અને કોચી ખાતી કીડીઓથી શરીર ચાલણી જેવું થતું ચાલ્યું ! વિચારો, કેટલી વેદના ? છતાં એની મહાશાંતિ અને અદ્દ્ભુત આત્મસ્ફુર્તિ એવી વધતી ચાલી કે એણે શરીરને સહેજ પણ હલાવ્યું-ફેરવ્યું નહિ ! મરીને એ આઠમા દેવલોકમાં દેવ તરીકે જન્મ્યો !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૫,અંક-૪,તા.૧-૧૦-૧૯૬૬**

આધ્યાત્મિત્ક વિકાસમાં અહીં ફળરૂપે મહાશાંતિ સ્ફર્તિ અને નિરાંત અનુભવ્યા વિના આ શી રીતે બને ?

**આત્મવિકાસનું મહત્ત્વ :-**

પરમાત્મા શ્રી મહાવીર પ્રભુએ ઉત્કૃષ્ટ આત્મવિકાસના અંતે વીતરાગ સર્વજ્ઞતા પ્રાપ્ત કરી અને પછી આત્મ-વિકાસના માર્ગરૂપે ધર્મ-શાસન સ્થાપ્યું. તો એ પામીને લાખો-કરોડો મનુષ્યોને જડની બોલબાલા ભૂલાવી આધ્યાત્મિક ઉત્થાન કરાવ્યાં ! અને આત્મવિકાસના માર્ગે ચઢાવ્યા ! તો એ લોકો પણ કેટલી બધી સુખશાંતિ અને સ્ફુર્તિ અનુભવવા લાગ્યા ! કે શાલિભદ્ર જેવોને રોજ નવ નવી દેવતાઇ અલંકારો-ખાનપાન-વસ્ત્ર વગેરેની નવાણું પેટી ઊતરતી ! તથા દેવાંગના સમી બત્રીસ તરૂણ પત્નીઓ પાસે હતી ! એવા વૈભવ-વિલાસમાં શાલિભદ્રને જે શાંતિ-નિરાંત-સ્ફુર્તિના થનગનાટ અનુભવમાં નહોતા, એના કરતાં કેઇ ગુણા થનગનાટ સંયમ-તપ-સ્વાધ્યાય અને ધ્યાનના આધ્યાત્મિક-વિકાસમાં જોવા મળ્યા ! જેની પરાકાષ્ઠાએ અંતિમ અનશનમાં લીન બની કાળ કરીને અનુત્તર વિમાનમાં પહોંચ્યા ! ત્યાં વળી દેવગણમાં સર્વોત્કૃષ્ટ શાતા ઉપરાંત અસંખ્ય વર્ષો સુધી ષડ્ દ્રવ્યના ભવ્ય તત્ત્વ-ચિંતનમાં અનુપમ વીતરાગ શાન્તિ અને આત્મ સ્ફુર્તિના માલિક બન્યા ! નિરંતરક તત્ત્વ ચિંતનના આવા આધ્યાત્મિક વિકાસની પરમ સ્વસ્થતા, શાન્તિ, અને સ્ફુર્તિ આગળ જડના વિકાસ તથા જડવિજ્ઞાનના વિલાસ શી હરિફાઈમાં ઊભા રહી શકે ?

મોટા રાજ્ય વધાર્યા, કે ધનના ઢેર વધાર્યા, વેપાર ધંધા લાંબા પહોળા કર્યા,

યા પ્રતિષ્ઠા વિસ્તારી, કે બહુ માનસ-માન યા પદવી-હોદ્દા-ડીગ્રીઓ વધારી, અથવા શરીરનું તગડાપણું વધાર્યું; પરંતુ જ્યાં આ બધા સંયોગ અસ્થાયી છે, વળી એમાં આપત્તિઓના ભયથી તલવાર માથે લટકતી છે, કુટુંબ ક્લેશ, નોકર-પરિવાર તરફના થોડા પણ અસંતોષ ઊભા છે, રાજકીય કાયદા કાનૂન કરવેરા, નિયંત્રણ માથે છે, અગર એની આગાહીઓ છે, દુનિયાની બીજી અસરકારક ઉથલપાથલો ચાલી છે,.... આવી બધી પરિસ્થિતિમાં જીવને શી શાંતિ-સ્વસ્થતા રહી શકે ? અરે ! કેટલીક વાર તો કદાચ બહારની આપત્તિઓ ન પણ હોય છતાં અંદરની શંકાશીલ પ્રકૃતિ, ભયની લાગણી, ઈર્ષ્યા-અસૂયાના ઝેર, લઘુતાગ્રંથી, કે મદ-અહંકાર, વગેરે સતાવી રહ્યા હોય છે. ત્યાં લક્ષ્મી વગેરે જડ પદાર્થોના સાધેલા વિસ્તાર છતાં જીવને નિરાંત, નિર્ભેળ સુખશાંતિ વગેરેનો અનુભવ નથી થતો. આત્માની ચિંતા વિનાનો માણસ આવી એક યા બીજી આધિ-ઉપાધિથી શે બચી શકે ? ત્યારે એટલું બધું સર્વતોવ્યાપી પુણ્ય પણ લાવે ક્યાંથી કે સર્વવાતે અનુકૂળતા હોય ? અને માનસિક પણ કોઈ પીડા ન જ હોય ? એવું પુણ્ય તો એકલા બાહ્ય સુકૃતથી ઊભું થતું નથી, સુકૃત સાથે આધ્યાત્મિક વિકાસ ઉચ્ચ કોટિનો સાધ્યો હોય, જાળવ્યો હોય, ત્યારે એવાં અસંક્લિષ્ટ પુણ્ય ઊભાં થાય છે.

**પુણ્યે અનુકૂળતા મળી છતાં મન કેમ વિહ્વળ ? :-**

**અસંકિલષ્ટ પુણ્ય એટલે** જે પુણ્ય ચિત્તના કોઈ મિથ્યા રાગ-આસક્તિ આદિ સંકલેશ વિના ઊભાં થયાં હોય અને એથી જ જેના ઉદય વખતે એવો કોઈ ચિત્ત-સંકલેશ જાગતા ન હોય. આજે તપાસો કે જે પુણ્યના ઉદય ભોગવી રહ્યા છો તેની સાથો સાથ કોઈ પણ જાતના ભય, શંકા ઈર્ષ્યા, આંધળી આસક્તિ વગેરે ચિત્ત-સંકલેશ નથી વર્તતા ને ? ના, એવું કહી શકાય એમ નથી. એ સૂચવે છે કે પુણ્યાઈ પૂર્વે સુકૃત-કરણીથી ઊભી તો કરેલી; પરંતુ ચિત્તના એક યા બીજા રાગાદિ ચિત્ત-સંકલેશ સાથે ઊભી કરેલી. આ વસ્તુ અંગે કોઈ શંકા જ નથી; કેમકે વર્તમાન જે નવાં નવાં સુકૃત આચરાય છે, એમાં ય ચિત્તસંકલેશ તો કોઈ ને કોઈ ચાલ્યા જ કરે છે એ બતાવી રહ્યું છે કે આવાં મલિન જ સુકૃત કરવાનો અભ્યાસ પૂર્વેથી ચાલ્યો આવે છે. ત્યારે પૂછો,-

**સુકૃત મેલાં કેમ કરાય છે ? :-**

**પ્ર.**- જીવ સુકૃત દયા-દાન ધર્મકરણી કરી કરીને મેલી કેમ કરતો હશે ?

ઉ.- આનું સમાધાન સ્પષ્ટ છે કે સુકૃત સિવાયના સાંસારિક જીવનમાં ચિત્ત-સંકલેશો કર્યા વિના રહેવાતું નથી. ચાલુ જીવનમાં એક યા બીજા પ્રકારનો મનનો કલેશ જેવો કે સ્વાર્થાંધતા , તીવ્ર વિષયાસક્તિ, ક્ષાયાવેશ, ભયસંજ્ઞા, વહેમ,



ઈષ્ટપ્રાપ્તિમાં મદ-ઉન્માદ, અનિષ્ટ બનવામાં શોક-પોક-હાયવોય, ઈર્ષ્યા, અસહિષ્ણુતા અસહાનુભૂતિ વગેરે વગેરે ચાલ્યા કરતા હોય છે. આંધળા રાગ કે દ્વેષ,હર્ષ કે ખેદ અહંત્વ કે દીનતા, વગેરે સંકલેશ ચિત્તમાં રમ્યા જ કરતા હોય છે; પછી એની મહાકુટેવની અસર સુકૃત કરવા લઈ બેસો ત્યારે પણ કેમ ન પડે ? કેમ એ પણ ધર્મકરણી ભેગા રમ્યા કરે ?

**ધર્મક્રિયા શા માટે કરવાની ? :-**

તપાસશો તો દેખાઈ આવશે જે દિવસ ને રાત, કલાકે કલાક, મિનિટે, મિનિટ કોઈને કોઈ આર્તધ્યાન ચાલ્યા જ કરતું હોય છે. એવી સતત ચાલુ રહેતી મલિન આત્માદશા-મનોદશા શું એકાદ અટકી જાય ? સુધરી જાય ? **ખરું તો એ છે કે ધર્મ-સુકૃત ક્યાં એવી દિલની આગથી થાય છે કે ' હાય ! સંસારના પાપ વ્યાપારો અને સંકલેશોમાં મનને મેં કેટલું બધું ખરાબખસ્ત કરી નાખ્યું છે. તો લાવ હવે ધર્મક્રિયા અને સુકૃતમાં પરોવાઈ એ ઊકળતા મનને શાંત કરું. મનના કષાયાદિના અશુભ ભાવો એનાથી દબાવું. સુકૃતાદિ એટલા માટે જ કરું' આવી દિલની ધગશ જ ક્યાં છે ? કેમ જાણે.**

**'મન લઈ જાવે મોક્ષમાં, ને મનહી ય નરક મોઝાર;' એ સનાતન સત્યની પરવા જ નથી !** શું સાંસારિક જીવન-પ્રવૃત્તિઓમાં, કે શું સુકૃત-ધર્માચરણમાં, મનની તંદુરસ્તી પર તો કોઈ મદાર જ નથી. આપણું મન તો જાણે આપણું કશું બગાડવાનું-સુધારવાનું છે જ નહિ, પછી 'એના સંકલેશ મુદામ ઓછા કરું,' એ તરફ કોઈ લક્ષ જ શાનું રહે ?

જ્યાં સંકલેશો મિટાવવા પર શાસ્ત્રકારો બહુ ભાર મૂકે છે, માટે તો જીવને વિશેષ ધર્મપ્રવૃતિ અને સુકૃતાચરણમાં ઓતપ્રોત રહેવા કહે છે, કે જેથી મનને બગડવાના પ્રસંગ નિમિત્ત જ ઓછાં થઈ જાય; સંકલેશ રહિત ભાવ શુદ્ધિ પર ખાસ ભાર મૂકી દાનાદિ ધર્મ-ધર્માચરણને ભાવસહિત આદરવા કહે છે, ત્યાં જો આપણે એની પરવા જ નથી કરવી, ધર્મ-સાધન દ્વારા ચિત્તને શુદ્ધ શુદ્ધતર બનાવવું નથી, પછી સાંસારિક પ્રવૃત્તિ-પ્રસંગોમાં તો ચિત્તસંકલેશોથી ગભરાવાનું શાનું જ રહે ? મામૂલી મામૂલી પ્રસંગ કે વસ્તુ હોય તો ય ચિત્તને એક યા બીજા સંકલેશથી ખરડવાનું ચાલ્યા કરે આવા ચિત્તસંકલેશે ખદબદતી આત્મદશા લઈ ધર્મસાધનામાં જોડાયા; ત્યાં એ ટાળવાની કાળજી શાની રહે ?

**ધર્મ-સુકૃતમાં સંકલેશથી કેમ બચાય ? :-**

સારાંશ આ છે કે ચાલુ સાંસારિક જીવનમાં ચિત્તસંકલેશો પર પાકું નિયંત્રણ મૂકી એના ભાર ઓછા ન જ કરાય, તો પછી ધર્મ-સુકૃતનાં આચરણ વખતે ચિત્ત-

સંકલેશથી બચવાનું મુશ્કેલ છે, એ બચવું હોય તો સાંસારિક જીવનમાં પણ જડના વિકાસ ગૌણ કરી નાખી આધ્યાત્મિક વિકાસ મુખ્ય બનાવી દેવા જોઇએ.

**જડના વિકાસ આ,-શરીરને લષ્ટપુષ્ટ બનાવવું પૈસાનો સંગ્રહ વધારવો; મકાન આલીશાન કરવું, ભરપૂર ફર્નિચર રાખવું, કપડાંલત્તા, દરદાગીનો, વાસણકુસણ, વગેરેને સ્ટોક-જથ્થો સારો ભેગો કરવો, આજના જમાનાની નવનવી ચીજો ખાસ વસાવવી, નવનવા રંગ રોગાન-પાલિશ, ખાનપાનમાં બધું અપ-ટુ-ડેટ જોઇએ,- આ જડના વિકાસ છે.** એમ, કદાચ એમાં પોતાનું ઓછું હોય, તો પણ ભાડૂતી તો ભાડૂતી, કિંતુ એનો ઉપયોગ બહુ રાખવો, દા.ત. પોતાની પાસે મોટર નથી, તો ભાડુતી બસ વગેરેનો હાલતાં ને ચાલતાં ખપ કરવો, થોડે જવું છે તો પણ પગે ચાલીને ન જવાય, અડધો કલાક થોભીને પણ મોટર-બસ જોઇતી હોય ! એવું બીજે વિચારો પણ જડને સુધરવા-સમારવા-સંગૃહીત કરવાના; તેમ જ્યાં પોતાને બહુ લેવાદેવા નથી એવા ય ઢગલાબંધ જડપદાર્થના વિચાર બહુ-બહુ આવતા હોય,'આ સારું, પેલું સારું નહિ, સરકારે રસ્તો આ સારો બાંધ્યો, ફલાણા શેઠની મોટર, બંગલો બહુ હાઇકલાસ....' આવા ફજુલ વિચારો આડાઅવળા વિચારો થોકબંધ આવતા હોય; વાતોચીતો-ભાષણ અને પ્રયત્ન પણ એના બહુ કરવા જોઇતા હોય;-આ બધો જડવિકાસ છે.

**આવા જડવિકાસમાં દટાયેલો આત્મા, કહો જો, આધ્યાત્મિક વિકાસ ક્યાંથી સાધી શકે ? ભલે ને વીતરાગનાં દર્શન-પૂજને રોક્યો, સામાયિક-પ્રતિક્રમણે બેઠો, જાપ-સ્મરણ કરવા લાગ્યો, પરંતુ પેલો જડવિકાસનો અભ્યાસ અહીં ચિત્તને ડહોળ્યા વિના રહે નહિ. જીવનમાં જડવિકાસને પ્રધાન બનાવ્યો એટલે એનું સામ્રાજ્ય ચારેબાજુ પથરાયું રહેવાનું. એમાં પછી ચિત્તના રાગાદિ સંકલેશ જીવતા-જાગતા રહે એમાં નવાઇ નથી.**

**જડસગવડના મોહમાં કયા સંકલેશ થાય ? :-**

એટલે ખરી વાત છે કે જીવનમાં જડ વિકાસને ગૌણ કરી ચિત્તસંકલેશો ઓછા કરતા આવવું જોઇએ. જડ પદાર્થોની સગવડને બહુમાની, એટલે તો સંકલેશ હાલતાં ને ચાલતાં રહેવાનાં. જીવ બહારમાં બહુ ફરતો રહે પછી મન કેઇ જાતના રાગ, મમતા, આસક્તિ-આકર્ષણ યા દ્વેષ-અરુચિ-તિરસ્કાર, કે મદ ઘમંડ-અહંકાર, ઇર્ષ્યા-અસૂયા, પ્રપંચ-પોલિસી, હર્ષ-આનંદ ખેદ-ઉદ્વેગ-શોક વગેરેને સેવતું જ રહેવાનું. ચાલું જીવનમાં આનો બહુ બહુ અભ્યાસ, એટલે એની અસર ધર્મ-આચરણ વખતે પણ આવીને ઊભી રહેવાની.

**સંકલેશોનું જોર ધર્મ-વહીવટમાં ય ઝળકે છે. એ જીવને જાણે કહે છે કે** 'તું



ક્યાં જાય ? ગમે ત્યાં જાને, ઠેક સિદ્ધગિરિ દાદા સામે જઇને ઊભો રહે, તો ય હું હાજર જ છું.' ત્યારે ચિત્તના સંકલેશો ચાલુ હોય એવી ધર્મપ્રવૃત્તિ કેવી રેઢિયાળ, કંગાળ, ચિંથરેહાલ બની જાય ? વીતરાગનાં મંદિર, ધર્મનાં ખાતાં, ઉપાશ્રય, સંસ્થા વગેરેમાં ટ્રસ્ટીપણું મળ્યું, પરંતુ વીતરાગના આદર્શ વિરુદ્ધ અભિમાન, રોફ, સંગ્રહ, કૃપણતા, વગેરે ખડેપગે રહેવાના. ધર્મના હાર્દ વિસારી લોભાદિ કષાય તાગડધિન્ના કરતા રહેશે ! પૈસા સંઘના દીધેલા; છતાં ટ્રસ્ટી તરીકે પોતે એના પર હકુમત બજાવશે ? પૈસા કોઇ દેવદ્રવ્યરૂપે પ્રભુની ભક્તિ વિકાસ-પ્રચાર માટે આવેલા, યા જ્ઞાન-દ્રવ્યરૂપે સમ્યગ્જ્ઞાનની ભક્તિ વિકાસ-પ્રચાર માટે આવેલા, છતાં વહિવટદાર તરીકેની સત્તાના બળ ઉપર એ ભક્તિ વગેરે વિસારી પૈસાનો માત્ર સંગ્રહ વધાર્યે જવાનું જ કરાવશે ! પૈસા યોગ્ય સ્થાનમાં ખરચી નાખે તો પછી ટ્રસ્ટીપણું શાના પર બજાવે ? દેવદ્રવ્ય વીતરાગની ભક્તિનું, પરંતુ એક સ્થાનનો ટ્રષ્ટી બીજા સ્થાનના વીતરાગની ભક્તિમાં નહિ જવા દે ! ટ્રસ્ટ ડીડમાં એવા શાસ્ત્રવિરુદ્ધ કાયદા કલમ મૂકશે કે આ નાણાં આ સ્થાનમાં જ વાપરી શકાશે બીજે નહિ, આ જ્ઞાનભંડારનું પુસ્તક કે નાણાં બહારના સ્થાનમાં ઉપયોગ માટે નહિ લઇ જઇ શકાય ! આવાં આવાં તો કેટલાંય તોફાન ચિત્તસંકલેશમાંથી ઊઠતા રહેવાનાં !

સારાંશ, ચાલુ જીવનમાં આધ્યાત્મિક વિકાસ અત્યંત જરૂરી છે, ને એ માટે ચિત્તસંકલેશો (૧) રાગ-મૂઢતા, દ્વેષમૂઢતા, વિષયાસક્તિ, ભોગલંપટતા, કષાયાવેશ વેરઝેર, ઇર્ષ્યા. (૨) અસૂયા-અસહિષ્ણુતા, (૩) સત્તાની ભૂખ, (૪) માન સન્માનની ગળાપૂર આકાંક્ષા, (૫) હિંસા-જૂઠ-અનીતિના ભરપૂર વિચારો, (૬) આર્તધ્યાન-રૌદ્રધ્યાન, વગેરે ઓછા ઓછા કરી નાખવા જોઇએ. એ માટે મૂળમાં જડની પ્રવૃત્તિ, જડની જરૂરિયાત વગેરે ઓછી કરી જ નાખવી પડે;- કેમકે એ બંને પેલું ધાંધલ ઊભું કરે છે. આત્મવિકાસ માટે આ પહેલું જરૂરી છે.

મહાસતીના જીવનમાં જુઓ કે ચાલુ જીવનમાં આવા સંકલેશો અને જડની મુખ્યતા કેવીક નહિવત હશે કે જેથી આધ્યાત્મિક વિકાસ ઝગમગતો રહેતો હશે ? તો જ એ જંગલમાં તરછોડવા છતાં તેવો કોઇ ભારે હાયબળાપો કે અનુચિત બૂમરાણ મચાવી મૂકતા નથી. ઉપરથી તરછોડનારા પતિ રામને ધર્મ-સંદેશ મોકલે છે ! પછી પણ પુત્રોને પિતા સામે લડવા જવાની ના કહે છે, અને રામ પ્રત્યેના પૂજ્ય-ભાવથી દર્શન-નમન કરવા જવાની સલાહ આપે છે. ત્યારે વિચારો કે ચિત્તના સંકલેશો કેટલા ઓછા કરી નાખ્યા હશે ! **કેવું મધુરું સૌમ્ય જીવન, તૃપ્ત જીવન, ગંભીર જીવન જીવવાનું રાખ્યું હશે !** તે ઠેઠ અહીં પણ જ્યાં અગ્નિખાઇની જલવાવડી બની એમાંથી ઊમટેલાં પાણી લોકોના ઉપર ફરી વળવા ધસી રહ્યા છે,

ત્યાં પોતે દયાથી પોતાના હાથ પાણી પર લગાવી એને સંકોચી લે છે ! પણ લેશમાત્ર એવો કોઇ વિચાર નથી કરતા કે ‘ મારે શું ? હું ક્યાં આ લોકોની ડૂબાડી તાણી જવાનું કરૂં છું ? પાણી એની મેળે આવા સતીના નિંદક લોકોને ડૂબાડી તાણી જાય, એમાં હું શું કરૂં ? ના, આવો કોઇ જ વિચાર નથી ઊલટું દયા ઊભરાય છે હાથ અડાડી પાણી સંકોચીને લોકને બચાવી લે છે !

**ચિત્ત દુશ્મન પર પણ દ્વેષ અરુચિ-નફરત વગેરે સંકલેશથી કેટલું બધું દૂર હશે કે હૃદય શાંત-સ્વચ્છ અને સ્વસ્થ બન્યું રહે છે !** કોઇ જ વૈરની ગાંઠ નહિ, દ્વેષનો ઉકળાટ નહિ, ભયંકર દુશ્મન પર પણ કઠોર ભાવ નહિ !

**જીવન તો પશુ ય જીવે છે,** ખાનપાન, વિષયભોગ, એશઆરામી, એ પણ કરે છે. પણ એ પશુને વિચારાને સંકલેશથી બચવાનું આવડતું નથી. એની કશી ગતાગમ જ નથી. એટલે કરે શું ? પરંતુ મનુષ્ય જીવન મળ્યા પછી એની ગમ પડી તો હવે સંકલેશોથી બચવાની વાત જ નહિ ?

**શું માનવ ખોળિયે જીવન પશુ જેવું જીવવાનું ?** તો પછી એનો અર્થ એ થયો કે માનવ જીવનની ઊંચી કિંમત, ઊંચી ભવ્યતા, ઊંચી સાધકતાનો ખ્યાલ જ નથી! મળેલી મહાકિંમતી ચીજની કદર-કિંમત ન હોય, તો શું એ પંડિતાઇ છે કે મૂર્ખતા?

**ખાલી પુસ્તકો ભણેલો, એ પંડિત નથી, પણ જીવન ચિત્તના સંકલેશ વિનાનું જીવે એ સાચો પંડિત છે, સાચો વિદ્વાન છે.**

**પુસ્તક પંડિતના સંકલેશો :-**

શાસ્ત્રો મોટા અને ઘણાં ઉથલાવી નાખ્યા, પણ (૧) જ્યાં પૈસાની વધુ આવક-પગાર દેખ્યા, ત્યાં ચાલુ ધર્મ સંસ્થાને પૈસાના લોભમાં છેહ દીધો, પડતી મૂકી અને ઊંચા પગારમાં કે ઊંચી આવકના ધંધામાં જોડાઇ ગયા, તો એ **લોભને સંકલેશ** કેવો જાગતો અને સબળ ? (૨) એમ પુસ્તક પંડિત બન્યા એટલે મનઘડંત જ્ઞાનવિકાસના ઓઠા હેઠળ શ્રાવકોની સાધુની અને ધર્મક્રિયાની નિંદા-હલકાઇમાં ઊતરી પડ્યા. એ **દ્વેષનો કેવો સંકલેશ ?** (૩) સાધુ મહાત્માઓનું સારું ન દેખાઓ,' એ માટે ભળતી ઉન્નતિની વાતો કરી, અનધિકૃત સાહિત્ય પ્રકાશન કર્યા, એ કેવો ઈર્ષ્યાનો સંકલેશ ? (૪) જાતની ક્રિયાશિથિલતાને ઢાંકવા, ક્રિયા કરનારાઓને જુનવાણી, સંપ્રદાયમૂઢ, ક્રિયાજડ વગેરે વિશેષણોથી નવાજ્યા, એ મિથ્યાત્વનો કેવો સંકલેશમાં પંડિતાઇ છે ? વિદ્વત્તા છે ? કે મહામૂઢતા છે ?

**કયા સંકલેશ વધુ ભયંકર ?**

હજી દ્રવ્યલોભ, વ્યક્તિદ્વેષ વગેરે સંકલેશ ઓછા ખરાબ, પણ ધર્મગુરુ સાધુ



મહાત્માની નિંદા-સંઘની હલકાઇ (પવિત્ર ધર્મક્રિયાઓની અને જિનોક્ત સાચી જ્ઞાનોપાસનાની તથા વ્રત-નિયમ-તપસ્યાઓની, વગેરે કોઇની પણ નિંદા-હલકાઇ-બદબોઇ કરવી, ઘસાતું બોલવું,) એ અતિ ભયંકર છે ! અનેકાનેક બાળ જીવોને ઉન્માર્ગે ઘસડી જનારી એના બોધિબીજનો નાશ કરનારી અને જાતને પોતાને દુરન્ત સંસારમાં ચિરકાળ ભટકાવનારી છે ! આ બધું ચિત્તના સંકલેશોને આભારી છે. પછી ત્યાં શાસ્ત્ર પંડિતાઇ પણ હોય તોય એ વસ્તુસ્થિતિએ મહામૂઢતા છે, દુઃખદ કારમી અજ્ઞાનદશા છે.

**પોથી પંડિતાઇ :-**

**પ્ર.-** જૈન શાસ્ત્રો ભણ્યા પછી આ હોય ? જિનાગમ તો રસાયણ છે.

**ઉ.-** જિનાગમ રસાયણ છે માટે જ એને કોઠામાં નાંખતા પહેલાં કોઠાનું શુદ્ધિકરણ જરૂરી છે; નહિતર રસાયણ ફૂટી નીકળે. જીવોનાં કર્મ વિચિત્ર હોય છે. એમાં ય મોહનીય કર્મ તો વળી મહા વિલક્ષણ છે. એ જીવો બિચારા પૂર્વ જન્મોમાંથી વિચિત્ર પ્રકારના મોહનીય કર્મને લઇને આવ્યા હોય એટલે એમને એ કર્મના ઉદયથી એવો વ્યામોહ જાગે છે, કે પહેલું તો જિનાગમના રીતિ અનુસાર ચારિત્રપાત્ર મહાવ્રતધારી મુનિ પાસે વિનય-વિધિ પૂર્વક ભણવાનું જ સૂઝતું નથી ! ઉપરથી એમને એમ લાગે છે કે આજના મુનિઓમાં તત્ત્વ જ શું છે ? અંતરમાં રહેલો મોહ એમની મતિને એવી રંગી નાખે છે કે એની પોતાને ઓળખ જ નથી પડતી; અને એવી મોહિતમતિથી મુનિઓને એદી, ઝગડાખોર, અજ્ઞાન, ભારભૂત વગેરે તરીકે લેખાવે છે ! મોહનું શિખવ્યું શીખેલા એ બિચારા સંસારસાગર તરવાના શ્રેષ્ઠ અનન્ય સાધનભુત ચારિત્રની કદર ન આંકતા, પોતાની શુષ્ક પોથીપંડિતાઈને જ બહુ માને એમાં નવાઇ નથી. પછી પ્રતિજ્ઞાપર્વક ઘરવાસત્યાગ, ષટ્કાયજીવ-હિંસાત્યાગ, વિષય-પરિગ્રહાદિ-પાપત્યાગ વગેરે ખરી આત્મશુદ્ધિ અને સાચાં આત્મ પરાક્રમને લેખામાં શાનાં ગણે ? ઘરવાસ, કુટુંબકબીલા, પૈસાટકા વગેરેની આસક્તિ ઊભી રાખવી, એની સાથે સંબંધ રાખવામાં ચિત્તને કશો અરેકારો ન હોય, દિલદુઃખ ન હોય, એ એક પ્રકારનો ચિત્તસંકલેશ છે. મનુષ્ય જન્મની મુખ્ય કિંમત હોય તો તે આ ચિત્તસંકલેશોને હટાવનાર સમ્યગ્દર્શન સહિત સમ્યક્ચારિત્રની આરાધનામાં છે. સાચી પંડિતાઇ, સાચી વિદ્વત્તા જાણકારી આ આરાધનામાં છે. એટલે જ જુઓ ઇતર શાસ્ત્રમાં આવે છે.

**ક્ષમા શીખી ક્યારે ગણાય :-**

**યુધિષ્ઠિર** વગેરે રાજકુમારોને ગુરુ દ્રોણાચાર્ય શિક્ષણ આપી રહ્યા છે તેમાં એક વાર ક્ષમા રાખવાનો પાઠ ભણાવે છે પછી પૂછ્યું ‘કેમ, સમજણ પડી ?’

બીજા રાજકુમારો તો ઝટ કહી દે છે; 'હા બરાબર સમજાવ્યું.'

પણ યુધિષ્ઠિર કહે છે 'ના, હજી બરાબર નથી સમજાવ્યું.'

ત્યારે ગુરુ ફરીથી ક્ષમાનું સ્વરૂપ, લાભ, વગેરે સમજાવી ફરીથી પૂછે છે 'કેમ, હવે બરાબર સમજ પડી ?'

પરંતુ યુધિષ્ઠિરનો ઉત્તર એનો એ જ ન સમજાયાનો છે.

ત્યારે વળી ગુરુ સમજણ આપે છે. પણ પેલો હજીય ન સમજાયાનું કહે છે. આમ ૩-૪ વાર ચાલ્યું એટલે ગુરુ કડક થઇને યુધિષ્ઠિરને શિક્ષા કરતાં કહે છે 'આવી સહેલી વાત હજી ય સમજ ન પડી ?'

અહીં સહેજ થોભીને હવે યુધિષ્ઠિર કહે છે, 'ગુરુજી ! હવે બરાબર સમજાયું.'

ગુરુ પૂછે છે 'અલ્યા, હવે કેમ સમજાયું ? વધુ માર પડવાની બીકે જ ને ?'

યુધિષ્ઠિર કહે 'ના ગુરુજી ! મારની બીકનો કોઇ સવાલ નથી. પરંતુ પહેલાં પાઠ સાંભળ્યો એટલું જ માત્ર; માત્ર શબ્દાર્થ જાણ્યો, પરંતુ એ શિક્ષણની ખરી સમજ તો ત્યારે આવી ગણાય કે જ્યારે જીવનમાં એ ઊતરી જાય. હવે એનું માપ શી રીતે કાઢવું ? માપ કાઢ્યા વિના ખાતરીબંધ કેમ કહેવાય કે 'મને સમજ પડી ?' એ તો જ્યારે આપે મને શિક્ષા કરી અને મેં મારા આત્મામાં તોલી જોયું કે આ શિક્ષા ઉપર જરાય ક્રોધ ન ચડતાં ક્ષમા સચવાય છે ને ?' એમાં જરા થોભીને જોતાં લાગ્યું કે 'ના ક્રોધ નથી આવ્યો ક્ષમા-શાંતિ રહી છે' એટલે એ જીવનમાં ઊતરી લાગેલી જોઇ મેં કહ્યું કે 'હવે બરાબર સમજાયું' બાકી તો પ્રસંગે ક્રોધ થઇ જતો હોય, ક્ષમા રહેતી ન હોય, અને કહું કે હું ક્ષમા બરાબર સમજી ગયો, તો એ તો ઢોંગ કહેવાય, અસત્ય વચન ગણાય.''

ગુરુ આ સાંભળી ખુશ થઇ ગયા એમને વિદ્યાર્થી ખરી વિદ્યાનો સાચો અર્થી લાગ્યો.

**ખરી વિદ્યા કઇ ?** આ જ કે જે અમલી બને, જે જીવન સાથે સગાઇ પામે. આત્માનાં વર્તનમાં આવે એવી થોડી પણ વિદ્યા એ પંડિતાઇ છે; બાકી બહોળા જ્ઞાનનું પોટલું માત્ર માથે ભારરૂપ છે. નિર્યુક્તિકાર કહે છે,-

**જહા ખરો ચંદણભારવાહી,**
**ભારસ્સ ભાગી ન હુ ચંદણસ્સ;**
**એવું ખુ નાણી ચરણેણ હીણો,**
**ભારસ્સ ભાગી ન હુ સુગ્ગઇએ.'**

અર્થાત 'જેમ ગધેડો ચંદનનો ભાર વહન કરવા છતાં માત્ર એનો ભારબોજ ઉઠાવાનો ભાગી છે, પણ એ શીતળ સુગંધી ચંદનનો (લાભ પામવા ભાગ્યવાન)



નહિ; એવી રીતે જ્ઞાની પણ ચારિત્ર વિનાનો જ્ઞાનના ભારબોજનો ભાગી છે, કિન્તુ (જ્ઞાનની સુવાસ-શીતલતારૂપ) સદ્ગતિનો નહિ' કેમકે સદ્ગતિ તો ચારિત્રસહિત જ્ઞાનથી મળે, ચારિત્ર વિના નહિ. જ્ઞાન, પાંડિત્ય, વિદ્વત્તા તો ઘણીય છે, પરંતુ સદ્આચરણમાં મીંડુ છે, એનો અર્થ, અનાદિરૂઢ અસદ્આચરણ ચાલુ છે, તો એવાં આચરણ મિથ્યા જાય નહિ એટલે એનાં ફળરૂપે આ ભયાનક ભવચક્રમાં દુર્ગતિના અવતારો કર્યા જ કરવાનું બને. છતી વિદ્વત્તાએ જો આ દુર્ગતિભ્રમણ ઊભું થતું હોય, તો વિદ્વત્તા શું સાચી પંડિતાઇ છે કે મૂર્ખતા-મૂઢતા ?

વાત આ છે કે,

**ચિત્તના સંકલેશ ઓછા કરીને નહિવત્ કરી નાખવાનું કરતા રહેવાય એ જ સાચી પંડિતાઇ છે,** પણ સંકલેશવાળી વિદ્વત્તા એ પાંડિત્ય નહિ. મહાસતી સીતાજીએ જીવનમાં અનેક ભારે સંકટો આવવા છતાં પણ સંકલેશો પર કેટલો બધો અંકુશ રાખ્યો હશે, એને મનમાં કેવા ઊઠવા જ નહિ દીધા હોય, કે નિંદા કરનાર લોકોના ઉપર અત્યારે પાણીના પૂર ફરી વળવાની સ્થિતિ ઊભી થઇ છે તે વખતે એ લોકો સામે કઠોર થવાનું કે એની ઉપેક્ષા-બેપરવાઇ કરવાનું મનમાં ય નથી આવતું, આવે ક્યાંથી ? મનમાં કોઇ જ ગાંઠ વાળી રાખી નથી કે 'લુચ્ચા લોકો ! હું સતીત્વવાળી છતાં મારી તમે નિંદા કરો છો ? ઠીક છે કરી લો, અવસરે વાત.' આવી કોઇ ગાંઠ જ વાળેલી નહિ; પછી ઇત્યારે અવસર છતાં એવું કાંઇ મનમાં જ શાનું આવે ?

**સતીત્ત્વનો બીજો પ્રભાવ :-**

જીવન આપણું તપાસવા જેવું છે કે જરા જરામાં બીજાઓ સાથેના વ્યવહાર મનને કેવા અડી જાય છે ! અને એની ગાંઠો પણ કેવી વળાય છે ! વાતમાં બહુ માલ પણ ન હોય, છતાં 'હં આ આમ કરે છે ? પેલા તેમ કરે છે ? ઠીક છે, જોઇ લીધા એમને,'- એમ મગજમાં અણગમતા તરીકે ચોંટી જાય છે. પછી અવસર આવે ત્યારે જૂના ડંખ પ્રગટ કરી શબ્દના ડામ દેવાય છે !

મામૂલી મામૂલી વાતમાં જો આમ ગાંઠ વાળવાની હોય તો સીતાજીએ વનમાં એકલા અટુલા તગેડાઇ જવું પડે એવી નિંદા કરનાર લોક માટે તો કેવી ય ગાંઠ વાળી રાખી હોય ? પણ ના, અહીં કોઇ એવી ગાંઠ જ નથી હૃદય સીધું-સરળ, સ્વચ્છ-સાફ અને દયાથી ભરપુર છે એટલે તરત જ ઊછળતા પાણી પર બે હાથ દઇ દે છે. બસ, ત્યાં તરત જ એ પાણી ઊછળેલાં પાછાં સંકોચાઇ જાય છે ! અને સરોવર-વાવડી સહજ સ્વરૂપની બની જાય છે !

**ગુણ-સુકૃત સાથે સંકલેશનો કઢંગો યોગ :-**

શુદ્ધ સતીત્વનો ઉચ્ચ પ્રભાવ અને ચિત્તની અસંક્લિષ્ટ સ્થિતિની બલિહારી

છે. એનો સુભગયોગ થવો મુશ્કેલ છે. કેટલીક વખત સતીત્વાદિ ગુણ કે સુકૃત તો હોય છે, પરંતુ સાથે ચિત્તમાં કોઇ ઈર્ષ્યા, કોઇ મદ-અહંત્વ, કોઇ મમતા-તૃષ્ણા વગેરે સંકલેશ સળગતા હોય છે. તેથી પેલા ગુણ-સુકૃત હોવા છતાં જીવનમાં અનિચ્છનીય ઘટના બનતી હોય છે. સંસારી જીવને મોહનીય કર્મના વિચિત્ર ક્ષયોપશમ હોય છે; એટલે એક સારું હોવા સાથે બીજું નરસું લાગેલું રહે એમાં નવાઇ નથી. એટલે જ સાવધાન બનવા જેવું છે. મોહનીયકર્મનો એક રીતે ક્ષયોપશમ કરવાનું પરાક્રમ કરવા છતાં બીજી રીતે એનો ઉદય જોર મારી જાય એ સુસંભવિત છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૫,અંક-૭,તા.૨૨-૧૦-૧૯૬૬**

(૨) એકવાર ગુરુ આચાર્ય મહારાજ બહારથી વિહાર કરી પાટણ પધાર્યા ત્યારે જાડુ ઝાંખું ખરબચડું કપડું ઓઢીને આવેલા જોઈ પૂછે છે,-

'પ્રભુ ! આ શું ? ગુરુનું આવું કપડું જોઈ મારે શરમાવું પડે છે.'

ગુરુ કહે છે, 'રાજન ! શરમાવાનું તો આમાં છે કે તારા સાધર્મી બંધુ જે આવું કપડું પહેરતા હશે એની તદ્દન ગરીબી જોવામાં શરમ છે ? તું મોટો વૈભવી રાજા અને આવા ગરીબ જૈનોનો તું સાધર્મી ?'

કુમારપાળનું ચિત્તનું વલણ માનવભવ અને તેમાંય વિશેષે કરીને જિનશાસન પામેલ માનવભવ, એની મહાન ઉચ્ચતાનો લાભ ઉઠાવવા તરફ હતું, એટલે તરત ત્યાં અભિગ્રહ કર્યો કે 'મારે જે કોઈ એવો નવો સાધર્મી મળે એને એક હજાર દ્રમકની ભેટ પહેરામણી કરવી. આનો વરસે લગભગ એક ક્રોડનો ખરચ રાખ્યો !

(૩) ઉચ્ચતાનો લાભ ઉઠાવવા તરફનું વલણ હતું તો પ્રસંગ-પ્રસંગમાંથી એનો પ્રયત્ન ચૂકતા નહોતા. સિદ્ધગિરિ પોતે સંઘ લઈને ગયા સારી રીતે એમાં ખર્ચ તો કરી ચુક્યા ને ? હવે તીર્થમાળા પહેરવાનો હક પોતાનો જ છે. પરંતુ મનને થાય છે કે 'ભલે ને આ માળા ઊછામણી બોલીને ગમે તે પહેરે; એથી આદીશ્વર દાદાના ભંડારમાં વૃદ્ધિ થશે, માનવભવની ઉચ્ચતાનો લાભ ઊઠાવતા રહેવું છે, તો આ એની એક તક છે કે ઊછામણી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવામાં નિમિત્ત બનવું.' એમને એમ તો કાંઈ ઊછામણી બોલાતી નથી; આ તો સહેજે પ્રસંગ આવી ગયો છે કે પોતે સંઘ લઈને આવેલ છે અને હવે વરમાળા પહેરવાનો અવસર છે. એને પ્રભુના ભંડારમાં દ્રવ્યની વૃદ્ધિનું નિમિત્ત બનાવી શકાય છે. માત્ર પોતાનો માળા પહેરવાનો હક જતો કરવો પડે છે, અગર પોતે પહેરવી હોય, તો વળી મોટી રકમ ઊછામણીમાં બોલવાનો ખર્ચ કરવો રહે છે. મોટી એટલા માટે કે



ઊછામણીમાં બોલનાર સામે વાગ્ભટ, આમ્રભટ વગેરે માંધાતા પ્રભુભક્તો છે. માળા એમ ને એમ પહેરવાનો ન્યાય પ્રાપ્ત હક જતો કરવો યા ઊછામણીમાં મોટી રકમનો ખર્ચ કરવો, બંનેમાં આ માનવભવની ઉચ્ચતાનો લાભ ઉઠાવવાનું દેખે છે.

**હક જતો કરવાની ઉદારતા** દાખવવાનું કયા ભવમાં થઇ શકે ? જુઓ આ પૃથ્વીપટ ઉપર પ્રાણી ગણની સ્થિતિ પોતાનો ન્યાય પ્રાપ્ત હક જતો કરવાની ઉદારતા બતાવવાનું કોણ કરે છે ? જીવો હક જતો કરવાને બદલે હક બજાવવામાં તો મરી રહ્યા છે, પછી ભલે ન્યાય પ્રાપ્ત હો કે અન્યાયી રાક્ષસી બળનો માની લીધેલો હક હો ! પછી આવા ઉચ્ચ ભવમાં પણ એ ?

**બિલાડી શું સમજે છે ?** જાણે ઉંદરને ઝડપી મારી નાખવાનો હક ન હોય?

**ખરેખર તો કોઈને કોઈ જ જીવ મારવાનો હક નથી;** નહિતર તો પોતાને કોઇ બીજો મારે એ પણ પોતે સામાનો હક માનવો જોઈએ. ના, એ તો કોઇ માનતું નથી. ત્યાં તો એમ માને છે કે 'મને મારવાનો સામાને શો હક છે ?' તો એ જ રીતે બીજાને મારવાનો પોતાને મળેલા અધિક બળના જોર ઉપર જાણે બીજાને મારવાનો પોતે હક સમજે છે ! ક્ષુદ્ર પ્રાણીઓમાં આવા હક જતા કરી ઉદારતા કેળવવાનું કોણ કરે છે ? એ તો આપણે આ ઉચ્ચ ભવમાં વિવેક મળવાથી ન્યાય પ્રાપ્ત પણ હક જતો કરી ઉદારતા કેળવવાની તક મળી છે; ભવની ઉચ્ચતાનો ઉઠાવવાનો અવસર મળ્યો છે. એ લાભ કેમ ન ઉઠાવીએ ?

માનવભવની ઉચ્ચતાનો લાભ ક્ષુદ્રતા-કૃપણતા દાખવવામાં નથી. એ તો હલકા પશુભવનાં કામ ! પશુભવે આપણે ક્ષુદ્રતા દાખવવાનું બહુ કર્યું. આવા ઉચ્ચ ભવે આવીને પણ શું એ જ કામ ? જુઓ સીતાજીની ઉદારતા, રામ વનમાં જાય અને પોતે પાછા સીતાને કહે છે કે 'તમે માતાજીની સેવામાં રહો, તમે સુકોમળ છો તેથી જંગલમાં ભટકવાનું તમારૂ કામ નહિ;' તેમ મા કૌશલ્યા પણ કહે છે કે 'અહીં મહેલમાં રહો;' છતાં પતિને વનવગડામાં રખડતા રાખી પોતે મહેલમાં બેઠા આરામ ભોગવે એ વસ્તુ સીતાજીને ક્ષુદ્રતાનો ધંધો લાગે છે. એટલે પોતે ઉદાર મનથી વનમાં સાથે જ ચાલી નીકળ્યા. મહેલમાં બેસી રહેવાનો હક વાપરવાનું ન કર્યું, હક જતો કર્યો.

અત્યારે પણ જોજો કે હવે તો દિવ્ય કરીને એને વધુમાં ઊછળેલા પાણીના જુવાળ શમાવી દઇ લોકોને ડૂબી મરતા બચાવી લઇને મહારાણીપદે ગૌરવભેર આરૂઢ થવાનો હક ભોગવવાનું કરે છે કે જતો કરવાનું ? આત્મવિકાસનો માર્ગ આ કે માનવભવની ઉચ્ચતાનો લાભ ઉઠાવવાનું ન્યાયપ્રાપ્ત પણ હક જતો કરાય.

મહારાજા કુમારપાળ હક જતો કરે છે; ઉદારતા દાખવે છે કે આ નિમિત્ત

છે તો ભલે પ્રભુની ભક્તિમાં માળની ઊછામણીનું મોટું દ્રવ્ય આવે, ને એમાં કદાચ આપણે બોલવાનું રહેતું હોય તો બોલવું. બોલાવી ઊછામણી પોતે પણ એમાં લાખોની રકમ બોલતા ગયા ! સામે એવી રકમો બોલનારા છે ને ? તો ભલે પોતાને પણ મોટી રકમ બોલવી પડતી હોય તો બોલવાની, શું છે આ ? માનવભવની ઉચ્ચતાનો લાભ ઉઠાવવાની, લાભ ઉઠાવવા માટે હક જતો કરવાની અને કરેલ સંઘયાત્રાના ખર્ચ ઉપરાંત નવો ખુશાલી ખર્ચ કરવાની ઉદારતા કેળવવાની વાત !

જીવને ધન, માલ અને ભોગની લોલુપતામાં એમ લાગે છે કે 'આપણા હકનાં ધન-માલ એમ શા માટે જતા કરવાં ? એવી ખોટી ઉદારતાની શી જરૂર છે? હજી દીકરા-દીકરી કે પત્ની માટે ઉદારતા કરાય તે તો જરૂરી છે; પણ આની શી જરૂર છે ?'-આ લોલુપતા-લંપટતાનો આંતર અવાજ છે. દેવ-ગુરુ-ધર્મ-સાધર્મિક માટે કરાતી ઉદારતા એને ખોટી, ગેરવાજબી અને બિનજરૂરી લાગે છે, અને કુટુંબ કે વટ માટે કરાય તે વ્યાજબી અને જરૂરી લાગે છે ! હા, દેવ-ગુણ-ધર્મના કાર્યમાં ખરચવાથી સમાજમાં પોતાનો વટ વધતો હશે તો તો ત્યાંય ખરચવા તૈયાર થશે. પણ તે તો સંસારવર્ધક ! ગુપ્તપણે એમાં ઉદાર ખર્ચ કરવાનું એને ગેરવાજબી અને બિનજરૂરી લાગે છે ! આવું કેમ થાય છે ? ભોગ અને માન-સન્માનની લંપટતા છે માટે; ત્યારે પ્રશ્ન કરે છે,-

**પ્ર.**- એવી ધર્મ ખાતે ઉદારતા કરવાથી ફાયદો શો ! જાતના હક શા માટે જતા કરવા ?

**ઉ.**- ફાયદો આ, કે ક્ષુદ્રતા-કૃપણતા કરી કરીને તો ક્ષુદ્ર ભવોમાં રખડવાનું થયું છે. પૂર્વે અનેક વાતોમાં કરેલી ક્ષુદ્રતાના લીધે તો અહીં કુદરત કેટલીય બાબતોમાં આપણા તરફ ક્ષુદ્ર વર્તે છે. વિચારો, અહીં કેટકેટલી બાબતમાં બીજાઓ તરફથી ઉદાર વ્યવહાર પસંદ છતાં કેમ એ નથી થતો ? કેટલીય વાર કુદરત વાંકી પડતી દેખાય છે, એ શાથી ? આ જ કારણ કે વાવ્યું તેવું લણવાનું છે, બાવળિયા વાવ્યા પછી કેરીઓ લેવા જાઓ તે ક્યાંથી મળે ? એમ પૂર્વે ઢગલો ક્ષુદ્રતા આચરી યાને વાવી હોય, એટલે હવે ઉદારતા લણવાની ક્યાંથી મળે ? બીજાને શાતા આપી હોય તો શાતા મેળવવાનો હક છે. બીજાને જશ આપ્યો હોય તો જશ મેળવવાનો હક છે, બીજાઓ તરફથી ઉદાર વ્યવહારની અપેક્ષા રાખવી છે, અને આપણે ઉદારતા કરવાની આવે ત્યારે એમ કહેવું છે કે 'એવી ખોટી ઉદારતાની શી જરૂર? એનાથી શો ફાયદો ?'

**હૈયું ક્ષુદ્ર-સ્વાર્થી અને ભોગ-પરિગ્રહલંપટ રાખીને તો આપણી તરફ બીજાઓની ભારે ક્ષુદ્રતા આદિને આમંત્રણ આપીએ છીએ.** કુદરતના ચોપડે અર્થાત્ કર્મના



હિસાબમાં કશું વણનોંધ્યું જતું નથી. પછી તો એ કર્મ પણ બીજા તરફથી ક્ષુદ્રતાના જ જળ આપણા પર વરસ્યા કરે એવા હલકા ભવ, હલકી પરિસ્થિતિ અને હલકાં વાતાવરણમાં આપણને ગોઠવી દે છે ! આજે રાજકીય વાતાવરણ હલકું છે ને ? એની ક્ષુદ્રતા આપણે વેઠવી પડે છે ને ? કેમ વારૂ ? કારણ આજ કે આપણે બહુ બહુ રીતે ક્ષુદ્રતા આચરી છે, અરે ! પરલોકની વાત તો પછી, પણ આ જ જીવનમાં દેખાય છે કે જો એક સગો ક્ષુદ્રતા જ દાખવ્યા કરે છે, તો સામેનો પણ ક્ષુદ્ર બને છે, કદાચ એ ઉદાર રહે તો પણ પેલાને એની ક્ષુદ્રતાના બદલામાં ક્ષુદ્રતા પરિણમે છે. એથી ઊલટું જો માણસને લાગી જાય કે **'કુદરત યાને વસ્તુ સ્વભાવ અમારી પાસેથી ઉદારતા ચાહી રહી છે, માટે હવે આપણે ઉદાર બનો ?** અને પછી સર્વત્ર ઉદારતા આચરવા માંડે, તો વાતાવરણ ફુટી જાય છે. તત્કાલ બધે આવું બને એવો નિયમ નહિ, પોતાની પૂર્વની ક્ષુદ્રતાનાં પરિણામ ભોગવવાનું પણ બને. કિન્તુ આ જીવનમાં ક્ષુદ્રતા દફનાવી દઈ ઉદારતા કેળવ્યે જવામાં પોતાના મનને કોઈ અવ્વલ અદ્ભુત શાંતિ, સ્ફુર્તિ આનંદ મળે છે.

ક્ષુદ્રતા આચરીને મળેલા તુચ્છ લાભના આનંદ કરતાં ઉદારતા દાખવીને અનુભવાતા ચિત્તના આનંદ અનેરા-મહાન હોય છે.

હક ભોગવી લેવાના આનંદ કરતાં હક જતા કરવાના આનંદ ભવ્ય કોટિના હોય છે. કુમારપાળે સંઘ લઈ આવ્યા પછી તીર્થમાળ પહેરી લેવાનો હક જતો કરી, એ અનેરો આનંદનો અનુભવ કર્યો છે. સીતાજી હવે અહીં એ કરવાના છે. ત્યારે આ પરથી **આત્મ વિકાસના આ માર્ગ જડે છે કે,**

**(૧) ન્યાયપ્રાપ્ત પણ હક બીજાના લાભમાં જતા કરવા.**

**(૨) ક્ષુદ્રતા-કૃપણતા ટાળી ઉદારતા બહુ બહુ સ્થાનમાં કેળવવાની ટેવ પાડવી.**

**બહુ વાતે ઉદારતા :-**

**મહારાજા કુમારપાળે** આ કર્યું. તીર્થમાળ પહેરવાનો હક તો જતો કર્યો જ, ઉપરાંત હવે એની સંઘમાં બોલાતી ઊછામણીમાં પણ મોટી રકમ બોલવાની ઉદારતા કરવા માંડી. એ તો મહુવાનો શ્રાવક જગડુ સવા ક્રોડ રૂપિયા કે દ્રમ્મકની રકમ બોલ્યો એટલે આગળ કામ અટક્યું. બાકી તો કુમારપાળ ઉદારતા ચૂકતા નહિ અનાદિની પરિગ્રહસંજ્ઞા શે છૂટે ? બુદ્ધિથી વિશિષ્ટ આ ભવમાં ઉદારતાની બુદ્ધિ કેળવતા રહેવાય, દાખવતા રહેવાય, તો જ લક્ષ્મી આદિના મમત્વ-આકર્ષણ-ગુલામી ઓછી થતી આવે. માત્ર પૈસાની જ ઉદારતા નહિ, પરંતુ વર્તન-વ્યવહારમાં ય ઉદારતા જોઈએ. તો જ હરામહાડકાપણું, તામસીપણું, અસહિષ્ણુતા વગેરે ઘટતા આવે. ભૂલતા નહિ કે જીવનમાંથી ક્ષુદ્રતાને દબાવતા આવવા અને ઉદારતા દાખવતા

આવવા અવરનવર તક મળી રહે છે, ત્યાં એનો પુરુષાર્થ જોઈએ. આ મનુષ્ય જીવનની ઉચ્ચતાનો લાભ ઉઠાવવા તરફ દૃષ્ટિ જોઈએ. લાભ આ રીતે જ મળે કે આપણે જો હૃદયના શુભ ભાવની ધારા અખંડ રાખવાના પ્રયત્નમાં રહીએ. **'મારું બહારનું બધું બગડે તો પણ મારા અંતરના ભાવ ન બગડવા દઉં'** - આ સચોટ તકેદારી હોય. એમ બહારના ગમે તેટલા પ્રલોભનો ઊભાં થાય, છતાં પણ ભવની ઉચ્ચતાને યોગ્ય શુભ ભાવ કેળવ્યા વિના રહું નહિ.'

**સીતાજી કેમ ન લોભાયા ? :-**

અહીં સીતાજીને મહાન પ્રલોભનનો પ્રસંગ છે કે 'હવે દિવ્ય કર્યા પછી અને પાણીના જુવાળ ખાળી સતીત્વનો અતિભવ્ય ચમત્કાર પ્રત્યક્ષ કરી લોકનું ગજબ આકર્ષણ અને ગૌરવ તથા કુટુંબીઓએ ઊછળતો આદર કર્યો છે; તો હવે ગૌરવથી રાજસુખમાં મહાલવા મળશે !' રામચંદ્રજીને તો લોકદૃષ્ટિએ અદ્ભુત બળ મળ્યું છે. કેમકે પોતાની સીતા સતીત્વની પરીક્ષામાં અજબ કક્ષાએ પસાર થઈ છે ! હવે રામ, લક્ષ્મણ, વગેરે સીતાજીને કહે છે 'બિરાજો રથમાં, ચાલો નગરીમાં અને મહાસામ્રાજ્ઞીપદના સુખ-સન્માન ભોગવો.' અહીં સીતાજીને મહાસુખ-સન્માનમાં રહેવાનું મળે છે, છતાં એમને તો માનવભવની ઉચ્ચતાનો લાભ ઉઠાવવો છે, એ લાભ આ સુખવૈભવ અને સન્માનમાં દટાઈ જવામાં ન મળે. જુઓ મહાસતી ત્યાં શું કરે છે.

**સીતાજી કહે છે** કે 'હવે મારે આ પાપભર્યા અને મોહની નાદાન ચેષ્ટારૂપ ઘરવાસ-સંસારવાસથી સર્યું. તેથી હું થાકી છું. હવે મને એનો રસ નથી. એટલે સંસારના સર્વ સંબંધો ત્યજી મારે ચારિત્રમાર્ગ લેવો છે, મારો એ દઢ નિર્ધાર છે. બસ હવે હું એ માર્ગે જઈશ, મને આશીર્વાદ આપો.'

**સીતાજીએ આટલો બધો ઊંચો વિચાર કેમ કર્યો ?** પૂર્વનો વર્ષોનો વનવાસ, પગપાળા જંગલમાં ભટકવાનું,...રાવણને ત્યાં કેદ,...ભારે ભય-દમદાટી...! પાછા અયોધ્યામાં આવ્યા ત્યાં ફરીથી ગર્ભિણી અવસ્થામાં જંગલમાં તગેડાઈ જવું ! વર્ષોના વર્ષો પરાશ્રિત રહેવું ! ઉપર અગ્નિના દિવ્ય કરવાનું આવી પડવું !...આ બધી વિટંબણાઓ પછી હવે તો જાણે એનાં મહા ઈનામરૂપે ભારે ગૌરવ-સત્કાર સાથે મહાસામ્રાજ્ઞીપદે બિરાજી ઠરી ઠામ બેસવાનો અવસર આવ્યો ! મનને એમ થાય કે 'હાશ ! ચાલો હવે આફત પર આફતનાં વાદળ ગયાં; ચાલો હવે આટલા ઊંચા માન-પાન વચ્ચે નિરાંતે બેસીએ ત્યાં બેઠા પ્રભુનું નામ લઈશું.' આવું સહેજે થાય એ કેમ એના મનને ન થયું ? કેમ એના બદલે કઠોર ચારિત્રનો માર્ગ જ લેવાનો નિર્ધાર થાય છે ?



**સીતાજીને રીસ નહોતી :-**

અહીં એ ખાસ જોવા જેવું છે કે સીતાજીને કોઈ રીસ નથી કે પૂર્વે કેમ પોતાનું અપમાન નાલેશી કરેલી ? માટે હવે અયોધ્યામાં જવું જ નહિ. જો આવી રીસ હોત તો તો પોતાના છોકરા સમર્થ હતા. એને લઈને પાછી ત્યાંથી ચાલી જઈ શકત. છોકરાઓએ અહીં યુદ્ધ કરવા આવતાં પહેલાં પહેલાં આશ્રયદાતા રાજા વજ્રજંઘની રાજ્યની બાજુના બીજા રાજ્યના રાજાઓને યુદ્ધ કરી જીતેલા હતા, એટલે ત્યાં એમનું ગૌરવભર્યું સ્થાન હતું. તેથી એ બાજુ ગમે ત્યાં રાજ્ય જમાવી શકત. પરંતુ સીતાજીને આવી કોઈ લાલસા ન થઈ. એ બતાવે છે કે એમને મનમાં રીસ નહોતી કે એવી કોઈ એમણે મનમાં ગાંઠ વાળી નહોતી.

તેમ એ પણ એક હકીકત છે કે ચારિત્ર પણ જો રીસનું ભરેલું હોત, તો એના ફળરૂપે કાંઈ બારમા દેવલોકનું ઈંદ્રપણું મળે નહિ; અને મળ્યું તો છે જ, એવી રીસની ગાંઠમાં ઊંચા ચારિત્રના ભાવ પ્રગટે કે ટકે જ નહિ એટલે એ સૂચવે છે કે રીસ રાખી જ નહોતી.

**મહાન આત્માઓનાં દિલ મહાન હોય છે.** એ ક્ષુદ્ર જનોની જેમ દિલમાં અધમ ભાવ પોષે નહિ. એમના વિશાળ ઉદાર દિલ ઉદાર સ્વચ્છ ભાવથી શોભિતા હોય છે. માનસ વિચારસરણી જ એમની એવી કે જે કેમ જાણે મલિન ભાવથી અભડાઈ જતી લાગતી ન હોય ? તે એને દિલમાં સ્પર્શવા જ ન દે. એમને તો ગમે તેવા પ્રસંગમાં પણ તત્ત્વ તરફ દૃષ્ટિ રહે. વસ્તુના પરમાર્થ અને વિવેક તરફ દૃષ્ટિ રહે, એટલે પછી ઉપલકિયા દર્શનથી હૈયાં જે બગડે છે, એ બગાડવાનું રહે નહિ.

**અંજના પર પતિ કેમ બગડ્યો ? :-**

**હૈયું બગડે છે ઉપર-ઉપરનું જોવામાં.** અંજના-સુંદરીના પતિ પવનંજયે લગ્ન પહેલાં અંજનાને ગુપ્તપણે જોવા જવાનું કર્યું; વિદ્યાધર હોઈ વિદ્યાથી એની મહેલની અગાશી ઉપર પહોંચી જાય છે. ત્યાં બહાર મિત્ર સાથે ઊભો રહી અંદરનો અંજનાની સખીઓનો વાર્તાલાપ સાંભળે છે. એમાં એક સખી બીજીને કહી રહી છે કે અંજના માટે પતિ તો વિદ્યુત્પ્રભ યોગ્ય હતો; કેમકે એ ચરમશરીરી આ ભવના અંતે જ મોક્ષગામી ઊંચો જીવ છે.'

ત્યારે બીજી કહે છે, 'પણ એ તો અલ્પ આયુષ્યવાળો. એની સાથે અંજનાના વિવાહથી શું વળે ?'

ત્યાં પહેલી સખી હસતાં ઝટ બોલી ઊઠે છે. 'અરે બહેન ! થોડું પણ અમૃત સારું. ઝેરનું મોટું કૂંડું ય હોય તો શું કરવાનું ?'

બસ, આટલી જ વિનોદની વાત. આમાં અંજના તો તટસ્થ ભાવે શરમથી

માત્ર સાંભળી રહી છે. એક કુમારી પતિની વાત કેમ બોલે ? શરમાય છતાં પવનંજય અહીં ગુસ્સે થઈ જાય છે કે "હેં ? આ સખીઓ મને ઝેરનું કૂંડુ ગણે છે ? અને અંજનાસુંદરી એનો પ્રતિકાર નથી કરતી ? મૂંગી રહીને આ વાતમાં સંમતિ આપે છે ?"

શું છે આ ? ઉપલકિયું દર્શન. એમાં એ જોતો નથી કે (૧) આ તો લગ્ન-ઉત્સવના દિવસમાં માત્ર વિનોદની વાતો ચાલતી હતી. (૨) તેમ એક કુળબાળાની ખાનદાનીની રૂએ અંજનાથી પતિના ગુણગાન પ્રગટ કરાય નહિ. (૩) વળી અંજનાના અંતરને તો પોતે જાણતો નથી. પછી એકદમ એ કલ્પના કેમ કરાય કે અંજનાના દિલમાં એનું સ્થાન ઝેરના કૂંડા જેવું છે ? પણ ઉપલકિયું જ દર્શન કરવું હોય ત્યાં એમજ બને.

**ઉપલકિયાં દર્શને હૈયું કેવું બગડે ? :-**

ઉપલકિયા દર્શનમાં ભૂલો પડી ગયેલો પવનંજય જ પહેલાં તો ત્યાં આ વાત કરનાર અને સાંભળી રહેનારને મારી નાખવા તલવાર પર હાથ નાખે છે. પરંતુ સાથેના મિત્રના રોકવાથી અટકી પોતાના આવાસે પાછો આવી મિત્રને કહી દે છે કે 'આપણે આને પરણવું નથી. ત્યાં મિત્ર જો કે એને પિતાની બે આબરૂ, કુળને કલંક વગેરે અનર્થ સમજાવી લગ્ન માટે તૈયાર કરે છે; કર્યા લગ્ન; પરંતુ પેલા ઉપલકિયાં દર્શનની અસરથી પરણી લાવેલી એ અંજનાસુંદરીને એણે બાવીસ વરસ સુધી અલગ મહેલમાં એકલી તરછોડી, એના સામે પણ જોતો નથી ! મળવાની તો વાતે ય શી ? **'બાવીસ વરસ વિયોગે રહેતી, પવનપ્રિયા સતી અંજના રે.'** ઉપલકિયાં દર્શનમાં હૈયું કેવું બગડે છે ? પરણ્યા પહેલાં કે પરણ્યા પછી પણ પેલી વાતચીતના પ્રસંગનો ખુલાસો નથી પૂછતો કે અંજનાએ કેમ એ વખતે મૌન રાખ્યું હતું ? પૂછે તો સમાધાન મળે અને પોતાનો ભ્રમ દૂર થઈ હૈયું સ્વસ્થ બની જાય. પરંતુ તત્ત્વદર્શનનો, ઊંડા રહસ્યને જાણવાનો અને વસ્તુનો વિવેક કરવાનો ખપ હોય તો ને ? ઉપલકિયાં મિથ્યા દર્શનમાં જ રાચવું હોય ત્યાં હૈયું વરસો સુધી કેમ બગડેલું ન રહે ?

**રીસ ન ચડાવવા સીતાજીનો આદર્શ :-**

મહાસતી સીતાજી ઉપલકિયાં દર્શનવાળા નહોતા. એટલે રામચંદ્રજી પર રીસ કરીને હૈયું બગાડવાની વાત એમણે રાખી નહોતી, આ એક મહાન આલંબનભૂત ધડો લેવા લાયક પ્રસંગ છે કે એમને રામે જંગલમાં નિરાધારપણે તરછોડી દીધા હતા, છતાં એમણે રામ પર રીસ કરી હૈયું બગાડ્યું નહિ, પતિનો આટલો ભયંકર અપરાધ છતાં રીસ નહિ ! તો પછી આપણા જીવનમાં બીજાના એથી બહુ નાના



નાના અપરાધ પર આપણે શા સારું રીસ કરવી ? શા માટે હૈયું બગાડવું ?

**એક ક્ષણ ભૂલની ગંભીરતા :-**

ભૂલતા નહિ, **છ મહિના સુધી સુધાર સુધાર કરેલા હૈયાને બગડવામાં એક ક્ષણ એક ઘડી બસ છે. પણ એ બગડેલા હૃદયને સુધારવા માટે મહિનાઓ-વર્ષોની જહેમત જોઈએ છે.** જરાક શી વાતમાં રીસ ચડીને હૈયું બગાડ્યું તો ખરું, પણ હવે એના સંસ્કાર ભૂંસતાં મહિનાઓ લાગશે તે ય સુધરવું હશે અને સુધરવાનો પ્રયત્ન હશે તો ! નહિતર તો પછી એમ રીસ અને હૃદય બિગાડની આદત પડી સમજો.

આંખ અને સ્પર્શનેન્દ્રિયના દુરાચારમાં શું બને છે ? આ જ, કે એક વાર ચાહીને એ સેવ્યો, એટલે વાઘે લોહી ચાખ્યા બરાબર થયું. એક વારના પણ એ પરરૂપ-પરસ્પર્શના દુરાચારની સુંવાળાશ ઈંદ્રિય અને મન પર મહિનાઓ સુધી ઝણઝણાટી રાખશે. એને ભૂંસવાના સળંગ સતત પ્રયત્ન આદર્યે ગયા, તો બચ્યાં; નહિતર તો નિમિત્ત મળતાં પડિયા સમજો. હવે કામ આગળ વધી જવાનું એમ રીસ ચડાવવા અને હૈયું બગાડવા અંગે પણ આ જ સ્થિતિ સમજી રાખો. માટે જ એક વાર એ કર્યું પછી જો એનાથી પાછા વળી જઈ, હવે ફરીથી કદી રીસ ન ચડે અને મન ન બગડે એની પૂરી તકેદારી રાખીને એક યા બીજા શુભ ભાવ જ ચિત્તમાં રમતા રખાય, તો લાંબે ગાળે પેલાના કુસંસ્કાર ભૂસાઇ જાય, ફરી ફરી યાદ રાખવા જેવું છે કે કુસંસ્કાર ભૂંસવાનો પ્રયત્ન દીર્ઘકાળ ચાલુ જોઇએ.

**ચારિત્ર સ્વીકારનાં કારણો**

મહાસતીએ રીસ વગેરે અશુભ ભાવ દૂર જ રાખ્યા છે, એટલે અહીં જે અયોધ્યામાં હવે આવવાની ના પાડે છે, અને ચારિત્રમાર્ગે જવાનું કહે છે, તે રીસથી નથી. હૈયામાં સતત રમતા શુભ ભાવ અહીં વિકસિત થાય છે, એ થવાનાં કારણો છે. એમાંય સંસારવાસ છોડી ઠેઠ ચારિત્રમાર્ગે ચડી જવાનાં નક્કર કારણ છે.

**(૧) કર્મ ઠગાઈથી બચવા :-**

સીતા કર્મે ત્રણવાર ભારે ઠગાણી છે. પિતા જનકરાજાને ત્યાંથી સાસરે આવી ત્યારે કર્મના ભરોસે હતી કે 'ચાલો દશરથનંદન સ્વામી મળ્યા છે એટલે એમની સાથે રાજાશાહી સુખોમાં નિરાંતે રહીશું.' પરંતુ ભરોસાનો એકાએક ભંગ થયો અને વનવાસમાં ચાલી જવું પડ્યું. છતાં પાછી ત્યાંય ભરોસે રહી કે 'ખેર ! મારે તો સ્વામી સાથે છે એ મહાનિરાંત છે. છતાં કર્મે એને ઠગી,-' હં; સ્વામી સાથે ? લે ઉપડાઉં રાવણ પાસે.' રાવણે ઉપાડી જઇ સ્વામીનોય વિયોગ કરાવ્યો! વળી ત્યાંથી સ્વામી રામચંદ્રજી અને દિયર લક્ષ્મણજી લડીને રાવણને ખત્મ

કરી એને મેળવીને અયોધ્યા લઇ આવ્યા, પટ્ટરાણી પદે બિરાજવાનું મળ્યું ત્યાંય ભરોસે બેઠી હતી કે હવે આપદાઓ ગઇ ! પણ ત્યાંય કર્મે એને ઠગી, એકાએક કર્મે સ્વામી રામ પાસે એનો જંગલમાં ત્યાગ કરાવ્યો, અને લોકમાં હલકાઇ કરાવી ! હવે જ્યારે અત્યારે મનનું માન્યું ઠરી ઠામ બેસવાનો અવસર આવ્યો છે ત્યારે શી ખાતરી કે કર્મ વળી કોઇ નવી આપદા ઊભી કરવાની ઠગાઇ નહિ કરે ? એટલે સીતા જુએ છે કે હવે તો કર્મ શું ઠગે ? હું જ એના ભરોસા મૂકી એનો સર્વનાશ કરવા અહિંસા-સંયમ-તપનાં પરાક્રમ કરીશ.

**(૨) વાસનાનો અંત લાવવા ભવ જ આ :-**

બીજી વાત આ છે કે અયોધ્યામાં જઇ ઠરી ઠામ બેસવાનું મન થાય તે અનાદિરૂઢ વિષયવાસના અને મોહમૂઢતાને લઇને છે. પણ એમાં તો એ વાસનાઓને પુષ્ટ થવાનું થાય છે, તો પછી એનો અંત ક્યારે આવે ? અંત લાવવાનો મનુષ્ય સિવાય બીજો ભવ જ ક્યાં છે ? અને માનવ જીવનના અંત સુધી જો વાસનાઓને જ ઘુંટ્યા કરવાની હોય, તો તો ફરીથી માનવભવ પણ ક્યાં સુલભ પડ્યો છે ? ત્યારે હલકા અવતારમાં ઊતરી ગયા પછી તો એ પુષ્ટ બનેલી વાસનાઓનાં કાળાં કૃત્યમાં જ અટવાઇ જવાનું બને ! અને ૮૪ લાખ યોનિઓમાં દુઃખદ ભવોની પરંપરામાં સબડી મરવાનું થાય ! માટે હવે તો એ ભવવર્ધક વાસનાઓનો અંત કરનારી ચારિત્રજીવનની ચર્યા જ મુબારક હો.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૫,અંક-૮,તા.૨૯-૧૦-૧૯૬૬**

ચારિત્રજીવન જ એવું એક માત્ર જીવન છે કે જેમાં બહારના ધન-માલ-જીવન કુટુંબાદિના સંબંધો છૂટી જવાથી એની પાછળ પોષાતી વાસનાઓ સહેજે આપોઆપ બંધ પડે છે. વળી જ્યાં અહિંસા-સત્ય વગેરે પાંચ મહાવ્રતો પ્રતિજ્ઞાને લીધે આરંભ-સમારંભ, જૂઠ, અનીતિ, અબ્રહ્મ અને પરિગ્રહની પ્રવૃત્તિ અને એના યોગે પોષાતી વાસનાઓ અટકી જાય છે. ઉપરાંત પવિત્ર જ્ઞાનાચારાદિ પંચાચારની જ પ્રવૃત્તિથી એથી વિરુદ્ધ અસદ્ આચારોની વાસનાઓ ઘસાઇ મરે છે એટલે એ જ જીવન ઉત્તમ જીવન છે.

**(૩) સર્વ જીવોને અભયદાન ચારિત્ર જીવનમાં જ.**

વળી, ઘરવાસમાં રહેતાં પૃથ્વીકાયાદિ ષટ્કાય જીવોના સંહાર ચાલુ રહે છે. ત્યારે આ સંહાર ત્યજી સર્વ જીવોને સર્વથા અભયદાન દેનારૂં જીવન ક્યારે જીવવાનું ? જગતના વિશાળ ચોકમાં જોતાં આવું શ્રેષ્ઠ જીવન બીજા કયા અવતારે દેખાય છે ?



એ તો એકમાત્ર માનવભવની જ આ દેણ છે. એમાં જ આ કરુણા લાવી શકાય કે 'જીવ ! બીજાના પ્રાણના ભોગે તું જીવી રહ્યો છે પરંતુ એ જીવોની બિચારાની કઇ દશા ? તને તારા પ્રાણ તો શું પણ થોડી શાતાને ય ધક્કો લાગે એ નથી પોષાતું, તો એને મરણાંત ઘોર અશાતા કેમ સહન થાય ? શા સારું જ્યારે ચારિત્રજીવનમાં સર્વ જીવોને અભયદાન દઇ શકાય છે, તો પછી એવું ભવ્ય ચારિત્રજીવન ન અપનાવવું ?

**(૪) સર્વથા વિરતિ ચારિત્રમાં જ :-**

બીજુ, જીવને પાપાચરણ મારે એના કરતાં તો પાપોની છૂટ, અવિરતિ વધુ મારી રહી છે. એકેન્દ્રિય જીવો ક્યાં પ્રગટ હિંસા, જૂઠ વગેરે પાપો સેવે છે ? છતાં એને ય અવિરતિ તો છે જ, પાપત્યાગની પ્રતિજ્ઞા નથી. એટલે એ એકેન્દ્રિયપણામાં જ કદાચ અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી પણ ગોંધાઈ મરે છે ! પાપનું આચરણ નહિ છતાં જ્યારે પાપ કરવું હોય ત્યારે કરવાની છૂટ ઊભી છે, એવી તો પાર વિનાની છૂટો ઊભી ! એથી અઢળક કર્મબંધ થાય. આવી ખતરનાક અવિરતિને સર્વથાં નિર્મૂળ કરવાનો, અર્થાત્ પ્રતિજ્ઞાબદ્ધ પાપત્યાગનો, સર્વવિરતિ માર્ગ આચરવા માટે મહાદુર્લભ યોગ એકમાત્ર મનુષ્યભવમાં મળે, તો પછી એ યોગને શા માટે વધાવી ન લેવો ? એથી પ્રતિજ્ઞાબદ્ધ સર્વ પાપત્યાગ થવાથી સર્વવિરતિમાં આવી જવાય.

**(૫) પરમ ઉપકારી અરિહંતની પૂર્ણ સેવા ચારિત્રથી જ :-**

બાકી તો જીવને આવો ઊંચો માનવભવ અને એમાં અનેક જાતની અનુકૂળ પુણ્યસામગ્રી મળી અરે ! જીવ ઠેઠ એકેન્દ્રિયપણામાંથી આટલો બધો ઊંચે આવ્યો એ બધો ઉપકાર ભગવાન અરિહંત પરમાત્માનો છે. એટલું જ નહિ. કિન્તુ આગળ પણ મોક્ષમાર્ગ સમકિતથી માંડી ઠેઠ વીતરાગતા સુધી પહોંચી મોક્ષે જશે એ પણ અરિહંત દેવના જ અનન્ય ઉપકારથી. આવા જેના ઉપકાર, અને ઉપકારથી જીવ આભારી બન્યો છે અને બનશે, એ નિઃસ્વાર્થ તરણતારણની એકાંત સેવા કરવાને ઘરવાસમાં અવકાશ જ ક્યાં છે ? ત્યાં તો ભગવાનને બદલે આળપંપાળની કેટલીય સેવાઓ ઉઠાવવી પડે છે. એ તો બધી આળપંપાળ મૂકી ચારિત્રજીવન લેવાય તો એકમાત્ર એ ચારિત્રજીવનમાં જ ચોવીસે કલાક અરિહંત ભગવાનની આજ્ઞાની, એમના ચારિત્રમાર્ગની, એમના શાસ્ત્રસ્વાધ્યાયની, આ બધા દ્વારા એમનાં ધ્યાનની અને એમના સંઘ તથા સર્વજીવહિતની સેવા-ઉપાસના ચારિત્રજીવનમાં જ થઇ શકે. તેનો અવકાશ-તક-અવસર એકમાત્ર મનુષ્યભવમાં જ છે. તો એ અનન્ય ઉપકારીની એકાંત નિર્ભેળ સેવાની તક શા માટે ન વધાવી લેવી ? સંસારમાં

કેઈકને આખાં જીવનનાં જીવન આપ્યાં છે, આ જીવનમાંથી ય કેટલું ય બહારમાં ગયું, તો હવે બાકીનું શેષ જીવન અરિહંત પ્રભુનાં ચરણે જ સોંપી દેવું. (૧) હિતાવહ છે. (૨) બુદ્ધિનું કામ છે આમાં; (૩) મૂર્ખતાનું નિયંત્રણ છે; (૪) ઉપકારી કૃતજ્ઞતાનું સક્રિય સ્મરણ છે.

**(૬) ભાવશત્રુ ઈન્દ્રિયોનાં પોષણ ચારિત્રમાં જ બંધ :-**

ઘરવાસમાં ઈચ્છાએ કે અનિચ્છાએ પણ ભાવશત્રુભૂત ઈન્દ્રિયો અને કાયાનાં કેટલાંય તરભાણાં જીવને ભરવા પડે છે. તો શું આપણા જ હાથે આપણા દુશ્મનોનાં પોષણ ? તે પણ હજી કીડા-મંકોડા કે પશુપંખીના અવતારે તો ચાલ્યાં, પરંતુ હવે આ વિશિષ્ટ બુદ્ધિ-વિવેક-વીર્યના માનવભવે ? શા સારૂ એ ચલાવવું ? હવે જો એ દુશ્મનના ઘર નથી ભરવા, તો એ ભવવર્ધક ઈન્દ્રિયો-કાયાના નક્કર નિગ્રહ થતા આવે કરતા સમર્થ ચારિત્રજીવન જ ખપે.

**(૭) આર્તધ્યાનથી બચવા ચારિત્ર :-**

વળી ઘરવાસમાં રહેતાં તો જીવને સંયાગો જ એવા મળ્યા છે કે જેની પાછળ આર્તધ્યાનના હિસાબ ન હોય, સુંદર ધર્મધ્યાન કેળવી શકાય એવા આ એકમાત્ર મનુષ્યજીવનમાં આવીને ય એ ચૂકવાનું ! પરંતુ ભરપૂર આર્તધ્યાન કરાવે એવા સંબંધ લમણે લખાયા રખાય ત્યાંસુધી એ દુર્ધ્યાન શે મીટે ? ને શે ધર્મધ્યાન ચાલ્યા કરે ? એ તો એ ઢગલા સંબંધોના ઉચ્છેદ કરી ચારિત્રજીવન સ્વીકારાય, તો સહેજે એ નિમિત્તનાં અપધ્યાન છૂટે, અને શાસ્ત્રોના અખંડ વ્યવસાય મળવાથી ધર્મધ્યાન બહુ સુભલ થાય.

આવા બીજા પણ મુદ્દા વિચારી શકાય કે જે ચારિત્રજીવનના સ્વીકારની જ અતિ આવશ્યકતા અને એકાંત હિતકારિતા સૂચવતા હોય. બધાંનો ટૂંકસાર આ, કે-આત્માને અનત અનંત કાળથી ગુલામીમાં જકડી રાખનારા જે કર્મ, એ સર્વકર્મનો ઉચ્છેદ એકમાત્ર ચારિત્રજીવનમાં જ થઈ શકે, અને તેને યોગ્ય એક જ ભવ મનુષ્યપણાનો છે.

મહાસતી સીતાજી રામચંદ્રજી વગેરેની અયોધ્યા તરફ ચાલવાની અને સામ્રાજ્ઞી પદ શોભવવાની વિનંતી પર કહે છે કે ગર્ભિણી અવસ્થામાં જંગલમાં મૂકાઈ, વગેરેમાં તો તમારો કોઈ દોષ હું માનતી નથી. એમાં વાંક મારા જ પૂર્વોપાર્જિત કર્મનો છે; અને હવે એ કર્મનો સર્વથા ઉચ્છેદ કરવા હું ચારિત્રમાર્ગે જઈશ.'

**આત્મવિકાસનો ઉચ્ચ માર્ગ આ,-ચારિત્રજીવન.**

એથી સહેજે સહેજે એમાં આત્મવિકાસના આ આ માર્ગ જડે,-

(૧) કર્મથી ઠગાવાના બદલે અહિંસા-સંયમ-તપથી કર્મને જ ઊખેડવા મથવું.



(૨) અનાદિની વાસનાઓનાં શોષણ કરવાં.

(૩) સર્વ જીવોને અભયદાન દેવું.

(૪) અવિરતિને પ્રતિજ્ઞાપૂર્વક પાપત્યાગથી રોકવી.

(૫) અરિહંત દેવના અનન્ય અઢળક ઉપકાર યાદ કરી જીવન એમના ચરણની સેવામાં સોંપી દેવું.

(૬) ભાવશત્રુભૂત ઈન્દ્રિયો અને કાયાના નિગ્રહ કરવાનું જ જીવન જીવવું.

(૭) આર્તધ્યાનનાં પોષક સંબંધો મૂકી દેવા, અને ધર્મધ્યાન પોષક શાસ્ત્રસ્વાધ્યાય, તપ, પરિષહસહન વગેરેને જ આરાધવા.

આ માર્ગોની આરાધના કરી કર્મક્ષય કરવા માટે સીતાજીએ સર્વવિરતિ ચારિત્રનો નિર્ણય જાહેર કરી દીધો. અહીં કોઈ પોતાની સુકોમળ કાયા, રાજાશાહી સુખસગવડમાં ઉછેર અને જીવન, તથા એ બધા સામે ચારિત્રજીવનની ભારે કઠિનાઈઓનો વિચાર, ક્ષોભ, સંકોચ છે ? ના, અહીં તો સંસારની વિચિત્રતા, કર્મની જોહુકમી, અને જીવની ગુલામી દશા નજર સામે તરવરી રહી છે. એટલે એના મૂળ કારણભૂત કર્મોને જ ઊખેડી નાખવાની તમન્ના જાગી છે. પછી એ કાર્ય ભલે સુંવાળાશ-સગવડો છોડી કઠોર ચર્યા આદરવાથી થતું હોય તો એનો વાંધો નથી.

**સગવડ લેવામાં સત્ત્વ હણાય :-**

અત્યારે ઠરીઠામ બેસવાનો અવસર આવી લાગ્યો છે. તો મહાસતીને કેમ એ મનમાં આવતો નથી ? અગર આવે છે તો કેમ એમ બેસવું નથી ? કારણ આ જ છે કે એમ માનેલું ઠરીઠામ બેસવાનું પણ કર્મોની જોહુકમી નીચે ને ? કર્મોની કેદમાં ગુલામી દશા માથે કરીને ને ? એમાં તો આત્માનું નૂર આત્માનું સત્ત્વ હણાય. જેને પોતાના સત્ત્વ સ્વાતંત્ર્યની કિંમત હોય એ તો જરૂર જુએ કે 'સામાની સગવડો લઉં તો ખરો, પરંતુ એમાં મારું સત્ત્વ હણાય; સ્વાતંત્ર્યને ધક્કો પહોંચે.' અહીં કર્મે આપેલી ઠરીઠામ બેસવાની પરિસ્થિતિ વધાવી લેવામાં સત્ત્વ ક્યાં ખીલે છે ? સત્ત્વ ખીલ્યું એનું નામ કે પરિસ્થિતિ ગમે તે આવો પણ પોતે લહેવાઈ જવાની વાત નથી. 'ના, પહેલાં પતિએ કાઢી મૂક્યા એ તો વસમું બન્યું હતું, અને હવે એ આજીજીપૂર્વક વધાવી લે છે, અને સારા રાજસુખો મળે છે, એ સારું નિરાંતભર્યું બની આવે છે,'- આ ધોરણમાં તો એ સંયોગોમાં લહેવાઈ જવાની વાત છે, એની અસર નીચે આવી જવાનું બને છે. સત્વ ને લીધે કાંઈ આવી અસર નીચે જવાનું ન હોય. પરંતુ સંસારવાસમાં એવું અસરમુક્ત શે બનાવ ? પૂર્વની કઠિનાઈઓ બાદ હવેની સગવડો વચ્ચે બેસવાનું દિલ ખેંચાય એ સૂચવે જ છે કે

એના પ્રત્યે હૃદય ખેંચાયું. એ સત્ત્વ નહિ. **સાત્ત્વિકતા તો તે કે જે ભોગ સગવડો સામે જીવને અણનમ, અલિપ્ત, અવિકૃત રાખે.**

**સત્ત્વ ક્યાં ખીલ્યું ?**

(૧) બે જણ જમવા ગયા હોય, અને જમતાં મીઠાઇ જમી લીધા ઘરધણી આગ્રહ કરે કે 'લ્યો લ્યો મિઠાઇ' ત્યાં એક જણ કહે 'લાવો મૂકો ત્યારે' અને બીજો કહે, 'ના, બહુ થઇ ગઇ, હવે નહિ.' બેમાં સત્ત્વ ક્યાં ખીલ્યું ગણાય ?

(૨) એમ કોઇએ પહેલાં તો અપમાન-તિરસ્કાર કર્યા, અને પછી કંઇક ચટાડવા એ બોલાવે, ત્યાં એક જણ પહેલાંનું ભૂલી જઇ ચાટવા તૈયાર થાય, અને બીજો તૈયાર ન હોય, તો બેમાં સાત્ત્વિક કોણ ?

સામાન્ય સાંસારિક જીવન જ એવું છે કે એમાં દુઃખ-કષ્ટ-અનિષ્ટ પણ આવે અને પછી સુખ-સુંવાળું-મનગમતું ય આવે, જીવને પહેલાં કષ્ટ પછી ઇષ્ટ આવતાં 'હાશ' થાય છે, જીવ ઠરે છે, એવું કાંઇ પેલામાં નહિ. દુઃખ-કષ્ટમાં તો કચવાટ થાય છે. આ બધું તેવા તેવા સંયોગમાં તે તે રીતનું લહેવાઇ જવાનું છે. ત્યાં સત્ત્વ હણાય છે.ત્યારે પૂછો,-

**સાધુ જીવનમાં લહેવાવાનું કેમ નહિ ?**

**પ્ર.**- શું સાધુ જીવનમાં એવા સારા-નરસા સંયોગ નથી આવતા ? ત્યાં લહેવાઇ જવાનું નહિ થાય ?

**ઉ.**- ના, એનું કારણ સમજી રાખવા જેવું છે. સાધુ જીવન સ્વીકારવાનું છે. તે કષ્ટમય જીવન ઉપાડવાનો હિસાબ રાખીને જ સ્વીકારવાનું છે. એમ સમજી જ રાખવામાં આવે એ લાભમાં ઉતારવાના છે, કર્મક્ષય માટે છે. હવે જ્યાં સમજી બુઝીને જ કષ્ટમય જીવન સ્વીકારાતું હોય ત્યાં કષ્ટમાં ખેદ શાનો થાય ? કે અનુકૂળતામાં 'હાશ' શાની થાય ? આમ ત્યાં લહેવાઇ જવાની વાત નથી રહેતી, પછી ભલે દુઃખદ સુખદ સંયોગ પરિસ્થિતિ બન્યા કરે. આનું નામ સત્ત્વ કહેવાય, સત્ત્વની કેળવણી કરી કહેવાય.

ધર્મસાધના માટે સત્ત્વની બહુ આવશ્યકતા છે. સત્ત્વનો અભાવ હશે તો હજી કદાચ ધર્મ રુચશે, જચશે, સારો લાગશે, પરંતુ સાધવાની વાત આવી ત્યાં નિઃસત્ત્વતાના યોગે આગળ ડગ નહિ માડી શકાય.

**સાધનસંયોગનું બહાનું સાચું ક્યારે :-**

**પ્ર.**- ધર્મ સાધવામાં તો એવું છે ને કે સત્ત્વ તો હોય, પણ સાધનસામગ્રી ન હોય યા બાધક સંયોગ-પરિસ્થિતિ હોય, તેથી ધર્મ ન સાધી શકાય એવું બને ને ?

**ઉ.**- બને ખરું, કિન્તુ એ વિચારો કે તો પછી ધર્મ ન સધાયાનો ખેદ કેટલો



હોય ? જોઈ જુઓ કે જ્યાં જ્યાં જે જે ધર્મ સાધવાની તક જાય છે ત્યાં ત્યાં તેનો તેનો ખેદ-હૃદયદાહ-હાય અનુભવાય છે ને ? કે હૈયે તો 'સંયોગ નથી એટલે શું થાય ?' એમ એની એ જ ધરપત રહે છે ય સટોડિયાને બજારમાં રૂખ મગજમાં સચોટ બેઠી હોય અને વેપાર કરવા સત્ત્વ પણ હોય, કિન્તુ પાસે થોડી ઘણી મૂડી વગેરે સાધન-સામગ્રી ન હોય અગર પોતાની કે નિકટના કુટુંબીની ગાઢ બિમારી વગેરે બાધક હોય, ત્યારે પેલા રૂખ પ્રમાણે બજારના ઊછળતા ભાવમાં તકો વીતી જતી જોઈ હૈયું કેટલું બળીને ખાખ થાય છે ? કેટલું વલોવાઈ જાય ? કેટલો હૃદય-સંતાપ થયા કરે ? પારાવાર ખેદ કેવોક ? ધર્મની બાબતમાં આવો અનુભવ છે ?

**ધર્મ કેમ નથી સધાતો ? :-**

ત્યારે ખરી વાત એ છે કે સટોડિયાને જેમ રૂખ સચોટ જચી ગઈ છે, તેમ અહીં ધર્મસાધના સચોટ ક્યાં જચી ગઈ છે ? રૂખ સાધી લેવામાં નક્કર લાભ અને ન્યાય થઈ જવાનું દેખાઈ રહ્યું છે, એવું ધર્મસાધના સાધી લેવામાં ક્યાં દેખાઈ રહ્યું છે ? ધર્મ સધાય તો ય ઠીક, ને ન સધાય તો ય ઠીક. એમાં કંઈ બહુ કમાઈ જવાનું લાગતું નથી, ને દુનિયાદારી કરવામાં કમાવાનું દેખાય છે. અને ! એદી રહીને આરામ કરવામાં ય કમાવાનું લાગે છે. વિચારવા જેવું છે કે ધર્મ નથી સધાતો તે

(૧) સત્ત્વના અભાવે ? કે

(૨) સાધન-સામગ્રી નથી યા પ્રતિકૂળતા છે માટે ? કે

(૩) ધર્મની શ્રદ્ધા-રુચિ, ગરજ-તમન્ના નથી માટે ?

**જો મૂળમાં એવી ધર્મશ્રદ્ધા જ નથી,** કે જેવી રીતે કોઈ ઉદાર કદરદાન શેઠની સેવા અચૂક મહાન લાભ આપનારી છે એમ ધર્મની સાધના પણ અચૂક મહાન લાભ આપનારી છે, તેથી જેમ શેઠની સેવા લાભકારી એવું હૃદયને શ્રદ્ધાથી સચોટ જચે છે, એમ ધર્મસાધના મહાલાભ દેનારી-એવું જો હૃદયને શ્રદ્ધાથી સચોટ જચતું નથી; તો પછી ધર્મસાધવાનો ઉત્સાહ ક્યાંથી થાય ? એની ગરજ જ ક્યાંથી જાગે ? જેની ગરજ નહિ, એ પ્રાપ્ત કરવા સાચવવા જીવ શું કામ ધખે ? શું કામ તૂટી મરે ? ઘરમાં એક કચરો કાઢવાની ગરજ છે અને એ માટે સાવરણીની ગરજ છે, તે ન હોય તો ઝટ બીજાની માંગી કે ખરીદી લવાય છે. અને હોય તો એને સાચવી રાખવાની કાળજી રહે છે; બીજી મોટી વસ્તુ દુકાન-વેપાર-નોકરી વગેરે માટે તો પૂછવાનું જ શું ? હૈયે એના લાભ તરવરતા રહે છે તેથી હૈયાને એ બરાબર જચે છે, અને તેથી શક્ય ઉદ્યમ થાય છે. શું ધર્મ હૈયે જચ્યો હોય ને એના મહાન લાભ નજર સામે તરવર્યા કરતા હોય, તો ધર્મસાધના કર્યા વિના જપ વળે?

કરવાનું ન બને તો હૈયું બળ્યા વિના રહે ?

**પ્ર.- તો પછી ધર્મ કેમ હૈયે એવો જચતો નથી ?**

ઉ.- મંજૂર છે ખરું કે હૃદયમાં ધર્મ જચતો નથી ? એટલે હવે એમ કદી નહિ કહો ને કે 'તો શું ધર્મ જચ્યા વિના અહીં આવતા હોઈશું ?'

**પ્ર.-** પણ એ તો એટલો જ જચ્યો હોય ને ?

ઉ.- એટલો ય જચવાનું કાંઇ કારણ ? શું મનમાં એમ માની લીધું છે કે 'આપણે દહેરે ઉપાશ્રયે આંટો ખાઇ આવીએ એટલે આત્મા ઊંચો આવી જાય. ને સદ્‌ગતિ મળી જાય, પછી ભલે અહીં જીવનમાં શક્ય ઉતારવાનું ન કરીએ'? શું મનમાં આ રીતે જચ્યું છે,?-'ધર્મ એક મામૂલી વસ્તુ, એમાં તો જરાક દેખાવ કરીએ એટલે બસ ! ધર્મ બિચારો ભલો ભોળો, એને હાથતાળી આપીને એની પાસેથી માલના માન આંચકી શકાય ?'-આવી કોઇ ગણતરી પર કામ ચાલતું હોય એવું ! લક્ષણ નથી લાગતાં ? ભૂલા પડતા નહિ; ભ્રમણામાં અટવાતા નહિ; મૂળ ધર્મ અંતરાત્માના પરિણામ સાથે સંબંધ રાખનારી વસ્તુ છે.

**આપણે કેટલો ધર્મ કર્યો એ અંતરના પરિણામ પર મપાય.**

વ્યવહારમાં શું છે. ? તમે છોકરા પાસે પાણી માગ્યું, પેલો લાવી તો આપે પણ પગ પછાડતો, કચવાટ કરતો, અને લાવીને પવાલો જાણે નીચે પછાડતો હોય તેમ નીચે મૂકે, જોરમાં બોલે 'લો પાણી,' ત્યાં શું પાણી લાવવાનું કામ ન બજાવ્યું ? પણ તમને શું લાગે ? 'કયાં આના હૈયામાં એક આટલી અતિ નાની પણ સેવા ભાવ છે ? જોને જોને, હૈયામાં કેવી બેપરવાઇ, અભિમાન, હરામહાડકાપણું અને તોછડાઇ ભરી છે ? આ તે દીકરો છે કે દુશ્મન ?'.... આવું આવું કોઇ લાગે ખરું ને ? છોકરાએ સેવાનું કામ બજાવવા છતાં એનામાં ખરેખર સેવા હોવાનું માનવા તૈયાર નથી, કેમ નથી ? મૂળ દૃષ્ટિ અંતરના ભાવ પર છે. અંતરના ભાવમાં સેવાની વૃત્તિ હોય, તો એ બહારની પ્રવૃત્તિ સેવા તરીકે માનો છો.

બસ, તો એ રીતે બાહ્યથી ધર્મનું આચરણ કરી લીધું પણ અંતરના ભાવમાં ધર્મ, ધર્મ પ્રત્યે માનબહુમાન જો ન હોય તો માત્ર બહારનું આચરણ ધર્મમાં ખપે ? જો અંતરમાં કચવાટ હોય કે 'કયાં આ કરવાનું આવ્યું ?' સુસ્તી હોય, થાકોડો ખેદ હોય કે 'હાય, આ આઠમ આવી તપ ધર્મ કરવાનો આવ્યો,' ધર્મ કરાય તો ખરો, પણ વેઠ ઉતારીને, તો પેલું પાણી લાવવાના દાખલાની જેમ કેમ માનવા તૈયાર નથી કે ધર્મ ખરેખર તો અંતરના ભાવમાં રહેતી વસ્તુ છે એ જો નથી તો માત્ર બાહ્ય આચરણ પર કેમ માની લેવાય કે 'હું ધર્મ કરૂં છું. મને ધર્મ જચે છે, ધર્મ પર શ્રદ્ધા છે ?' છોકરાને બાપ પર, બાપની આજ્ઞા પર, અને સેવાની ક્રિયા પર,



જો અંતરનું બહુમાન નથી, બહુ આદર નથી, તો એના સેવાના કાર્યને સેવા તરીકે બિરદાવવા તૈયાર નથી, એમ અહીં પણ જિનેશ્વર ભગવંત ઉપર, એમની આજ્ઞા ઉપર અને આજ્ઞાના ધર્મકાર્ય પર હૈયામાં આદર-બહુમાન ઊછળતા નથી, તો એ ધર્મકાર્ય કરી 'મેં ધર્મ કર્યો, હું ધર્મ કરું છું ' એવો આત્મસંતોષ કેમ કરી લેવાય ?

**ધર્મ જચવાના ઉપાય :-**

આજ વાત છે કે અંતરમાં ધર્મના પરિણામ જાગવા જોઇએ, ધર્મ જચવો જોઈએ, આંતરિક ભાવમાં ધર્મ ઊતરવો જોઇએ. ધર્મ જચે એ માટે સીધો રસ્તો આ, કે

**(૧) મહાપુરુષો સામે જોવું.** મોટા મોટા ચક્રવર્તી, શેઠ શાહુકાર અને મહા બુદ્ધિનિધાન ગણધરદેવ ગૌતમ ઇંદ્રભૂતિ અને આચાર્ય હરિભદ્રસૂરિજી મહારાજ જેવાને ધર્મ આરપાર જચી ગયો, અને ધર્મના ભારે પરાક્રમ ખેડ્યા, તો એ સૂચવે છે કે 'જીવનમાં ધર્મ જરૂર જચાવવા જેવો છે, ધર્મના પરાક્રમ ખેડવા જેવા છે. મનને ધર્મ ન જચે ત્યારે આઘાત થાય કે 'અરે ! એમના જેવા સમર્થ આત્માઓને ધર્મ હૃદયમાં ઊંડે ઊંડે જચી ગયો, ને મારા ધિઠ્ઠા હૃદયને એ જચતો નથી ?'

**(૨) જાત પ્રત્યે શું ગમે છે તે વિચારો**

ધર્મ જચવા માટે બીજો ઉપાય આ, કે મનને એમ થાય કે 'મારી પ્રત્યે કોઇ દયાથી વર્તે, ક્રૂરતાથી નહિ, એમ દાન કરે, શીલથી વર્તે, મારી પત્ની તરફ સંયમથી વર્તે , મને સગવડ આપવા કોઇ તપ કરી લે, એમ મારી ભૂલ-પ્રત્યે ક્ષમા દાખવે, મારી સામે નમ્ર રહે, સરળ નિષ્કપટ વર્તે, મારી સાથે લોભ-તૃષ્ણાનો વર્તાવ ન કરે, તો એ બધું મને ગમે છે એ સૂચવે છે કે દયા, દાન આદિ અને ક્ષમાદિ ધર્મ જ કરવા યોગ્ય છે.' તો એ તો કોઇ ન્યાય નથી ને કે 'બીજાઓએ આપણી પ્રત્યે આ દયા વગેરે ધર્મ જ કરવા જેવો પણ બીજાઓની પ્રત્યે આપણે નિષ્ઠુરતા, કૃપણતા, ક્ષુદ્રતા, અસંયમ, ગુસ્સો, અભિમાન વગેરે કરવા યોગ્ય ?, વિચારો તો ધર્મ ઝટ જચે એવો છે.

**પ્ર.-** આ દયાદિ ધર્મ તો હજી જચી જાય, પણ આ જિનભક્તિ, સામાયિક, રસત્યાગ, તપસ્યા વગેરે ધર્મ કેમ જચે ?

ઉ.- એ ય જચે એવું છે. પૂર્વે કહ્યું તેમ રાજા સંપ્રતિ, કુમારપાળ, ચક્રવતી સનત્કુમાર, રાજપુત્ર મેઘકુમાર, શ્રેષ્ઠી શાલિભદ્ર, ધન્નો વગેરેના દાખલાનું આલંબન લો, તો કેમ ન જચે ?

**(૩) પશુપંખીની સ્થિતિ વિચારો :-**

એમ, પશુપંખી કીડામંકોડા વગેરેના જીવન જુઓ. એને કોઇ નજર સામે

ઊંચા આદર્શ છે ? કોઇ ઊંચા દિલની ભક્તિથી ભજવાનું છે ? હા, માલિક એને ખવરાવનાર-પાળનાર હોય એની વેઠ હજી ઉપાડશે, પણ કશાય સ્વાર્થ વિના કોઇ સારાને ભજવા સેવવાનું છે ? ના, સારા ઊંચા સેવ્યની કોઇ સમજ નથી. ત્યારે આપણને જિનેશ્વર ભગવંત મળ્યા છે, ત્યાગી ગુરુઓ મળ્યા છે, તો શું એ આદર્શ સેવ્ય નથી ?

**દેવગુરુભક્તિ જચાવવા માટે** આ વિચારો કે પુરુષ સેવ્ય તરીકે ન હોય, એ જીવનમાં સારા ઊંચા આદર્શ જીવન પશુનું કે માનવનું ? એવા ઊંચા આદર્શને સેવ્યા નહિ, ભજ્યા નહિ તો પછી દિલમાં ઊંચી કરણી, સારી કરણી, સારા સદ્‌ગુણો સુકૃતો વગેરેની પ્રેરણા શી રીતે મળવાની ? એ તો વિવિધ ભક્તિ પ્રકારો દર્શન પૂજન-સ્તવન-સત્કાર વગેરે કરતાં રહી એ આદર્શોને નજર સામે ને નજર સામે રાખ્યા કરો, તો સારી પ્રેરણા મળે; પાપ તરફ ઘૃણા થાય; સુકૃત પ્રત્યે આદર જાગે, લાલસા જાગે.... આ બધું વિચારો તો જિનભક્તિ દિલમાં જચી જાય એવી જ છે કે ‘આના વિના તો ચાલે જ નહિ. સેવ્યની સેવા માટે જ માનવજીવન છે. એ તો જીવનમાં ચાલુ જોઇએ જ.’

**ત્યારે સામાયિક જચાવવા માટે** અનંતા જીવોને અભયદાન દેવાના મહાન લાભનો વિચાર બસ છે. સામાયિક શું છે ?’ સાવજ્જં જોગં પચ્ચક્ખામિ’ સાવદ્ય યોગનું પચ્ચક્ખાણ કરું છું. સાવદ્ય એટલે કે અવદ્યવાળા યાને પાપવાળા વ્યાપારનો ત્યાગ. એમાં હિંસા-જૂઠ-ચોરી વગેરે પાપની પ્રવૃત્તિના ત્યાગની પ્રતિજ્ઞા થાય છે. આમાં હિંસાનો ત્યાગ એટલે કેટલા જીવોની હિંસાનો ? જીવમાત્રની હિંસાનો, અનંતા જીવોની હિંસા બંધના પચ્ચક્ખાણ ! અનંતાને અભયદાન ! એમ ને એમ બેઠા છો ને હિંસા નથી કરતા, એટલા માત્રથી આ લાભ ન મળે. એ તો વિરતિની પ્રતિજ્ઞા કરી અવિરતિ તોડી નાખો પછી જ લાભમાં લેખાય. **પ્રતિજ્ઞા કરવા દ્વારા દિલમાંથી પાપ ક્યારે ય પણ કરવાની અપેક્ષા તોડી નખાય ત્યારે માથેથી પાપનો ભાર ઊતરે ને કર્મબંધ અટકે છે.**

**સામાયિકના મહાન લાભ :-**

આ રીતે જો વિચારાય કે ‘સામાયિકમાં.’

(૧) સાવદ્યના પચ્ચક્ખાણ કરતાં પાપના ભાર હેઠા ઊતરે છે, તેથી

(૨) એના કર્મબંધથી બચાય છે, અને

(૩) સાથે અનંતા જીવોને અભયદાન દેવાનો મહાન લાભ મળે છે ! વળી

(૪) સ્વાધ્યાય-ધ્યાનમાં રહેવાય છે, તેથી મન કેટલાય પાપવિકલ્પો-કષાયચિંતનો-મોહમય લાગણીઓ અને આર્તધ્યાન વગેરેથી બચી શકે છે; અને .



**ક્રોધ-મોહ-કુવિચાર અટકાવવા પ્રભુ નામનાં સ્મરણ ગણતરી સાથે કરવા લાગો.**

(૫) શાસ્ત્ર તો ત્યાં સુધી કહે છે કે

**‘છિન્નઇ અસુહં કમ્મં, જાવ મણે હોઇ નિયમસંજુત્તો’**

સામાયિક વ્રતયુક્ત મન નિયમમાં જોડાયેલું છે ત્યાં સુધી અશુભ કર્મ છેદાય છે આનો અર્થ એ, કે, પ્રતિજ્ઞા લીધી ત્યારથી મન નિયમયુક્ત રહ્યે ઠેઠ પ્રતિજ્ઞા પૂરી થાય ત્યાંસુધી કર્મનો ક્ષય ચાલુ !....’ આવા આવા મહાન લાભ જો વિચારાય, તો એ સામાયિક ધર્મ પણ મનમાં કેમ ન જચે ?

(૬) મહાન શ્રાવકોએ સામાયિક-પૌષધ-પ્રતિક્રમણ રસપૂર્વક ચાહીને કરવાનું જે રાખ્યું હશે તે શું કાંઇ સમજ વિના જ ? ભગવાનના શ્રાવકોનું વર્ણન આવે છે તેમાં ‘લદ્ધટ્ઠા ગહિયટ્ઠા’ એવાં વિશેષણ આવે છે શી રીતે ? આમ જ કે એ સામયિક, પૌષધ અને એમે ય જિનવાણી રટણા દ્વારા એ શ્રાવકો તત્ત્વના જાણકાર અને પરિણત કરનાર બનેલા હતા.

**“દિવ્ય-દર્શન”-“પ્રવચન મહોદધિ” વર્ષ-૧૫,અંક-૯,તા.૫-૧૧-૧૯૬૬**

**સાધનાના અનેક પ્રકાર :-**

જચવાનું, શ્રદ્ધા-બહુમાન થવાનું તો પહેલાં કહી તેવી વિચારણા કરો તો બની જાય એવું છે. એ બન્યા પછી સામગ્રી-સગવડનું બહાનું ટકે નહિ. એનું કારણ એ છે કે એક તો જે કાંઇ સગવડ-અનુકૂળતા છે એના પ્રમાણમાં સાધના જરૂર કરાય. તેમ બીજું એ કે ધર્મસાધનાના અનેક પ્રકાર છે, અને એકેક સાધનામાં માનસિક, વાચિક, કાયિક એમ ત્રણ રીતે થઇ શકે છે. એટલે એ દરેક વિચારથી થાય, અગર વાણીથી થાય, કે વર્તાવથી થાય. તે પણ જાતે કરવારૂપે થાય, કરાવવારૂપે થાય, કે કરતાને સારા માનવારૂપે થઇ શકે છે. આમાંથી એક નહિ, તો બીજા રૂપે, પણ ધર્મસાધનામાં આત્માને જોડ્યો રાખી શકાય છે.

**શક્ય સાધના કેવી હોય ? :-**

આમાં પહેલી વાત,-સાધના વિશાળરૂપમાં નહિ, તો સગવડના પ્રમાણમાં કરવાનું ચાલુ છે ખરું ? મોટો યાત્રા-સંઘ કાઢી શક્વા જેટલાં નાણાં પાસે નથી, તો જે સગવડ છે એ હિસાબે કોઇ બે પાંચ સાધર્મિકને યાત્રા કરાવવાનું કરો છો ખરા ? મોટું સાધર્મિક-વાત્સલ્ય જમાડવાની તાકાત નથી, પરંતુ પુણિયા શ્રાવકની જેમ એક બે સાધર્મિકને રોજ જમાડ્યા વિના ચેન નથી પડતું ને ? કે જાતનું અને

કુટુંબનું જ પેટ ભરીને ચેન પડે ? એમ એકાદ બે સીદાતા સાધર્મિકના શક્ય ઉદ્ધાર કરવાનું બને છે ખરું ? ભગવાનની ભક્તિમાં શક્તિ પ્રમાણે ગાંઠની ચીજવસ્તુ લઇ જવાય છે ખરી ને ? ૪૮ મિનિટના સામાયિકની નવરાશ નથી, તો ૧૫-૨૦-૨૫ મિનિટ અભિગ્રહ-પ્રતિજ્ઞા ધારીને કે આટલો સમય પાપવ્યાપાર-દુનિયાદારીમાં મારે પડવું નહિ, એમ સંકલ્પ કરીને ધર્મધ્યાનમાં રહેવાનું તો થઇ શકે ને ? કોઇ મોટી નુકસાની નહિ, પણ ચાલુ સામાન્ય અણગમતું બીજાએ કર્યું ત્યાં તો ક્ષમા રાખી શકાય ને ? એમ હજી ય કોઇ મોટું સુકૃત કરવા પર માનની આકાંક્ષા રહેતી હોય, પરંતુ બહુ સામાન્ય બાબતમાં તો માનાકાંક્ષા રોકો છો ને ? દા. ત. પાંચ દહેરે દર્શન કરી આવ્યા, કે બે-પાંચ માળા ફેરવી, પછી એ બીજાને કહેવાનું નથી બનતું ને ? ત્યાં દિલમાં-નમ્રતા-લઘુતા-સુકૃત ગુપ્તરૂપી ધર્મની સાધના તો થઇ શકે ને ? કરાય છે ખરી ?

આમ વિચારો તો એવા અનેક ધર્મસાધનાના પ્રકારો છે કે જેમાં મોટા રૂપમાં નહિ, તો નાના રૂપમાં સગવડ પ્રમાણે સાધના કરી શકાય છે. ધર્મ દિલને જચી ગયો હોય તો એ ચોંટ જ રહ્યા કરે કે 'ક્યાં કેમ શક્ય સાધતો રહું ? આશ્રિતને પણ કેમ સધાવું ? ભગવાન પર આસ્થા હોય, પ્રેમ હોય તો મનને સહેજે થાય કે 'વાહ ! મારા ભગવાને જો આ સાધનાઓ બતાવી છે તો યથાશક્તિ જરૂર એને સાધતો રહું.'પ્રભુએ બધા મોટા ઉપસર્ગ અને પરિષહ સહ્યા, તો હું થોડા નાના ઉપદ્રવ તો જરૂર આનંદથી સહી લઉં.'

ધર્મ જચ્યાનું અહીં માપ નીકળે છે કે વધારે મોટા રૂપમાં નહિ, તો ય ઓછા રૂપમાં ધર્માનુષ્ઠાન અને ગુણસાધના કેટલી કરતા રહો છો ?

**વાણીથી સાધના :-**

બીજી વાત આ છે કે જે કાંઇ મોટા-નાના રૂપમાં સાધના કરી શકતા હો, એમાં કાયાથી નહિ, તો વાણીથી અને વિચારસરણીથી તો ધર્મસાધના કરી શકાય ને? દા. ત. પ્રભુના શાસ્ત્રનું જ્ઞાનધ્યાન કરવાનું બનતું નથી, કે ત્યાગ-તપસ્યા નથી થતી, પરંતુ વાણીમાં તો એ ઉતારી શકાય ને ? કે 'અહો ! ધન્ય છે એ ભાગ્યશાળીઓને કે જે ત્યાગ-તપ-જ્ઞાનધ્યાનમાં લીન રહે છે ! અમે કેવા મૂઢ છીએ કે દુનિયાદારી અને સુખશીલતામાં ડૂબ્યા રહીએ છીએ અને માનવજીવનના સારભૂત ત્યાગધર્મને, તપસ્યાને જ્ઞાનધ્યાનને વિસારી રહ્યા છીએ ?' આમ બીજાના સુકૃતની અનુમોદના અને સ્વદુષ્કૃતની નિંદા-ગર્હા થયા કરતી હોય તો કમમાં કમ દુષ્કૃતની અરૂચિ અને સત્કૃત્યોની વાસના તો અંતરમાં જમા થયા કરે. એમ વિચારણામાં પણ એ જ રમ્યા કરતું હોય તો એનું મમત્વ જાગે-વધે.



**ધર્મપ્રચારની ગુલબાંગ : ધર્મીની નિંદા :-**

હવે એના બદલે ઊલટું એ જ્ઞાનધ્યાનની કે ત્યાગતપની સુગ કરાતી હોય, એ કરનારને વેવલા-વેદિયા-અંધશ્રદ્ધાળુ કહી નિંદા કરાતી હોય તો ધર્મ-સાધનાની શ્રદ્ધા ક્યાં રહી ?

આજે દેખો છો ને કે માની લીધેલા જૈનધર્મના પ્રચારના નામે વાસ્તવિક તીર્થંકર કથિત એ અનુષ્ઠાનો સામે કેવું કેવું બોલાય-લખાય છે ? એ કરનારા ભવ્યાત્માઓની કેવી ઠેકડી કરાય છે ? પાછું જોવાની ખૂબી તો એ છે કે વર્ષોથી આ બૂમરાડ મચાવવા છતાં બીજાઓના જીવનમાં જૈનધર્મ ઉતારી તો શક્યા નથી! શેક્યો પાપડ પણ ભાંગી શક્યા નથી ! માટે તો વર્ષો પહેલાંની બૂમરાડ અને હલકાં ચિત્રણ આજે પણ એના એ જ એમને કરવા પડે છે. કલ્પિત પાયાહીન ધર્મ પ્રચારની વાતો ક્યાંથી અમલી બને ? ગગનકિલ્લાની ગમે તેટલી ગુલબાંગ થોડું જ ગગનમાં કિલ્લો રચી શકે ? મૂળ વાત જ આ છે કે ખરો ધર્મપ્રચાર એટલે જીવનમાંથી પશુતારૂપ વિષયવિલાસો ભૌતિક આંધીને ઓછી કરી આધ્યાત્મિક સાધનાને સક્રિય કરવી. આવો વાસ્તવિક જૈનધર્મનો પ્રચાર હજી હૈયે જચ્યો જ નથી, અરે ! એ માનવા તૈયાર નથી, એટલે ભળતી વાતો કહી ખરેખરી ધર્મસાધનાને વાણીવિચારમાં પણ ઉતારવા-ઉતરાવવાનું કરાતું નથી.

**બીજાને ધર્મ કરાવવારૂપ સાધના :-**

બાકી ધર્મસાધના હૈયે જચી ગઇ હોય, એટલે તો કદાચ જાતે ન બને તોય બીજાને એમાં જોડવાનું બની શકે. બીજાઓને એ કરાવી શકાય. સ્વયં નથી ભણાતું, પણ પાઠશાળાના વિદ્યાર્થીઓને એનું પ્રોત્સાહન તો આપી શકાય ને ? ચારિત્ર કે વ્રતો સ્વયં નથી લેવાતા, પણ બીજાને એ લેવરાવવા પ્રયત્ન તો કરી શકાય ને ? દાન પોતે નથી દેતો અગર ઓછું દે છે, પરંતુ બીજાઓને તો સારા દાનની પ્રેરણા કરી શકે ને ? જાતે તપ નથી બનતો, છતાં કુટુંબને તો એમાં જોડી શકાય ને ?

**કુટુંબી ધર્મ ન કરે એનું દુઃખ કેટલુ ?**

**પ્ર.**- પણ કુટુંબીઓ એમ માને શેના ?

ઉ.- માને છે કે નહિ એ પછી વાત પણ પહેલાં એ કહો કે એનો પ્રયત્ન કરો છો ? અને કદાચ સામેથી ના ભણી, તો પછી અંતરને દુઃખ થાય છે ખરું કે 'આ બિચારા છતી શક્તિએ તપ નથી કરતા, તો એમનું શું થશે ?' કહો, પહેલાં પ્રયત્ન ક્યાં છે ? જાતને લક્ષ હોય તો પ્રયત્ન થાય ને ? કુટુંબીઓને આશ્રિતોને બીજી અનેક પ્રેરણા કરતાં આવડે છે ! માત્ર ધર્મ જ બાદ ! એમ ને ? કારણ કે તમારા હેયે ધર્મ પર સચોટ શ્રદ્ધા છે ! ધર્મની ઉપર આવો જ પ્રેમ,

આવી જ શ્રદ્ધા ને ? એ હોય તો પ્રેરણાનો પ્રયત્ન પણ કેવોક થાય ? એવી બીજી પણ ધર્મસાધનાઓ જાતે નથી કરતા, છતાં કુટુંબી વગેરે બીજાઓ પાસે કરાવવાનું, કરવાની પ્રેરણા, કરવાનું ધ્યાન કેટલું રહે છે ? એ ય કદાચ નથી, તો કરનારાની અનુમોદના કેટલી રહે છે ? કુટુંબીઓમાં એ ન દેખાય એનો ખેદ કેટલો ?

**જીવનમાં પાપસ્થાનકને સ્થાન અને એનો રાજીપો ?:-**

ભૂલતા નહિ, ધર્મસાધના હૈયે તારણહાર અને કર્તવ્ય તરીકે જચી ગઇ છે, તો એ જાતે કરવારૂપ હોય, બીજાને કરાવવારૂપ હોય, કરનારની અનુમોદનારૂપ હોય, આ દરેક-કાયાથી હોય, વાણીથી હોય યા મનથી હોઇ શકે ; જીવનમાં આમાંથી કઇને કેટલું સ્થાન છે, એ જોવાનું છે. જો એના બદલે એનાથી વિરુદ્ધ પાપસ્થાનકને જીવનમાં સ્થાન છે, અને એ જાતમાં છે, અગર કુટુંબીઓમાં છે, તથા એનો પાછો રાજીપો છે, તો ધર્મ પર શ્રદ્ધા ક્યાં ગણાશે ? કેટલી ગણાશે ? દા.ત. સમજો ને કે ધર્મશિક્ષણ એ જીવનમાં અતિ અગત્યની એક ધર્મસાધના છે, તે ય બાલ્યકાળથી જ જરૂરી સાધના છે. હવે પોતાના સંતાનને એ માટે પ્રેરણા દબાણ કેટલું જોઇએ ? એ જો નથી, ને પાપસ્થાનકરૂપ સાંસારિક ભૌતિક શિક્ષણ માટે ભરપૂર પ્રેરણા-પ્રોત્સાહન કે દબાણ કરો છો. પાછા ધર્મશિક્ષણ ન હોવાનો ખેદ પણ નથી થતો, ઉપરની બચાવ કરો છો કે 'છોકરાને સ્કૂલનું લેશન બહુ હોય છે તેથી ધર્મશિક્ષણનો સમય જ ક્યાં છે ?' ધરાર નજરૂ દેખાય કે છોકરા કેટલોય ટાઇમ રમતગમતમાં ને રખડવામાં કાઢે છે, અને ૦। કલાક પણ ધર્મશિક્ષણ લેતા નથી, છતાં એનો કોઇ ખેદ-અરેકારો નહિ, ને ઉપરથી પાપશિક્ષણનો બચાવ કરો છો, ત્યારે વિચારવું પડે છે કે ધર્મ હૃદયના કયા ખૂણામાં જચ્યો છે ? ધર્મની શી શ્રદ્ધા છે ?

**ધર્મ શ્રદ્ધા કાંઇ એવી વાંઝણી નથી** કે કમમાં કમ એ પાપવૃદ્ધિનો ખેદ પણ ન જન્માવે ? જીવનમાં ધર્મપ્રવેશનો ઓરતો ય ન રખાવે ? બીજાની ધર્મસાધનાની અનુમોદના અને જાત કે કુટુંબની પાપસાધનાનો ખેદ પણ ન કરાવે ? હવે પ્રશ્ન ઊઠે કે 'અમે ધર્મથી કેમ રંગાતા નથી ?' તો એનો ઉત્તર સમજાય એવો છે કે પાયામાં ધર્મ હૈયે જચ્યો છે ક્યા ? જીવનમાં ધર્મ-આચરણ નથી થતું એનું પહેલું કારણ આ જ આવીને ઊભું રહેવાનું કે ધર્મ હૈયાને જચ્યો નથી, અને પાપસ્થાનકનો રાજીપો મૂકવો નથી. નહિતર પહેલાં કહ્યું તેમ જાતે કરવારૂપ કે બીજાને કરાવવારૂપ યા કરનારને વખાણવારૂપ તે પણ કાયાથી, કાયાથી, ન બન્યું તો વાણીથી અને મનથી, એમ એક યા બીજા પ્રકારે ધર્મસાધના થયા વિના ન રહે. સીતાજીને ધર્મ કેટલો જચ્યો હશે કે વૈભવ વિકાસમાં ઠરીઠામ બેસવાના અવસરે ચારિત્ર ધર્મ માટે તૈયાર થાય છે.



જીવ એક બચાવ આગળ ધરે છે કે,

**પ્ર.- ધર્મ તો ઘણોય કરવો હોય, પરંતુ સાધન-સામગ્રી અને સંયોગોની અનુકૂળતા જોઇએ ને ?**

ઉ.- સાચી વાત છે આ ? કે લૂલો બચાવ છે ? વિચારશો તો લૂલો જ બચાવ દેખાશે. કારણ,

**(૧) ધર્મ તો અનેક પ્રકારે છે.** દાનધર્મ, શીલધર્મ, તપધર્મ, ભાવનાધર્મ, પરમાત્મપૂજા, સાધુભક્તિ, સત્સંગ, ધર્મ-તત્ત્વ-શિક્ષણ, સામાયિક-પૌષધ, વ્રત-નિયમ, મૈત્રી-કરૂણાદિભાવ, ક્ષમા-નમ્રતાદિ ગુણાભ્યાસ, ઇત્યાદિ ઇત્યાદિ કેઇ પ્રકાર છે. શું આમાંના કોઇ ધર્મ માટે સાધનસામગ્રી નથી ? સંયોગોની અનુકૂળતા નથી? કે હજી ખરેખરી ધર્મની ભૂખ જ નથી લાગી ?

**(૨) શાસ્ત્રો કહે છે કે ભવાભિનંદીપણાના જોરમાં સાચી ધર્મભૂખ ન લાગે.** એ હિસાબે જીવને દુનિયાદારી અને કાયા-માયાદિ જડનો રંગ ભારે હોય ! વિચાર-વાણી-વર્તાવથી એમાં જ દટાયેલા રહેવું ગમતું હોય ! કદાચ જડની કાયિક પ્રવૃત્તિ નહિ, તો વિચારણામાં પણ એ જ પલોટવું હોય, ત્યાં એનાથી તન્મય બનેલા હૃદયમાં ધર્મ તરફ દૃષ્ટિ જ શું કામ જાય ? એવા હૃદયમાંતો કોઇની જડલીલા દેખી હજી ય આકર્ષણ થાય, પરંતુ કોઇની ધર્મસાધના દેખી એ તરફ શાનું આકર્ષણ થાય ?

**જડનાં ભર્યા આકર્ષણ ધર્મ તરફ આંખ મિંચાવી દે છે.** હવે સાધન-સંયોગની અનુકૂળતા ન હોવાનું કારણ આગળ ધરવું એ એક લૂલો બચાવ નહિ તો બીજુ શું છે ? મૂળમાં જરૂરી તો આ છે કે અનંતા કાળ જે જડની લોથ ઉપાડી એનાથી હવે થાકવાનું કરવું. એનાં આકર્ષણ કાપતા આવવું. વિચારસરણીમાંથી એના ભાર ઓછા કરતા ચાલવું.

(૩) બાકી સાધનસામગ્રી જે કોઈ દાનધર્મની નથી મળી, તો શીલ-વ્રત-નિયમની તો મળી છે ને ? તપની મળી છે ને ? એમ સંયોગ અનુકૂળ જે કોઈ ધર્મના છે, એની સાધના તો ઉછરંગી ભરીને કરી શકાય ને ? કરો છો ખરા ? એનું ધ્યાન પણ છે ખરું ? અરે એથી ય આગળ જુઓ કે સંયોગો અનુકૂળ નહિ એ કેવું બહાનું છે.

(૪) દાનધર્મની ધર્મમાં ખરચવાની વાત આવે ત્યારે મન કહે છે સંયોગ અનુકૂળ નથી, પરંતુ એ જ વખતે દુનિયાના ખરચા તો કરાય જ છે ને ય અકસ્માત ઊભા થઈ જાય અગર જીવનના રાહે ક્રમથી આવી લાગે, તો એ કરવાના સંયોગ અનુકૂળ છે. ફક્ત ધર્મ માટે નહિ ! આ લૂલો બચાવ નથી શું ? પણ કહો, મન અંદરખાને કહી રહ્યું છે કે 'દુનિયાદારીના તો જરૂરી કે મોજના આ

વટ રાખવાના ખરચ કર્યા વિના ન ચાલે, ને ધર્મખાતે તો ખરચ કર્યા વિના ચાલી શકે.' બસ ખલાસ, જીવનમાં ધર્મ વિના ચાલે એવું મનમાં આવી બેઠું, પછી ધર્મની ભૂખ જ શાની લાગે ? હવે ત્યાં સાધન-સંયોગની અનુકૂળતા ન હોવાનો બચાવ ધરાય એ લુલો જ બચાવ છે. નહિતર તો એકવાર માનો ને કે છતે અનુકૂળ સાધને ધર્મખર્ચ ન કર્યો, વ્રતાદિ ધર્મ ન કર્યો, પણ જો મનમાં સજ્જડ બેઠું હોય કે ધર્મ વિના ન જ ચાલે, તો તો દિલને ખેદ થાય કે 'અરે ! કેવો હું મૂર્ખ કે છતે અનુકૂળ સાધને હું આ ધર્મસાધના ગુમાવી રહ્યો છું ! શું થશે મારું ? આ પાપલક્ષ્મી કેવી ગોઝારી અને આ દુનિયાદારી કેવી ખતરનાક કે મને ધર્મસાધના ન સૂઝવા દે ?

(૩) **સત્ત્વ નથી માટે ધર્મ નથી થતો :-**

**'ધર્મ વિના ચાલે.' એ વાત જ મનમાંથી કાઢી નાખવી જોઈએ.** મન તો એક જ રટ્યા કરતું રહે કે હજી શ્વાસ વિના ચાલે, પણ ધર્મ વિના ન ચાલે આ રટણા દિલથી થાય, ખૂબ ખૂબ થાય, પછી તો આ મોંઘેરા માનવ જીવનમાં મળેલી જે કોઈ નાની મોટી સાધન-સામગ્રી અને અનુકૂળ સંયોગ, એને દાનાદિ અનેક પ્રકારની ધર્મસાધનામાંથી કોઈ ને કોઈ સાધનામાં કામે લગાડવાનું થાય. મન શોધતું જ ફરતું હોય કે ક્યાં કયો ધર્મયોગ સાધું ? એમાંય વચન અને વિચારણામાં તો એ ખૂબ વસાવી દેવાય. માનવવાણીની શક્તિ એ અદ્‌ભુત શક્તિ છે. એનો સદ્દુપયોગ ધર્મમાં જ કરાય, વાણીને ધર્મથી રંગી દેવાય. એમ માનવ બુદ્ધિ એ વળી અતિશય વિશિષ્ટ પ્રાપ્તિ છે. એમાં એક યા બીજા પ્રકારનો ધર્મયોગ રમતો કરી દેવાય. આ બંને ચાલુ હોય પછી વર્તાવમાં, પ્રવૃત્તિમાં ધર્મ ઉતરતા શી વાર ? એ બનવા જોગ છે કે સંયોગ અનુકૂળ ન હોય, યા સામગ્રીનો અભાવ હોય તો વર્તાવ ન પણ બને; છતાં માનવ ભવની પ્રાપ્ત વિશિષ્ટ વાણીશક્તિ અને બુદ્ધિશક્તિનો ઉપયોગ તો ધર્મમાં અવશ્ય કરાતો જ રહે.

**વાણીમાં ઉતારવા યોગ્ય દિવ્ય વાતો :-**

આપણને આ બે વિશિષ્ટ શક્તિની કિંમત નથી અંકાઈ માટે એના દુરુપયોગમાં આંખ મીંચીને દોડવાનું થાય છે. નહિતર વાણીમાં નિંદા, જૂઠ, કુથલી, કર્કશતા અને પાપયોજના-પ્રશંસા વગેરે શાના આવે ? શું વાણીમાં એના બદલે ગુણાનુવાદ, સત્ય, તત્ત્વ-માર્ગ વિચારણા, પ્રિય-મધુરતા અને નિષ્પાપ મુદ્દો ન ઉતારી શકાય ? આ છેવટે મૌન નથી ઉતારી શકતા ? વિશિષ્ટ વાણીશક્તિની કિંમત હોય તો એને વેડફી નાખવા ઉપરાંત આપણાં ઘોર નુકસાનમાં ઉતારવા પહેલાં હૈયે આંચકો લાગે કે



'અરે મૂર્ખ ! આ ગોશીર્ષ ચંદનને એક વાસણ માંજવાની રાખ માટે મશરૂના ગાલીચા ઉપર બાળવા જેવું કાં કરે ? પરમાત્માનાં ગુણગાન, મહાપુરુષોના ગુણાનુવાદ, શાસ્ત્રની વાતો, તત્ત્વની વિચારણા, સુકૃતની યોજના-અનુમોદના, ઈત્યાદિ ઈત્યાદિમાંનું વાણીમાં ઉતારવાનું કાંઈ નથી જડતું, તે એ મૂકીને નિંદા, ચાડી-ચુગલી, વિકથા-કુથલી વગેરેથી વાણી-સરસ્વતીમાતાને વ્યભિચારિણી બનાવી રહ્યો છે ?

**અનાદિની ટેવ સામે :-**

**પ્ર.-** પણ ભાઈસાબ ! અનાદિની ટેવ છે ને ?

ઉ.- આમ જ દિલ નિષ્ઠુર રાખી રાખીને સુધારો કરવાની તમન્ના જ નથી. ભગવાને ધર્મ શા માટે સ્થાપ્યો છે ? ભગવાન શું નથી જાણતા કે ' આ જીવોને અનાદિની કુટેવો છે, તેથી સહેજે એ એના અમલ કરવાના ? પછી ધર્મ સ્થાપવાની જરૂર શી ? પણ કહો, એ કુટેવોને ડામવા-ડારવા-સુધારવા માટે જ ધર્મ સ્થાપ્યો છે એટલે ધર્મનું વારંવાર આલંબન લઈ કુટેવોને દબાવવાની જ છે. પછી આ બચાવ શા માટે કરો છો કે અમને અનાદિની ટેવ છે તેથી નિંદા-ચુગલી-વિકથા વગેરે થઈ જાય છે ?

**તમને જો ભગવાન પર અને ભગવાનની ધર્મ સ્થાપનાના પ્રયત્ન ઉપર શ્રદ્ધા હોય તો આ સમજી જ રાખવું પડે 'કે અમારી કુટેવો ધર્મથી દબાવ એવી જ છે. એ માટે જ ભગવાને ધર્મ સ્થાપ્યો છે. એટલે એનાથી તે દબાવવી જ જોઈએ.'**

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૫,અંક-૧૦,તા.૧૨-૧૧-૧૯૬૬**

આ સમજ ન હોય તો ભગવાન અને એમના ધર્મ સ્થાપનાના પ્રયત્ન પર શ્રદ્ધા જ ક્યાંથી ગણાશે ? બચાવનો અર્થ તો એ જ ને કે અનાદિની છે માટે ટળે નહિ ?

**સાચો જવાબ :-**

કહેવું તો એ જોઈએ કે 'કુટેવને, અનાદિ અભ્યાસને ટાળવા માટે અમારો એવો પુરુષાર્થ નથી, એટલે નિંદા-કુથલી કરવામાં અને ઉપરાંત અનાદિની કુટેવને બચાવ તરીકે ધરવામાં વાણીનો દુરુપયોગ ચાલી રહ્યો છે.

**પુરુષાર્થની ખામીનાં ૮ કારણ**

**પુરુષાર્થની ખામી હોવાનું પણ કારણ એ છે કે**

**(૧) પરલોકનો ભય નથી.**

(૨) **કર્મબંધનો ભય નથી.**

(૩) **મળેલી અદ્‌ભુત વાણીશક્તિ વગેરેની કદર નથી.**

(૪) **વીતરાગ પ્રભુના મહાન ધર્મશાસનની કદર નથી.**

(૫) **જિનાજ્ઞાની એવી પરવા નહિ, માથે ભાર નહિ.**

(૬) **આત્મકલ્યાણની ગરજ નથી.**

(૭) **ઇંદ્રિયોની અને કષાયની ગુલામીની શરમ નથી.**

(૮) **માનવજીવનના મહા અમૂલ્ય સમય એમ જ વહી ચાલ્યાની અફસોસી નથી.**

'કેમ નિંદા કુથલી કરો છો ?' એનો જવાબ દેવો હોય તો આ દેવાય; પણ બચાવ ન ધરાય કે 'એ તો અનાદિની કુટેવ છે. વિચારી જોશો તો દેખાશે કે આ એક જ નહિ પણ બીજાં ય પાપો જે ચાલી રહ્યા છે, એ ચાલવાનાં કારણો લગભગ આ જ છે કે (૧) પરલોકનો ને (૨) કર્મબંધનો ભય નથી. (૩) અદ્‌ભુત માનવશક્તિઓની કદર નથી...વગેરે વગેરે. નહિતર જુઓ કે પાપ રોકવાનો પુરુષાર્થ કેવી રીતે જગાવાય છે.'

**પાપત્યાગના પુરુષાર્થના ૮ ઉપાયનો વિચાર**

(૧) પરલોકનો ભય હોય તો મનને એમ થાય કે અહીં થોડાશા ચટકા ખાતર પરલોકના દીર્ઘકાળના મહા અનર્થ કાં માથે કરું ? ઘેર ગયો એ ચટકો !

**પ્ર.- નાની ભૂલમાં કર્મની મોટી સજા કેમ ?**

ઉ.- કુદરત સામે જુઓ તો દેખાશે કે મૂળમાં નાની ચીજ આગળ વધીને મોટી વિશાળ થઈ જાય છે ! બીજ નાનું. પણ ઝાડ કે પાક મોટો ! આગ શરૂ થાય નાનેથી, પણ પછી રૂપક મોટું ! વધુ ખાઈ નાંખવાની ભૂલ ક્ષણવાર, પણ પછી દુખાવો, તાવ, વગેરે મોટા અને લાંબા ! પગથિયું ચૂકવા-લપસવાની ભૂલ જરાક, પણ પરિણામ હાડકાનું ફ્રેક્ચર થયું તો કદાચ જિંદગીભર સાલે ! નદી પ્રારંભમાં નાની, પણ આગળ જતાં મોટી ! બસ, પાપમાં પણ આવું છે. આચરવાનું થાય તે મામૂલી સમય, અને સહેજ વાત જેવું; પરંતુ પછી પરલોકમાં ડૂચા નીકળવાના !

**પરલોકભય રાખવો હોય તો વિચાર આવે કે** 'આ મારી નજર સામે લાખો કરોડો જીવો પશુ-પંખી-કીડા-મંકોડા વગેરે જે ત્રાસ અનુભવી રહ્યા છે તે, એ બિચારા એક વાર મારા જેવો મનુષ્ય ભવ પામેલા, પણ આવાં ને આવાં પાપાચરણ કરેલાં હશે, તેથી હવે આ હલકા અવતારોમાં ઘસડાઈ ગયા છે ! ત્યાં વિવેક તો છે નહિ, ધર્મબુદ્ધિ નથી, પાપાચરણથી પાછા હટવાનું નથી, તો આમનો કરુણ



નતીજો કેવો ? શે ઉદ્ધાર થાય ? કોણ જાણે કેટલોય કાળ દુર્ગતિઓના દુઃખદ ભવો કરશે ? કદાચ ક્યારેક પાછો મનુષ્ય ભવ પામ્યા, તો ય આ હું પાપોમાં રુલી રહ્યો છું એમજ રુલવાનું ને ? સમજુ તો તો મારે જ આ વિચાર રાખવો જોઈએ કે 'સમજ ને કે આ તિર્યંચો જેવા દુઃખદ અવતારો કરી કરી માર ખાઈ ખાઈને માંડ કંઈક હલકો થઈને પાછો અહીં આવ્યો છું તો હવે ફરીથી ભૂલમાં ન પડું, પાપાચરણ બંધ કરું. નહિતર વળી પાછું હલકા અવતારે દીર્ઘ કાળ ભટકવાનું થશે !' પરલોકનો ભય હોત તો આ વિચારે પાપો પર કાપ મૂકી દેવાનો પુરુષાર્થ થાય, શા સારું નિંદાના થોડા સુખચટકા ખાતર દીર્ઘ પરલોક બગાડવો ?

(૨) **એમ, કર્મબંધનો ભય હોય તો સહેજે વિચાર આવે કે**

'અહીં જે નાની મોટી અનેક વિટંબણાઓ વેઠી રહ્યો છું, વળી નવી ને નવી આપદા ઊભી થયે જ જાય છે, ઘણુંય ધાર્યું થતું નથી, ને ન ધાર્યું આવી પડે છે, એ સૂચવે છે કે મારા આત્માની સિલકમાં કર્મોના થોક ભરેલા છે ! છતાં ઊંચો મનુષ્યભવ છે, આરોગ્ય છે, અનેક સગવડો પણ મળે છે, એ સૂચવે છે કે અંતરાય વગેરે અશુભ કર્મ કેટલાંય ઓછાં થયેલાં છે. તો પછી હવે કર્મોના થોક કાં વધારૂં ? નિંદા-કુથલીને આનંદચટકો ક્ષણવારનો, પણ કર્મબંધ જંગી ! શા માટે એ જોઈએ જ ? નિંદા કુથલી કરી સામાને જરા સારો લાગું એટલા ખાતર શું મારે મારા જ આત્માને જંગી કર્મબંધથી ખરડવો ? અરે ! એમાં તો સામાને પણ જંગી કર્મબંધની સગવડ કરી રહ્યો છું ! બંનેને એ કર્મોના ઉદય વખતે બેમાંથી કોઈ કોઈને બચાવવા જઈ શકશે નહિ. પોતાને પોતાના ભોગવવાના ! અરે ! કુટુંબ ખાતર પણ આચરેલાં પાપોનાં કર્મ તો પોતાને બંધાય જ છે. પછી એ કર્મોના દારુણ વિપાક વખતે કુટુંબી કોઈ જ ભાગ પડાવવા કે બચાવવા આવતું નથી. પોતાને પોતાના ભોગવવાના ! અરે ! કુટુંબ ખાતર પણ આચરેલાં પાપોનાં કર્મ તો પોતાને બંધાય જ છે. પછી એ કર્મોના દારુણ વિપાક વખતે કુટુંબી કોઈ જ ભાગ પડાવવા કે બચાવવા આવતું નથી. પોતાને પોતાનાં કરેલાં ભોગવવાના રહે છે. આમ માથે કરેલા કુટુંબની જરૂરિયાતો ખાતર કર્મબંધથી મરી તો રહ્યો છું, એમાં વળી બિનજરૂરી આ નિંદા ને ચાડીચુગલી, આ વિકથા ને કુથલી, ઈર્ષ્યા ને વેરઝેર કાં પોષી રહ્યો છું ? શા સારૂ કર્મોના ગંજના ગંજ વધારું ? એવા ખોટા મોજ-શોખના સનેપાત, દુનિયાના આરંભસમારંભની અનુમોદના, વગેરેથી ભારે કર્મબંધ કાં વધારું ? **આ તો કર્મ તોડવાનો ભવ છે. એમાં જ ઊલટું કર્મ બાંધવાનું કરવું ?'** આમ કર્મબંધોનો ભય રખાય તો પાપાચરણ ઓછાં થાય એવા પુરુષાર્થમાં લાગી જવાય.

(૩) **એમ, માનવકાળે મળેલી અદ્‌ભુત વાણીશક્તિ અને બુદ્ધિશક્તિની કદર**

નથી માટે એનો ભરપૂર દુરુપયોગ થઈ રહ્યો છે ! જો કદર કરાય, તો હાલતાં ને ચાલતાં સાવધાની રહે કે

'જીવ ! જોજે આ અમૂલ્ય વાણી-બુદ્ધિશક્તિરૂપી માલ ખોટા રસ્તે બરબાદ ન થાય કોઈ અજુગતો બોલ કે અજુગતો વિચાર ન ઊભો થાય. કોઈ મોટા શહેરમાંથી કિંમતી માલ લઈ આવ્યા પછી એ ન વેડફાઈ જવાની કેટલી બધી કાળજી રહે છે ? આજે મિલોવાળા ત્રણ પાળી મશીનરીનો ઉપયોગ કરે છે ને ? ખોટો ઉપયોગ કરી ભયંકર નુકસાની વહોરવાની તો વાત નહિ, પણ એમ ને એમ રાખી મૂકી કટાઈ દેવાની ય તૈયારી નહિ. તો એ મશીનરી કરતાં તો માનવમન-વચન-કાયાની શક્તિ તો કેઈ ગુણી ઊંચી છે ! એને અવળા વેપલામાં જોડાય ? કે કેમ એને એમ જ સુસ્ત રખાય ? એનો તો સુંદર સદુપયોગ કરતા જ રહેવું જોઇએ. શાલિભદ્ર ધન્નો વગેરે મહામુનિઓએ અને આનંદ કામદેવ વગેરે શ્રાવકોએ એ જ કર્યું છે. મહામુનિઓએ ચારિત્રજીવનમાં એક ક્ષણ પણ વિચાર-વાણી વગેરેની કિંમતી શક્તિઓને વેડફી કે આડે માર્ગે જવાદીધી નથી, કાયાથી ઘોર તપ ચાલુ, અને વાણીથી વિશાળ સૂત્રપાઠ વગેરે ચાલુ ! વિચારથી એમાં જ રમણતા ! શક્તિની કદર થાય તો ય એનો દુરુપયોગ કરાવનારાં પાપાચરણ એકદમ બંધ સમજો. કરવા છે બંધ ? તો સ્વ-શક્તિઓની કદર કરો.

(૪) **એમ, મળેલા જિનેશ્વર ભગવંતના લોકોત્તર ધર્મશાસનની કદર થાય** તો પણ કેમ હોંશે હોંશે પાપો સેવાય જાય ? વિચાર આવે કે

'ક્યાં મળે આવું અદ્ભુત અનન્ય વિશ્વકલ્યાણકર શાસન ? જો આ મળ્યું છે છતાં એની આરાધના નથી કરી લેવી, એની શીળી છાયામાં અનેક પ્રકારની સુલભ બનેલી સુકૃત-સાધનાઓ નથી સાધી લેવી, તો પછી એ શાસન આગળના ભવે નહિ મળવા પર તો શું કરી શકવાનો ? જેની પાછળ ગાંડોઘેલો થઈ ઘુમી રહ્યો તું આ શાસનની સાધના ગુમાવી રહ્યો છે એ દુન્યવી સગાં ને પદાર્થો તો ઠેર ઠેર મળશે પણ આ જિનશાસન ક્યાં મળે ?

ગોળ-સાકર બહુ ભાવે, કેમ ? પણ એ તો કીડી મંકોડાને ય મળે છે કે નહિ ? પત્ની બહુ વહાલી લાગે, કેમ ? પરંતુ પત્ની તો ચકલા-કાગડા ને કૂતરા ગધેડાને ય મળે કે નહિ ? કિન્તુ બિચારાએ બધાને પ્રભુ અને પ્રભુનું શાસન દેખવાનું ય છે ? ક્યાં છે ?

અરે ! મનુષ્યોને પણ કેઈને ધર્મશાસન તો મળ્યું પરંતુ કેવું ? કોનું કથેલું ? અસર્વજ્ઞોનું, અને એ ય પોતાના કોઈ ને કોઈ તરંગ પર કુતર્કોથી મારી મચડીને ઊભું કરેલું ! એવા મિથ્યાદૃષ્ટિના મિથ્યા ધર્મશાસનમાં ઝડપાઈ ગયો હોત



તો શું લીલું વળત ? ધર્મનાં નામ હેઠળ જ કેવા અધર્મનું કેવાં પાપોનું પોષણ થાત ! પરમાત્મા એટલે તો પરમ શુદ્ધ આત્મા ને ? પણ ત્યાં પરમાત્માનાં નામે ધ્યાન કોનું કેવું ધરત ? વિષ્ણુજીના ખોળામાં રાધિકાને બેસાડી એમનું પરમાત્મા તરીકે ધ્યાન ! આમાં ક્યાં વીતરાગતા તરફ. દૃષ્ટિ જાય ? કે ભગવાનની લીલા તરફ દૃષ્ટિ જાય ? લીલાનાં સ્મરણથી રાગ વધે કે ઘટે ? વીતરાગના તરફ પગલાં મંડાય કે આસુરી શક્તિઓના આશ્ચર્ય તરફ. માટે અહીં મળેલા મહાદુર્લભ વીતરાગ પ્રભુ અને એમનાં શાસનની કદર જોઈએ કે 'અહો ! જગતમાં શોધી ન જડે એવી આ કેટલી ઉચ્ચ પ્રાપ્તિ !! તો હવે એનો બરાબર લાભ ઊઠાવું.'

**રાજપુરોહિત બ્રાહ્મણ હરિભદ્રને** વીતરાગ પ્રભુનું શાસન મળ્યા પછી એ કેટલું જબ્બર પરિવર્તન પામી ગયા ? કેવી કદર કરી ? રાજાનું માનવંતુ પુરોહિતપણું મૂકી દીધું, જગતનાં માનસન્માન અને વહાલું કુટુંબ પરિવાર, બધું ત્યજી શાસનની આરાધનામાં લાગી ગયા. લાગ્યા લાગ્યા તે એવા લાગ્યા કે એ જાણે જનમના જૈન અને જૈનત્વની મહામમતાવાળા ન હોય એમ સાધુ-શ્રાવકના નિર્મળ આચાર, જૈન ધર્મનાં તત્ત્વ, અનેકાન્તવાદ વગેરેમાં સિદ્ધાન્ત, યોગ-અધ્યાત્મ-ધ્યાન આદિ માર્ગ ઈત્યાદિ ઈત્યાદિનાં ભરપૂર તર્કપૂર્ણ શાસ્ત્રરત્નો ખડાં કરી દીધાં ! એમાં મિથ્યા દર્શનોની ખબર પણ સારી લઈ નાખી ! જાણે એની સાથે પોતાને પૂર્વે કોઈ સંબંધ જ નહોતો ! જૈનશાસન પ્રાપ્તિની એવી તો કદર કરી કે એમણે ગાયું કે **'હા અણાહા કહં હુંતા જઈ ણ હુંતો જિનાગમો'**-જિનશાસન આ જગત પર ન હોત તો હાય ! અનાથ એવા અમારું શું થાત ?' કદર કરવી છે જિનશાસનની ? કરશો તો જીવન પાપોથી ખરડ્યે જવાને બદલે સુકૃત-સદનુષ્ઠાનો અને સદ્ગુણોથી રંગી નાખવાનું જ કરાશે !

(૫) **એમ, જો જિનાજ્ઞાનો માથે એવો ભાર રહે'** એની પરવા રહે, તો પણ પાપાચરણથી ઘણું પાછા હટાય. એટલે જ જો જીવનમાં મદ, દ્વેષ, તૃષ્ણા, અને માયા વગેરે પાપો તથા એના પર બીજાના તિરસ્કાર, નિંદા, વિશ્વાસઘાત, હિંસા-જૂઠ-અનીતિ વગેરે દુષ્કૃત્યો નિઃસંકોચ આચર્યે જવાનું ચાલુ છે, તો દેખાશે કે એની પાછળ આ પણ તત્ત્વ કામ કરી રહ્યું છે કે જિનાજ્ઞાની પરવા નથી ? એનો માથે કોઈ જ ભાર નથી. પરવા હોય, ભાર હોય તો મનને એમ થાય કે 'અરે ! હું કોણ ? આ વિરાટ વિશ્વમાં રખડતા ભિખારી એવા કર્મકિંદી જીવને મળવી જે અતિ અતિ દુર્લભ એવી શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞા, તેને પામેલો ! બધું મળે, પણ જિનવચન ક્યાં મળે ? અને કેટલું મહત્ત્વનું ? કે

**आज्ञा ऽऽराद्धा विराद्धा च शिवाय च भवाय च'**

**અર્થાત્ જિનાજ્ઞાની આરાધના થાય તો તે મોક્ષદાયી બને, અને વિરાધના સંસારભ્રમણ કરાવે.** અનંતાનંત જીવો આ જગતમાં જિનાજ્ઞાની આરાધના વિના દુઃખદ ભવપર્યટન કરી રહ્યા છે ! તો શાસ્ત્ર કહે છે **'પડિવાઈયા અણંતા'**- જિનાજ્ઞાની નજીક આવી એ પામી પણ ગયા, કિન્તુ જો પડ્યા જિનાજ્ઞાને માથેથી ઉતારી નાખી, એની પરવા મૂકી દીધી, તો આ અથાગ સંસારમાં રુલી ગયા ! એવા અત્યારે મોજુદ કેટલા ? તો કે અનંતા ! જિનાજ્ઞાથી પડેલા અનંત જીવો સંસારમાં ભમી રહ્યા છે !! હવે આમાં જિનાજ્ઞા જીવનમાં ઉતાર્યા પછી પણ ભરોસે ગફલતમાં ક્યાં બેસાય, બોલો જો.

આ શું બતાવે છે ? એ જ કે જિનાજ્ઞાને માથે ધરો એની પરવા રાખો. તે પણ એ રીતે કે ક્યારેય પણ એ માથેથી ઉતારી નાખવાનું ન થાય, એની બેપરવા ન થાય. જમાલિ મહાવીર પ્રભુનો ભાણેજ અને જમાઈ તથા પાછો મહાવૈરાગ્ય પામી ચારિત્ર લઈ જિનાજ્ઞા માથે ધરનારો ! છતાં જુઓ કે જો જરા પરવા મૂકી તો કેવો ડૂબે છે !

**જમાલિના સુંદર વૈરાગ્યનો અધિકાર શ્રી**

ભગવતીસૂત્રમાં આવે છે. એ સાંભળતાં પણ સંવેગ વિરાગના ભાવ ઊછળવા માંડે, એવો મજેનો અધિકાર સૂત્રે વર્ણવ્યો છે. પ્રભુની દેશના સાંભળીને જમાલિ જિનાજ્ઞા માથે ચડાવી, મોહમાયાની પરવા મૂકી દે છે, જિનવચનની પરવા કરનારો બને છે. પછી શું થાય છે એ જુઓ.

## • ભગવતી સૂત્રનો જમાલિનો વૈરાગ્યમય અધિકાર •

જમાલિ માતાપિતા પાસે આવી માતાપિતાના વિનયને સમજનારો એમને પગે લાગી જય વિજયથી વધાવે છે, કહે છે 'આપનો જય હો, વિજય હો.' કેવી સુંદર મર્યાદા ! હૃદયનો કેવો સરસ આદરભાવ ! આ હોય ત્યાં વડિલ-નાના વચ્ચે એકનું વાત્સલ્ય બીજાનું બહુમાન કેવા મજેના ચાલે ! પછી એના પર કોઇ અનુચિત બોલ-ચાલ વગેરે શાના થવા સંભવે ? મૂળ હૃદય પ્રશસ્ત ભાવો ભર્યા હોય એના પર વર્તાવ વ્યવહાર સુયોગ્ય ચાલે છે. હૃદય બગડે છે ત્યારે એ વાણી-વર્તાવ બગડવાનું બને છે. મનુષ્ય જન્મ મળ્યો છે, તો કામ આ કરો,- પોતાના અને આશ્રિતના ભાવ ઉચિત-મુલાયમ-પ્રશંસનીય બનાવો.

જમાલિ હવે કહે છે,' હે માતાજી ! હે પિતાજી ! મેં આજે શ્રવણ ભગવાન મહાવીર પરમાત્મા પાસે ધર્મ સાંભળ્યો, અને તે ધર્મ મને ગમ્યો, મેં માથે ધર્યો એના પર મને શ્રદ્ધા થઇ, મને દિલમાં જચ્યો !'



ત્યારે ક્ષત્રિયકુમાર જમાલિનું એ કથન સાંભળી માતાપિતા કહે છે, **'ધન્ને સિ ણં તુમે જાયા !....'** અર્થાત 'હે પુત્ર ! તને ધન્ય છે ! તું આજે કૃતાર્થ બન્યો છે, દીકરા ! તેં તો પુણ્ય કર્યા છે, લક્ષણવંતો છે, કે તે શ્રમણ ભગવાન મહાવીર પ્રભુની પાસે ધર્મ સાંભળ્યો, તને ધર્મ રુચ્યો, માથે ધર્યો અને હૈયે જચ્યો !'

જમાલિનું વચન અને માતાપિતાનો ઉત્તર વિચારવા જેવા છે. જમાલિને પ્રભુની વાણી ગમી, માથે ધરી, અને એના પર હૃદયની સચોટ શ્રદ્ધા કરી. અનંતોકાળ સંસારમાં ભમ્યા પછી અંધકારમાંથી અજવાળામાં આવવાનું થાય છે. જિનવચન તરફ આકર્ષણ થવું, એને તહત્તિ કરી માથે ચડાવવું અને દિલમાં 'એ એમજ, એ જ સાચું ' એમ જચાવવું, આ બધો પ્રકાશ છે, અજવાળું છે. એથી સમજાય એવું છે કે મોહઘેલાં વચન, મોહપોષક ધન-માલ-પરિવાર, વગેરેનાં આકર્ષણ, સસ્નેહ સ્વીકાર અને દિલમાં એ સુખ હેતુ તરીકે જચી જવાં, એ બધો અંધકાર છે. જમાલિ આજે અંધકારમાંથી બહાર નીકળે છે, જિનવચનનાં આકર્ષણાદિ-પ્રકાશ પામે છે. ત્યારે માતાપિતા દીકરો ધર્મપ્રકાશ પામ્યો એના પર ખુશી અનુભવતા એને ધન્યવાદ આપે છે ! દીકરા-દીકરી શું પામે તો તમે ખુશી ? એ વિચારશો તો પોતાની કક્ષા સમજાવશે કે આપણે ઊંચે આવ્યા છીએ કે હજી એકલી મોહની ખીણમાં ભટકીએ છીએ.

હવે જુઓ કે જમાલિનો આશય સામાન્યથી એકલા ધર્મશ્રવણ-શ્રદ્ધા પ્રાપ્ત કર્યાનું કહેવાનો નથી. એને તો એથી ઊંચેનું કહેવું છે, પરંતુ એકદમ કહેતાં સામાને આઘાત થાય, એ સમજીને પગથિયું બાંધીને કહે છે. એણે જોયું કે 'માતાપિતાએ ધર્મ જગ્યાની વાત તો વધાવી લીધી ! ત્યારે હવે ફિકર નહિ. આગળ કહેવા દે.' એટલે હવે જમાલિ કહે છે,-

'હે બા-બાપુજી ! આ જ મેં શ્રવણ ભગવાન મહાવીર પ્રભુ પાસે ધર્મ સાંભળ્યો, મને ધર્મ રુચ્યો, માથે ધર્યો, જચ્યો; તેથી હે માતા-પિતાજી ! હું હવે સંસારના ભયથી ઉદ્વિગ્ન બની ગયો છું' સંસારના જન્મ-જરા-મૃત્યુની વિટંબણાથી ત્રાસ્યો છું. રખે મારે વળી પાછા નવા નવા જન્મ-મરણ જન્મ-મરણ કરવા પડે ! મારો આત્મા આમાં ગુંગળાઇ રહ્યો છે. એ તો અજ-અજર-અમર છે, પણ કાયા-માયાના ખેલભર્યા ઘરવાસથી એને બિચારાને શી આ કચરામણ ? એટલે હવે તો આપની અનુજ્ઞા પામી શ્રવણ ભગવાન મહાવીર પ્રભુ પાસે ઘરવાસમાંથી અણગારપણામાં, ચારિત્રમાં જવા ઈચ્છું છું. '

જમાલિએ પોતાની આ અંતર્ગત ઇચ્છા બતાવી દીધી. મુખ્ય સુર એમાં આ, કે આત્મા તો સનાતન શાશ્વત, અને અનંત જ્ઞાન-દર્શન-ચારિત્રના જ સ્વરૂપવાળો

છે; એને વળી નવાનવા જનમ શા ? આ શરીર શું ? હવે તો એનાથી ફારેગ થઈ જઈ શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્રના જીવન-અભ્યાસમાં લાગી જવું. જેથી પરાકાષ્ઠાના જ્ઞાન-દર્શન-ચારિત્રના સ્વરૂપમાં શાશ્વત રમતા થઈ જવાય અને કાયા-માયાના સંબંધ છુટી એનો જનમ-મરણની આપદામાંથી હંમેશનો છૂટકારો થઈ જાય. વીર પ્રભુની વાણીએ આ ભાવ એનામાં ઝગમગાવી દીધો હતો.

**માતાને મૂર્ચ્છા :-** પરંતુ માતા ક્યાં એટલે પહોંચી હતી. અલબત્ત ઘરમાં રહી ધર્મ સાધવાનું તો એણે ઠીક માન્યું હતું, પરંતુ હવે તો જ્યાં જમાલિએ ઘરવાસનો ત્યાગ અને સાધુ જીવનના સ્વીકારની વાત મૂકી ત્યાં એ વધાવી લેવાનું ગજુ હતું નહિ, તેથી સૂત્રકાર કહે છે, માતાને જમાલિના આ બોલ અનિષ્ટ-અણગમતા, અપ્રિય, અ-રમણીય અ-મનોજ્ઞ લાગ્યા, અશ્રુતપૂર્વ પૂર્વે કદી નહિ સાંભળેલા લાગ્યા, તેથી એ બોલ ઝીલી શકી નહિ. બોલ સાંભળતાં જ એના રોમરોમમાંથી પસીનો છૂટી ગયો ! શરીર ઠંડુ પડી ગયું ! એ શોકસાગરમાં ડૂબી ગઈ ! એના અંગેઅંગ ધ્રુજવા લાગ્યા ! તેજ ઊડી ગયું અને એનું મુખ દીનહીન બની ગયું. કમળની માળા હથેળીમાં ચોળાઈ જઈ શોભારહિત બની જાય એની માફક એ નિસ્તેજ બની ફિક્કી પડી ગઈ. ચૈતન્ય તદ્દન મૂર્ચ્છિત થઈ જાય એટલી હદ સુધી એને હૈયે આઘાત લાગ્યો ! એના વિખરાયેલ સુકોમળ વાળ હાથેથી પકડાઈ ગયા, અને એ ધસ કરતી જમીન પર મૂર્ચ્છિત થઈને પડી ! સર્વાંગ નિશ્ચેષ્ટ બની ગઈ !

**કોણે પાડી ?** જમાલિની ચારિત્ર લેવાની વાતે નહિ; પરંતુ અંતર્ગત મોહમમતાના ભારે જોરે ! જો એ ન હોત તો તો જમાલિની વાત એ વધાવી લેત, ખુશી અનુભવત, ગૌરવ લેત કે ‘ વાહ દીકરો બહાદુર ! વિવેકી ! એણે સુંદર ઈચ્છા કરી !’ પરંતુ અહીં તો મમતાનો કેફ છે તે ક્યાંથી આ બનવા દે ? એટલે વસ્તુનો વિવેક રાખજો, વસ્તુ-વસ્તુને ન્યાય આપજો. જેનું જે કારણ, એમાં જવાબદાર એને જ લેખજો બીજાને નહિ. શોક-મૂર્ચ્છાનું કારણ પોતાના જ અંતરનો મોહ છે. તો મોહને જ એમાં જવાબદાર એને જ લેખજો, બહારના ભળતા પદાર્થને નહિ. ‘અરે ! આ જમાલિ કેવુંક બોલ્યો ! તે માતાને આઘાત અને મૂર્ચ્છા લગાડી દીધી !’ -આવું કહેતા નહિ. માતાને આઘાત અને મૂર્ચ્છા પોતાના અતિશય પુત્રરાગને લીધે થયા છે. જમીન પર બેભાન પાડનાર એ પુત્રમોહ છે.

જ્યાં એ મૂર્ચ્છિત બની પડી કે તરત અંતેપુરની બીજી સ્ત્રીઓએ શીતળ જળ-સિંચન અને વાયુ-વીંજનથી ભાનમાં આણી. આશ્વાસન આપે છે, પણ એને એ લાગે શેનું ? એ તો પડી રુદન-આક્રંદનમાં ! મોહગ્રસ્ત છે ને ? એટલે એને



મન હૈયાના હાર અને આંખની કીકી જેવો કનૈયો એકાએક હાથમાંથી સરી જતો દેખાયો ! શોક અને વિલાપ કરે છે.

**ધર્મથી ખુશી ચારિત્રથી ખુશી કેમ નહિ ? :-**

કેમ જમાલિને પ્રભુની વાણી અને ધર્મ ગમ્યા-જચ્યા એથી એ ખુશી થઈ હતી ને ? તો પછી હવે દીકરો ચારિત્રધર્મના સ્વીકારની ઈચ્છા બતાવે છે એમાં ખુશ નહિ થવાનું ? પણ કહો, ચાલુ ઘરમાં રહીને ધર્મ કરે એમાં માતાને પોતાની મોહ-મમતાનાં પુત્રદર્શન આદિને વાંધો નથી આવતો. પણ છોકરો ચારિત્ર લઈને નીકળી જાય પછી ક્યાંથી એ ઘરમાં મોહમય દર્શન-વાતચીત વગેરે કરી શકે ? ત્યાં વાંધો આવી જતો દેખાય છે. એટલે શોક-વિલાપમાં પડી.

જગતના પદાર્થોના ગમનાગમનમાં શોક-આનંદ બનતા જ રહેવાના, જ્યાં સુધી હૈયે એના પર તૃષ્ણા-મમતા લાગેલી છે. મૂઢ કીડા-મંકોડા અને પશુ-પંખીના ભવોમાં એ તૃષ્ણા-મમતા જેવી કરી એવી એ અહીં પણ ઊભી જ રાખવી છે તો ખેદ-ઉદ્વેગ-શોક લમણે લખાયા રહેવાના, પરંતુ ત્યાં તો વિવેક નહોતો, મૂઢતા હતી. હવે અહીં પણ એ ? ત્યારે એ જીવને કેવો કંગાળ અને દીનહીન રોતડ બનાવે છે !

**જમાલિની માતા રોતી વિલાપ કરતી જમાલિને કહે છે, ‘તુમં સિ ણં જાયા ! અમ્હે અ ખે પુત્તે...** હે પુત્ર ! તું તો મારે એકનો એક દીકરો છે, તું મને ખૂબ પ્રિય, મનોહર, મનગમતો છે, તું આદરણીય, અવલોકનીય છે ! તારા પર તો મને બહુમાન છે. મારે મન તું રત્નભંડાર છે ! મારું જીવતર અને શ્વાસોશ્વાસ તું જ છે ! મારા હૃદયને તું શ્રવણથી પણ આનંદ આપનારો છે, તો સાક્ષાત્ દર્શનની તો વાતે ય શી ? તારો બોલ સાંભળતાં ય હૈયું આનંદ આનંદ પામે છે, તો પછી તને જોઈ જોઈને તો આનંદનું પૂછવાનું જ શું ? માટે હે ચિરંજીવ ! એક ક્ષણ વાર પણ અમે તારો વિયોગ પસંદ કરતા નથી. માટે હમણાં જવાની વાત બોલીશ જ નહિ. અમે જીવંત છીએ ત્યાં સુધી તું તારે ઘરમાં સુખેથી બેસ. અમારા મરી ગયા પછી તું પાકી ઉંમરનો થાય, વંશપરંપરાને સુરક્ષિત રાખનાર સંતાનવૃદ્ધિ કરનારો બને, પછી નિરપેક્ષ બની શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ પાસે ઘરવાસ છોડી ચારિત્ર લેજે બસ, ચારિત્રની વાત આવી એટલે માતાનું સંસાર પુરાણ ચાલ્યું.

**કોણ રડાવે છે ? :-**

**સ્વાર્થની માયા હોય ત્યાં પોતાનું જ જોવાય, સામાની સ્થિતિનો વિચાર જ શાનો આવે ?** ખૂબી તો એ છે કે જે મોહ-મમતા આખા જગતને રડાવી રહી છે નજરે દેખાય છે, પોતે પણ જે મોહ-મમતાથી એવા રુદનમાં જન્મારા કાઢ્યા એય હકીકત છે, છતાં એ મોહ-મમતા મુકાતી નથી ! 'હું મરીશ પણ તને રાંડ કરીશ.' એ જેમ દુશ્મન પતિનો હઠવાદ છે, એમ જીવનો પણ એક હઠવાદ છે કે 'જીવનભર હું રડીશ દુઃખી થઈશ, પણ આ મોહ-મમતા નહિ મૂકું.' બાહ્યની મમતા જ જો મૂકી દે તો પળવારમાં શોકમુક્ત થઈ જાય. કોની ખાતર શોક ? જેની ખાતર શોક થતો હતો, એને ને પોતાને કોઈ નિસ્બત જ નથી એવો ભાવ ઊભો કરી દીધો, પછી રડવાનું શું ? જ્ઞાનીઓ આપણને ધન-માલ, કુટુંબ-પરિવાર, ખાન-પાન વગેરેનાં આકર્ષણ-આસક્તિ માયા-મમતા કાઢી નાખવાનું કહે છે એ આ રડારોળમાંથી બચાવી લેવા કહે છે. પણ મૂરખ જીવને એની ગમ પડે ત્યારે ને ?

**જમાલિનો ઉત્તર :-**

માતાના બોલ પર શું જમાલિ પીગળી ગયો ? ના, હવે એની અંતર્દૃષ્ટિ ખૂલી ગઈ છે, અજ્ઞાનનું આવરણ હટી ગયું છે, એ અજ્ઞાન બોલથી શાનો લહેવાઈ જાય ? એ માતાને સમજાવે છે,-

'હે માડી ! હે બાપુજી ! અનેક જન્મ-જરા-મરણ, રોગ-શોકથી ભરેલા આ જગતમાંનો એક મનુષ્ય ભવ છે. એમાં અનેક પ્રકારની કામનાઓ કરવાનું મોટું દુઃખ છે ! ઉપરાંત એની પાછળ બીજા સેંકડો સંકટોની પીડા જીવ પર આવી પડે છે ! એટલું સહીને ય જો કાયમી સુખમાં ઝીલવાનું થતું હોત તો તો જુદી વાત હતી. પરંતુ ના, ખુદ મનુષ્યજીવન પોતે જ ચંચળ છે, અનિત્ય છે, અશાશ્વત છે. સંધ્યાના આકાશના રંગ જેવું, પાણીના પરપોટા જેવું, ઘાસના અણિયારે રહેલા પાણીના ટીંપા જેવું, સ્વપ્નદર્શન અને વિજળીની ચળકતી રેખા જેવું વિનશ્વર છે. અલ્પ કાળમાં જેમ એ ઊડી જનારા એમ આ જીવન પણ સડન-પડન-વિધ્વંસનના સ્વભાવવાળું છે. પહેલાં કે પછી અવશ્ય છોડવું પડે એવું છે. ત્યાં કાયમી સુખ શું ? એમાં હે મા ! હે તાત ! એ ય કોણ જાણે છે કે કોને પહેલું જવું પડશે ને કોને પછી ? માટે હું ઇચ્છું છું કે આપની અનુજ્ઞા થાય અને હું શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે ચારિત્ર લઈ લઉં.'

જમાલિએ માતાના બોલ કે 'તારો વિયોગ અમે ક્ષણવાર પણ પસંદ કરતાં



નથી' એ બોલની પૂર્વે માતાએ જે ભૂમિકા બાંધી કે 'તું તો એમને બહુ ગમતો આદરણીય, અવલોકનીય છે; અમારું જીવતર અને શ્વાસોશ્વાસ છે;' વગેરે, એના પર જરાય લોભાયા વિના જીવનની સંધ્યાના રંગ એવી ક્ષણભંગુરતા આબેહુબ બતાવીને એ સૂચવ્યું કે 'એવા મોહ શા કામના ? વહાલું માણસ મરી જાય તો જીવ શું કરે ? ત્યાં ક્યાં જમને રોકી શકાય છે ? ત્યારે એક ટૂંકા-શા ભવના સંબંધમાં આવા મોહ શા સારું કરવા ? એ કરવામાં આત્માનું હિત અને હિતકારી પરમાત્માના સંબંધ દૂર રાખવાનું થાય છે, એ ખબર છે ? જેને બિચારાને ભગવાનનું આલંબન નથી મળ્યું એ પામર જીવો તો ટૂંકા કાળના મારક મોહમાં ભૂલા પડી જાય, પણ આપણે છતે આલંબન મળ્યે પણ ભૂલા પડી જઈએ ?

**હે માતાજી ! આ જગતમાં કોણ કોનું છે ?**

દરેક જીવ એકલો જન્મે છે; એકલો જ પોતાના સ્વતંત્ર કર્મબંધન ઊભાં કરે છે; એકલો જ એના વિપાક ભોગવે છે; ને એકલો જ રોગી થાય છે. પીડાઓ ભોગવે છે ! કોઈ જ એમાં ભાગ પડાવી શકતું નથી. એકલો જ બુડ્ઢો થાય, એકલો જ મરે, ને એકલાને જ પરલોક જવું પડે છે ! **આ એકલવાયી વિટંબણાઓ છતે ક્ષણિક સંબંધના મોહ પોતાના ને સામાના બચાવમાં ક્યાં કામ લાગ્યા ?**

જમાલિએ ઇચ્છાઓનું દુઃખ, તથા જીવનનું આંચલ્ય, અને જીવનમાં આવી મળતા સંબંધીઓના સંયોગનું અનિત્યપણું એવું રજુ કર્યું કે એમાં પછી કયા ભરોસે બેસાય એવું રહ્યું ? વાત સાચી જ છે કે **ઈચ્છાઓ છે માટે જ દુઃખી છીએ.** સંસારનું જીવન છે એટલે કંઈને કંઈ ઇચ્છાઓ જાગ્યા જ કરે છે. પહેલું તો એમાં આત્માએ પોતાના મસ્ત જ્ઞાન-વીતરાગતાદિ ગુણોમાં ઝીલવાનું ક્યાં રહ્યું ? ઇચ્છાઓ કરે કે જ્ઞાનાદિમાં રમણતા કરે ? આ જ પહેલું તો મોટું દુઃખ કે સ્વ-ભાવમાં રમવાનું મૂકી ઇચ્છાઓ દ્વારા પર-ભાવમાં ઘસડાવું પડે ! વિજ્ઞાનના શોધકો આ અનુભવે છે કે એના ચિંતનમાં મસ્ત બન્યા હોય ત્યાં ભૂખ વગેરે આવીને ઊભી રહે, ખાવાપીવાદિની ઇચ્છા-ખણજ જાગે, ત્યારે મન ખિન્ન થાય છે કે 'ક્યાં આ વચમાં દખલ આવી ?' આત્માની જ્ઞાનાદિ-સ્વભાવમાં રમણતા કરવા આડે ઊભી થતી ઇચ્છાઓ-ખણજો-કામનાઓ, સમજે એના માટે, આવો ખેદ ઊભો કરે છે કે 'ક્યાં આ દખલ કોટે વળગી છે ? શા સારું મારે એક પણ ચીજ કે એક પણ ક્રિયાની ઇચ્છા જ કરવી પડે ?' પણ આ જીવન કોટે વળગ્યું છે એટલે જીવ ક્યાં જાય ઇચ્છા ન કરે તો ? માટે જ જીવન ઇચ્છામાત્રથી પણ દુઃખભર્યું છે, દુઃખરૂપ જ છે.

અને વળી ઇચ્છાઓ ઊઠીને એમ જ શમી જતી હોત તો તો જુદી વાત

હતી ના, એ તો એવી ખંધી છે કે એ સળવળ્યા પછી જીવને કેઈ જધામણમાં ઉતારે છે. ખાવાની ઈચ્છા જાગે છે માટે જ ધંધો કરો, પૈસા લાવો, અનાજ લાવો, ચૂલો તાવડી તપેલી... કેટલુંય લાવી રાંધવાની ક્રિયા કરો. ખાવાની ઈચ્છા કાંઈ એમ ને એમ શમે ? તાંબાની તોલડી તેર વાનાં માગે. એક ઈચ્છા પાછળ બીજી અવાંતર કેટલીય ઈચ્છાઓ એક નાગણમાંથી સો સાપોલિયાંની જેમ ઊભી થઈ જાય છે ! હવે એને શમાવવા માટેની પ્રવૃત્તિઓ કષ્ટ કલેશ દુઃખભરી છે. કેટલાય સંકટો-પીડા-ચિંતાઓ ઊભી કરે છે ! કહો, દુઃખ જ એ બધાને લીધે છે. ત્યારે સંસારી જીવન એટલે શું ! આ જ ને કે પાર વિનાની ઈચ્છાઓ અને એની પાછળ ઊભા થતા અનેક કલેશ-કષ્ટો-સંતાપો ભરી દોડધામ ? આવાં જીવન એ સુખરૂપ છે ? કે નર્યું દુઃખનાં પોટલાંરૂપ ?

જમાલિએ ઠીક જ બતાવ્યું કે ઈચ્છાઓ આટલી દુઃખદ છતાં એમાંથી સરવાળે કાયમી સુખ મળતું હોત તો જુદી વાત હતી, પણ ના, એવા કાયમી સુખની તો આશા જ શી ? ઈચ્છાઓનાં જીવનમાં સુખ શોધવું એ તો સર્પની દાઢમાં અમૃત શોધવા જેવું છે. ઝેર ભરી સર્પ દાઢમાં અમૃતની વાતે ય શી ? એમ જીવન પોતે જ વિજળીના ઝબૂકા જેવું અનિત્ય, આવ્યું કે ગયું ના સોદાવાળું, ત્યાં કાયમી સુખની વાતે ય શી ? જીવનની ચંચળતા ક્યાં અજાણી છે ? કેઈને મરતા જોયા, પૂર્વના બાપદાદાઓ અને એમના ત્યારના કુટુંબીઓ આજે જીવતા નથી એ હકીકત છે. એટલે એ મરી ગયા છે એ નક્કી જાણ્યું. વર્તમાન કુટુંબીઓમાં પણ દુનિયામાં દેખાય છે કે બાપ પહેલો મરે, દીકરો પછી; બુઢો પહેલો મરે, જુવાન પછી; આવો કોઈ નિયમ નથી. ત્યાં પોતાને ત્યાં પણ નિયમ ક્યાં છે કે બાપ-મા-ભાઈ-બેન-પત્ની-પુત્રપુત્રી-પુત્રવધુ અને પોતે, એમાંથી કોણ પહેલું જશે અને કોણ પછી ? એમાં મમત્વ રાખી બેસી રહેવું અને સાધનાકાળ વેડફી નાખવો એ મૂર્ખાઈ નથી ? બધા બેઠા રહે છે અને જીવને એકલાને ઊઠીને ચાલતી પકડવી પડે છે. પછી કોઈ જ સાથે નથી ચાલતું.

ત્યારે, શું મરવાનું જ એકલું છે ? ના, કોઈને સાથે લાવ્યા વિના એકલો જન્મે છે, એકલો જ પોતાનાં સ્વતંત્ર કર્મબંધનો ઊભાં કરે છે, એકલો જ કર્મના ઉદયો ભોગવે છે ! એકલો જ રોગી થાય. એ વખતે સગો બાપ કે સગી પત્ની પણ અડધો રોગ લઈ લઈને રોગી ન થાય. જીવ એકલો જ રોગ-અકસ્માત વગેરેની પીડાઓ ભોગવે છે ! કોઈ એમાં ભાગ-બાગ પડાવે નહિ. ભાગ પાડી હળવી જ કરી શકતા નથી ! એકલો જ બુઢો થાય, એકલાને જ ઇંદ્રિય દુબળી પડે ! એકલાને મોત, ને એકલો જ પરલોકના અગમ-અગોચર પ્રદેશમાં ચાલ્યો જાય છે !



એટલે જ જમાલિનું કહેવું છે કે,

**આ એકલવાયી વિટંબણાઓ છતે ક્ષણિક સંબંધોના મોહ પોતાના ને સામાના બચાવમાં ક્યાં કામ લાગવાના ?**

એ તો ભગવાનનું જ એકમાત્ર આલંબન પકડી એ બધા બંધનો, બધી વિટંબણાઓ, બધી પીડાઓનો અંત લાવી શકાય એવા સત્પુરુષાર્થના યોગ્ય કાળે અલ્પ કાળના મોહ ફગાવી દેવાય એ પુરુષાર્થ આદરાય તો જ સાંસારિક જન્મ વગેરેનો અંત આવે. બાકી મોહમાં ફસ્યા રહી ભગવાનનાં આલંબન અને પુરુષાર્થની તક ગુમાવવી અને દુઃખદ અનેકાનેક એકલવાયી વિટંબણાઓને દૃઢ કરવી એ તો જીવનની નરી મૂઢતા છે.

સંબંધીઓના મોહ કરી કાયમી એમ જ સંબંધો ટકતા હોત તો જુદી વાત હતી. પણ ના, હજીય ટકવું તો ઘણુંય હોય, કિન્તુ જમનું તેડું આવે જ છે એ રોક્યું રોકી શકાતું નથી એટલે ઊઠીને ચાલતા થવું જ પડે છે ત્યારે એક ટૂંકાશા ચંચળ ભવના સંબંધમાં એવા મોહ શા સારું કરવા કે જેથી ખરેખર મમત્વ પરમાત્મા સાથે કરવાનું અને કરીને એમની જ સેવા ને એમની જ આજ્ઞાનું પાલન કરવાનું ગુમાવવું પડે ? જેને બિચારાને ભગવાનનું આલંબન નથી મળ્યું એ પામર જીવો તો ટૂંકા કાળના મારક મોહમાં ભૂલા પડી જાય, પરંતુ આપણે છતે એ આલંબન મળ્યે ય એમ જ મોહમાં ભૂલા પડી જઈએ ?

**માતાનો યુવાનીમાં મહાલવાનો બોલ :-**

જમાલિની માતા આનો ઉત્તર શો કરી શકે ? એટલે એણે હવે જમાલિની નવયૌવન કાયાની વાત ઉપાડી એ કહે છે, 'હે જાયા ! એ તો તું જો કે આ તારી કાયા કેવી સુંદર વિશિષ્ટ રૂપ-લક્ષણ-વ્યંજનના ગુણે ભરી છે ! કેટલું તને ઉત્તમ બળ વીર્ય શક્તિ મળી છે ! વળી તારી કળા વિજ્ઞાનની વિચક્ષણતા કેવી મજેની ! એમાં પાછો તું વિશિષ્ટ સૌભાગ્ય ગુણે અનેક સગાસંબંધી-મિત્રમંડળ અને લોકને મનગમતો ! તે રોજ આનંદના ઉત્સવ જ ચાલ્યા કરે ! તારું આરોગ્ય કેવું અનુપમ કે કોઈ જ રોગ-વ્યાધિ-પીડા નહિ ! ઇન્દ્રિયો-અંગોપાંગમાં તારે કોઈ જ ખામી નહિ ! ચાલાક વિચક્ષણ નવયૌવનમાં તું આવી ઊભેલા અને અનેક ઉત્તમ ગુણોવાળા તારે તો આ સુંદર શરીર-રૂપ-સૌભાગ્ય-યુવાની વગેરે છે ત્યાં સુધી એના સુખવિલાસમાં મહાલવાનું. પછી દીકરા ! એ લહાવા લૂંટ્યા પછી અને અમારા કાળ કર્યા બાદ પાકી ઉંમર થયે, કુળવંશની પરંપરા વધારી નિરપેક્ષ બનીને શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ પાસે ચારિત્ર લેજે.'

ડૂબતો તરણું લે એની જેમ માતા પ્રખર વૈરાગી બનેલા જમાલિની આગળ

મનામણાં કરી રહી છે. એને થનગનાટ કરતી નવયુવાની અને રૂપ-લાવણ્ય સૌભાગ્ય નાં મહા મહત્ત્વ લાગે છે એટલે એનાં ગળપણ મોંમાં લાવી ગદ્ગદ થઈ જમાલિને એના લહાવા લૂંટી લેવા કહે છે. પરંતુ જમાલિ એમાં ક્યાં લલચાય એવો છે ?

**જમાલિનો ઉત્તર :-**

જમાલિ કહે છે, 'હે માડી ! હે પિતાજી ! આ નવયૌવન વગેરે બધું ય છતાં માનવીય શરીર દુઃખોનું ઘર છે, અનેક પ્રકારની વ્યાધિઓના પોટલાંનું ધામ છે, એ શું તમે નથી જાણતા ! આ શરીર એટલે તો સેંકડો હાડકાઓના જ માળખા ઉપર ઊભેલું ને ? એમાં લોહીની નસો-નાડીઓ, માંસ-ચરબીના લોચા, અને અનેક પ્રકારના મળસંચય સિવાય બીજું શું છે ? એ બધાને એકત્રિત કરીને ઉપર એક ગુલાબી ચામડીના અસ્તરે મઢેલું જ શરીર કે બીજું કાંઈ ? પાછું માટીના ભાંડા જેવું દુર્બળ, ને અશુચિથી વિડંબાતું ! અશુચિમાં જન્મ્યું, અશુચિથી ઘડાયું, અશુચિમય બનેલું અને શુચિને અશુચિ કરનારું ! સદાકાળ એને પોષવાનું ઊભું ને ઊભું ! પોષણ-પાલન-મરામતની વેઠનો અંત જ નહિ ! છતાં ય પાછું તે જરાજર્જરિત થઈને ઊભું રહેનારું ! ક્યારે સડશે, ક્યારે પડશે, ક્યારે વિધ્વંસ પામશે એનો પત્તો જ નહિ ! અવશ્ય સડન-પડન-વિધ્વંસના સ્વભાવવાળું ! મોડું કે વહેલું અવશ્ય છોડવું જ પડવાનું છે. ત્યાં હે માત તાત ! કોણ જાણે છે કે કોને પહેલું જવું પડશે ને કોને પછી ? માટે ઇચ્છું છું કે તમારી સંમતિ પામી શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ પાસે સંસાર ત્યજી ચારિત્ર લઉં.'

જમાલિનો આ ઉત્તર રૂપાળા યુવાન શરીરના લહાવા લૂંટી લેવાના માતાના બોલ સામે માનવદેહની બિભત્સ પરિસ્થિતિ, માટીના ભાંડ જેવી તકલાદી દશા અને સડન-પડન અવસ્થાનું સચોટ દિગ્દર્શન કરાવી જાય છે. એટલે જ એ ચપળ ગુલાબી યુવાનીનો ભોગના માર્ગે ઉપયોગ કરી લેવા લલચાતો નથી. એ તો સમજે છે કે કાયા જો એમજ સાધના વિના પડી ગઈ, તો આવો ઊંચો જનમ એળે જ ગુમાવ્યો ને ? પછી પરલોકમાં પુણ્ય વિના ક્યાં જઈ ઊભા રહેવાનું ?

'પણ ઘડપણે સાધના કરી લેવાય ને ?'

ના, ઘડપણ સુધી પહોંચાશે એનો જ ક્યાં ભરોસો છે ? અને કદાચ જીવતા રહ્યા ને ઘડપણ જોવા મળ્યું તો પણ સાધના માટે તપ આદિ માટે સમર્થ તો યુવાની ગણાય કે ઘડપણ ? સાધનાની શક્તિઓના એકમાત્ર ઘરતુલ્ય યુવાની રંગરાગમાં વેડફાઈ ગઈ પછી ઘડપણના અશક્ત શરીરે શી સાધના થઈ શકવાની ? એ તો જુવાનીના જોમમાં જ કઠોર તપસ્યા, ઘોર પરિષહસહન, ઉગ્રવિહાર, સ્ફુર્તિબંધ ચિત્તે ભરચક સૂત્રપાઠ-સ્વાધ્યાય વગેરે સાધના થઈ શકે. આ બધા માટે એકમાત્ર



યોગ્ય સમર્થ યુવાનીને ભૂંડ-ગધેડાંની જેમ ભોગમાં રગદોળી નાંખવાની હોય ? **જુવાની તો ચારિત્રધર્મની ખૂલેલી મોસમ છે, ધર્મવેપારનો જ બજાર છે.** ત્યાં તો એ જ કરી લેવો જોઈએ !

જમાલિનું માતાને જાણે ગર્ભિત સૂચન છે કે ધર્મ ન કરી લીધો તો પુણ્ય વિના નરકાદિ દુર્ગતિમાં ભટકતા થઈ જવાનું થાય, ને એવું દીકરાનું બને એ કઈ માતા ઇચ્છે ? ત્યારે અહીં ધર્મસાધના અને પાપત્યાગ કર્યા વિના જીવને સદ્ગતિમાં કોઈ ખેંચે એમ છે ? માટે માતાને એનો એ જ એકનો એક અક્ષર કહે છે કે પ્રભુ પાસે ચારિત્ર લઈશ.

**ત્યારે વળી માતા બોલે છે :-**

'હે જાયા ! આ તારી સર્વાંગ સુંદર વહુઓ સામે તો જો. કેવી એ ઊંચા કુળમાં જન્મેલી સમાન રૂપ-વય-લાવણ્ય-યૌવનથી શોભતી બાળિકાઓ ! ખાસ પસંદ કરીને સમાન ઊંચા દરજ્જાના કુટુંબોમાંથી આણેલી ! કળાકૌશલ્ય ભરી, સદા સુખચેનમાં લાલન-પાલન કરાયેલી, તે વળી ઉદ્ધત-ઉછાંછળી નહિ પણ મૃદુતા-લજ્જા-વિનય-સેવા વગેરે ગુણોથી અલંકૃત, ગુણોમાં નિપુણ ! આવી પત્નીઓ તારે છોડી જવું છે ? કેવા એમના મંજુલ બોલ, મધુરાં મર્યાદાશીલ વચન, મુલાયમ હાસ્ય, મનોહર દૃષ્ટિ, રાજહંસી-ચાલ, વગેરે મનોરમ પ્રવૃત્તિ ! કેવી એમની ઉચ્ચ કુળ ખાનદાની, ઉચ્ચ વંશવિશુદ્ધિ, ઉચ્ચ શીલસુઘડતા ! આપણી વિશુદ્ધ વંશપરંપરાના દોરને વધારનાર સુંદર ગર્ભને ધારણ કરે એવી આ મનોનુકૂળ અને હૃદયઈચ્છિત આઠ રમણીઓ તો તારી ગુણિયલ વલ્લભાઓ છે, ઉત્તમ પત્નીઓ છે, સર્વાંગસુંદર ભાવભરી ભાર્યાઓ છે. માટે હે જાયા ! હાલ તો તું આ બધાની સાથે પ્રાપ્ત માનવીય વિપુલ વિષયસુખોનો સ્વાદ લે. ત્યાર પછી ભુક્તભોગી બની વિષયો પરથી ઉત્સુક્તા ઉઠાડી લેજે, નષ્ટ કરી દેજે. દરમિયાન અમે પણ કાળ કરી ગયા હોઈશું. બાદ તું શ્રમણ ભગવાન મહાવીરપ્રભુ પાસે ચારિત્ર લેજે.'

માતાએ મોહનું હાલરડું ગાયું. જાતે ભુક્તભોગી બની ચુકી છે, છતાં અંતરમાંથી ભોગના રંગ ઉડ્યા નથી એ એના શબ્દો સુચવી રહ્યા છે 'રૂપાળી યુવાન રમણીઓ મળે એટલે તો લહાવા લેવા લાયક' એમ એ સમજે છે. પરંતુ જુઓ હવે એના શ્રૃંગારના વચનોનો જમાલિ કેવું નિરસન કરે છે ! જમાલિ કહે છે,

**જમાલિનો ઉત્તર : રમણીઓ અશુચિઘર !**

'હે માતાજી ! હે પિતાજી ! મનુષ્યના કામભોગો અશુચિ છે, ગંદા છે, અશાશ્વત-ચંચળ છે, એમાંથી વમન ઝરે છે, પિત્ત ઝરે છે, કફ શ્લેષ્મ ઝરે છે, વીર્ય ઝરે છે, લોહી ઝરે છે ! એ કામભોગોનાં શરીર વિષ્ઠા-પેશાબ-શ્લેષ્મકફ-લીંટ-

વમન-પિત્ત-રસી-રુધિર-વીર્યમાં ઉત્પન્ન થયા છે ! એટલું જ નહિ પણ એ શરીરો ખુદ પોતે પણ ખરાબ મળ-મૂત્ર-રસી-રુધિર વગેરેથી ભરેલાં છે ! એમાંથી શ્વાસ પણ મડદાના જેવી દુર્ગંધવાળો નીકળે છે ! એટલે એ કામભોગો ઉદ્વેગ-સૂગ કરાવનારા ને બિભત્સ છે ! પાછાં બહુ થોડો સમય ટકવાવાળા ને જલદી નષ્ટ થનારા ! ગંદવાડથી ભરેલા આ કામભોગ તો વાસનાના દુઃખિયારા ઘણાય જીવોને મળે છે. તે ય કેટકેટલા કલેશ, મુશીબતી અને દુઃખથી પ્રાપ્ત થાય ! માટે જ એને તો અબુઝ-અજ્ઞાન-મૂઢ જીવો હોંશે સેવે ! બાકી સત્પુરુષોને તો એ નિંદ્ય છે. કેમકે એ સમજે છે કે 'કામભોગો તો અનંત સંસારની વૃદ્ધિ કરનારા છે ! કટુ ફળને આપનારા છે ! ચૂડેલની જેમ વળગેલા એ જો ન મૂક્યા તો દુઃખોની પરંપરા ચલાવનારા છે ! ત્યાં હે મા ! એમાં શું રાચવું ? કોને ખબર છે કોણ પહેલું જશે કોણ પછી ? માટે હું તો તમારી સંમતિથી પ્રભુ પાસે ચારિત્ર લેવા ઇચ્છું છું.'

જમાલિએ શરીરનું વર્ણન કરી માતાને રમણીય લાગતી રમણીઓના દેહની આંતરિક બિભત્સતાનું હુબહુ વર્ણન કર્યું. એનો એ પોતે પહેલાં રમણીયતા જોતો હતો; પરંતુ હવે પ્રભુશ્રી મહાવીરદેવે તત્ત્વદૃષ્ટિ આપી છે, ઊંડી દૃષ્ટિ આપી છે; તેથી જે ઉપર-ઉપરથી જોતો હતો એના બદલે હવે અંદરથી જુએ છે. એથી એને ચોક્કસ ભાસી ગયું છે, કે 'આ માતા જે પ્રેમાળ રમણીય રમણીઓના સુખ ભોગવવાની વાત કરે છે, એમનામાં રમણીયતા જેવું છે શું ? એમનાં શરીરમાંથી તો કફ, શ્લેષ્મ, પિત્ત વગેરે બહાર વહેતા હોય છે ! એના રોમરોમમાંથી પસીનો બહાર છૂટતો રહે છે ! ત્યારે અંદરખાને શું ભર્યું પડ્યું હોય એ સમજાય એવું છે. આમાં રમણીયતા ક્યાં રહી ? મળમૂત્રની ગાડવી ઉપર એક માત્ર અસ્તર ગુલાબી એટલે શરીર રમણીય કહેવાય ? મને તો હવે એવી કાયા પર જુગુપ્સા છૂટે છે ! પાયખાનાની ઓરડી ગમે તેટલી સુંદર હોય, છતાં ત્યાં ક્યાં બેસી રહેવાનું મન થાય છે ?'

ત્યારે માતા એવી રમણીઓના ભોગસુખ માટે લલચાવે છે, પરંતુ વીરવિભુનાં તત્ત્વજ્ઞાનથી ખૂલી ગયેલી એની દૃષ્ટિ જોઈ રહી છે કે જડ રૂપ-રંગ વગેરે વિષયો તો હળાહળ વિષ સમા શું, પણ એથી ય ભયંકર છે ! વિષ તો એક જ વાર મૃત્યુ આપે, તે પણ ખાય તો જ મારે, ત્યારે ઇન્દ્રિયના વિષયો તો અનેક જન્મ-મરણ આપે છે ! અને તે પણ ભોગવ્યે જ શું, સ્મરણ માત્ર કરે તો ય મારનારા છે ! જીવની વિષયભૂખ તો, અનંતીવાર વિષયો મળ્યા છતાં, શમી નથી. એમ કાંઈ એ શમે નહિ. એ તો ત્યાગથી જ શાંત પડે. બાકી વિષયોમાં સુખ માને તો ય તે અલ્પ છે, ને એના દારુણ વિપાકનું દુઃખ મહાસાગર જેવું છે. એ કહે છે,-



**વહાલી મા ! યુગના યુગ વીત્યે હલકી યોનિઓમાંથી માંડ બહાર નીકળી પ્રાપ્ત થયેલા આ મનુષ્યભવની પાછી માટી કરાવનાર આ વિષયો છે.**

**વીતરાગની એકાંત મમતા અને સેવાને ચૂકાવનારા આ વિષયો છે.**

**કાયાને એ વિષયોમાં રગદોળવાં કરતાં પ્રભુના ચરણની સેવામાં લગાડી દેવી એ જ શ્રેયસ્કર છે, ડહાપણ છે.**

**માતાનો બોલ :-**

માતા જુએ છે કે જમાલિ આમાં કાંઈ લલચાયો નહિ એટલે હવે મળેલી અથાગ સંપત્તિનો લલચાવનારો ખ્યાલ આપતાં કહે છે.

'હે જાયા ! પણ તું એ તો જો કે આગળ-પાછળથી અને પૂર્વજોના વારસાથી આવેલ સોનું-ચાંદી-ઝવેરાત, તેમજ કિંમતી વસ્ત્રપોષાક, વળી રોકડ ધન-સોનૈયા અને બીજી પણ સારભૂત માલમિલકત, યાવત્ રાજસંપત્તિ આદિ કેટલું બધું ભરચક મળ્યું છે ! કે સાત પેઢી સુધી ભરપૂર દેતાં, ભરપૂર ખાતાં, ને ભરપૂર વહેચતાં ખૂટે નહિ ! તો આ જંગી ઋદ્ધિ-સમૃદ્ધિ અને માનમર્તબો ભોગવ; પછી પાકી વયે બધાં સુખો ભોગવી લીધા બાદ સંતાન-પરંપરા વધારી અમારા કાળ પામ્યા પછી ચારિત્ર લેજે.'

આ પણ સંસારી જીવને મન એક મહત્ત્વની પ્રાપ્તિ છે. મન ત્યાં છકી જાય છે, ગળગળું લચબચ થઈ જાય છે, માટીની સંપત્તિ એટલે જાણે શી વાત ! એમ માને છે પરંતુ જમાલિને તો હવે દૃષ્ટિ ખુલી જવાથી આત્મસંપત્તિ એ જ ખરી ચીજ લાગે છે. તેથી એ કહે છે,-

**જમાલિનો ઉત્તર :-**

'હે માતા તથા પિતાજી ! આ તમે સોનું ને ચાંદી ને ઝવેરાત વગેરે બહુ સારભૂત માલમિલકત કહી પણ એ તો જુઓ કે એના પર કેટકેટલાં આક્રમણ છે ? અવસર આવ્યે એ અગ્નિને સ્વાધીન થાય છે ! અને મોકો આવ્યે ચોરડાકુથી લૂંટાય છે ! જરૂર પડ્યે બીજા રાજાને પણ સ્વાધીન થઈ જાય ! ભાગીદારો પણ ભાગ માંગે ! છેવટે મૃત્યુ થતાં કાળને સ્વાધીન થાય છે ! એટલે એ અનિત્ય છે, ચંચળ છે; પહેલાં કે પછી એ અવશ્ય મૂકવાં પડવાનાં. એટલે કોને ખબર કોણ પહેલું જશે અને કોણ પછી. એ સ્થિતિમાં મને એનો મોહ નથી. હું તો તમારી સંમતિથી ચારિત્ર લેવા ઇચ્છું છું.'

જમાલિને મન હીરામાણેકનાં ઢેર કેવળ માટીના ઢગલા છે. એ તો સમજે છે કે પ્રભુનાં વચન એ જ ખરાં છે, બાકી બધું આળપંપાળ ! રાજવૈભવ જીવનું શું ભલું કરે ? એ તો ગૃદ્ધિ અને અભિમાન કરાવી નરકમાં ઠેલે નરકમાં ! ભલું જો થાય તો તે એના ત્યાગનાં જિનવચનના પાલનથી; બાકી આ વૈભવ તો આમે ય એક દી 'છૂટી જવાના નક્કી છે. ક્યાં મારા પિતાજી અને દાદા વગેરેને આના સંયોગ ટકી રહ્યા ? ઊઠીને એમને ચાલી જવું જ પડ્યું ને ? અંતે વિનશ્વર એવા સંયોગો પાછળ ઘેલા થઈ શું પોતાના આત્માનું હિત સાધવું ગુમાવી દેવું ? મા ! સંપત્તિ તો આજ છે ને કાલે નથી, ત્યારે આત્મા તો કાયમ ઊભો રહેવાનો છે. વિનશ્વર સંપત્તિની ખાતર અવિનાશી આત્માનું કોણ બગાડે ?'

**માતાનો બોલ :-**

જમાલિના, સંપત્તિ અંગે, સાફ સાફ નગ્નસત્ય બોલ પર માતા ચૂપ થઈ. પણ હવે નવો issue નવી દલીલ કાઢે છે એ કહે છે,- એમ છતાં હે પુત્ર ! નિગ્રર્થ પ્રવચન તો ટંકશાળી સત્ય છે, સર્વશ્રેષ્ઠ છે ! સર્વજ્ઞ ભગવાનનું કહેલું છે, એકમાત્ર પરિપૂર્ણ છે ! ન્યાયમાર્ગને અનુસરનારું છે, વિશુદ્ધ છે, પાપના શલ્યોને છેદી નાખનારું છે ! અનંત સુખ સિદ્ધિનો માર્ગ છે, સર્વકર્મથી મુક્તિ પામવાનો ઉપાય છે ! ભવસાગર પાર કરવાનું જહાજ છે, અનંત શાંતિ પામવાનું સચોટ સાધન છે ! યથાસ્થિત છે, અત્રુટિત છે યાવત્ સર્વદુઃખોનો અંત કરનારું છે ! આવું નિર્ગ્રંથપણું, દીકરા ! શું તું એમ સમજે છે કે, બહુ સહેલું અને સગવડભર્યું હોય ? સર્વકર્મો અને સર્વદુઃખોનો અંત લાવી મુકનારો ચારિત્રમાર્ગ તો એવો કઠિન છે કે એનું પાલન તો, ખરબચડા દરમાં જેમ સર્પ ખૂબ સાવધાનીથી ચાલ્યો જાય, એ રીતે જ કરી શકાય. અથવા તલવારની ધાર પર ચાલવા જેવું છે ! લોખંડના ચણા ચાવવા જેવું છે ! નિઃસ્વાદ વેળુના કોળિયા ગળે ઉતારવા જેવું છે ! અથવા ગંગા જેવી મહાન નદીને ઊલટા પ્રવાહે તરી જવા જેવું છે ! અથવા મહાસમુદ્રને કેવળ બાહુથી પાર કરવા જેવું છે ! આ તો ખડ્ગની ધાર જેવું ચારિત્રવ્રત મહાતીક્ષ્ણ પ્રયાણ માંગે છે, જાણે મહા મોટો મેરુભાર ઉપાડવાનું સત્ત્વ માગે છે.

હે જાયા ! આનું કારણ એ છે કે શ્રમણ નિગ્રંથોને આધાકર્મિક-ઔદેશિક, મિશ્રજાત, અધ્યવપૂરક, પૂતી, કૃત, પ્રામિત્ય, આચ્છેદ્ય, અનિસૃષ્ટ, અભ્યાહૃત, કાન્તારભોજન, દુર્ભિક્ષ-ભોજન, ગ્લાન-ભોજન, અંધકાર-ભોજન, પ્રાઘૂર્ણક-ભોજન, શય્યાતર-પિંડ, રાજપિંડ, મૂળ, કંદ, ફળ, બીજ, લીલી વનસ્પતિ, વગેરે નથી તો



ખાઈ શકાતી કે નથી તો પી શકાતી. હે મારા લાડીલા ! તું તો સુખમાં ઉછરેલો સુખને યોગ્ય છે, પણ જરાય દુઃખ કષ્ટને યોગ્ય નથી. આવો તું સુકોમળ ન ઠંડી સહન કરવા સમર્થ, ન ગરમી સહન કરવા સમર્થ ! ન ભૂખ સહી શકે, ન તરસ; ન ડાંસ ન મચ્છર; વાત, પિત્ત-કફના પ્રકોપથી ઊભા થતા વિવિધ રોગ-વ્યાધિ સહન કરવાનું તારું ગજું ક્યાં ? ત્યારે, ઉપસ્થિત થતા પરિષહ અને ઉપસર્ગો સહન કરવાનું તારું ગજું શું ? મુનિને તો આ બધું સહન કરવું પડે. તું તો અતિ સુકોમળ છે. માટે અમે ઈચ્છીએ છીએ કે તું ઘરમાં જ રહે; ક્ષણવાર પણ અમને તારો વિયોગ ન થાઓ. જ્યાં સુધી અમે જીવીએ છીએ ત્યાં સુધી તું અમારી સાથે જ રહે. અમારા કાળધર્મ બાદ શ્રમણભગવાન મહાવીરપ્રભુ પાસે ચારિત્ર અંગીકાર કરજે.'

માતાએ ચારિત્ર માર્ગની મહાન કઠિનાઈઓ રજુ કરી. સાધુની આહાર વિધિમાં આધાર્મિક વગેરે દોષ ન લગાડાય એ જે કહ્યું એનો અર્થ એ છે કે કેવળ સાધુ માટે બનાવેલું ભોજન પાણી અગર સાધુના ઉપદેશથી સંસ્કારેલું યા ઘરકુટુંબ અને સાધુનું ભેગું ગણી બનાવેલું, તૈયાર બનેલામાં 'દે દાળમાં પાણી'ના ન્યાયે ફરી ઉમેરી તૈયાર કરેલું, દોષિત આહાર-પાણીના ખરડાયેલા ચમચા વગેરેથી શુદ્ધ નિર્દોષમાં ઝબોળાતા દોષિત બનેલું, સાધુ માટે વેચાતું લાવેલું, ઉધાર લાવેલું, બલાત્કારથી લાવેલું, ભાગીદારની સંમતિ વિનાનું, સામે લાવેલું, વનવગડા કે દુકાળમાં ભૂખે મરી જતાં પાસેથી મળતું, ખાસ બિમાર માટે કહીને લાવેલું, ગાઢ અંધકારમાં બનાવેલું, મહેમાન પૂરતું જ કરેલું કે જે લેવાથી મહેમાનને દ્વેષ થઈ જાય, મુકામનાં માલિક પાસેથી મળતું, રાજાના રસોડાનું... વગેરે ભોજન-પાણી મુનિને કલ્પે નહિ. એમ મૂળિયાં, કાંદા, અને સંસ્કાર્યા વિનાના આખાં ફળ, આખાં બીજ ધાન્ય, વગર સંસ્કારેલ લીલી વનસ્પતિ, ઈત્યાદિના ભોજન કે પાણી ય ખપે નહિ. ઉપરાંત ટાઢ-તડકો, ઠંડી-ગરમી, ભૂખ-તરસ, ડાંસ-મચ્છર વગેરે ઘોર પરિષહો સહવા પડે. ઉપસર્ગો ય સહવા પડે, રોગ-વ્યાધિ પણ ઘર જેવી અનુકુળતા વિના મહાકષ્ટથી સહવી પડે. જમાલિના સ્થાને બીજો કોઈ કાચાપોચા વૈરાગ્યવાળો હોય તો આ કઠિનાઈઓ સાંભળતાં ડગમગુ થઈ જાય, પરંતુ જમાલિ તો હૃદયના ઊંડાણમાં પાકા વૈરાગ્યથી વાસિત છે, એટલે માતાના બોલની એને લેશમાત્ર અસર નથી. એ તો કહે છે,-

**જમાલિનો ઉત્તર :-**

'એમ છતાં હે માતપિતાજી ! તમે જે નિર્ગ્રંથ પ્રવચનની કઠિનાઈ કહી એ તો શક્તિહીન, કાયર હલકા પુરુષો માટે કઠિનાઈ. જે માત્ર આ લોકની સુખ

સગવડને પરવશ છે, પરલોકથી પરાઙ્મુખ છે, વિષયના પિપાસુ છે એવા અણઘડ માણસો માટે એવો ચારિત્રમાર્ગ પાળવો કઠિન છે. બાકી જે ધીર, હિંમતબાજ છે અને નિશ્ચિત કરેલા વ્યવસાયને પકડી રાખનારા છે, એમને આવો કઠિન પણ ચારિત્રમાર્ગ એકમાત્ર કર્તવ્ય તરીકે મનમાં જચ્યા પછી પાળવો જરાય દુષ્કર નથી. માટે હે માત તાત ! તમારી સંમતિ પામીને હું ચારિત્ર લેવા ઇચ્છું છું.'

જમાલિએ આ ઉત્તર મનમાં કયા બળ ઉપર કર્યો ? માતાએ જો એ જાણવા માગ્યું હોત તો એ કહેત કે,-

**ચારિત્રના કષ્ટનું શું ? :-**

"હે માડી ! તું કહે છે કે ચારિત્રના કષ્ટ મોટાં પરંતુ ચારિત્ર ન લેતાં મોહમાં ફસ્યા રહી પછી નરકાદિ-દુર્ગતિઓના ત્રાસ ઊભા થાય એ ઘોર કષ્ટ આગળ ચારિત્રનાં કષ્ટ શી વિસાતમાં ? અને સંસારમાં રહે પણ એવાં દુષ્કર્મ ઉદયમાં આવે તો ય ક્યાં ઓછાં કષ્ટ ઊભાં થાય છે ? શરીરમાં એવો રોગ થયો હોય તો એની પીડા ક્યાં ઓછી છે ? તેમ એની દવા-ઉપચાર-કાળજી પણ ક્યાં કષ્ટભરી નથી હોતી ?

**મા ! જીવને કષ્ટની કોઈ નવાઈ નથી.** જોને આ સંસારમાં કેવા અસંખ્ય-અનંત જીવો કષ્ટમાં સબડી રહ્યા છે ? એવા મનુષ્યજીવનનું એ ફળ છે. એ પણ જીવો એકવાર મનુષ્ય જન્મ પામેલા પરંતુ ચારિત્ર કષ્ટમય માની કરીને પાપમાં પડી રહ્યા, નિષ્પાપ ચારિત્ર વિના જનમ એળે ગાળ્યો, એનાં પરિણામે આ દુઃખદ કષ્ટ ભોગવી રહ્યા છે ! શું આપણે આ નજરે જોવાં છતાં ચારિત્રનાં કષ્ટથી ગભરાઈ ચારિત્રથી દૂર રહેવું ?

**જીવનું ચારિત્રનું ગજું નહિ તેનું કેમ ? :-**

હે માડી ! તું કહે છે 'મારું ગજું નહિ.' પરંતુ જેને ભાવિ અનંતકાળના અનંત દુઃખ નજર સામે તરવરી રહ્યા છે એને તો એનાથી બચવા એક જ માત્ર ઉપાય ચારિત્ર એ કષ્ટમય નહિ, પણ સુખમય લાગે છે.

**કર્મે આવી ઘોર પીડા સહવાનું ગજું હોય, તો ચારિત્રનાં મામૂલી કષ્ટ આનંદથી સહવાનું ગજું કેમ નહિ !** બાકી અહીં તું મારી દયા ખાય છે, પરંતુ ભવાંતરે કદાચ હું કોઈ દુર્ગતિમાં ચાલ્યો ગયો, તો ત્યાં ક્યાં દયા ખાવા તું આવશે ?

**'ચારિત્ર ખાંડાની ધાર' નું કેમ ?** હે માતાજી ! ચારિત્રને તું હાથેથી સમુદ્ર તરવા અને ખાંડાની ધારે ચાલવા જેવું કહે છે, પરંતુ જે ચારિત્રમાં જ સર્વ જીવોને અભયદાન છે, અઢારે પાપસ્થાનકોને દેશવટો હોવાથી એને જગા જ નથી, સુંદર



અધ્યાત્મમસ્તી અને શ્રુતજ્ઞાનની રમણતા છે, પવિત્ર કલ્યાણક્રિયાઓ છે, મન પરમાત્માની સાથે જ સંબંધવાળું છે કેમ કે એની બધી ય પ્રવૃત્તિ પ્રભુનાં વચનને જ આગળ કરીને થાય છે. એવા ભવ્યાતિભવ્ય ચારિત્ર જીવનમાં કશું જ કષ્ટ લાગવાનું છે ક્યાં ? વણિકને રત્નદ્વીપમાં જો એકલાં અનેક જાતનાં રત્નો જ રત્નો મળે એમ છે તો એ ત્યાં રહી જઈ રત્નો ભેગાં કરતાં કયું કષ્ટ માને છે ? એમ ચારિત્રમાર્ગની સાધનામાં જે અનુપમ લાભો પ્રાપ્ત થાય છે, એની જ એક તમન્નાવાળાને કષ્ટો કોઈ વિસાતમાં નથી લાગતા.

તેથી હે પૂજ્ય માતાજી-પિતાજી ! મને રજા દઈ દો, અને હું સંસારવાસ છોડી શ્રમણ ભગવાન મહાવીર પરમાત્મા પાસે ચારિત્ર-અણગારપણું લઈ લઉં.

માતાપિતા જુએ છે કે 'આ પુત્ર જરાય ડગે એમ નથી, અનુકૂળ-પ્રતિકૂળ બંને જાતની સમજુતીથી એ કાંઈ પોતાના નિર્ણયમાંથી ચલાયમાન થાય નહિ. રુદન-આક્રંદ પણ એને પીગાળી શકતા નથી. માટે હવે ખેંચવું ખોટું છે.' તેથી મન ન માનવા છતાંય ક્ષત્રિયકુમાર જમાલિના ચારિત્રમાર્ગે પ્રયાણમાં એમણે સંમતિ આપી દીધી.

મા બાપો મોહથી સમજાવે, ચારિત્ર લેવા ના કહે, પરંતુ જ્યારે સંતાનના દૃઢ વૈરાગ્યને જાણે પછી તો તાંત મૂકી દે ને ? એ જો ન હોય, બળજબરી ધમકી ને અંકુશ કરવાનો હોય, સંતાન જરા સાધુ પાસે જાય એમાં હોહા અને કઠોર મિજાજભર્યા ઠપકા આપવાના હોય, તો જિનેશ્વરદેવને માથે ક્યાં રાખ્યા ? પોતાની ઘોર મૂઢતા અને ભવભ્રમણનો વિચાર જ ક્યાં રાખ્યો ? આ તો જાણે દીકરા-દીકરી એટલે પૈસા આપી વેચાતા લાવેલા ઢોર તે એના પર શિરજોરી જ કરવાની ? કેમકે જનમ આપેલો ને ! ખરેખર ? અહીં જનમ એના પુણ્યે પામ્યો ? મનુષ્યભવ એના સદ્ભાગ્યે મળ્યો ? કે માતાપિતા એને કોઈ તિર્યંચ વગેરે ગતિમાંથી ઊંચકીને અહીં લઈ આવ્યા ? પુણ્ય પણ ક્યાં માનવાનું રહ્યું ?

જમાલિના માતા-પિતા એમ તો વીરની વાણીના શ્રોતા છે, એટલે ચકાસ્યા પછી જમાલિની દૃઢતા જોઈ એને ચારિત્રની સંમતિ આપી દે છે. જમાલિનાં જ્વલંત સંવેગ-વૈરાગ્યભર્યાં વચન સાંભળી પત્નીઓએ પણ એને રજા દઈ દીધી. પાછો હતો એ પ્રભાવક ! એટલે ૫૦૦ રાજકુમારો સાથે એણે પ્રભુ પાસે ચારિત્ર લઈ લીધું.

**જમાલી ભૂલે છે :-**

કહો, એના વૈરાગ્ય અને ત્યાગમાં કમીના છે ? ત્યારે ગચ્છવાસમાં રહી અગિયાર 'અંગ' આગમોનો અભ્યાસ કર્યો એટલે જ્ઞાનોપાસનામાં ય સારો લીન

છે. પણ એકવાર બિમાર પડ્યો, શિષ્યને સંથારો પાથરવા કહે છે. પેલો પાથરવાની ક્રિયા કરે છે, પણ આની અસ્વસ્થતામાં ધીરજ ખૂટી, પૂછે છે, 'કેમ સંથારો થયો ?'

શિષ્ય કહે છે 'હા, આ થયો,'

ત્યાં એ થતો જોઈ અકળાઈને બોલે છે, 'આ થતો છે કે થયો ? થતો હોય ત્યાં સુધી થયો ન જ કહેવાય.'

શિષ્ય વિનય-નમ્રતાથી કહે છે, પ્રભુનું વચન છે કે **'કડેમાણે કડે, ચલમાણે ચલિએ...'** કાર્ય થતું હોય એ થયું કહેવાય છે. ચાલતું ચાલ્યું કહેવાય છે ! પરગામ જવા નીકળેલા માણસ માટે કહેવાય છે કે ગામ ગયો. સળગવા માંડેલા કપડાં અંગે બોલાય છે કે કપડું સળગ્યું. રસોઈ થવાની તૈયારીમાં હોય તો કહેવાય છે કે 'રસોઈ આ થઈ.' આવો પ્રામાણિક લોકવ્યવહાર ચાલે જ છે. એ પરના પ્રભુના સિદ્ધાન્ત તરફ શિષ્યે ધ્યાન ખેંચ્યું.

પરંતુ અહીં જમાલિને હવે મન ફર્યું. 'અહીં નજરે દેખાય છે ને કે સંથારો થતો છે, તો એને થયો કેમ કહેવાય ?' આવો એકાંત એના મન પર બેસી ગયો. જિનવચનનો ભાર માથેથી ઉતારી નાખ્યો, એની પરવા મૂકી દીધી, 'કાર્ય થતું એ થતું જ કહેવાય, થયું કહેવાય જ નહિ.' એવા ઉત્સૂત્ર-ભાષણમાં એ પડી ગયો ! ઊંચા ત્યાગ-વૈરાગ્યવાળો પણ જમાલિ માથેથી જિનવચનનો ભાર ઉતારી નાંખતા નિહ્નવ બની કેટલાં બધાં પાપોમાં પડ્યો ? (૧) પરમજ્ઞાની તીર્થંકર ભગવાન અને (૨) મહાજ્ઞાની ગણધરદેવોની અવગણના કરનારો બન્યો ! (૩) પ્રભુના વિશાળ શ્રમણ સંઘનીય પરવા મૂકી દીધી, સંઘ બહાર થયો. (૪) અસત્યને સત્ય માનવાના દુરાગ્રહ-મિથ્યાત્વમાં તણાયો. (૫) ગુરુનિશ્રા મૂકી સ્વચ્છંદવિહારી બન્યો.

**જિનવચન જિનાજ્ઞાનો ભાર માથેથી ઉતારી નાખો તો અનેક પાપખાડામાં પતન તૈયાર છે. જિનાજ્ઞાની પૂર્ણ પરવા રાખો, તો એ અનેકાનેક પાપોમાંથી બચાવી લે છે.**

પાપથી બચવા અને આત્મવિકાસ કરવાનો આ પણ એક મહાન માર્ગ છે કે કદીય જિનવચનનો ભાર માથેથી ઉતારી ન નાખશો.

**જિનાજ્ઞાની પૂરેપૂરી પરવા, એ તો એક જબરદસ્ત આત્મબળ છે.** દુનિયાના મહાન પણ પ્રલોભનથી થતા પાપાચરણને અટકાવી પ્રલોભનને નહિ ગણકારવાની તાકાત જિનવચનના બંધનમાં છે, જિનવચનની પરવામાં છે. એ પાપત્યાગના પુરુષાર્થને જગાવી દે છે.

**મહાસતી સીતાજીને** હવે માથે જિનવચનનો એવો ભાર આવી ગયો છે, એની એવી પરવા, ગરજ, લગન જાગી ગઈ છે કે 'બસ, વીતરાગ તીર્થંકર



ભગવાને સર્વ પાપોનો ત્યાગ કરી ચારિત્રજીવન જીવવાનું ફરમાવ્યું છે ને ? તો મારે હવે એ જ ખપે,' આ લગનમાં મહાગૌરવવંતા વૈભવ-વિલાસભર્યા મહારાણી પદે ઠરીઠામ બેસવાના અવસરે એ કરગરતા રામ-લક્ષ્મણ અને પરિવારને પોતાનો નિર્ધાર જાહેર કરી દે છે કે 'હું તો હવે ચારિત્રપંથે જઈશ. મારે અયોધ્યામાં આવવું નથી ! ચારિત્રના કઠોર પુરુષાર્થને મન પર લઈ લીધો, જરાય એમાં સંકોચ, ક્ષોભ, ગભરામણ, કશું જ રાખ્યું નહિ. જિનવચનનો આદર અને આત્મકલ્યાણનો ઉત્સાહ અદમ્ય બની ગયા.

**(૫) આત્મકલ્યાણની ગરજ જાગી જાય એટલે પાપત્યાગનો પુરુષાર્થ તો સહેલો બની જાય છે, સત્ત્વ ખીલી ઊઠે છે.** પાપાચરણ કેમ ચાલુ રહે છે ? જેવી પૈસા-વિષય-મોજ વગેરેની ગરજ રહે છે એવી આત્મકલ્યાણની ગરજ નથી. આ જોવું જોઈએ છે કે કલ્યાણની એવી ગરજ જાગી છે ? માણસને ભૂખ લાગી ને ખાવાની ગરજ ઊભી થાય છે તો આળસ-આરામી છોડી કેવો ભોજનનો પુરુષાર્થ કરે છે ? બેઠે બેઠે મળવા જેટલું પુણ્ય ન હોય, તો ઊભો થઈને, ચાલીને, દોડીને અને જરૂર પડ્યે તૈયાર કરીને પણ ભોજન મેળવ્યા વિના જંપતો નથી. એમ પૈસાની ગરજ જાગ્યા પછી માણસ કેવી કેવી હલકી અને ત્રાસભરી નોકરી સુધી પહોંચે છે ! એવી રીતે વિદ્યાનો ખરો અર્થી પરિશ્રમમાં ક્યાં બાકી રાખે છે ? એટલે મૂળ વાત આ છે કે આત્મકલ્યાણની ગરજ જગાડવી જોઈએ તો પાપો ઝટ ઓછાં કરાશે. પાપત્યાગનો પુરુષાર્થ લાવવો છે તે પહેલાં આત્મકલ્યાણની ગરજ જગાડો. પૂછો આત્માને કે તને આત્મકલ્યાણની ગરજ છે ?

આત્માનું કલ્યાણ શું એ સમજો છો ને ? કલ્ય એટલે સુખ, એને આણી આપે તે કલ્યાણ. સુખ કોણ લાવી આપે ? બજાર-વેપાર-ધન-માલમિલકત, વહાલા-વાલેસરી સમજતા નહિ.

**ધનમાલમાં સુખ કેમ લાગે છે ? :-**

**પ્ર.-** પણ એ સુખ આપનારા લાગે છે ને ?

**ઉ.-** એ લાગે છે તે ભ્રમણા છે એ તો સુખના લેબાશમાં દુઃખનાં પોટલાં લાવી આપે છે, ખરજવું ખણનારને ખણવાથી સુખ નથી લાગતું ? પણ કહેવાય એને સુખ ? તો તો ખરજવું ન હોય તો ઊભું કરવું જોઈએ જેથી સુખ મળે ! પણ ના, એમ તો કરતા નથી કારણ ? સમજો છો કે એ ખણવામાં તો સુખના લેબાશમાં દુઃખ વધે છે. એવું સંસાર સુખમાં દુઃખ વધે છે.

**હવે તો જનાવરના કરતાં ઊંચા અવતારે આવ્યા છો, તો દૃષ્ટિ જનાવર જેવી નહિ, ઊંચી રાખો.**

જનાવરની દૃષ્ટિ નીચી, તે એને મન સારાં ખાનપાન આદિમાં સુખ લાગે. આપણે કાંઈ એવી ઉપલકિયા દૃષ્ટિમાં ન પડી રહેવાય; ગંભીર વિશાળ અને લાંબી દૃષ્ટિથી વસ્તુનું માપ કાઢવું જોઈએ. એ ન રાખવામાં તો પરિણામે મૂર્ખ ઠરવું પડે છે. પૈસામાં સુખ માની માત્ર એની પૂંઠે લાગનારનો અંતકાળ જોયો છે ને ? ત્યારે જીવન જીવતાં પણ એના સંતાપ વ્યાકુળતા અને સ્વકલ્પનાની પીડાઓ પણ ક્યાં ઓછી છે ? કેટલાય ભય, કેટલીય શંકાઓ, કેટલાક આર્તધ્યાન, શું એને સુખ આપી રહ્યા છે ? કે દુઃખી દુઃખી કરી રહ્યા છે ? ગટરમાં આળોટતો દારુડિયો એને ખરાબ ન માને તેથી શું એ ખરાબીમાં નથી ?

**ત્રણ દૃષ્ટિ :-**

**(૧) શા સારું ઉપલકિયું જુઓ ?** ગંભીર દૃષ્ટિથી ઊંડાણમાં જુઓ કે ક્ષણભર મન રાચ્યું કે 'હાશ ! પૈસા સારા મળ્યા !' પણ ઉંડાણમાં જોતાં તો દેખાય છે કે પુણ્ય એટલું કપાયું, ને પાપ સેવ્યાં તે વધ્યાં !

(૨) **સાંકડી નાની દૃષ્ટિથી** દેખ્યું કે 'પૈસાથી હવે બધી મોજ મળશે,' પણ **વિશાળ નજરે** જુએ તો દેખાય કે લફરાં કેટલાં વધ્યાં ? બાહ્ય વિકલ્પો કેટલાં વધ્યાં ? આરંભ-સમારંભના વિચારો કેટલા વધશે ? વિષયસંજ્ઞા કેટલી જોર મારશે ? પૈસાના લીધે જ કોઈની ઈર્ષ્યા, કોઈને દુઃખ, કોઈનો કલહ આવી ઊભો દેખાયો એટલે ચાલ્યું પછી રોફ, નિંદા, અવગણના, તિરસ્કાર, ઝગડો વગેરે ચાલવાનું ! જરા દૃષ્ટિ પહોળી કરીને જુઓ તો જણાય કે પૈસાની આસપાસ કેટકેટલી ચિત્તકલેશકારી વિટંબણાઓ છવાઈ જાય છે !

(૩) ત્યારે પૈસાથી સુખ-સન્માન મળવાનું દેખ્યું પરંતુ એ ટૂંકી દૃષ્ટિએ જોયું. **દીર્ઘ દૃષ્ટિએ** જુએ તો દેખાય કે એનાં ઉપાર્જનમાં સેવેલાં પ્રાણાતિપાતાદિ પાપસ્થાનકો, આર્તધ્યાન, પૈસાની જ એક લેશ્યા, વગેરે દ્વારા ઊભા થયેલાં કર્મ અને કુસંસ્કારોનું શું ? જીવને એ છોડવાના છે ? અરે ! પૈસાના સંરક્ષણમાં જીવ કદાચ રૌદ્રધ્યાન સુધી પણ જશે, તે સિવાય પણ ગાઢ ધનમૂર્ચ્છા, ધર્મનાં કામ આવ્યા તો જાગેલા દ્વેષ, તેમજ ઉપભોગમાં સેવાનાર પાપસ્થાનકો આ બધાથી ઊભા થતા અશુભ કર્મ અને વાસનાઓની પુષ્ટિનું શું ? દીર્ઘ દૃષ્ટિના આ હિસાબ, આત્મ-કલ્યાણની ગરજ રખાય તો, પાપ ઓછા કરાવે.

મુનિસુવ્રત ભગવાન ઘોડાને પ્રતિબોધ કરવાને પધાર્યા હતા ને ? એ જીવ ઘોડો કેમ થયો ? અને ઘોડો થયો તો એવા પાપભર્યા જીવને પ્રભુ શી રીતે મળ્યા ? મળ્યા તે સામે આવીને મળ્યા ! કારણ એ કે એણે પૂર્વ જીવનમાં જૈન નહિ છતાં શ્રદ્ધાથી જિનેશ્વર ભગવાનની પ્રતિમા ભરાવી હતી. શ્રાવકમિત્રના



સંસર્ગે મુનિની દેશનામાં સાંભળ્યું કે 'જિનેશ્વર ભગવંતની પ્રતિમા વિધિસર ભરાવે એને ભવાંતરે બોધિ મળે, ધર્મની પ્રાપ્તિ થાય છે.' એ વચન પરની શ્રદ્ધાથી અને ભવાંતરે આત્મકલ્યાણકર ધર્મ મેળવવાની લાલસાથી જિનમૂર્તિ ભરાવી, પ્રતિષ્ઠા કરાવી. આમ પૂર્વભવે આત્મકલ્યાણ અર્થે ભગવાનને પોતાના કર્યાને ? ભગવાનની નજીક ગયો ને ? પછી આ ભવે ભગવાન એની નજીક કેમ ન આવે ? કેમ એના તરફ ન ખેંચાય ?

**ધર્મ નક્કી કરવા છતાં ઘોડો કેમ થયો ?**

તો પછી આવા પુણ્યવંતા જીવને ઘોડો કેમ થવું પડ્યું ? એ જ કારણ પેલા પૈસા ! પૈસાના ઉપાર્જનમાં ટૂંકી દૃષ્ટિએ ફળરૂપે તુચ્છ સુખ-સન્માન જોયાં, પણ દીર્ઘ દૃષ્ટિએ આવી દુઃખદ તિર્યંચગતિ ન જોઈ ! 'બસ, પૈસા ક્યાંથી મળે ! કેમ વધે ? કયો માલ ક્યાં, કયા દેશમાં સસ્તો મળે છે ? તે મંગાવું. કયે ઠેકાણે મોંઘો વેચાય છે ? ત્યાં માલ મોકલું. હમણાં બજારમાં કયો માલ આવ્યો ? કયો ખપે છે ? કયો નથી ખપતો ? આગળની રૂખ શું છે ?...' વગેરે વગેરે કેટલાય આર્તધ્યાનના સંકલ્પવિકલ્પોમાં એણે તિર્યંચગતિનું પરભવ-આયુષ્યકર્મ ઉપાર્જ્યું !

**શું કમાયો ? પૈસા કે પતન ?** ટૂંકી દૃષ્ટિના હિસાબમાં આ નથી દેખાતું કે 'મનુષ્યપણામાંથી ભ્રષ્ટ થઈ તિર્યંચપણામાં પતન થવાનું તો હું નથી ઊભું કરી રહ્યો ?' પૈસા મળ્યાથી દીર્ઘ કાળના સુખ નહિ ઊભાં થાય. જ્યારે તિર્યંચ અવતાર ઊભો થવાથી દીર્ઘકાળની વિટંબણાઓ સર્જાશે ! પૈસા તો નક્કી જવાના, ને તે પાછા પૈસાનાં નવા આગમનને નક્કી નહિ કરે. ત્યારે માથે ઠોકાયેલી તિર્યંચગતિ તો મોટા ભાગે નવી નવી તિર્યંચગતિને નોંતરવાની ! આ તો જિનપ્રતિમા શ્રદ્ધાથી ભરાવેલી તે તિર્યંચગતિમાં ભગવાન મળ્યા ! ને પ્રતિબોધ પામ્યો. તેથી તિર્યંચભવમાંથી ઊંચે દેવલોકમાં ઊંચકાયો ! બાકી તો એકવાર હલકી યોનિમાં ગબડ્યો તે ગબડ્યો ! શે એમ જલ્દી ઊંચો આવે ? કેમકે ત્યાં વિવેક નથી ધર્મ નથી, ધર્મની ઇચ્છા અને સંયોગો પણ નથી. પછી ક્યાંથી ઊંચા અવાય ? હવે પૈસા સુખ લાવી આપે ? કે દુઃખનાં પોટલાં લાવી આપે ? કે દુઃખનાં પોટલાં લાવી આપે ? સુખ એટલે કલ્ય એ આણી આપે તેને કલ્યાણ કહેવાય. તો હવે સમજાશે કે શું પૈસા કે, શું પરિવાર, પ્રતિષ્ઠા વગેરે બધે જ સંકુચિત, છીછરી, ટૂંકી દૃષ્ટિએ જોવાને બદલે વિશાળ ગંભીર અને દીર્ઘ દૃષ્ટિએ વિચાર રાખવા જેવો છે. તો જ આત્મકલ્યાણ શું એની સાચી ખબર અને ભૂખ જાગશે.

**કલ્યાણ પહેલું આ,** કે પૈસા વગેરે પ્રત્યે એ ખતરનાક હોવાની દૃષ્ટિ, સુખકર હોવાની દૃષ્ટિ નહિ. જ્ઞાની ભગવંતો ધર્મની પહેલી શરૂઆત ભવાભિનંદી-

પણાના ત્યાગ અને ભવનિર્વેદથી કરે છે. પૈસા, પ્રતિષ્ઠા, પરિવાર, પ્રિય ખાનપાનાદિ વિષયો, એ બધું ભવ-સંસારની વસ્તુ છે. ખતરનાક લાગીને એમાંથી અભિનંદન, આનંદ, પક્ષપાત આસ્થા ઊઠી જાય, એ ભવાભિનંદીપણું છોડ્યું કહેવાય. એ ભવની ચીજો, ભવવર્ધક ચીજો, ભવમાં ફસાવી રાખનારી ચીજો ઉપર નફરત જાગે, ઉદ્વેગ રહે, એનો કંટાળો આવે કે 'ક્યાં સુધી મારે આનાં બંધન ? આની વેઠ ?' એનું નામ ભવનિર્વેદ.

**ભવનિર્વેદ એ પાયાનું આત્મકલ્યાણ છે.** કેમકે એ આવ્યા પછી ભલે કદાચ ઘરવાસ અને પૈસાટકાદિના સંબંધ રહ્યા હોય, પરંતુ એમાં હવે એના હોંશ-ઉમળકા નથી, એટલે દુઃખકારી એની એવી મમતા, મૂલ્યાંકન વગેરે કરતો નથી. તેથી હૈયું કંઈક સ્વસ્થ બને છે અને સાચાં સુખની ઝાંખી દેખાય છે. આમ એ ભવની નિર્ગુણતાનું ભાન, ભવનિર્વેદ, એ કલ્ય(સુખ) આણનાર કલ્યાણરૂપ બની રહે છે. એની ઉપર બીજા આત્મકલ્યાણ ઊભાં થાય છે. મૂળમાં આત્મકલ્યાણની ખબર હોવી જોઈએ અને એની ભૂખ લાગવી ગરજ જાગવી જોઈએ. પછી ત્યાં ભવનિર્વેદ જગાડ્યો એટલે દાનાદિ આત્મકલ્યાણ જાગવા સહેલા છે. એની ગરજ જાગી પછી પુરુષાર્થ થવો મુશ્કેલ નથી. બાકી તો દેખો છો ને, ને જાતમાં અનુભવ કરતા હશો ને કે દયા, દાન, વ્રતનિયમ-તપસ્યાદિ કરવામાં જીવ ગળિયો કેમ થાય છે ? જીવને અંદરથી એની ગરજ નથી જાગી માટે. નહિતર તો અમારે શું બહુ કહેવું પડે ? જાતે ઊઠીને એ કરવા ન જાય ? અરે, શોધતો ફરે કે 'ક્યાં દયા કરવાની મળે ! ક્યાં દાનનો લાભ મળે ! પર્વતિથિ ક્યારે આવે ને તપ કરું ! મુનિમહારાજનો યોગ છે વ્રતનિયમ કરી લેવા દે.' મૂળમાં ગરજ હોય તો પુરુષાર્થ જાગે, અને ગરજને ઊભી કરવા પૂર્વે કહ્યું તેમ ગંભીર, વિશાળ અને દીર્ઘદષ્ટિએ વસ્તુને વિચારવી જોઈએ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"     વર્ષ-૧૫,અંક-૧૩,તા.૧૦-૧૨-૧૯૬૬**

વિચારો, વિચારો, આ **ઊંડી-વિશાળ-દીર્ઘ દૃષ્ટિએ.** આ દૃષ્ટિ એ તો મનુષ્ય ભવની દેન છે, દુર્લભ પ્રાપ્તિ છે. એનો ઉપયોગ નહિ કરો તો એ ઝુંટવાઈ જશે. છીછરી-સાંકડી-ટુંકી દૃષ્ટિ જ રાખ્યા કરવી હશે તો પછી એને યોગ્ય એવા જ હલકા અવતાર મળશે, દૃષ્ટિ તેવી સૃષ્ટિ કહે છે ને ? **છીછરી હલકી દૃષ્ટિમાંથી છીછરા હલકા ભવોનું સર્જન થાય છે.**

**કર્મનો અદલ ઇન્સાફ છે. જીવને એ ગમતી દૃષ્ટિ પ્રમાણે સંયોગોની સૃષ્ટિ**



**કરી આપે છે.** એક સારા ભવાંતર માટે પણ દૃષ્ટિ સારી જ કેળવવી જોઈએ. સંયોગો ભલે ગમે તેવા ઊભા થાય કે મળ્યા હોય, પણ દૃષ્ટિ બહુ ગંભીર રાખવી, પહોળી વ્યાપક રાખવી, અને લાંબી લાંબા પરિણામ વિચારતી બનાવવી. એથી પછી તુચ્છ વસ્તુ, તુચ્છ ભોગસાધનોનાં બહુમાન નહિ થાય. એની ખાતર હલકી વૃત્તિ, હલકી લેશ્યા, હલકી લાગણીઓ નહિ કરાય, ઊંચા ભવ્ય આત્મકલ્યાણની કદર થશે. ભૂખ રહેશે, ગરજ રહેશે, મૂળમાં આ સાવધાની, કે 'રખેને દૃષ્ટિ હલકી-છીછરી રાખતાં હલકો પરલોક ન સર્જાય !' આમ દૃષ્ટિ ઊંચી રાખી. એટલે પછી આત્મકલ્યાણની ગરજ જાગવાની દૃષ્ટિ હલકી છીછરી ટૂંકી છે માટે જ ઊંચા કલ્યાણની ગરજ નથી રહેતી. બાકી ઉચ્ચ વિશાળ દૃષ્ટિમાં તો કલ્યાણની ગરજ પણ જાગે અને પુરુષાર્થ પણ સુલભ બને. જુઓ સીતાજીને એવી દૃષ્ટિના લીધે કેવા અનુકૂળ સંયોગોમાં ચારિત્રનો પુરુષાર્થ જાગે છે !

(૭) ધર્મનો પુરુષાર્થ નથી જાગતો એનું એક કારણ આ પણ છે કે ઇન્દ્રિયો અને કષાયની ગુલામીની શરમ નથી, ને સંકોચ નથી. શરમ હોય તો મનને એમ થાય કે હું માલિક અને ઇન્દ્રિયો મારી સેવક, છતાં મારે એના હુકમ પ્રમાણે વિષયોમાં દોડવાનું ? અજ્ઞાન હતો, મૂઢ હતો, ત્યાં સુધી ગતાગમ નહોતી, કે હું સનાતન ચેતન આત્મા છું, અને નવાનવા જનમમાં મને નવાનવા શરીરે નવી નવી ઈન્દ્રિયો મળતી, એ હું એને દોરું ત્યારે જ ચાલી શકતી. આજે તો હું જાતને ઓળખતો થયો કે હું માલિક છું ને એ મારી સેવક છે. છતાં એના હુકમ મુજબ મારે વિષયમાં દોડવાનું ? એને ગમે એ મારે કરવાનું ? મારી કોઈ સ્વતંત્રતા જ નહિ ? એના નચાવ્યા મારે નાચવાનું ? મારી કોઇ ઘડીમાં એને એક વિષય રુચે એટલે એને ઊંચકીને મારે એને એ વિષયમાં લઇ જવાની, અને પછી એને એ ન રુચે એટલે મારે એને ત્યાંથી પાછી વાળવાની ? મારા આત્માની દૃષ્ટિએ જ જે હિતકર યા અહિતકર, એ અપેક્ષાએ મારી ઈન્દ્રિયો ત્યાં ઠરે યા પાછી વળે, એવું કાંઇ જ ચલણ મારૂં નહિ ? પરમાત્માની મૂર્તિ ઉપર મારી આંખ ન ઠરે, ને ત્યાં એ ચોંટી રહે નહિ અને અનર્થકારી સ્ત્રી, લક્ષ્મી વગેરે પર એ ચોંટી પડે ? ત્યાંથી પાછી વાળી ન વળે ? ને મારે એને ઊંચકીને ત્યાં લઇ જવાની ને એ અહિતકર વિષય પર એને ઝાલીને મારે બેસી રહેવાનું ? વીતરાગની વાણી મારે હિતકર ત્યાં મારી શ્રોત્રેન્દ્રિયે જઇને ઠરવાનું નહિ ? તે ત્યાં એ ન જાય, ને મોહાંધોના ઘેલા શબ્દ પર એ ચોંટી પડે ? ત્યાં મારે એને ઝાલીને બેસી રહેવાનું? પાછું એ ગુલામી સેવી મારે માનવાનું કે 'આ બહુ સરસ મને મળ્યું ? એ મારી ઇન્દ્રિયને સારું સુખ આપી રહેલ છે ?'

**''જેમ કુલટા નારી** એના યાર પાસે દોડે તે પાગલ ધણી પાછો એનો ગુલામ એને લઇને જાય ! ને પેલા યારની પાસે આને ઝાલીને ઊભો રહે ! આ પેલાની સાથે ખેલ ખેલે, ને ધણી માને કે 'આ યાર સારો મળ્યો મારી નારીને સારું સુખ આપે છે !' વાહ ! પાગલ કે બીજું કાંઇ ? એમ હું ઇન્દ્રિયનારીને એના વિષય યાર પાસે લઇ દોડું, ત્યાં એ ચોંટી રહે ને હું માનું કે આ વિષય સારો મળ્યો ! એ મારી ઇન્દ્રિયને સારું સુખ આપી રહેલ છે ! પાછો એ ન ગમે, તો બીજા વિષય પાસે મારે ઇન્દ્રિય-નારીને લઇ દોડી એ વિષયને સારો માનવાનો ? હું પાગલ જ કે બીજું કાંઇ ? મને તો હવે શરમ આવે છે કે આ કુલટાના ખેલ ખેલનારી ઇન્દ્રિયોને એને ગમતા વિષયોમાં લઇ દોડવાની ગુલામી શી ? એ વિષયોને સારા માનવાની પાગલતા શી ?''

આવી કોઇ શરમ જ લાગતી નથી, તે આંધળિયા કરીને આંખ કાન વગેરે ઇન્દ્રિયને ગમતા વિષયરૂપી યારને પોતાને ગમતા કરી લે છે, સારા માને છે, તે ઇન્દ્રિયો ને ત્યાં ઝાલીને ઊભો રહે છે ! પાછો એને બીજે ભટકવું હોય તો ત્યાં ત્યાં એને ઉંચકીને લઇ જાય છે ! એમાં એન કાંઇ ક્ષોભ નથી ! સંકોચ નથી ! દુઃખદ પરિણામનો ભય નથી ! વળી આત્માને પોતાને હિતકર જિનમૂર્તિ, જિનવાણી, શાસ્ત્રવાંચન, ગુરુચરણ વગેરે, કે જે વિષયો પોતાના સ્વરૂપ જ ગણાય ત્યાં ઇન્દ્રિયોને ચોંટવું નથી. તો આત્મા એને ત્યાં ઠારીને ઊભી રાખવાનો કશો બળાત્કાર કરતો નથી ! કેવીક પાગલતા ! કેટલી બધી શરમભરી અવસ્થા ?

**ઇન્દ્રિયનિગ્રહની ચાવી :-**

એવી ઇન્દ્રિયોની ગુલામી વિના-શરમ ચલાવ્યે જવી હોય, પછી એને છોડીને ધર્મપુરુષાર્થ કરવાની હોંશ જ ક્યાંથી હોય ? સમય જ ક્યાંથી હોય ? એ તો પહેલી ઓળખાણ પડી જવી જોઇએ કે 'હું અનંત શક્તિનો ધણી સનાતન ચેતન છું; ઇન્દ્રિયોનો હું સેવક નહિ. એ મારી સેવક.' પછી નિર્ધાર જોઇએ કે 'એને સુખકર હોય ત્યાં મારે એને લઈ જવાની નહિ; પણ મને હિતકર હોય ત્યાં હું એને લઈ ચાલું. પરસ્ત્રી પર આંખ મને ઘસડે નહિ; પણ જિનમૂર્તિ અને ગુરુવદન પર હું એને ઠહેરાવું. મોહનાં કે માનનાં વચનો પર કાન મને ન તાણે, હું કાનને ધર્મવાણી પર સ્થિર કરું-'-આવા નિર્ધાર પાછા વારંવાર મનમાં રટતા રહેવું જોઇએ. આ વારંવાર રટવાનો એ પ્રભાવ છે કે આત્મામાં એના સુસંસ્કાર પડે છે, અને એ સંસ્કાર અવસરે ઉપયોગી થાય છે, અસત્‌માંથી નિવર્તક અને સત્‌માં પ્રવર્તક થાય છે. આમ ઇન્દ્રિયોની ગુલામી ઓછી કરતા અવાય તો ધર્મપુરુષાર્થ સુલભ બને છે. બાકી જો આત્મા એ ભામટીઓનો ગુલામ બન્યો રહે, તો ધર્મનો પુરુષાર્થ ક્યાંથી



સૂઝે ? એ જોમ જ ક્યાંથી હોય ? એ તો પહેલી શરમ જ લાગવી જોઈએ કે **'અરે ! હું જિનનો સેવક અને ઇન્દ્રિયોનો ગુલામ ?'** એ ગુલામીમાં જો નફ્ફટાઈ બેશરમપણું રહે છે, તો પછી ગુલામી શાની છૂટે ? કેટલાક માણસો માગવામાં બેશરમ હોય છે એને માગવાનું છૂટતું નથી, શરમ લાગે તો એ છૂટી જાય. એમ ઇન્દ્રિયોને જ્યાં ત્યાં ભટકતી રાખી એની ગુલામી સેવવામાં શરમ લાગી આવે તો એને ઓછું કરવાનું બને એ ઓછું થાય તો ધર્મપુરુષાર્થ સ્ફુરે, હવે છેલ્લી વાત.

(૮) **મહાકિંમતી માનવ સમયની પાપ અને પ્રમાદમાં** થતી બરબાદીનો આઘાત નથી, અફસોસી નથી એટલે પણ ધર્મપુરુષાર્થ સ્ફુરે એમાં નવાઇ નથી. વેશ્યા-જુગાર-મદિરા વગેરેમાં કરાતી પૈસાની બરબાદીનો જેને રંજ ન હોય, આઘાત ન હોય, એ પૈસાને સુકૃતમાં શાનો લેખે લગાડે ? મનને ખોટા વિચારોમાં રગદોળીને અફસોસી ન હોય, એ મનને સારા વિચારોમાં શું કામ જોડે ? એમ કીંમતી માનવ સમય પાપો પ્રમાદમાં વિણસાડી કશો ખેદ જ ન અનુભવે એ ધર્મપુરુષાર્થમાં એ કિંમતી સમયને શું કામ જોડે ?

ભૂલતા નહિ માનવ સમયની કિંમત. પશુ જીવનના સમય જુદા, આ જુદો. અરે ! દિવ્ય શક્તિઓવાળા દેવના સમયની આટલી કિંમત નથી, એ તમારા જીવન સમયની કિંમત છે એનું આ કારણ છે કે એને પ્રમાદનો ત્યાગ, પાપોનો ત્યાગ, ત્યાગની પ્રતિજ્ઞા સાથે ત્યાગ, બધું શક્ય નથી. તેમ એ વિના ચાલે એવું પણ નથી.

**જીવને આ જન્મ-મરણના ફેરામાંથી બહાર કાઢવો હોય, ભવચક્રના ભ્રમણ અટકાવી દેવા હોય, તો પ્રતિજ્ઞાબદ્ધ પાપત્યાગ અને પ્રમાદત્યાગ જોઈએ જ.** એ દેવને શક્ય નહિ; માટે તો મોટા અનુત્તર વિમાનવાસી દેવને પણ અહીં મનુષ્ય જન્મમાં આવવું પડે છે, ને અહીંથી જ સીધા મોક્ષે જવાય છે, ભવના ફેરા ટળે છે, મૃત્યુ છેલ્લું મૃત્યુ બની પછી જન્મે ય નહિ, ને મરણે ય નહિ. અનુત્તરવાસી દેવને ઠેઠ નીચે સાતમી પાતાળ સુધીનું અવધિજ્ઞાન ખરું ! છેક ઉપર બેઠા નીચે સુધીનું પ્રત્યક્ષ જોઈ શકે. સળંગ સમ્યગ્દર્શન, કોઈ જ દેવીઓ નહિ. દેવીઓના ભોગ નહિ, કોઈ જ વિષયની ખણજ વિકાર, જાગવાનો નહિ. જીવન કેટલું બધું ભવ્ય જીવન ! કેવળ તત્ત્વચિંતનમાં રમતું જીવન ! છતાં મોક્ષે જવા માટે અહીં આવવું પડે ! કારણ ? પાપત્યાગની પ્રતિજ્ઞા નહિ. આ વિશેષતા છે આ માનવ જીવનની. એનું કારણ આ, કે

**પ્રતિજ્ઞાબદ્ધ પાપત્યાગ અને પ્રમાદત્યાગ અહીં કરી શકાય એવા મહાસુખી સ્થિતિ મહાદુઃખી સ્થિતિ વચ્ચેના મધ્યમ સંયોગ અને વિવેક છે, સ્વાધીનતા છે.**

જિનાજ્ઞાને સર્વાંશે અમલમાં અહીં મૂકી શકાય છે. દેવ મહાસુખી છે, નરકજીવ મહાદુઃખી છે, તિર્યંચ અવિવેકી ને પરાધીન છે. એ કેટલું કરી શકે ?

**બહારમાં જવાની ગફલતે ડુબવાનું :-**

જીવનમાંથી પાપો અને પ્રમાદ છોડાય નહિ, અમૂલ્ય સાધનાયોગ્ય સમય બરબાદ થાય, ને એ બરબાદીનો પારાવાર અફસોસ, પશ્ચાત્તાપ અને કલ્પાંત થાય નહિ, પછી પાપો અને પ્રમાદ છોડવાનું અને ધર્મપુરુષાર્થ આદરવાનું ક્યાંથી બને ? અરે ! એકવાર એ અફસોસી ય આવી હોય, કિંમતી માનવસમયની બરબાદી અટકાવવા ધર્મપુરુષાર્થ પ્રારંભી ય દીધો હોય, પણ પછી ય જો સહેજ પણ પ્રમાદ આવ્યો, હિંસાદિ પાપ સહેજ પણ થયું તો પાછા પડવાનું થાય ! હિંસાદિ ૧૮ પાપસ્થાનક જાણો છો ને ? એમાંથી એક નાનું પણ પાપ આચર્યું દા.ત. જરાક ગોચરી કે વસ્ત્ર ઠીક અનુકૂળ મળી એના પર રતિ થઈ આનંદ થયો, તો એ પણ પાપ આચર્યું કહેવાય; એવું કોઈ પણ પાપાચરણ થયું, તો પેલો માનવસમયની બરબાદીનો ખેદ-અફસોસ મોળો પડી જશે. પછી એકનાં બે પાપ, બેનાં ત્રણ....ચાલ્યું. અંદરની વૃત્તિ-પ્રવૃત્તિમાંથી જરાક બહારમાં ગયા કે પ્રમાદ થયો એમાંથી પછી વધારે બહારમાં જવાનું ને ત્યાં ઠરવાનું થશે. 'ઓચ્છવ ક્યાં થવાનો છે ? મંડપ ક્યાં બાંધવાનો છે ? બેન્ડ કયું આવવાનું છે ?...' વગેરે વગેરે જિજ્ઞાસા હોંશ, એ સાધુ માટે બાહ્યભાવ છે.

**પ્ર.-** પણ એ તો પ્રભુભક્તિનું કાર્ય છે ને ? એમાં તો સાધુને અનુમોદના હોય; ત્યાં બાહ્યભાવ શો ?

ઉ.- બાહ્યભાવ એ કે એણે તો પોતાની સાધના સંભાળવાની છે, તે છોડી બીજાનાં કાર્યો તરફ એ ગયો. ધર્મની સારી પ્રવૃત્તિ થઈ કે થતી હોય એનો આનંદ થવો એ પોતાની સાધના છે. પણ બીજાના કાર્યોમાં માથું મારવું એ બહારમાં જવા જેવું છે. વળી મુનિને અનુમોદના છે, પરંતુ જિનભક્તિની જિનસત્કાર-સન્માનની; કિન્તુ મંડપ બાંધવા કરાતા આરંભ-સમારંભની નહિ; બેન્ડ ચાલીને કે વાહનથી આવે એમાં થતા આરંભ-સમારંભની અનુમોદના નહિ. ત્યારે પૂર્વે બતાવી એ 'મંડપ ક્યાં બાંધવાના ? બેન્ડ ક્યાંથી મંગાવવાના ?' વગેરે જિજ્ઞાસા-આતુરતા પાછળ એ અનુમોદના બેઠી છે. એને આંતરભાવ અંતર્મુખ દશા ન કહેવાય. અનુમોદના તો જિનભક્તિ-સત્કાર થાય એ આંતરભાવમાં આવે.

ત્યારે વિચારો, કે કેટલી સાવધાની રાખવાની છે ! માનવસમય, એની પળ પળ મહાકિંમતી છે, એની બરબાદી થયાનો થઈ રહ્યાનો, પારાવાર ખેદ-ઉદ્વેગ-સંતાપ રહે; ત્યારે જ ધર્મપુરુષાર્થ જાગતો રહે, હોંશે હોંશે થાય એની આડે કોઈ



બહાનું ધરાય નહિ.

**મોટા સનતકુમાર ચક્રવર્તી જેવાને પણ** જ્યાં મન પર ચોંટ લાગી ગઈ કે 'અહો આ ફૂટી નીકળેલા રોગ તો અંદરના કર્મરોગને સૂચવી રહ્યા છે ! આ તો માત્ર એંધાણી છે. એવા કર્મરોગોની મોટી ખાણ પડી છે ! અને હું એ કાઢવાને બદલે વધાર્યે જવાના અવળા પુરુષાર્થમાં હજી બેઠો છું ? **માનવ સમય તો કર્મરોગ નષ્ટ કરી દેવા માટે છે. તો હું એને વેડફી રહ્યો છું ?'**

ચક્રવર્તીને શરીરના અકસ્માત્ ફાટી નીકળેલા રોગો માટે દુઃખ ન થયું. એ આ કર્મરોગ અને એને પોષવામાં થતી અમૂલ્ય માનવસમયની બરબાદી અંગે થયું. પારાવાર અફસોસી-પશ્ચાત્તાપ એના માટે થઈ, તેથી તરત ત્યાં દવા-બવા કરાવવા રહ્યા નહિ, સંસાર આખો છોડી અહિંસા-સંયમ-તપના ધર્મપુરુષાર્થ પ્રગટ કરી દીધા. એટલી બધી હદ સુધી કે દેવતા મટાડવા આવ્યા તો કહી દીધું કે 'તું મારા કર્મરોગ બાકી રહી જાય એવું કરવા ક્યાં આવ્યો ? બાહ્ય રોગો તો મારા મિત્ર છે, એના દ્વારા મારા કર્મરોગનો નિકાલ થતો આવે છે. તારે આ મિત્રભૂત બાહ્ય રોગો મિટાવવા છે ?' દેવને જરાય મચક ન આપી; ૭૦૦ વર્ષ સુધી રોગો સહ્યા !

**માનવ-સમયની બરબાદી થવાની ભારે અફસોસી થવા પર ધર્મપુરુષાર્થ ઝળહળી ઊઠે છે, પાપો વોસિરાવાય છે.**

આ પરથી આત્મવિકાસનો આ એક માર્ગ નીકળ્યો કે મનુષ્યજીવનની એક ક્ષણ પણ બરબાદ જાય એની ભારે અફસોસી રાખવી; મનને રહે કે ''મારી એક પણ ક્ષણ સુસ્ત અગર ઊંધા વેતરણમાં ન જાઓ; જાય એ જાણે મોટી કોહિનૂર હીરાની સંપત્તિ ગુમાવ્યા જેવું લાગે. સાચી અફસોસી એટલે ભારે દિલગીરી કે 'હાય ! મારું રત્નનિધાન ગયું !' જો સારો વ્યવસાય નથી તો તો ઘણું જ ગુમાવવાનું થાય છે; પરંતુ સારો વ્યવસાય ચાલુ છતાં એમાં વચ્ચેથી **જો કોઇ નકામી વાતચીત, આડોઅવળો વિચાર, શૂન્ય મગજ, કે ડાફોળિયા વગેરેમાં સમય ગયો. તો છાતીએ એ ઘા જેવું લાગે !**

કોઇ એક વાસણમાંથી બીજામાં દૂધ ઠાલવતાં એ ભરાઇ જવાથી બદલીને બીજું વાસણ મૂકવા વચ્ચે જો થોડી પણ દૂધની ધાર એમજ જમીન પર ઢળી, તો એ કેવી અફસોસી કરાવે છે ? એના કરતાં વળી જો સુવર્ણરસ હોત અને સહેજ પણ બહાર ઢળી ચાલ્યો હોત તો હૃદયને કેવો ધક્કો લગાડત ? એવું આ માનવ-સમય એના કરતાં ય લાખોક્રોડો ગુણો કિંમતી એમ જ ઢળી ચાલવા પર અનહદ હૃદયાઘાત લગાડે ખરો ?

**સુવર્ણરસના બુંદબુંદનો જેમ સેંકડો તોલા સોંનુ બનાવવામાં ઉપયોગ થાય**

**એવો છે કે જે મહા સંપત્તિ આપે; એમ માનવ-કાળની ક્ષણ ક્ષણનો અઢળક ચિત્તવિશુદ્ધિ, પાપક્ષય અને પુણ્યાનુબંધી પૂણ્યોપાર્જનમાં ઉપયોગ થાય એવો છે, કે જે મહા ઉદય દેખાડે.** સુવર્ણરસ સાથે માનવ-સમયની તુલના થાય એવી છે, એ ધ્યાનમાં રહે તો પેલાનું એક ટીપુ પણ વેડફાય એ જેમ નથી પાલવતું, દિલના ઉંડાણમાં ખટકો લગાડે છે, એમ આ જીવનની એક ક્ષણ પણ બરબાદ જાય એ નહિ પાલવે, હૃદયના ઊંડે જઈને આઘાત લગાડી દેશે ! વિચારી જુઓ કે ઊંડે તો શું, પણ ઉપરથી ય ખડકો લાગે છે ? માત્ર એક ક્ષણ નહિ, આંખના એક પલકારા જેટલો સમય નહિ, પણ હજારો ક્ષણો નકામી જવા પર હૈયે ઘા ખરો કે 'હાય ! આ મેં શું ઢોળી નાખ્યું ?' જો એવો ઘા નથી લાગતો, તો પછી હવે એક ક્ષણ પણ ન વેડફઈ જાય એની ચોકસાઈ અને ચીવટ ક્યાંથી રહેવાની ? એ માટે ધર્મપુરુષાર્થ, પછી એ ચાહ્ય કોઈ પાપત્યાગ, કોઈ શુભ ક્રિયા-વર્તાવ, કે કોઈ શુભ ભાવના રૂપ હો, પણ એવા ધર્મપુરુષાર્થને જાગતો ને જાગતો રાખવાનું ક્યાંથી બનવાનું ? એટલે જ આ વાત છે કે ધર્મપુરુષાર્થ ન જાગવામાં પૂર્વે બતાવેલ સાત ખામીની જેમ આ પણ એક મહાન ખામી,-કે સુવર્ણરસ કરતાં અતિશય કિંમતી માનવસમય સહેજ પણ બરબાદ જવા પર અફસોસી ન થાય, હૈયે ઘા ન લાગે,- એ ખામી પણ જવાબદાર છે, માટે ધર્મપુરુષાર્થ ધીખતો રાખવો હોય તો માનવ-સમય બરબાદ જવા પર ભારે અફસોસી ઊભી કરો, હૈયે ઘા લગાડો, અને હવે બરબાદ ન થવા દેવા પર ખબરદાર બની જાઓ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૫,અંક-૧૪,તા.૧૭-૧૨-૧૯૬૬**

મહાસતી સીતાજીને તો હવે માનવસમયની ક્ષણે ક્ષણનો એટલો ઊંચો ઉપયોગ કરવાની તાલાવેલી લાગી છે કે એમને હવે મહા વૈભવ-વિલાસભર્યા અને ગૌરવ-સન્માન ભરેલા પણ ઘરવાસમાં એક ક્ષણ પણ રહેવું નથી.

**પ્ર.- કેમ ઘરવાસમાં રહીને ધર્મપુરુષાર્થ ન થઈ શકે ?** મોટાં દાન, ગરીબોના ઉદ્ધાર, પરમાત્મભક્તિ, સાધુસેવા, શાસ્ત્રવાંચન-મનન, તીર્થયાત્રા, જિનમંદિરાદિનું નિર્માણ-જીર્ણોદ્ધાર વગેરેના પુરુષાર્થ ક્યાં ઓછા થઈ શકે એમ છે ? તો પછી એ કેમ પસંદ ન કર્યું ?

ઉ.- એટલા જ માટે નહિ કે એ બધું છતાં સાથે ષટ્કાયજીવહિંસા આદિ અઢળક પાપ ચાલુ રહે એ પસંદ નથી. એમને તો હવે નિષ્પાપ જીવનનો ધર્મપુરુષાર્થ ખપે છે; સાથે પાપથી કલંકિત ધર્મ-પુરુષાર્થ નહિ. જીવને હિંસારંભ-પરિગ્રહ-



વિષયો-મોહમાયા સન્માન-સુખશીલતા વગેરે પાપોની આસક્તિ અનંતાકાળથી ચાલી આવે છે, માટે તો એ ઘરમાં રહીને ધર્મ કરવાનું પસંદ કરે છે. નહિતર તો ઘર છોડી ન દે ?

**'ઘરમાં રહીને ધર્મ ક્યાં નથી થતો ?' આ કોણ બોલાવે છે ? પેલા પાપોની આસક્તિ જ ને ?**

**પ્ર.-** પાપની આસક્તિ તો ન હોય, પણ ચારિત્ર ધર્મની અશક્તિ હોવાને લીધે ઘરવાસમાં રહેવું પડે એવું ન બને ?

ઉ.- બને; પરંતુ એવું હોય, તો પછી એ કેટલી સંખ્યાના અને કેવાં પાપ કરે ? વળી પાપની જો આસક્તિ જ ન હોય, તો દિલ શું બોલે ? 'અરે ! ક્યાં મારે આવા ઉચ્ચ જીવનમાં અને તે ય જિનશાસનની પ્રાપ્તિ પછી પણ આ ગોઝારા પાપ કરવા પડે છે ?

આ મારા નિરપરાધી નિર્દોષ મૂંગા અસંખ્ય જીવોની કત્લ ચાલુ, કત્લ રોજ ઊઠીને એ જ !

આ પરિગ્રહરૂપી ભવસમુદ્રમાં પટકનારી શિલાઓના ભાર !

આ લક્ષ્મીરૂપી એરૂના સંગ !

આ હળાહળ વિષસમા વિષયોનાં સેવન !

આ નારી નાગણની દોસ્તી !

**આ કુટુંબાદિ મોહ માયાના જેલખાનાની કેદ !**

**વળી આ સુખશીલતારૂપી મલેચ્છનાં બકરાનાં લાલનપાલન !**

**તેમ આ સત્તા-સન્માનરૂપી દારૂના નશા !**

**આ બધું ક્યાં ચલાવવું પડે છે ? વિષપાન, કૂપપતન, ખીણમાં ઝંપાપાત, અગ્નિપ્રવેશ, બાણવર્ષાપ્રહાર, વાઘના મુખે ચવાવાનું વગેરેની તુલ્ય એ ક્યાં હજીય ચાલુ છે !' આવો દિલબળાપો તો હોય ને ?**

**એ જો રોજ બળતું દિલ હોય.** તો સગડી હોંશે સળગાવવાનું, રૂપિયા હોંશે ગણવાનું ને હોંશે કબાટમાં મૂકવાનું, સારૂ કપડું હોંશે પહેરવાનું ને બીજાનું હોંશે જોવાનું, પત્ની-પુત્રાદિ ઉપર ઓવારી જવાનું, 'બાપાજી ! દાદાજી !' સાંભળવા પર રાજી થવાનું, આવકાર-સન્માન મળવા ઉપર રાજી રાજી થવાનું હોય ખરું ? એમાં વાંધોવચકો આવે તો નારજ-ખિન્ન-ઉદ્વિગ્ન બનવાનું રહે ખરું ?

માત્ર અશક્તિના કારણે ચારિત્રધર્મ ન લેવાતો હોય અને તેથી ઘરવાસમાં રહેવું પડતું હોય, પણ પાપોની આસક્તિ ન હોય એ બને, કિન્તુ પાપો પ્રત્યે દિલ કેવું હોય ?

જો પૂર્વે કહ્યું એવું દિલ છે, તો

**એ પોતાના આશ્રિતને રોજ શી સલાહ આપે ?** પહેલા નંબરમાં આ જ શિખામણ ને કે **'જોજો, આ પૃથ્વી-પાણી-અગ્નિ વગેરે જીવોના સંહાર એ આપણી જ કત્લ છે ! આ પૈસા એ સાપના ભારા છે ! આ મનગમતાં ખાન-પાન-મોજ એ ઝેરનાં ભક્ષણ છે !** ઇત્યાદિ ઇત્યાદિ જ ને ? આપો છો એવી સલાહ દીકરા-દીકરી ને ? બહાર પણ વાત નીકળતાં આવું બોલો છો ખરા ? જો ના, તો શું નથી લાગતું કે હજી એ પાપોનું સારાપણું ને એ પાપોની આસક્તિ હૈયે ચોંટેલી છે ? એ છે માટે તો કહો છો કે 'ઘરમાં રહીને ધર્મ કયાં નથી થતો ?'

**સીતાજી અનુકૂળ સંયોગો છતાં દીક્ષા કેમ પસંદ કરે છે ?** સીતાજીને મન તો પહેલાં પાપ સંબંધો તદ્દન મૂકી દેવાની વાત છે; એટલે જ પછી ધર્મપુરુષાર્થ પૂર્ણ સ્વરૂપમાં વિકસાવી શકાય, એમ માને છે.

(૧) ઘરમાં આચરણનાં પાપો તો છે જ. પણ એમાં ય અવિરતિનાં થોક પાપ છે !

**(૨) ઉપરાંત ઘરમાં ધર્મ પણ કેટલા પ્રમાણમાં થાય ?** પહેલો જ ધર્મ લ્યો ને, ઘરકુટુંબ રાખીને વીતરાગને વહાલા કરવાનું કેટલું થાય ? ને એ બધું વોસિરાવીને પ્રભુને વહાલા કરવાનું કેટલું થાય ? વહાલા એટલે પછી એમનો જ સંગ, એમની જ સેવા, એમનાં જ વચન માથે ધરવાનું. આ ઘરમાં રહી કેટલું બને ? ને જંજાળ મૂકીને કેટલું બધું બને ? તો ચોવીસે કલાક શાસ્ત્રાધ્યયન-ચિંતન આદિ ક્યાં થાય ?

**ઘરવાસ અને ચારિત્રજીવન વચ્ચે ફરક :-**

આમ, ઘરવાસમાં એક બીજા પાપો, પાપસાધનો અને ધર્મપુરુષાર્થ ઘણો ઘણો અધુરો ! ચારિત્રજીવનમાં પેલું તો બધું છૂટ્યું, એ છૂટવાથી વાસનાઓ અને કષાયનાં પોષણ અટકાયાં ! અને બીજી બાજુ ધર્મપુરુષાર્થનો મધ્યાહ્ન સૂર્ય પૂરો ઝળહળતો ! આ બેના તફાવતને સમજનાર સીતાજી હવે શાના ઝાલ્યા રહે ? ચારિત્રનો જ નિર્ણય છે.

**સીતાજી હવે શું કરે છે :-**

મહાસતીએ મક્કમ નિર્ધાર જાહેર કર્યો એટલું જ નહિ. પણ તરત જ પોતાના મસ્તકની લાંબી કાળી અને કવિઓથી વખણાતી તથા કામીઓને લોભાવતી સુંદર કેશવાળીનો પોતાના હાથે લોચ કરી નાખી એ કેશલટો અયોધ્યામાં પધારવાનો આગ્રહ કરતા સ્વામી રામચંદ્રજીના ખોળામાં અર્પિત કરી !

**સીતાજીનો વૈરાગ્ય કેવો ?**

**રામની દશા અહીં કેવી થઈ ?** સીતા પર અનહદ રાગ અને સદ્ભાવને



લીધે રામ આ સહી ન શક્યા એતો તરત મૂરર્છા ખાઇને પડ્યા ધરતી પર અયોધ્યાની માનવમેદની, સામંતરાજાઓ, અમલદારો, ને લક્ષ્મણ વગેરે કુટુંબીજનોની વચ્ચે આ બનાવ બની રહ્યો છે ! સૌ એ જોતાં સજ્જડ થઇ ગયા છે ! સીતાએ લોચ કર્યો છે, અને રામ મૂર્છિત છે, છતાં સીતાજીનું રૂંવાડું ફરકતું નથી ! રામને ભાનમાં લાવવા અને સમજાવવા કશું કરતા નથી. એતો કર્તવ્યપંથે મક્કમ પગલે ત્યાંથી ચાલી નીકળે છે. કેવું હશે એ દશ્ય ?

આંખ મીંચીએ કલ્પનામાં લાવો, ત્યારે,

**(૧) જૈનશાસનની** supremacy **(સર્વોપરિતા) સમજાય;**

**(૨) શ્રેષ્ઠ વિજય આંતરશત્રુ પર જ હોવાનું ખ્યાલમાં આવે;**

**(૩) સાચાં સત્ત્વ અને પરાક્રમ ચારિત્રમાર્ગે જવામાં જ હોવાની કલ્પના આવે.**

કુટુંબીજનો ટળવળતા હતા. એમાં વળી રામ બેભાન થઇ ઢળી પડ્યા એટલે તો બીજી પત્નીને લાગણી ખૂબ જ ઊભરાય, અને અયોધ્યા રોતી હતી, આ બધું અવગણીને સીતાજી ચારિત્ર લેવા ચાલી નીકળ્યા !

સીતાનો રામ પર સદ્ભાવ અથાગ હતો, છતાં આ ? કવિ કહે છે,

**' ઐસે સાંઇ સુપાસસે દિલ લગા.'**

સુપાર્શ્વનાથ ભગવાન સાથે મારૂં આવું દિલ લાગ્યું છે. કેવું ?

**'સીતાકું રામ, કામ જયું રતિકું, પંથીકુ ઘરબારના'**

જેમ સીતાને રામ સાથે, રતિને કામદેવ સાથે, અને મુસાફરને પોતાના ઘરદ્વાર સાથે દિલ લાગેલું હોય, એવું ભગવાન સાથે દિલ લાગ્યું છે.

ત્યારે જુઓ, 'મારે તો મન એક રામ' કરનારી સીતા અત્યારે, રામ પર કોઇ જાતની રીસ-અણગમો-અણબનાવ નહિ છતાં, અને વધારામાં સીતાને ગૌરવ દબદબા સાથે અયોધ્યામાં લઇ જવાનો તલસાટ અને વિનંતિ છતાં, એમાં વળી રામ એકાએક મૂર્ચ્છિત થઇ જાય છે ત્યારે, સીતાજી સંસાર ત્યજી ચાલી નીકળે છે ! એમાં, **'સીતાકું રામ'** **ક્યાં ગયું ? 'મારે તો મન એક રામ'** ક્યાં સુકાઇ ગયું ? આખી અયોધ્યાસહિત કુટુંબીજનોનાં મહા સન્માન કેમ વિસર્યાં ? રતન જેવા બે દીકરાના વહાલ અને હવે એમની જાહોજલાલી તથા પુત્ર વધુઓના માન જોવા મળશે એ કેમ અવગણ્યા ?

કહો, સીતાજીમાં આ સંસારનું વિચિત્ર અને દુઃખદ નાટક જોઇ, એની સરાસર નિર્ગુણતા જાણી, સંસાર પર દ્વેષ-અરુચિ ભડભડી ઊઠી, તેથી હવે એની ઇચ્છાનો ઉચ્છેદ કરવારૂપ વૈરાગ્ય ઝળહળી ઊઠ્યો છે.

**'અધ્યાત્મશાસ્ત્ર' વૈરાગ્યનું આ સ્વરૂપ કહે છે.**

**'भवस्वरूप विज्ञानाद् द्वेषाद् नैर्गुण्यदृष्टिजात् ।**
**तदिच्छोच्छेदरूपं द्राग वैराग्यमिति प्रोच्यते ॥'**

-અર્થાત્ (૧) સંસાર સ્વરૂપનું સાચું ભાન થવાથી, (૨) એ સંસાર નિર્ગુણ જ હોવાનું લાગી જવાથી (૩) જાગેલા સંસારદ્વેષથી, (૪) સંસારની ઇચ્છાનો ઉચ્છેદ થવો એ વૈરાગ્ય છે.

**રામ પણ એક સંસારની રકમ, એટલે :-**

મહાસતીને આ વૈરાગ્ય સતેજ બની ગયો છે, એમાં હવે રામને પણ ઓળખી લીધા કે એ પણ એક સંસારની જ રકમ છે. એમના આશરે રહ્યા સર્વ જીવને અભયદાન અને રાગરહિતતા તથા કર્મબંધની અટકાયત વગેરે આત્મકલ્યાણ ન સધે. તો જન્મ-મરણની ભાવઠ પણ ન ભાંગે, અને હવે આ આત્મ-કલ્યાણો સાધી ભવ પાર કરી જવાની ભૂખ કકડીને જાગી છે, પછી જેનાથી એ સધે નહિ, ઊલટું અવરોધાય, એના પરથી મન ઊતરી જાય, એમાં શી નવાઈ ? પૂછો,

**દાક્ષિણ્ય કેમ ન રોકે :-**

**પ્ર.**- પણ સીતા સ્ત્રી જાતિ છે, તો રામ અને બીજાઓનું દાક્ષિણ્ય એમને ન નડે ? ન રોકી રાખે ?

ઉ.- કહો જો, ઘરમાં રાતના આગ લાગી હોય, વહાલામાં વહાલો પતિ ચોથે મજલે હોય, પત્ની પોતે પહેલે મજલે હોય, અને વચલા માળ એવા સળગી ઊઠ્યા હોય કે એમાં થઈ ઉપર જવાનું ભયભર્યું હોય, વળી પતિ ઉપરથી કરગરતો હોય કે 'તું અહીં આવ, એકલી હમણાં બહાર કૂદીશ ના,' તો પત્ની એ સ્થિતિમાં શું કરે ? દાક્ષિણ્યમાં તણાય ? કે પહેલી બહાર કૂદી પડે ? અને પછી બહાર ગાદલા નાખી પતિને ઉપરથી ભૂસકો મારવાનું કહે ? એ જ રીતે સંસાર સળગતા ઘરનો મધ્ય ભાગ લાગ્યો છે, એમાંથી સીતા દાક્ષિણ્ય મૂકી બહાર કૂદી પડવા ઇચ્છે છે, આત્મ કલ્યાણની અનન્ય ભૂખ જ એવી છે કે બાધક દાક્ષિણ્યાદિ ત્યાં અકિંચિત્કર બની જાય છે, ખુદ રામમાં શું બન્યું હતું ? પહેલાં વનવાસ જવા નીકળ્યા ત્યારે કૌશલ્યા, કૈકેયી અને અયોધ્યાની પ્રજા રોતી હતી, કરગરતી હતી. પણ રામ જરાય દાક્ષિણ્ય, લાગણી, કે ખોટી દયામાં તણાયા નહોતા કેમ ? કર્તવ્યનું ભાન હતું; એટલી બધી ભરતને રાજ્ય આપનારા પિતૃવચનના પાલનની ભૂખ હતી. બસ, એ રીતે સીતાજીના ઝળહળી ઊઠેલા જ્વલંત વૈરાગ્યે સંસાર પરથી મન એવું ઉઠાડી દીધું છે અને ચારિત્રજીવનની ભૂખ લગાડી દીધી છે કે હવે એ રામ વગેરે તરફ મોહમય લાગણીમાં ખેંચાતા નથી. એ તો મૂર્છિત રામને પણ મૂકીને ચારિત્ર લેવા માટે ચાલી નીકળ્યા.



**હજી માપો સીતાજીના વૈરાગ્ય.** કોઈ પ્રલોભન એમને અટકાવી શક્યું નહિ, માણસ ખાનપાન કરતાં માન ખાતર ખૂબ વેઠવા કે ભોગ આપવા તૈયાર રહે છે. એવાં માન તો હવે અહીં સામે આવીને ઊભાં છે, પરંતુ એની ય હવે મહાસતીને લાલચ નથી, લોભ નથી કેમકે એ તો હવે એ જુએ છે કે **માનપાનની ચાર દિનકી ચાંદનીના ખેલમાં શું રાચવું ? સનાતન કાળના આત્મપ્રકાશનો પ્રયત્ન જ ડહાપણભર્યો અને મહા સુખકારી છે.**

હૈયા પરથી મોહમૂઢતાની અસર ભૂસાય, ત્યારે જડના ટૂંકા ઝગારાને મૂકી આત્માની શાશ્વત ઝગમગાટની લગની લાગે, જરાક સ્વસ્થ બની અંતરની આંખ ખોલીને જોવાય તો દેખાય એવું છે કે,

**જડ માનપાનની ચાર દિનકી ચાંદની અને આત્માના સનાતન જ્ઞાન-ચારિત્ર પ્રકાશ વચ્ચે કેટલું મોટું અંતર છે !** પેલામાં ભૂલા પડનારા તો અનંતા થઇ ગયા. પણ અંતે શું ? ભવાટવીના ઘોર અંધકારમાં પૂરાઇ જવાનું મળ્યું ! એમનું કોઈ આજે નામ નિશાન નથી. ત્યારે આત્મપ્રકાશની બલિહારી છે, એનો ભેખ લીધેલા જીવનના અંતે તો મહા ઉચ્ચ સ્થાન જોવાનાં મળે છે ! પરંતુ અહીં પણ ચિત્તની તંદુરસ્તી અને સ્વસ્થતા અજબ ખીલી ઊઠે ! ત્યારે જડનો ઝગારો ય દેખવા મળે તો ય એ મનને રોગિષ્ઠ કરે છે, વિહ્વળ અસ્વસ્થ કરે છે.

**જીવનભરના શુભ ભાવથી ઉચ્ચ શુભ ભાવ :-**

મહાસતીને શાશ્વતા આત્મ-પ્રકાશની જ હવે લગની છે, એટલે વર્તમાન પ્રલોભન પાછળ એમનું મન બગડતું નથી; એમને મન બગાડવું નથી. આમે ય જીવનમાં શુભ અધ્યવસાયોમાં રમતા રહ્યા છે, એ હવે મહાવિવેક જાગી ઊઠતાં શું કામ પ્રલોભનનો અશુભ ભાવ હૈયામાં ઘાલે ? એ તો દીવા જેવું દેખે છે કે,

**કર્મે પામર જીવનો દ્રોહ બહુ કર્યો છતાં હજી ય દ્રોહી કર્મને વળગ્યા રહેવું, એ નચાવે એમ નાચવું, એમાં નરી મૂર્ખતા છે,** બાલિશતા છે. કર્મ અત્યારે રુડાં સન્માન-સાહ્યબી દેખાડે છે એને વધાવી લેવા, એ કર્મને વળગ્યા રહેવાનું થાય, દ્રોહી કર્મને એમ વળગી રહેવા કરતાં હવે તો એનો અંત લાવવો. કહી દઈએ એને કે

**'કર્મ ! તું આવી ચાર દિનકી ચાંદની દેખાડી મને શું કૂટે ? હવે તો હું તને કૂટીશ. જેથી મારા શાશ્વત વીતરાગતામય આત્મપ્રકાશ ઝગમગી ઊઠે !'**

**સર્વજીવને સુલભ જડ ચાંદનીના ચાલુ ધોરણમાંથી માથું ઊંચક્યા વિના** આ સનાતન આત્મપ્રકાશની તમન્ના નહિ જાગે. એ તો લોકધોરણ પડતાં મૂકી, પૂર્વના મહાપુરુષોએ અપનાવેલ આત્મ-ધોરણનો તલસાટ જગાડવાની જરૂર છે. કેઇ મહાન

આત્માઓએ શું કર્યું એ જોવા જેવું છે. લોક ચાલે છે એમ તો આપણે ઘણું ચાલ્યા, અહીં પણ જનમથી માંડી એ જ કરતા આવ્યા. હવે આંખ જરા ઊંચી કરવા જેવી છે; જોવા જેવું છે કે આ બધા ધોરણમાં વિહ્વળતા-વ્યાકુળતા કેવી ? કેટલી ? અને અંતે શું ?

**આત્મવિકાસનો આ માર્ગ છે કે** મૂઢ લોકનાં ધોરણમાંથી માથું ઊચકવું.

**સીતાજીની દીક્ષા :-**

સીતાજીએ લોકધોરણમાંથી માથું ઊચકી લીધું, જ્ઞાનીઓનાં ધોરણે વસ્તુદર્શન કર્યું, તો ક્ષણિક પ્રલોભનમાં જરાય ન ઘસડાયા. આત્માનાં સત્ત્વ ખળભળી ઊઠ્યા. એ ચાલી નીકળ્યા ત્યાં આગળ તાજેતરમાં કેવળજ્ઞાન પામેલા મહર્ષિ મળી ગયા. એમની પાસે જઇ સંસારત્યાગ કરી ચારિત્ર સ્વીકારી લીધું. મહાસતી સાધ્વીજી બની ગયા !

**રામનો ગુસ્સો :-**

અહીં રામચંદ્રજીને મૂર્છા વળતાં મન પર સીતા પર રાગનો એટલો બધો ઉછાળો છે કે સીતાને ચાલી ગયેલા જોતાં સુભટોને હુકમ કરે છે કે 'સીતાને લઇ આવો' પણ કોની મજાલ છે કે જે રીતે ભવ્ય ત્યાગથી સીતાજીને જતા જોયા છે, એમાં હવે એમને પકડી લાવી શકે ? કોઇ જતું નથી. રામ ત્યાં ગુસ્સે થઇ સુભટોને શિક્ષા કરવા ધનુષ્ય-બાણ ઉપાડે છે !

**લક્ષ્મણની સાચી સલાહ :-**

પણ લક્ષ્મણજી અટકાવી ને કહે છે,-'મોટાભાઇ ! આ ઉત્સવના સ્થાને શું કરવા તૈયાર થયા છો ? સીતાએ તમારું શું બગાડ્યું છે ? તમે તો એમનું સર્વસ્વ લઇ એમને જંગલમાં છોડી દીધેલા ! જ્યારે એ તો આજે પોતાનાં બે પુત્રરત્ન પણ આપી દઇને જાય છે ! એમને છોડી તમે તો મહેલવાસ ભોગવેલા ! ત્યારે એ તમને છોડવા સાથે સમસ્ત સંસારને છોડવાનાં મહાપરાક્રમ આદરે છે ! અને કેવળ આત્મકલ્યાણના માર્ગે લાગે છે ! આનાં તમને અભિનંદન નથી ખપતાં ? તે કેવળ સ્વાર્થનો જ વિચાર રાખો છો ? ઊઠો ચાલો આપણે એમનો દીક્ષા મહોત્સવ ઉજવીએ.'

**રામનો પશ્ચાત્તાપ અને પ્રશ્ન :-**

બસ, લક્ષ્મણની યુક્તિસર ગદ્ગદ વાણી પર રામનું ચિત્ત શાંત થઇ ગયું. સીતાના મહાપરાક્રમ પર ભારે અનુમોદનાથી ભર્યા દિલે સૌને લઇને સીતાના માર્ગે ગયા. પણ ત્યાં જઇ જુએ છે તો સીતા દીક્ષિત થઇ ગયા છે. રામ ત્યાં કેવળજ્ઞાની મહર્ષિની દેશના સાંભળે છે. પોતે આવા ઉત્તમ મહાસતી અને મહાત્યાગી પ્રત્યેના



પોતાનાં દુષ્કૃતને સંભારી પશ્ચાત્તાપ કરીને જ્ઞાની ભગવંતને પૂછે છે, 'પ્રભુ હું તે ભવ્ય છું કે અભવ્ય ?'

કેવળજ્ઞાની કહે છે, 'તમે માત્ર ભવ્ય જ નહિ, ચરમશરીરી છો, આ ભવને અંતે મોક્ષ પામનાર છો.'

'પણ મને તો હજી લક્ષ્મણ પર અથાગ રાગ છે !'

'તેય છૂટી જશે અને ચારિત્ર પામી અંતે તમે મુક્ત બનશો.'

**સીતા અહીં રામ પર રાગવિહ્વળ નહિ, સ્વર્ગમાં કેમ રાગવિહવળ ?:-**

અહીં એક જોવાની ખૂબી છે કે એ જ સીતા આગળ પર ઇંદ્ર થાય છે ત્યાં અહીં રામને મોક્ષ પામવાની કઠોર ધ્યાન-સાધના કરતા જોઇ રાગથી વિહ્વળ થાય છે કે 'અરે ! શું એ વહેલા મોક્ષે જતા રહેશે ? તો મારે એમનો વિયોગ થશે ?' એ વસ્તુ અત્યારે સીતાને સાધ્વી-અવસ્થામાં નથી ! અહીં કેવળજ્ઞાનીના છતાં, જે આગળ પોતાને રાગવિહ્વળતા થશે એ અહીં નહિ; શું કારણ ?

**પ્ર.-** અહીં રાગવિહ્વળતા નહિ એમ શાથી કહો છો ?

**ઉ.-** એ અહીંથી બારમાં દેવલોકે ઇંદ્રપણે જવાના છે, ત્યારે અહીં સાધના પણ એને યોગ્ય જ હોય ને ? નહિતર એ સ્થાન પ્રાપ્ત કરવું સહેલું કામ છે ? અંદરમાં એવો રાગ સતાવતો હોય અને કેવળ બહારથી ચારિત્ર-સાધના શું એવા ઊંચા સ્થાને લઇ જાય ? બને નહિ. મહા વૈરાગ્ય, મહા ઉપશમ, વગેરે હશે ત્યારે એવું સ્થાન મળ્યું હશે. નહિતર તો,

**એવી રાગની પીડામાં ચારિત્રની વિરાધના થાય.** ચિલાતીપુત્રને આર્દ્રકુમારને પૂર્વ ભવે એવું જ બન્યું છે ને ? ત્યારે સવાલ છે કે,

**પ્ર.-** અહીં સીતા સાધ્વીને રાગવિહ્વળતા નહિ એનું કારણ શું ? જો અહીં એ નથી તો વિરાગના એવા અભ્યાસ પછી આગળ ઇંદ્રપણે રાગ કેમ ઊઠે છે ?

**ઉ.-** આગળ રાગવિહ્વળતા થાય છે એનું કારણ કર્મની બળવત્તા છે. રાગનો ઉદય સૂચવી રહ્યો છે કે આત્મામાં અસંખ્ય જનમના રાગમોહનીય કર્મ વગેરે સીલક પડ્યા છે. વચલા કાળે ત્યાગ-વિરાગની સાધના કરી ક્ષયોપશમથી એને દબાવ્યા, પણ એ બધા જ નથી ઊખડી ગયા. તેથી હવે સ્વર્ગમાં ક્ષયોપશમનો પુરુષાર્થ જતાં બાકી રહેલ કર્મ પાછા ઊભા થઇ રાગ કરાવે છે. એટલે જ સંપૂર્ણ વીતરાગ સર્વજ્ઞ બનીએ નહિ ત્યાંસુધી ભરોસે રહેવા જેવું નથી કે થોડી સાધના કરી એટલે રાગાદિકર્મ ખત્મ થઇ ગયા.

**પ્ર.- તો પછી થોડી સાધનાનો અર્થ શો ?**

**ઉ.-** અર્થ એ, કે એનાથી સુસંસ્કાર ઊભા થાય છે, અને ભાવિમાં ઊઠતા

રાગાદિને એટલા ફાવવા નથી દેતા; તેમજ એને દબાવવા-ઊખેડવાનું સરળ કરી આપે છે. જીવ જનમ-જનમ સાધના કરતો કરતો એમજ આગળ વધે છે. એમજ સુસંસ્કાર વધતા વધતા એક દી' એવું બળ ઊભું થાય છે કે જે સમસ્ત રાગાદિકર્મનો વિધ્વંસ કરી નાખે. માટે આપણું કામ સાધનામાં અવિરત-અખંડપણે થાક્યા વિના કે સંતોષ કર્યા વિના આગળને આગળ ધપ્યે જવાનું છે. આ જ આત્મવિકાસનો રાજમાર્ગ છે.

**ચારિત્રમાં રામ પ્રત્યે રાગ કેમ નહિ ? :-**

સીતાસાધ્વીજી આ કરી રહ્યા છે. અહીં સંસાર ત્યાગ કર્યો છે તે સમજીને; સમસ્ત રાગ હૈયા પરથી હેઠો ઉતારીને ત્યાગમાર્ગ લીધો છે. એમાં કોઇ વાયદાની ય છટકબારી નહિ, કે 'આપણે હમણાં રામ પરથી રાગ કાઢી નાખો પછી આગળ પર દેવલોકમાં જઇ રાગ કરીશું.' ના, આવી કોઇ મેલી માયારમત ને છૂપી આશંસા નહિ. અહીં તો મહાત્યાગ-વિરાગની સાધના છે તે રાગને ભૂંડો જ માની એને મૂળમાંથી ઊખેડી નાખવાની ધગશ અને પ્રયત્ન સાથે છે. કેમકે એકાન્તે મોક્ષ પામવાની જ તીવ્ર અભિલાષા છે. એમાં પછી 'એક જરા રામનો સંયોગ સારો, બાકી સંસારના બધા સંબંધ ખોટા' એવો ભાવ હોય જ નહિ. સંસારનું બધું જ ખોટું, અસાર, ત્યાજ્ય,' એવો સંપૂર્ણ ભવવૈરાગ્ય જ હોય. એમાં રામનો સંબંધ પણ ખોટા તરીકે જ ભાસે. આ જ કારણ છે કે સીતા-સાધ્વીને અહીં રામનું જરાય આકર્ષણ નથી, એમના પર લેશમાત્ર રાગ નથી; કેમકે સંપૂર્ણ સંસારત્યાગી ચારિત્રજીવન મન-વચન-કાયાથી જીવવું છે. રાગનાં થોડાં પણ તોફાનમાં એ અખંડ આરાધી શકાય નહિ.

**આત્મવિકાસનો શ્રેષ્ઠ માર્ગ આ, કે રાગનાં લેશ પણ તોફાન ન રાખવાં.**

## • સીતા સાધ્વીની સાધના •

ત્યારે એ વિચારવા જેવું છે કે, આ મહા સાધ્વીની સાધના કેટલી બધી ઉચ્ચ કોટિની હશે કે એ એમને બારમા દેવલોકનું ઇંદ્રપણું અપાવે ?

**(૧) પહેલા નંબરમાં તો આ જ સાધના** કે શું પતિ રામ કે પુત્રરત્નો લવણ-અંકુશ, યા શું રાજવૈભવ વિલાસો, - બધા જ ઉપર જ્વલંત વૈરાગ્ય, દાવાનળની જેમ ભડભડી ઊઠેલો વૈરાગ્ય ! એ બધાના સંયોગ ખોટા, દારુણ, આત્મઅધઃપતનકારી ! માટે તો એ સ્વેચ્છાએ મૂકી દીધા, મન પરથી પણ ઉતારી નાખ્યાં ! હજી હમણાં સુધી એ સંયોગ રાખ્યા હતા ને એકાએક એનો મનમાંથી રાગ કાઢી નાખ્યો ? હા;



**સીતાજીએ જોયું કે,**

'મૂળ સ્વરૂપે પોતાનો આત્મા વીતરાગ, શુદ્ધ અનંત જ્ઞાનભર્યો, એ આવા રાગ ધરે એ ઘેલછા છે, મૂઢતા છે, નાલેશી છે. જો જીવનના અંતે આ બધા સંયોગ મૂકાઈ જ જવાના છે, તો પછી એના પર લેશ પણ રાગ કરવો અને એમાં પડી રહેવું એ નરી બાલિશતા છે. ડહાપણ તો એ, કે જેના કાયમી સંબંધ સધાવાના છે એવા એકમાત્ર વીતરાગદેવ પર જ રાગ ધરવો; બાકી બીજા સંયોગ કર્મસત્તા તમાચ મારી મુકાવે એના કરતાં આપણી જાતે જ મૂકી દેવા, અને વીતરાગના ચરણની સેવામાં જ લાગી જવું. વિરાગભાવની સ્વચ્છ આત્મદશા મૂકી મોહમૂઢ રાગની મેલી-ઘેલી દશા શા સારું હવે નભાવવી ?

**વિવેક સમજાવનાર જિનશાસન મળ્યા પછી પણ જો દુર્દશા નથી હટાવવી, તો એ શાસન ખોવાઈ ગયા પછી દુર્દશા કેટલી જાલિમ પ્રવર્તવાની ?** કેવી ભયંકર રાગમૂઢતા માથે ચડી બેસવાની ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૫,અંક-૧૫,તા.-૨૪-૧૨-૧૯૬૬**

**આત્માનો મોટામાં મોટો રોગ રાગ છે.** એ ક્ષેત્રરોગ છે. ક્ષેત્રરોગ એટલે જેના અવાંતરમાં બીજા અનેક રોગો ફાલેફૂલે. એક ટી.બી.-ક્ષયરોગ લાગુ પડ્યા પછી તાવ, ને ખાંસી, ને કફ, ને કળતર, અરુચિ,...વગેરે કેટલાય રોગ ફાલેફૂલે છે ને ? બસ, રાગરોગના પેટામાં સ્વાર્થાંધતા, મદ, માયા, દેવદ્રોહ ગુરુદ્રોહાદિ વગેરે કેઇ રોગ મહાલતા રહે છે. તપાસી જોજો કોઇ પણ દોષ-દુષ્કૃત્યની પાછળ એક યા બીજા પ્રકારનો રાગ કામ કરી રહ્યો છે કે નહિ ? મળી આવશે.

**મિથ્યાત્વ બહુ મોટો દોષ છે, પણ એને પોષનાર રાગ છે.** માટે તે સાચો ભવવૈરાગ્ય ઝળહળી ઊઠ્યા પછી જ મિથ્યાત્વ ટળે છે. સંસાર પર રાગ ઠાંસીને ભર્યો હોય, પુદ્ગલાનંદીપણું અકબંધ ઊભું હોય, ને માત્ર 'મને સુદેવ-સુગુરુ-સુધર્મની શ્રદ્ધા છે, એટલુ માની લેવામાં સમ્યક્ત્વ ન આવે, મિથ્યાત્વ ટળ્યું ન મનાય. ભવાભિનંદીપણું, પુદ્ગલરસિકતા, પહેલી વોસિરાવવી જોઇએ. સંસાર ખોટો, મોક્ષ સાચો' એ માન્યતા તો પહેલી આવવી જોઇએ. સંસાર, સંસારના માલમેવા જ્યાંસુધી સારભૂત, સુખકારી, સંઘરવા જેવા લાગે છે, ત્યાંસુધી એ તીવ્ર રાગ હોવાનું સૂચવે છે. એ મિથ્યાત્વને ટળવા દે નહિ. એ તીવ્ર રાગ હટાવ્યા પછી સમ્યક્ત્વ કદાચ મેળવ્યું ય ખરું, તો પણ પાછો એ રાગ જો ઊભો કર્યો, તો સમ્યક્ત્વનો નાશ કરી મિથ્યાત્વને પાછું ઉદયમાં લાવી દે ! એટલો ખતરનાક

રાગરોગ છે. પછી ભલેને સંસારના બીજા સગા અને વૈભવ પર વૈરાગ્ય ઊભો કર્યો, પણ પતિનો રાગ કે પુત્રનો રાગ એમજ ઊભો રાખ્યો, તો ચારિત્રગુણની વાતે ય શી ? મહાસતીએ પહેલું આ કર્યું છે કે રાગમાત્રને તિલાંજલિ આપી મહાવૈરાગ્ય ઝગમગાવી દીધો છે, ને તે જીવનના અંત સુધી અખંડ ઝગમગતો રાખ્યો છે,

(૨) **સાથે બીજી સાધના વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા અને એમનાં વચન પર અનહદ અવિહડ શ્રદ્ધાની છે.** 'વીતરાગ નાથ ! મારે તમારું જ શરણ છે. તમારા વિના બીજા કોઇ દેવ કે કોઇ જગતની વસ્તું' મારે શરણરૂપ નથી. તમેજ તારણહાર છો, સંસાર-દુર્ગતિ-દુઃખસમૂહથી તમે જ બચાવનાર છો. સદ્બુદ્ધિ સદ્ગુણો, સદ્ભાવનાઓ અને સતપ્રવૃત્તિ તથા મોક્ષ તમારી કૃપાથી જ મળે' આવા શરણભાવ સાથે એમના પર અટલ શ્રદ્ધા; તથા એમનાં વચન પર અવિહડ શ્રદ્ધા, એ મહાસતીએ રાખ્યું છે.

**જ્વલંત શ્રદ્ધા વિના દોષ ન લગાડવાની ચોક્સાઈ નહિ :-**

વીતરાગનાં વચન પર શ્રદ્ધા એટલે 'એમણે કહ્યું તે જ સાચું અને શંકા વિનાનું **'તમેવ સચ્ચં નિસ્સંક જં જિણેહિં પવેઈયં'** આ અટલ ઝળહળતી શ્રદ્ધા વિના એમની આજ્ઞાની સાધનામાં જોમ આવે નહિ, અને દોષ ન લાગવા દેવાની ચોક્સાઈ રહે નહિ.

**વૈરાગ્યનું દિલ : શ્રદ્ધાની દૃષ્ટિ :-**

સમજે એના માટે વૈરાગ્ય અને જિનવચન શ્રદ્ધાને જીવનમાં અપનાવવી કાંઈ કઠિન નથી. કેમકે એમાં માત્ર દિલ અને દૃષ્ટિ અમુક પ્રકારની બનાવવી જ જરૂર છે. સંસાર અને સંસારના વૈભવ-વિલાસો પ્રત્યે દિલ ઊભગેલું રહે, ઊઠી ગયેલું હોય એના પરથી ભરોસો ચાલ્યો જાય, એવું દિલ એ વૈરાગ્ય. આવું દિલ બનાવવું એ કઠિન નથી. સુખી માણસને કોઈ કારણસર આબરૂના કાંકરા થઈ ગયા, પછી એ વૈભવપરિવાર કાયમ છતાં એના પરથી દિલ કેવું ઊઠી જાય છે ! એમ અહીં વિચારાય કે કર્મોની કેવી કેવી ગુલામી માથે લદાયેલી છે, અને અનંત સુખ તથા અનંત વીર્યના ધણી આત્માને એ ગુલામી કેવી નાલેશી રૂપ છે, તો પછી ગુલામને વળી વૈભવ-વિલાસ પર શી હોંશને શા હરખ ? સ્વમાન પ્રેમી રાજાને જો બીજા રાજાની ગુલામી માથે ઠોકાઈ જાય તો પછી દિલ કેવું ઉદ્વિગ્ન, ઊભગેલું, ઊઠી ગયેલું રહે છે ! આવું દિલ એ વૈરાગ્ય.

**શ્રદ્ધા એટલે ? :-**

ત્યારે દૃષ્ટિ જિનવચનાનુસારી બને એ શ્રદ્ધા. જિનેશ્વર ભગવાને જે રીતે



જગતની ઓળખ કરાવી છે. એ જ રીતે પોતાની દૃષ્ટિ જગત ઉપર રહે. જિને ઓળખાણ કરાવી છે.

**'આશ્રવઃ સર્વથા હેય, ઉપાદેયશ્ચ સંવરઃ'** આશ્રવ યાને ઇંદ્રિય અવિરતિ (અવ્રત) વગેરે કર્મબંધનનાં સાધન, એ આત્મહિતના ઘાતક હોઈ ત્યાગ જ કરવા જેવા ! એટલે પછી એ બધા પ્રત્યે જીવની દૃષ્ટિ પણ ભયની, કંપની, નફરતની બને. અને સંવર એટલે જીવરક્ષા-દયા, સંયમ, વીતરાગભક્તિ વગેરે ધર્મ જ આદરવા જેવો ! એટલે એના પ્રત્યે દૃષ્ટિ હોંશ-ઉમળકાની, કલ્યાણ-સાધન તરીકેની હુંફની બની જાય. એમ 'પ્રભુ અનંતજ્ઞાની છે, ત્રણે કાળના સમસ્ત જગતને પ્રત્યક્ષ જોનારા છે, ત્યારે જીવ પોતે એ અપેક્ષાએ તદ્દન મૂર્ખ અજ્ઞાન ગમાર છે.

**સર્વજ્ઞ-પ્રભાવ જોઈ એવી દૃષ્ટિ બંધાઈ જાય કે,**

'સર્વજ્ઞ પ્રભુને ખબર પડે એમાંનું મને શું જણાય ? હું અજ્ઞાન અબુઝ છું. પ્રભુએ જે જોયું તે જ સાચું, એ જ એમણે કહ્યું; ને તે જ મારે માન્ય. સ્વતંત્ર વિચારવાનું મારું શું ગજું ? મારે તો એ જ નાથ, એ જ શરણ્ય, એ જ આધાર, એમણે તત્ત્વોની અને મોક્ષમાર્ગ-કલ્યાણરાહની જે ઓળખ આપી, એ જ વસ્તુસ્થિતિ છે. એને હું એ જ રીતે નિહાળું-નવાજું-અપનાવું.'

(૩-૪) **બસ ત્રીજી-ચોથી સાધના દયા-સંવેગની-** જગત પ્રત્યે વૈરાગ્યનું દિલ, ને તત્ત્વ પ્રત્યે સર્વજ્ઞવચન દૃષ્ટિ આવી બની એટલે પછી પેટામાં જગતના, કર્મપીડિત જીવો પ્રત્યે દયાભાવ-અનુકંપા અને ધર્મ પ્રત્યે હોંશ-સંવેગ સહેજે આવી જવાના, આમ થવાથી સમ્યગ્દર્શન પ્રગટ બનવાનું. મૂળમાં દિલ અને દૃષ્ટિ ચોક્ખા કરવાની જરૂર છે, કદાચ જીવન ચાલુ જીવાયા કરતું હશે તો પણ આ દિલદૃષ્ટિને વાંધો નહિ આવે, પણ રંગઢંગ ફરી જશે.

**(૫-૬) પાંચમી-છઠ્ઠી સાધના મહાવ્રત -સમિતિગુપ્તિ -પાલનની**, મહાસતી સીતા સાધ્વીજીએ હવે તો આ દિલ-દૃષ્ટિ બહુ ઉચ્ચ કોટિના નિર્મળ બનાવી દીધા છે. એટલે પંચમહાવ્રત-પાલન અને સમિતિગુપ્તિની સાધનાને જ જીવન બનાવી દીધું છે. એમાં ખાસ તકેદારી મન-વચન-કાયાના દંડથી બચી, એની ગુપ્તિના જ પ્રયત્નમાં રહેવાનું કર્યું છે. મુનિની ઓળખાણ એક પદમાં આ રીતે જ બતાવી છે ને ? શું બોલો છો ? **'જાવંત કેવિ સાહૂ...સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં'** જે કોઈ સાધુ હોય તે ત્રિવિધે ત્રિ-દંડથી વિરામ પામેલા સૌને નમસ્કાર કરું છું.'

**ત્રિ-દંડથી વિરામ પામેલા એટલે,** મનદંડ-વચનદંડ-કાયદંડને જેમણે અટકાવી દીધા છે. એક પણ વિચાર, એક પણ બોલ કે એક પણ ઇંદ્રિય-કાયા-ગાત્રની

પ્રવૃત્તિ એવી નહિ કે જે અસત્ માર્ગની હોઈ જીવને કર્મથી દંડે. ના, લેશ પણ પ્રમાદ નહિ, બિનસાવધાન નહિ, શબ્દ-રૂપ-રસ વગેરેનું કશું જ આકર્ષણ-આસક્તિ મનમાં જ નહિ, પછી વાણી-વર્તાવમાં તો ઊતરે જ શાનું ? આત્માના વિકારી ભાવો ક્રોધ-લોભ, મદ-માયા, હર્ષ-શોક, હાસ્ય-દીનતા, ઈર્ષ્યા-અસહિષ્ણુતા વગેરેને મનમાં ય ઊઠવા દેવાના નહિ પછી વાણી-વર્તાવમાં આચરવાની વાતે ય શી ? એવી લાગણી જ નહિ, પછી એક પણ બોલ કે એક મુખની રેખા યા આંખનો ભાવ જ શાનો ? આનું નામ ત્રિ-દંડથી વિરામ, નિવૃત્તિ જીવન સતત જિનવચનનું અધ્યયન અને અમલમાં જ વીતાવવાનું રાખ્યું હોય, પછી એ દંડને જગ્યા જ ક્યાં મળે ?

મહાસતીએ આમે ય સાંસારિક જીવનમાં શુભ ભાવમાં રહેતાં કેટલાય મન-વચન-કાયાના દંડને દેશવટો દીધો હતો, એને હવે સાધ્વી-જીવનમાં એ દંડોથી બચવાનું શું કઠિન હોય ? પૂર્વના જીવનની પછીના જીવન પર મોટી અસર પડે છે. માટે પછી કરવાની આશા મૂકી જે કરવાનું છે તે પૂર્વ જીવનમાં જ કરવાનું રાખો. બાકી પૂર્વ જીવનમાં,

**કેવા કેવા ઢગલો દંડ સેવ્યા હોય, (૧) મનથી** લખલૂટ પાપ વિચારો કષાયો, ક્રોધમાનાદિ, તુચ્છ જડનાં મૂલ્યાંકન એની પાછળ કાળી લેશ્યાઓ, મોહમય મનોરથો અભખરા ને આતુરતા, ઇત્યાદિ ઇત્યાદિ કચરા જ મનમાં ઘાલ્યા હોય; (૨) **વચનથી** દંડ રૂપે નિંદા, કુથલી, અસત્ય ભાષણ ગર્વિષ્ઠવાણી, ક્રોધના આવેશનાં બડફાં, પાપોપદેશ, પાપપ્રશંસા, અર્થ કામના ઉચ્ચારણ વગેરે વગેરે સેવ્યું હોય; (૩) **કાયાથી** દંડ રૂપે આરંભ-સમારંભની ધૂમ પ્રવૃત્તિ, પરિગ્રહની જાગતી ચર્યા, ઇંદ્રિયોને ઝટ વિષયમાં દોડાવવાનું, અભક્ષ્યભક્ષણ, અગમ્યગમન, અકાર્યકરણ, અન્યાય-દ્રોહ-સ્વાર્થાંધતાની પ્રવૃત્તિ; ઇત્યાદિ ઇત્યાદિ આચર્યું હોય...આમ ભરચક ત્રણે દંડ સેવી સેવી હૈયું દુષ્ટ-મલિન-સંક્લિષ્ટ રાખ્યું હોય, પછી આગળ પર ત્રિદંડથી બચવાની શી આશા રાખી શકે ? 'ના, અમે જીવનના છેલ્લા દિવસોમાં બધી લપ મૂકી દઈશું.' આવી આશા કે દાવો રાખે, એને ગમ નથી કે પૂર્વ જીવનના થોકબંધ સેવેલા ત્રિદંડ અર્થાત્ અસત્-દુષ્ટ-મલિન વિચાર-વાણી-વર્તાવથી આત્મા પર જમા થતા ગયેલા કુસંસ્કારના થોકના થોક ક્યાં મૂકી આવશે ? એ એનું કામ કર્યા વિના ક્યાં રહેવાના હતા ? અહીં પૂછો,-

**પછી ધર્મનો જોશ કેમ ન આવે ?**

**પ્ર.-** પણ પછી ધર્મનું જોશ આવી જાય, તો એનો સામનો કરી એને દબાવવાનું થાય ને ? પૂર્વે મોટા રાજા જેવાઓ કે અતિ દુષ્ટ માણસોએ પણ પોતાનાં જીવન નથી પલટ્યાં ?



ઉ.- જરૂર પલટેલાં છે, પરંતુ તમને શું તમારી જાત માટે લાગે છે ખરું કે તમારામાં એ જોશ આવી સત્ત્વ એવું વિકસી ઊઠશે કે જેમાં મન કહેશે 'તોડી નાખું કર્મની શૃંખલાઓ અને કુસંસ્કારના થોકને ! એ માટે તન-મન-ધન બધું જ તોડી નાખીશ ! માનાકાંક્ષાના ફૂરચા ઉડાવીશ !' શું લાગે છે મનમાં, આવું ઊભું થાય ? જાણો છો ને કે સંસાર તો આવો ને આવો જ ઊભો રહેવાનો ? એની વચ્ચે રહીને જ, આજે શું, કે ભવિષ્યમાં શું, કામ કરવાનું છે. તો આજે સંસારસંયોગોથી લહેવાઈ જવું છે, ને પાર વિનાના મનોદંડ વચનદંડ કાયદંડ સેવવા છે, તો શું ભવિષ્યમાં એવા જ સંયોગો અસર નહિ કરે ? દંડ નહિ સેવરાવે ? આજે સત્ત્વ નથી, કેળવવું ય નથી, ને ભવિષ્યમાં એ એમજ ઊભું થઈ જશે ?

**મોટા રાજાઓ અને દુષ્ટ પુરુષોને પછીથી** ધર્મજોશ કેમ આવ્યું ? અલબત્ત એમણે પૂર્વ જીવનમાં ત્રિ-દંડ સેવેલા ખરા, પણ તે ધર્મની અજાણ સ્થિતિમાં રહીને; એટલે જ્યાં ધર્મ સમજવા મળ્યો કે એ ધર્મનું સર્વોત્કૃષ્ટ મહત્ત્વ આંકીને ઊછળ્યા ! જોમ વિકસાવ્યું ! અને જીવન અનેરું બનાવ્યું !

**છતી ધર્મની સમજે, ઉપેક્ષા એટલે ? :-**

તમારે તો ધર્મની જાણવાળા રહી ધર્મ ઉવેખીને ત્રિ-દંડમાં રચ્યા પચ્યા રહેવું છે ! એનો અર્થ તો એ થવાનો કે હૃદય ત્યાં ઘેલું માન્યા કરશે કે 'ધર્મ તો છે છે ને છે જ. એ કાંઈ હમણાં કામ ન લાગે, હમણાં એનાથી બહુ લાભ ન થાય ઊલટું હાલ જો એને લઈ બેસીએ તો આપદા ઊભી થાય. માટે અત્યારે તો ચાલે છે એ ચાલવા દો. આ જ લાભકારી છે, આ જ સુખકારી છે, આ જ જરૂરી છે,'-આવા છૂપા ભાવ કામ કરી રહ્યા છે.

**મહત્ત્વ કોનું વધારે ? :-**

એમાં ધર્મ કરતાં ત્રિદંડ, મન-વચન-કાયાની અસત્ પ્રવૃત્તિ વધુ કિંમતી, વધારે લાભ કરનારી, વધુ જરૂરી લેખવાનું બન્યું રહે છે. આમ ચલાવી ચલાવીને ધર્મનું અવમૂલ્યાંકન થાય, ધર્મની બિનજરૂરિયાત અને આગળ વધીને નુકશાનકારિતા હૈયામાં લાગ્યા કરે છે. પછી ઘડપણે કદાચ ધર્મનો અવસર રાખ્યો તો પણ પેલી અવમૂલ્યાંકનાદિની વાસનાઓ જીવને ક્યાં છોડવાની હતી ? ધર્મ સામે ત્રિદંડના ગાયેલાં મહત્ત્વ, એ શે ભૂલાવના હતા ?

**દેવગુરુ ભક્તિ-આડે સ્વાર્થ :-**

દા.ત. પરમાત્માના પ્રક્ષાલમાં દૂધ લઈ જવાનું કે સુપાત્રદાનમાં દૂધ દેવાનું મન કર્યું, પણ ત્યાં ભક્તિ આડે નજર સામે આ તો રમ્યા જ કરવાનું કે 'મારે અને છોકરાને પીવાનું કેટલું રહે ? જીવ ! જોઈ વિચારીને કરવાનું છોકરા પોતરા વગેરે

પીનાર છે; મેમાન કોઈ આવ્યા ગયાઃ બપોરે ચાહ મૂકવા જોઈશે; વધારે ખરીદવાની જગા નથી; એટલે કેમ તો કે પ્રભુપ્રક્ષાલ કે સુપાત્રદાનમાં દદુડી મૂતરાવવાની ! ધર્મને ધરાર નીચા પાટલાનો ગણી ગણી ઊંચે પાટલે બેસાડેલા, અતિશય જરૂરી, મહત્ત્વના માનેલા અને લાભકારી લેખેલા ત્રિદંડનાં મમત્વ શે છૂટે ? શે નુકસાનકારી ને સત્યાનાશકારી મનાય ? એક વાત આ છે .

બીજી વાત પૂર્વે કહી એ કે મહાસાત્ત્વિક પૂર્વ પુરૂષોનાં ઓઠાં લેવાં છે, પણ એમાં એ જોવું છે ખરું કે આપણામાં એવું સત્ત્વ છે ? કે એકાએક ત્રિદંડ અસદ્ વિચાર-વાણી-વર્તાવના અંચળા ફગાવી દઈ મનને ધર્મમાં લયલીન, ધર્મસાધનામાં જ સજડ શ્રદ્ધા અને પુરુષાર્થવાળું બનાવી દેવાશે ? અંતે કોઈ જ અસત્ વિચાર, કોઈ એક પણ પાપબોલ, ને એક પણ પાપપ્રવૃત્તિ નહિ થવા દેવાય એવી માનસિક સ્થિતિ બનાવી દેવાનું જોમ સત્ત્વ દેખાય છે ખરું ? એની થોડી ઝાંખી પણ દેખાય છે ?

**સીતાએ પૂર્વ જીવનમાં કેવા ત્રિદંડ રોકેલા ?:-**

માટે ખરી રીતે એ ભરોસા મુકી દઈ, એ ઓઠું લેવાનું રહેવા દઈ, અત્યારથીજ અસદ્ વિચાર-વાણી-વર્તાવરૂપી ત્રિદંડ ઉપર જબ્બર અંકુશ મૂકતા આવવાની જરૂર છે. મહાસતી સીતાજીએ પૂર્વજીવનમાં એ કર્યું છે, મહેલવાસથી વનવાસમાં મુકાવા છતાં, ત્યાંથી રાવણ ઉપાડી જઈ લોભાવવા છતાં, અને નજરકેદમાં રખાવા છતાંય, તેમ આગળ વધીને ગર્ભિણી અવસ્થામાં ભયાનક જંગલમાં એકલા અટુલા તરછોડવા છતાં, એમણે નથી મન બગાડવા દીધું ! નથી કોઈ લવારા કાઢ્યા ! કે નથી કોઈ અનુચિત પ્રવૃત્તિ કરી ! એના રૂડા પ્રતાપ છે કે મહા અનુકૂળ સંયોગો ઉપસ્થિત થતાંય એ લોભાયા નહિ ! ચારિત્ર લીધું ! એ લીધા પછી મહા વૈરાગ્યથી સાધનામાં એવા લાગી ગયા કે મન-વચન-કાયાની કોઈજ પ્રવૃત્તિ કોઈ દંડ સેવવાની વાત નહિ.

**બીજી સાધનાઓ :-**

હવે તો એ ગુર્વાજ્ઞા માથે ધરીને સંયમના યોગોનું બહુ ઉચ્ચ કોટિનું પાલન કરે છે, સમિતિ-ગપ્તિમાં બરાબર ખબરદાર રહે છે, શાસ્ત્ર-સ્વાધ્યાયમાં ચિત્ત લયલીન રાખે છે અને રસત્યાગ, અભિગ્રહો તથા તપસ્યામાં જબ્બર પુરુષાર્થ ફોરવે છે.

સંયમયોગો, શાસ્ત્રમગ્નતા અને ત્યાગ-તપનું જ જીવન બની જાય તો પછી આત્માની ઉન્નતિમાં શું બાકી રહે ? દોષ-અતિચાર લગાડ્યા વિના સંયમયોગો ગમનાગમનમાં સાવધાની, ભાષા તદ્દન નિરવદ્ય-નિષ્પાપ-ભિક્ષાચર્યા અને આહાર-ગ્રહણમાં એક પણ દોષ લાગવા દેવો નહિ, લેવા-મૂકવામાં ક્યાંય સૂક્ષ્મ પણ જીવને સહેજ પણ પીડા ન પહોંચે એ માટે વારંવાર પ્રમાર્જના, સમ્યગ્ વિચાર-વાણી-વર્તાવમાં ઓતપ્રોત રહેવાનું, આવશ્યક ક્રિયાઓ શુદ્ધ અખંડ બનાવવાની ઈત્યાદિમય



જીવન ચાલે ત્યાં અનાદિરૂઢ અજ્ઞાન-મૂઢ-ઘસારે પડવા માંડે ને ? સતત શાસ્ત્રમગ્નતા-સ્વાધ્યાય સદ્આલંબનમાં એવા સુંદર પકડી રાખે છે કે અસત્માં મન જવાની પણ જગા નથી રહેતી. ત્યાગ અને તપસ્યા કાયા-ઈન્દ્રિયો વગેરેની ગુલામી-આસક્તિ-મૂલ્યાંકનને હેઠા ઉતારે છે.

**સીતા સાધ્વીજી ૧૨મા દેવલોકના ઈંદ્રપણે :-**

મહાસતી સીતાસાધ્વીજી આ બધી સાધનાઓમાં એવા જોરદાર રકત બની ગયા કે છેવટે અંતિમ અનશન-સંલેખનાની કષ્ટમય સાધનાને પણ સહજ જેવી વધાવી લીધી. અરિહંતાદિ પંચ પરમેષ્ઠીના ધ્યાનમાં આયુષ્યપૂર્ણ કરી, એ ત્યાંથી બારમા દેવલોકના ઈંદ્ર-અચ્યુત ઈન્દ્રપણે જન્મ પામ્યા !! કેટલી જોરદાર સાધના, ને કેવી એમાં ઓતપ્રોતતા હશે ?

સીતાજીના જીવન પ્રસંગોનો વિચાર પૂરો થાય છે. એના અવલંબને આત્મવિકાસના અનેકાનેક માર્ગ વિચારવામાં આવ્યા છે. સુખશીલતા, અહંત્વ, વિષયરાગ, મિથ્થા કલ્પના-ધોરણો વગેરે મૂકી એ માર્ગો ખૂબ આરાધો એજ એક શુભેચ્છા. જિનાજ્ઞા વિરુદ્ધ કહેવાયું હોય તેનો મિચ્છામિ દુક્કડં.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૧,અંક-૨૧,તા.૧૨-૨-૧૯૮૩

## પ્રભાવક પૂર્વજોની યશોગાથા : સીતાજી

**चिरसंचियपाव-पणासणीइ भवसयसहस्स-महणीए ।**
**चउवीस जिण-विणिग्ठा कहाइ वोलंतु मे दियहा ॥**

જૈન શાસનમાં શ્રાવકજીવનમાં પણ રોજ ઉભય ટંક કરવાની પવિત્ર આવશ્યક પ્રતિક્રમણ ક્રિયાનું મુખ્ય સૂત્ર 'વંદિત્તું' સૂત્ર એ ગણધર ભગવાનની રચના છે. વૈ. સુદ ૧૧ ભગવાન મહાવીર સ્વામીએ શાસનની સ્થાપના કરી. ગણધર મહારાજાને ત્રિપદી આપી એના પરથી ગણધર મહારાજાએ અંતર્મુહૂર્તમાં દ્વાદશાંગી રચી, એમાં ૧૪ 'પૂર્વ' શાસ્ત્ર રચ્યાં ! કેટલું અગાધ જ્ઞાન ! અને એ સમયં કેવોક અલબેલો કે જે ગણધર હૃદયમાં અગાધ દ્વાદશાંગી અને જે સમયે ચૌદ 'પૂર્વ' સ્ફુરી આવ્યા એવા એ અલબેલા સમયમાં જ 'વંદિતુ' સૂત્ર સહિત આવશ્યક સૂત્રો સ્ફુરી આવેલા ! ત્યારે એ આવશ્યક સૂત્રોના પદ પદનું કેટલું બધું અગાધમહત્ત્વ ! તો એમાં જ રચાયેલા વંદિત્તું' સૂત્રના પદ પદની કેટલી મોટી મહત્તા !

"ગુણવંતા ગિરુઆ, વાણી મીઠી રે ગણધર તણી"

એટલે જ 'વંદિત્તુ' સૂત્રમાંની 'ચિર સંચિય....' વાળી ગાથા પણ એવી એક અલબેલી રચના છે ! ત્યારે એનો આપણા માથે ભાર બોજ કેટલો ? આપણે મન એનું મહત્ત્વ કેટલું ? ગણધર ભગવાન દ્વાદશાંગીના અને એમાં વિશાળ ચૌદ 'પૂર્વ' નામના શાસ્ત્રોના રચયિતા છે. એ કાંઈ અજાુગતા બિનજરૂરી કે મામુલી વચન કાઢે નહિ. એ તો મહાગંભીર અર્થપૂર્ણ વચન બોલે. એમણે આ 'ચિરસંચિય' ગાથા ઉચ્ચારણથી એમાં કેટલો બધો ગંભીર ભાવ ભર્યો હોય ? એનું મહત્ત્વ કેટલું બધું હોય ?- ગાથા કહે છે,

"દીર્ઘકાળના એકત્રિત કરેલા પાપકર્મોનો વિધ્વંસ કરનારી અને લાખો ભવોનું મથન કરનારી ૨૪ જિનેશ્વરોથી નીકળેલી ધર્મકથાઓમાં મારા દિવસો પસાર થાઓ"

આવી ભાવના શ્રાવક ભાવે છે. મનને એમ થાય કે 'શો આ ધર્મકથાઓનો પ્રભાવ ! અલ્પ કાળનાં ધર્મકથાઓનાં શ્રવણ દીર્ઘકાળના પાપ તોડી નાખે !'

**પ્ર.**- શું ધર્મકથાઓમાં આટલી બધી તાકાત છે ?

**ઉ.** - હા, કારણ એ છે કે (૧) એક તો તીર્થંકર ભગવાને અર્થથી અને ગણધર ભગવાને સૂત્રથી ધર્મકથાઓની આ ફલશ્રુતિ કહી છે કે ધર્મકથાઓ દીર્ઘકાળના પાપોનો નાશ કરે છે, અને લાખો ભવોની પરંપરાને તોડે છે; પછી એમના કહેવા પર શંકા જ શાની કરાય કે શું ધર્મકથાઓમાં આ તાકાત ?

(૨) બીજું કારણ એ છે કે ધર્મકથાઓ મહાપુરુષોના જે આત્મપરાક્રમોને રોચક શબ્દોમાં વર્ણવે છે, એ સાંભળતાં શ્રોતાના દિલમાં ભવ્ય ભાવોલ્લાસ જાગે છે, ભવ્ય શુભ અધ્યવસાયો પ્રગટે છે, અને શુભ ભાવોલ્લાસ શુભ અધ્યવસાયોની એ તાકાત છે કે દીર્ઘકાળના એકત્રિત કરેલા કેઈ પાપકર્મોનો નાશ કરી દે ! પાપકર્મોની નિર્જરા કરી આપે ! અહીં પ્રશ્ન થશે કે

**અલ્પકાળના શુભ ભાવથી દીર્ઘ કાલોપાર્જિત પાપો કેમ નષ્ટ થાય ?**

**પ્ર.**- પાપકર્મો તો દીર્ઘકાળ સુધી અશુભ પ્રવૃત્તિઓ અને અશુભ અધ્યવસાયોથી એકઠા કરેલા, એનો નાશ કરવાની તાકાત થોડો જ કાળ ધર્મકથા શ્રવણ કરી શુભ અધ્યવસાય કર્યા એમાં શી રીતે હોય ?

**ઉ.**- થોડો કાળ કરેલા શુભ અધ્યવસાયોમાં આ તાકાત માનવી જ પડે ! નહિતર આત્માએ જેટલા દીર્ઘકાળ અશુભ અધ્યવસાય કર્યો, એટલા દીર્ઘ કાળ શુભ અધ્યવસાય કરે તો જ પેલાના પાપકર્મો નાશ પામે' એવો નિયમ બનાવવા જતાં તો,આત્માનો કદી મોક્ષ જ ન થાય, કેમકે આત્મા પર પાપકર્મો તો પૂર્વના અસંખ્ય કાળ સુધી અજ્ઞાનતા-અવિરતિ-કષાયો વગેરેના લીધે બંધાયેલા પડ્યા છે. હવે



એટલા અસંખ્યકાળ સુધી શુભ અધ્યવસાયો કે જેમાં વિરતિ અને ઉપશમ ભાવના અધ્યવસાય પણ આવે, એ કરવાના હોય તો એ કરવાની જગા જ ક્યાં છે ?

**કયા અવતારમાં એટલા દીર્ઘકાળ સુધી એ વિરતિ વગેરેના શુભ અધ્યવસાય કરી શકે ? કોઈ એનો અવતાર નથી.**

અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના અવતારમાં મિથ્યાત્વ અવિરતિ વગેરેના અશુભ અધ્યવસાય લમણે લખાયેલા છે. એ એવા શુભ અધ્યવસાય કરી જ શી રીતે શકે ?

ત્યારે સંજ્ઞી પંચેન્દ્રિય દેવ-નારકના અવતારોમાં અસંખ્ય કાળના આયુષ્ય છે, પરંતુ તે ય સળંગ ઉપરાપર એવા અવતાર થઈ શકતા નથી; તેમજ એક અવતારમાં પણ દેવ-નારક સમ્યક્ત્વ સુધીના શુભ અધ્યવસાય સુધી પહોંચી શકે છે, કિન્તુ તેથી ઉપરના વિરતિ ભાવ અને પૂર્ણ ઉપશમ સુધી પહોંચી શકતા નથી. એટલે પૂર્વ દીર્ઘ કાળ તથા આ અવતારમાં અસંખ્ય કાળ સેવેલ અવિરતિ અને કષાયોના અશુભ ભાવથી બંધાયેલા જંગી કર્મોનો બીજા ક્યા તેટલા દીર્ઘ અસંખ્ય કાળના અવતારમાં વિરતિભાવ તથા ઉપશમ કેળવીને નાશ થઈ શકે ? આત્મા પર ચીપકેલા જંગી પાપકર્મોનો નિકાલ ક્યા એવા દીર્ઘ કાળ સુધી કરેલા શુભ ભાવે થઈ શકે ?

ત્યારે અસંખ્ય વર્ષના મનુષ્ય અને તિર્યંચના અવતારો હોય છે પરંતુ એમનામાં ય વિરતિભાવ અને તેવો ઉપશમભાવ આવી શકતો નથી, એટલે ત્યાં પણ પૂર્વના દીર્ઘ કાળના સમગ્ર પાપ કર્મ તોડવાને અવકાશ જ નહિ. બાકી સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચ પણ સર્વવિરતિભાવ પામી શકતા નથી, એટલે ત્યાં પણ પૂર્વના દીર્ઘ કાળના અવિરતિ વગેરેથી બંધાયેલા પાપકર્મોનો સંપૂર્ણ નાશ કરવાની જગા નહિ.

હવે રહ્યો સંખ્યાતા વર્ષના આયુષ્યનો એક માનવ અવતાર, એમાં સર્વવિરતિભાવ અને સંપૂર્ણ ઉપશમ આવી શકે. હવે જો પાપકર્મ બાંધવાનો કાળ અને પાપકર્મ નષ્ટ કરવાનો કાળ એ બેનો જો સંખ્યાની તુલનાથી નિયમ બાંધીએ કે 'જેટલા દીર્ઘ અસંખ્ય કાળ સુધી અશુભ ભાવોથી પાપકર્મ બાંધ્યે ગયા, તેટલા જ દીર્ઘ અસંખ્યકાળ સુધી શુભ ભાવો કરે, તો જ પેલાના એકત્રિત પાપકર્મો આ દીર્ઘ કાળના શુભ ભાવોથી નષ્ટ થઈ શકે.' તો તો સંખ્યાતા વર્ષના મનુષ્ય અવતારમાં પણ પેલા અસંખ્ય કાળના એકત્રિત કરેલા પાપ કર્મો નષ્ટ કરવાને અવકાશ જ ક્યાં છે ? ત્યારે પાપકર્મ સંપૂર્ણ નષ્ટ થયા વિના મોક્ષ શી રીતે થવાનો હતો ?

સારાંશ, જેટલા દીર્ઘ અસંખ્ય કાળ સુધી અશુભ અધ્યવસાય અશુભ ભાવો દ્વારા પાપકર્મ ઊભા કર્યા તેટલા જ દીર્ઘ અસંખ્ય કાળ સુધી શુભ અધ્યવસાયો શુભ

ભાવો કરો તો જ પેલા દીર્ઘકાળના એકત્રિત કરેલા પાપકર્મ નાશ પામી શકે,'- એ નિયમ ખોટો છે. એ નિયમ હોય તો તો કદી મોક્ષ થાય જ નહિ. જ્યારે, જીવનો મોક્ષ તો થાય છે જ, એ હકીકત છે; ને સર્વ કર્મક્ષય થયા વિના મોક્ષ બને જ નહિ. મોક્ષનો અર્થ જ આ છે કે સર્વકર્મથી મુકાવું, સર્વકર્મથી છુટકારો, સર્વકર્મ ક્ષય, એ બને જ કેવી રીતે ? પૂર્વોક્ત વિચારણા જોતાં આ ફલિત થાય છે કે સર્વકર્મ ક્ષય તો જ બની શકે કે થોડા કાળના પણ શુભ અધ્યવસાયમાં યાને શુભ ભાવમાં આ તાકાત હોય કે એ દીર્ઘ અસંખ્ય કાળના પણ એકત્રિત કરેલા કર્મોનો ધ્વંસ કરી શકે. તમને થશે કે,

**પ્ર.**- દીર્ઘ કાળ સુધી કરેલા અશુભ ભાવથી ઉપાર્જેલ કર્મો અલ્પકાળ સુધી કરેલા શુભ ભાવ દ્વારા નષ્ટ થાય એ શું અજુગતું અસંગત નથી લાગતું ?

ઉ.- કુદરતના ભાવો જોતાં અસંગત નહિ લાગે; એના દાખલા જુઓ.

**અલ્પ દેખાતી વસ્તુથી મહાનાશના દાખલા :-**

(૧) ઉનાળાના ૩-૪ મહિના સુધી ધુમધોખ તાપથી તપેલી ધરતી અને તપેલું વાતાવરણ ચાર દિવસના ધોધમાર વરસેલા વરસાદથી ઠંડગાર થઈ જાય છે !

(૨) દીર્ઘકાળ સુધી મહેનત કરીને ઊભો કરેલો મોટો ઘાસનો ગંજ અલ્પ અગ્નિના સંયોગથી બળીને સાફ થઈ જાય છે !

(૩) દીર્ઘકાળ સુધી ચાલેલા વૈરને સંતના કોઈ અદ્ભુત ઉપદેશથી આણેલા હૃદય-પરિવર્તનમાંથી ઊઠેલો મૈત્રીભાવ શાંત કરી દે છે !

(૪) અનંત અનંત કાળ સુધી સેવેલા લોભને અલ્પ કાળ સાંભળેલા સંતના ઉપદેશથી જાગેલો વૈરાગ્ય અને ભવ ભ્રમણ-ભય હત પ્રહત કરી નાખે છે !

(૫) ઈમારત ઊભી કરવા માટે કેટલો બધો સમય લાગે છે ! પરંતુ એને જમીન દોસ્ત કરવા માટે અલ્પ સમય જ બસ છે !

તો પછી શુભ અધ્યવસાયની આ તાકાત પર જ આત્માનો શીઘ્ર ઉદય કેવો થાય છે, એ મરુદેવા માતા, ભરત, બાહુબલિ, સુદર્શનશેઠ, નાગકેતુ....વગેરે મહા વિભૂતિઓનાં જીવન જોતાં સમજાય એવું છે.

એટલે જ આવા ઊંચા માનવ-જનમમાં હૃદય શુભ અધ્યવસાયોથી ભર્યું ભર્યું રાખવા જેવું છે. એમાં ય ખાસ કરીને મૈત્રી આદિ ભાવો અને જિનભક્તિ તથા વૈરાગ્યના અધ્યવસાય હૃદયમાં રમતા રહે, એ ખૂબજ આવશ્યક છે. એનું કારણ એ છે કે,

**દિલમાં અશુભ અધ્યવસાય ઊઠે છે એ મોટા ભાગે મૈત્રી આદિ કે જિનભક્તિ યા વૈરાગ્યના શુભ ભાવ ભૂલીએ છીએ માટે ઊઠે છે.**



ત્યારે મહાપુરુષોનાં જીવન જોઈએ તો દેખાય કે એમણે વૈરાગ્ય અને મૈત્રીભાવ કરુણાભાવ વગેરે શુભ ભાવો કેવા વિકસાવેલા ! હૃદયને શુભ ભાવોથી કેટકેટલું ભર્યું ભર્યું રાખેલું કે એવી એમના જીવનમાં ઉત્તમ પ્રવૃત્તિ અને ઉત્તમ વૃત્તિઓ રહી હતી ! વિચારણા ઉત્તમ, બોલ ઉત્તમ, અને કાયિક વર્તાવ ઉત્તમ ! આ બધું મહાન વિભૂતિઓનાં જીવન-ચરિત્રથી જાણવા મળે છે. વારંવાર આ સાંભળવાથી આપણા હૃદય પર એની સારી અસર પડે છે. શુભ ભાવોની છોળો ઊછળે છે. તેથી જ અહીં 'ચોવીસ તીર્થંકર ભગવાનના મુખ કમળમાંથી નીકળેલી ધર્મકથાઓ વડે મારા દિવસો પસાર થાઓ,'- એવી શ્રાવક ભાવના કરે છે. કેમકે એથી જે શુભ ભાવો શુભ અધ્યવસાયો દિલમાં રમ્યા કરે એનાં મુખ્યપણે રૂડાં ફળ બે,-

**શુભ ભાવોનાં બે ફળ,-**

(૧) દીર્ઘકાળ સુધી એકત્રિત કરેલાં પાપકર્મોનો નાશ. ને,

(૨) લાખો ભવોની પરંપરા પર કાપ.

આમાં પહેલું ફળ કેમ એ વિચાર્યું. હવે બીજા ફળનો વિચાર કરીએ તો 'પંચસૂત્ર' શાસ્ત્ર કહે છે કે

**શુભ ભાવોથી પૂર્વના અશુભ અનુબંધો તુટે છે.**

**'અશુભ અનુબંધો' એટલે** અશુભ ભાવો, યાને હિંસાદિની દુર્બુદ્ધિ રાગાદિ કષાયો, દુર્ધ્યાન, અસમાધિ વગેરે જગાડવાની બીજ-શક્તિ.

પૂર્વના ભવોમાંથી આપણે આવી બીજ શક્તિ એટલે કે આવા અશુભ અનુબંધો ભરપૂર લઈને આવ્યા છીએ; એટલે જ આપણને એના પ્રભાવે દુર્બુદ્ધિ અર્થાત હિંસા જાુઠ અનીતિ વગેરેની પાપબુદ્ધિ, રાગાદિ કષાયો, આર્તધ્યાન વગેરે જાગ્યા કરે છે. આમ એ અશુભ અનુબંધો ઊભા હોય એટલે એવા અશુભ ભાવો થયા કરે, અને એથી ભવની પરંપરા વધે છે. ત્યારે જો ધર્મકથાઓ સાંભળી સાંભળીને શુભ ભાવો જગાડવા દ્વારા અશુભ અનુબંધોને તોડીએ, તો એ પાપ બુદ્ધિ કષાયો વગેરે જાગતાં અટકે, અને એથી ભવની પરંપરા ન વધે, બલ્કે અહિંસા સત્ય વગેરે ધર્મની બુદ્ધિ, ક્ષમા-નમ્રતા-વૈરાગ્ય વગેરે ઉપશમભાવ, અને સદ્ વિચારણા, શુભ ધ્યાન વગેરે જાગતા રહેવાથી ભવની પરંપરા કપાય.

**શુભ ભાવોથી ભવપરંપરા કેમ કપાય ? :-**

એ તો હકીકત છે કે સામાન્ય રીતે,

જો દુર્ગતિનો ભવ મળે તો ત્યાં પાપબુદ્ધિ પાપ કાર્યો અને રાગ દ્વેષાદિ કાષાયિક ભાવો ભરચક રહ્યા કરવાનાં. એથી ઊલટું

જો સદ્ગતિનો ભવ મળે તો સદ્બુદ્ધિ-ધર્મબુદ્ધિ-ધર્મપ્રવૃત્તિ અને વૈરાગ્યાદિ

શુભ ભાવોની સુલભતા રહેવાની.

હવે જો શુભ અધ્યવસાયો કરી કરી શુભ અનુબંધો અર્થાત પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જીએ, તો એથી સદ્ગતિનો અવતાર મળે અને એમાં ધર્મબુદ્ધિ ધર્મપ્રવૃત્તિની સુલભતા રહે; ને તેથી પાછી સદ્ગતિ મળે અને સત્કાર્યોની સુલભતા થાય....એમ સદ્ગતિની પરંપરા ચાલવાથી દુર્ગતિની પરંપરામાં જ લાંબી ભવપરંપરા રહે, એ હવે સ્થિતિ નહિ; તેથી કહેવાય કે

**'શુભ અધ્યવસાયોથી ભવની પરંપરા કપાઈ.**

**ભવની બક્ષીસ :-**

આ જગતમાં જીવને ભવની બક્ષીસ એવી છે કે સામાન્ય રીતે સદ્ગતિના ભવમાં ધર્મબુદ્ધિ-ધર્મ કાર્યોની સુલભતા. દુર્ગતિના ભવમાં પાપબુદ્ધિ અને પાપકાર્યોની સુલભતા. એટલે ?

એક વખત જો દુર્ગતિના અવતારમાં પડ્યા તો ત્યાં સહેજે સહેજે હિંસાદિ પાપબુદ્ધિ પાપકાર્યો અને રાગદ્વેષાદિ પાપ ભાવોમાં રુલી જવાનું થાય. એથી પછી આગળ અવતાર કેવો મળે ? કહો, દુર્ગતિનો અવતાર. એમાં શું કરવાનું થાય ? એમજ પાપબુદ્ધિ વગેરે. એટલે શું ચાલ્યું ? દુર્ગતિના ભવોની પરંપરા ! એથી ઊલટું, જો સદ્ગતિનો અવતાર અહીં મળ્યો છે એમાં સદ્બુદ્ધિ યાને અહિંસાદિ ધર્મની બુદ્ધિ તથા રાગદ્વેષની શક્ય એટલી અટકાયત અને ક્ષમાદિ શુભ ભાવો રાખ્યા કરીએ, એ માટે જિનભક્તિ-સાધુસેવા-જિનવાણીશ્રવણ તથા દાન-શીલ-તપના સુંદર સુકૃતો સેવ્યા કરી, ફરીથી સદ્ગતિનો અવતાર ઊભો કરીએ, તો એમાં પાછી સદ્બુદ્ધિ સત્પ્રવૃત્તિ અને શુભ ભાવો સેવવાના મળે, અને એથી ફરી પાછી સદ્ગતિ મળે...એમ સદ્ગતિની પરંપરા ચાલવાથી લાંબી ભવપરંપરાને અવકાશ ન રહે. માટે જ જ્ઞાનીઓ આપણને ચેતવે છે, સાવધાન કરે છે, કે-

**દુનિયાના અસાર પદાર્થો ખાતર હૈયું ન બગાડો, હૈયામાં અશુભ ભાવ ન ઘાલો,**

નહિતર એના પર જો દુર્ગતિનો અવતાર એકવાર ઊભો કરી એમાં ચાલ્યા જવાનું થયું, તો પછી ત્યાં અને આગળ ઉદ્ધારને અવકાશ નહિ રહે; કેમકે દુર્ગતિના અવતારમાં પાપબુદ્ધિ અને પાપકાર્યો જ સુલભ; ને તેથી આગળ પણ દુર્ગતિના અવતાર સર્જાવાના.

માટે જ બહુ દુન્યવી પદાર્થોના મોહ અને બહુ દુન્યવી પ્રવૃત્તિમાં રચ્યા પચ્યા ન રહો; નહિતર એમાં હૈયું બગડેલું ને બગડેલું રહ્યા કરશે ને એથી ભવાંતર બગડીને ભવની પરંપરા વધી જશે ! એટલે જ અહીં 'ચિર સંચિય' વાળી ગાથામાં



શ્રાવકનું આ મહાન કર્તવ્ય બતાવે છે કે એ ભગવાનના શ્રીમુખેથી નીકળેલી ધર્મકથાઓમાં દિવસો પસાર કરવાની હંમેશા ભાવના રાખે. પછી આ ભાવના રહ્યા કરે એટલે સહેજે એ ધર્મકથાઓ વાંચવા સાંભળવાનો રોજનો કાર્યક્રમ રાખે. એટલે જ આપણે પ્રભાવક પૂર્વ પુરુષોની યશોગાથા ગાવાનું અર્થાત્ એમના ઉત્તમ જીવન પ્રસંગો વિચારવાનું રાખ્યું છે. હવે આપણે મહાસતી સીતાજીના ઉત્તમ જીવન પ્રસંગો જોવા છે. એમાં પહેલાં સૌથી મહત્ત્વનો એક પ્રસંગ જોઈએ. એ પ્રસંગ જીવનના પાછળના પ્રસંગોમાં આ એક પ્રસંગ છે, કે-

જ્યારે સીતાજીએ દિવ્ય કર્યું અને અગ્નિ ભરેલી મોટી ખાઈ પાણીનું સરોવર બની ગયું ! અને હવે રામચંદ્રજી લક્ષ્મણજી વગેરે વિનવે છે કે 'ચાલો અયોધ્યામાં, ને ઘણા દુઃખોના અંતે હવે મહેલમાં નિરાંતે સુખમય જીવન પસાર કરો;' ત્યારે મહાસતીના મનમાં એમ નથી થતું કે 'હાશ ! ચાલો દુઃખના દહાડા ગયા. તો મહેલમાં રહી આનંદ મંગળ કરીએ. લોકોમાં પણ આપણો ખૂબ યશ ફેલાયો છે. સત્કાર સન્માન ખૂબ વધી ગયા છે. હાશ ! હવે ઠરીઠામ બેસવાનો અવસર આવી ગયો.' ના, આવું મનમાં નથી આવતું, પરંતુ સંસાર ત્યાગ કરી કષ્ટમય ચારિત્ર લેવાના ભાવ જાગ્યા છે; તેથી કહી દે છે, 'મારે હવે અયોધ્યામાં નથી આવવું. હું તો હવે ચારિત્રમાર્ગે જઈશ.'

રામચંદ્રજી કહે છે 'આવું કેમ બોલો ? અલબત અમે તમારો મહાન અપરાધ કર્યો છે, તમારા પર અપકાર કર્યો છે; છતાં તમે મોટું મન રાખી એને માફ કરો. રીસ ન રાખો.'

સીતાજી કહે 'તમે આ શું બોલ્યા ? તમે અપકારી શેના ? તમે તો મારા મહાન ઉપકારી છો.'

રામ કહે, 'આમ કટાક્ષમાં શું કામ બોલો ?'

સીતાજી કહે "કટાક્ષ જરાય કરતી નથી આ તો વાસ્તવિક હકીકત છે તે હું કહું છું. તમે ઉપકારી એ રીતે છો કે જો મારા દિલમાં તમે હતા તો આ અગ્નિ પાણી થઈ ગયું. મારા દિલમાં જો તમારા બદલે બીજો કોઈ હોત, તો તો આ અગ્નિનું પાણી નહિ, પણ સીતાની રાખ થઈ ગઈ હોત. મારા દિલમાં તમે રહેલાના પ્રતાપે અગ્નિ પાણી થઈ જાય ને હું બળી ન જાઉં, એ તમારો મારા પર ઓછો ઉપકાર છે ?" સીતાજીની આ કેવી કૃતજ્ઞ દૃષ્ટિ છે ! આપણે આના પરથી એ બોધપાઠ લેવાનો છે કે,

**પ્રભુના પરમ ઉપકાર કયાં કયાં ? :-**

આપણે અરિહંત ભગવાનને આપણા દિલમાં ધરીએ તો,

(૧) મહાન ધર્મક્રિયાઓ સ્થિર ચિત્તે થાય છે;

(૨) ધર્મસાધના અને ક્ષમાદિ ગુણોની સાધનાની પ્રેરણા મળે છે;

(૩) શુભ અધ્યવસાયો શુભ ભાવનાઓ ઉલ્લસિત બને છે;

(૪) પુણ્યાનુબંધી પુણ્યની કમાઈનો લાભ મળે છે,-ઇત્યાદિ લાભ જો પ્રભુ આપણા અંતરમાં હોય તો મળે છે, તેથી એ બધું થવામાં પ્રભુનો પરમ ઉપકાર છે, માટે 'પ્રભુ આપણા પરમ ઉપકારી છે' આ આપણી હાર્દિક દઢ માન્યતા જોઈએ. પ્રભુને પરમ ઉપકારી માનીએ તો પછી આપણે કાંઈ પણ સુકૃત કર્યું એમાં આપણી વડાઈ માનવાનું ગુમાન ન રખાય; ઊલટું સુંદર સુકૃત કરી શક્યા એમાં પ્રભુનો પરમ ઉપકાર થયો માની એની કૃતજ્ઞતારૂપે પ્રભુની કોઈ સેવા કરવાનું મન થાય; કમમાં કમ વંદના તો કરાય જ. એટલે જ જુઓ પ્રતિક્રમણ સૂત્ર 'વંદિત્તુ'માં છેલ્લી ગાથામાં 'વંદામિ જિણે ચઉવીસં' કહ્યું 'ચોવીસ જિનેશ્વર ભગવાનને વંદના કરું છું, કેમ વંદના ? તો કે પાપોની આલોચના-નિંદા-ગર્હા-સંતાપ થયા, પ્રાયશ્ચિત્ત થયું, એમાં પ્રભુનો પરમ ઉપકાર છે; માટે કૃતજ્ઞતારૂપે કમમાં કમ પ્રભુને વંદના કરવાની.

પ્રભુનો ક્યાં ઉપકાર નથી ? પ્રભુથી આ શાસન પામ્યા, મોક્ષમાર્ગ પામ્યા, એની સાધના પામ્યા, અરે ! રોજ સવારે અરિહંત દર્શનનો મહાન લાભ પામીએ છીએ એમાં પણ પ્રભુ એવા અરિહંત થયા માટે પામીએ છીએ. તેથી દર્શનમાં પ્રભુ તો પરમ ઉપકારી છે.

દર્શન કરતાં પ્રભુને કહીએ,- 'અહો ! અહો ! પ્રભુ તમે અરિહંત થયા તો જ આજે હું અરિહંત દર્શનનો મહાન લાભ પામું છું. કેટલો બધો આપનો ઉપકાર !'

એમ સ્તુતિ અભિષેક-તિલક ધુપ-દીપ આદિ પૂજા ચૈત્યવંદન વગેરે બધામાં પ્રભુનો પરમ ઉપકાર મનાય, અને એની કૃતજ્ઞતારૂપે પ્રભુની સેવામાં ભંડારમાં કાંઈ દ્રવ્ય નખાય. ઠેઠ નિગોદમાં બહાર નીકળવાથી માંડીને પ્રભુના પરમ ઉપકાર યાદ આવે. પહેલો ઉપકાર તો આપણને આ ઉત્તમ માનવ અવતાર મળ્યો એ છે, એમાં પ્રભુનો પરમ ઉપકાર છે, કેમકે ગત ભવમાં પ્રભુને દિલમાં ધારી સારા ભાવ રાખ્યા, સારાં સુકૃત કર્યાં, એથી પુણ્ય બંધાઈને એના ઉદયમાં આ ઉત્તમ અવતાર મળ્યો, પછી આરોગ્ય મળ્યું. પાંચે ઇન્દ્રિયો પૂર્ણ મળી, ખાનપાન હામ-દામ-ઠામ મળ્યા, હોશિયારી આવડત મળી, એ બધામાં એ જ રીતે પ્રભુનો પરમ ઉપકાર છે, એટલે વારે વારે પ્રભુનો ઉપકાર યાદ આવે.

**પ્રભુને દ્રવ્યાર્પણ એ પ્રભુ પર ઉપકાર કર્યો ? :-**



ત્યારે જો હૃદયથી પ્રભુના પરમ ઉપકાર યાદ કરાય, પ્રભુની સેવામાં કૃતજ્ઞતારૂપે આપણું કેટકેટલું દ્રવ્ય અર્પિત કરતા રહેવાય ? એમાંય ખાસ ધ્યાન આ રાખવાનું કે પ્રભુની સેવામાં અર્પિત કરાય એ પણ બધું પ્રભુ પર પાડ ચડાવવા નહિ, કિન્તુ પ્રભુના ઉપકારનો યત્કિંચિત બદલો વાળવા યાને કૃતજ્ઞતા બજાવવા અર્પિત કરીએ છીએ, એમ મનાય. પછી ત્યાં અભિમાન ન રખાય કે 'મેં આંગી રચાવી,' મેં મંદિર રિપેરિંગ કરાવી આપ્યું,' 'મેં મંદિરને બારણા કરાવી આપ્યા બારણા પર ચાંદી ચોડાવી આપી.' આ બધા ગુમાન ખોટા છે.

**ડાહ્યો દીકરો બાપનું કરે એ બાપ પર ઉપકાર કર્યો નથી માનતો, પરંતુ બાપના ઉપકારની કૃતજ્ઞતા બજાવી માને છે.**

ડાહ્યો દીકરો બાપની રૂમને રંગકામ કારવી દે, એમાં કાંઈ ગુમાન નથી કરતો કે મેં બાપાજીની રૂમ રંગાવી આપી;' તેમ કાંઈ ત્યાં તક્તી નથી લગાડતો કે 'આ રૂમનું રંગકામ ભાઈએ કરાવી આપ્યું; કેમકે એ સમજે છે કે 'આમાં હું કાંઈ બાપની ઉપર ઉપકાર નથી કરતો; કેમકે બાપાજીએ તો મારા પર એટલા બધા મોટા અને અનેકાનેક ઉપકાર કર્યા છે, કે એની સામે કૃતજ્ઞતારૂપે આ કાંઈ વિસાતમાં નથી. હું બાપાજી પર ઉપકાર કરનારો શાનો ? તક્તી શાની લગાઉં ? અને બહાર ગાતો શું ફરું ? હું બાપાજીના અસંખ્ય ઉપકારની પ્રત્યે આ તો નહિવત્ કૃતજ્ઞતા બજાવું છું. એમાં તક્તી શાની ? ને ગાવાનું શું ?'

બસ, એ જ રીતે પ્રભુના અસંખ્ય પરમ ઉપકાર યાદ આવ્યા કરે તો પછી પ્રભુની સેવામાં ધન લગાવીને તક્તી મરાવવાનું ન કરાય. આજે તક્તીનો મેનિયા ચાલી પડ્યો છે, કેમ જાણે આ બધાઓ પ્રભુ પર ઉપકાર કરવા નીકળી પડ્યા છે ! પ્રભુની ગાદી નીચે કે બારણા પર નામ લખાવાય કે 'આમણે આ કરાવી આપ્યું,' એ નામ લખાવવું એ કેટલું બધું બેહુદું છે ? અલ્યા ! તું પ્રભુ પર ઉપકાર કરનારો ?

એમ આ જો આપણા મન પર આવી જાય કે 'પ્રભુના મારા પર એટલા બધા અગણિત ઉપકારો છે કે એની સામે મારી પ્રભુસેવા કાંઈ વિસાતમાં નથી. આ તો પ્રભુના એક કૃતજ્ઞ સેવક તરીકે હું દરિયામાં ખસખસ જેટલી સેવા કરું છું. એટલો પણ પ્રભુ પ્રત્યે મને કૃતજ્ઞભાવ દર્શાવવા આ મને અવસર મળે છે એ મારું અહોભાગ્ય છે. બાકી પ્રભુ અરિહંતના પ્રભાવે હું ઠેઠ નિગોદમાં થઈ નીકળી જે આટલે બધે ઊંચે સુધી ચડ્યો, અને અહીં જે ધર્મસમજ પામી કેટલા ભયંકર દોષો અને ભયંકર પાપકૃત્યોથી બચ્યો, એ પ્રભુના ઉપકારનાં મૂલ્ય શે અંકાય ?

આ અનંત ઉપકાર ખાસ ધ્યાન પર રાખવા જેવા છે. જેથી એની કૃતજ્ઞતારૂપે

આપણાં તન-મન-ધન અરિહંતદેવની સેવામાં નિષ્કામભાવે પૂરેપૂરા જોડી દેવાની ધગશ રહે.

સીતાજી રામચંદ્રદજીને આ બતાવી રહ્યા છે કે 'મારા દિલમાં માત્ર તમે હતા તો જ આવડી મોટી ખાઈની આગનું પાણી થઈ ગયું એટલે આ તમારો મારા પર ભારે ઉપકાર છે.

રામચંદ્રજી સાંભળીને ચકિત થઈ ગયા, સીતાજીની આ ઉમદા લાયકી પર ભાવ વધી ગયો, પ્રેમ વધી ગયો. પરંતુ એનું એક પરિણામ કેવું વિચિત્ર આવ્યું તે જુઓ !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૧,અંક-૨૨,તા.૧૯-૨-૧૯૮૩**

રામચંદ્રજી અને લક્ષ્મણ હવે સીતાજીને કહે છે,- 'આ ઉપકારની ગણતરી તમારા ઉદાર અને ઉમદા મનની છે. તમારા વીતી ગયેલા સંયોગો જોતાં આ ગણતરી કરવી એ બીજાનું ગજું નહિ. અસ્તુ હવે પધારો અયોધ્યામાં, બેસી જાઓ આ સોનાના રથમાં, અને મહેલમાં આવી હવે આનંદ મંગળ કરો.'

**સીતાજી મહેલમાં આવવા કેમ ના પાડે છે ? :-**

આ કેવી લોભામણી તક છે ! જંગલમાં એકલા અટુલા તરછોડ્યા હતા, અને તે પછીના કષ્ટ અનુભવ્યા છે. પૂર્વે પણ રામની સાથે બાર વરસ વનવાસનાં દુઃખ જોયાં છે, હવે ભારે સત્કાર અને સન્માન સાથે મહેલવાસના સુખમાં ઠરીઠામ બેસવાનું મળે છે. બે પુત્રો પણ એવા પરાક્રમી આવી મળ્યા છે, કે જે પાછા માતાના પૂરેપૂરા ભક્ત છે. છતાં સીતાજી અયોધ્યામાં આવવા ના પાડી પોતે ચારિત્ર લેવાનો પોતાનો નિર્ધાર પ્રદર્શિત કરે છે !

ત્યારે રામચંદ્રજી એ વધાવી લેતા નથી; ને સીતાજીને અયોધ્યામાં લઈ જઈ મહેલમાં બિરાજમાન કરવા અને સંસારમાં બેસાડી રાખવા પર આગ્રહી છે. વિચિત્રતા કેવી કે રામચંદ્રજી ચરમશરીરી છે, આ જ ભવમાં કેવળજ્ઞાન પામી મોક્ષે જનારા છે, એ ચારિત્રની ના પાડે છે ! એ વિચિત્રતા નથી ? કેમ આ વિચિત્ર પરિણામ ? કહો, સીતાજીની અત્યાર સુધીની લાયકીઓ પર લાયકીથી અને છેલ્લા છેલ્લા સીતાજીના એ ઉપકાર માનવાની ગણતરીમાં તરવરતા ઉદાર અને ઉમદા સ્વભાવથી એમના પર અત્યધિક સ્નેહ-પ્રેમ-સદ્ભાવવાળી બની ગયા છે. એ વધી ગયેલો સ્નેહ ને સદ્ભાવ સીતાજીને છોડવા દેતો નથી, અને ચારિત્રમાં અંતરાય ઊભો કરે છે ! એ વિચિત્ર પરિણામ નથી ?



સીતાજીએ કેમ આ ચારિત્રનો નિર્ધાર કર્યો એનું ગુપ્ત રહસ્ય જોવા જેવું છે.

**સીતાજીના ચારિત્ર નિર્ધારનું રહસ્ય :-**

સીતાજીને જ્યારે જંગલમાં એકાએક છોડી દેવામાં આવ્યા અને તે પણ પતિના જ આદેશથી ! ત્યારે એમણે આ વિચાર્યું હોવું જોઈએ કે

"અલબત્ત આ પરિસ્થિતિ સર્જાવામાં મારા પોતાનાં પૂર્વ કર્મ કામ કરી રહ્યા છે; પરંતુ વિશેષ કારણ તો એ છે કે, મેં સંસારવાસનાથી સંસાર માંડ્યો, ને માથે લૌકિક પતિ ધર્યા, તો જ આ દિવસ જોવાનો આવ્યો કે, પતિ દ્વારા જ મારી હકાલપટ્ટી થઈ ! માટે મૂળ પાયામાં સંસારવાસના જ ખોટી.....

"મારા ભગવાનની તો આજ્ઞા છે કે 'આઠ વરસની ઉંમરે જ ચારિત્ર લઈ લેવું જોઈએ જેથી સંસારના જાલિમ દુઃખો અને પારાવાર પાપોમાં ફસાવું ન પડે.' મેં પ્રભુની આ આજ્ઞા પાળી નહિ, ને સંસારમાં જાણી જોઈને પડી, એજ મારો અપરાધ, આ જાલિમ દુઃખનું કલંક ઊતરી જાય એટલે ચારિત્ર લેવું."-આ નિર્ધાર કર્યો હોય એટલે હવે અહીં મોકો આવ્યો છે, દિવ્ય કરીને કલંક ઉતારી દીધું છે, તો કેમ ચારિત્ર માટે તૈયાર ન થઈ જાય ?

મહેલમાં મહારાણી તરીકે રહેવા કરવા વગેરે એટલા બધા પ્રલોભનોની સામે આ ચારિત્રની ભાવનાથી પોતે ખૂબજ સ્વસ્થ છે, એમને હવે એ ભય નથી કે 'આટલી બધી રાજાશાહી સુખ-સંપત્તિમાં આરામથી રહેવાનું છોડી, હાય ! સાધ્વી જીવનનાં કષ્ટ શે ઊપડે !' આવો કોઈ ભય નથી. હવે તો નક્કી કર્યું છે કે,

**કષ્ટ વિના સિદ્ધિ નહિ.**

ચારિત્ર એટલે નિષ્પાપ જીવન, અને નિષ્પાપ જીવન એટલે અનંત કલ્યાણનું મહાસાધન, તેથી ચારિત્ર-જીવનમાં કષ્ટ ગમે તેટલા આવો, પણ જો ચારિત્રથી અનંત કલ્યાણ અનંત સુખ શાશ્વત કાળ માટે સિદ્ધ થાય છે, તો ચારિત્ર-જીવનનાં કષ્ટોથી ગભરાવાનું શું ? આ કષ્ટ ઉપાડ્યા વિના અનંત કલ્યાણની સિદ્ધિ થાય જ નહિ. કષ્ટ વિના સિદ્ધિ નહિ.

એમ તો સાંસારિક જીવનમાં કષ્ટો ક્યાં નથી ? છતાં કદાચ એમાં મોહવશ સુખ દેખાતા હોય તો ય, તે નાશવંત છે; અને વળી એ સાંસારિક જીવનમાં પાપોનો પાર નથી ! ત્યારે

**પાપો ઊભા હોય ત્યાં સુધી મોક્ષ થઈ શકે જ નહિ.**

એ તો નિષ્પાપ ચારિત્ર-જીવનથી જ મોક્ષ થઈ શકે, માટે એ જીવનમાં કષ્ટ ગમે તેટલા આવો, પરંતુ એ શાશ્વત અનંત સુખના મહાન લાભ અપાવનાર. એ

શાશ્વતા અનંત સુખની આગળ સાંસારિક અને સુખમય જીવન શી વિસાતમાં છે ? કષ્ટ વિના સિદ્ધિ નહિ એ સૂત્ર અનુસારે કષ્ટમય પણ ચારિત્ર જીવન અપનાવી જ લેવાનું.''

આવા નિર્ધાર કરી રાખ્યા હોય એટલે સુકોમળ શરીરવાળા પણ સીતાજી ચારિત્રનાં કષ્ટથી શાના ગભરાય ? અને અયોધ્યાના રાજમહેલના રાજાશાહી સુખોથી શાનાં લલચાય ? એ તો વનમાં તરછોડાવા વખતે સંસારનું જે માપ કાઢી લીધું, અને હવે આગળના કર્તવ્યનો વિચાર કરી લીધો, તે મુજબ જ કર્તવ્ય કરી લેવાનું. આ હિસાબ પર જ ચાલવાના દૃઢ નિર્ણયવાળા છે ! અહીં પ્રશ્ન થવો સંભવિત છે, કે-

**પ્ર.**- આ ભવિષ્યમાં ચારિત્ર લેવાનો નિર્ણય પૂર્વે વનમાં તરછોડવા વખતે જ લીધો હશે એમ શી રીતે કહી શકાય ? અત્યારે જ નિર્ણય ન કર્યો હોય ?

ઉ.- ના, આનું એક સમાધાન આ છે, કે પૂર્વે બાર વરસ પતિ સાથે વનવાસ ભોગવવો પડ્યો એમાં એમને એવો વૈરાગ્ય ન ઉછળ્યો કે 'આમ વનમાં ભટકવાનું કર્મે સરજાયેલું હતું, તો આનાં કરતાં ચારિત્રજીવન જ શું ખોટું ? માટે લાવ પતિની વનવાસ મર્યાદા પૂરી થાય, પછી મારે ચારિત્ર લેવું ? આવો વૈરાગ્ય ન ઉછળ્યો તેમ રાવણ એમને ઉપાડી ગયો ત્યાં પણ એમ ન થયું કે જો

છુટું તો ચારિત્ર લઈ લેવું; આવું નહિ થયેલું એ વનવાસ પછીના મહેલવાસના સાંસારિક જીવનથી દેખાય છે.

જ્યારે અહીં દિવ્ય કર્યા પછી સીધા ચારિત્ર જીવનનો નિર્ધાર જાહેર કરી ચારિત્ર લેવા ચાલ્યા જાય છે એ પરથી અનુમાન થઈ શકે કે એમણે જંગલમાં પોતાની હકાલપટ્ટી જોઈ ઊંચો વૈરાગ્યનો ભાવ કર્યો હોવો જોઈએ કે મૂળ સંસારવાસનાના પાપે આમ બનવા પામ્યું છે, તો હવે કલંક ઊતરી જાય એટલે તરત ચારિત્ર લઈ લેવું. કલંકવાળી સ્થિતિમાં ચારિત્ર લઉં તો જૈન ધર્મની લોકમાં નિંદા થાય. અજ્ઞાન મૂઢ લોક કહે કે 'જુઓ પરપુરુષને ત્યાં રહી આવ્યાથી પતિએ કાઢી મૂકી, એટલે બાવી બની ! ભલો આમનો જૈન ધર્મ કે પહેલાં કબાડું કરવું, અને પછી જગતમાં સત્કાર સન્માન મળે એવી દીક્ષા લઈ લેવી.'

આમ લોકમાં જૈન ધર્મની હલકાઈ થાય. જ્યારે કલંક ઉતરી જાય પછી લોક સમજે કે આ સાચી સતી છે એટલે પછી ચારિત્ર લેવામાં લોકને બોલવાનું ન રહે. જૈન ધર્મની નિંદા ન થાય'' સીતાજીએ આમ જંગલમાં તરછોડાવા વખતે જ ચારિત્ર લેવાનો નિર્ધાર કરી લીધો હશે; તેથી જ અત્યારે

દિવ્ય કર્યા પછી પતિનો પોતાના કૃત્યના ભારે પસ્તાવો,



સીતાજી પર રામનો હવે અધિક પ્રેમ-સદ્ભાવ, બે હીરા જેવા ગુણિયલ અને મહા શૂરવીરતાવાળા પુત્રો,

રાજાશાહી વૈભવ-વિલાસ, તથા

લોકમાં જગદંબા તરીકેના માન-સન્માન,

આ બધી મહા અનુકુળતાઓ મૂકી એકદમ જ ચારિત્ર લેવા કેમ નીકળી પડે ? પૂછો,-

**પ્ર.**- શું એવો સંભવ નથી કે ચારિત્રનો નિર્ધાર પૂર્વે જંગલમાં તરછોડવા વખતે નહિ, કિન્તુ અત્યારે દિવ્ય કર્યા પછી થયો હોય ? કેમકે અત્યારે મહા અનુકુળતા થઈ છતાં વૈરાગ્ય એ જોઈને ઊછળ્યો હોય કે જુઓ પતિ એકવાર જંગલમાં કાઢી મૂકે છે ! અને અત્યારે પસ્તાવો કરે છે ! કેવું સંસારનું નાટક ! એમ લોક એકવાર નિંદા કરતું હતું ! હવે જગદંબા કહે છે ! આ પણ કેવું સંસારનું નાટક ! માટે નાટકિયો સંસાર ખોટો, એટલે એ છોડી ચારિત્ર લઈ લઉં,' આમ વૈરાગ્ય અને ચારિત્ર-ભાવના અત્યારે જ થવા સંભવ નથી ?

ઉ.- હા, બીજા મહાપુરુષોનાં જીવનમાં એમ બન્યું છે, પરંતુ અહીં પરિસ્થિતિ જુદી છે. પતિ પસ્તાવો કરે છે એ પોતે લોકવચનથી ખોટા દોરવાયા હતા એનો પસ્તાવો કરે છે. આવો પસ્તાવો તો પ્રશંસનીય તત્ત્વ છે. એને સંસારનું નાટક ન કહેવાય. તેમ લોક પણ અત્યારે જગદંબા કહે છે. એ પણ સત્ય સમજવાથી, સીતાજીના સતીત્વના ગજબ પ્રભાવની અનુમોદના કરે છે, એ પણ સારું તત્ત્વ હોઈ એને સંસારનું નાટક ન કહેવાય.

તાત્પર્ય અત્યારે એકાએક ચારિત્ર-નિર્ધાર થઈ જવાનું અત્યારના સંસાર નાટક જોવા પર સંભવિત નથી. એટલે માનવું જ જોઈએ કે એમણે વનમાં તરછોડવા પર ચારિત્ર-નિર્ધાર કર્યો હોય.

આ એટલા માટે પણ સુસંભવિત છે કે પૂર્વના વનવાસના અને રાવણને ત્યાં કેદ પૂરાવાના કષ્ટ કરતાં લોકમાં નિંદાઈને જંગલમાં તરછોડાવાના અપમાન અને લોકનિંદાનું કષ્ટ અસહ્ય બનીને મનને કેઈ ગુણું મોટું લાગ્યું હોય. કોઈ પણ સજ્જનને મન આવા અપમાન તિરસ્કાર-હલકાઈનું કષ્ટ મોટું જ લાગે; કષ્ટ મહાભંયકર જ લાગે. એટલું જ નહિ પણ એની આગળ મોટા રાજાશાહી વૈભવ અને સુખ-વિલાસ વિસાતમાં ન લાગે.

સીતાજીને એમજ લાગ્યું હોય; તેથી મનને સહેજે થાય કે 'રાજાશાહી સંસાર સુખ વૈભવ લઈને શો સાર કાઢ્યો કે એમાં અંતે આ મહા નાલેશી અને અપયશ વહોરવા પડ્યા ? માટે હવે જો કલંક ઊતરી જાય, નાલેશી ફીટી જાય, તો પાછું

સંસારસુખ-વૈભવની વિષ્ટામાં મોઢું ઘાલવાની મૂર્ખાઈ ન કરવી; કિન્તુ એને તિલાંજલિ જ આપી દઈ પવિત્ર ચારિત્રજીવન જ અપનાવી લઉં.'

આમ (૧) 'મૂળ સંસારવાસનાના પાપ ઉપર જ જંગલમાં એકલા અટુલા તરછોડાવાનું આવ્યું, તેથી સંસારવાસના હવે છોડી દેવી' એ વિચાર પર, તેમજ

(૨) 'જંગલમાં તરછોડાવાના ભયંકર અપમાન અપયશ આગળ સંસારસુખ કશી વિસાતમાં નથી, તેથી હવે ફરીથી એવા કિંમત વિનાના સંસારસુખથી સર્યું. એમાં ગુલામ બનવાની મૂર્ખાઈ કરવી નથી.' આ વિચાર પર,

સીતાજીને જંગલમાં તરછોડાવા વખતે જ વૈરાગ્ય વધી ગયો હોય અને કલંક ઉતરવા પૂર્વક ચારિત્ર સ્વીકારનો નિર્ધાર કરી લીધો હોય, એ સુસંભવિત છે.

આવો ચારિત્ર-નિર્ધાર સહેલો નથી. આજે દુનિયામાં જુઓ કેટલાય માણસો શું ભારે પછાડ નથી ખાતા ? શું કોઈ એવી ફસામણીમાં નથી આવતા કે જ્યાં ભારે નાલેશી જોવી પડે ? છતાં એમાનાં કોને આ વિચાર આવે છે કે 'મૂળ સંસારવાસના પાપ પર આ પછાડ કે આ નાલેશી આવી છે, તેથી હવે પછાડમાંથી ઉંચો આવું યા નાલેશી હટી જઈ પુનઃ યશ પ્રાપ્ત થાય ત્યારે સંસારવાસના અને સંસારનો ત્યાગ કરી મારે ચારિત્રજીવન અપનાવી લેવું ?' આવો વિચાર કરનારાઓ આજે ક્યાં છે ? એટલે જ સીતાજીનો ચારિત્ર-નિર્ધાર ખૂબજ પ્રશંસનીય અને આવકારદાયક છે. એ પરથી ધડો લઈ ક્યારેક જીવનમાં એવી કોઈ ભારે નાલેશી જોઈ સંસારથી અને ભોગ સુખોથી ઊભગવા જેવું છે, અને કાં સંસાર-ત્યાગપૂર્વક અથવા ચારિત્રજીવન, વૈરાગ્યવાસિત ગૃહસ્થજીવનમાં શક્ય એટલા ભોગ સુખોના ત્યાગમાં આવી જવા જેવું છે. અસ્તુ.

વાત એ હતી કે દિવ્ય કર્યા પછી સીતાજીએ અયોધ્યામાં આવવા ના પાડી દીધી, ચારિત્ર લેવાનો નિર્ધાર પ્રગટ કરી દીધો, ત્યારે રામ-લક્ષ્મણ વગેરે એમને અયોધ્યામાં પધારવા બહુ વિનવે છે. એ વખતે સીતાજી જુઓ કેટલો બધો તત્ત્વપૂર્ણ અને સચોટ દલીલવાળો ઉત્તર વાળે છે !-

સીતાજી કહે છે, 'તમે હવે ખોટા આગ્રહ ન કરો.

**જુઓ મેં અનંતા કાળમાં તો કર્મોની અનંતી તમાચ ખાધી, પરંતુ આ જનમમાં પણ ત્રણ ત્રણવાર કર્મોની ભયંકર તમાચ ખાધી, તો હવે ચોથી તમાચ ખાવાનો મારે મોખ નથી.'**

**સીતાજીને કઈ ત્રણ કર્મ-તમાચ ? :-**

સીતાજી કહે છે "જુઓ આજનમમાં કર્મોની મોટી ત્રણ તમાચ આ રીતે ખાધી,-



(૧) "હું પિતાજી જનકરાજાના ઘરેથી પરણીને આવી ત્યારે મનને ઉમળકો હતો કે 'કેવું મારું અહોભાગ્ય કે દુનિયાની કોઈ કન્યાને ન મળે એવા મહાયશસ્વી દશરથનંદન મને પતિ તરીકે મળ્યા ! ચાલો હવે એમની સાથે મહેલવાસમાં આનંદ મંગળ કરીશ.'

"પરંતુ કર્મે મને આ તમાચ ઠોકી કે 'આમ આવ, આમ આવ, મહેલવાસમાં તારે આનંદ મંગળ કરવા છે ? લે જા તને વનવાસનાં કષ્ટ દેખાડું છું' એમ કરી મહેલવાસ મુકાવી વનવાસ દેખાડ્યો !

(૨) "ત્યારે બીજી ભયંકર તમાચ કર્મે આ ઠોકી, કે વનવાસ મળવા છતાં હું રોવા ન બેઠી, પણ મન વાળ્યું કે

'ભલે મહેલવાસ ગયો પરંતુ પતિ તો મારી સાથે છે. હું ક્યાં મહેલને કે મહેલની સુખ-સગવડને પરણી હતી ? હું તો પતિને પરણી હતી અને સો ટચના સોના જેવા મારા પતિદેવ તો મારી સાથે જ. જેની સાથે હૃદયના સંબંધ બાંધ્યા એ મારે જો સલામત તો સબ સલામત. મહેલાત, નોકરચાકરો, હીરા માણેક, રાજાશાહી ખાનપાન, અને વાહનો વગેરે સાથે હૃદયના સંબંધ બાંધ્યા નહોતા, એટલે એ બિનસલામત થયા તો મારું શું ગયું ? પતિ સલામત છે તો મારે સબ સલામત છે.'

આમ મન વાળ્યું ત્યારે કર્મે બીજી તમાચ આ ઠોકી કે 'આમ આવ, પતિ તારા સલામત તારી પાસે છે ? લે, જો,' એમ કરીને મને રાવણ પાસે ઉપડાવી ! કર્મની આ તમન્ના ક્યાં મારે પતિ મારી પાસે સલામત રહ્યા ?

(૩) "ત્રીજી કર્મની ભયંકર તમાચ એ પડી કે તમે આવીને રાવણ સાથે યુદ્ધ કર્યું, રાવણ મરાયો, અને તમે મને લઈને અયોધ્યામાં મહા સામ્રાજ્ઞીના પદે બેસાડી ત્યારે મને એમ થયું કે હાશ ! મારે હવે દુઃખના દહાડા ગયા.' ત્યાં ભયંકર કર્મે ત્રીજી તમાચ આ લગાવી કે 'આમ આવ, તારે દુઃખના દહાડા ગયા ? લે જો, એ બધા દુઃખોને ટપી જાય એવું તારા પતિ પાસે જ અપમાનિત રીતે જંગલમાં એકલી અટુલી હકાલપટ્ટી કરાવવાનું મહાભયંકર દુઃખ દેખાડું છું.' એમ કરી જંગલમાં મને તરછોડાવી.

"આમ કર્મોની ૩-૩ તમાચ ખાધી. હવે તમે કહો છો 'ચાલ અયોધ્યામાં' અને હું ચાલું એનો અર્થ પણ એ કે મારે ત્યાં મહેલમાં બેસી કર્મની ચોથી તમાચ ખાવા ગાલ તૈયાર રાખવો.

"માફ કરો અનંતા જન્મોમાં કર્મોની મેં અનંતી તમાચો ખાધી. હવે તમાચ ખાવાનો મોખ નથી.

"કર્મો મને શું તમાચો ઠોકતા હતા ? હું જ જિનશાસનના અહિંસા-સંયમ-તપથી કર્મોને તમાચે તમાચા ઠોકીશ અને કર્મોને સદાને માટે ભગાડનારા અહિંસા-સંયમ-તપથી રવાના કરી દઈશ. એટલે જ હું એ માટે ચારિત્ર પંથે જાઉં છું."

સીતાજીનો આ કેવો ઉત્તમ વિવેક ! એમના ત્રણે મુદ્દામાંથી બોધપાઠ લેવા જેવો છે.

**ત્રણ મુદ્દામાંથી બોધપાઠ**

(૧) પહેલા મુદ્દામાં સીતાજીને જીવનભર મહેલવાસના આનંદ-મંગળનો વિશ્વાસ હતો, એ વિશ્વાસનો ભંગ થયો. કર્મ વિશ્વાસમાં રહેલા જીવનો કેવો વિશ્વાસઘાત કરે છે. એ જોવા મળે છે. કર્મ વળી એક જાતના નથી હોતા, કર્મ એટલે એ કે પુણ્ય કર્મ, એ ભાતભાતના હોય છે. દા.ત. પહેલું તો માનવ જન્મનું મહા પુણ્ય, એમાંય આયુષ્યનું પુણ્ય, આરોગ્યનું પુણ્ય, બળ-શક્તિનું પુણ્ય, પૈસાનું પુણ્ય, આબરુનું પુણ્ય, ખાનપાનનું પુણ્ય, સ્વસ્થ બુદ્ધિશાળીવાળા મગજનું પુણ્ય, વેપારમાં નફાનું પુણ્ય, સારો પરિવાર મળવાનું પુણ્ય, સારા નોકર મળવાનું પુણ્ય, સારા પાડોશી મળવાનું પુણ્ય, સારો રાજા સત્તાધીશ મળવાનું પુણ્ય....આમ કેઈ રકમનાં પુણ્ય હોય છે. એમાનું એકેક પુણ્યકર્મ કેવો કેવો વિશ્વાસઘાત કરે છે, એ આ જગતમાં દેખાય છે.

દા.ત. જીવનમાં જનમનાં પુણ્યના ભરોસે બેઠો હોય અને જોતજોતામાં માનવજન્મ ઉપડી જાય છે ! આયુષ્યના પુણ્યના ભરોસે બેઠો હોય કે મારે હજી ઘણું જીવવાનું છે, પરંતુ એકાએક આયુષ્ય ખુટે છે ! ધનના પુણ્યનો વિશ્વાસે બેઠો હોય અને એકાએક ધન ગુમાવવાનું થાય છે ! બળના ભરોસે બેઠો હોય અને એકાએક કોઈ રોગાદિ કે અકસ્માત આવીને બળ-શક્તિ ક્ષીણ થઈ જાય છે !....

**આમ જોઈએ તો જેટલાં પુણ્યકર્મ એ બધાના દરેકના વિશ્વાસઘાત જુદા જુદા. આવા અનેકાનેક વિશ્વાસઘાતનો ભોગ બનતો જીવ કેવી પામર ને કંગાળ દશાવાળો કહેવાય ?**

**ત્યારે કહો, કર્મો તરફથી વિશ્વાસઘાતો જો હૈયાને ખરેખર ખટકતા હોય તો સંસારમાં સુખે જીવી શકાય ?**

માનો કે દુકાનમાં ૨૫ નોકર હોય અને એમાંનો દરેકે દરેક વર્તમાનકાળના હિસાબે વિશ્વાસઘાતી સ્વભાવનો છે એમ ખબર પડી, તો પછી શેઠ સુખે જીવી શકશે ? એને ક્ષણ પણ ચેન રહે ?

તો પછી તમે સુખચેનમાં જીવી શકો છો ને ? શાથી ? આ પૈસા-પત્ની-માલ-મિલકત-સગાસ્નેહી.....યાવત્ તમારી કાયા અને કાયાનું એકેક અંગોપાંગ



ક્યારે બગડી બેસે એનો ભરોસો નથી, જરા જરાકમાં પૈસાને ધક્કો પહોંચે છે ! તો પત્ની યા પુત્ર-પુત્રીને રીસ ચડે છે. ત્યારે ઘરની કોઈ વસ્તુ બગડે છે ! કે દુકાનના માલના બજારમાં ભાવ નીચા ગગડી જાય છે ! અથવા જરા જરાકમાં હાથ દુખે છે, પગ દુખે છે, કમર તુટે છે, સગા-સ્નેહીને ખોટું લાગે છે. આ બધું શું છે ? બધું સારું ચાલશે એવા એના પરના વિશ્વાસનો ભંગ થયો. ત્યારે સવાલ આ છે, કે-

આવા વિશ્વાસઘાત કરનારાઓના ઘેરાવાની વચમાં તમે સુખ ચેનથી જીવી શકો છો એ શું હૈયાની ધિટ્ઠાઈ નથી કે 'ભલે વિશ્વાસઘાતી તો વિશ્વાસઘાતી, પરંતુ એનાથી આનંદમંગળ રહે છે ને ? બસ, એના વિશ્વાસઘાતને બહુ લેખામાં નહિ લેવાનો.' પત્ની રૂપાળી અને સેવાભાવી હોય પરંતુ કુલટા હોય છતાં જો પતિ આમ મન વાળે કે 'ભલે કુલટા તો કુલટા, પરંતુ એનાથી આનંદ મંગળ રહે છે ને ? તો એની કુલટાગીરીને મહત્ત્વ નહિ આપવાનું' આ મનવાળી ઠંડકથી બેસવું એ પતિની ધિટ્ઠાઈ છે. એવા પતિની સમાજમાં કિંમત કેટલી ? એમ અહીં દુન્યવી પદાર્થો અને પ્રસંગો વિશ્વાસઘાતક સમજવા છતાં એમાં હુંફ શાંતિ અને નિરાંત-નિશ્ચિન્તતા રાખવી, અને એની સાથે પૂરા સંબંધ રાખી જીવન જીવવું, એ શું ધિટ્ઠાઈ નથી ? જ્ઞાનીલોકમાં કિંમત કેટલી ?

એમ કહેશો કે 'બધું ય સમજીએ છીએ, પરંતુ થોડું જ એમ છુટે છે ?'

વાત સાચી, સર્વે સર્વા ન છુટે; પરંતુ આ વિશ્વાસઘાતક પદાર્થોમાંથી આત્માના હિતાર્થે ઉપયોગ થઈ શકે કે નહિ ? આંખ વિશ્વાસઘાતક છે, તો આંખથી સારામાં સારું પ્રભુદર્શન ખૂબ ખૂબ થઈ શકે ને ? ગુરુમુખદર્શન, ભાવથી સાધુદર્શન, થઈ શકે ને ? આંખથી શક્ય એટલું વધું શાસ્ત્રવાંચન થઈ શકે ને ? ક્યાં એની ગરજ જ છે ? આંખના સદુપયોગ હાલતાં ને ચાલતાં મળે એમ હોય છે. એમ જીભના કેટલા ય સદુપયોગ છે. પરંતુ એમાંના કેટલા કરો છો ?'લાવ આ જીભનો પણ ભરોસો નથી કે ક્યાં સુધી કામ કરે ? એનાથી જેટલું સારું સારું બોલાય, સારાં પ્રભુનાં સ્તોત્રો, શાસ્ત્ર-ગાથાઓ અને મહાપુરુષોનાં ગુણ-ગણ જેટલા બોલાય એટલા બોલતો રહું' આવી ધગશ રહે.

'જેના ભરોસે રહ્યા, જેના વિશ્વાસે બેઠા, એ આપણી ધારણા બહાર એકાએક બગડી જઈ યા ઊડી જઈ આપણા વિશ્વાસનો ભંગ કરનારા છે,' આ જો બરાબર હૈયે ઠસ્યું હોય, ને સદા નજર સામે તરવરતું હોય, તો તો આ આંખ જીભ જ શું એકેએક અંગોપાંગ કાન, હાથ, પગ, શરીર વગેરેથી અને પૈસા-પત્ની-પુત્ર-માલ-સામાન વગેરેથી શક્ય એટલો જિનભક્તિ સાધુસેવા; સાધર્મિકભક્તિ-સત્કાર,

જ્ઞાનભક્તિ,..... વગેરેમાં સદુપયોગ કરતાં રહેવાનું સહેજે બને.

સવારે ઊઠ્યા ત્યાંથી આ વિચાર કરો કે 'સીતાજી જેવા મહાપુણ્યવંતા સતી-રત્નને પોતે જ પુણ્યકર્મના વિશ્વાસે રહેલા તે કર્મ દગો દે છે, તો આપણા જેવા માટે કર્મ કયું વફાદાર હોય ? કે આપણી ધારણા મુજબ જ ટક્યું રહે ? ને આપણી સેવા બજાવતું રહે ?

**માત્ર આપણે જ શું, આખા જગત માટે કર્મ અને દુન્યવી પદાર્થો વિશ્વાસભંગ કરનારા છે; માટે જ એની સારાસારીમાં એનાથી શક્ય સુકૃતો-સાધનાઓ કરી લેવી જોઈએ.**

સીતાજીને પહેલી કર્મ તમાચ પડી તો હોંશ આનંદે પતિ સાથે મહેલવાસના સુખ ભોગવવાનો જે હિસાબ રાખેલો, એનો વનવાસના કષ્ટોના હિસાબમાં પલટો આવ્યો, એ કર્મની કેવી જોરદાર તમાચ પડી ! એમાં એ પુણ્યકર્મે વિશ્વાસભંગ કર્યો, એ બોધપાઠ મળે છે.

બીજી તમાચ વનવાસમાં રાવણે એમને ઉપાડ્યા, અપહરણકર્યું, એ હતી. જ્યાં રામ અને લક્ષ્મણ જેવા રક્ષણહાર હતા, વનવગડામાં બેમાંથી એક તો અવશ્ય પાસે રહી સીતાજીને એકલા અટુલા મૂકતા નહોતા. કર્મની કેવી જોરદાર તમાચ ?

અહીં રાવણે એવો પ્રપંચ રચ્યો કે દૂરથી જાણે કોઈ સજ્જન પર દુષ્ટનું આક્રમણ છે. એવો દેખાવ સમજી રામને પીડિતના રક્ષણ માટે લાંબે સુધી સુધી તાણ્યા, અને પછી રાવણે દૂર સિંહનાદ કર્યો એટલે સીતા લક્ષ્મણજીને કહે 'તમે દોડો, દોડો, જાઓ તમારા ભાઈ પર આપત્તિ લાગે છે. તો તમે તરત જઈને આપત્તિ હટાવો.' લક્ષ્મણ કહે 'મારા ભાઈનો કોઈ વાળ વાંકો ન કરી શકે એટલા બધા એ સમર્થ છે. તમે ચિંતા ન કરો. તમને આ વનવગડામાં સૂના કેમ મૂકાય ?'

સીતા કહે 'આ દુનિયામાં સમર્થને પણ માયા જાળના ભોગ બનવું પડે છે. તેથી તમે જલ્દી જાઓ અને માયાવીના ફંદામાંથી ભાઈને છોડાવી લાવો. મારી ચિંતા ન કરો. એટલામાં મને શી આફત આવવાની હતી ? અને મારું ગમે તે થાઓ, પરંતુ સ્વામીની સલામતી પહેલી જોવાની. માટે જાઓ જલ્દી ભાઈના રક્ષણ માટે.' મહાસતી કેવા સમયજ્ઞ છે !

અહીં રાવણે માયાજાળ પાથરવી, પહેલાં એકલા રામને ખસેડવા, પછી લક્ષ્મણને ખસેડવા,....એ બનાવે માણસે પુણ્યના ફળ પર રાખેલા વિશ્વાસનો કેવો ઘાત કર્યો ? સીતાજી સમજતા હોય કે અહીં જંગલમાં પણ મારે તો એકને બદલે બે સમર્થ રક્ષણહાર પાસે છે, પછી શી ફિકર ?' પરંતુ ફિકર વિના રહેવા મળે એ પુણ્યનું ફળ છે, એ પુણ્યનો વિશ્વાસ શો ? એના પર હવે અશુભ કર્મ ત્રાટકે



છે, તે કર્મ ક્રમશઃ રામ લક્ષ્મણ બંનેને સીતાજી પાસેથી ખસેડે છે, અને ત્યાં જ રાવણને ભિક્ષુકરૂપે હાજર કરે છે, આ બધું કર્મ કરે છે ! રાવણ સીતાજીની ઝુંપડી આગળ આવીને પોકારે છે 'મૈયા ! ભિક્ષા દે.' ભલા મનના સીતાજી લોટ કે રોટલો લઈ ઝુંપડીની બહાર આવે છે, અને ભિક્ષા દે છે, ત્યારે રાવણ સીધા એમને ઊંચકી વિમાનમાં નાખી ઉપાડી જાય છે !

પ્રપંચને કોણ પહોંચે ? કહે છે ને કે માયા મોટા બ્રહ્માને પણ છેતરી જાય ! ત્યારે સામાન્ય જીવ કોણ માત્ર કે ન છેતરાય ?

આવા માયા-પ્રપંચથી ભરેલા સંસારમાં સંયોગવશાત્ રહેવું પડે છતાં શું નિશ્ચિન્તતા હોય કે 'ચાલો બેસો નિરાંતે ? કેમકે હવે નિરાંતે ઠરીઠામ બેસવાનો અવસર આવ્યો છે.' સંસારમાં નિરાંતે ઠરીઠામ જે બેઠા એવા અનંતા જીવો ઠગાઈ ગયા. જ્યાં સંસારની એકેક વસ્તુ વિશ્વાસઘાતી, ત્યાં એવા વિશ્વાસઘાતીઓના જૂથના ઘેરાવા વચ્ચે નિરાંતે-નિશ્ચિન્તપણે બેસાય જ શી રીતે ?

**આ વિશ્વાસઘાત વસ્તુઓથી સંસાર ભર્યો ભર્યો છે. માટે જ જ્ઞાનીઓ સંસારને અસાર કહે છે.**

એને જો એવો ઓળખી લેવાય પછી એની એકેક વસ્તુની બહુ મમતા ન રખાય. એ મમતામાં આત્માનું હિત જે ધર્મસાધના અને ગુણસાધના, એ ન ચૂકાય.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૧,અંક-૨૩,તા.૨૬-૨-૧૯૮૩**

**આ ઊંચા માનવજનમમાં ધર્મસાધના અને ગુણસાધનાના** સોનેરી અવસર છતાં કોણ ચૂકાવે છે ? કહો, સંસારને અસાર તરીકે ઓળખ્યો નથી, ને વિશ્વાસઘાતક વસ્તુઓના વિશ્વાસે બેઠા છીએ, એ ચૂકાવે છે. નહિતર તો જો આ સમજતા હોઈએ તો તો મનને એમ થાય કે 'લાવ ત્યારે આ દુન્યવી પદાર્થ મને ઠગીને ચાલ્યા ન જાય કે બગડી ન જાય ત્યાં સુધીમાં દાન-શીલ-તપ જિનભક્તિ સાધુસેવા વગેરે ધર્મની અને વિનય ક્ષમા નમ્રતા વગેરે ગુણની સાધના કરતો ચાલું. સવારે ઊઠું ત્યારથી આ લગન રાખું કે ક્યાં ક્યાં આ ધર્મસાધના ને ગુણસાધના કરવા મળે છે ? અને એની સોનેરી તક મળતાં એ એને ઝડપી લઈ, તે તે ધર્મને ગુણ સાધવા માંડું.'

પૂર્વના મહાપુરુષો એટલે જ ધર્મશીલ અને ગુણશીલ બન્યા રહેતા હતા, સમજતા હતા કે સંસારના સંયોગો વિશ્વાસઘાતી છે માટે એ અનુકૂળ હોય ત્યાં સુધી એમાં આપણે બને એટલા ધર્મ કરવાના અને ગુણ કેળવવાના સ્વભાવવાળા

બન્યા રહીએ, અર્થાત્ ધર્મશીલ અને ગુણશીલ બન્યા રહીએ. અનંતા જનમ પાપશીલ અને દોષશીલ બન્યા રહ્યા, હવે જ્યારે અહીં આર્ય માનવજન્મ મળ્યો છે, જિનશાસન મળ્યું છે. તો એનો ઉપયોગ પાપશીલ મટી ધર્મશીલ બનવામાં જ સદુપયોગ છે.'

ચંદનબાળા ઊભે બજારે વેચાઈ હતી, ધનાશેઠને ત્યાં ખરીદાઈને આવી હતી, બાપના ઘરની રાજાશાહી વૈભવ વિષયો તો ગયા, માતાની સુંવાળી હુંફ પણ ગઈ, અને વણિકને ત્યાં એક વેચાણ કન્યા તરીકે આવી છે, દુઃખની હદ ? છતાં ક્યાંય હાયવોય ધમધમ કે કરુણ આક્રંદ નથી, કેમકે એ પાપ છે એમ સમજે છે. એણે તો બે વાત રાખી છે,-

(૧) એક પોતાના જ પૂર્વકર્મના વિપાક સમજી એ બાબતમાં તટસ્થપણું-ઉદાસીનભાવ-સ્વસ્થપણું રાખવું. 'ચાલતું હોય એમ ચાલવા દો,' એજ હિસાબ,

(૨) બીજું, સદા સર્વદા અરિહંત ભગવાનનું શરણ 'હું ભગવાનને શરણે છું. ભગવાનનું શરણ સ્વીકાર્યા પછી મારે શી ચિંતા રાખવાની ? મારું બધું મારા ભગવાન બધું સાંભળી લેશે. મારે ભગવાનને સંભાળવાનાં.'

બસ, દિલમાં આ બે ભાવ જોરદાર હોય પછી શું કામ દિલમાં કોઈ ક્રોધ-દ્વેષાદિ દોષ લાવે ? કે શું કામ કોઈ પ્રપંચનાં પાપ કરે ?

**ભગવાન અને જિનશાસન મળ્યું છે ને ? પછી અનાદિના દોષશીલતા અને પાપશીલતા અર્થાત્ દોષના સ્વભાવ અને પાપના સ્વભાવ પડતા મૂક્યા.**

ચંદનબાળાની ઉચ્ચ આત્મ-પરિણતિ મન પર લેવા જેવી છે. વિચારીએ તો લાગે કે એક વખતની રાજકુમારી, તે આવી ગુલામી દશામાં મૂકાય ? એમાં વળી ધનાશેઠની દ્વેષિલી ઈર્ષ્યાળુ પત્ની એનું માથું મુંડાવી પગમાં બેડી ઘાલી અને ભોંયરામાં પૂરી દે ? ને ત્યાં વળી ભૂખ્યા-તરસ્યા બેસી રહેવું પડે ? છતાં સહન શીલતા અદ્‌ભુત ! સમતા અદ્‌ભુત ! વિનય-નમ્રતા અદ્‌ભુત ! પ્રભુભક્તિ અજબ ! ભોંયરામાં જેઠ માસની ભારે ગરમીમાં પણ ત્રણ ત્રણ દિવસ ભૂખ્યા તરસ્યા રહેવા છતાં ખૂબ શાંતિથી મહાવીર પ્રભુનાં નામની અનેરી રટણા !

**જીવનમાં ધર્મશીલતા અને ગુણશીલતા તરવરતી હોય ત્યાં આ અદ્‌ભૂત વાતો પણ આવવી સરળ છે.**

**જીવનની સુવાસ પણ આ જ છે,**

નહિતર તો કાગડા-કૂતરા પણ જીવન જીવે છે, પણ એની શી કિંમત ? જીવનમાં આવી કોઈ ધર્મ કે ગુણની સુવાસ નથી લાવી, જન્મ જીવીને ફળમાં પરભવે આવી કોઈ કમાઈ નથી કરી જવી, તો શું આપણે પણ સુવાસ વિનાનું ને પાપો તથા દોષોની દુર્ગંધવાળુ જીવન જીવીએ ? અને જનમ એવો જ નિષ્ફળ



જવા દઈએ ?

સીતાજીને રાવણપ્રપંચ કરી ઉઠાવી ગયો, અને પોતાની અશોકવાટિકામાં આજુબાજુ ભારે ચોકી પહેરા વચ્ચે બેસાડી દીધી. જીવનની મઝા શી સમજ્યો હશે ? આમ કોઈની પત્નીને ઉઠાવી લઈ પોતાને ત્યાં ઘાલી દેવી. એમાં જ જીવનની મઝા જોઈ ને ? રાવણ ભડવીર છે, પણ કામવાસના ભડવીરને ય ભૂલાવે છે.

સીતાજીએ કર્મની પહેલી તમાચમાં વનવાસ મળ્યો ત્યાં મન વાળ્યું હતું કે 'મહેલવાસ ગયો ને વનવાસ આવ્યો તો ભલે આવ્યો હું ક્યાં મહેલ વાસને પરણી હતી તે એના જવામાં રોઉં ? હું તો પતિને પરણી છું તે પતિ મારા પાસે જ છે. પછી શી ફિકર ?' પરંતુ કર્મે બીજી તમાચમાં એમનું રાવણ પાસે હરણ કરાવ્યું.

ત્યારે હવે આ બીજી કર્મ તમાચમાં તો પતિ સાથેથી દુર થયા, તો રોવાનું ન થાય ? ના, સીતાજીએ ત્યાં પણ મન વાળ્યું કે મારા કે પતિના કોઈ પ્રયત્નથી પતિ દુર નથી થયા, પણ રાવણના અપરાધથી મારે પતિનો વિયોગ થયો છે.

**પતિનો વિયોગ છતાં મારે શીલનો વિયોગ નથી, શીલ મારી પાસે અખંડ છે, ચાલો, આ પણ મહાન આશ્વાસન છે.**

અને ભલે પરપુરુષ રાવણની કેદમાં છું, પરંતુ રાવણની તાકત નથી કે મારા શીલને આંચ પમાડી શકે !

સીતાજી આ શીલ-રક્ષાનો નિર્ધાર કેમ રાખી રહ્યા છે ? જાણે તો છે જ કે 'રાવણ એમને કેમ ઉપાડી લાવ્યો હોય ?' તો શું બળવાન શરીરવાળા રાવણના આક્રમણમાં અબળા સીતાજી શીલ સાચવી શકે ?

પરંતુ જુઓ સીતાજીએ અશોક વાટિકામાં મૂકાયા પછી જ્યારે રાવણ પહેલીવાર એમની પાસે આવ્યો ત્યારે આ મહાસતીએ પડકાર કર્યો છે કે 'જુઓ રાવણ ! સાડાત્રણ હાથ દુર રહી વાત કરજો. આ મર્યાદાની અંદર આવી કશું કરવા ગયા, તો સમજી લેજો કે તમારા હાથમાં સીતા નહિ આવે, પણ સીતાનું મડદું હાથમાં આવશે પછી તો મડદા ઉપર તો ગીધડા ઉજાણી કરે.'

સીતાજીની આમ તૈયારી હતી કે રાવણ એમના શરીરને અડવા જાય એ પહેલાં જીભ કચરીને મરી જવું; પછી બળવાન પણ રાવણથી એમના શીલનો ભંગ થાય જ શી રીતે ?

**ચંદનાની માતાનો શીલ ખાતર આપઘાત :-**

ચંદનબાળાની માતાને શું બન્યું હતું ? સૈનિક એમને જંગલના રસ્તેથી લઈ જતાં કહે છે, 'તમે ધણી વિનાના બન્યા, પણ ચિંતા ન કરશો. હું તમને મારી ઘરરાણી બનાવીશ.' બસ, આ સાંભળતાં જ આ મહાસતી ધારિણી ત્યાં જ જીભ

કચડીને આપઘાત કરે છે ! ત્યારે તો સૈનિક એ દેખી ગભરાઈ ગયો.

અહીં એક પ્રશ્ન ઊઠે,-

**ભાવી અનેક ધર્મ-સુકૃતોનું સાધનભૂત જીવન શીલ ખાતર કેમ જતું કરવું ?**

**પ્ર.**- શું આવી રીતે આ કિંમતી માનવજનમનો નાશ કરાય ? જો આપઘાત ન કરતાં જીવંત રહે, તો આગળ પર ઠેઠ ચારિત્ર સુધીની કેટલી બધી ધર્મ આરાધનાઓ, ગુણાભ્યાસો અને સુકૃત-સાધનાઓને અવકાશ રહે ?

ઉ.- આ હિસાબ ખોટો છે, કેમકે જ્યાં પહેલા પ્રાણ બચાવવા ધર્મના પ્રાણભૂત શીલની પરિણતિ નષ્ટ કરી, ત્યાં ધર્મ પરિણિત જ નષ્ટ થઈ ગઈ. 'શીલ જાઓ તો જાઓ, પ્રાણ ટકી રહો,' એમ મનમાં રહેવાથી પ્રાણ તો એક પૌદ્‌ગલિક ચીજ, એની આગળ શીલ જે આધ્યાત્મિક ચીજ, એને ગૌણ કરી !

**ધર્મનો એ ગૌણભાવ ઊભો રહેલો પછી શીલ ભાંગીને જીવી, આગળ ગમે તેટલો ધર્મ કરે, પરંતુ ગૌણ ભાવે જ રહેવાનો.**

કેમકે મન તો એનું એજ રહ્યું ને કે ભલે ભવિષ્યમાં ધર્મ માટે પ્રાણ બચાવ્યા, પરંતુ વર્તમાનમાં તો શીલ ધર્મની ગૌણતા કરીને પ્રાણને મુખ્યતા આપી એમાં 'પ્રાણ એ ધર્મ કરતાં કિંમતી' 'પ્રાણ વધુ મહત્ત્વના, ધર્મ ઓછા મહત્ત્વનો, આ માનસિક સ્થિતિ રહી.

આવી સ્થિતિ ન બને એટલા માટે જ મહારાજા કુમારપાળે નવરાત્રિમાં એક બોકડાનો ભોગ ન આપવા અને એમ કરી દયા ધર્મ બચાવવા ખાતર દેવીના પ્રકોપ સામે જીવતા બળી મરવાની તૈયારી કરી ! અહીં પણ ચંદનબાળાની માતા ધારિણી રાણીએ સુભટના હાથે શીલભંગની આગાહી સાંભળી જીભ કચડી મોત નોંતર્યું, એક જ કારણ, 'પ્રાણ કરતાં ધર્મ મુખ્ય જ રહેવો જોઈએ' એ જીવન સૂત્ર હતું.

ધારિણીના આપઘાતથી સુભટ ગભરાયો, કે 'રખે આની દીકરીને ય આમ કહું ને એય મરે તો ? આની દીકરી પણ આજ સત્ત્વવાળી હોય.' તેથી તરત જ દીકરી ચંદનબાળાને એ કહે છે, 'બેન ! તું આવું ન કરીશ. મરીશ નહિ હું તને ઘર રાણી નહિ કરું,'

શીલના સંરક્ષણ માટે સતીઓ આ પાવરધી હોય છે કે જરૂર પડે પ્રાણ જતા કરે, પરંતુ શીલને બરાબર સાચવે. પૂછો,

**પ્ર.**- એમ જાતે જીભ કચડતાં જીવ કેમ ચાલે ?

ઉ.- જીવ બે રીતે ચાલે કે,

(૧) શીલને જીવન જીવવાનો સાર દેખ્યો હોય છે. જો સાર હાથમાંથી જતો રહેતો હોય, તો જીવવાનું કામ નહિ એવો પક્કો નિર્ધાર સતીઓને હોય છે. પછી



ગમે તે રીતે આત્મ-હત્યા કરતાં આંચકો ન આવે.

**'શીલ એ જીવનનો સાર' એમ હૃદયમાં પાકું અંકિત હોય, તો શીલભંગ પહેલાં પ્રાણભંગ કરવો સહેલો લાગે.**

(૨) શીલ ખાતર સ્વતઃ પ્રાણ-ત્યાગ કરવાની હિંમતનું બીજું કારણ આ છે. કે એ શીલભંગની સામે નરકની અસંખ્ય વરસોની છેદન-ભેદનની કારમી વેદના જુએ છે. એવી દીર્ઘાતિદીર્ઘ કાળની કારમી વેદના નજર સામે રહેવાથી એ અટકાવવા શીલ-રક્ષાર્થે જીભ કચડી મરી જતાં કોઈ બહુ કષ્ટ લાગતું નહિ. સીતાજીની શીલ-રક્ષાર્થે આ તૈયારી હતી, આ હિંમત હતી. એટલે રાવણને પોતાની બહુ પાસે ન આવવા પડકારી શકે છે. ત્યારે રાવણ પણ મહાસતીના નિર્ધારને સમજી જાય છે.

**રાવણની મહાન પ્રતિજ્ઞા :-**

વળી રાવણને એક પ્રતિજ્ઞા પણ છે કે 'પરસ્ત્રી ઈચ્છે નહિ તો એનો ભોગ નહિ,' એટલે પણ રાવણ સીતાજીની બહુ પાસે આવતો નથી.

અહીં જુઓ રાવણની પણ આ એક કેવી ઉત્તમતા ! પોતાને કામનો આવેગ ભારી છે, પરંતુ 'પરસ્ત્રી માને તો જ એનો સંબંધ કરવાનો. નહિતર નહિ. સામે સીતાજી એક રૂપસુંદરી છે, છતાં જો એ ઈચ્છતી નથી તો પ્રતિજ્ઞા તોડવાની વાત નહિ,' એવી રાવણ દૃઢ ટેક જાળવે છે !

આ એક મહાન સત્ત્વ છે કે એકવાર પ્રતિજ્ઞા કરી, સંકલ્પ કર્યો, નિર્ધાર કર્યો, પછી એમાં દૃઢપણે ટક્યા રહેવાનું; પછી ભલે ગમે તેટલા ભય આવો કે ગમે તેટલા પ્રલોભનો આવો, પ્રતિજ્ઞાથી ડગવાની વાત નહી.

મનગમતી રૂપાળી યુવાન સ્ત્રી સીતા છે, વળી એકાંત છે, તેમજ વાતાવરણ પુષ્પમય વાટિકાનું છે, પુષ્પોને કામદેવનાં બાણ કહેવાય છે.

આવા કામોત્તેજક વાતાવરણમાં રાવણ પોતાની પ્રતિજ્ઞામાં ટકી રહે, એ એનું સત્ત્વ છે, એક પ્રશ્ન થાય,-

**પ્ર.** - જો સત્ત્વ હતું તો મહાસતી સીતાની છેડતી એમ બળાત્કારે તો કરવી નથી, તેમ સીતા માને એમ પણ નથી, એટલે અંતતો ગત્વા સીતાને પાછી સોંપી દેવાની રહે; પછી રાવણનો નાશ કેમ થયો ?

ઉ.- અહીં રાવણના નાશનું કારણ અભિમાન બન્યું.

**રાવણનું અભિમાન કેવું ? :-**

અભિમાન આ આવ્યું કે ''સીતા માનતી નથી તેથી મારા માટે એ નકામી છે. પછી અહીં રાખીને શું કામ છે ? સોંપી દઉં. પરંતુ એમ ને એમ સોંપી દઉં તો તો મારી નાલેશી થાય કે,-'જોયું ? રામ લક્ષ્મણ યુદ્ધ કરવા આવ્યા તેથી રાવણ

ગભરાઈ ગયો કે હું હારી જઈશ એમાં સીતા તો ગુમાવું પણ રાજ્ય પણ ગુમાવવાનું થાય, આ ગભરામણમાં રાવણે સીતાને સીધેસીધી સોંપી દીધી.'- આ મારી નાલેશી છે. શું હું હારી જવાની બીકથી સીતાને પાછી સોંપી દઉં છું ? જરાય નહિ. યુદ્ધમાં જીતી શકું છું. હજારો પરાક્રમી વિદ્યાધર રાજાઓને મેં જીતી લીધા છે તો આ રામ-લક્ષ્મણ કોણ માત્ર ? એમને યુદ્ધમાં હરાવી પકડી લાવીને રાજ્યસભામાં ઊભા કરી સીતાનું દયા દાન કરું જેથી લોકમાં કહેવાય કે 'ભાઈ જુઓ ! રાવણ ખરો શૂરવીર અને ઉદાર કે રામલક્ષ્મણ જેવાને એણે જીતી ય લીધા અને સીતાને શાહજોગ સોંપી દીધી !'

બસ, આ સ્વાભિમાન ઊંચું રાખવા માટે, સીતા પ્રત્યેની કામવાસનાને દબાવી દીધી છતાં, પોતાના વિનાશની કાર્યવાહી ઊભી કરી. કેવી ખુબી થઈ ? વિષય દબાયો ત્યારે કષાય જોર કરી ગયો. અભિમાન એ કષાય વળગ્યો રાવણને. રાવણને માટે સીતા હવે ઈષ્ટ વિષયની આસક્તિ છુટી, પરંતુ સ્વાભિમાન આવીને ઊભું કે 'સીતાને એમજ શી રીતે પાછી સોંપાય ? રામલક્ષ્મણને હરાવીને સોંપુ તો મારી નાલેશી ન થાય, શાબાશી મળે.'

**સંસારમાં જ્યાં વિષયોની અને કષાયોની શિરજોરી છે, ત્યાં જીવની શી કિંમત છે ?**

એણે તો એક યા બીજા વિષયની ગુલામી જ કર્યા કરવાની ! એક યા બીજા કષાયની પકડમાં જ ફસાયા રહેવાનું ! જીવ પોતે જાણે નમાલો તે ન વિષયોને દબાવી શકે, કે ન કષાયોને દૂર કરી શકે ! આ ગુલામીમાં જીવ શુ ખાટી જાય ?

ક્ષણિક વિષય-સુખ, ક્ષણિક કષાય-આનંદ, પરંતુ પછી ત્યાં સંતાપ, અને પરભવે ચિરકાળના ભવભ્રમણ ! તથા દુર્ગતિઓના કારમા દુઃખ ! આ જ ખાટવાનું ને ? રાવણ અભિમાન કરવા ગયો તો શું ખાટી ગયો ? સીતા ઉપરની આસક્તિ છોડી દીધી હતી, છતાં અભિમાનવશ ચોથી નરકમાં ઘસડાઈ જવું પડ્યું ! ત્યારે વિષયાસક્તિ કરતાં અભિમાન કેટલું ખંધું ?

**જાગૃતિનો બોધપાઠ :-**

આ પરથી શીખવા મળે છે કે સંસારમાં અમુક વિષયોનો રાગ છોડી દો અને એના ત્યાગના વ્રત નિયમના ધર્મમાં આવો, છતાં ધર્મનો સંતોષ વાળીને બેસાય એવું નથી; કેમકે હજી બીજા અનેકાનેક વિષયોના રાગ ઊભા છે, એ ય ખતરનાક છે, તેમજ ક્રોધ-અભિમાન-માયા હર્ષ-શોક-ઈર્ષ્યા....વગેરે કષાયો ઊભા છે, એ પણ ખતરનાક છે. એટલે જ હંમેશા મનને જાગૃતિ જોઈએ સાવધાની જોઈએ કે



'અહો આ વિષયો અને કષાયોનો જાલિમ રોગો નામશેષ કરનાર ધન્વંતરીવૈદ્ય તુલ્ય જિનશાસન મને મળ્યું ! તો હવે જિનશાસનરૂપી વૈદની દાન-શીલ-તપ-ભાવના તથા અહિંસા-સંયમ-તપ અને ક્ષમાદિ ૧૦ ગુણો, આ ત્રણ પ્રકારના ધર્મરૂપી દવાઓનો ઉપયોગ કરી, એ વિષયોના ને કષાયોના કારમા રોગોને હું કેમ હટાવતો નથી ચાલતો ? ને ઊલટું એ રોગોને, પરિગ્રહ વિષયો અને આરંભ-સમારંભના કુપથ્ય સેવન કરી, વધારી રહ્યો છું ? આ મારી કેટલી બધી મૂર્ખતા અને મૂઢતા ! જ્યાં ભવ્યાતિભવ્ય જિનશાસન મળ્યું છે, મહાપાવનકારી જૈનધર્મ મળ્યો છે, એવા

**આ મહાદુર્લભ જિનશાસન સાથેના મનુષ્ય-અવતારે જો સ્વાત્માનું વૈદું નથી કરવું અને આ ભવરોગો નથી ટાળવા તો જિનશાસન વિનાના કયા અવતારમાં આ મારા જાલિમ ભવરોગ ટાળી શકીશ ? અને અહીં જિનશાસનનો આ ઉપયોગ ન કરું તો જિનશાસન મળ્યાનો શો અર્થ' આ નિત્ય ચિંતા જોઈએ.**

એટલે જ મહારાજા કુમારપાળ આ વિચારતા રહેતા હતા કે પરભવે ભલે રાજ્યપાટ ન મળો, ગરીબી મળો, પરંતુ જૈનધર્મ જિનશાસન તો અવશ્ય મળજો જ મળજો; કેમકે એની સહાયે જ આ વિષય-કષાયના ભવના રોગ મિટાવી શકાશે.

સમકિતીની શ્રાવકમાત્રની આ રોજની ભાવના રહે કે 'જૈન ધર્મના સહારે મારા ભવના રોગ મિટાવતો આવું, વિષયોની લગન અને કષાયોના આવેશ કષાયોના આશય ઓછા કરતો ચાલું.'

રોજ ચૈત્યવંદન કરતાં જયવીયરાય સૂત્રમાં આ જ માગીએ છીએ, 'દુક્ખક્ખઓ કમ્મક્ખઓ....સંપજ્જઉં.' આમાં જે દુઃખનો ક્ષય માગ્યો એ કયા દુઃખનો ક્ષય ? શું દરિદ્રતા-વ્યાધિ-ગુલામી-મારપીટ વગેરે દ્રવ્ય દુઃખનો ક્ષય ? ના, આ વિષય કષાયરૂપી ભવરોગ કે જે ભાવ દુઃખ છે, એ દુઃખનો ક્ષય માગ્યો; કેમકે જીવને માટે ખરેખર દુઃખરૂપ અર્થાત ભાવદુઃખ રૂપ તો વિષય કષાયો છે; કેમકે જીવને કદાચ ગરીબી વ્યાધિ વગેરે દુઃખ ન હોય છતાં જો એનામાં અધિકાધિક વિષયોની આસક્તિનો તાપ છે, તેમજ ક્રોધ-મદ-માયા વગેરે કષાયોનો તાપ છે, તો જીવ એ સંતાપમાં દુઃખી જ છે. એટલે મોટી વસ્તુ વિષય-કષાયરૂપી ભવરોગ જ છે, ભાવદુઃખ જ છે. શ્રાવકને મોટી ચિંતા આ વિષય કષાયરૂપી ભવરોગ યાને ભાવદુઃખની હોય કે 'અહીં સુલભ બનેલા જિનશાસનના સહારે જો આ ભવરોગ જો આ ભાવદુઃખ નહિ ટાળું તો આ વિષય કષાય જનિત જાલિમ અશુભ કર્મો અને અશુભ અનુબંધોથી પરલોકમાં મારી કેવી ભૂંડી અવદશા થશે ?'

**શ્રાવકને આ પરલોક-ચિંતા** મુખ્ય હોય, એની દૃષ્ટિ પરલોક પ્રધાન હોય,

એટલે પ્રધાનપણે આજ જોતો રહે કે

**અહીં એવા વિષયસંગ અને કષાયભાવો ન સેવું કે જેથી પરલોકમાં મારે એના ગાઢ સંસ્કારોના બંડલના બંડલ ઉચકી લઈ જવા પડે.**

'અહીં જૈનધર્મ મળ્યાનો આ જ મોટો ઉપયોગ છે કે એના દાનાદિ ધર્મ, ક્ષમાદિ ધર્મ, અને અહિંસાદિ ધર્મરૂપી ઔષધીના સહારે વિષય-કષાયરૂપી ભવરોગ મટાડતો આવું.' પાછું આ માત્ર વિચારીને બેસી ન રહે, કિન્તુ એ ધર્મોમાંથી શક્ય એટલા ધર્મનો અમલ કરતો ચાલે. એમાંય સારો ધર્મ આરાધતો હોય છતાં નિશ્ચિંત ન બેસે કે 'ચાલો ધર્મ સારો થાય છે ફિકર નહિ,' એમ બેફિકર ન બને, કિન્તુ એ જોયા કરે કે,

**(૧) એક તો આ આ ધર્મથી મારા વિષયરોગ કષાયરોગ કયા કયા ઘટ્યા ? અને**

**(૨) બીજું એ કે હજી મારે કેટકેટલા જંગી વિષયરોગો અને કષાયરોગો ઊભા છે ?**

**શાલિભદ્રાદિને મહાવૈભવ એકાએક કેમ છુટ્યા ? ભવરોગોની ભારી ચિંતા પર :-**

શાલિભદ્રાદિ પૂર્વ પુરુષો સામે જુઓ તો દેખાશે કે એમણે આ ભવરોગોની ભારી ચિંતા થવા પર જ ભારે વૈરાગ્ય પામી એકાએક મોટા વૈભવ છોડી નીકળી પડેલા ! બોલો, આ વિષય-કષાયોરૂપી ભવરોગના કારણે સર્જારતી નરકાદિ દુર્ગતિના ભયંકર ત્રાસ વેદનાઓથી ડરી, એ રોગોના નિકાલના ઓષધરૂપ અહિંસા સંયમ તપનું જીવન સ્વીકારી લેવા માટે મોટા વૈભવ-વિલાસોનો એકી કલમે ત્યાગ કરે એમાં આશ્ચર્ય છે ? ના, પણ તમને આશ્ચર્ય થાય છે ને કે 'હેં ! જંબુકુમારે નવાણું ક્રોડ સોનૈયાની સંપત્તિ એક જ દેશના સાંભળીને છોડી....'હેં ? શાલિભદ્રે નિત્ય નવી આવતી દેવતાઈ નવ્વાણું પેટી તથા બત્રીસ અપ્સરાશી યુવાન પત્નીઓનો એકદમ જ ત્યાગ કર્યો !.....હેં ? ધન્ય કુમારે બત્રીસ ક્રોડ સોનૈયાની સંપત્તિ મહાવીર પ્રભુની માત્ર એકજ દેશના સાંભળીને બીજે જ દિવસે બધીની બધીય છોડી દીધી ? ને ધન્ના અણગાર થયા !'......આમ આશ્ચર્ય લાગે છે ને ?

કેમ આશ્ચર્ય લાગે છે ?

**તમે ભવરોગ સામે ધિઠ્ઠા બની વૈભવ વિલાસોનો ત્યાગ નથી કરતા શું એ આશ્ચર્ય નથી ?**

**ને આ ભવરોગોના નિકાલ અર્થે ત્યાગ કરે છે એ આશ્ચર્ય છે ?**

ખરી વાત એ છે કે વિષયોની અર્થાત દુન્યવી પદાર્થોની માયાના અને ક્રોધ-માન-માયા વગેરે કષાયોના ભયંકર પરિણામ દેખવા નથી, ને વિષય કષાયોના



તાત્કાલિક આનંદ મહત્ત્વના માનવા છે, એટલે જ 'આ સુખનાં સાધનભૂત વિષયો લેવા મથવું, ને એજ મેળવવા ભોગવવા' એ સહજ લાગે છે, ને એનો ત્યાગ કરવો એ આશ્ચર્યજનક લાગે છે. વાહ તમારી બુદ્ધિ ! વાહ તમારી અવળી દૃષ્ટિ !

**દૃષ્ટિ ફેરવવાની જરૂર છે,**

અનંતજ્ઞાનીઓ અજ્ઞાન નહોતા કે એમણે સમજ્યા વિના સર્વ-ત્યાગનો ઉપદેશ આપ્યો; તેમજ સનતકુમાર ચક્રવર્તી, મેઘકુમાર, ગજસુકુમાળ, મેતરાજમુનિ,....વગેરે મહા સમૃદ્ધ વિભૂતિઓ પણ અજ્ઞાન નહોતી કે એમણે સર્વ ત્યાગના જીવનમાં ઝટ ઝંપલાવવાનું કર્યું ! તો જ્યાં ત્યાગ-માર્ગના સર્વજ્ઞ ભગવાન જેવા ઉપદેશક હોય, અને મોટા ચક્રવર્તી જેવા પણ આરાધક હોય, ત્યાં

**'જીવનનું સર્વસ્વ ત્યાગ-માર્ગની આરાધના જ છે,** એવી દૃષ્ટિ બંધાઈ જવી જોઈએ, એવી દૃષ્ટિ નિશ્ચિતપણે બંધાઈ ગઈ એટલે પછી તો જીવનની વડાઈ ત્યાગ જ ત્યાગમાં દેખાયા કરશે અને ભોગમાં તો જીવવાની હલકાઈ અને બરબાદી જ લાગશે. ત્યારે જો આવી દૃષ્ટિ બંધાઈ ગઈ હોય, કે ત્યાગ જ જીવનનું સર્વસ્વ, તો પછી કોઈ નરવીર મહા સમૃદ્ધિઓ છોડી સર્વત્યાગના માર્ગે એકાએક ચાલી નીકળે તો એમાં આશ્ચર્ય શું લાગે ? આશ્ચર્ય તો આ લાગવું જોઈએ કે 'અરે ! જ્યાં આવા આવા માંધાતાઓએ સહેજમાં મહાત્યાગ સર્વત્યાગ અપનાવ્યા, તો હું હજી મામૂલી મામૂલી ભોગનો ય ભિખારી બન્યો રહ્યો છું ?

ઊલટી ગંગા વહી રહી છે ! ઊંધા હિસાબ માંડ્યા છે, જે વૈભવ વિલાસમાં સરાસર બરબાદી છે ત્યાં જાહોજલાલી દેખાઈ રહી છે ! એટલે જ એના ત્યાગની વાત આવે ત્યાં આશ્ચર્ય લાગે છે, પરંતુ પોતાની મૂર્ખતા-મૂઢતા નથી દેખાતી કે 'મારી પોતાની બરબાદી કરનાર વૈભવ વિલાસ અને વિષયકષાયોમાં હું જહોજલાલી અને એ સહેજ બનનારી વસ્તુ જોઈ રહ્યો છું ? હું કેવો મુર્ખ-મૂઢ-ગમાર બુદ્ધિહીન અને ઊંધી અક્કલવાળો ? બુદ્ધિમત્તા અને સહજરૂપતા તો આ ગોઝારા વૈભવ-વિલાસ અને વિષયકષાયના ત્યાગમાં.

માટે જ દિવ્ય કરી મહાયશ પામેલા અને હવે નિશ્ચિન્તપણે વૈભવ વિલાસનો અવસર પામેલા સીતાજી એકાએક સર્વત્યાગ કરી ચારિત્ર દીક્ષા લે છે, એમાં આશ્ચર્ય નહિ લાગે. ઊલટું મનને ધડો લેવાશે કે 'હું શું હજી વિષયોના ઠીકરાં ચાટતો શું બેસી રહ્યો છું ? અને કેમ હું સીતાજીના પગલે પગલે ત્યાગ માર્ગ નથી અપનાવી લેતો ? મહાસતી સીતાજીના જીવનની યશોગાથા ગાવામાં આ એમનો મહાયશ અને મહાવિલાસ માણવાનો અવસરે ચારિત્ર-સ્વીકારનો પ્રસંગ પણ ઉચ્ચ કોટિનો તરી આવે છે.

એવો જ એમનો ચારિત્ર-પાલનનો પ્રસંગ પણ ઉચ્ચ કોટિનો તરી આવે છે; કેમકે એ ચારિત્ર પાળીને બારમા અચ્યુત નામના બારમા વૈમાનિક દેવલોકમાં ઇન્દ્રપણે અવતાર પામ્યા છે. મનને થશે કે

**પ્ર.-** શું અચ્યુત-ઈન્દ્ર બનવું એમાં બહુ મોટી વિશેષતા છે ?

ઉ.- હા, મહાવિશેષતા છે, કેમકે આ જગતપર જ્યાં ક્યાંય પાંચ ભરત પાંચ ઐરાવ્રત અને પાંચ મહાવિદેહ ત્યાં તીર્થંકર ભગવાનનો જન્મ થાય ત્યાં મેરુશિખર પર અચ્યુતેન્દ્ર ને ત્રેસઠ ઈન્દ્રો અને ક્રોડો દેવોની વચ્ચે એ પ્રભુને જન્માભિષેક કરવાનો પહેલો હક મળે છે ! ત્યાં કોઈ બોલી નથી બોલાતી, એતો નિસર્ગનો સર્વકાળ માટે એક નિયત બની ગયો છે કે તીર્થંકર ભગવાનના મેરુપર્વત પર જન્માભિષેક વખતે પ્રભુને પહેલો અભિષેક અચ્યુત ઈન્દ્ર કરે. એટલે વગર બોલીએ અને બીજા ઈન્દ્રો દેવતાઓના કચવાટ તો નહિ કિન્તુ ગૌરવપ્રદાનપૂર્વક સીતા-ઈન્દ્રને આ પહેલાં જિનાભિષેકનો નિસર્ગ-સિદ્ધ હક મળ્યો છે.

**સીતા-ઈન્દ્રને કરેલા આદ્ય અર્હજ્જન્માભિષેકનો હક ? :-**

આ પણ પહેલો અભિષેક એમણે કેટલા ભગવાન પર કરવાનો ? એ જાણો છો ? ૫-૨૫, સો-બસો, કે લાખ-બેલાખ નહિ, કિન્તુ અસંખ્ય જિનેશ્વર ભગવાન પર અભિષેકનો લાભ મળવાનો ! અસંખ્ય એટલે કેટલી સંખ્યા ? લાખો ક્રોડો અબ્જો કે પરાર્ધો નહિ, પરાર્ધોના પરાર્ધો પણ નહિ, કેમકે એ સંખ્યા તો સમુદ્રમા એક બિન્દુ ! અરે ! મોટા લાખો જોજનના સમુદ્રના પણ બિન્દુ તો સંખ્યાતા ! ત્યારે આ તો અસંખ્યાતની સંખ્યા ! અસંખ્યાતા ! ત્યારે આ તો શાસ્ત્રે કહેલા અન વસ્થિત-શલાકા-પ્રતિશલાકા-મહાશલાકા નામના ચાર પ્યાલાના દૃષ્ટાન્તથી સમજી શકાય. અચ્યુ ઈન્દ્ર બનેલા સીતાજીને કેટલા બધા તીર્થંકર ભગાવનને જન્માભિષેકનો લહાવો મળવાનો ?

અચ્યુત-ઈન્દ્રનું આયુષ્ય ૨૨ સાગરોપમનું એટલે કે ૨૨૦ કોડોકોડિ પલ્યોપમોનું હોય છે, ને આ એકેક પલ્યોપમ કાળ અસંખ્ય વર્ષોએ બને છે !

જો જો બલિહારી અચ્યુત ઈન્દ્રની ! જ એકેકા પલ્યોપમમાં અસંખ્યા વર્ષઓ જા છે, એટલે કાળમાં પાંચે મહાવિદેહ ક્ષેત્રોમાં અસંખ્ય તીર્થંકર ભગવાન જન્મ પામે છે. એમના પ્રથમ જન્માભિષેકના લહાવા મળે ! આ તો એક પલ્યોપમકાળમાં ત્યારે આવા ૨૨૦ કોડાકોડી પલ્યોપમ કાળમાં કેટકેટલા અસંખ્ય અરિહંત ભગવંતોના જન્માભિષેકના લહાવા મળે ?



**૨૨૦ ક્રોડ ક્રોડ પલ્યોપમ એટલે સમજો છો ?**

જો જો માત્ર ૨૨૦ પલ્યોપમ નહિ, ૨૨૦ સો નહિ, ૨૨૦ હજાર પલ્યોપમ નહિ, ૨૨૦ લાખ પલ્યોપમ નહિ, કિન્તુ ૨૨૦ ક્રોડ પલ્યોપમ ! એટલે બે અબજ અને રેર્ક્રોડ પલ્યોપમ ! એ પણ કાળ માત્ર એકવાર પસાર થાય એમ નહિ માત્ર સો વાર નહિ, હજારવાર નહિ, માત્ર લાખવાર નહિ કિન્તુ એક ક્રોડવાર આવા ૨૨૦-૨૨૦ ક્રોડ પલ્યોપમો પસાર થાય, ત્યારે ૨૨૦ ક્રોડ ક્રોડ (૨૨૦ કોડાકોડી) પલ્યોપમોનો કાળ પસાર થયો ગણાય. એટલું અચ્યુતઈન્દ્રનું આયુષ્ય ! એટલે સીતા અચ્યુતેન્દ્ર બન્યા એમાં કેટકેટલા અસંખ્યા તીર્થંકર ભગવંતોના જન્માભિષેકના લહાવા એમને મળે ? કલ્પનામાં લાવો, ૨૨૦ ક્રોડમાંથી હમણાં ૨૦ ક્રોડ બાજુએ રાખો એટલે ૨૦૦ ક્રોડ યાને ૨ અબજ સમજો. આ બબ્બે અબજ પલ્યોપમ સો, હજાર, લાખ, વાર નહિ પણ એક ક્રોડ વાર પસાર થાય એટલાનો કાળપટ કેટલો લાંબો-લચક થાય ? ઉપર પાછા ૨૦-૨૦ ક્રોડ પલ્યોપમ એક કરોડ વાર પસાર થાય એટલા મોટા જંગી કાળ સુધી અચ્યુતેન્દ્ર અસંખ્યાત તીર્થંકર ભગવાંતોને મેરુ પર પહેલો જન્માભિષેક કરવાનો જન્મસિદ્ધ હક ભોગવે છે !

સીતાજી આવા અસંખ્યાત જિનેન્દ્રદેવોને પ્રથમ જન્માભિષેકના હકવાળા અચ્યુત ઈન્દ્ર બન્યા છે. હવે વિચારો કે જીવંત તીર્થંકર ભગવાનને મેરું પર ૬૩ ઈન્દ્રો અને ક્રોડો દેવોની વચ્ચે પ્રથમ જન્માભિષેક એકજ વાર કરવાનો મળે એ ય કેવું મોટું સુકૃત ! તો પછી અસંખ્યવાર કરવાનો મળે એ કેટલા અસંખ્ય સુકૃતો થાય ? એ જીવંત પ્રભુને જન્માભિષેકનું કોટિના શુભ અધ્યવસાયોની છોળો ઉછળતી હોય ? આવું એક પલ્યોપમના અસંખ્ય વારના હિસાબે બે અબજ વીસ ક્રોડ ક્રોડ પલ્યોપમોના અસંખ્ય વારમાં કેટકેટલાં જંગી ભાવ સુકૃતો થાય !

ત્યારે હવે વિચારવાનું આ છે, કે ઈન્દ્રના અવતારમાંના આ અસંખ્ય જિન-જન્માભિષેક રૂપી ઉચ્ચ જિનભક્તિના સુકૃતો તથા એમાં ઉછળતા અસંખ્યવાર ઉચ્ચ શુભ અધ્યવસાયોની પાછળ સીતા સાધ્વીના સંયમ જીવનનમાં કેટલી ઊંચી વિશુદ્ધ સમ્યકત્વની પરિણતિ કેટલી ઊંચી અહિંસા-સંયમ-તપની સાધનાઓ તથા કેટલો બધો અરિહંત પ્રભુ પર ભક્તિભાવ કામ કરી રહ્યો હશે !

**મહાસતી સાધ્વીજીની આરાધનામાં ત્રણ વસ્તુ છે,-**

(૧) જાજ્વલ્યમાન સમ્યગ્દર્શન

(૨) અહિંસા-સંયમ-તપ

(૩) અરિહંતદેવ પર ઉછળતો ભક્તિભાવ

જ્વલંત જાજ્વલ્યમાન સમ્યગ્દર્શન તો સીતાજીએ ગૃહસ્થવાસથી જ હૈયે

વસાવેલુ ! એટલે તો જંગલમાં તરછોડાયા ત્યારે એમને ત્યાં છોડી આવવા જનાર રોતા સેનાપતિને સીતાજીએ કહ્યું છે,-

**સીતાજીએ જંગલમાં તરછોડાતાં સેનાપતિને શું કહ્યું ? :-**

'તું શા માટે રુએ ? આમાં તારો દોષ નથી, કેમકે તું સ્વામીનો સેવક એટલે સ્વામીની આજ્ઞા પાળવી જ જોઈએ એ ગુણ છે, દોષ નહિ. તેમ મારે પણ સ્વામીની આજ્ઞાંકિત પત્ની તરીકે એમની આજ્ઞા પાળવી જ જોઈએ. એટલે લે, હું આ રથમાંથી ઊતરી જાઉં છું બાકી આમાં તારો તો નહિ કિન્તુ સ્વામીનો દોષ પણ ન માનીશ. તેમ મારી નિંદા કરનાર લોકોનો દોષ પણ ન માનીશ. કેમકે દોષ મારા પૂર્વનાં એવા કર્મનો છે. મારાં અશુભ કર્મ જ એવાં કે જે લોકને મારી નિંદામાં પ્રેરે, અને સ્વામીને એનાથી ભરમાવાનું થાય. તું તારે સુખેથી ચાલ્યો જા અહીં મારું શું થશે એની ચિંતા કરીશ નહિ, કેમકે જેમ મહેલવાસમાં મારાં કર્મ જ કામ કરતા હતા, તેમ અહીં જંગલમાં પણ મારાં જેવા કર્મ હશે તે પ્રમાણે જ થવાનું છે.

જ્ઞાનીભગવંતો કહે છે, -

**'सव्वं पुव्व कयाणं कम्माणं पावएफलविंवागं ।**
**अवराहेसु गुणेसु ये निमित्त मित्तं परो होई ॥'**

'જીવ દુન્યવી સારું કે નરસું પામે છે તે બધું પોતાના પૂર્વકૃત કર્મના ફળ વિપાક રૂપે પામે છે.

નરસું કે સારું થવામાં બીજાઓ તો નિમિત્ત માત્ર છે, અસલી કારણ પોતાના પૂર્વકૃત શુભાશુભ કર્મ જ છે.' સીતાજી સેનાપતિને કહે છે,- મારા એવા અશુભકર્મ વિપાક પામે ઉદયમાં આવે ત્યારે એનાં ફળને ન તું રોકી શકે. ન સ્વામી રોકી શકે, માટે આ બનાવને મારાં કર્મ પર છોડી દે, ને તું સુખેથી સ્વામી પાસે પહોંચી જા.'

બોલો, આ વચનોમાં સીતાજીનું સમ્યગ્દર્શન કેવું ઝળહળી રહ્યું છે ! સમ્યગ્દર્શન જિનવચન પર અથાગ શ્રદ્ધા હૃદયની હોં; માત્ર મોઢે બોલવાની નહિ, પણ સારું નરસું બનવા વખતે સક્રિય શ્રદ્ધા. સારું બને ત્યાં જાતની વડાઈ ન લાગે પણ કર્મની બલિહારી દેખાય એટલે 'હું કેવું સારું કમાયો' એવો અભિમાનનો આફરો ન ચડે, પણ સમજે કે 'આ તો કર્મનો ખેલ છે આજે કર્મ આવો ખેલ ભજવે, ને કાલે વિદાય આપી ઊંધો ય ખેલ ભજવે માટે સારું બન્યું એમાં બહુ રીઝવાનું નહિ, રાજી નહિ થવાનું.' આ સમ્યગ્દર્શનની શ્રદ્ધા કામ કરે. એને જ્ઞાનીનાં વચનની હૃદયથી શ્રદ્ધા કરી કહેવાય.

ત્યારે નરસું બને ત્યા પણ રોવા ન બેસે, કે કોઈને દોષ ન આપે, કોઈનો



વાંક ન જુઓ, પણ દોષ વાંક પોતાના કર્મનો જ જુએ. એટલે નરસું બન્યું એમાં કોઈના પર ગુસ્સો ન કરે, કોઈને ગાળ ન દે. સમજે કે મારાં પોતાનાં કર્મનાં જ આ ખેલ છે. એ ભોગવાઈ જાય છે, એટલે એ કર્મ રવાના થાય છે !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૧,અંક-૨૫,તા.૧૨-૩-૧૯૮૩**

**ભાઈના હાથે કપાઈ ગયેલા પતિને મહાસતી મદનરેખાએ શું કહ્યું હતું ?**

આ જ કે 'ભાઈ પર આ ગુસ્સામાં કાં ચડ્યા ? જોજો ભૂલા ન પડતાં, આ બન્યું એ તમારા પોતાના પૂર્વ કર્મના હિસાબે જ બન્યું છે. ભાઈ તો બિચારો નિમિત્ત માત્ર છે, એના પર ગુસ્સો ન કરશો, ભાઈ તો કુહાડીનો હાથો. લાકડું કાપનાર તો હાથો નહિ પણ કુહાડીનું ફળું જ છે. લાકડું કપાય એમાં જવાબદાર ફળું છે, હાથો નહિ. એમ અહીં તમે કપાયા એમાં જવાબદાર તમારા કર્મ છે, ભાઈ નહિ, માટે ભાઈ પ્રત્યે ગુસ્સો કર્યો હોય, ખોટું ચિંતવ્યું હોય, તો મિચ્છામિ દુક્કડં કરો, અને ભાઈની માફી માગી લો કે તારું ખોટું ચિંતવ્યું એની ક્ષમા માગું છું' 'તારું ભલું થાઓ,' એવી મૈત્રી ભાવના લાવો અને 'અરિહંતા મેં સરણં'....એમ ચાર શરણ સ્વીકારી લઈ સર્વ દુષ્કૃતગર્હા કરો, સુકૃતોની અનુમોદના કરો તથા નમસ્કાર મહામંત્રમાં લીન થઈ જાઓ.'

મદનરેખાના આ ઉપદેશે કેવું અજબ કામ કર્યું ! પતિ ક્ષમા અને ઉપશમમાં આવી ગયો ! સમાધિ મૃત્યુ મળ્યું ! અને પાંચમા દેવલોકે દેવ થયો ! અહીં જો મદનરેખાએ કર્મ-સિદ્ધાંત ન સમજાવતાં 'ભાઈ તમારો કેવો હરામખોર !'.....એમ ભાઈનો વાંક દેખાડ્યો હોત, તો શું થાત ? પતિના કષાયમાં વૃદ્ધિ જ થાત ને ? અને મરીને એ નરકમાં સીધાવત કે બીજું કાંઈ ?

**જિનશાસન પામ્યાની ને સમ્યગ્દર્શન પામ્યાની આ વડાઈ છે કે જિનશાસન જે કહે છે, ને સમ્યગ્દર્શન જે શ્રદ્ધા કરાવે છે, તે આ જ છે કે 'પોતાને આ દુનિયામાં થતું સારું નરસું એ પોતાના જ શુભ અશુભ કર્મના પ્રતાપે જ.'**

આ સિદ્ધાન્ત પરની અવિહડ શ્રદ્ધાવાળું જ્વલંત સમ્યગ્દર્શન મહાસતી મદનરેખાના હૈયે વસ્યું હતું, માટે પોતાને પ્રાણપ્રિય **પતિની એના મોટા ભાઈના જ હાથે જ કત્લ થવાના તથા પોતાને વિધવા બનવાના ભયંકર સમયે પણ** એ મહાસતી મરતા પતિને આ કર્મસિદ્ધાન્ત યાદ કરાવી ભાઈ પરનો દ્વેષ છોડાવીને ભાઈને હૈયાભીની ક્ષમા અપાવવાનું ને ભાઈનું ખોટું ચિંતવ્યું એની ક્ષમા મંગાવવાનું કરે છે !

વિચારવા જેવું છે કે મદનરેખા એક યુવરાજની રૂપાળી યુવાન પત્ની, એને અત્યારે કેવો મહાકપરો અવસર ! અને એમાં એની કેવી તત્ત્વભરી વિચારણા ! અને મરતા પતિને કેવો તાત્ત્વિક ઉપદેશ ! શાનો પ્રતાપ ? કહો જળહળતી તત્ત્વશ્રદ્ધા અને જાજ્વલ્યમાન સમ્યગ્દર્શનના પ્રતાપે.

એમ મહાસતી સીતાજી વનમાં તરછોડતાં પણ સેનાપતિને આ તત્ત્વદર્શન કરાવે છે કે "મારે આ સ્થિતિમાં મુકાવું પડ્યું એમાં નથી તારો વાંક, નથી સ્વામીનો વાંક, નથી નિંદક લોકોનો વાંક, વાંક માત્ર મારા પૂર્વ કર્મનો અને મારી સંસારવાસનાનો છે. માટે તું રો નહિ, ને સ્વામીને પણ કહેજે કે 'તમે આ કરવું પડ્યું એમાં તમારો વાંક નહિ પણ મારાં કર્મનો જ વાંક છે. એ મહાસતી સીતાજીને મહાન રાજરાણી છતાં પતિના હાથે જ વિના વાંકે જંગલમાં એકલા અટુલા, અને તે પણ ગર્ભિણી અવસ્થામાં એકલા અટુલા ઘોર જંગલમાં જે મુકાવું પડ્યું; એ કેટલું બધું આ હોદ્દાવાળા ને ભયંકર દુઃખ કહેવાય ? દુઃખની ભયંકરતા તો આના કરતાં ય એમ વધુ ગણાય કે પોતે પવિત્ર મહાસતી નિષ્કલંક શીલવંતા હતા, છતાં લોકમાં કલંકિત થાય કે 'આ સીતા તો પરપુરુષ રાવણના ઘરે રહી આવેલા માટે અસતી જ ગણાય.' આ ખોટા કલંકનું દુઃખ બહુ મોટું એટલા માટે કે પોતે શીલ અખંડ રાખવા માટે કેટલા બધા મોટા પ્રલોભનો અને ભર્યાને અવગણેલા ! અને શીલ રક્ષેલું, એના પર આ શિરપાવ !

ત્યારે જોવા જેવું આ છે કે આટઆટલા ભયંકર દુઃખમાં પણ સમ્યગ્દર્શનની આ તત્ત્વશ્રદ્ધા અખંડ જાગતી રાખી ! તો એ સીતાજીની, સાધ્વી થયા પછી, તત્ત્વશ્રદ્ધા તો કેવી ય જોરદાર હોય ? અને એમનું સમ્યગ્દર્શન પણ સંયમનો સહકાર હોવાથી કેટલું બધું જ્વલંત બની ગયું હોય ? આ જોવાનું જરૂરી એટલા માટે છે કે અચ્યુતેન્દ્ર થવા પાછળ અને અસંખ્ય તીર્થકરોના પ્રથમ જન્માભિષેકનો લહાવો મળવાના અધિકાર પાછળ સાધ્વી-સીતાજીનું સમ્યગ્દર્શન કેટલું જ્વલંત હશે એનો ખ્યાલ આવે.

**ચારિત્રજીવનનાં સમ્યગ્દર્શનમાં તો કર્મસિદ્ધાન્તની શ્રદ્ધાને અમલથી સક્રિય કરવાની જેમ બીજા પણ સમિતિ ગુપ્તિ પરીષહો, ક્ષમાદિ યતિધર્મ....વગેરે કલ્યાણકારી સંવર તત્ત્વની શ્રદ્ધાને અમલથી સક્રિય કરવાની ભારે ધગશ હોય.**

**સમ્યગ્દર્શન જેટલું વધારે જોરદાર, જેટલું વધારે નિર્મળ, એટલી સંવર તત્ત્વોની શ્રદ્ધા અને અમલ જોરદાર બને,**

અને એ જોરદાર અમલથી શ્રદ્ધાબળ ઓર જોરદાર વધતું જાય. સીતા-સાધ્વીએ આ કરેલું, એટલે જ એમને અહિંસા-સંયમ તપની સાધનાપણ જોરદાર,



ને સમ્યગ્દર્શન પણ અધિક અધિક નિર્મળ, અધિક જ્વલંત બનતું જાય એમાં નવાઈ નથી.

આ ખાસ ધ્યાનમાં લેવા જેવું છે કે શાસ્ત્રકારો કહે છે કે ચારિત્રજીવનમાં પણ શક્તિ હોય તો સન્મતિ-તર્ક આદિ શાસ્ત્રોના અધ્યયન કરે, જરૂર પડ્યે દોષિત ભિક્ષા સેવીને પણ કરે. સમ્યગ્દર્શનની અધિક નિર્મળતાને સાધવા માટે એને જરૂરી ગણ્યા છે. પ્રશ્ન થાય, -

**પ્ર.**- સમ્યક્ત્વનું ફળ વિરતિ છે, **'જ્ઞાનસ્ય ફલં વિરતિ;' 'તાણી આણે રે સમકિત વિરતિને,'** એમ ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે. એ વિરતિ એટલે ચારિત્રમાર્ગ સ્વીકારી લીધો, તો હવે તો અધિકાધિક જોરદાર તો ચારિત્રને બનાવવાનું ને ? હવે સમકિતને વધુ જોરદાર વધુ નિર્મળ કરવાનું શા માટે ?

ઉ.- આનો ખુલાસો આ છે કે જેમ જેમ સમ્યકત્વને વધુ ને વધુ નિર્મળ બનાવતા જવાય, અર્થાત્ તત્ત્વશ્રદ્ધા અને જિનવચનશ્રદ્ધા જિનવચન-રાગનું બળ વધારતા જવાય તેમ તેમ એ જિનવચનના પાલનનું અર્થાત ચારિત્રના પાલનનું જોમ જોર વધતું જાય છે. વ્યવહારમાં જુઓ,-

**'શ્રદ્ધાબળથી અમલ બળવાન'ના દાખલા,-**

(૧) સુશીલ પ્રેમાળ પત્નીને પતિના બોલ પર જેમ રાગ વધારે, એમ એ બોલના અમલમાં જોશ, ધગશ, હોંશ વધારે હોય છે.

(૨) કામાંધ પતિને પત્નીના બોલ પર પ્રેમ-રાગ વધારે, એમ એ બોલ પ્રમાણે અમલ કરવાની હોંશ ધગશ વધારે હોય છે.

(૩) પ્રસિદ્ધ અને નિષ્ણાંતવૈદ કે ડોક્ટરના કથન પર જોરદાર શ્રદ્ધાવાળા દરદી દવા કઈ કઈ વિધિથી લેવી, કુપથ્ય કયા કયા ટાળવા, ચરી કેવી કેવી પાળવી, વગેરેના અમલમાં જોરદાર પ્રયત્ન કરે છે.

(૪) નિષ્ણાંત કારીગર પાસે કારીગરી શીખનારો એનાં શિક્ષણ-વચન પર જોરદાર શ્રદ્ધાના હિસાબે આપમતિ બાજુએ મૂકી શિક્ષણ-વચન પ્રમાણેનો અમલ જોરદાર કરે છે.

જાણો છો ને પેલા ચિત્રકારે પોતાના પુત્રને ચિત્રકામ શીખવતાં, પુત્રને ચિતરી લાવવા આપેલા ચિત્રમાં રોજ ને રોજ નવી ચાર-ચાર ભૂલ બતાવી સુધારી લાવવા કહેતો, પુત્રને તો આ પોતાના બાપ છે અને નિષ્ણાંત ચિત્રકાર છે એટલે એના વચન પર જોરદાર રાગ, જોરદાર શ્રદ્ધા હોવાથી એ પ્રમાણે ભૂલો સુધારવાનો અમલ પણ જોરદાર કરતો ગયો. છ મહિને તો હોશિયાર ચિત્રકાર બની ગયો.

બસ, એજ પ્રમાણે ચારિત્રજીવનમાં જેમ જેમ જિનવચન-રાગનું અર્થાત

સમ્યગ્દર્શન-ગત શ્રદ્ધાનું બળ વધતું જાય, તેમ તેમ જિનવચન-પાલન યાને ચારિત્રપાલનજોરદાર બને એમાં નવાઈ નથી. એટલે જ ચારિત્રજીવનમાં પણ સમ્યગ્દર્શનને તેવા તેવા ઉપાયો દ્વારા અધિક ને અધિક જોરદાર, વધુ ને વધુ નિર્મળ કરતા રહેવાનું છે. મહા સાધ્વી સીતાજીએ આ કર્યું હશે, માટે બારમા દેવલોકના ઈન્દ્રનો અવતાર મળ્યો ! અને એમાં સમ્યગ્દર્શન અધિકાધિક નિર્મળ કરનાર અસંખ્ય તીર્થંકર ભગવાનના પ્રથમ જન્માભિષેક કરવાનો લહાવો મળ્યો.

આમાં જેમ સમ્યગ્દર્શન એટલે જિનવચન-શ્રદ્ધા અને જિનવચન-રાગ કામ કરી ગયા, એમ જિનેશ્વર ભગવાન પરનો ભક્તિરાગ પણ જોરદાર કામ કરી ગયો. નહિતર જો સીતાના ભવમાં એવો જિનભક્તિરાગ જોરદાર ન હોય તો ઈન્દ્રના અવતારમાં એટલો જોરદાર જિનભક્તિરાગ શી રીતે આવ્યો હોય ? પૂછો.

**પ્ર.**- તામલિ તાપસ તો મિથ્યાદૃષ્ટિ હતો ત્યાં તો જિનભક્તિરાગ હતો નહિ ને એ મરીને ઈશાનેન્દ્ર થયો ત્યાં જે જિનભક્તિરાગ ઊભો થયો એ ક્યાં પૂર્વ ભવના જિનભક્તિ-રાગથી ઊભો થયેલો ?

ઉ.- અહીં બે વાત સમજવા જેવી છે.

**તામલિ તાપસની વૈરાગ્ય-વિચારણા :-**

(૧) તામલિ તાપસ ભલે મિથ્યાદૃષ્ટિ હતો પણ એણે જે પરમાત્માનું માયાજાળથી મુક્ત સ્વરૂપ સમજીને પરમાત્મા પર અથાગ રાગ ઊભો કરેલો, તે બીજા ભવે કામ કરી ગયો. એ ભગવાન પરના રાગને લીધે તો એણે ઘરવાસ છોડી તાપસપણું સ્વીકારેલું એમાં આ ભાવ હતો કે "મોહ-માયાજાળ જનમ જનમ સેવી જનાવરના અવતારમાં તો સેવી, પણ અનાર્ય મલેચ્છ માનવના અવતારે ય બહુ સેવી; પરંતુ હવે અહીં ઉચ્ચ આર્ય માનવ અવતાર મળ્યો છે, તો જો એમાં પણ એ જ મોહમાયાજાળમાં બેઠો રહીશ, તો પછી ભગવાનને ક્યારે બીજા કયા જનમમાં ભજીશ, સેવીશ ? એ તો આ માયાજાળ મૂકી દઈ જંગલમાં ચાલ્યો જાઉં તો જ એકાંતે ભગવાનને ભજવાનું સેવવાનું થાય. આમ સમજી એ જંગલમાં તાપસ બનેલો. એમાં મુખ્ય વસ્તુ ભગવાનને ભજવાની હતી એટલે ભગવાન પ્રત્યેની ભક્તિ જ મુખ્ય બની. એ ભવાંતરે વિશેષ પ્રભુભક્તિ કેમ ન આપે ? અહીં પ્રશ્ન થાય,-

**પ્ર.**- પણ એને જૈનધર્મ જ મળ્યો નહિ હોવાથી એને ભગવાનની સાચી ઓળખ જ ક્યાં બની ? એ નહિ, તો એનામાં નહિ, તો એનામાં ભગવદ્ભક્તિ પરમાત્મભક્તિ શી રીતે આવી જે પછીના ઈશાનેન્દ્રના ભવે વારસામાં મળી કહેવાય ?



ઉ.- એને ભગવાનની એટલી ઓળખ હતી કે ભગવાન મોહમાયાથી પર હોય છે. એવા ભગવાનને એણે નજર સામે આદર્શ તરીકે રાખેલા હતા.

**સામે આદર્શ જેવો હોય એવા બનવાનું મન રહે જ.**

તામલિને આદર્શ તરીકે નજર સામે મોહમાયામુક્ત ભગવાન હતા; માટે જે જ્યારે એના તાપસપણામાં ભુવનપતિની દેવીઓ એને મનાવવા આવી કે 'તમે અમારા માલિક ઈન્દ્ર થવાનું નિયાણું કરો, અમો તમારી ખૂબ સેવા કરીશું,' એ વખતે તામલિએ આ જ વિચાર કર્યો છે કે

**'૬૦ હજાર વરસના છટ્ઠના પારણે છટ્ઠ અને પારણે એકવીસ વાર પાણીમાં ધોયેલા ભાતના આયંબિલના તપમાં ખાનપાન તથા રસની માયાના ત્યાગ કર્યા, એ આ દેવતાઈ છતાં પણ નાશવંત વિષયોની મોહમાયા માટે નથી કર્યા, પણ જ્યાં શાશ્વત કાળ માટે આ મોહમાયાનો સ્પર્શ નથી એવા મોક્ષ માટે કર્યા છે.'**

બસ, આ સમજથી દેવીઓ સામે નજરે ય ઊંચી ન કરી, પછી જવાબ આપવાની વાતે ય શી ? એ ધ્યાનસ્થ ચક્ષુથી ધ્યાનમાં બેઠેલો તે એમજ બેઠેલો રહ્યો. દેવીઓ હારી થાકીને અંતે એના પર થુંકીને ગઈ !

જુઓ અહીં તામલિ તાપસને આ મોહમાયાના ત્યાગની અને સંપૂર્ણ મોહમાયા રહિત મોક્ષની લગન હોય, એ ભગવાનને કેવા સ્વરૂપના મનમાં રાખતો હોય ? શું મોહમાયાવાળા સ્વરૂપને ? ના, બસ, આ જ કારણ છે કે એના મનમાં ભગવાન આવા મોહમાયા રહિત સ્વરૂપના વસેલા, તે પણ પોતાના એવા અમલથી દિલમાં વસાવેલા, અર્થાત્ પોતે મોહમાયાનો ત્યાગ કરીને હૈયામાં ભગવાનને વસાવેલા, એનું જ નામ વાસ્તવિક ભગવાનનું ભજન, ભગવાન પ્રત્યેની સાચી ભક્તિ, અથાગ નિર્ભેળ ભક્તિ. બાકી તો ભગવાન આગળ ભક્તિ-ગીતના મંજીરા વગાડ્યા પરંતુ મોહમાયા અર્થાત આહાર વિષય-પરિગ્રહ-નિદ્રા તથા કષાયોની સંજ્ઞા પૂરપાટ પોષ્યે જવી છે, એમાંથી કશો ત્યાગ નથી કરવો, તો એ મંજીરા વગાડ્યાની ભગવદ્-ભક્તિ કયું દાળદર ફેડે ? તામલિને આ લાગી ગયું હતું કે

**'ભગવદ્-ભજન માટે જ મળેલો આ મહાકિંમતી માનવજનમ મોહમાયાની ગુલામીમાં કાં વેડફી નાખું ?**

માટે ઊઠ જીવ ઊઠ, છોડ મોહમાયા અને લાગી જા ભગવદ્-ભજનમાં ભગવદ્-ભક્તિમાં ! અને એમ લાગીને એ મહા તાપસ બન્યો હતો. એ પરથી સૂચિત થાય છે કે,

**'ભગવાન પ્રત્યેની ઉચ્ચકોટિની વાસ્તવિક ભક્તિ કઈ ?**

**આ જ કે મોહમાયા યાવત્ પોતાના શરીરની મમતાનો પણ ત્યાગ કરવાપૂર્વક**

**ભગવાનનું જ ધ્યાન, ભગવાનું જ તાન, ભગવાનના જ ગુણગાન કરવા.**

તામલિ તાપસે ભગવાનની મોહમાયાથી પર તરીકે ઓળખ કરીને આ ભગવદ્-ભક્તિ આરાધી હોય, પછી ઈશાનેન્દ્ર બની ભગવાનનો પરમ ભક્ત બને અને એને અસંખ્ય તીર્થંકર ભગવંતોના મેરુપર જન્માભિષેકના લહાવા મળે એમાં શી નવાઈ ? તામલિ મિથ્યાદૃષ્ટિ તાપ છતાં ઈન્દ્ર બની પરમાત્મા ભક્તિ પામ્યો એનું આ એક કારણ.

(૨) તામલિ તપાસને ઈન્દ્ર બની પરમાત્મા-ભક્તિ મળ્યાનું બીજું કારણ આ, કે શાસ્ત્રમાં આવે છે કે તામલિ તાપસને જંગલમાં અંતે જૈન ત્યાગી મુનિઓનું દર્શન મળ્યું હતું, અને એમની પાસેથી એ નિર્યામણા, વાસ્તવિક ત્યાગની સમજ અને જૈનધર્મનો પરિચય પામ્યો હતો. એમાં સહેજે વીતરાગ તીર્થંકર ભગવાનની ઓળખ પામ્યો હોય, અને એ ભગવાન પ્રત્યે ભક્તિભાવ પણ ઊલસ્યો હોય, તેથી પછીના એના ઈશાનેન્દ્રપણાના અવતારે અદ્‌ભુત જિનભક્તિ પામે એમાં નવાઈ નથી. થોયમાં બોલાય છે ને કે

**"તે જિનપૂજાથી આરાધક ઈશાન ઈન્દ્ર કહાયાજી"**

અર્થાત ઈશોનઈન્દ્ર પોતાની વિમાનમાંના જિન-મંદિરમાં રત્નમય જિનબિંબોની ઊછળતા દિલે ભક્તિ કરતા હતા, શ્રી સિદ્ધાચળજી મહાતીર્થના ત્યાંના મંદિરો વગેરેના અદ્‌ભૂત જીર્ણોદ્ધાર કરવા દ્વારા મહાન ઉદ્ધારક બનેલ. તેથી, એ સ્થાપના જિનની ભક્તિ હતી છતાં, ઈશાનઈન્દ્ર જિનભક્તિના મહાન આરાધક ગણાઈ ગયા. આના મૂળમાં પૂર્વભવની પરમાત્મ-ભક્તિ જોવી જ પડે.

બસ, ત્યારે સીતાજી બારમા દેવલોકના ઈન્દ્ર થયા, અને અવ્વલ જિનભક્તિ પામ્યા, એની પાછળ પૂર્વના સીતા સાધ્વીજીના જીવનમાં અરિહંતભક્તિ પણ કેવી અવ્વલ આરાધી હશે, એ સૂચિત થાય છે. ઈન્દ્રપણું પણ અહીંની અદ્‌ભુત જિન-ભક્તિનો પ્રભાવ, અને અસંખ્ય જિનેશ્વર ભગવંતોના મેરુ પર જન્માભિષેકમાં પહેલા અભિષેકની અજબ ગજબનાક જિનભક્તિ, એ પણ અહીંની અવ્વલ જિન-અરિહંત ભક્તિનો પ્રભાવ.

**આ પરથી જિનભક્તિને જીવનનું અવ્વલ કર્તવ્ય સમજો.**

ઉત્તમ માનવજનમ જીવીએ છીએ ને ? એમાં આવી અરિહંતભક્તિ કરી જવા જેવી છે. ભગવાને સ્વયં અપનાવેલા અને જગતને ઉપદેશેલા મોહમાયાના મહા ત્યાગને આપણા જીવનમાં બધી શક્તિ ખરચીને આપણા ગજા પ્રમાણે અપનાવીએ, તો અરિહંત ભક્તિમાં રંગ અને રોનક આવે.

**આવી ત્યાગ સાથેની અરિહંત-ભક્તિ કરવાનો ભવ આ જગતમાં આ એક**



**જ માનવભવ છે.**

એ બરાબર ખ્યાલમાં રહે તો જીવનમાં અનેક પ્રકારના ત્યાગ અને અરિહંત-ભક્તિના અનેકાનેક પ્રકાર જીવનમાં અપનાવવાની લગન લાગે.

મહાસતી સીતાજીની યશોગાથા ગાવામાં, પતિ દ્વારા વનમાં એમી હકાલપટ્ટી વખતે એમણે સેનાપતિને જે કર્મથિએરી પર આશ્વાસન આપ્યું એ જોયું.

કોણ કોને આશ્વાસન આપે ? દુઃખ પામેલો સુખીને આપે ? કે સુખી દુઃખ પામેલાને આપે ?

આશ્વાસનને લાયક કોણ ?જેમની હાકલપટ્ટી થઈ એ સીતાજી જ ખરેખર આશ્વાસન પામવા લાયક ગણાય. એના બદલે સીતાજી પોતે ઊઠીને એના સેનાપતિને આશ્વાસન આપે છે.એ સીતાજીના આત્માની કેટલી બધી ઉચ્ચતા !

ત્યારે હવે એ જુઓ કે ત્યાં સીતાજીએ માત્ર આટલી જ ઉચ્ચતા નથી બતાવી, પરંતુ એથી ય આગળ વધીને તો એમણે પતિને મોકલેલા સંદેશામાં વિશેષ ઉચ્ચતા બતાવી છે !

**સીતાજીનો પતિને દિવ્ય સંદેશ**

સેનાપતિ સીતાજીને વનમાં છોડીને જવા પહેલાં પૂછે છે,-"મહાસતીજી ! હું જાઉં છું સ્વામી પાસે. આપને કાંઈ સંદેશો આપવો છે ?

મહાસતી કહે છે,-"સ્વામીને એટલું કહેજો કે લોકની નિંદાથી તમે મને છોડી એની ચિંતા નહિ, પરંતુ કાલે ઊઠીને લોક તમારા જૈનધર્મની નિંદા કરે કે 'આપણા રાજા આ રામચંદ્રજી કેવા અબુઝ છે કે પોતે અઢારેય વર્ણની પ્રજાના માલિક છતાં એક માત્ર જૈન પ્રજાના જૈન ધર્મનું પૂંછડું પકડીને બેઠા છે !' આમ કદાચ લોક તમારા ધર્મની નિંદા કરવા દ્વારા તમારી નિંદા કરે તો મારી તમને પ્રાર્થના છે કે મહેરબાની કરીને એવા અજ્ઞાન લોકના વચનથી તમે તમારા જૈન ધર્મનો ત્યાગ કરતા નહિ."

**પત્ની ત્યાગ કરતાં ધર્મત્યાગ કેમ ખતરનાક ? :-**

સીતાજી આગળ ચલાવે છે,- "આનું કારણ એક જ કે મને છોડી તો ભલે છોડી તેથી કાંઈ તમને સારી રાજકન્યા નહિ મળે એમ નહિ, મારાથી સવાઈ મળશે, અને તેથી કાંઈ તમારો મોક્ષ અટકી જ જશે એવું નથી, એ બીજી પરણ્યા પછી પણ તમે સંસાર ત્યાગ કરી ચારિત્ર પાળીને મોક્ષ મેળવી શકશો. આમ મારા ત્યાગથી તમારો મોક્ષ અટકશે નહિ; પરંતુ જો લોકનાં વચનથી તમે જૈનધર્મ છોડી દેશો તો એનાથી વધુ સારો તો નહિ, પરંતુ એની હરોળમાં આવે એવો બીજો ધર્મ નહિ મળે; અને તેથી અચૂક તમારો મોક્ષ અટકી જશે. **આમ જૈમ ધર્મના ત્યાગમાં**

**ચારિત્ર ન મળવાથી તમારો મોક્ષ અચૂક અટકી જઈને આ તમારો ઉચ્ચ માનવ અવતાર વેડફાઈ જશે !''**

સીતાજીનો આ સંદેશો કેવા સંયોગમાં ?કેવી પરિસ્થિતિમાં ?જ્યારે પતિએ પોતાને અત્યંત કરુણ હાલતમાં જંગલમાં તરછોડી દીધા છે, એ વખતે આ સંદેશો ? નહિતર, સંદેશામાં શું એમ કહેવાનું મન ન થાય કે 'સંદેશામાં ઝેર મોકલવાનું કહેજે.....સંદેશો ? મારી તો નાખ્યા, હવે શો સંદેશો ? આવો દ્રોહ ? આવો વિશ્વાસઘાત ? પરણીને આ વિશ્વાસ આપ્યો હતો કે તમે નિર્દોષ છતાં તમારા માટે કોઈ કાંઈ એવું ગમે તેવું ખોટું ય બોલશે તો તમારી વગર વાંકે પણ આમ હકાલપટ્ટી કરીશ ? મને તરછોડો છો તો તમારું શું ભલું થશે ?....' આવું કશુંય સંદેશામાં કહેવાનું મન ન થાય ? પણ ના, હૈયામાં જિનવચનની શ્રદ્ધાથી સચોટ વસેલું છે કે 'મને આ સ્થિતિમાં પતિએ નથી મૂકી, મારા કર્મે જ મૂકી છે. આ તો હિસાબી વાત છે કે પૂર્વ ભવે મેં કોઈને તરછોડેલ, તેના કર્મે એની સામે અહીં મને તરછોડાવી, વળી જ્ઞાનીઓ જે કહે છે કે

**'આ સંસાર-વાસનાની કોઈ પણ પ્રવૃત્તિ પરિણામે દુઃખદાયી જ છે.'**

એ અહીં સત્યાર્થ થતી દેખાય છે. સંસાર-વાસનાથી મારી ઘર માંડવાની પ્રવૃત્તિ અહીં પરિણામે આ દુઃખ આપનારી બની છે. આમ હિસાબી વાત જિનવચનથી નજર સામે તરવરતી હોય પછી પતિનો દોષ જોવાની વાત શાની ઊભી રહે ? દોષ પોતાની મૂળભુત સંસાર-વાસનાનો જ દેખે.

**કટોકટીમાં દૃષ્ટિ શાના ઉપર ?**

સીતાજીએ જે સંદેશો આપ્યો એમાં આ જોવા મળે છે કે કટોકટીમાં ધર્મ સંમજનારની દૃષ્ટિ કયાં જાય ? કહો સામો માણસ ધર્મ સમજનારની દૃષ્ટિ ન ચૂકે એના પર. **સીતાજીએ કટોકટીમાં પતિ રામનું ધર્મ ? અને મોક્ષ તરફ ધ્યાન ખેંચ્યું.**

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૧,અંક-૨૬,તા.૧૯-૩-૧૯૮૩**

(૧) તમે મને છોડી પણ જૈન ધર્મને છોડતા નહિ.

(૨) મને છોડવાથી તમારો મોક્ષ નહિ અટકે, પણ જૈન ધર્મને છોડવાથી તમારો મોક્ષ અચૂક અટકી જશે.'

આ બે સંદેશા સુચવી રહ્યા છે કે **ધર્મી જીવે જીવન જીવતાં હંમેશ માટે ધર્મની આરાધના અને મોક્ષનું લક્ષ્ય ધ્યાનમાં રાખવાનું છે.**

સીતાજીએ ધ્યાનમાં રાખતા હશે એટલે જ આવા કટોકટીના અવસરે એને



જ આગળ કરે છે.

**કટોકટીમાં ધર્મ અને મોક્ષ તો જ ધ્યાન પર આવે કે જો સારાસારીમાં પ્રધાન દૃષ્ટિ ધર્મ અને મોક્ષ પર રમતી હોય.**

પૈસા કમાયા એ સારાસારી થઈ, ત્યાં ઝટ યાદ આવે કે આ ધન પ્રાપ્તિ એ પૂર્વ ભવની ધર્મસાધનાનું ફળ છે. પૂર્વ ભવે બીજાના પૈસા ઝુંટવા, અસત્ય અનીતિ આચરવી, હિંસામય આરંભ-સમારંભ કરવા. પરિગ્રહના ઢેર કરવા, વગેરે વગેરે પાપ કર્યાનું આ ફળ નથી કે અહીં મનમાન્યા પૈસા વગેરે સુખ મળ્યા. એ તો પૂર્વ ધર્મ કરેલો, પૈસા વગેરેનું દાન કરેલું, પૈસાથી જિનભક્તિ સાધુસેવા અને પરોપકાર કરેલો, જીવદયા પાળેલી....વગેરે કોઈ ધર્મ આચર્યાનું આ ફળ છે કે અહીં મનમાન્યું બની આવે, ને સારાસારી થઈ જાય.' એટલે હવે જ્યારે પૂર્વના ધર્મથી આ સારાસારી બની આવી છે, તો આ સારાસારીનો ઉપયોગ પાપાચરણમાં નહિ, પણ ધર્મમાં કરવો જોઈએ.

એ હિસાબી વાત છે. 'પૂર્વના ધર્મથી જો અહીં સારાસારી, તો અહીંના પાપાચરણથી આગળ નરસા નરસી જ આવવાની. તો શું ધર્મનું ફળ પૈસા વગેરે સુખ સગવડ મેળવીને એનાથી મારા જ હાથે પાપો કરું ? ને મારી ભાવી નરસી સ્થિતિ ખડી કરું ? ના, હું એવો મૂરખ નથી. હું તો અહીં બને તેટલો ધર્મ જ સાધતો રહું' આ ભાવના જીવન જીવતાં જીવંત જાગ્રત રાખવી જોઈએ.

**ધર્માત્માની મોક્ષ તરફ દૃષ્ટિ :-**

જેમ સારાસારીમાં ધર્મ તરફ હોય તો કટોકટીમાં પણ ધર્મ તરફ દૃષ્ટિ રહે, એમ સારાસારીમાં મોક્ષ તરફ દૃષ્ટિ હોય તો કટોકટીમાં પણ મોક્ષ તરફ દૃષ્ટિ રહે, સારાસારીમાં મોક્ષ તરફ દૃષ્ટિ આ રાખવાની કે આ સારાસારીથી બહુ ખીલવાની જરૂર નથી કેમકે એ સારાસારી કોઈ અમર નથી, શાશ્વતી નથી રહેવાની. અમર અને શાશ્વતો તો મોક્ષ જ છે. એટલે વાસ્તવિક સારાસારી મોક્ષ જ ગણાય. માટે ધન આદિની સારાસારીથી કશું ખીલવાનું નહિ, કે સંતોષ નહિ વાળવાનો,

**મારી વાસ્તવિક સારાસારી મોક્ષ જ છે**

આ વિચાર, જાુઓ, સ્થૂલભદ્રજીને રાજા તરફથી મંત્રી મુદ્રિકાની ભેટ આપવા આવેલો. એટલે જ એમણે જોયું કે 'જેમ મંત્રી-મુદ્રિકા સ્વીકારવામાં કોશાના ચોવીસે કલાકના સુખ જાય, તેથી મંત્રી મુદ્રિકા જતી કરવાની; એમ સંસારવાસમાં પડી રહેવામાં ચારિત્ર વિના મારે મોક્ષના અનંતા સુખ લેવાના જાય. આ ઉચ્ચ માનવભવ તો મોક્ષના અનંત સુખ લેવા માટે છે, તો એની ખાતર સંસાર ક્ષણિક નાશવંત સુખ જતા કરવાના.' જાુઓ નંદરાજાના મોટા રાજ્યનું મુખ્યમંત્રીપણું મળે છે, એ

દુન્યવી દૃષ્ટિએ કેવી ઊંચી સારાસારી ? છતાં મોક્ષની દૃષ્ટિ આવીને ઊભી, તો એમણે ત્યાંજ સંસાર ત્યાગ કરી સાધુવેશ સાધુપણું લઈ લીધું ! કેવો જબરદસ્ત વિવેક ! અને કેટલું જબરદસ્ત આત્મપરાક્રમ ? સારાસારીમાં મોક્ષદૃષ્ટિ જાગ્રત હોય એટલે જ શ્રાવક પરલોક પ્રધાન જીવન જીવે. સારાસારીમાં એવા વાણી-વિચાર-વર્તાવ ન રાખે કે જે અહીં સુખમાં મને જાહોજલાલી લગાડે, અને પરલોક બગાડી નાખે. પરલોક બગડે એટલે પરલોકમાં એવા હલકા ભવ આવવાથી પાપો જ કરવાના મળે, અને એથી મોક્ષ તો દૂર, ઊલટું ભવના ફેરા વધી જાય.

**ભવ પાર કરવાના ભવ ટુંકા કરવાના આ જન્મમાં શું ભવના ફેરા વધારવાના ધંધા કરવા ?**

**સારાસારીમાં મોક્ષદૃષ્ટિ જીવંત હોય એનું ફળ**

(૧) મોક્ષને જ વાસ્તવિક સારાસારી તરીકે દેખે,

(૨) એ દેખતો હોવાથી વર્તમાન પૌદ્ગલિક નાશવંત સારાસારીમાં ફુલાઈ ન જાય, અભિમાન ન કરે કે હું કેવો શ્રીમંત ! હું કેવો વિદ્વાન !

(૩) યા સંતોષ ન વાળી બેસે કે 'ચાલો જીનમાં જોઈતું સારું બની આવ્યું, હવે બેસો નિરાંતે, ને આરામથી જીવો.' એમ

(૪) બીજાની આવી સારાસારી પર ઈર્ષ્યા ન કરે કેમકે સમજે છે, અમર સારાસારી તો મોક્ષની બાકી આ સામાની દુન્યવી સારાસારી તો નાશવંત છે. એ બિચારો જોતો રહેશે ને આ સારાસારી ઉપડી જવાની છે, ને એ વખતે આ બિચારો પોક મૂકીને રોવાનો છે. અંતે રોવરાવનારી આ બીજાની સારાસારી તરફ મારે ઈર્ષ્યા શી કરવી ?

**મોક્ષ દૃષ્ટિ આમ અભિમાન, ફુલાવાનું, અતિ હર્ષ કરવાનું ખોટો સંતોષ વાળી ધર્મ ભુલવાનું ને બીજાની સારાસારી તરફ ઈર્ષ્યા કરવાનું અટકાવે છે.**

(૫) વળી મોક્ષદૃષ્ટિ દુન્યવી સારાસારીમાં અભિમાન અટકાવી બીજાને તિરસ્કારવાનું અટકાવે છે. માણસ બીજાનો તિરસ્કાર કેમ કરે છે ? પોતાને પોતાની સારાસારીનો મદ છે, અભિમાન છે માટે બીજાને તુચ્છ ગણે છે, કિંમત વિનાના સમજે છે; એટલે જ એમનો તિરસ્કાર કરે છે. જો આ સારાસારીનો મદ ન હોય, અહંત્વ ન હોય, તો શેઠિયા નોકરોને તુચ્છ શાના ગણે ?વાતવાતમાં એમનો તિરસ્કાર કેમ કરે ? બાપ છોકરાનો તિરસ્કાર કરે ? માસ્તર વિદ્યાર્થીનો તિરસ્કાર કરે ? ગુરુ શિષ્યનો તિરસ્કાર, કે વિદ્વાન યા અનેક ચેલાવાળો શિષ્ય ગુરુનો તિરસ્કાર કરે ? પરંતુ કહો મનમાં પોતાની સારાસારીનો મદ છે. ત્યાં મોક્ષની સારાસારી સમજતો હોય, એ વર્તમાન પોતાની દુન્યવી સારાસારીને તુચ્છ લેખે.



પછી એનો મદ શો ? અને બીજાને તિરસ્કારવાનું શું ?

જીવનમાં મોક્ષદૃષ્ટિની ને મોક્ષને જ સાચી સારાસારી માનવાની બલિહારી છે. દુન્યવી સારાસારીમાં મોક્ષદૃષ્ટિ જીવંત રખાય એટલે તો જુએ કે

**ધર્મનો ઉત્સાહ બન્યો રાખવા માટે આ જ ભાવના અંતે તો મારે મોક્ષ પામીને જપવાનું છે, તો આ દુન્યવી સારાસારીનો ઉપયોગ મોક્ષને નિકટ કરવામાં કરું .**

મારી જ સારાસારીથી મારો મોક્ષ દૂર થાય એવો એનો ઉપયોગ મારાથી કેમ કરાય ?

એ તો કમ અક્કલવાળાનો અને બુદ્ધિહીન મૂઢ માણસનો ધંધો કે પોતાની જ સારાસારીનો એવો ગેરઉપયોગ કરી પોતાના જ મોક્ષને દૂર કરે. જનમ્યો ત્યારે પોતાના કર્મસ્ટોક અને પાપાનુંબંધોના સ્ટોક પર મોક્ષ જેટલો દૂર હતો એના કરતાં જનમ્યા પછી જીવન જીવતાં જીવતાં સારાસારીનો એવો ગેરઉપયોગ કરી રહ્યો છે કે એના પર ઊભા થતા નવાં પાપકર્મ અને પાપાનુબંધોના સ્ટોક પર મોક્ષ વધારે દૂર થઈ જાય છે. આવું કરે એમાં બુદ્ધિમત્તા નથી, બુદ્ધિનો સદુપયોગ નથી, પરંતુ બુદ્ધિનું લિલામ છે.

મોક્ષદૃષ્ટિવાળાને સારાસારીનો સદુપયોગ આ,- કે સારાસારીના મૂળ કારણભૂત દેવાધિદેવ પર અને એમના વચન પર એ અથાગ રાગ વધારે; એમ સાધુ મહાત્માઓ પર રાગ વધારો; અને એ રાગના ફળ રૂપે દેવ-ગુરુની ખૂબ સેવા-ભક્તિ કરે; બીજાઓમાં પણ દેવ ગુરુ-ભક્તિ તથા જિનવચનની આરાધના વધે એવી રીતે પોતાની સારાસારીનો સદુપયોગ કરે. મોક્ષદૃષ્ટિ જાગતી હોય એનો આ પ્રભાવ પડે. માટે તો જુઓ, -

**રાજા સંપ્રતિનો સારાસારીનો સદુપયોગ :-**

સંપ્રતિ રાજાઓપોતાની પાસેની સારાસારીનો આ ઉપયોગ કર્યો કે સવા લાખ જિનમંદિર બંધાવ્યા ! ૩૬૦૦૦ જિનમંદિરના જીર્ણોધ્ધાર કરાવ્યા ! સવા ક્રોડ જિનબિંબ ભરાવ્યા ! કેટલીય ધર્મશાળાઓ ઊભી કરી દાનશાળાઓ ઊભી કરી દાનશાળાઓ ખોલી ! દૂર દૂર દક્ષિણ દેશમાં લોકોને ધર્મથી અને સાધુથી પરિચિત કરવામાં અઢળક ધન ખર્ચ્યું, જેથી ત્યાં સાધુઓ વિચરી શકે અને લોકોને ધર્મ પમાડી શકે, ધર્મ સધાવી શકે ! ગ્રીસ અને ઈરાન સુધી જેવી તત્ત્વજ્ઞાન ફેલાય એવા સુકૃતો કર્યા ! કેમ આ બધું ? એને જિન-જૈન સાધુ, અને જિનવચન-જૈનધર્મ પર એટલો બધો રાગ છે કે એના પ્રત્યે જગતને આકર્ષવું છે. અને એમ કરીને પોતાનો મોક્ષ નિકટ કરવો છે.

**આપત્તિમાં મોક્ષદૃષ્ટિ સમાધિ આપે :-**

જેમ મોક્ષદૃષ્ટિ સારાસારીમાં આ કામ કરે છે, એમ આપત્તિમાં કટોકટીમાં પણ મોક્ષદૃષ્ટિ સમાધિ આપવાનું કામ કરે છે. મોક્ષદૃષ્ટિ આ વિચાર કરાવે છે કે 'મારે આપત્તિ આવી, દુન્યવી સારાસારી ગઈ, પૈસા ગયા, પરિવાર ગયો, એ કોઈ મોટી નુક્સાની નથી. મોટા ચક્રવર્તીઓને છ ખંડની રાજ્ય-ઋદ્ધિ ગઈ છે, અને લાખો-કરોડોના પરિવાર ગયા છે, તો મારે શું મોટું નુકસાન થયું છે ? મારે તો મારો મોક્ષ ન લૂંટાઈ જાય, મોક્ષ આઘો ન થઈ જાય, એજ જોવાનું છે, એવું જ કરવાનું છે.

કટોકટીમાં આપત્તિમાં આ વિચાર રાખવો જ પડે, જેથી ચિત્તને વિહ્વળતા-વ્યાકુળતા-હાયવોય ન થાય. નહિતર બનવાનું તો બને જ છે, એમાં કાંઈ હાયવોય કરવાથી ફરક પડતો નથી, આપત્તિ કાંઈ ટળી જતી નથી કે હળવી થતી નથી. આપત્તિ-સંપત્તિ એ કર્મના ખેલ છે, એટલે એ Pre aaranged પૂર્વ-આયોજિત છે. એમાં હવે શો ફેરફાર થાય ?

સીતાજી આ સમજતા હતા એટલે જંગલમાં એકલા અટુલા મુકાવા જેવી કટોકટીમાં પણ વિહ્વળ ન થયા, હાયવોયમાં ન પડ્યા; પરંતુ

સીતાજી મનમાં કર્મની સામે જે ધર્મનું બળ તથા મોક્ષનું લક્ષ્ય ધરાવતા હતા એના અનુસારે

**સીતાજી રામચંદ્રજીને સંદેશો આ મોકલેલ છે કે લોકવચનથી જૈનધર્મ ન છોડતા; કેમકે જૈનધર્મ છોડ્યે મોક્ષ અચૂક અટકી જશે, માનવજન્મ નિષ્ફળ જશે.**

સારાંશ આ છે કે દુન્યવી સારાસારીમાં ધર્મદૃષ્ટિ અને મોક્ષદૃષ્ટિને જીવંત રાખવાની છે, ને એવું જ આપત્તિમાં-કટોકટીમાં,

(૧) ધર્મદૃષ્ટિ આ, કે આ સારાસારી પૂર્વના ધર્મસેવનનું ફળ છે માટે ધર્મસેવન મુખ્ય રાખવાનું

(૨) મોક્ષદૃષ્ટિ આ, કે જીવને ખરેખરી સારાસારી મોક્ષ છે; માટે દુન્યવી સારાસારીનો ઉપયોગ એ મોક્ષની સારાસારીને નિકટ કરવા માટે જ કરવાનો, ઉપયોગ કરતા આ જોવાનું કે આનાથી મારો મોક્ષ નિકટ થાય ને ? દૂર ન થાય ને ?

દુન્યવી સારાસારીમાં આ બે દૃષ્ટિ જાગતી હોય, પછી કટોકટી આવે, આપત્તિ આવે ત્યાં પણ આ બે દૃષ્ટિ જાગતી રહે એસ્વાભાવિક છે, એટલે જ સીતાજીએ જંગલમાં તરછોડવાની ભારે કટોકટીમાં પણ, તરછોડનાર પતિને સંદેશો મોકલી ધર્મ અને મોક્ષ તરફ એમનું ધ્યાન ખેંચ્યું.

**રામ પર સંદેશાની અસર :-**



હવે જુઓ સેનાપતિ જઈને રામચંદ્રજીને મળે છે ત્યારે રામ પૂછે છે.

'કેમ સીતાને જંગલમાં મૂકી આવ્યો ?'

સેનાપતિ કહે છે "હાજી, મેં આપનો એમને આદેશ કહેતાં એ કશી આનાકાની વિના તરત જ રથમાંથી જંગલમાં ઊતરી પડ્યા ! અને હું તો રોતો હતો એટલે એમણે મને કહ્યું 'તું શા માટે રુએ ? જો આમાં તારો દોષ નથી. તું તો જો સ્વામીનો સેવક છે, અને હું સ્વામીની આજ્ઞાંક્તિ છું, તેથી તારે ને મારે સ્વામીની આજ્ઞા પાળવાની, એ આપણું કર્તવ્ય છે,' બાકી મને કહે 'જો સ્વામીને કહેજે ખેદ નહિ કરતા; કેમકે આમાં તમારો ય દોષ નથી, તેમ લોકનો પણ દોષ નછી. દોષ માત્ર મારાં પૂર્વ કર્મનો છે. કર્મે આ કરાવ્યું છે તેથી તમે શું કામ દુઃખ કરો ?"

રામ આ સાંભળીને સ્તબ્ધ થઈ જાય છે ! સીતાના ઉમદા દિલ પર ઓવારી જાય છે !

સેનાપતિ કહે "નામદાર ! પછી મેં પાછા વળતાં પૂછ્યું કે સ્વામીને કાંઈ કહેવરાવવું છે ? ત્યારે સીતાજીએ આ સંદેશો આપ્યો છે. એમણે કહ્યું સ્વામીને કહેજો કે 'મને લોકનિંદાથી છોડી, તો ભલે છોડી, એથી તમારો મોક્ષ નહિ અટકે; પરંતુ કાલે કદાચ લોક તમારા જૈનધર્મનો ત્યાગ કરવાથી તમારો મોક્ષ અચૂક અટકી જશે."

ભયંકર કટોકટીમાં સીતાજીના આ વચન સાંભળી રામ ક્યાં ઊભા રહે ? રામને 'આવા ઉત્તમ સીતાજીને મેં છેહ દીધો ?' એ વિચાર પર સખ્ત આઘાત લાગ્યો. રામચંદ્રજી બેભાન ઘઈ ગયા, કેમ બેભાન ? એમનાં, દિલને જબ્બર આંચકો લાગ્યો એટલે સ્તો. એમણે જોયું કે

**રામના મન પર સીતાની વિશેષતાઓ :-**

'અહો ! સીતાજીનો મારા પ્રત્યે આટલો બધો ઊંચો સદ્ભાવ ? એમને મારા એકમાત્ર આત્મહિતની ચિંતા ? તથા એમના ગજબનાક ક્ષમાશીલ સ્વભાવ ? વગેરે એમની આટલી બધી ઉમદા રીતિ-નીતિ અને સદ્ગુણો ? એની સામે મેં પોતે મૂઢ નાદાન લોકથી ખોટી રીતે દોરવાઈ સીતાજીને કારમો છેહ દીધો ?' એ નજર સામે તરવરતાં રામ એવો ભારે આંચકો- આઘાત પામ્યા કે ત્યાં બેભાન થઈ ઢળી પડ્યા.

ભારે આઘાત લાગે જ ને ? સીતાજીની લાયકાત કેટલી બધી ઊંચી ? સીતાજીનો વર્તાવ કેટલો બધો ઉમદા ? અને તે પણ ભયંકર કષ્ટ વેઠીને ય ઉમદા વર્તાવ ! એની સામે રામચંદ્રજીનો પોતે સુખે બેઠા સીતાજી નિર્દોષ છતાં પોતાની અજ્ઞાન મૂઢ લોકમાં એક સારા રાજા તરીકેની ખ્યાતિ ઊભી રહે એના સ્વાર્થમાં

સીતા પ્રત્યે કેટલો બધો ક્રૂર વર્તાવ ? હવે આ ફરક સીતાજીના ઉમદા બોલ પર ખ્યાલમાં આવતાં હૈયે જબરદસ્ત આંચકો કેમ ન લાગી જાય ? બસ, આ આંચકાએ એમને મૂર્ચ્છિત કરી દીધા.

જો કે રામ એક મહાન પુરુષ છે. મહાન પુરુષની ય ભૂલ થઈ જાય પરંતુ એમની મહાનતા આ, કે ભૂલ ખ્યાલમાં આવતાં પાછા વળી જતાં વાર નહિ ! ત્યાં

**હૈયું જો વાસ્તવમાં અધમ હોય તો ભૂલ જણાયા પછી પણ ગાંઠ ન છૂટે, ભૂલમાંથી પાછા વળવાનું ન સૂઝે.**

અધમતાને લીધે અભિમાનથી ભૂલને સાચું સારું કર્યા તરીકે પકડી રાખે. પરંતુ અહીં રામચંદ્રજી વાસ્તવમાં મહાન છે. તેથી જુઓ પહેલું તો ભૂલ સમજીને હૈયે આંચકો એવો અનુભવે છે કે પોતે બેભાન થઈ જાય છે; અને પછીથી માણસો ઠંડા ઉપચારથી એમને ભાનમાં લાવતાં, રામ તરત સેનાપતિને કહે છે,

**રામ સીતાને પાછા લાવવા વિચારે છે :-**

"અરે ! આપણે આ શું કરી નાખ્યું ? મૂઢ લોકને ખુશ કરવા ખાતર આવા મહાપવિત્ર નિર્દોષ અને આટલા બધા ઉમદા વર્તાવ તથા ઉચ્ચ ગુણોવાળા સીતાજીને જંગલમાં તરછોડ્યા ? ધિક્કાર છે મને ! અલ્યા સેનાપતિ ! ઊઠ, ચાલ, જલ્દી રથ જોડ આપણે એ જંગલમાં જઈને સીતાજીને પાછા લઈ આવીએ, ભલે મૂઢ લોક ગમે તે બોલે."

પહેલાં પ્રજાની શાબાશી લેવા,-કે 'રામચંદ્રજી એક સારા રાજા કે પરઘર રહી આવેલી પ્યારી પણ પત્નીને ઘરમાંથી કાઢી મૂકી !'- આવી શાબાશી લેવા સીતાજીને એમણે રવાના કર્યા હતા; એ રામ, એમની મહાનતા જુઓ કે હવે આખી પ્રજા ગમે તે બોલે નિર્દોષ સીતાજીને પાછા લઈ આવવા તૈયાર થઈ જાય છે. ! અહીં પ્રશ્ન થાય,-

**લોકાપવાદ કેમ ગૌણ ? :-**

**પ્ર.**- તો શું પહેલાં એમણે લોકાપવાદને મહત્ત્વ આપ્યું હતું તે હવે એને ખોટું કર્યું માને ?

**ઉ.**- હા, એનું કારણ છે, પહેલાં પોતે ઈશ્વાકુવંશના એક સારા વારસદાર તરીકેની ખ્યાતિ અખંડ રાખવાની લોભમાં, લોકની મૂઢતા એમના મન પર આવી નહોતી; હવે લોકની મૂઢતા-અજ્ઞાનતા સમજી ગયા કે 'આવા મહાસતી પર આરોપ ચઢાવવો એ નરી મૂઢતા છે, ગાંડપણ છે., એવા મૂઢ અને ગાંડા લોકનાં વચન પર મદાર ન બંધાય; પછી ભલેને, એવાં ગાંડા બે ચાર નહિ પણ હજારો હોય તો ય શું ? એના બોલવાના આધારે ન ચલાય.' આમ સમજી ગયા પછી રામ લોકાપવાદને



મહત્ત્વ આપવાનું છોડી દે, અને મહાસતીને કરેલો ભયંકર અન્યાય પાછો ખેંચી લે એમાં ખોટું નથી, પણ એમાં એમની મહાનતા છે. શું ?

**નિર્દોષને કરેલો અન્યાય પાછો ખેંચી લેવો એ ય મહાનતા છે.**

આ પરથી આપણે ધડો લેવા જેવો છે કે આજે જ્યારે અજ્ઞાન અને મૂઢ લોક ધર્મ-વિરુદ્ધ સાધુ વિરુદ્ધ અને શાસ્ત્રના કાનુન વિરુદ્ધ બોલે છે, તો એને મહત્ત્વ ન અપાય કે 'આટલા બધા લોક આમ બોલે છે તો એના પર વિચાર કરવો જોઈએ; કેમકે

**મૂઢ લોકને મહત્ત્વ આપવામાં ધર્મ-સાધુ-શાસ્ત્રને અન્યાય થાય.**

માટે જ એવા લોકને મહત્ત્વ આપી આપણી ધર્મ આરાધના, સાધુ પ્રત્યે ભક્તિ-બહુમાન, અને શાસ્ત્ર નિયમોની શ્રદ્ધાને પડતી ન મૂકાય. મૂઢ અજ્ઞાની લોકના બોલની કિંમત શી ?

રામચંદ્રજીએ જ્યાં સેનાપતિને કહ્યું 'ચાલો જલ્દી આપણે સીતાજીને પાછા લઈ આવીએ,' ત્યાં સેનાપતિ કહે છે, -

'પ્રભુ ! મહાસતીજીને અહીંથી કોઈ ૫૦૦ ગાઉ દૂર મૂકીને અહીં આવતાં મને સમય બહુ લાગ્યો. એટલામાં તો એ ક્યાંય ચાલી ગયા હોય, તો પત્તો ક્યાં લાગશે ?

રામ કહે 'તું ચિંતા ન કર., એ પગે ચાલી ચાલીને કેટલું ગયા હોય ? આપણી પાસે તો રથ છે. પવનવેગી ઘોડા છે, એટલે આખા જંગલમાં સપાટાબંધ ઘુમી વળશું અને એમને ઢુંઢી કાઢશું.

રામને કેટલી બધી તમન્ના લાગી છે સીતાજીને પાછા લઈ આવવાની ? એ જ કારણ, કે પોતે નિર્દોષ મહાસતીને અન્યાય કરવાની દંડી નાખવાની મહાભૂલ કરી છે, તો હવે એને કષ્ટ વેઠીને પણ એ મહાભૂલનું પરિમાર્જન કરવું છે. સેનાપતિએ રથ જોડ્યો, ને એમાં સપાટાબંધ ઊપડ્યા રામચંદ્રજી જંગલ તરફ જે જગ્યાએ સેનાપતિએ સીતાજીને છોડ્યા હતા એ જગ્યાએ અને આસપાસમાં જંગલમાં ખૂબ ફરી વળ્યા, પરંતુ સીતાજીનો પત્તો ન લાગ્યો ઘુમ્યા ઘુમ્યા, બહુ ઘુમી વળ્યા, પરંતુ નિષ્ફળ ! સીતાજી ન મળ્યા કેમ વારું ? સીતાજી ત્યાં હતા જ નહિ.

**જે વસ્તુ જ્યાં ન હોય ત્યાં એની શોધમાત્ર દિવસો જ નહિ પણ જન્મારા સુધી કરો, પણ એ ન જ મળે.**

જિંદગીની જિંદગીઓ ત્યાં ઢુંઢો તો ય ન મળે. સાપના મોંમાં અમૃત હોય ? ના, તો પછી જિંદગીભર સાપના મોંમા અમૃતને ઢુંઢતા રહો તો ય તે ત્યાં શાનું મળે ? એમ,

(૧) દુન્યવી પદાર્થોમાં વાસ્તવિક સુખ નથી, છતાં જન્મોના જન્મ એમાં સુખ શોધવા જાઓ, સુખ લેવા મથો તે શાનું મળે ?

(૨) મિત્રોના દિલમાં આપણા પ્રત્યે સાચા નિઃસ્વાર્થ સ્નેહ જેવું હોય જ નહિ, તો ત્યાંથી સ્નેહ લેવા ગમે તેટલો ભોગ આપો, તો ય તે શાનો મળે ? સ્નેહને બદલે અંતે મળે ? ખાસડાં

(૩) કુલટા કુભારજાના દિલમાં સુશીલતા હોય જ નહિ. પછી એને હીરા માણેકના દાગીનાથી લાદી દો અને એના પર ભારે પ્રેમ દેખાડો, છતાં એનામાં સુશીલતા શાની જડે ?

અહીં સીતાજી જંગલમાં હતા જ નહિ, પછી રામ આખું જંગલ ઘુમી વળી શોધે પણ સીતા ક્યાંથી મળે ? અંતે નિરાશ થઈ ગયા, અને કલ્પના કરી કે, જંગલ બિહામણું છે, શિકારી પશુઓનો અહીં વસવાટ હોય, તેથી લાગે છે કે સીતાજી શિકારી પશુનો ભોગ બની ગયા હોય ! ત્યારે અરરર ! મારી કેટલી બધી મૂર્ખાઈ અને કેટલી બધી ક્રૂરતા કે આવા જંગલમાં મેં એમનો ત્યાગ કરાવ્યો ?' એમને પસ્તાવાનો પાર નથી.

**રામનો સીતા ન મળવા પર કલ્પાંત :-**

રામ રોયા, ખૂબ રોયા, કલ્પાંત કરે છે,- 'હે ભગવાન ! આ મને કેવી દુર્બુદ્ધિ સૂઝી કે આવા મહાસતી મહાપવિત્ર અને ગુણગણના ભંડાર સીતાજીને આવો છેહ દીધો ? લક્ષ્મણ મને ના જ કહેતો હતો કે ભલે લોક ગમે તેમ બોલે પણ તમે સીતાજીને મહાસતી માનો જ છો, તો એમને છેહ ન દેવાય;' છતાં મેં હાય ! છેહ દીધો ! લાખલાખ ધિક્કાર હોજો મને કે મેં આટલા ઉચ્ચ આત્માને શિકારી પશુના મોંમાં મૂક્યા ! ઓ મારી સીતા ! માફ કરજે મને, હું પાપાત્મા છું નરાધમ છું, અને આ નાલાયક નરાધમને તેં આ જનમમાં પતિ કર્યો, પરંતુ હવે પછીના કોઈ જનમમાં મે કે મારા જેવા નાલાયકને ભૂલેચૂકે પતિ કરીશ નહિ.

ઓ મારી ગુણમૂર્તિસીતા !

**"તું તો પતિવ્રતા-પતિભક્તા ગુણમય જીવન જીવીને આ ઉચ્ચ જનમ અજવાળી ગઈ, પણ હું પાપી ભયંકર પત્ની દ્રોહ કરીને આ ઉચ્ચ જનમને અંધકારમય કરનારો બન્યો,"**

**સીતાનું શું થયું ? :-**

રામ કલ્પાંત કરતાં ઘરે પાછા વળ્યા. અહીં સવાલ થાય કે 'સીતા મળ્યા નહિ, તો શું એ શિકારી પશુથી ભરખાઈ ગયા ? કે બીજે ક્યાંક ચાલી ગયા ? શું દેવતા એમને ઊઠાવી ગયો ?'



જવાબ આ છે કે ભરખાઈ નથી ગયા, પણ નજીકના રાજ્યોના રાજા વજ્જંઘ બહાર ફરવા નીકળેલો, તે ફરતો ફરતો જોગાજોગ અહીં સીતાજી આશ્રય માટે આગળ વધી રહ્યા હતા એમને જોઈ પૂછે છે,

'તમે તમારા વેશ અને મુખમુદ્રા પરથી કોઈ ખાનદાન ઘરના લાગો છો, તો અહીં એકલા કેમ પડી ગયા ?'

શું સીતાજી અહીં પતિ રામચંદ્રજી કે નિંદક લોક માટે બખાળા કાઢે ? ના, અહીં સીતાજી કહે છે,- "મારું કમભાગ્ય મને અહીં લઈ આવ્યું છે...વધુ પૂછશો નહિ,

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૧,અંક-૨૭,તા.૨૬-૩-૧૯૮૩**

**રુઠેલું ભાગ્ય બળવાન હોય પછી ઘર ને સગા વહાલા બધાનો વિયોગ થઈ જાય એ સહજ છે.**

**માણસનું બળવાન ભાગ્ય સામે શું આવે છે ?"**

રાજા સમજી ગયો કે 'આ બાઈ માણસ અત્યંત દુઃખમાં ગમે તે કારણે મુકાઈ ગયું હો, પણ ખાનદાનીના લીધે કારણ કહી શકતા નથી. તો કાંઈ નહિ. આપણે કારણ પૂછીને શું કામ છે ? આપણે તો દુખિયારાના બેલી થવું' એમ વિચારી રાજા એમને કહે છે,

'ચિંતા ન કરશો. તમો મારા ધર્મના બેન છો. મને તમારો ધર્મનો ભાઈ સમજજો. ચાલો મારી સાથે, હું રાજા છું મારા મહેલમાં મારા બેન તરીકે ખુશીથી રહેજો. તમારી ભાભીઓ આવા તમારા જેવા ઉત્તમ નણંદને પામી ખુશી ખુશી થઈ જશે. તમને સારા આવકારશે.'

આમ રાજા વજ્જંઘ સીતાજીને મહાન આશ્વાસન આપી રથમાં બેસાડીને પોતાના રાજમહેલ પર લઈ ગયેલો, તેથી અહીં જંગલમાં સીતાજી શાના હોય ? ને રામને એ ત્યાં શાના જડે ? તેમ આ સમાચાર પણ રામને કોણ કહે ?

ત્યારે જાુઓ આ જનમમાં ય જંગલમાં ગુમાવેલા સ્નેહીના સમાચાર નથી મળતા, તો પછી પરલોકમાં સંસારરૂપી અરણ્યમાં-જંગલમાં ખોવાઈ ગયેલા સ્નેહીના સમાચાર કોણ આપે ? તેમ એ ત્યાં કેવી સ્થિતિમાં હોય એની ય ખબર નથી, કે એને દુઃખમાંથી બચાવી શકતા નથી; તેમ એ સુખમાં હોય તો આપણને ઉપયોગી થતા નથી; ત્યાં આ જનમના સગા-સ્નેહી પર ખોટા રાગ, ખોટી મમતા કરી શી કામની ? સીતાને તો કારણે જંગલમાં ગુમાવ્યા, પરંતુ અહીં સંસારમાં તો કારણ કાંઈ ન આપો તોય સગા-સ્નેહી નિશ્ચિતપણે ગુમાવવાના છે, અને એ સંસાર-

અરણ્યમાં નિશ્ચિતપણે ક્યાંક એવા ગુમ થઈ જવાના છે કે એના સમાચાર મળવાના નથી. અરે ! એનું એડ્રેસ પણ મળતું નથી. પછી એવા

**સગાસ્નેહી પર ગાઢ મમતા કરી કરી એમાં દેવ ગુરુ-સંઘ-સાધર્મિક પર મમતા કરવાનું ગુમાવવું એ કેટલી બધી મૂર્ખતા અને મૂઢતા છે ?**

**અહીં દેવ-ગુરુ-સંઘ-ધાર્મિક પર કરેલી ગાઢ મમતા પરભવે દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક મળવાનું નક્કી કરી આપે છે.**

હવે વિચારો કે આ મળવાનું નક્કી થયું એટલે શું નક્કી થયું ? મનુષ્યજનમ મળવાનું નક્કી થયું ! કદાચ દેવભવ મળે તો ય ત્યાં રહ્યા દેવાધિદેવ-સાધું. સંઘઙ વગેરેની ભક્તિ કરવાનું સુલભ થાય, ને પછી પાછો માનવ-અવતાર મળે એમાં દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક મળવાનું સુલભ થાય.

એટલે સંસાર-અરણ્યમાં સગા સ્નેહી ખોવાઈ જવાનો અને એમના સમાચાર કે સરનામું પણ નહિ મળવાનો ખ્યાલ રાખી, એમના પરથી મમતા હટાવીને દેવાધિદેવ, સાધુ મહાત્માઓ, સંઘ, તથા સાધર્મિક પર મમતા જમાવવી જોઈએ.

**દેવ-ગુરુ-સંઘ પર મમતાર્થે શું શું કરવાનું ? :-**

આ મમતા જમાવવાનું ખરેખર શી રીતે થાય ?

કહો, જેમ સગા-વહાલા પર મમતાથી વરસી જવાય છે, એમ દેવ-ગુરુ સંઘ-સાધર્મિક પર વરસી જવું જોઈએ. કહો, પત્ની-પુત્ર-પુત્રી વગેરે ને સાળા જમાઈ ભાણેજા વગેરે સગા ઉપર સમય સંપત્તિ વરસાવવાનું ઓછું કરી દેવાધિદેવ-સાધ સાધ્વી-શ્રાવક-શ્રાવિકા વગેરે પર સારો સમય અને સંપત્તિ વરસાવવાનું, તથા એમની સેવામાં શ્રમ ઉઠાવવાનું કરાય, તો એમના પર મમતા વાસ્તવિક ઊભી થાય. એ વિનાની મમતા તો માત્ર કહેવાની મમતા રહેશે, સાચી મમતા નહિ, માટે કહો,

પરભવે દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક સુલભ કરવા છે ? એમના પર મમતા સુલભ કરવી છે ?

તો અહીં મળી ગયેલ દેવ-ગુરુ-સંઘ-ધાર્મિક પર સક્રિય મમતા ઊભી કરો,. 'સક્રિય મમતા' એટલે એમની ખાતર સમયનો ભોગ આપવાનું કરાય, સંપત્તિનો ભોગ આપવાનું કરાય, શ્રમ ઉઠાવીને શરીરનો કાંઈક ભોગ અપાય. એવી મમતાર્થે સમય-સંપત્તિનો સારો ભોગ આપવાની તથા સારો શ્રમ કરવાની તમન્ના રહેતી હોય એવી મમતા એ સક્રિય મમતા છે.

**સક્રિય મમતાના દાખલા :-**

માતાને પુત્ર પર મમતા રહે છે. એ કેવી મમતા ? આવી જ કે પુત્ર ખાતર પોતાનો સમય ગાળવાની પોતે શ્રમ લેવાની, અને પોતાની ચીજ વસ્તુ પુત્રના કામે



લગાડવાની એને તમન્ના રહે છે. ઓરમાયા દીકરા પર એવી મમતા નથી, તો એવી ભોગ આપવાની તમન્ના રહેતી નથી.

પત્નીનું મન એમ કહે છે કે 'આ મારા પતિ છે,' એને પતિ પર મમતા છે, તો પતિ ખાતર એને સમય-શ્રમ-સંપત્તિનો કેટલો બધો ભોગ આપવાની તમન્ના રહે છે ?

એમ વફાદાર નોકરને લાયક શેઠ પર કેટલી બધી સક્રિય મમતા રહે છે !

બસ, આવી તમન્ના દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક ખાતર ભોગ આપવાની રહે., 'કેમ હું આમની ખાતર સમય કાઢું, શ્રમ કરું અને મારી ચીજ વસ્તુ પૈસા કામે લગાડું !' એવી તમન્ના-તત્પરતા-ધગશ રહે. જો આ તમન્ના નથી તો મમતા શી ?

**મહારાજા શ્રેણિકને** મહાવીરપ્રભુ મળ્યા નહોતા, એમને પ્રભુ ઓળખાયા નહોતા ત્યાંસુધી એમના પર મમતા નહોતી; પરંતુ પ્રભુ મળ્યા, ઓળખાયા, પછી તો મમતા એવી જાગી કે,

'વાહ ! આ તારણહાર પ્રભુ મને મળ્યા ? જગતમાં ખરેખર મારા ગણું તો આ દેવાધિદેવ મારા છે !' આ મમતા એવી જાગી કે રોજ ત્રિકાળ પ્રભુભક્તિ સમય કાઢીને અને સંપત્તિ ખરચીને કરવાની તમન્ના રહેતી. પ્રભુની કોઈ સુખશાતાના સમાચાર લાવી દેતું તો એને સારું ઈનામ આપી દેતા. પ્રભુ પર ઊછળતો રાગ પ્રભુ પર હાર્દિક મમતા શું ન કરાવે ? સંપત્તિનો ભોગ કેમ ન અપાવે ? ત્યાં જો મનને એમ થાય કે આટલા સમાચારમાં પૈસા શા ખરચવા હતા ? 'તો એનો અર્થ એ કે, પ્રભુ કરતાં સંપત્તિ પર વધુ મમતા છે, મન કહે છે, 'પ્રભુની ખાતર એમ પૈસા જતા ન કરાય, પૈસા જતા કરવાની જરૂર નહિ'

**પ્રભુ કરતાં પૈસા વધારે ગમતા હોય ત્યાં પૈસા ખાતર પ્રભુનો ઉપયોગ કરશે, પણ પ્રભુ ખાતર પૈસાનો ઉપયોગ નહિ.'**

અગર પ્રભુની ભક્તિમાં કદાચ પૈસાનો ખરચ પણ કરશે તો ય ત્યાં ય મનમાં બેઠું હશે કે 'આ પ્રભુની કૃપાથી મને સારા પૈસા મળો.' કહેશે "શંખેશ્વર દાદા ! તમારી ૧૫૦ રૂપિયા ખરચીને આંગી કરાવી છે, તો દાદા ! એના પર બે મીંડા ચડાવીને મને દઈ દેશો" એટલે કેટલા માગ્યા ? ૧૫૦૦૦ ! છે ને વાણિયો હોશિયાર ! પ્રભુ કરતાં પૈસા પર વધારે મમતા છે એટલે દોઢસો ખરચીને તો પાછા મેળવવા છે, ઉપરાંત ચૌદ હજારને સાડી આઠસો રૂપિયા વધારો જોઈએ છે ! આણે પ્રભુ ખાતર પૈસાનો ઉપયોગ કર્યો ? કે પૈસા ખાતર પ્રભુનો ઉપયોગ કર્યો ? કહો, પૈસા ખાતર પ્રભુનો ઉપયોગ કર્યો, એ પ્રભુ કરતાં પૈસાની વધારે મમતા સૂચવે છે.

**શ્રેણિકે પ્રભુ પરની મમતામાં શું શું કર્યું ? :-**

મહારાજા શ્રેણિકને પ્રભુ પર વધારે મમતા હતી એટલે પોતાના મેઘકુમાર-નંદીષેણ-અભયકુમાર વગેરે પુત્રો તથા કાલી-મહાકાલી વગેરે રાણીઓ પ્રભુ પાસે ચારિત્ર લઈ પ્રભુના શિષ્ય બનવા માગે છે તો શ્રેણિકે તરત એમને ચારિત્ર અપાવી પ્રભુને સોંપી દીધા છે ! શ્રેણિક એમ ને એમ ભગવાન નથી થવાના. ભગવાન પર આ મમતા હતી કે 'મારા ભગવાન કરતાં દીકરા કિંમતી નહિ. દીકરા કરતાં ભગવાન કિંમતી, તેથી મારા ભગવાનની સેવામાં દીકરા જતા હોય તો ભલે જાઓ,'

'ના, મારા દીકરા તો મારી સેવામાં રહેવા જોઈએ, ભગવાનની સેવામાં નહિ મોકલવાના, ભગવાનને તો ઘણાય શિષ્યો છે અને બીજા પણ મળે છે' જો આ ગણતરી હોય તો આમાં ભગવાન પર મમતા ક્યાં રહી ?

કોઈ મોંઢેથી સવાલો કરે કે 'મને મારા બાપાજી પર બહુ મમતા છે,' પણ પોતાના દીકરાને પોતાની સેવામાં જ રોકી રાખે ને બાપની સેવામાં ન જવા દે, તો એની બાપ પર મમતા કેવી ? ખાલી શબ્દાડંબર જ ને ? એવાને વાસ્તવમાં જાત પર મમત્વ છે, બાપ પર નહિ. શ્રેણિક પરિવારની જેમ પૈસા પણ પ્રભુની ભક્તિ પાછળ સારા લગાવતા.

વાત આ છે, દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક પર મમતા સક્રિય જોઈએ, સમય-શ્રમ-સંપત્તિનો ભોગ આપવાની તમન્નાવાળી જોઈએ. મન હંમેશા ઉત્સુક રહે કે 'આપની સેવામાં ક્યારે સમય કાઢું ? શ્રમ લઉં ! સંપત્તિ લેખે લગાડું !'

**કુમારપાળની ગુરુ પર સક્રિય મમતા :-**

મહારાજા કુમારપાળને સાધર્મિક પર ખરી મમતા હતી, તો દર વર્ષે એક ક્રોડનું ધન તો સાધર્મિક ઉદ્ધારમાં વાપરતા ! ગુરુ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મહારાજ પર મમતા હતી, તો એમના રચેલા શાસ્ત્રો લખાવવા કાયમી ૭૦૦ લહિયા ગોઠવી દીધેલા અને એની પ્રતિઓ લખાવવામાં ક્રોડોનું ધન ખરચ્યું ! એકવાર લખાવવા માટે તાડપત્ર ખૂટ્યા, તો એ ન મળે ત્યાં સુધીના માટે અન્ન જળનો ત્યાગ કરી બેઠા ! 'મારા ગુરુમાં જબરદસ્ત વિદ્વત્તા છે, તો શું હું એમના શાસ્ત્ર લખાવવામાં પૈસા પાણીની જેમ ન રેલાઉં ? ન રેલાઉં તો હું ગુરુનો ભક્ત શાનો ?' આ મમતા ગુરુ માટે હતી. તમને છે ને મમતા ? હા, છે મમતા ઘરવાળા પર, ગુરુ પર નહિ !

**કુમારપાળની દેવાધિદેવ પર સક્રિય મમતા :-**

મહારાજા કુમારપાળે મોટો સિદ્ધાચળજીનો સંઘ કાઢ્યો, સિદ્ધગિરિ પહોંચ્યા,અને એની તીર્થમાળ પહેરવાનો પોતાનો હક જતો કરી 'જે વધુ ઉછરામણી



બોલે એ તીર્થમાળ પહેરે' જાહેર કર્યું કારણ કાંઈ ? દેવાધિદેવ પરની ઉત્કટ મમતાથી એ વિચાર્યું કે 'અત્યારે ખરેખરો અવસર છે, તો હું એમ ને એમ માળ પહેરી લઉં એના કરતા માળની ઉછરામણી દ્વારા મારા આદીશ્વરદાદાનો ભંડાર ન ભરાવું ?' ભરાવ્યા, કેટલા ભરાવ્યા ? સવા ક્રોડ રૂપિયા ! 'હાશ ! મારા પ્રભુનો ભંડાર સારો ભરાયો !' એમ ૧। ક્રોડ ભરાવીને કેટલા રાજી થયા હશે ? લાખો ખરચીને સંઘ પોતે કાઢે, અને માળ બીજો પહેરી જાય, એમાં રાજી ? હાં, પ્રભુ પરની મમતા ભોગ આપવાની તમન્ના વાળી હતી, પોતાના હકનો ભોગ આપી દઈ પ્રભુનો ભંડાર સારો ભરાયો !' પોતાના હકનો ભોગ આપી દઈ પ્રભુનો ભંડાર ભરાવવાની તત્પરતા હતી, પછી ભંડાર સારો ભરાયો તો રાજીના રેડ કેમ ન થઈ જાય ?

**ભોગ આપવાની તમન્નાવાળી મમતા એ સાચી મમતા.**

**પ્ર.-** શું મનને એમ ન થાય કે લોક વાત કરશે કે 'કુમારપાળ કેવા મૂરખ કે સંઘનો ખર્ચ પોતે કરી માળ બીજાને પહેરવા દીધી ?'

ઉ.- ના, કેમકે એમણે જોયું કે જાતે માળ પહેરી લેવામા જાતની મમતા આગળ થાય. બીજાને માળ પહેરવા દઈ ઉછરામણીની રકમથી મારાપ્રભુનો ભંડાર ભરાવા દઉં, તો મારા પ્રભુ આગળ થાય' આમ જાત કરતાં દેવાધિદેવ પર મમતા વધારે હતી.

**કુમારપાળને પૂર્વ ભવની દેવ-ગુરુ પરની મમતાનો વારસો :-**

તો વિચારો, કુમારપાળમાં દેવાધિદેવ પર, ગુરુ પર, સંઘ સાધર્મિક પર, આટલી બધી મમતા શી રીતે બની ? કહો, પૂર્વ ભવે દેવ-ગુરુ પર ભારે મમતા કેળવી હતી. ગુરુએ શિખવાડ્યું છે, કે 'દેવાધિદેવની ભક્તિ પોતાની શક્તિ ખરચીને પોતાના દ્રવ્યથી કરવી.' મારા ગુરુ જો આમ કહે છે, તો ભલે મારી માત્ર પાંચ કોડીની સંપત્તિ બધીય પ્રભુની ભક્તિમાં જાય.' એમ કરી પાંચેય કોડીનાં ફૂલ લઈ પ્રભુને ચડાવ્યા ને રાજીનો રેડ થઈ નાચ્યો કે 'ધન્ય ભાગ્ય મારાં કે મારા પ્રભુની ભક્તિમાં મારી નાની પણ બધી જ મૂડી લેખે લાગી. મહા ઉપકાર ગુરુનો કે મને જૈન ધર્મ પમાડ્યો ! મને દેવાધિદેવ ઓળખાવ્યા ! આ દેવ-ગુરુની ભક્તિ સંપન્ન મમતાએ એને ભવાંતરે કુમારપાળ રાજાના અવતારે દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક સુલભ બનાવ્યા ને એમના પર મમતા ઊભી કરાવી.

**અહીં દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક પરની મમતા અને એની પાછળ અપાતો સમય-શ્રમ-સંપત્તિનો ભોગ ભવાંતર માટે દેવ-ગુરુ-સંઘનું રીઝર્વેશન કરી આપે છે.**

વાત એ હતી કે સીતાજીને જંગલમાં રાજા મળ્યો, એ એમને બેન કરીને લઈ ગયો, અને સીતાજીને બહુ આદર-સત્કારથી પોતાને ત્યા રાજમહેલમાં

રાખ્યા ! એની રાણીઓ પણ એમને બહુમાનભેર સેવા કરે છે !

પુણ્યનો ઉદય કેવું અજબ કામ કરે છે ! રામે એમનો ત્યાગ કર્યો ત્યારે રામને કશી કલ્પના નહિ, કે રામની કશી ગોઠવણ નહિ, કે 'સીતાને બીજે રાજાશાહી માન-સન્માન મળો.' એટલે રામનો આ બાબતમાં કશો પ્રયત્ન કે વિચાર પણ નથી, તેમ સીતાનો પણ કોઈ તેવો પ્રયત્ન નથી, અર્થાત સારો રાજા આશ્રયદાતા તરીકે શોધવાનો કોઈ પ્રયત્ન નથી. તો આ કેમ બની આવ્યું ? કહો, સીતાજીના પોતાના પૂર્વ પુણ્યના ઉદયે બની આવ્યું,

**અકાટ્ય કર્મસત્તા :-**

કર્મસત્તાનો હિસાબ ન માનનાર નાસ્તિકો આનો શો જવાબ દે કે 'જંગલમાં સીતાને બરાબર એ વખતે આશ્રયદાતા કેમ મળી આવ્યો ?' 'તે પણ કોઈ સામાન્ય માણસ નહિ, કિન્તુ રાજા જ આશ્રય આપનાર કેમ મળી આવ્યો !' એ 'બાય ચાન્સ' કહે, પણ આ ચાન્સ શું ?

**જગતમાં કાર્યો એમ જ વિના કારણ નથી બનતા :**

**કારણો મળે તો જ કાર્ય થાય.**

એટલે જ અહીં માનવ-પ્રયત્ન વિના જંગલમાં સીતાજીને જે બને છે એમાં સીતાજીનાં કર્મ જ કારણ કહેવા પડે. એમને ત્યાં જંગલમાં એકલા અટુલા તરછોડવા છતાં રાજમહેલમાં વાસ અને રાજમહેલમાં પ્રસૂતી થાય છે. એ પણ પુણ્યોદય. નહિતર જંગલમાં પ્રસૂતી થાય તો એમાં કેટલી બધી તકલીફ અને કષ્ટનો પાપોદય હોય ? પુણ્ય-પાપનો વિપાક જીવને જીવન જીવતા કેટલું બધું કામ કરી જાય છે ! માટે જ અનુકૂળ સગવડ-સામગ્રીનો એટલે પુણ્યના ઉદયનો મહિમા હોઈ એ અનુકૂળ સામગ્રીનો ઉપયોગ વિષયવિલાસ અને કષાયોનાં પોષણ કરવામાં નહિ, પરંતુ ત્યાગના વ્રત-નિયમ, પરોપકાર, જિનભક્તિ સામાયિક-સ્વાધ્યાય, ને ક્ષમાદિ ગુણોની કેળવણી કરવામાં કરવો જોઈએ. મનને એમ થાય કે,-

આ અનુકૂળ સગવડ-સામગ્રી એ પૂર્વ પાપનું ફળ નહિ, પણ પુણ્યનું જ ફળ છે. પુણ્યે આપેલા છે. તો પુણ્યનું ફળ મેળવી એનો ઉપયોગ પાપપોષણમાં કરું ? પુણ્ય કાર્યોને વિસરવામાં કરું ?

**બે પુત્રો લવણ-અંકુશ :-**

સીતાજીએ બે બાળકોને જન્મ આપ્યો એજ લવણ અને અંકુશ; જેમને લોક-ભાષામાં લવ અને કુશ કહે છે. લવણ અને અંકુશ અહીં સારી રીતે ઊછેરાય છે. મામા બનેલા રાજા એમને વિવિધ કળા વિજ્ઞાનની તાલિમ માટે બધી સગવડ કરી આપે છે. અલબત લવણ અંકુશ પૂર્વ જન્મની જબરદસ્ત ધર્મસાધનાના પ્રતાપે એવી



બુદ્ધિશક્તિ ને એવી ચકોરતા તથા એવી વિવેકશક્તિ લઈને આવેલા છે કે એમને શું શીખવવું પડે ? છતાં સામાન્ય નિમિત્તરૂપે અધ્યાપકની જરૂર રહે છે, પરંતુ સહેજ સહેજ ઈશારો પામી જે રીતે નિષ્ણાતતા મેળવે છે, એથી એમ કહેવાય કે એમને વિદ્યાદેવીની સાધના નથી કરવી પડી કિન્તુ વિદ્યાદેવી ખુદ આવીને એમને વરે છે !

એટલે જ્યારે કોઈક વાર રાજાએ અધ્યાપકને પૂછ્યું હશે કે લવણ અને અંકુશનું કેમ ચાલે છે ? એ કેટલું ભણ્યા ત્યારે અધ્યાપક કહે 'મહારાજા ! એ ભણ્યાજ નથી !'

રાજા આ સાંભળી ચોંકી ઉઠે છે, પૂછે છે, 'હેં આ શું કહો છો ? તો શું એ ભણવાના સમયે બહાર ખેલતા રમતા જ રહ્યા ને મૂર્ખ રહ્યા ?

અધ્યાપક કહે છે 'મહારાજા ! એમ નથી. એ તો કળા-વિદ્યાના પારંગત થઈ ગયા છે.'

રાજા કહે 'તે શું ભણ્યા વિના જ કળા વિદ્યાના પારંગત થઈ ગયા ?'

**વગર ભણ્યે કળા-વિદ્યાના નિષ્ણાત :-**

અધ્યાપક કહે 'મહારાજા સાહેબ ? એ ભણ્યા નથી એમ કહેવાનો ભાવ એ છે કે એમને બીજા વિદ્યાર્થીઓની માફક વિદ્યાનો અભ્યાસ કરવાની મહેનત જ નથી કરવી પડી. એમને તો માત્ર કળા વિદ્યાનું દિગ્દર્શન કર્યું કે તરત એમણે એ પકડી લીધી ! અને એનો પ્રયોગ વિદ્યાસિદ્ધ થયેલાની જેમ કરવા લાગ્યા ! એટલે કહેવાય કે ધનુર્વિદ્યા વગેરે એમને ભણવાની અભ્યાસ કરવાની જરૂર ન પડી, એનો કિન્તુ વિદ્યા સામેથી આવી એમને વરી ગઈ.'

રાજા આ સાંભળીને ખુશખુશાલ થઈ ગયા, અને બે કુમારોની કુશળતા ચકોરતા અને વિદ્યા સિદ્ધિ પર ઓવારી ગયા !

અહીં એક સવાલ થાય કે 'રાજાના પોતાના પુત્રો કરતાં આ બે કુમારોની આટલી બધી ઊંચી કુશળતા અને વિદ્યાસિદ્ધિ જોઈ રાજાને આમના પર ઈર્ષ્યા ન થાય ?' ના, કેમકે રાજાને ઈર્ષ્યા ન થવામાં સીતાજીની વિશેષતાની કારણભૂત હતી.

**રાજાને ઈર્ષ્યા ન થવામાં સીતાજીની વિશેષતા :-**

વિશેષતા એ છે કે (૧)ઉમદા સ્વભાવના અને(૨) સુશીલ હોવા ઉપરાતં અહીં રાજાની ધર્મની બેન થઈને જ રહેલા છે, તે રાજાને એક મોટા ભાઈ તરીકે સમજી, (૩) એની આમન્યા અને (૪) એનું ગૌરવ સાચવીને રહેલા છે. તેમજ એની રાણીઓ પ્રત્યે એક પીઢ પ્રેમાળ નણંદરૂપે (૫) ખૂબ સહાનુભૂતિ અને (૬) ગુણાનુરાગ દાખવતા રહેલા છે. તેથી રાજાનો સીતાજી પર ભારે સદ્ભાવ અને

ભાર ગુણાનુરાગ છે. અહીં એ વિચારો કે સીતાજી રાજાની આમન્યા પાળતા હશે એટલે શું કરતા હશે ? અને રાજાનું ગૌરવ સાચવતા હશે એટલે શું કરતાં હશે ? આ સમજવા માટે પહેલાં જનરલ નિયમ સમજવા જેવો છે કે

**વડિલની આમન્યા જાળવવામાં શું શું કરવાનું આવે ?**

વડિલની અમાન્ય માથે રાખી હોય ત્યાં (૧) પહેલા તો વડિલ પ્રત્યે વિનયપૂર્વકનો વર્તાવ હોય. એટલે વડિલ બોલાવે તો 'શું છે ?' એમ ન ભલે, પરંતુ 'હાજી' એમ બોલે અને (૨)પાસે જઈને ઊભો રહી કહે ફરમાવો ! ત્યાં વડિલે ફરમાવ્યા પછી (૩)તહત્તિ કહે, ભલે કહે, અને (૪) ફરમાવ્યા પ્રમાણે અમલ કરે. આજે શાળાઓમાં વડિલ પ્રત્યે આ વિનય ક્યાં શીખવાય છે ? તો વિનયના શિક્ષણ વિનાનું શિક્ષણ કેવું ? મોટા મંત્રી પણ આ કરે છે તો જ રાજાની આમન્યામાં ગણાય છે. તો પછી બીજાઓ માટે શું પૂછવાનું ? વડિલની કદાચ ભૂલ થતી હોય છતાં એમની જો આમન્યા માથે રાખી છે, તો એકવાર તો 'હાજી' કહેવું જ જોઈએ; પછી વિનયપૂર્વક પરિસ્થિતિ પર એમનું ધ્યાન ખેંચવાનું.

**શાસ્ત્રમાં શિષ્યની આમન્યાનું દૃષ્ટાન્ત :-**

ઉપદેશમાળા શાસ્ત્રમાં ગુરુ શિષ્યને કદાચ કહે, 'જો પેલો સફેદ કાગડો કેવો કાગારોળ મચાવે છે !' ત્યાં ગુરુની આમન્યાવાળો શિષ્ય તરત કહે 'હાજી,' શેમાં હાજી ? કાળા કાગડાને ધોળો કહે એમાં ? શું શિષ્ય જોઈ શકતો નથી ? યા શિષ્ય શું એવો અડબંગ છે કે કાગડો ધોળો ન હોય કાળો જ હોય એટલું સમજી શકતો નથી ? ના, જોઈ શકે છે, સમજી શકે છે; પરંતુ ગુરુની પ્રત્યે આ આમન્યા કે શિષ્ય ગુરુ વચનનો સામનો ન કરે, 'તથાસ્તુ' કરી સ્વીકારી લે; પછી ન સમજાયું હોય એ એકાંત મળતાં ગુરુને વિનયપૂર્વક ખુલાસો પૂછે.

દા.ત. પ્રસ્તુતમાં પૂછે 'સાહેબજી ! મને તો કાગડો કાળો દેખાય છે. તો આપશ્રીએ ધોળો કહ્યો એનો ભાવ હું સમજી શક્યો નહિ.'

ત્યાં ગુરુ સમજાવે કે 'જો મહાનુભાવ ! કાગડો બહારથી રંગે કાળો છે, પરંતુ અંતરથી એ ગુણે કરીને ધોળો છે; કેમકે એને જો રસ્તા પર કશું ખાવાનું પડેલું મળે, તો એ એકલો નહિ ખાય, પરંતુ ઝાડ પરથી કે મકાનના છાપરા પરથી કાગારોળ મચાવી પોતાના જાતભાઈઓને એ ખાવા માટે ત્યાં ભેગા કરે છે. આમાં એની પરાર્થવૃત્તિ છે. એ ગુણ છે; માટે એ ધોળો અર્થાત્ ઉજ્જવળ છે.

**જેમને એકલી સ્વાર્થ-માયા હોય એ અંતરથી મેલા છે કાળા છે, બહારથી ભલે ઊજળા હોય.**

**પરાર્થવૃત્તિમાં માણસાઈ છે :-**



માણસ જાતને કાગડાના આ દિલમાંથી શીખવા મળે છે કે ભલે તમે બાહ્ય રૂપે-રંગે કે કપડે સારા રૂપાળા ઉજળા ન હો, પરંતુ તમે હૈયાથી ઊજળા રહો. એ માટે સ્વાર્થ-માયા ગૌણ કરી દઈ પરાર્થવૃત્તિવાળા બનો, બીજાનું ભલું કરી છુટવું, 'બીજાને આપણે કે આપણી ચીજ વસ્તુ કામમાં આવો,' તમારા કામકાજ સાધતાં બીજાનો વિચાર ઊભો રાખો, જેથી તમે એને વિઘ્નરૂપ ન બનો. એનું બગડે એવું તમારા હાથે કે તમારા બોલથી કાંઈ ન થાય. જો આ પરાર્થવૃત્તિ નહિ હોય તો તમે કાગડાથી પણ હલકા ગણાશો. અજ્ઞાન અબૂઝ કાગડામાં આટલી અક્કલ હોય, તો સમજદાર હોવાનો ઠેકો રાખનાર આપણામાં એટલી અક્કલ ન હોય ? તો પછી આપણામાં માનવતા શી ? માણસાઈ શી ?

ગુરુના ખુલાસા પર શિષ્ય સ્તબ્ધ થઈ ગયો. વિચારે છે,

**'અહો ! જિનશાસનનો કેવો કલ્યાણકારી આમન્યાધર્મ !'** મેં ગુરુની આમન્યાથી ધોળા કાગડાનું ગુરુવચન 'હાજી' કહીને સ્વીકારી લીધું તો ગુરુની આશાતનાના પાપથી બચ્યો ! નહિતર બીજાઓની વચ્ચે હું ગુરુવચનનો સામનો કરવા જાત કે 'કાગડો ધોળો શાનો ? કાગડો તો કાળો જ હોય,' તો ગુરુની અવગણના થાત, બીજાઓ આગળ ગુરુની હલકાઈ થાત. ગુરુ ખુલાસો કરત કે 'એકલી બહારની કાળાશ શું જાુએ ? અંતરની ધોળાશ ઉજ્જવળતા જો કે જ્યાં માણસ જેવો માણસ હલકા હૃદયથી પરાર્થવૃત્તિ ગુણ કેળવવાનું ચૂકે છે, ત્યારે કાગડા જેવી અજ્ઞાન પંખેડાની જાત ઉત્તમ દિલથી પરાર્થવૃત્તિ દાખવે છે. ગુરુ એવો ખુલાસો કરત ત્યાં બધાની વચ્ચે મારા સામનાની શી કિંમત રહેત ? ધન્ય આમન્યા ! ધન્ય જિનશાસન ! આમન્યા 'ધર્મમાં આમ વડિલનું વચન 'તહત્તિ'- 'તથાસ્તુ' 'હાજી' કહી સ્વીકારી લેવાનું આવે. એમ (૫) વડિલ બેઠા હોય ત્યાં ઊંચે ચડીને નહિ બેસવાનું, લાંબા પગ ઘાલી નહિ બેસવાનું, મોટા અવાજે નહિ બોલવાનું, રાડારાડ નહિ કરવાની,...વગેરે વગેરે આવે. એમ કોઈ કાંઈ પૂછે અને ત્યાં મોકો હોય તો આમન્યામાં એમ કહેવાનું આવે કે 'વડિલને પૂછો.' આમાં વડિલ જાણે. વડિલ કહે તે પ્રમાણ એ,'...એમ વડિલે કાંઈ કર્યું અને પછી આપણને એ જણાવે કે 'મેં આમ કર્યું છે,' તો ત્યાં આમન્યા એ કે આપણને જણાવે કે મેં આમ કર્યું છે; તો ત્યાં આમન્યા એ કે આપણે કહીએ છે 'પૂજ્યશ્રી ! એમાં આપશ્રીએ મને પૂછવાનું શાનું હોય ? આપ અધિકારી છો. આપે કહ્યું તે બરાબર જ કર્યું છે.'

**દશરથ પ્રત્યે રામની આમન્યા કેટલી હદની ? :-**

જાુઓ, દશરથે કૈકેયીને આપેલા વચન પ્રમાણે કૈકેયીએ માગી કરી, અને દશરથ રાજાએ અયોધ્યાનું રાજ્ય મોટા દીકરા રામચંદ્રને આપવાનું હતું તે કૈકેયીના

પુત્ર ભરતને આપી દીધું ! પછી દશરથ રામને બોલાવી આ વાત જણાવે છે, ત્યારે રામ આ જ કહે છે કે 'પિતાજી ! આમાં મને પૂછવાનું જણાવવાનું હોય જ નહિ; કેમકે આપ રાજ્યના માલિક છો, માલિક ફાવે તેને પોતાની વસ્તુ આપી શકે છે. આપ એક હવાલદારને પણ રાજ્ય આપી દો તો તે મારે મંજૂર છે. આપે ભરતને રાજ્ય આપ્યું તે મને સહર્ષ માન્ય છે. સારું થયું મારી માતા કૈકેયીનું દેવું આપે ચૂકવી દઈ માથેથી દેવાનો ભાર ઊતારી દીધો. આમ તો પિતાના મર્યા પછી પણ સુપુત્રની ફરજ છે કે પિતાનું દેવું ચુકવી દે, તો પિતાજીના જીવતાં પિતાના માથેનું દેવું ચૂકવાય એમાં સુપુત્ર આનંદ જ પામે, પછી ભલે પુત્રે પોતાના લાભ જતો કરવો પડતો હોય.''

આ બધું કોણ બોલાવે છે ? કહો, રામચંદ્રજીના દિલમાં રહેલો, રામે માથે ધરેલો, પિતૃ-આમન્યાનો ભાર બોલાવે છે.

સીતાજી રાજા વજ્જંઘની આશ્રયે રહેલા તે અનેક બાબતોમાં આ રીતે રાજાની આમન્યા પોતે માથે ધરે છે. આમ આમન્યા વિનય વગેરે અદ્ભુત ધરાવતા હોય તેમજ મુલાયમ ઉમદા સ્વભાવ દાખવતા હોય પછી રાજાને એમના પર કેટલો બધો સ્નેહ-સદ્ભાવ હોય ? એ પછી સીતાજીના પુત્રો પર ઈર્ષ્યા શાની કરે ?

**વડિલ માટે ગૌરવ રાખવામાં શું શું કરવાનું ?**

વડિલની આમન્યા સાચવવાની સાથે હૃદયમાં વડિલ પ્રત્યે ગૌરવ ધારણ કરવું પણ જરૂરી છે. ગૌરવવાળી સક્રિય બનાવનું હૃદયમાં ગૌરવ ધારણ કર્યું હોય એ સમજે કે 'આ મારા વડિલ ગુણસંપન્ન છે. મારે પૂજ્ય છે. મારે પ્રસંગે પ્રસંગે પૂછવા યોગ્ય છે. આગળ કરવા યોગ્ય છે.' વડિલ પ્રત્યે પોતાના હૈયામાં આ ગૌરવ હોય એટલે પછી એ પ્રમાણે વર્તાવ થાય.

ગૌરવના વર્તાવમાં શું કરવું જોઈએ ? આ જ કે

**(૧) પોતાને કોઈ સારી ચીજ કે માન-પ્રશંસા-યશ મળતા હોય તો તે બને તો વડિલને મળે એવું કરે.**

જુઓ, ભરત-લક્ષ્મણને હૈયે રામ પ્રત્યે ગૌરવ હતું તો જો રાજાની હાજરીમાં ભરતને રાજ્યગાદી મળે છે. તો પોતે રાજ્યગાદી બેસવા તૈયાર નથી; એટલે જ રામે પોતે જ પિતાજી પાસે વનવાસ માગી લીધો ! અને વનવાસ માટે નીકળી પડ્યા ! કેટલો મહાન ત્યાગ ?





**(૨) વળી ગૌરવ છે, તો વડિલનું વચન પળાય જ એવો પ્રબંધ કરે.**

જુઓ, રામને હૈયે પિતાનું ગૌરવ હતું તો પિતાએ આપેલ વરદાન, ભરત રાજ્યગાદીએ બેસે; તો જ પળાયું ગણાય; એટલે પોતે વનવાસ સ્વીકારી ભરતને રાજ્યગાદીએ બેસવાનો પોતે ફોર્સ પાડ્યો.

**(૩) વડિલ પ્રત્યે આ ગૌરવ કે વડિલનું વચન પળાય એ માટે મહાન ત્યાગ પણ કરે.**

લક્ષ્મણજીના હૈયે રામનું ગૌરવ હતું તો પોતે મોટાભાઈ રામ સાથે વનમાં નીકળી પડ્યા, 'પૂજ્ય મોટાભાઈ વનમાં ભટકે, તો મારાથી મહેલમાં કેમ બેસી રહેવાય ?'

**(૪) વડિલ પ્રત્યે આ ગૌરવ કે વડિલને આપત્તિમાં સહકાર આપવો.**

દમયંતીના હૈયે પતિ નળ રાજા પ્રત્યે ગૌરવ હતું, તો પોતે નળને પોતાના ભાઈ પુષ્કર સાથે જુગાર ખેલતાં ચાલ્યું ત્યાંસુધી રોકતા ગયા, પણ નળ ન રોકાયા, તે અંતે રાજપાટ વગેરે બધું ગુમાવ્યું ! હવે જંગલમાં પડ્યા પણ દમયંતીના હૈયે પતિ પર ગૌરવ ઊભું હોવાથી એમણે એમને એક ટોણો નથી માર્યો કે 'હું તો તમને ના કહેતી હતી, તે ન માન્યું તો આ કેવું પરિણામ આવ્યું ?'

**(૫) જેના પ્રત્યે ગૌરવ હોય એની ભૂલ ન જોવાય :-**

દમયંતીના હૈયે પતિ નળ રાજા પ્રત્યે ગૌરવ છે, એટલે પતિની ભૂલ નથી જોવી, પતિનું સ્વામીપણું જ જોવું છે. સ્વામી એટલે સ્વામી, એ સ્વતંત્ર છે, હું એમને પરતંત્ર છું, આપણા હૈયે જેના પ્રત્યે ગૌરવ હોય એની ભૂલો ન જોવાય. વળી,

**(૬) જેનું ગૌરવ હૈયે વસ્યું હોય એની વિશેષતાઓ જોવાય; અને બીજા આગળ અના ગુણ ગવાય.**

બહાર બોલવામાં પણ એમના માટે માનભર્યું બોલાય, એમનો યશ ગવાય; અને બીજો કોઈ એમના માટે હલકું બોલતો આવે તો તે સંભળાય નહિ, ને એને જરાય મહત્ત્વ ન અપાય, શક્ય હોય તો એનો પ્રતિકાર કરાય. સીતાજી રાજા વજ્જંઘ પ્રત્યે પૂર્વોક્ત આમન્યાના પ્રકાર સાથે આ ગૌરવના પ્રકાર બજાવતા હોય તેમજ એની રાણીઓ પ્રત્યે સહાનુભૂતિ ગુણાનુરાગ વગરે ધરતા હોય, એટલે રાજાના મન પર સીતાજી માટે કેટલો બધો ઊંચો સદ્ભાવ હોય ? પછી રાજાને એમના દીકરાની પોતાના પુત્રો કરતાં વિશેષતા દેખીને ઈર્ષ્યા શાની થાય ?

**રાજાને ઈર્ષ્યા ન થવાનું બીજું કારણ લવણ-અંકુશની ગુણિયલતા :-**

રાજાને એમ પણ ઈર્ષ્યા થાય નહિ, તેમજ સીતાજીના પુત્રો લવણ-અંકુશમાં લાયકાત-વિનય-આમન્યાદિ ગુણો આવે છે કે રાજાને એનું ભારે અંજામણ છે. એ અંજામણમાં રાજાને એમના પ્રત્યે ઈર્ષ્યા શાની થાય ?

**બીજાને આપણી ઈર્ષ્યા થવામાં વાંક આપણો :-**

આ પરથી એ શીખવા મળે છે કે બીજાની ઈર્ષ્યાના ભોગ ન બનવું હોય તો આપણે વિનય, આમન્યા, ઉમદા દિલાવર સ્વભાવ, પરગુણ-પ્રશંસા, સેવા, સહાનુભૂતિ, સુશીલતા...વગેરે ગુણો કેળવવા જેવા છે, અપનાવવા ને અનુમોદવા જેવા છે. મૂળ પાયામાં આમાં જ ખામી હોય પછી બીજા આપણી ઈર્ષ્યા કરે ત્યાં આપણે ઊંચા નીચા થઈએ, સંતાપ કરીએ, એ કેટલું વાજબી ? અને એથી વળે પણ શું ? અસ્તુ લવણ-અંકુશ પર રાજાને ઈર્ષ્યા ન થાય એમાં રાજાની વિશેષતા ખરી, લવણ-અંકુશની ય વિશેષતા ખરી, ઉપરાંત સીતાજીની પણ વિશેષતા છે, એ જોયું.

હવે સીતાજીની વળી એક મહાન વિશેષતા જુઓ.

લવણ-અંકુશને હજી સુધી ખબર નથી, પણ બહારથી સાંભળી લાવી સીતાજીને કહે "મા ! તેં તો અમને અત્યાર સુધી અંધારામાં રાખ્યા ! આજે અમને ખબર પડી અમારા પિતાજી અને કાકાએ તને જંગલમાં કાઢી મૂકેલી. તો કેમ તેં અમને આજ સુધી કહ્યું જ નહીં ?"

**સીતાજીનો ગંભીર ખુલાસો :-**

બોલો, સીતાજીની કેટલી ગંભીરતા હશે ! કે આટલા બધા વરસો થયા પુત્રોને પોતાની થયેલી કારમી વિટંબણા હજી સુધી કહી નથી ? નહિતર ધણીના વિરહકાળમાં તો પેટના વહાલસોયા દીકરા આશ્વાસન અને વિશ્વાસનું સ્થાન હોય છે. તો શું એમને કહેવાનું મન ન થાય ? દુઃખમાં માણસને આશ્વાસનરૂપે પોતાનું દુઃખ બીજા આગળ ગાવાનું મન થાય છે, અને એમ ગાઈને હૈયું હળવું થવાનું માને છે, પરંતુ આ ભ્રમણા છે, કેમકે

**જાનું દુઃખ વારે વારે યાદ કરવાથી આર્તધ્યાન થાય છે, અસમાધિ થાય છે. કાયરતા આવે છે સત્ત્વ હણાય છે.**

આવાં નુક્સાનો દેખી જાના દુઃખ યાદ જ નહિ કરવા જોઈએ અને અચાનક યાદ આવી જાય તો ઝટ મનમાં લાવવું કે 'ચક્રવર્તીઓને છ ખંડ ગયા, મારે તે શું એવું ગયું છે ? મારે એવી શી મોટી ખોટ આવી છે ? સગર ચક્રીને એકી કલમે પોતાના ૬૦,૦૦૦ દીકરા મરી ગયા સાંભળવાનો અવસર આવ્યો, મારે ક્યાં એવો અવસર આવ્યો છે ?' આમ પૂર્વ પુરુષોને આવેલી ભયંકર આપદા યાદ કરી



પોતાના દુઃખને નજીવું લેખવું જોઈએ, તો પછી એ દુઃખ વારે વારે યાદ નહિ આવે, તેમજ એનું આર્તધ્યાન નહિ થાય. દુઃખ બહુ યાદ કરાય છે એટલે જ બીજા આગળ એનાં રોદણાં રોવાનું મન થાય છે. સીતાજીએ મહાદુઃખને પણ મનથી કેવું નહિવત્ કરી દીધું હશે કે પોતાના પુત્રોને યા વર્ષોમાં એકવાર પણ કહેવાની વાત નથી !

**દુઃખ નહિવત્ કરાય તો એનાં રોદણાં નહિ રોવાય :-**

**દુઃખ નહિવત્ લગાડવાના ઉપાય :-**

**પ્ર.-** સીતાજીને એટલું મોટું દુઃખ પોતાના મનને નહિવત્ શી રીતે લગાડ્યું હશે ?

ઉ.- દુઃખ નહિવત્ લગાડવા એમણે એમ ચિંતવ્યું હોય કે

'(૧) રાજરાણી છતાં જંગલમાં એકલા અટુલા તરછોડાવાનું દુઃખ ભારે ગણાય, પરંતુ આ દુઃખ કરતાં મારે સંસારભ્રમણનાં દુઃખ ક્યાં નાનાં છે ? તે એને યાદ ન કરતાં આ એક જનમના તરછોડાવાનાં દુઃખને રોઉં ? સંસારમાં તો મોટા ઇંદ્ર કે દિવ્ય સમૃદ્ધિમાન દેવ થયેલાને પણ મૃત્યુ થતાં એકલા અટુલા ક્યાંય મુકાવું પડે છે ! અહીં તો જંગલમાં મૂકાયે બધું સુખ ગયું દેખાય, પરંતુ સારી હવા-અજવાસ, બેસવા સરખી જગા, ખાવાં ફળ ફૂલ આદિ વળી મારપીટ છેદન-ભેદનાદિ નહિ, વગેરે સુખ હયાત છે. ત્યારે મોટા ઈન્દ્રને પણ મર્યા પછી માતાની કુક્ષીમાં પૂરાયે, ત્યાં હવા-અજવાસને આમાંનું કશું જ ન હોય, ઈત્યાદિ સંસાર દુઃખ આગળ વર્તમાન જંગલમાં ત્યજાવાનું દુઃખ શી વિસાતમાં છે ?' એમ વિચારી વર્તમાન વન-ત્યાગ દુઃખ નહિવત્ લગાડ્યું હોય.

(૨) અથવા એમ વિચાર્યું હોય કે 'હું આ સાંસારિક સુખ-સગવડો જવાના બાહ્ય દુઃખને શું રોઉં ?એના કરતાં મારા આત્માને અહિંસા-સંયમ તપ-શાસ્ત્રબોધ વગેરે આધ્યાત્મિક સંપત્તિઓથી હજી સુધી વંચિત રહેવાનું દુઃખ કેટલું બધું મોટું છે ! સંસારના સત્તર પાપસ્થાનકના ફાંસલામાં ફસ્યા રહેવાનું દુઃખ કેટલું મોટું છે ? સારું થયું આ બાહ્ય દુઃખ આવ્યું તો આંખ ઊઘડી, તે હવે આભ્યન્તર દુઃખને ટાળવાની બુદ્ધિ થશે, આંતર દુઃખ ટાળવાની સોનેરી તક સમજી એનો પ્રયત્ન થશે.' આમ વિચાર્યાથી પણ વર્તમાન દુઃખ નહિવત્ લાગ્યું હોય.

(૩) **અથવા,** સંસારના નરકાદિ ગતિનાં દુઃખો કેટલા બધા જાલિમ છે કે જેની આગળ આ વર્તમાન દુઃખ કશી વિસાયતમાં નથી,' એમ વિચારી દુઃખ નહિવત્ લેખ્યું હોય. મનને થાય કે 'જે વખતે હું આ દુઃખ અનુભવું છું, એ જ વખતે નીચે સાત પાતાળમાં અસંખ્ય નારક જીવોથી નરકના રૌરવ દુઃખોમાં ભયંકર

ચીસો પડી રહી છે ! એ રૌરવ દુઃખોમાં રીબાતા જીવોની સામે હું શી દુઃખી છું ?' એમ વર્તમાન દુઃખ નહિવૂત લાગે.

(૪) અથવા સીતાજી એ જોતા હોય કે 'સંસારના સુખ કરતા દુઃખ તો આત્માને જગાડનારા છે, ભગવાનને અને ધર્મને યાદ કરાવનારા બને છે, એવી જાગૃતિ આપનાર દુઃખ તો આશીર્વાદરૂપ ગણાય.' એમ સમજી વર્તમાન દુઃખને કોઈ મોટા દુઃખદરૂપ ન ગણતા હોય. તેથી પુત્રો આગળ શું કામ એનું રોદણું રુએ.

(૫) અથવા "દુઃખ તો પાપકર્મોનો નાશ કરનાર છે. 'કર્મ ખપાવાનો અવસર એવો ફરી નહિ મળશે પ્રાણી' આમ વિચારી દુઃખના રોદણા ન રુએ.

આવા આવા વિચારે સીતાજી જંગલમાં તરછોડવાના દુઃખને નહિવત્ લેખે એમાં નવાઈ નથી.

**નવકારનો ગણનારો કેમ દુઃખી ન હોય ?**

એનું આ જ કારણ છે કે નવકાર ગણે છે તે પંચપરમેષ્ઠી ઓળખીને ગણે છે. એ પંચપરમેષ્ઠીનું સ્વરૂપ વિચારતાં વર્તમાન દુઃખ નહિવત્ લેખવાની આ વિચારણાઓ મળે છે. જો એ વિચારો એટલે વર્તમાન મોટાં દુઃખ પણ નહિવત્ લાગે. તેથી મનથી એ દુઃખી ન હોય. મહાવીર ભગવાન પર દુઃખો જાલિમ વરસ્યા, છતાં ભગવાન દુઃખી નહોતા, કેમ વારુ ? ઉપરોક્ત વિચારણાઓ મગજમાં રમતી હોય એટલે વર્તમાન દુઃખ દુઃખરૂપ જ ન લાગે. એ તો સમજે છે કે

**આ બાહ્ય દુઃખ એ અશુભ કર્મનો ઉદય નહિ પણ અશુભ કર્મનો નિકાલ છે.**

અશુભ કર્મ એ તો આત્માની અંદરનો કચરો છે. એ કચરાની દુઃખમાં હોળી થાય એ તો ખેદનો વિષય નહિ, પણ આનંદનો જ વિષય માનવો જોઈએ. સીતાજી આ વિચારણા પર મસ્ત રહે, પ્રસન્ન રહે, દુઃખને નહિવત્ લેખે. એમાં નવાઈ નથી...દુઃખને નહિવત્ લેખ્યા પછી એનાં રોદણાં શાનાં ગાવાના હોય ?

વર્તમાન જીવનમાંના દુઃખોને નહિવત્ માનવા અંગેની આ વિચારણાઓ ઊંચા તત્ત્વજ્ઞાન જેવી લાગે ! એટલે એના અમલ કઠણ દેખાય; પરંતુ એને અમલમાં લાવ્યા વિના છૂટકો નથી; કેમકે કઠણ દેખાય; પરંતુ એને અમલમાં લાવ્યા વિના છૂટકો નથી; કેમકે કઠણ કર્મોના હિસાબે જ્યારે દુઃખ માથે જ પડ્યા છે, અને એ એમ જાય એવા નથી, તો પછી શું એનાથી શેકાયા રોતા બેસી રહેવાનું વ્યાજબી છે ? ના, આ તાત્ત્વિક ચિંતન દુઃખમાં મનને રાહત આપે છે. મનને આર્તધ્યાનથી બચાવી લે છે. મન જેવા તેવા રોતડ વિચારો કરે, કાયરતાના વિચાર કરે, એના કરતાં તાત્વિક વિચારસરણી રાખવી શી ખોટી ? મનને રોતડ તો ન બનવા દે.

**પ્ર.**- શું તત્ત્વચિંતનથી દુઃખ ઓછું થાય ?



ઉ.- હા, ક્ષત્રિય બચ્ચો લડાઈમાં ભારે ઘવાયો હોય, પણ વિજય મેળવ્યો છે તો એને ઘવાવાનું દુઃખ નથી લાગતું કેમકે મન પર વિજયનો આનંદ જોરદાર છે. બસ,

**એવો દુઃખમાં જો કર્મકચરાનો નિકાલ થવાનો આનંદ રહે, તો દુઃખમાં રોતડતા શાની આવે ?**

પેલો લડાઈમાં જરૂર પડ્યે મૃત્યુ થવા સુધી લડે છે. મન પર કોઈ દેશસેવા, આશ્રિતસેવા, કે અન્નદાતા રાજા પ્રત્યે નિમકહલાલ બનવાનાં કર્તવ્યનો ભાર હોય તો તે મનને દુખિત નથી થવા દેતું, આ બધા દાખલા સૂચવે છે કે ધરાર મોત સુધીનાં દુઃખ વેઠે છે છતાં એમાં મનને કાયરતા નથી આવતી, મન રોતડ નથી બનતું, કહો,

**દુઃખ છતાં મન પર બીજો કોઈ આનંદ હોય કે કર્તવ્ય બજાવવાનો ભાર હોય તો દુઃખ નહિવત્ લાગે છે.**

સખ્ત ઉનાળામાં રસોઈ કરનારી બાઈઓ, ગરમીનાં દુઃખનાં ક્યાં રોદણાં રુએ છે ? ધાર્યા કરતા ડબલ તબલ પગાર મેળવનારો કયા નોકરીના કષ્ટને નહિવત્ લેખે છે.

બસ, તાત્ત્વિક ચિંતન આ બળ આપે છે કે મન પરથી દુઃખનો ભાર હટી જાય.

સીતાજીનો તાત્ત્વિક ચિંતનથી જંગલમાં ત્યજાવાના મહાદુઃખોનો પણ મન પર ભાર નહોતો, તેથી એમણે એનું રોદણું શું કામ રુએ ? પરંતુ હવે જ્યારે દીકરા બહારથી જાણી લાવીને પૂછે છે ત્યારે સીતાજી એમને કહે છે,

**સીતાજીનો ભવ્ય ઉત્તર :-**

જાુઓ વત્સો ! જંગલમાં મુકાવાનું તો મારાં તેવાં પૂર્વનાં કર્મે સરજેલું, તેથી તમારા બાપુજીને દોષ શાનો અપાય ? એ તો ઉત્તમ પુરુષ છે. મારે એમના સામ્રાજ્યમાં સૌને લીલાલહેર છે. એમની આટલી બધી ઉત્તમતા છતાં મારે કેમ લીલાલહેરમાં ભંગ થયો ? તો કહેવું જ પડે કે એમાં એમની ઉત્તમતામાં ખામી નહિ, પરંતુ આપણી પુણ્યાઈમાં ખામી આવીને ઊભી રહી."

સીતાજીના મનમાં કેટલી બધી સ્વસ્થતા હશે ત્યારે એમના મોંમાંથી પોતાને તરછોડનાર પણ પતિને માટે આટલા બધા ઉત્તમ બોલ નીકળે છે. આટલું સમજી રાખો,

**હૈયે તેવું હોઠે. મોંમાંથી અધમ બોલ નીકળવા પાછળ દિલમાં અસ્વસ્થતા અધમતા કામ કરી રહી છે.**

સીતાજીના દિલમાં એ નથી, પછી અધમ બોલ કે પતિ પ્રત્યે રોષના બોલ શાના નીકળે ? મનમાં એની સ્વસ્થતા અને ઉત્તમતા હતી, તેથી જ મનમંદિરમાં પ્રભુનો વાસ્તવિક વાસ હતો. જેના બળ ઉપર દિવ્ય કર્યા પછી ફત્તેહના જય

જયકારના ડંકા બજવા છતાં સીતાજીએ પ્રભુનો માર્ગ લીધો. આપણે ય સવાલ તો કરીએ, કે

**પ્ર.**- મારા મનમાં પ્રભુ તો વસે છે, પ્રભુનું નામ જપું છું પરંતુ પ્રભુનો માર્ગ લેવાના કોડ કેમ નથી ? અવસરે ઉત્તમ બોલ અને સ્વસ્થતા કેમ નથી રહેતી ?

ઉ.- એ પરથી સમજી લો કે માટે જ જ્ઞાનીઓનો આ ઉપદેશ છે કે 'મનમાં પ્રભુનું નામ વસાવવું છે ? પ્રભુ વસાવવા છે ? તો મનમાંથી કામ-ક્રોધ-લોભ-મદ-ઈર્ષ્યા-વેરઝેર વગેરે અધમતાઓને રવાના કરો. તો જ મનમાં પ્રભુનામ સાચું વસશે, મનમાં પ્રભુ ખરેખર વસશે.

**મનમાં સાચો પ્રભુનો વાસ હોય તો પ્રભુનો માર્ગ લેવાની ઝંખના રહે, અને ઉત્તમ બોલ તથા સ્વસ્થતા સુલભ બને.**

માટે હવે કહો, દીક્ષા એ પ્રભુનો માર્ગ છે તો એ લેવાની ઝંખના કેમ નથી ? માનવું જ પડે કે હજી મનમાં પ્રભુ ખરેખર વસ્યા નથી અને નહિ વસવાનું કારણ આ જ કે મનમાં કામ-ક્રોધ-લોભ-વેરઝેર-ઈર્ષ્યા વગેરે અધમતાઓ ઊભી રાખી છે.

સીતાજીએ મનમાં અધમતાઓ રાખી નહોતી, એટલે એમના મનમાં પ્રભુ સાચા વસેલા; તેથી છેવટે દિવ્ય કર્યા બાદ દુન્યવી જયજયકાર તરફ ન જોતાં, પ્રભુના ચારિત્રમાર્ગને અપનાવી લે છે ! અને અત્યારે પણ પુત્રોને પતિની ઉત્તમતા બતાવી રહ્યા છે. પરંતુ પુત્રો એવા માતૃભક્ત છે કે માતાને કહે છે,-

**લવણ-અંકુશનો પ્રત્યુત્તર : પિતા સાથે લડાઈ :-**

"મા ! તત્ત્વથી તમે ભલે માનો કે જંગલમાં ત્યજાવાનું બન્યું તે કર્મે બન્યુ, પરંતુ એ તો હકીકત બની જ છે કે લોકનિંદાથી દોરવાઈ અમારા બાપુજીએ તમને જંગલમાં તરછોડાવી દીધા ! તો શું એ એમ સમજે છે કે 'સીતાજીનો કોઈ રખેવાળ-બેલી નથી માટે એમને આમ તરછોડાવી શકાય ?' હવે અમે રખેવાળ-બેલી તૈયાર થઈ ગયા છીએ, એ અમે એમને લડાઈથી બતાવી આપશું. માટે મા ! અમે પિતાજી અને કાકાજી સામે લડાઈ આપવા જઈએ છીએ, તો અમારા માથે હાથ મૂક અને આશીર્વાદ દે કે 'દીકરા જાઓ ફત્તેહ કરો."

**લવણ-અંકુશની હિંમત શેના પર ? :-**

લવણ અને અંકુશ બચ્ચા જેવા તે એવા મોટા મહારથી રામ-લક્ષ્મણ સામે લડવાની હિંમત કેમ કરી શકે છે ? કયા વિશ્વાસ પર હામ ભીડી શકે છે ? વિશ્વાસ આ હિસાબે છે કે એ કળા-વિદ્યા-વિજ્ઞાનમાં પાવરધા થઈ ગયા પછી એમણે આશ્રયદાતા મામા પાસેથી લશ્કર લઈને માંધાતા રાજાઓ સાથે વિજયવંતી લડાઈઓ



કરી છે, ને એ રાજાઓને કાનપટ્ટી ઝાલીને મામારાજાની શરણે લાવી મૂક્યા છે.

લવણ-અંકુશ લડાઈ લડવા જતાં પહેલાં તો, મામા રાજા સમજતા કે 'હું મોટી ઉંમરનો પણ એ રાજાઓને જીતી નથી શક્યો, તો આ બચ્ચાઓ શી રીતે જીતી શકશે ? નાહકના આ બાળરત્નો રખે યુદ્ધમાં ખત્મ થઈ જાય તો ? મારે એમ એમનો નાશ ન થવા દેવાય.' એમ કરી મામા એમને ના પાડતા,

પણ આ બાળ ભડવીરો કહે 'મામાજી ! અમે એ જ પરાક્રમી બાપના દીકરા છીએ સિંહના બચ્ચા ભવે વયમાં નાના, પરંતુ મોટા હાથીને હંફાવી દે છે. આપ ફિકર ન કરો, લડાઈ જીતીને જ આવીશું, પછી મને કહેજો.'

આમ યુદ્ધો કરી કરી એકેક રાજાને કાનપટ્ટી ઝાલી લાવીને મામારાજાના પગમાં પાડી દીધેલા, તેથી હવે મોટા રામચંદ્રજી અને લક્ષ્મણ સામે લડવાની હિંમત કેમ ન કરી શકે ? અને એમાં ફત્તેહ મેળવવા માટે માતા સીતાજીના આશીર્વાદ માગે છે.

શું સીતાજી આશીર્વાદ આપે છે ?

**સીતાજીની મહાનતા : તરછોડનાર પતિ પર સદ્ભાવ :-**

અહીં સીતાજીની મહાનતા જોવા મળે છે. એ કેવો ઉમદા ઉત્તર કહે છે, એ જોવા જેવું છે, ખરેખર તો દુનિયાના સામાન્ય માણસ,ને આ વખતે કહેવાનું મન થાય કે ભલે, તમારી એવી ઈચ્છા હોય તો જાઓ, મારા આશીર્વાદ છે, પાણી દેખાડો, માત્ર એટલું જો જો કે તમારા બાપુજી કે કાકાજીના શરીરે ઈજા ન થાય.'

બીજી બાઈ પર આટલી વીતી હોય તો સંભવ છે કે આવું બોલી આશીર્વાદ આપે, પરંતુ સીતાજીના મનમાં ય આવું કાંઈ લેશ પણ સ્ફુરતું નથી ! કારણ આજ કે પોતાના દિલમાં પોતાના ઉપર વીતેલા અંગે સ્વામી રામચંદ્રજી ઉપર લેશ માત્ર અભાવ નથી, કેમકે સીતાજી પોતાની વિટંબણામાં પતિને જરાય જવાબદાર લેખતા જ નથી, એટલે જ મનમાં પતિ અંગે કશી ગાંઠ જ નથી રાખી, મન કશું ભારે નથી રાખ્યું; પછી પતિ-વિરુદ્ધની વાત આવી તો શાના એમાં ટાપસી પૂરાવે ? તમને લાગશે કે,-

**પ્ર.**- પતિ અંગે તો મન પર ભાર ન હોય, પરંતુ પોતાની જે વિટંબણા થઈ એ અંગે તો મન પર ભાર રહેને કે આ મારી કેવી વિટંબણા થઈ ?

ઉ.- ના, સીતાજી સમજતા હતા કે એવો ભાર રાખી મનને સંતાપથી બાળ્યા કરાય એમાં શો લાભ ? વળી જગતના જીવો તરફ દૃષ્ટિ નાખીએ તો નરકની અસંખ્ય વરસો સુધીની અને તે પણ એક ક્ષણના પણ અંતર વિના નિરંતર વરસી રહેલ કારમી યાતનાઓ વેદનાઓની જે ઘોરાતિઘોર વિટંબના થઈ રહી છે

એની સામે આ વનમાં હકાલપટ્ટી શી બહુ વિટંબણારૂપ લાગે ?

**નરકની પીડાઓ કેવી ? :-**

(૧) લોખંડની જેમ નરકના જીવના માથે મોટા લોખંડી ઘણાના ઘા ઠોકાય છે, (૨) શેરડીની માફક નરકના જીવ યંત્રમાં પીસાય છે, (૩) મકાઈડોડાની જેમ ધગધગતી અગ્નિમાં આખા ને આખા શેકાય છે બળે છે, (૪) પપૈયાની જેમ છીણી પર નરકના જીવ છોલાઈ છોલાઈ કચુંબર બને છે, (૫) કાકડીની જેમ છરાથી નરકના જીવના ટુકડે ટુકડા થાય છે, (૬) જંગલમાં હરણિયાને ચારે બાજુથી વાઘ-વરુ ઘેરાઈ વળે, ને એ એમનાથી ચારે બાજુથી બટકાય, એમ નરકનો જીવ ચારેબાજુથી વાઘ-વરુથી બટકાય છે,...આવી આવી ભયંકર વેદના વર્તમાન અસંખ્ય નારકો ભોગવી રહ્યા છે. એ નજર સામે રહે, તો વર્તમાન માનવજનમની કઈ વેદના કે વિટંબણા મહત્ત્વની લાગે ?

બસ, સીતાજીની નજર સામે આ નરક વેદનાઓ તરવરતી હોય એટલે પોતે કર્મવશ વનમાં તરછોડાયાની વિટંબણા શી બહુ મહત્ત્વની માને ? મન પર એનો શો બહુ ભાર રહ્યા કરે ? એ કશી ય મહત્ત્વની ન લાગે, અને કશોય એનો મન પર ભાર ન રહે. એટલે પછી મન સ્વસ્થ રહે એમાં નવાઈ નથી.

બીજી પણ એ વાત છે કે આપણે કાયાની વેદના વિટંબણા-તકલીફો ઝટ મન પર લઈ એના અંગે વિચાર્યા કરીએ છીએ પરંતુ આપણા આત્માની વિટંબણાઓને મનપર લેતા નથી,. એના અંગે વિચાર્યા કરતા નથી; એટલે જ મન અસ્વસ્થ-અસ્વસ્થ રહ્યા કરે છે.

**આત્માની મહાવિટંબણાઓ આગળ સાંસારિક વિટંબણા વિસાતમાં નથી.**

**સંસારમાં આત્માની કેટકેટલી વિટંબણા થઈ રહી છે !**

(૧) મોટો ઈન્દ્રનો અવતાર મળ્યા પછી પણ મરવું પડે છે ને ત્યાંની દિવ્ય સમૃદ્ધિઓ અને દિવ્ય શરીરમાંથી ડીસમીસ થવું પડે ! એ આત્માની વિટંબણા ઓછી છે ?

(૨) પછી ગમે તે ગમે તે અવતારમાં જનમવું પડે એ આત્માની વિટંબણા નથી ?

(૩) આત્માને રાગ-દ્વેષ-કામ-ક્રોધ-લોભ-માન-મદ વગેરે લાગણીઓમાં તણાવું પડે એ કેટલી કારમી વિટંબણા છે ? વીતરાગભાવના મૂળ સ્વરૂપવાળો આત્મા અને એને આ જગતના નાશવંત પદાર્થો પ્રત્યેના રાગ-દ્વેષ આદિ અધમ ભાવો સતાવ્યા કરે ! એ એની મહાવિટંબણા નથી તો શું છે ?





(૪) આત્મા મૂળ સ્વરૂપે અનંતજ્ઞાન અનંત દર્શનવાળો, છતાં સંસારવાસમાં અજ્ઞાનતાનો પાર નહિ ! ભીંત પાછળની વસ્તુનું કશું દર્શન એને થાય નહિ ! પોતાના પૂર્વ જનમ કે પછીના જનમનું કશું દર્શન કે સ્મરણ એને થાય નહિ ! એ આત્માને વિટંબણા જ છે ને ?

(૫) ત્યારે એ ખાસ વિચારવા જેવું છે કે જે જિનશાસનને અરિહંત ભગવાનના આત્માએ આરાધ્યું ! મોટા સમ્રાટ રાજા-રાજકુમારો અને શેઠ-શાહુકારોએ આરાધ્યું ! એ જિનશાસન આપણને મળવા છતાં હજી એના એકેક કષ્ટમય માર્ગ પર એવી શ્રદ્ધા ન થાય ? આ જ આરાધવા યોગ્ય છે, એમ ન લાગે ? શ્રદ્ધાથી લીલ ફૂગ કંદમૂળ વગેરેના કણ-કણમાં અનંત અનંત જીવ તરફડતા દેખાય નહિ, શ્રદ્ધાથી પાણીના ટીંપે ટીંપે અસંખ્ય અસંખ્ય જીવ કંપતા તરફડતા દેખાય નહિ, એ કેવી વિટંબણા ! અલબત્ત કેવળ દર્શનથી તો નહિ પરંતુ ઉત્કટ શ્રદ્ધાથી ય દેખાય નહિ,એ આત્માની કેવી મહાવિટંબણા છે ?

(૬) એમ, આત્માના મૂળ સ્વરૂપમાં અનંતુ સુખ ભર્યું છે છતાં દા.ત. કડવા થયેલા મોં માં મિઠાશનું સુખ લાવવા માટે ગોળ સાકરની ગુલામી કરવી પડે કે 'ગોળ સાકર ! તું જરા મારી જીભ પર આવ ને ? તો મારું મોં મીઠું થાય,' એમ એકેક ઈન્દ્રિયના મનમગતા વિષયોની સુખ માટે ગુલામી કરવી પડે કે 'તમે મારી ઈન્દ્રિયોના સંપર્કમાં આવો ને ?' આ ઓછી વિંટબણા છે ?

**અનંત સુખનો માલિક જીવ તુચ્છ વિષયોની આગળ આ લાચારી બતાવે એ કેવી મહાવિટંબણા છે ?**

દટાયલા ક્રોડના ખજાનાવાળો માણસ કોઈ ગરીબને આંગણે એંઠા-જૂઠા રોટલાના ટૂકડાની ભીખ માગે, એવો આ સંસારમાં આપણા આત્માનો ઘાટ છે. આ મહા આત્મવિટંબણા મનને ખૂંચતી નથી, અને કાયાની સામાન્ય સામાન્ય વિટંબણા ખૂંચે છે, એટલે એ વિંટબણામાં મન ભારે થાય છે, અને અસ્વસ્થ-અસ્વસ્થ રહ્યા કરે છે, સીતાજી પોતાના આત્માની એ બધી વિટંબણાઓ નજર સામે રાખ્યા કરતા હોય, પછી જંગલમાં તરછોડ્યાની કાયવિટંબણાને શી બહુ મહત્ત્વની લેખે ? શા એના ભાર મન પર રાખે ? કશા ય ભાર રાખવાના નહિ, તેથી મન એની કશી અસ્વસ્થતા અનુભવે નહિ.

બસ આ જ વાત છે કે બે વહાલસોયા દીકરા લવણ-અંકુશ પૂછે છે 'મા ! તેં તો અમને કહ્યું નહિ કે અમારા બાપુજીએ તને કાઢી મૂકેલી ? તોય હવે અમે

તૈયાર થઈ ગયા છીએ તે એમને યુદ્ધ આપી બતાવી આપશું કે આ સીતાજીનો કોઈ બેલી નહિ માટે કાઢી મૂકેલી ? તો જુઓ આ અમે રખેવાલ તૈયાર થઈ ગયા છીએ. આવો સામે, એટલે સમજાશે કે સીતાજીને કેમ કાઢી મૂકાય છે ? મા ! અમે જઈએ છીએ બાપુજી સાથે યુદ્ધ કરવાના; તું અમને વિજયના આશીર્વાદ આપ, અમારા માથે હાથ મૂક !' અહીં સીતાજી પતિએ વિટંબણા કરી એવું સમજતા જ નથી, એટલે પતિને હંફાવવાનું એમને શાનું વ્યાજબી લાગે ? સીતાજી તો સ્વસ્થતાથી કહે છે,-

**સીતાજીના ઉમદા બોલ :-**

'દીકરાઓ ! બાપુજી સાથે લડવા જવાતું હશે ? અને એમાં મારા આશીર્વાદ ? ભૂલા પડી ગયા ! જાઓ તમારે એમનાં દર્શને જવું હોય, એમને પગે પડવા જવું હોય, તો જાઓ, મારા આશીર્વાદ છે. લાવો, એ માટે તમારે માથે હાથ મૂકું,'

વિચારજો, સીતાજી પોતાને જંગલમાં તરછોડનાર પતિ માટે દિલમાં કેવું બહુ માન ધરાવતા હશે ? એ દીકરાને કેવો સુંદર વિવેક શીખવાડે છે ? ક્યારે બને આ ? મન ભારે સ્વસ્થ હોય તો જ બને. જીવનમાં વિચારજો દુઃખ સંકડામણ વખતે દીકરા-દીકરીને કે દીકરાની માતાને અવસરોચિત વિવેક શીખવવાનું કર્યું છે ખરું ? યા સ્વયં અવસરોચિત વિવેક સૂઝે છે ખરો ? માટે કહો,

**અવસરોચિત વિવેક માટે સ્વસ્થતા જોઈએ.**

શ્રેણિક રાજાને મહા નાલાયક પુત્ર કોણિક મળ્યો છે, અને મહાલાયક પુત્ર અભયકુમાર મળ્યો છે એમાંથી મહાલાયક અભયકુમાર દીક્ષાની માગણી કરે છે, કહે છે,-

"કહો પિતાજી ! હું રાજ્ય લઉં તો મને દીક્ષા ન મળે' એમ ભગવાન કહે છે, અને રાજ્યશ્રી એ નરકશ્રી, તો મહાવીરપ્રભુના ભક્ત તમે હું રાજ્ય લઈને નરકે જાઉં એવું ઇચ્છો છો ? કે હું ચારિત્ર લઈને સદ્‌ગતિ પામું મોક્ષ પામું એવું ઇચ્છો છો ?"

રાજા શ્રેણિકે તરત જ વિવેક દર્શાવ્યો કે "ના દીકરા ! તું રાજ્ય લઈને નરકે જાય એવું હું ઇચ્છતો નથી. હું તો ઇચ્છું છું કે તું ચારિત્ર લઈને મોક્ષે જાય."

બસ, ત્યાં તરત જ અભયકુમાર પિતાને ચારિત્ર અપાવવા વિનંતિ કરે છે ! અને શ્રેણિક તરત એનો વરઘોડો કાઢી પ્રભુ પાસે લઈ જઈ પ્રભુને કહે છે 'ભગવાન ! આ આપને હું શિષ્યની ભિક્ષા આપું છું; આને ચારિત્ર આપવા કૃપા કરો.'

**આ પિતા-પુત્ર કઈ દુનિયાના માનવીઓ ?**



**શ્રેણિકની ઉચ્ચ ગણતરી :-**

હવે કોણિકની જોહુક્મી કદાચ ચાલે એવી શ્રેણિક પર આપત્તિ આવે તો ? છતાં શ્રેણિકરાજાએ આ વિવેક કર્યો કે 'પોતાની સુંદર સેવા કરનારો મહા લાયક પુત્ર અભયકુમાર રાજ્ય પામીને દુર્ગતિમાં જાય એ બરાબર નહિ, ભલે એ ચારિત્ર પામીને મોક્ષે જાય; મારું તો મારા કર્મે થવું હશે તો થશે. મારા સ્વાર્થમાં હું એનું આત્મહિત હણી ન નાખું. એના આત્મહિતમાં હું અંતરાય ન કરું.' સ્વસ્થ મન વિના આ અણમોલ વિવેક ન આવડે.

જુઓ છો ને આજે કેટલાય માબાપ વિરાગી દીકરાને દીક્ષામાં અંતરાય કરે છે ! કેમકે એ સ્વાર્થ માયામાં અસ્વસ્થ છે.

**અસ્વસ્થતા અનેક પ્રકારની અસત્ કલ્પનાઓની વિટંબણાને લીધે છે.**

'છોકરો દીક્ષા લઈ લે તો મારું શું થાય ? મને ઘડપણમાં પાળે-પોષે કોણ ?' પણ એને ખબર નથી કે તારું પુણ્ય નહિ હોય તો છોકરો પરણીને તારાથી જુદો થશે અને તારા સામું ય નહિ જુએ. આમાં અસત્ કલ્પના આ કે જો કે પોતાનું નભવાનું તો પોતાના પુણ્યના આધારે જ છે, છતાં તે છોકરાના આધારે કલ્પે છે.

એમ અસત્ કલ્પના એ, કે 'છોકરો બિચારો દીક્ષા લઈ દુઃખી થાય,. એના બદલે સંસારમાં રહીને સુખી થશે !' આ કલ્પના પણ અસત્ એટલા માટે કે 'સંસારમાં નકરું સુખ કોઈ પામ્યું જ નથી. તો આ દીકરો શું પામવાનો હતો ? દુઃખ-ચિંતા-સંતાપનાં પોટલાં છે. વળી જ્યાં અહીંનું બધું મૂકી પરભવે દુઃખના ડુંગરામાં રવાના થવાનું હોય, દુર્ગતિઓની કેદમાં પુરાવારનું હોય, ત્યાં પણ શું સુખ ? ચારિત્રથી જ સાચો સુખી થાય. આ ઊંચા માનવજનમ વિના ચારિત્ર ક્યાં મળે એમ છે ? અને ચારિત્ર વિના જનમ જનમ ભટકવાનું ક્યાં મટે એમ છે ? **સ્વાર્થમાયા અને મિથ્યાત્વનું જોર હોય ત્યાં અસ્વસ્થતા જ છે; ને** એ હોય તો જાતે વૈરાગ્ય શાનો પામે ? ને આશ્રિતને વૈરાગ્ય શાનો પામવા દે ? કે શાનો ચારિત્ર લેવા દે ?

ત્યારે સીતાજીની ગંભીરતા અને પુત્રોને વિવેકની શિખામણ પર તમને એમ થાય કે,

આટલી હદ સુધીની પોતાના પુત્રો આગળ પોતાને પતિએ કાઢી મૂક્યાની જગજાહેર વાત પણ ન કહેવાની ગંભીરતા શી રીતે રાખી શકાય ?

તેમ, પુત્રોને પિતા સાથે લડવા નહિ પણ એમને પગે પડવા જવાનો વિવેક શિખવાડવાની વાત પણ કેમ બની શકે ?

આ બંને મુંઝવણનું સમાધાન આ છે કે

**સીતાજીની મહાગંભીરતા અને વિવેક એ આર્ય સંસ્કૃતિ અને જૈનધર્મ દિલમાં વસ્યાનું ફળ છે.**

અનાર્ય સંસ્કારોમાં ઉછરેલાને આવી ગંભીરતા અને વિવેકની કલ્પના ય ન આવે, પછી આચરવાની તો વાતે ય શી ? એને તો આ જ કલ્પના હોય 'આપણને જગજાહેર ખોટી રીતે દંડનારની વાત તો જો બીજા સ્નેહી આગળ પણ ખુલ્લી પાડવાની જ હોય, તો પોતાના પુત્રો આગળ તો સહેજે ખુલ્લી પડાય' અહીં ગંભીરતા રાખવાનું તો અનાર્ય સંસ્કારવાળાને અજુગતું લાગે ! એમ મહાવિંટબણા કરનાર પતિની સામે જ્યારે પુત્રો સશક્ત અને પગભર બની લડવા જવા ઇચ્છતા હોય ત્યારે પુત્રોને અજાુગતું લાગે. એ તો એમજ માને કે 'આમ વિના વાંકે ભયંકર સજા ઠોકનારને પગે પડવાનું શું ?' અનાર્ય સંસ્કારવાળાને આ અજુગતું લાગવાની વસ્તુ આપણા જીવનમાં તપાસવા જેવી છેકે આપણને ય એ અજુગતું લાગે કે નહિ ?

**અહીં જ આ વિચારવા જેવું છે કે,**

**અનાર્ય અને આર્યસંસ્કૃતિ વચ્ચે કોઈ ફરક હોય કે નહિ ?**

જો મનુષ્ય અને પશુ વચ્ચે વર્તાવના ફરક હોય છે, કલ્પનાના ફરક હોય છે, તો આર્ય અને અનાર્ય વચ્ચે કશો ફરક ન હોય ? અથવા ફરક હોય તો શુ આટલો જ ફરક કે 'આર્ય પ્રભુનું નામ જપે પ્રભુભજન કરે, અને અનાર્ય એ ન કરે,' શું આટલો જ ફરક હોય ? બાકી હિંસા-જાુઠ-ચોરી-અનીતિ-દુરાચાર-વૈર-કલહ-ચાડીચુગલી-ઈર્ષ્યા વગેરે જેમ અનાર્ય આચરે એમ શું આર્ય આચરે ? મહાન પુણ્યના ઉદયે આર્યદેશ આર્યકુળ અને આર્યસંસ્કારોમાં આવી વસ્યા છો, તો આ પુણ્યોદયની કદર કરો, મૂલ્યાંકન કરો. અનાર્યો જે કરી રહ્યા છે એ માત્ર આ જનમની જાહોજલાલી કરવાના હિસાબનું કરી રહ્યા છે; કેમકે એમની પાસે આત્મા-પરલોક અને પુણ્ય-પાપની માન્યતા જ નથી. ત્યારે આપણે આર્યસંસ્કારોના હિસાબે આત્મ-પરલોક-પુણ્ય-પાપ વગેરે માનનારા છીએ. એટલે

**આપણે આર્ય આ જનમની જાહોજલાલી કરી પરલોકમાં આપણા આત્માની ઘોર બરબાદી થાય એવું કરવામાં ડહાપણ ન માનીએ.**

આપણે જો સાચા આર્ય છીએ તો આર્ય એટલે જનમ જનમમાં ગમન કરનાર આત્માને માનનારા હોવા જોઈએ. આ માનીએ એટલે આપણા જ આત્માને દુર્ગતિની જેલમાં પુરાઈ જવું પડે, શું એવી આ જનમની પાપકરણથી જાહોજલાલી કરીએ ? એ અનાર્યને છાજે, આર્યને નહિ.

**આર્ય તરીકેનું મહત્ત્વ આત્માના સદ્‌ગુણો કેળવવા પર અને પરલોક ઉજ્જવલ**



**કરવા પર છે.**

આત્માને નહિ માનનાર અને માત્ર દેહ પર દૃષ્ટિ રાખનારને સંબંધ દેહહિતકર સમૃદ્ધિ-સન્માન સાથે રહેવાનો. સીતાજી આર્ય હતા અને આર્યત્વની મહત્તા સમજનારા હતા. એટલે પોતે આત્મહિતકર ગંભીરતા તથા વિવેક વગેરે સદ્‌ગુણ સાથે જ મુખ્ય સંબંધ રાખે, એમાં નવાઈ નથી. નવાઈ તો આપણે આત્માને માનવાનો દાવો રાખવા છતાં ગંભીરતા ને વિવેકના બદલે ક્ષુદ્રતા અને અવિવેકાદિ દોષ-દુષ્કૃત્યોનું જીવન જીવીએ એમાં છે. એટલે હવે પ્રશ્ન આવે કે

સીતાજી આટલી બધી ગંભીરતા અને વિવેક શી રીતે રાખી શક્યા ?

તો એનો આ જ ઉત્તર કરીએ કે સીતાજી આર્ય હતા, આર્યત્વને શોભે ને પરલોક ઊજળો કરે, એવી આત્મહિતની વાતને મુખ્ય કરનારા હતા; એની સાથે મુખ્ય સંબંધ રાખનારા હતા, તેથી જ આત્મહિતકર ગંભીરતા અને વિવેક રાખે એ સહજ છે.

**સીતાજીનો વિવાહ પ્રસંગ**

સીતાજીનો આ ગંભીરતાગુણ અને વિવેક એ માત્ર પાછળથી પ્રગટ્યા એવું નથી. એમના વિવાહની વાત આવી ત્યારે પણ એ ગુણી હતા. કેમકે સ્વયંવર મંડાયો, એમાં શરત આ હતી કે 'દેવાધિષ્ઠિત ધનુષ્ય જે ઉઠાવે, વાળે, અને એના પર પણછ ચડાવી બાણનો એમાં ટંકાર કરે, એના ગળામાં વરમાળા આરોપવાની' સીતાજીએ આ શું જોઈને મંજૂર રાખ્યું ? કેમકે એવું ધનુષ્ય પર બાણ ચડાવનાર કોઈ ન નીકળે તો ? અથવા નીકળે પણ એ ભીલ જેવો માણસ હોય તો ? ત્યારે

સીતાજીએ આવો સ્વયંવર મંજૂર કેમ રાખ્યો ?

કહો, પહેલી વાત તો આ, કે

**ગંભીર અને વિવેકી સીતાજી વિવાહનો વિષય વડિલોનો માનતા હતા.**

બીજાું એ કે, સીતાજી સમજતા હતા આટલું સત્ત્વ ન હોય એવા નિઃસત્ત્વને પરણીને શો લાભ ? અને ધનુષ્ય પર બાણનો ટંકારકરનાર કદાચ બીજી રીતે સામાન્ય જેવો હોય, તો ય એ સાત્ત્વિક છે, સત્ત્વશીલ છે, તેથી વાંધો નહિ.

**જીવન સાત્ત્વિકને સોંપાય, નિઃસત્ત્વને નહિ.**

આપણે અરિહંતનું શરણ લઈએ છીએ એટલે કે જીવન દોરી અરિહંતને સોંપીએ છીએ, એ શા માટે ? તો કે અરિહંત અનંત સત્ત્વવાળા છે માટે. એ સત્ત્વથી જ પોતે વીતરાગ બન્યા, અને કેવળજ્ઞાન સુધી પહોંચ્યા છે. એવા સાત્ત્વિકને શરણે જઈએ.

શ્રેણિક પહેલાં જૈન ધર્મી નહોતા છતાં ચેલણા એમને વરી તે એમનું સત્ત્વ

જોઈને વરેલી. બાકી રૂપાળા તો જગતમાં નિઃસત્ત્વ માણસો ય હોય, પરંતુ એમની કિંમત શી ?

મહાસતીઓ કપરા સંયોગોમાં પણ શીલરક્ષા શી રીતે કરી ગઈ ? કહો, એ સત્ત્વશીલ હતી માટે.

**દમયંતીને** પતિ નળની સાથે રાજ્યભ્રષ્ટ થઈ વનમાં ભટકવાનો પ્રસંગ આવ્યો તો ગભરાયા નહિ; કેમકે એ નિઃસત્ત્વ નહોતા, સત્ત્વશાળી હતા. તેથી જ પતિ જ્યારે કહે છે, 'મારે હમણાં બહાર ગમે ત્યાં ભટકવાનાં દિવસ આવ્યા છે. તો તમે નાજુક શરીરવાળા તમારું આ કામ નહિ, તમે તમારા પિયેર ચાલ્યા જાઓ ત્યારે નાજુક કાયાના પણ સત્ત્વશાળી દમયંતીએ પિયેર જવાની ઘસીને ના પાડી ! અને કહ્યું 'જ્યાં વૃક્ષ ત્યાં જ છાયા, હું તમારી સાથે આનંદથી ભટકીશ.'

સત્ત્વ શું કામ કરે છે ! દમયંતી મહાસતીને પતિ નળ જંગલમાં ઊંઘતા મૂકીને ચાલ્યા જાય છે, અને સવારે જાગતા દમયંતી જુએ છે કે 'પતિ મારે પિયેર જવાના આગ્રહથી મને છોડી ગયા છે તો હવે મારે શીલની રક્ષાર્થે કિલ્લેબંધી કરવી જોઈએ તેથી એમણે એ માટે આ ચાર કડક નિયમ કરી લીધા.

**પતિ ન મળે ત્યાં સુધી,**

**દમયંતીના શીલરક્ષાર્થે ૪ નિયમ :-**

(૧) છ વિગઈઓનો ત્યાગ

(૨) ગાદી પર સૂવું નહિ,

(૩) રંગીન વસ્ત્ર પહેરવા નહિ,

(૪) શૃંગાર સજવા નહિ.

શી રીતે આ કરી શક્યા ? કહો, સત્ત્વશાળી હતા તેથી કરી શક્યા. પછી તો આગળ વધતાં તાપસોના આશ્રમ પાસે એકાંત ગુફા મળી તો એમાં શાંતિનાથ ભગવાનની ઉપાસના કરતા પર્વતની ગુફામાં સાત વરસ રહી ગયા ! 'અહીં શું ખાવા ને શું પીવા મળશે ?' એની ચિંતા ન કરી; કેમકે સત્ત્વશાળી હતા. તેથી જ ત્યાં અખંડ શીલ સાચવી પ્રભુભક્તિમાં તન્મય બની રહ્યા. ત્યારે એનો પ્રભાવ કેવોક પડ્યો ? કે

**દમયંતીના શીલ-સમકિતનો કેવો પ્રભાવ :-**

એકવાર ભારે વરસાદ અને પાણીના પૂરમાં તાપસોનો આશ્રમ તણાઈ જાય એવું હતું. એ વખતે મહાસતી દમયંતીએ ગુફામાંથી બહાર આવી સંકલ્પ કર્યો કે 'મારા શીલ અને સમ્યક્ત્વના પ્રભાવે તાપસોને વરસાદ ને પૂરથી રક્ષણ મળો,' એમ કરી આશ્રમની ચારે બાજુ જમીન પર લાકડી ફેરવી બાઉન્ડરી (સીમા) બાંધી



બસ, મહાસતીના શીલ અને સમ્યક્ત્વના પ્રભાવે આશ્રમ પર જાણે મોટું છાપરું ન બની ગયું હોય ! તેમ આશ્રમ પર વરસાદ પડતો બંધ થઈ ગયો, અને પાણીના પૂર આવ્યા તે આશ્રમની બાજુએ થઈને ચાલ્યા ગયા !

તાપસો આ જોઈ આભા બની ગયા કે 'હેં ? અમે આટલો તપ તપીએ અને ઘરવાસ છોડીને રહીએ, છતાં એનો પ્રભાવ નહિ ? ને આ એક ગૃહસ્થ બાઈ માણસનો આ પ્રભાવ ? પૂછે છે મહાસતીને.

'હેં ? આ તમે શો જાદુ કર્યો ? પૂર અને વરસાદ આશ્રમ ને અડ્યા જ નહિ ?'

દમયંતી કહે, 'આ બધો જૈન ધર્મનો પ્રભાવ છે. તમે તપ તપો છો ઉત્તમ છે, પરંતુ એના મૂળ પાયામાં જૈનધર્મની શ્રદ્ધા હોય તો એ પ્રભાવવંતો બની જાય." ત્યાં તાપસો જૈનધર્મનું સ્વરૂપ પૂછે છે, અને મહાસતી એની ઓળખ આપે છે, તેથી તાપસો જૈન ધર્મથી પ્રભાવિત થઈ જાય છે.

દમયંતીની આ શ્રદ્ધા કેવી કે 'મારા શીલ અને સમ્યક્ત્વનો આશ્રમ પર પાણીના ઉપદ્રવને અટકાવવાનો પ્રભાવ પડવો જ જોઈએ ?' આના પર મનને પૂછો કે આપણે ઘણી બધી સાધના કરીએ છીએ, જેવી કે રોજ ને રોજ વીતરાગદર્શનની, પ્રભુપૂજાની, નવકાર જાપની, કોઈને કોઈ નિયમોની, તિથિએ તપની, ગુરુ માન્યતાની,...આ બધી આરાધનામાં કઈ એવી આરાધના છે કે જેના પર શ્રદ્ધા રાખી સંકલ્પ કરી શકીએ કે 'આ સાધનાના પ્રભાવે અમુક વસ્તુ અવશ્ય બનો ?' કહો, હિંમત નથી; કેમકે એવી શ્રદ્ધા જ ક્યાં છે ? રોજ દેવદર્શન તો કર્યા, પરંતુ એવું કયા દિવસનું દર્શન યાદ આવે છે કે જેમાં કદાચ કોઈ દેવતા એના બદલામાં લાખ રૂપિયા આપવા માગે તો એ દર્શનને ન વેચવાનો નિર્ધાર કહ્યો હોય ? અથવા દર્શનમાં દિલ પ્રભુમાં તરબોળ થઈ ગયું હોય ? તરબોળ તે એવું કે દિલને અહો અહો થઈ ગળગળું થઈ ગયું હોય ! 'અહો ! અહો ! પ્રભુ ! તું મને મળ્યો ? મારા પર કેટલી બધી તારી કૃપા ! મારા નાથ ! તું જ મારે આધાર છો તુંજ મારે જીવન છો, તારી આગળ જગતભરની સંપત્તિઓ અને સત્તા સન્માન તુચ્છ છે...' આમ દર્શનમાં દિલ ગદ્ગદ થઈ ગયું હોય, એવા દર્શન કેટલા ? જો નથી તો શી રીતે એ દર્શન પર વિશ્વાસ રાખી શકાય કે 'આ દર્શનના પ્રભાવે અમુક વસ્તુ ચોકસ બનો ?'

સવાલ આ છે કે

**સાધના કરો એમાં એની આગળ સ્વર્ગ સંપત્તિને ય તુચ્છ ગણો. તેમજ સાધનામાં એવા એકતાન થાઓ કે ત્યાં જગતનું બધું ભુલાઈ જાય.**

કોઈ એક પણ સાધના જો આવી કરો કે જેમાં દ્રવ્ય સચોટ જામી પડતું હોય, દિલ એકાકાર થતું હોય, ને એની આગળ જગતનું બધું તુચ્છ લાગે. આવા દમયંતી જેવા મહાન સત્ત્વશાલી પૂર્વજો એટલા માટે જ મળ્યા છે કે એને નજર સામે રાખી એકાકાર સાધના કરીએ; એમની નિસ્પૃહતાભરી સમ્યક્ત્વ અને શીલની જ્વલંત સાધનાને અનુસરીએ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૧,અંક-૩૦,તા.૧૬-૪-૧૯૮૩**

સીતાજીમાં સત્ત્વ હતું, એટલે જ સાત્ત્વિકને વરીને જે પરિણામ આવે તે વધાવી લેવાની તૈયારી હતી.

**મયણાસુંદરીમાં સત્ત્વ હતું.**

એટલે પિતા આગળ જે કર્મસિદ્ધાંત રજુ કર્યો હશે કે 'દીકરીને સારી જગાએ વરાવી સુખી કરવામાં માબાપ તો નિમિત્ત માત્ર છે, બાકી તો દીકરીના શુભાશુભ કર્મના હિસાબે જ એને સુખદુઃખ મળે છે. આ કર્મ-સિદ્ધાન્તને અમલી કરવાનો અવસર આવ્યો અને પિતાએ કોઢિયા માણસને હાજર કરી કહ્યું 'લે, તારા કર્મના અનુસારે જ બધું બનવાનું છે ને ? તો તારા કર્મે આ કોઢિયો પતિ હાજર કર્યો છે, વરી લે એને,' તો અહીં મયણામાં સત્ત્વ હતું એટલે પોતે રજુ કરેલ કર્મ-સિદ્ધાન્તના પરિણામને વધાવી લીધું ! અને કોઢિયો શ્રીપાળ એને વરવા આનાકાની કરતો હતો છતાં મયણાએ પતિ તરીકે ઝટ એનો હાથ પકડી લીધો અને બોલી 'ચાલો, પિતાજીએ જે પસંદ કર્યા તે મારે પ્રમાણ,' એમ બોલી કોઢિયાને પતિ તરીકે સ્વીકારી લઈ ચાલી !!

કેટલું બધું સત્ત્વ ! રૂપરૂપની અંબારસમી અપ્સરા જેવી આ રાજપુત્રી પિતાએ આપેલ કોઢિયાને પ્રમાણ કરી લઈ ચાલે ! એ શાની ખાતર ? પોતે રજુ કરેલ કર્મ-સિદ્ધાન્તને અમલથી સત્યાર્થ કરી બતાવવા ખાતર એ એનું મહાસત્ત્વ હતું અને જળહળતું સમ્યગ્દર્શન હતું.

**જીવન સત્ત્વ અને સમ્યક્ત્વની સુવાસથી મઘમઘે છે.**

એ મઘમઘાટ હજારો વર્ષો સુધી જનતામાં પ્રસરે છે. માટે જ હજારો વર્ષ પૂર્વે થયેલા આ મયણાસુંદરી શ્રીપાલને યાદ કરીએ છીએ. મયણામાં અક્કલ હશે કે નહિ ? કે આપણામાં જ બધી અક્કલ ભરી મૂકી છે ? આજે કાંઈક આવું બને, તો તમે આવી કન્યાને બુદ્ધિમાન ગણો ? કે અક્કલ વિનાની ગણો ? દિલમાં એકલા વિષયસુખની મહત્તા વસી હશે તો આવી કન્યાને મૂર્ખ જ માનવાના.



**એ તો જે વિષયસુખ કરતા સમ્યક્ત્વની મહત્તા માને, જિનોક્ત સિદ્ધાન્તની શ્રદ્ધા અને આદરની મહત્તા માને, એજ મયણાસુંદરી જેવી કન્યાને બુદ્ધિમાન ગણે.** એટલે કહો,

**મહાપુરુષની મહાન ચર્યાને આવકારવા પ્રશંસવા માટે પણ દિલ વિષય પક્ષપાતિ નહિ, પણ ગુણ પક્ષપાતી જોઈએ.**

મહાવીર પ્રભુએ પોતાના કાંઈજ વાંક વિના ગોવાળિયો કાનમાં ખીલા ઠોકવા આવ્યો, તો એને દૂર હટાવવાની શક્તિ છતાં દૂર ન હટાવ્યો, પણ વધાવી લીધો ! પોતાના કાનમાં એકલો ગોવાળિયો ખીલા ઘૂસાડી શકે એ માટે એને સહાયક થયા ! પ્રભુની આ મહાન સંયમ-ચર્યા હતી, 'એ ચર્યા યોગ્ય હતી. એવા પ્રસંગમાં એજ કરવું જોઈએ,' એમ આપણા મનમાં ક્યારે બેસે ? કહો ? આપણું દિલ વિષયસુખ દેહસુખનું પક્ષપાતી નહિ, પણ ક્ષમા-સમતા-સહિષ્ણુતાદિ ગુણોનું પક્ષપાતી હોય તો જ.

તપાસી જુઓ આપણું દિલ કોનું પક્ષપાતી છે ? સંસાર સુખનું કે ગુણનું ? ધર્મનું ? ભલે સુખના લોભિયા હોઈએ, પરંતુ હૈયે મહત્તા શાની માનીએ ? સુખની કે ગુણની ને ધર્મની ?

**'સુખ ગોઝારાં મારણહાર છે, ધર્મ અને ગુણ દુલારા તારણહાર છે,' એમ દિલ પોકારે છે ?**

**'સુખમાં જીવની વિટંબણા છે, ત્યારે ગુણમાં ને ધર્મમાં જીવની શોભા છે ઉન્નતિ છે,' એવું હૈયું કબૂલ કરે છે ?**

હૈયે ગુણનો ને ધર્મનો પક્ષપાત હોય તો જરૂર કબૂલે. જેનો પક્ષપાત હોય એની મહત્તા મનાય છે, પ્રશંસા કરાય છે, દલાલી કરાય છે. કદાચ સંજોગવશ એ આદરવાનું બની ન શકે, છતાં હૈયું તો એની તરફ ઢળેલું હોય.

**ધર્માત્માને ધર્મ અને ગુણનો પક્ષપાત હોય; માટે એને હૈયે સંસારસુખની મહત્તા નહિ એવી ધર્મની ને ગુણની મહત્તા હોય છે; પાપાત્માને સંસારસુખની મહત્તા; એટલે સુખ ખાતર ધર્મને ને ગુણને ઠેબે ચડાવે છે.**

અલબત કર્મવશ ધર્માત્મા અલબત સંસારસુખ ભોગવતો હોય, પરંતુ એનો એ અર્થ નથી કે હૈયું સંસારસુખમાં ઢળેલું હોય; ને એ દલાલી સુખની કરતો હોય.' ના, આચરણ જુદું છે, પક્ષપાત જુદો છે, મિથ્યાત્વીને તો ખપ એનો શોષ નહિ. મિથ્યાત્વીને આરંભ-પરિગ્રહાદિ પાપોનો ખપ છે, તેથી એનો અફસોસ નથી, પરંતુ સમકિતી ધર્માત્માને એવું નથી એને સંસારસુખનો ખપ છે, ખરો, પરંતુ એની પારાવાર અફસોસી છે કે 'અરેરેરે ! હું ક્યાં સુધી આ ગોઝારા સંસારસુખનો

ખપ કર્યા કરીશ ?' માટે જ એના હૈયાનો પક્ષપાત સુખનો નહિ, પણ ધર્મનો હોય છે. કોઈની માસખમણીની તપસ્યા પર હૈયું ક્યારે ઓવારી જાય ? હૈયાને તપનો પક્ષપાત હોય, ખાનપાનનો નહિ, ત્યારે. ભલે પોતે એકેય ઉપવાસ શું, એક એકાસણું બેસણું પણ ન કરતો હોય, છતાં એના હૈયે સૂક્ષ્મ પણ બેઠું હોય કે 'ખાવું ખોટું, તપ સારો;' હૈયે મહત્તા ખાવાની નહિ, પણ તપની લાગતી હોય,

એમ હૈયે મહત્તા સહિષ્ણતા રાખવાની લાગતી હોય, સામાને હરાવવાની નહિ; તો જ 'મહાપુરુષોએ દુષ્ટોનો સામનો કરવાની શક્તિ છતાં સામનો ન કર્યો પણ સહી લીધું, એ યોગ્ય જ કર્યું;' એમ દિલને એ જચે.

**'જીવનમાં સુખ એ સાધ્ય નહિ, પણ ધર્મ અને ગુણ એ સાધ્ય છે.' એમ દિલ બોલે.**

એટલે જ મહાન આત્માઓ અવસર મળતાં મુખ્યપણે સુખ સાધવા નહિ, કિન્તુ ધર્મ અને ગુણ સાધી લેવા સજ્જ રહેતા, ધર્મ અને ગુણ માટે મથતા રોજ પ્રભાતે ઉઠીને આ ધારણા કરો કે 'મને આજનો નવો દિવસ મળે છે એમાં મુખ્ય સાધ્ય મારે ધર્મ અને ગુણને બનાવવા છે, સંસારસુખને નહિ, એટલે આજે શક્ય હોય ત્યાં ધર્મ અને ગુણ સાધું. પ્રભાતની આ ધારણા બળ આપે છે, ઉત્તેજના આપે છે. દિવસ પસાર કરતા ક્યાં ધર્મ સાધી લઉં ? ક્યાં ગુણ કેળવી લઉં ? એ જાગૃતિ આપે છે જીવનના હજારો દિવસ જો રોજ આ ધારણા અને જાગૃતિ રહે, તો શક્ય હોય ત્યાં ત્યાં...વિચારથી વાણીથી અને વર્તાવથી તથા પોતાની સંપત્તિને પરિવારથી ધર્મ સાધી લેવા ચોંટ રહે, માત્ર ચોંટ નહિ સાધી લેવાનું કરાય. ફક્ત સાધ્ય નક્કી રહેવું જોઈએ. નજર સામે તરવરતું જોઈએ, એ હતું મહાવીર પ્રભુમાં એટલે ઘરમાં રહ્યા ત્યાં સુધી કશી ચોંટ સુખ ભોગવી લેવા પર ન રાખી. ચોંટ રાખી વૈરાગ્ય-ધર્મ ઝગમગતો રાખવા પર; અને વીર પ્રભુ સંસાર ત્યજી અણગાર બન્યા ત્યારે સુખશીલતા લેશ ન રાખી, પણ અહિંસા-સંયમ તપ શક્ય એટલો સાધી લેવા પર જ ચોંટ રાખી. ચોંટ રાખી કાયોત્સર્ગ ધ્યાન સાધી લેવા પર, ને દુષ્ટોના પરીસહ-ઉપસર્ગમાં ક્ષમાદિગુણો નક્કરપણે પાળવા પર ચોંટ રાખી.

**જીવનનું સાધ્ય નક્કી થઈ જાય, સાધ્ય નજર સામે રમ્યા કરે, એટલે સતત ચિંતા ને ચોંટ ધર્મ અને ગુણો સાધી લેવા પર રહે.**

સાધ્ય વિનાનું જીવન જીવાય છે, અથવા સાધ્ય તરીકે પૈસા અને વિષયસુખો મનમાં રમ્યા કરે છે, એટલે વિચારથી વાણીથી કે વર્તાવથી શક્ય એવા ઘણા ય ધર્મ જતા કરાય છે. ક્ષમા-પરોપકાર-કૃતજ્ઞતા વગેરે ઘણાય ગુણો સાધતા રહેવાનું હાથવેંતમાં છતાં કરાતું નથી. આવું જીવન એ માનવજીવન છે ? કે પશુ જીવન ?



**પશુને સાધ્ય વિષયસુખો જ હોય છે, ધર્મી માનવને પણ એજ ?**

**ધર્મી માનવજીવન તો આ જ હોય કે સાધ્ય ધર્મ અને ગુણ રાખી એ જ નજર સામે તરવર્યા કરે.**

મયણાસુંદરીમાં એ હતું એટલે મોકો આવ્યો ત્યાં સમ્યક્ત્વને ને સિદ્ધાન્તની શ્રદ્ધાને અમલી કરી ! કોઢિયા પતિને સ્વીકારી લીધો ! સત્ત્વ વિના આ ન બને, માટે સત્ત્વ સાધો-સીતાજીમાં આ સત્ત્વ હતું એટલે કપરો સ્વયંવર મંજૂર કર્યો. પણ પુણ્યશાળી હતા એટલે સ્વયંવરમાં રામચંદ્રજી જ પતિ તરીકે મળ્યા !

**મનમાન્યું મળવા પર કર્મની કસોટી ય આવે :-**

રામ પતિ તો મળ્યા, પણ કર્મની કસોટી કેવી થઈ ? પતિને અયોધ્યાનું મોટું રાજ્ય મળવાનું હતું એટલે સીતાજી પટ્ટરાણી-મહારાણીપણાને દમામ ભોગવવાના હતા. તે તો ઊડ્યું, પણ હવે પિતા દશરથ કૈકેયીના વચનથી રાજ્ય ભરતને આપે છે, ને ભરત રાજ્ય ગાદીએ બેસવા તૈયાર નથી એટલે રામ સ્વતઃ વનવાસ માગી લે છે, એટલે હવે પતિ વનવાસ જાય ત્યારે સીતાજીને ભાગે શું ? આવી કર્મની કસોટી ! ક્યાં મોટા ઉપાડે સ્વયંવરમાં અનેકાનેક રાજા રાજકુમારો વચ્ચે સીતાજી રામચંદ્રજીને વરેલા ! અને હવે રામ રાજ્ય મળવાનું ગુમાવી વનવાસ જાય ! ત્યારે સીતાજીને કહેનારા મળે તો એ શું કહે ? આવું જ કાંક ને ?' કેમ મોટા ઉપાડે રામને પરણ્યા, તે લ્યો શો સાર કાઢ્યો ? ભલે કદાચ કોઈ સામે કહેનાર ન મળે તો પણ સીતાજીના મનને આવો લોકાપવાદ આવવાનો મનને ભય રહે ને ? માણસના મનને આવા આવા ભય નડે છે, એટલે જ મનને વિહ્વળતા કેટલી બધી રહે ? એમાં જીવન સ્વસ્થતાથી શી રીતે જીવી શકે ?

પરંતુ અહીં સીતાજીના મનને કોઈ વિખવાદ નથી કે 'હાય ! પતિ વનવાસમાં જાય ?...લોકમાં મારી હાંસી થાય ?...અરે મેં ધાર્યું હતું શું ? ને આ શું બની ગયું ?...' આવો કોઈ વિષાદ એમના મનને નથી, કેમકે સમજે છે કે

**જગતના ભાવો કર્મ અને ભવિતવ્યતા અનુસાર બન્યા જ કરે છે, એના પર ખોટા ખેદ શા કરવા ?**

**હૈયે સ્વામીના ગૌરવથી સહિષ્ણુતા આવે :-**

બીજી વાત એ છે કે સીતાજીએ માથે સ્વામી ધર્યા એટલે હૈયે સ્વામી પ્રત્યે ભારે ગૌરવ ઊભું કરી દીધું છે. 'શી વાત મારા સ્વામી ! સ્વામી મારા લાખ રૂપિયાના એ જે કરે તે મારે પ્રમાણ. એમનું કહેલું મારે બરાબર માનવાનું એટલે પછી લોક એમના કોઈ કૃત્ય માટે ગમે તેમ બોલે તો તે મારે કાન પર લેવાનું જ નહિ. શક્ય હોય તો મારે એનો પ્રતિકાર કરવાનો. બાકી બીજું કાંઈ વિચારવાનું

જ નહિ. લોકનો હિસાબ મારે શું કામ માથે લેવો ? શા સારુ વિચારવું કે સ્વામીએ આમ કેમ કર્યું ? કેમ વનવાસ માગી લીધો ? એમણે કર્યું તે સમજીને જ કર્યું છે તો કર્યું એ રૂપાળું માટે એજ માથે ચડાવવાનું !' સીતાજીના હૈયે રામ પ્રત્યે આ ગૌરવ હોય પછી એ મનમાં શાનું લાવે કે 'પણ લોક આમ બોલે છે ને ?' હૈયે જેના પર ગૌરવ હોય એનું હલકું વિચારવાનું મન ન થાય એની ખામી જોવાનું દિલ જ ન હોય. એટલે લોક બોલે એટલા માત્રથી સીતા કાંઈ રામે ભૂલે કર્યાનું ન જુએ અલબત અહીં સીતાને પૂછાયા વિના રામે વનવાસ માગી લીધો.

એના પર એક પ્રશ્ન થાય, કે-

**પ્ર.**- સીતાજીના મનમાં એમ કેમ ન આવ્યું કે 'ભલે સ્વામીને ગમ્યું ને એમણે વનવાસ માગી લીધો, પરંતુ એમણે મને પૂછવું તો જોઈએ ને ? પરણીને મને જીવનસાથી બનાવી લાવ્યા તો એટલું પૂછવાનું પણ નહિ ?' આવો વિચાર સીતાજીને કેમ ન આવ્યો ?

ઉ.- એનું કારણ સ્પષ્ટ છે. જેમ આજના જમાનાની બાઈઓ પોતાને પતિની જીવનસાથી એટલે ભાગીદાર સમજે છે, એમ સીતાજી સમજતા નહોતા; એ તો પતિને સ્વામી તરીકે અને પોતાને પતિની સેવિકા-આજ્ઞાંકિત-ચરણકિંકરી તરીકે સમજતા હતા, પછી એક સેવિકા તરીકે પોતે સ્વામી પર એવો હક દાવો શાનો સમજે કે સ્વામીએ કાંઈ કરતાં મને પૂછવું જોઈએ ?

**પતિ પત્નિ એ ભાગીદાર નહિ, પણ સ્વામી સેવક :-**

આર્યદેશના જીવનની બલિહારી છે. જ્યાં પતિ-પત્ની પિતા-પુત્ર શેઠ-નોકર વચ્ચે ખરેખર સ્વામી-સેવક ભાવનો સંબંધ રહેતો. તેથી પતિ પિતા-શેઠના મન પર સ્વામીપણાનો ભાર રહેતો; તે અભિમાન કરવા માટે નહિ કે હું માલિક છું, પરંતુ આજ્ઞાંકિત પત્ની-પુત્ર-નોકરની રક્ષણ-પોષણ-વિકાસની જવાબદારી પ્રત્યેક પળે વહન કરવા માટે 'મારે આમના રક્ષણ પોષણ વિકાસ કરવાનું ધ્યાન રાખવું જ જોઈએ એ મારું કર્તવ્ય છે. એ કર્તવ્ય બજાવું તો જ મારામાં સાચું સ્વામીપણું,'- એમ એ સમજતા, અને વર્તતા, તો પત્ની-પિતા-નોકર માથે સેવકપણાના ભારથી એમની આમન્યા સાચવતા, ને આડું અવળું કરી શકતા નહોતા, જ્યાં ત્યાં ભટકી શકતા નહોતા, અને સ્વચ્છંદતા છોડી શિષ્ટતાનું જીવન જીવતા. ત્યારે પત્ની-પુત્ર-નોકરના મન પર સેવકપણાનો ભાર રહેતો; તેથી વડિલની ખૂબ આમન્યતા રાખીને જ જીવન જીવતાં.

**આમન્યા રાખવી, એ કોઈ દીનતા કે લાચારી નથી, પરંતુ વડિલ પ્રત્યે દિલમાં પ્રશસ્ય વિનયભાવ છે.**



વડિલ પ્રત્યે એ પરતંત્રતા છે, એથી દિલના મદ-અભિમાન-સ્વચ્છતા સ્વતંત્રતા વગેરે અશુભ ભાવો તૂટે છે. આવું સુદંર ફળ આપનાર આમન્યા-દાક્ષિણ્યને હલકી કેમ ગણાય ? દોષરૂપ કેમ લખાય ?

જીવનમાં સ્વતંત્રતા-સ્વચ્છંદતા અર્થાત પોતાની ઇચ્છા મુજબ વર્તવાનું,પોતાની મરજી મુજબ ચાલવાનું એ દોષરૂપ છે; કેમકે

**અનાદિકાળની આત્મહિતથી અવળા માર્ગે ચાલવાની જીવને આદત છે એ જીવને ઉન્માર્ગે લઈ જાય છે. એમાંથી બચાવનાર છે વડિલની પરતંત્રતા.**

કેમકે આ ઉન્માર્ગ-ગમન સ્વતંત્રતા-સ્વચ્છદતા કરાવે છે. પણ જો વડિલની આધીનતા હોય તો વડિલ એ ઉન્માર્ગ-ગમનથી બચાવી લે છે. વ્યવહારમાં જુઓ, બાળક સ્વતંત્રતાથી વર્તે તો શુ કરવાનો ? સારું કરવાનો કે ખોટું ? સાચું જ બોલવાનો ? કે જુઠું ન પણ પોતાની સ્વાર્થ લાલસા પોષવા ખાતર બોલવાનો ? ન્યાય નીતિથી વર્તવાનો ? કે જરૂર લાગી ત્યાં ચોરી-અનીતિ ય કરવાનો ? મિઠાઈ વગેરે ખાવાનો તે શરીર તબીયત સાચવીને જ સંતોષથી જ ખાવાનો ? કે વધારે પડતું ખાઈ નાખવાનો ? ૫-૬ વર્ષનો નાનો બાળક રમતગમતમાં પડવાનો ? કે ભણવામાં લાગવાનો ? પોતાના ભાઈ બેનનું ખમી ખાવાનો ? કે એમની સાથે ઝગડવાનો ? આ બધે ઊંધું છે, જાુઠ-ચોરી-અકરાંતિયાપણું-રમત-કલહ વગેરે ઉન્માર્ગે ચાલવાની એની રુચિ હોય છે.

ત્યાં એ જો માબાપને આધીન ન હોય એનામાં આ પરતંત્રતાને બદલે સ્વચ્છંદતા હોય તો બોલો ઉન્માર્ગથી બચી શકો ખરો ? ના, તો પછી બાળક મોટો થતાં સારો ગુણિયલ કેમ તૈયાર થાય છે ? કહો, માતાપિતાદિ વડિલને આધીન છે, પરતંત્ર છે, એટલે જ એના ઠોકા ખાઈ ખાઈને સારો તૈયાર થાય છે. આજના જે માબાપને આની પડી નથી, અને બાલકને મનફાવે એમ વર્તવાનું મળે છે, એ બાલકો જાુઓ, જાુઠાબોલા-ચોર-અનીતિખોર-ઝગડાળું-ખાઉધરા,...વગેરે વગેરે દોષભર્યા બને છે.

**સ્વતંત્રતા-સ્વચ્છંદતા એ શ્રાપરૂપ છે.**

વ્યવહારમાં જેવી બાળકની દશા થાય છે એવી આત્મહિતની દૃષ્ટિએ મોટાઓની દશા થાય છે. અર્થાત્ બાળક જો માબાપ વડિલને પરાધીન રહે તો ગુણિયલ તૈયાર થાય. અને જો સ્વતંત્ર-સ્વચ્છંદ વર્તે તો દોષભર્યો બને છે. એમ આપણે જો વડિલોની આમન્યા રાખી વડિલને આધીન હોઈએ, ગુરુઓને આધીન હોઈએ, તો સારા આત્મહિતમાં પ્રવર્તનારા બનીએ; ને એ જો નહિ પણ સ્વતંત્ર-સ્વચ્છંદ હોઈએ, મનફાવે એમ વર્તનારા હોઈએ, તો આપણે પણ દોષભર્યા અને

ઉન્માર્ગગામી જ બન્યા રહીએ, ગુણિયલ બનવાની વાત નહિ.

**માણસ ધર્મ શી રીતે પામે છે ?** સંત પુરુષોને અને સદ્‌ગુરુને આધીન બની એમની હિતશિક્ષા માને છે તો જ ધર્મ પામે છે. 'ના, હું કોઈ આવો પરાધીન ન બનું ? સંતને ને સદ્‌ગુરુને પરતંત્ર ન બનું; હું તો મને ઠીક લાગે તેમ વર્તવાનો'- આવી સ્વચ્છંદતા અને આપમતિ રાખે, તો શું એ ધર્મ પામે ?

અરે ! ગુર્વાધીન બની એકવાર ધર્મ પામી પણ ગયો, તો ય પછી ગુર્વાધીનતા મૂકી સ્વતંત્રતા ચલાવે, તો શું એ ધર્મને હૈયામાં બરાબર પરિણામી શકે ? ધર્મમાં આગળ વધી શકે ? ના રે ના, એ 'મારે ગુરુની શી જરૂર ?' એ અહંત્વ આગળ વધવા જ ન દે.

**વીતરાગ બનવા સુધી ગુર્વાધીનતા જોઈએ.**

મોટા ગણધર ગૌતમ સ્વામીજી મહારાજા કે સારા ગવાઈ ગયા ? કહો, ગુરુ મહાવીર પ્રભુને સર્વેસર્વા આધીન બન્યા રહીને જીવન જીવ્યા, તો જ મહાયશ અને ઉચ્ચ પદવીઓ અને લબ્ધિઓ પામી ગયા. પરાધીનતામાં જીવન જીવવાની એમણે મજા માની, તો જ આગળ ને આગળ વધતા ગયા. મનમાં એ પરાધીનતાની મજા હતી એટલે જ મહાવીર પ્રભુ મોક્ષે પધારતાં એમણે કલ્પાંત કર્યો કે 'પ્રભુ ! આપના વિના મારું શું થશે ? કોણ મને ગૌતમ ! ગૌતમ ! કહીને હિતમાર્ગ ચીંધશે ? પરાધીનતા પરાશ્રિતતા ન હોત અને સ્વતંત્રતા ગમતી હોત, શું કામ અત્યારે રોવા બેસત ? હવે તો પ્રભુના મોક્ષે જવાથી ગૌતમ મહારાજે, એમણે કોઈને પૂછવાનું નથી સ્વતંત્રતા મળે છે, તો શું કામ અંતરમાં રાજી ન થાત ? પણ ના,

**સ્વતંત્રતા-સ્વચ્છંદતાને તો જંગલી પશુજીવનની વડાઈ માનતા; ને માનવ-જીવનની વડાઈ પરતંત્રતા પરાશ્રિતતાને માનતા.**

તેથી ગૌતમ મહારાજ પ્રભુના જતાં પોતાની પરાધીનતા પરાશ્રિતતાને સહી જતી જોતાં કલ્પાંત કરે છે. 'અરે પ્રભુ પાસેથી માત્ર ત્રણ પદ પામીને દરિયા જેવા દ્વાદશાંગી-આગમોની રચના પોતે કરી, છતાં આગમના પ્રારંભે એમ કહ્યું કે "પ્રભુ પાસે મેં આમ સાંભળ્યું છે," એમ કહીને પોતાની પ્રભુને આધીનતા-આશ્રિતતા બતાવી.

**ધર્મબિન્દુ શાસ્ત્ર કહે છે,** -'વડિલની નિશ્રાનું વડિલની આધીનતાનું જીવન જીવવું' માતાપિતા ગુજરી જાય, તો જ્ઞાતિમાં ગામમાં જે સારા પીઢગુણિયલ બુઝર્ગ હોય, એમની નિશ્રા લેવી, અને જીવન એમને નિશ્રિત જીવન જીવવું. અવસરે અવસરે એમની સલાહ-સૂચના-માર્ગદર્શન લઈએ અને એ આપણને ઉન્માર્ગે જતાં કે ભૂલ કરતાં અટકાવે એવા આપણા માથે એમને વડિલ કરી રાખીને જીવન જીવવું



એ ગુણ છે. પ્રારંભિક ધર્મ છે.

**સીતાજી** આ સમજતા હતા, માટે પોતાને પતિની આશ્રિત માનતા, પતિને આધીન માનતા, પતિની સેવિકા માનતા, પણ પતિની જીવનસાથી ભાગીદાર નહિ, એટલે પછી પોતાના સ્વામી રામચંદ્રજી પિતા પાસે વનવાસ માગી લે, એમાં સીતા સવાલ શાનો ઉઠાવે કે 'મને પૂછ્યા વિના તમે વનવાસ કેમ માગી લીધો ?' પોતે સ્વામીને આધીન એટલે 'સ્વામીએ પોતાને નહિ પૂછવાનું પોતે સ્વામીને પૂછતા રહેવાનું;'- આવી એમની સમજ હતી. આ એમની પરાશ્રિતતાની વિશેષતા હતી.

**પરાશ્રિત જીવન જીવવાની મજા ઓર છે.**

**સીતાજીની હજી આગળ વિશેષતા જુઓ,-**

રામચંદ્રજી પિતા પાસે વનવાસ માગી લઈ હવે વનમાં જવા માટે સીતાને પૂછવા જણાવવા નથી આવતા, પરંતુ સીધા માતાને જણાવવા આવે છે; અને ત્યાં માતા સીતાને પોતાની પાસે રહેવા કહે છે, તો રામ પણ એનું સમર્થન કરતાં સીતાને કહે,'એ બરાબર છે, તમે અહીં રહી માતાજીની સેવા કરજો !'

સીતાજી અહીં સાસુને કહે છે,- પતિ જંગલમાં વસવાના કષ્ટમય જીવન જીવતા રહેવાના હોય, તો મારાથી મહેલમાં વસવાટના સુખમય જીવનમાં રહેવાય જ નહિ. એમને વનવાસ તો શું મારે મહેલવાસ ? એ શોભે જ નહિ; મારે ય એમની હારોહાર વનવાસ જ સેવવાનો. માટે એમની જેમ મને પણ કૃપા કરી વનવાસના આશીર્વાદ આપી દો." એ સમજે છે,-

**'સ્વામીને કષ્ટ અને પોતાને લહેર'તો પોતે સેવિકા શાની ?**

સીતાજીની યશોગાથા ગાવી છે ? તો એમના જીવનમાંથી ઘણી બધી અદ્‌ભૂત ગુણમય વિશેષતાઓ ગાવા મળે એમ છે; માત્ર સૂક્ષ્મતા અને નિપુણતાથી એ વીણી વીણી શોધી કાઢવી જોઈએ.

અહીં જ જુઓ, સીતાજી આ રીતે સ્વકીય ઈચ્છાથી રામની સાથે વનવાસ ગયા તે અલબત્ત પતિવ્રતા ધર્મ બજાવવા માટે ગયા, પરંતુ પછી પતિને શું ક્યારેય ટોણો મારવાનું મન ન થાય કે લ્યો તમને પરણીને આ જોવા મળ્યું ?' પરંતુ સીતાજીએ ક્યારેય આવો ટોણો માર્યો નથી, અરે ! મનમાં ય લાવ્યા નથી કે 'લાવ, ગમતમાં જરાક આટલું એમને સંભળાવું.' કેમ વારું ટોણો નહિ ?

**વનવાસમાં સીતાનો પતિને ટોણો કેમ નહિ ? :-**

કહો, વનવાસ અંગે ક્યારે એમના મનમાં ઓછું આવ્યું જ નથી કે 'ક્યાં સુખમય મહેલવાસ મૂકીને આ કષ્ટમય વનવાસ આવ્યો.' જો મનને ઓછું આવ્યું હોત તો મનમાં સમસમી રહી ભલે રોજ ટોણો સંભળાવવાનો નહિ, પણ ક્યારેક

તો ટોણો લગાવવાનું મન થઈ આવે. પરંતુ મનને ઓછું લગાડવાની વાત જ નથી, મન 'બધું બરાબર છે.' કરી ખુશખુશાલ રાખવાનું કર્યું હોય, ત્યાં શાનો એકાદ વાર પણ ટોણો સંભળાવવાનો કે મેણું મારવાનો પ્રસંગ જ ઊભો થાય ? હૈયે તેવું હોઠે ને ? હૈયામાં વનવાસનું દુઃખ કરવાનું રાખ્યું જ નથી, પછી હોઠ પર એ દુઃખના બોલ આવે જ શાનો ? પૂછો,

**પ્ર.**- મહેલવાસને યોગ્ય એવા એમને આટલા મોટા કષ્ટમય વનવાસના દુઃખ હૈયે કરડે નહિ ?

ઉ.- હા, ન કરડે, એનું કારણ આ જ કે સીતાજી વનવાસને એક કર્તવ્ય સમજે છે. 'હેં ? પતિને વનવાસ ? તો મારે પણ એ જ કર્તવ્ય સમજતા હોય, પછી **'કર્તવ્યની બજવણી એ માનવજીવનની એક શોભા છે.**

**એટલે એ કર્તવ્ય બજાવવામાં આવતા કષ્ટની બહુ કિંમત નહિ.**

'કર્તવ્યનું પાલન એ જ જીવનમાં મહાન વસ્તુ છે.

કર્તવ્ય ગુમાવી કષ્ટથી ભાગી સુખશીલતા રાખવી એ કશી મહાન વસ્તુ જ નથી. એ તો તુચ્છ વસ્તુ છે. મહાન વસ્તુ તો કર્તવ્યપાલન, ભલે કષ્ટ વેઠીને.' આમ મન ફોરું રાખ્યું હોય પછી વનવાસનાં કષ્ટ મનને શાનાં કરડે ? ત્યાં કર્તવ્ય પાલનનો આનંદ જ હોય.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''    વર્ષ-૩૧,અંક-૩૧,તા.૨૩-૪-૧૯૮૩**

**પશુની જેમ એકલા વિષયસુખના આનંદ હૈયે વસ્યા હોય એને કર્તવ્ય-પાલનના આનંદ સમજવા હૈયું જ ન હોય.**

**કર્તવ્યમાં આનંદના દાખલા :-**

(૧) રસોઈનાં કર્તવ્યના પાલનને મહાન વસ્તુ સમજનારી બાઈઓ વૈશાખ જેઠમાં રસોડાની ભારે ગરમીનાં કષ્ટને ક્યાં વિસાતમાં લેખે છે ? એને તો રસોઈનું કર્તવ્ય બજાવવાનો મહાન આનંદ હોય છે.

(૨) અવસરે ક્ષાત્રવટ બજાવવાનાં કર્તવ્યને મુખ્ય માનનાર ક્ષત્રિય બચ્ચો યુદ્ધનાં કષ્ટને ક્યાં મન પર લે છે ? એને તો યુદ્ધનું કર્તવ્ય બજાવવાનો મહાન આનંદ હોય છે.

(૩) નોકરીના કર્તવ્યને મુખ્ય માનનાર નોકર ક્યાં નોકરીનાં કષ્ટની હાયવોય કરે છે ? એ તો સમજે છે કે જીવનમાં કષ્ટ ન હોય એ કોઈ મોટી વસ્તુ નથી પરંતુ કર્તવ્ય બજાવાય એજ મોટી વસ્તુ છે, તેથી મોટા કષ્ટોને ય મન પર ન લેતાં શેઠની



નોકરીનાં કાર્યો કરી દેવાનાં કર્તવ્યના પાલનમાં એને આનંદ આનંદ હોય છે.

સીતાજી પણ આમ પતિ સાથે વનવાસ વિહરણને મહાન કર્તવ્ય બજાવવાનું સમજતા હોય, અને એ કર્તવ્યપાલનનો આનંદ માણતા હોય, પછી એમને વનવાસનાં દુઃખ મનને શાના કરડે ?

બાર બાર વરસ પતિ સાથે વનમાં ભટકવું, ને એક દિવસ પણ વનવાસના કષ્ટથી મનને ઓછું ન આવે, મનને એ કરડે નહિ,. એવી સ્થિતિ હોય, પછી પતિને ટોણો મેણો મારવાની તો વાતેય શાની ? આ પરથી વર્તમાનમાં બેનોએ બહુ શીખવા જેવું છે.

**જીવન જીવતા કષ્ટ આવ્યાં એ વખતે એ જુઓ કે એની સામે કોઈ મહત્ત્વની સિદ્ધિ સાધના છે કે નહિ ?**

જેમકે અહીં સીતાજીને વનવાસનાં કષ્ટ આવ્યા, પરંતુ એની સાથે એમણે પતિવ્રતા ધર્મના પાલનની મહાન સિદ્ધિ અગર સાધના જોઈ તેથી કષ્ટ ગમે તે આવે, એની સામે કોઈ કર્તવ્યપાલન યા કોઈ ધર્મસિદ્ધિ કે ધર્મસાધના થઈ રહી છે એ જોઈએ તો એનો જ મહાઆનંદ માનવાનો રહે.

**દુઃખમાં સુખ અનુભવવાની આ ચાવી છે કે આપણા ધર્મસ્થાનને યાદ કરી એની રક્ષાનો આનંદ માનીએ. ધર્મની પરીક્ષા પણ આમાં થાય.**

**આપણા ધર્મપ્રેમની પરીક્ષા આ રીતે થાય છે કે દુઃખના કષ્ટના પ્રસંગોમાં આપણે આપણા ધર્મસ્થાનને કેટલું યાદ કરીએ છીએ, અને એનો આનંદ કેટલો માનીએ છીએ.**

દા.ત. પૈસા ગુમાવ્યા દુઃખ આવ્યું, તો ઝટ મનને થવું એમાં કે જેમ સીતાને વનવાસનાં કષ્ટ આવ્યા તો એમણે માન્યું કે આમાં મારે મહાન પતિવ્રતા ધર્મ બજાવવાનો અમૂલ્ય અવસર મળે છે, પછી આ કષ્ટ એ દુઃખ શું ? એમ મારે આ પૈસા જવા છતાં જિનેશ્વર ભગવાનું શાસન આરાધવા મળે છે, અને કર્મવિપાક સમજનાર એક શ્રદ્ધાળુ શ્રાવકનો સ્થિતિપ્રજ્ઞતાનો ધર્મ આરાધવા મળે છે, તો પૈસા ગુમાવ્યાનું કષ્ટ એ દુઃખ શું ?'

જેમ બીજી સામાન્ય સ્ત્રીઓ આવાં કષ્ટને રુએ, અને તેથી પતિ પર અભાવવાળી થાય, એમ જો સીતા પણ કરે તો એમનામાં પતિવ્રતાધર્મનું હોંશથી પાલન ક્યાં રહ્યું ? એમ સામાન્ય ગૃહસ્થો ધનનાશને રુએ, હાયવોય કરે, અને ધર્મશ્રદ્ધા ઢીલી કરે, એવી રીતે જો હું રોઉં, હાયવોય કરું તો મારી સ્થિતપ્રજ્ઞ શ્રાવકપણાનો ધર્મ પાળવાનું ક્યા રહ્યું ?

**સ્થિતપ્રજ્ઞતા**

**'સ્થિતપ્રજ્ઞ' એટલે** જેની પ્રજ્ઞા યાને નિર્ધારિત સદ્બુદ્ધિ-સુમતિ 'સ્થિત' યાને સ્થિર છે શેમાં સ્થિર ? કઈ ખાસ ખાનપાનના પદાર્થમાં નહિ, કે કોઈક સંગીત યા કોઈ ખાસ રાચરચિલું કે કોઈ સુંવાળા સ્પર્શની વસ્તુમાં નહિ, કે કોઈ નિશ્ચિત ધંધા કમાઈમાં નહિ; કેમકે એ બુદ્ધિ તો, સંજ્ઞા છે, પ્રજ્ઞા, નહિ, આપણે તો સ્થિર પ્રજ્ઞા લેવી છે, એટલે સ્થિર બુદ્ધિ તો કોઈ ક્ષમાદિ ગુણની લેવાય, યા દાનાદિ ધર્મની લેવાય, કે દેવદર્શનાદિ જિનભક્તિની સ્થિર બુદ્ધિના યા સાધુસેવા-ગુરુસેવાની ગુરુબહુમાનની સ્થિર બુદ્ધિ લેવાની. દા.ત.

**ક્ષમાની સ્થિરબુદ્ધિ** એટલે કે મનમાં નિર્ણય કર્યો કે "મારે સગાસ્નેહી કે સાથેના માણસો પર ગુસ્સો નથી કરવો પછી એમની ગમે તે ભૂલ થાઓ. તોય એના પર ખામોશ રાખીશ, એમને જરૂર લાગે શાંતિથી સમજાવીશ કે 'આવું ન કરાય,' અને કદાચ ભૂલ સમજવાને બદલે ઉપરથી બચાવ દલીલ કરશે, તો ય હું સમજીશ કે જેવા ભાવી ભાવ આ બિચારા તેવા પ્રકારના કર્મરોગથી પીડાય છે તેથી ભૂલ સમજતા નથી; આ કરુણાપાત્ર છે, યા ઉપેક્ષાપાત્ર છે. એમ મન વાળીશ પરંતુ ગુસ્સો નહિ કરું."

આવો નિર્ધાર કરી રાખ્યો, અને પછીથી ક્યારેક કોઈએ કાંઈક ભૂલ કરી, કોઈએકે આપણું કાંઈક બગાડ્યું નુકસાન કર્યું તો ત્યાં જરાય ગુસ્સો નહિ કરવાનો સામો ભૂલ કરીને ઉપરથી શાહ થવા ગયો તોય ગુસ્સો નહિ, ક્ષમા જ પકડી રાખવાની એ ક્ષમાની સ્થિર પ્રજ્ઞા કહેવાય ત્યાં આપણે સ્થિતપ્રજ્ઞ કહેવાય.

**સુલસાની સ્થિતપ્રજ્ઞતા :-**

જુઓ, સુલસા શ્રાવિકા ધર્મમાં સ્થિતપ્રજ્ઞ હતી, તો દેવતાએ એના ધર્મસત્ત્વની એની ધર્મમાં સ્થિત પ્રજ્ઞતાની પરીક્ષા કરવા સાધુરૂપ કરી લક્ષપાત તેલ વહોરવા એના ઘરે આવ્યો, સુલસાએ આવકાર્યા, 'ધન્ય ભાગ્ય મને આવો સુપાત્ર દાન અને ગ્લાન સાધુ-સેવાનો લાભ મળે છે !' પછી દાસી પાસે કપાટમાંથી તેલનો શીશો મંગાવ્યો, અને દેવતાએ દાસીના હાથમાંથી અદશ્ય રીતે શીશો પડાવી નાખ્યો ! એમ બીજાને ત્રીજો શીશો પણ ! એમ ત્રણેય શીશા ફોડાવી નાખ્યા ! પરંતુ એકેય વારમાં સુલસાએ દાસી પર ગુસ્સો ન કર્યો. શીશા ત્રણ જ હતા, તે ગયા, દાન પણ ન દઈ શકાયું, અને પોતાને ઘરમાં વાપરવા માટે પણ ન રહ્યો, છતાં દાસી પર જરાય ગુસ્સો કે ઉકટાળ નહિ ! કેમકે સુલસાની ક્ષમાની પ્રજ્ઞા સ્થિર હતી, પ્રજ્ઞા સ્થિર રાખવાનું એનામાં સત્ત્વ હતું,

એટલે તો ઈન્દ્રે દેવસભામાં એના ધર્મસત્વના ગુણ ગાયા હતા કે 'આજકાલ પૃથ્વીલોક ઉપર સુલસા-શ્રાવિકાનું ધર્મસત્ત્વ જે છે, તેમાંથી એને ચલાયમાન કરવા



કોઈ મોટો દેવતા પણ સમર્થ નથી,' ને દેવતા સુલસાનું પારખું કરવા અહીં આવેલા, અને એણે આ પેંતરો કરલો; એમાં એ કિંમતી ત્રણે ત્રણ શીશા દાસીના હાથે ફુટી જવા છતાં સુલસાની દાસી પર ક્ષમા રાખવાનુ અન્ય જોઈ સુલસા પર ઓવારી ગયો ! અને વરદાન આપે છે કે 'બોલો સુલસા હું તમારું શું પ્રિય કરું ? તમે માગો તે આપું.'

સુલસાની આ સ્થિપ્રજ્ઞતા હતી કે દાસીના હાથે ગમે તેવું નુક્સાન થયું અને દાસીએ ધર્મમાં અંતરાય કર્યો, છતાં પણ દાસી ઉપર ઉકળાટ નહિ કરવાનો તે નહિ જ કરવાનો.

**દમદંતમુનિની સ્થિતપ્રજ્ઞતા :-**

દમદંત મુનિ હતા. હસ્તિનાપુર નગરની બહાર કાયોત્સર્ગ ધ્યાનમાં રહ્યા હતા. નગરીમાંથી કૌરવો બહાર નીકળ્યા અને મુનિની મશ્કરી કરે છે, પરંતુ મુનિ પ્રભાવવંતા છતાં કૌરવો સામે અભિમાન ન દેખાડ્યું, મુનિની નિરહંકારની પ્રજ્ઞા સ્થિર હતી; એટલે ઉપદ્રવમાં પણ તે જ નિરહંકાર રાખવાનું કર્યું. કૌરવોએ એકેક ઈંટ લઈ મુનિની આસપાસ ઢગલો કરી મુનિને એની વચ્ચે ઢાંકી દીધા ! છતાં મુનિએ કશું અભિમાન કે ઉકળાટ ન કર્યો. પછી પાંડવો આવ્યા એમને આ ખબર પડી એટલે ઈંટો હટાવી દઈ મહાત્માની ક્ષમા માંગી ગુણ ગાયા. અહીં પણ મહાત્મા ફુલાયા નહિ, કારણ ? મહાત્મા સ્થિતપ્રજ્ઞ હતા. દીક્ષા લઈ નિરભિમાની નમ્ર-લઘુ સ્વસ્થ રહેવાનો નિર્ધાર કર્યો, તે બરાબર પાળવામાં મક્કમ હતા, એમની નમ્રતાની નિરહંકારની પ્રજ્ઞા ભારી ઉપસર્ગ વખતે પણ સ્થિર હતી, અને સ્વસ્થ-સમભાવ રહેવાની પ્રજ્ઞા કષ્ટનાશ વખતે પણ સ્થિર હતી. એ સ્થિતપ્રજ્ઞ હતા.

**શાલિભદ્ર મુનિ અને ધનાજીમુનિ તપમાં સ્થિરપ્રજ્ઞ હતા** તે ચારિત્ર લઈને તપસ્યા કર્યે ગયા, કર્યેજ ગયા, તે શરીર સુકાવા માંડ્યું, શરીરની લાલી સાવ ઊડવા માંડી ! શરીરની શક્તિ ઘસાવા માંડી, છતાં એમણે તપસ્યા બંધ ન કરી. ઊલટું, માસખમણ સુધીની તપસ્યા પણ કરતા રહ્યા, એમાં શરીર કેવું હાડપિંજરનું ને શ્યામ બની ગયું કે શાલિભદ્રના ઘર આંગણે પારણે ગોચરી આવ્યા તો ત્યાં ઓળખાય જ નહિ ! એટલે કોઈએ બોલાવ્યા જ નહિ !

**શરીરના હાલ કેવા કથિરના કીર નાખ્યા હશે કે એ ઓળખાયા જ નહિ ?** શાથી કર્યા ? કહો તપની સ્થિર પ્રજ્ઞાવાળા એટલે કે તપમાં સ્થિતપ્રજ્ઞ હતા, તેથી તગડું શરીર સાવ નખાઈ જાઓ તો ય તપસ્યા છોડવાની વાત નહિ,'- આ પક્કો નિર્ધાર હતો. આ ક્યાં સુધી અંતિમ અનશન કરવા સુધી !

ભગવાને કહ્યા મુજબ માતાએ વહોરાવ્યું નહિ, પરંતુ પૂર્વ ભવની માતાએ

વહોરાવ્યું, અને પ્રભુ પાસે આવીને પૂછે છે તો પ્રભુએ એમનો પૂર્વ ભવ સંભળાવી કહ્યું 'આ ગોવાળણ, તે તમારી પૂર્વભવની માતા. તમે સુપાત્રદાન-ધર્મ કરી અહીં શાલિભદ્ર થયા, અને એ બિચારી હજી એજ ભવમાં ગોવાલણપણાની મોહમાયામાં ફસેલી છે !' ત્યાં ધર્મનો મહિમા સમજી તપમાં સ્થિતપ્રજ્ઞ એ મહાત્મા શાલિભદ્ર-ધનાજી મુનિઓ અંતિમ અનશન અર્થે માસખમણનું પારણું કરી લઈ પ્રભુ પાસે આવીને પ્રભુને વિનંતી કરે છે,-

'ભગવાન ! હવે ઘસાઈ ગયેલા દેહનો ભરોસો નથી કે એ ક્યારે નહિ પડી જાય. માટે હવે આ દેહમાંથી છેલ્લો કસ ખેંચી લેવા માટે જીવનભરના અનશનની આજ્ઞા આપો.

પ્રભુએ આજ્ઞા આપી દીધી કે **'જહાસુહં દેવાણુપિયા ! મા પડિબંધં કુણહ'**

અર્થાત 'હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો. ક્યાંય મમતા રાખશો નહિ, વિલંબ કરશો નહિ,'

બસ, વૈભાર ગિરિ પર સાળા-બનેવી મુનિની જોડલીએ અંતિમ જીવનભરનું 'પાદપોગમન'- અનશન સ્વીકારી લીધું ! અને જીવે ત્યાં સુધી કાયમ માટે ગિરિની એક શિલા પર એક સ્થિર આસને સૂઈ ગયા ! કેવી સ્થિત પ્રજ્ઞતા !

આમની સામે આપણી જાતનું વિચારો કે એક પોરિસીની સ્થિતપ્રજ્ઞતા છે ? તિથિએ તપ ચોક્કસ કરવો, એની સ્થિતપ્રજ્ઞતા ખરી ? 'ભગવાનને પલ્લે ભગવાનની ભક્તિમાં આપણું અમુક દ્રવ્ય તો કશું ચડેજ.' એવી સ્થિતપ્રજ્ઞતા યાને સ્થિર બુદ્ધિ ખરી ? 'સાધુ-સેવા સાધર્મિકનું કાર્ય કાંઇનો કાંઈ રોજના માટે કરવું જ,' એવો સ્થિર નિર્ણય ખરો ?

વિચારવા જેવું છે કે આગલી રાત્રે યા પરોઢિયે ઊઠીને ભાવના કરી હોય કે મારા જીવનમાંથી અમુક અમુક દોષ દા.ત. "હાસ્ય મશ્કરી, ખોટું જાૂઠું બોલવાનું, પરસ્ત્રી, પિકચર, નોવેલ-નવલિકાનાં વાંચન, બહારના પીણાં કે તેવાં અભક્ષ્યના ભક્ષણ, વધારે પડતો ગુસ્સો-અભિમાન, આપ બડાઈ, વગેરે વગેરે દોષ હવે નથી સેવવા" આવી ભાવના કર્યા પછી એમાં સ્થિતપ્રજ્ઞ સ્થિતબુદ્ધિવાળા રહેવાનું ખરું ? ને તે પ્રમાણે અમલ અવશ્ય કરવાનો જ ? કે પછી ભાવના ભાવનાના ઠેકાણે, અને આપણે એ દોષ ટાળવામાં સાવ સુસ્ત ? એ રોજિંદા કર્તવ્ય બજાવવામાં તદ્દન આળસુ ? યા પરવા વિનાના ? તે એ દોષ એમ જ સેવાતા રહે ? અને એ રોજિંદા કર્તવ્યમાં દેવાળું એમજ ઊભું ?

ક્યાં ક્યાં સ્થિતપ્રજ્ઞતા છે, એ તપાસવા જેવું છે. મહા મોંઘેરું જીવન તો પાણીના રેલાની જેમ વહી રહ્યું છે, અને આ દોષ-ત્યાગ તથા કર્તવ્ય-પાલનની



મહાન સાધનાઓ હાથવેંતમાં છતાં સ્થિતપ્રજ્ઞતાથી સાધવાની રહી જાય છે ! પણ એટલું ખાસ ધ્યાનમાં લેવા જેવું છે, કે -

**વીતી ગયેલી ક્ષણો પાછી નથી આવતી.** શાસ્ત્ર કહે છે.

**घोरा मुहूत्ता, अबलं सरीरं ।**
**नो हुं विणिमंति राइओ,**
**णो पुणरावि जीवियं ॥**

મુહૂર્તો-સમયો ઘોર છે. શરીર દુર્બળ છે. વીતેલ રાત્રિઓ પાછી નથી વળતી. આયુષ્ય પણ ફરીથી પાછું નથી આવતું.

મુહૂર્તો એટલે કે સમય. સમય એવા ભયાનક છે કે (૧) એક તો જીવને ભાવી સમયના અનર્થનો વિચાર ન રહે એ રીતે ગફલતમાં રાખી વર્તમાન સમય અશુભ પ્રવૃત્તિ અને અશુભ અધ્યવસાયમાં ડુબાડી દે છે ! અને (૨) બીજાું એ,કે વીતી ગયેલ કે એક સમય પણ ફરીને પાછો આવતો નથી. તો ઘડીઓ પ્રહરો, કે દિવસો પાછા વળવાની વાત જ ક્યાં ? ત્યારે એમાં માનવ-જનમમાંથી જ મોક્ષે જઈ શકાય છે અને મોક્ષનું અનન્યસાધન સંયમ. એક માત્ર માનવ જનમમાં જ સાધી શકાય છે એવા અમૂલ્ય માનવ જનમમાં જ સાધી શકાય છે એવા અમૂલ્ય માનવજનમમાં સમયો જો વીતી ગયેલા પાછા ન જ આવવાના હોય તો અસંયમ અશુભ પ્રવૃત્તિ અને અશુભ અધ્યવસાયોમાં વીતાવેલા એ સમયો કેટલા ભયંકર નીવડે ? ચક્રવર્તી તો બંને હતા, પહેલા ચક્રવર્તી ભરત મહારાજા અને છેલ્લા ચક્રવર્તી બ્રહ્મદત્ત. પરંતુ ભરતના સમય તો એવા વીત્યા કે અંતે એ કેવળજ્ઞાન પામીને કેવળી ભરત મહર્ષિ તરીકે વિચરી મોક્ષે ગયા ! ભવ પાર કરી ગયા. સંસારની જનમ મરણ વગેરે આપદાઓથી સર્વદાને માટે મુક્ત થઈ ગયા ! ત્યારે બ્રહ્મદત્તના સમયો એવી રીતે વીત્યા કે એ બિચારો સાતમી નરકમાં જઈ પડ્યો !

માનો કે કદાચ બ્રહ્મદત્તને 'એન્ડ ટાઈમે' અંત સમયે ધર્મનું ભાન થયું હોત અને એ વિચારત કે 'હું ભૂલ્યો,ને એકલા પાપોમાં સબડ્યો; તો લાવ, હવે જિંદગીના વીતેલા સમય પાછા લાવી એમાં ખૂબ ધર્મસાધના કરું,' તો શું એ પોતાનું છ ખંડનું આખું સામ્રાજ્ય તથા ખજાના આપીને પણ વીતેલા સમયને પાછા લાવી એમાં ખૂબ ધર્મસાધના કરું,' તો શું એ પોતાનું છ ખંડનું આખું સામ્રાજ્ય તથા ખજાના આપીને પણ વીતેલા સમયને પાછા લાવી શકતે ? ના, જરાય નહિ, હજારો લાખો સમય શું, એક સમયો પણ પાછો ન લાવી શકતે માટે જ એ સમય વીતી જાય એ પહેલાં એનો સદુપયોગ કરવો હોય તો કરી લો; નહિતર એ વીત્યા એટલે કાયમ માટે એ ગયા ! પાછા વળે જ નહિ. પ્રત્યેક સમય તો આવ્યો એટલે

જાણે કહે છે 'હમણાં જ સાધી લો, સાધી લો સારી સાધના,નહિતર હું તો આ ચાલ્યો પછી મારી પાછો આવવાની આશા રાખતા નહિ,'

**'અબલં સરીરં' :-**

'ઘોરા મુહૂત્તા'- સમયો ઘોર છે. તેમ, 'અબલં સરીરં' એટલે કે શરીર બલહીન છે, એવા શરીરના જો ભરોસે રહ્યા કે 'જોઈશું, આગળ પર સાધશું,' તો સમજી રાખો કે આ બલહીન શરીર ક્યારે ઢળી પડશે એ કહેવાય નહિ. કે જગતમાં અકસ્માત બનતા ભાવોમાં આ શરીરને કોઈ ધક્કો લાગવાનો પ્રસંગ ક્યારે બને તેનો પત્તો નથી ! એટલે એ ધક્કો લાગતાં આ સશક્ત, દેખાતું પણ શરીર લક્વો, કેન્સર,...આદિ વ્યાધિથી ગ્રસ્ત થઈ જાય ! યા ધર્મ આરાધના માટે તદ્દન નાકામિયાબ-નિષ્ક્રિય બની જાય ! અથવા તો આખું શરીર નહિ પણ માત્ર કોઈ અંગોપાંગ ભાગી જાય ! ત્યાં પછી હવે એ કશી સાધના નહી કરી શકે. માટે જો 'સમય નષ્ટ તે નષ્ટ જ અને શરીર બળહીન હોઈ ગમે ત્યારે પડવાની સ્થિતિમાં છે,' તો વર્તમાન સમયોમાં શરીરમાંથી જે સધાયું તે સાચું, માટે જ વર્તમાનમાં જે કોઈ શક્તિ છે, તપ માટે તનની, શુભ ભાવ ભાવવાના માટે મનની, ત્યાગ-વ્રત નિયમ માટે આત્માની, જિનગુણગાન-ધર્મોપદેશ-ધર્મસલાહ-સૂત્રરટણ માટે વચનની દાન માટે ધનની,...વગેરે વગેરે જે શક્તિ છે, એનાથી એ સાધી લો.

બે મહાન સાધના છે,- (૧) એક દોષ-ત્યાગની, અને (૨) બીજી કર્તવ્ય સુકૃતનાં આચરણની 'ઘોરા મુહૂત્તા, અબલં સરીરં' આ વારંવાર યાદ રાખીને આ બંને જરાય વાયદે ન રાખતાં વર્તમાનમાં જ સાધી લેવાની છે. દોષ-પાપ છોડવા છે, તો કાલનો ઉધારો નહિ. આજે જે એના ત્યાગ કરવાના શક્ય હોય ત્યાં નિયમ અભિગ્રહ કરીને ત્યાગ કરવાના.' એમ જો કર્તવ્ય બજાવવા છે, કે સુકૃત સાધવા છે, તો એમાં પણ કાલનો ઉધારો નહિ **'આજ આજ ભાઈ અત્યારે'** જ સાધવાનું.

રાતના નિરાંતે આ બંને પ્રકારની સાધનાનો વિચાર કરી રખાય કે 'હવે મારે અમુક અમુક દોષ યા પાપ નથી સેવવા, તેમજ મારે અમુક અમુક દાન, જિનભક્તિ, શીલ, વ્રત, નિયમ, તપ, સાધુસેવા, સૂત્ર-અધ્યયન વગેરે સાધવા છે,' આવો વિચાર રાતે નિરાંતે કરાય, અથવા પરોઢિયે થોડા વહેલા ઉઠીને કરાય, પછી એમાં સ્થિતપ્રજ્ઞ રહેવાનું, સ્થિર બુદ્ધિવાળા બનવાનું; એટલે કે નિર્ધાર તે નિર્ધાર, હવે એને ફેરવીને ચંચળ નહિ થવાનું પણ નિર્ધાર પ્રમાણે આરાધવાનું, સ્થિતપ્રજ્ઞતાનું કેટલું બધું મહત્ત્વ છે ? એ જુઓ,-

**રામની સ્થિતપ્રજ્ઞતા :-**



રામચંદ્રજીએ જોયું કે ''પિતાજીએ, કૈકેયીને આપેલ વરદાનમાં કૈકેયીની માગણી મુજબ, ભરતને રાજ્ય તો આપ્યું, પરંતુ ભરત રાજ્ય લેવા તૈયાર નથી એ રાજ્ય ન લે તો પિતાએ કૈકેયીને આપેલ વચન પળે નહિ, મિથ્યા નીવડે ! પરંતુ જો હું વનવાસ ખેડું તો, પછી તો ભરતે રાજ્ય સંભાળવું જ પડે'' એમ કરી પોતે વનવાસ માગી લીધો, અને વનવાસ માટે નીકળી ગયા. છતાં ભરત રાજ્યગાદી સ્વીકારવા તૈયાર નથી, તેથી કૈકેયી ગભરાઈ કે 'હવે શું થાય ? હાય ! આ તો ભરત રાજ્ય લેતો નથી, ને રામને ખોટા કનડ્યા !

**કૈકેયીને ભારે પસ્તાવો થયો, કે**

''દીકરા માટે તો મેં આ ઉપાડો કર્યો, લાયક અને રાજ્યગાદીના હકદાર રામને ગાદી મળતી અટકાવી, ને દીકરા માટે રાજ્યગાદી માગી લીધી, પણ દીકરો એ સ્વીકારવા તૈયાર નથી, અને બીજી બાજુ રામ તો વનવાસે નીકળી પડ્યા છે. હવે આ રાજ્ય કોના આધારે ? પતિ તો દીક્ષા લેવાના છે. તો હવે મારેય રામની ક્ષમા માગી એમને રાજ્યગાદી સ્વીકારી લેવા આગ્રહભરી વિનંતી કરીને પાછા લાવવા જ જોઈએ'' એમ કરી એ રથમાં બેસી સડસડાટ રામની પૂંઠે વનમાં ઊપડી, અને રસ્તામાં રામને આંતર્યા.

કૈકેયી રથમાંથી ઊતરીને રામને હાથ જોડી કહે છે,

''પાછા વળો, રાજ્ય સ્વીકારી લો. અમે સ્ત્રીઓ અધમ અને તુચ્છ સ્વભાવની, તે આ ખોટું કામ કરી નાખ્યું ! પરંતુ તમે તો પુરુષ છો, પુરુષો ઉત્તમ ઉદાર સ્વભાવના હોય છે, તો ઉદારતા કરી આ મારા સ્ત્રીસુલભ વાંક માફ કરો, ને પાછા ચાલો.''

અહીં રામની સ્થિતપ્રજ્ઞતા જોવા મળે છે. મનમાં એકવાર નિર્ધાર કર્યો છે કે પિતાનું વચન પળાવું જ જોઈએ. તે ભરત રાજ્ય લે, અને હું વનવાસ જાઉં તો જ વચન પળે એમ છે. માટે મારાથી રાજ્યગાદી લેવાય જ નહિ.'- નિર્ધારમાં એ પક્કા છે, સ્થિર છે, એજ એમની સ્થિતપ્રજ્ઞતા. ભલે સામે મોટા રાજા થવાનું મળે એ પ્રલોભન છે, પરંતુ પ્રલોભનને વશ થઈ નિર્ધાર ફેરવવાનો નહિ તે નહિ જ. એ એમની સ્થિતપ્રજ્ઞતા છે. એટલે હવે એ એક આજ્ઞાકારી મોટાભાઈની અદાથી ભરતને આજ્ઞા કરે છે કે 'તારે રાજ્યગાદી સંભાળી લેવાની; અને ત્યાં જ પાણીનો લોટો મંગાવી પોતે ભરતના માથે એ રાજ્યાભિષેકનો કળશ ઢોળે છે.

અહીં ભરતના મન પર મોટાભાઈની એવી આમન્યા છે કે હવે જ્યાં મોટાભાઈની સીધી આજ્ઞા થઈ, પછી એ આજ્ઞા-વચનને ઉત્થાપી શકતો નથી. આંખમાં આંસુ સાથે મૂંગે મોંઢે અભિષેક સ્વીકારી લે છે. અહીં એક પ્રશ્ન થાય,-

**ભરત હવે રાજ્ય લેવામાં સ્થિતપ્રજ્ઞતા ગુમાવી ? :-**

**પ્ર.**- ભરતનો જો નિર્ધાર હતો કે રાજ્યગાદીના હકદાર મોટાભાઈ છતે, પોતે રાજ નહિ જ લેવાનું; તો હવે એ નિર્ધાર પાર નથી તો પડતો, તો શું ભરત પોતે સ્થિતપ્રજ્ઞતા ગુમાવતો નથી.

ઉ.- ના, એનું કારણ આ છે કે 'મોટાભાઈ છતે રાજ્યગાદી પોતે નહિ લેવાનો નિર્ધાર' એ એક સામાન્ય પ્રજ્ઞા છે, એમ એના કરતાં વધારે મહત્ત્વની પ્રજ્ઞા આ છે કે 'મોટાભાઈની આજ્ઞા નહિ ઓળંઘવાનો નિર્ધાર.'

**અવસરે વધારે મહત્ત્વની પ્રજ્ઞા સાચવવા જતાં ઓછી મહત્ત્વની પ્રજ્ઞા છોડી દેવી પડે. તો એમાં સ્થિતપ્રજ્ઞતા ઘવાતી નથી.**

દા.ત. જુઓ, કોઈ પુત્રને પિતાને મૂકીને નહિ જમવાનો નિર્ધાર છે. પરંતુ કોઈક અવસરે પિતા કોઈ એવા અગત્યના કામમાં રોકાયેલા હોય ને કહે 'જો, હું અગત્યના કામમાં રોકાયેલા હોય ને કહે 'જો, હું અગત્યના કામમાં રોકાયો છું, અને તારે દુકાને જવાનું છે, તેથી તું જમી લે. હું પછી જમીશ;' તો એ વખતે પુત્ર જુએ છે કે "અલબત પિતાજીને મૂકીને નહિ જમવાનો મારો નિર્ધાર રોજ પળાઇ રહ્યો છે, પરંતુ આજે એ પાળવાની સામે એમની આજ્ઞા પાળવાનો પ્રસંગ વધુ મહત્ત્વનો ઊભો થયો છે. પિતા વિના ન જમવાના નિર્ધાર કરતાં આજ્ઞા પાળવાનો નિર્ધાર મોટો છે, માટે મારે આજ્ઞા મુજબ જ કરવાનું," ને એ રીતે એ વર્તે, અને પિતાને મૂકીને જમે, એમાં એની સ્થિતપ્રજ્ઞતા ઘવાતી નથી.

બસ, ભરતને આ જ રીતે રામના હાથે અભિષેક પામી રાજ્ય લેતાં સ્થિતપ્રજ્ઞતા ઘવાતી નથી. ત્યારે અહીં પૂછો,-

**પ્ર.**- રામને કૈકેયીમાતા કહે છે કે 'તમે પાછા વળો, અયોધ્યાની રાજ્યગાદી સંભાળી લો;' ને રામ એ મંજુર કરતા નથી, તો રામે માતાના બોલને ઓળંઘવો નહિ એવા નિર્ધારની પ્રજ્ઞા ક્યાં સાચવી ?

ઉ.- અહીં પણ આ રીતે જ વિચારવાનું છે, કે માતાના બોલ કરતાં, 'પિતા એક ઈક્ષ્વાકુવંશના રાજા, એમનું આપેલું વચન નિષ્ફળ જાય નહિ; ઈક્ષ્વાકુ-વંશના રાજા બેવચની બનવાનો પ્રસંગ ઊભો થાય નહિ,' એ સાચવવું એ વિશેષ મહત્ત્વનું છે. જો રામ રાજ્યગાદી પર ચડી બેસે, તો કૈકેયીને 'જો, ભરતને રાજ્યગાદી આપી,' એ પિતા દશરથે આપેલું વચન મિથ્યા થાય ! એટલે રામની આ પ્રજ્ઞા સદ્‌બુદ્ધિ કે 'જીવન જીવતાં કદી વંશને કુળને ખોડ નહિ લાગવી જોઈએ. એ માટે પિતાનું કૈકેયીને અપાયેલ વચન નિષ્ફળ ન જ જવું જોઈએ,'- આ પ્રજ્ઞાને સાચવવાનું સ્થિર રાખવાનું મુખ્ય જરૂરી છે. એવી પ્રજ્ઞામાં સ્થિર રહેવું એ વિશેષ મહત્ત્વનું



છે; એની આગળ માતાનો બોલ માનવો એ ગૌણ છે. ને રામચંદ્રજીએ એ સ્થિત પ્રજ્ઞતા પાળી, ત્યાં પછી પોતાને માતા કૈકેયી હવે રાજ્યગાદી સંભાળી લેવાનું કહે છે, ને તે પોતે ન માન્યું, તેથી કાંઇ સ્થિતપ્રજ્ઞતા ઘવાઈ ન ગણાય.

**દશાર્ણભદ્ર રાજાની સ્થિતપ્રજ્ઞતા :-**

સ્થિતપ્રજ્ઞતા ગુણની બલિહારી છે ! તેથી તો જુઓ રાજા દશાર્ણભદ્રે વિચાર્યું કે 'ત્રિભુવનપતિ મહાવીર પ્રભુ નગરના આંગણે પધાર્યા છે, તેથી એમને કોઈએ ન કર્યું હોય એવું ઊંચામાં ઊંચી યાને સર્વોત્તમ ભક્તિથી વંદન કરવા જાઉં,' ને એ શુભસંકલ્પની પ્રજ્ઞા ઊભી કરી, અને પછી પોતાની બધી શક્તિ ખરચી ઈન્દ્રપુરી જેવો રસ્તાનો ઠાઠ અને વરઘોડાનો અનુપમ ઠાઠ બનાવી મુખ્ય હાથી પર પોતે અને ૫૦૦ શણગારેલા હાથીઓ પર ૫૦૦ રાણીઓ વગેરે લ્હાવા લશ્કર સાથે વંદન કરવા ચાલ્યા.

એમાં ઈન્દ્ર આ રાજાનો મદ જોઈ, એ ઉતારવા માટે ૬૪ હજાર હાથીઓની અલૌકિક શોભા સાથે આકાશમાંથી વંદન કરતા નીચે ઊતરી રહ્યા છે ! એ જોઈ દશાર્ણભદ્ર ઝંખવાણા પડ્યા, વિમાસણમાં પડ્યા કે સૌ કરતાં ઊંચી ભક્તિથી પ્રભુને વંદન કરવાનો નિર્ણય કરેલો તે હવે કેમ સાચવવો ? પરંતુ મનને પક્કો નિર્ધાર છે.

"એ પ્રતિજ્ઞા જેવો સંકલ્પ અવશ્ય પાળવો છે. એમાં ચંચળ નથી થવું, કે 'ભાઈ મોટા દેવતા આગળ આપણું શું ચાલે ? આપણે કાંઈ આવી દિવ્ય સમૃદ્ધિ વિકુર્વી શકીએ એવી દિવ્ય તાકાતવાળા નથી, આપણે તો માનવી શક્તિ વાપરવામાં ખામી ન રાખીએ;' - આવી કોઈ ચંચળતા નથી કરવી, પણ પ્રજ્ઞા સ્થિર જ રાખવી છે, સંકલ્પને ગમે તે રીતે સફળ જ કરવો છે." તેથી એ જોયું કે

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૩૧,અંક-૩૨,તા.૩૦-૪-૧૯૮૩**

**'આ મોટા ઈન્દ્રની ભલે આ દ્રવ્યસમૃદ્ધિ વિકુર્વવાની ગમે તેટલી ત્રેવડ હોય, પરંતુ ભાવસમૃદ્ધિ જે ચારિત્ર કહેવાય એ અજમાવવાની શક્તિ ઈન્દ્ર પાસે નથી, તે મારી પાસે છે.**

'તેથી જો વંદન કરવા માટે, પહેલાં હું ચારિત્ર લઈ લઉં તો એ ભાસમૃદ્ધિનો ઉપયોગ કયાંથી એ સર્વોચ્ચ ભક્તિ કરી કહેવાય, ને એ કરીને પછી પ્રભુને વંદન કરું, તો ચારિત્ર લઈને પછી વંદન કર્યું એ સર્વોચ્ચ ભક્તિથી વંદન કર્યું ગણાય. એમાં પછી ચારિત્ર માટે રાજ્યપાટ રાણીઓ લ્હાવ-લશ્કર બધું જ છોડવું પડે એની ચિંતા નહિ."

બસ, મનમાં આ ઘાટ ગોઠવી દીધા, ને સમવસરણ પર એ પહોંચ્યા; અને ઈન્દ્ર પણ દિવ્ય સમૃદ્ધિ સાથે પહોંચ્યા. હવે ઈન્દ્ર મનમાં સમજતા હશે અને ખીલતા હશે કે 'હું આ રીતની દિવ્ય સમૃદ્ધિવાળી ભક્તિથી પ્રભુને વંદન કરીશ; એ જોઈને દશાર્ણભદ્રરાજા ઝાંખા પડી જશે અને પોતે ખોટો સંકલ્પ કર્યાની ભૂલ કબૂલ કરશે ! પરંતુ ઈન્દ્ર તો આ જોતા જ રહી ગયા, ને દશાર્ણભદ્રે પ્રભુને વંદન કરવા પહેલાં જ રાજવી વેશ ઊતારી દઈ સાધુવેશ કરી લીધો ! અને જીવનભરનું સર્વવિરતિ ચારિત્ર ધારી લઈને પછી સીધા પ્રભુ પાસે આવી સાધુવેશે પ્રભુને વંદન કર્યું !

અહીં હવે ઈન્દ્ર શું બોલે ? દશાર્ણભદ્રને શું ઝાંખા પાડે ? ઈન્દ્ર પોતે જ ઝંખવાણા પડી ગયા ! જુએ છે કે 'આ ચારિત્ર લેવાની તાકાત મારી નહિ. ખરેખર રાજાદશાણભદ્રે કમાલ કરી કે સર્વોચ્ચ ભક્તિથી પ્રભુને વંદન કરવાનો પોતાનો સંકલ્પ પાર પાડ્યો !

ઈન્દ્ર તરત મુનિ બનેલા દશાર્ણભદ્રને હાથ જોડી નમી પડ્યા, નમસ્કાર કરતાં કહે છે 'રાજર્ષિ ! તમને હું ભક્તિમાં હરાવવા માટે આવ્યો હતો, અને ૬૪ હજાર હાથીની સમૃદ્ધિ ઠઠારી હતી. પરંતુ તમે જીત્યા, ને હું હાર્યો ! મારી આ વિકુર્વેલી

**૬૪હજાર હાથી વગેરે સમૃદ્ધિ તો દ્રવ્યસમૃદ્ધિ છે, ને તમોએ કરેલો સર્વત્યાગ એ ભાવસમૃદ્ધિ છે.**

**દ્રવ્યસમૃદ્ધિ ગમે તેટલી અતિવિશાળ, પરંતુ એના કરતાં ભાવસમૃદ્ધિ અનંતગુણી ઊંચી છે.**

ભીષ્મ ત્યાગથી તમો તમારો સંકલ્પ પાળીને જીતી ગયા છો. તમને ભૂરિ ભૂરિ વંદના !' આ હતું દશાર્ણભદ્ર રાજાનું સંકલ્પની કરેલી પ્રજ્ઞા-સદ્બુદ્ધિ ટકાવવાનું સત્વ ! સ્થિતપ્રજ્ઞાનું સત્ત્વ ! ત્યારે કહેવાનું મન થાય કે 'ધન્ય ધન્ય સ્થિરપ્રજ્ઞાને, જે આત્માને ઉચ્ચ બનાવે છે !'

રામચંદ્રજી અને સીતાજીની એ સ્થિતપ્રજ્ઞતા હતી.

સીતાજીની યશોગાથામાં આપણે સીતાજીના અનેક ભવ્ય પ્રસંગો વિસ્તારથી વિચાર્યા છે. એને આપણા જીવન પર ભારે અસરકારક બનાવવા માટે એ કહેલા પ્રસંગોના વિસ્તાર પરથી ટુંકી નોંધ કરી લેવી જોઈએ, અને એ નોંધ વારંવાર જોઈએ તો એ ભવ્ય અતિભવ્ય પ્રસંગો મનમાં સ્થિર થાય. એને પછી વારંવાર યાદ કરતા રહેવું જોઈએ, તો એ આપણા જીવન પર મોટી અસર કરી જાય.

અહીં સીતાજીની યશોગાથા ગાઈ એના ઉપસંહારમાં એમના જીવનના ભવ્ય



પ્રસંગોને ટુંકમાં યાદ કરી લઈએ. આ એટલા માટે કે

**મહાન આત્માના અનેક ભવ્ય પ્રસંગો એક સાથે ટુંકમાં જોવાથી ભરચક સુકૃતોની સળંગ અનુમોદના મળે.**

(૧) પહેલું તો પિતા જનક રાજાને ત્યાં કેવું ઉચ્ચતમ સંસ્કરણ પામેલા કે પતિ રામચંદ્રજી વનવાસ જાય છે, ને સીતાજીને ઘરે જ રહી જવા કહે છે, છતાં સીતાજી પોતે સ્વેચ્છાએ પતિ સાથે વનવાસ જ માગી લઈ પતિને વનવાસમાં અનુસરે છે ! એક હિસાબ પર કે **'પતિ કષ્ટમાં જાય, તો મારાથી મહેલની લહેરમાં કેમ રહેવાય ?'** કેવું પતિવ્રતા-ધર્મનું પાલન કષ્ટ વેઠીને ! ત્યારે,

(૨) પિતાને ત્યાં તત્ત્વજ્ઞાનનું શિક્ષણ પણ કેવુંક પામેલા કે બાર વરસ વનવાસમાં એના ચિંતન પર સુખે સમાધે દિવસો પસાર કરે છે ! નહિતર વનવગડામાં દિવસો શે પસાર થાય ?

(૩) સીતાજીને સ્વયંવરમાં કેટલું જોખમ હતું ? સ્વંયવરમાં દેવાધિષ્ઠત ધનુષ્ય ઉપાડી એને જે ગાંઠે એ ભલે એવો રૂપાળો કે એવી સમૃદ્ધિવાળો ન ય હોય, છતાં સાત્ત્વિક તો જરૂર હશે, કેમકે એ કામ સત્ત્વવાળાનું હતું; તો સીતાજીએ સ્વયંવર સ્વીકારીને પોતાનું જીવન સત્ત્વવાળાને સોંપવાનો એમને આનંદ હતો ! **સાત્ત્વિકને શરણે રહેવામાં જ જીવનની વડાઈ અને સલામતી માની હતી.**

(૪) વળી સીતાજીના મનને શું લાગે નહિ કે (i) કૈકેયીએ રામનો રાજ્ય નો હક ખુંચવી લીધો ? ને (ii) સીતાજીને પૂછ્યા વિના પતિ રામચંદ્રજીએ વનવાસ સ્વીકારી લીધો ? ત્યાં સીતાજીએ ન તો કૈકેયી સામે ઝગડો ઊભો કર્યો, કે ન રામ સામે ફરિયાદ ઊભી કરી કે 'મને પૂછ્યા વિના શાનો વનવાસ સ્વીકારો છો ?' પોતે મૂંગેમોંઢે બધું જોવાનું જ રાખ્યું અને અંતે પોતે શાંતિથી 'પતિને વનમાં અનુસર્યા ! ત્યારે અહીં સીતાજીનું ગમે તેવા કપરા પ્રસંગમાં પણ કેટલું બધું શાંત અને સ્વસ્થ ચિત્ત ! **શાંત એટલે જરાય ઉકળાટ-વિહવળતા નહિ; ને સ્વસ્થ એટલે કોઈ જાતના ખોટા સંકલ્પ-વિકલ્પ નહિ.**

(૫) વનવાસમાં સીતાજીએ કદી મનને ઓછું ન લગાડયું કે ક્યાં મજેનો મહેલવાસ ધારેલો ? ને ક્યાં આ મહાકષ્ટભર્યો આ વનવાસ માથે પડ્યો ? આમાં,

**સીતાજીનું સમ્યક્ત્વ કેવુંક ઝળહળતું હશે કે સમ્યકત્વના બળે મનમાં નિશ્ચિત બેઠું છે કે જીવનમાં દુન્યવી બાબતમાં પુરુષાર્થનું ફલ મામૂલી. બાકી અંતે તો કર્મના જ હિસાબ ચૂકવવાના હોય છે. એટલે કર્મના હિસાબ સહર્ષ વધાવી જ લેવાના.**

આ કેવી સુંદર તત્ત્વ દૃષ્ટિ ! અને એના અમલમાં વનવાસના કષ્ટમાં પણ કદી મનને ઓછું લાવવાનું નહિ, તેમ પતિને કદી ટોણો મારવાનો નહિ કે, તમને

પરણીને તમે આ દેખાડ્યું ! મનમાં ગુણિયલ પતિ પ્રત્યે દુઃખ જ નથી, અભાવ જ નથી, પછી વાણીમાં એ ઊતરે જ શાનું ?

સીતાજી વનમાં ઝુંપડામાં રહેતા, ત્યાં રામ કદાચ બહાર ગયા હોય તો લક્ષ્મણ ઝુંપડાની બહાર ચોકી ભરતા, કે જેથી કોઈ દુષ્ટ માણસ કે પશુની સામે સીતાની રખેવાળી કરી શકાય. બાકી ઝુંપડીની અંદરમાં એકલા પડેલા સીતાજીની પાસે બેસવાની વાત નહિ ! તેમ ત્યાં સીતાજીને એકલવાયાપણું ખટકતું નહિ ! કે દિયેર સાથે વાત-વીસામો કરવાનું મન થતું નહિ ! ત્યારે સીતાજીની આ શીલરક્ષાની કેટલી બધી તમન્ના અને જાગૃતિ ! તેમજ એકલા બેઠા તત્ત્વ ચિંતનમાં કેવી મસ્તી ! જેથી કશા રેઢિયાળ સંકલ્પ વિકલ્પ જ નહિ. આ પરથી આજના જમાનાની સ્ત્રીઓના રંગઢંગ અને ઉન્મત્ત યુવાનોની રીતરસમ જોતાં સજ્જનને રોવું આવે.

રાવણના પ્રપંચથી રામચંદ્રજી બહાર કોઈની રક્ષાર્થે ગયા છે, ને ત્યાંથી સિંહનાદનો અવાજ આવે છે, છતાં લક્ષ્મણ સીતાની રક્ષાર્થે બેઠા રહ્યા છે. ત્યાં સીતાજી કહે છે "જાઓ જાઓ તમારા ભાઈની સહાયમાં; ભાઈ પર આફત લાગે છે.

**મારી રક્ષા પછી, પણ તમારા ભાઈની રક્ષા પહેલી."**

જાતના ભોગે પતિની કેવી હિતચિંતા ! લક્ષ્મણને મોકલતાં રાવણને ફાવટ આવી, એકલા પડેલા સીતાને ઉપાડી ચાલતો થઈ ગયો ! છતાં સીતાને એ પસ્તાવો ન થયો કે, 'હાય ! ક્યાં હું પતિની ચિંતા કરવા બેઠી ? તે મારે જ આમ ઉપડાઈ જવું પડ્યું ! કેમ પસ્તાવો નહિ ?

**પતિની હિતચિંતા એ સુકૃત હતું : સુકૃતની પાછળથી અફસોસી ન કરાય.** એમાં પાછળથી પોતાને આપદા જ આવી તો ત્યાં એ સુકૃતનો પસ્તાવો ન કરાય -એમની એ પાકી સમજ હતી કે 'પોતાને આપદા તો મુખ્યપણે પોતાના કર્મને જ અનુસારે છે, ત્યા ંવચનમાં મફતિયું સુકૃતને ન કુટાય. શું આફત સુકૃતે આપી ?, ના, કર્મે આપી છે, તો કર્મનો વાંક જોવાના બદલે સુકૃતનો વાંક જોવો એ સુકૃતના પસ્તાવામાં તો મૂર્ખાઈ છે. સીતાજીની કેવી નિર્મળ બુદ્ધિમત્તા કે નિર્દોષ સુકૃતનો પસ્તાવો નથી કરતા કે 'પતિની હિતચિંતા કરવા રહી લક્ષ્મણને મોકલ્યા, તો આ હું રાવણથી હરાઈ.' ના, એ તો સમજે છે કે 'હું રાવણથી હરાઈ.' ના, એ તો સમજે છે કે 'હું હરાઈ મારા અશુભ કર્મના ઉદયે, પતિની હિતચિંતા કરી હતી તે તો બરાબર જ સુકૃત હતું.'

આજના માબાપ જો આ સીતા જેવી નિર્મળ બુદ્ધિ રાખે તો વર્ષો સુધી છોકરાને નિઃસ્વાર્થ ભાવે ઉછેર્યા પછી છોકરો આડે ફાટી માબાપને ઘડપણમાં જુદા



મૂકે ત્યાં માબાપ સુકૃત બાળી મૂકવાનું ન કરે કે, 'હાય ક્યાં આ પાપી છોકરાને બહુ ભોગ આપીને ઉછેર્યો !'

રાવણે સીતાને અશોકવાટિકામાં કેદ પૂરી, તો સીતાજીએ પડકાર કર્યો, 'સાડા ત્રણ હાથ દૂર રહીને વાત કરજે, નજીક આવ્યો તો તારા હાથમાં સીતા નહિ આવે, સીતાનું મડદું આવશે. પછી મડદા પર ઉજાણી તો ગીધડું કરે.' આમ પડકાર ફેંકવામાં સીતાજીની પ્રાણના ભોગે પણ શીલરક્ષાની તમન્ના તરવરે છે. પછી રાવણે ૩ા હાથ દૂર રહીને ઘણી ઘણી લાલચો દેખાડી, પટ્ટરાણી મંદોદરી મનાવવા આવી, કહે છે "તું સ્વામીને રાજી કર, અમે હજાર રાણીઓ તારી દાસી તરીકે સેવા કરશું," પરંતુ સીતાજીએ એ બધી લાલચોને લાતે ઠુકરાવી ! કેમકે, **શીલની સામે દુનિયાભરની સંપત્તિ એમને મન ફૂટી કોડીની કિંમતની હતી, શીલ જ મહાકિંમતી હતું.**

સીતાજી કેદમાં બેઠા 'પતિના શુભ સમાચાર ન મળે ત્યાં સુધી ભોજનનો ત્યાગ,'- આ સંકલ્પ કરી દિવસો ભોજન વિના ગુજારે છે ! એમનો પતિ પ્રત્યે કેટલો બધો સદ્ભાવ ! કેટલું બધું બહુમાન !

**હનુમાનજીની ખાંધે બેસી ભાગવાની સીતાજીની ના :-**

ત્યાં હનુમાનજી એમને તેડવા આવ્યા, અને ખાંધ પર એમને બેસાડી લઈ જવા માગે છે. સીતાજી 'ના' કહે છે.

હનુમાનજી વહેમાય છે કે, સીતાજી ડરતા લાગે છે કે અહીં આટલા બધા રાવણના સુભટોની વચ્ચેથી હનુમાન શી રીતે મને ખેમકુશળ લઈ જઈ શકે ?'

હનુમાને અહીં પોતાનું બળ દેખાડવા મોટું ઝાડ બાથમાં ભરી ઊખેડી નાખી, એ લઈ આકાશમાં ઊડ્યા, ને એનાથી હવેલીઓનાં ઉપલા માળ તોડી બતાવ્યા ! પછી નીચે આવી કહે છે 'જોયું મારું બળ ? રાવણના સુભટોથી ડરો નહિ.'

ત્યારે સીતાજી કહે,- 'ગાંડા ! આ નકામી મહેનત કરી ? મને પહેલેથી કહેવું હતું ને ? તો હું ખુલાસો કરત કે હું ડરની મારી ના નથી કહેતી; પણ પરપુરુષનો સ્પર્શ મને ખપે નહિ તેથી તારી ખાંધે બેસીને આવવા ના કહું છું. '

હનુમાન કહે 'પણ માં ! હું તો રામચંદ્રજીનો ધર્મપુત્ર એટલે તમારો પણ ધર્મપુત્ર છું, તમે મારી ધર્મમાતા છો, દીકરાના ખભે માતાને બેસવામાં શો સંકોચ ?

ત્યાં સીતાજી કહે છે 'એ તારી વાત દિલની માન્યતાની દૃષ્ટિએ સાચી, પરંતુ વ્યવહારથી તો મારા માટે તું પરપુરુષ છો. વ્યવહારની મર્યાદા ન ઓળંઘાય. સગી માતા પણ પુત્રને ત્રણ વરસનો થાય પછી એને પોતાને ભેટાડીને ન સુવડાવે.'

સીતાજીનું અહીં શીલ અંગે કેટલું બધું જબરદસ્ત મર્યાદાપાલન ! અહીં સવાલ થાય કે,-

**પ્ર.**- મર્યાદાપાલન માટે સીતા જો હનુમાનની સાથે ન જાય, તો શું રાવણથી શીલભંગનો ભય નહોતો ?

ઉ.- ના,

**શીલભંગ પહેલા પ્રાણભંગની તૈયારી હતી.**

અરે ! મુદ્દામ શીલભંગની વાત તો દૂર, પરંતુ રાવણ સામે દૃષ્ટિ નાખવા જેટલો શીલ-મર્યાદાનો ભંગ પણ એમને ખપતો નહોતો; તેથી રાવણને પડકાર કરી ૩ા હાથ દૂર જ રાખેલો, અને રાવણ સામે આવે ત્યારે પોતે તદ્દન નીચી અને પોણી મીંચેલી દૃષ્ટિ રાખી બેસી રહેતા. એમાં રાવણનું મોં કે કાયા ક્યાંથી દૃષ્ટિમાં જ આવે ? કડક હતું સીતાજીનું શીલ-મર્યાદાનું પાલન, કે આ કપરી જોખમી કેદમાંથી નથી હનુમાનજીની ખાંધે ચડીને ભાગી જવું, કે નથી જોયું એક વાર પણ રાવણનું મોઢું !

ત્યારે ઉદયરત્ન કવિ કહે છે ને, કે

**"ઉદયરત્ન કહે ધન્ય એ અબળા, સીતા જેહનું નામ;**
**સતીઓમાંહી જેહ શિરોમણિ, નિત્ય હોજો પ્રણામ"**

**સીતાજીના પ્રસંગોનું ફરી પિંજણ શા માટે ?:-**

સીતાજીના આ જીવન-પ્રસંગો એકી સાથે ટુંકમાં જોઈએ છીએ એમાં કંટાળશો નહિ કે 'આ શું પિષ્ટનું પિંજણ ? સીતાજીનું જીવન આખું તો જોઈ આવ્યા; હવે ફરીથી શું વિચારવાનું ? કેમકે આ તો ભરચક સળંગ સુકૃતોની ધારાની અનુમોદનાનો લહાવો છે.

**સુકૃતોની વારે વારે અનુમોદનાથી ભરચક શુભાનુબંધોની કમાણી થાય છે,**
**શુભાનુબંધોથી પરભવે ભરચક સદ્બુદ્ધિઓ મળે છે.**

જો અહીં આ જનમમાં આપણે સદ્બુદ્ધિઓ કરતાં દુર્બુદ્ધિઓ વધુ જાગે છે, અર્થાત્ જો ક્ષમા નમ્રતા નિર્લોભતા આદિને બદલે ક્રોધ-માન-લોભાદિની બુદ્ધિઓ વધુ જાગે છે, જો ત્યાગને બદલે વિષયરાગના ભાવો વધુ જાગતા હોય છે, તો એનું કારણ પૂર્વભવના લાવેલા ભરચક અશુભ અનુબંધો જ છે. એટલા શુભાનુબંધો લાવ્યા નથી; ને એનું કારણ પૂર્વ ભવે પવિત્ર દિલથી પરનાં સુકૃતો અને સદ્ગુણોની એવી અનુમોદના કરી નથી એ છે. માટે હવે જો ભવાંતરે ભવ્ય સદ્બુદ્ધિઓ સુમતિઓ શુભભાવો જોઈતા હોય, તો અહીં મહાન આત્માઓના સુકૃતો-સદ્ગુણોની ભરચક અનુમોદના કરતા રહો, એ વારે વારે કરો એટલે જ અહીં સીતાજીનો



જીવન-સ્ટોક લઈએ છીએ.

સીતાજી રાવણની કેદમાંથી હનુમાનજીની ખાંધે બેસીને ન જવાનો પ્રસંગ ખૂબ ધ્યાનમાં લેવા જેવો છે; કેમકે હનુમાનજી કહે છે "અહીં એકલા તમારી સલામતી શી ?" ત્યાં સીતાજી કહે છે,- "મારે મારું શીલ સલામત છે એટલે બધું સલામત છે. રાવણને ૩ા હાથ દૂર રહેવાની તાકીદ આપી દીધી છે; ને એ દૂર જ રહે છે. એને ખબર પડી ગઈ છે કે 'જો હું નજીક આવ્યો ને અડવા ગયો, તો તે પહેલાં સીતા પ્રાણ-ત્યાગ કરશે.

**સીતા પ્રાણ જતા કરશે, પણ શીલ જતું નહિ કરે,'** માટે આમ શીલ સલામત હોય, પછી તારી એટલે પરપુરુષની ખાંધે બેસી શીલમર્યાદાનો ભંગ કેમ કરું ?"

એમ શીલ અને બીજા ગુણોની મર્યાદાના પાલનો અને અસત્ નિમિત્ત નહિ સેવવાનો પણ બોધપાઠ મળે છે.

**રાવણનું અભિમાન :-**

એ પછી સીતાજીને રાવણે પાછી મોકલી દેવા ધાર્યું, પરંતુ અભિમાન નડ્યું કે "એમજ સીતાને જવા દઉં, તો મારી હલકાઈ થાય કે જુઓ રામ લક્ષ્મણથી હારી જવાના ગભરામણમાં સીતા સોંપી દીધી ! એમાં મારી કાયરતા ગવાય. એના બદલે રામ-લક્ષ્મણને લડાઈમાં હરાવી અહીં પકડી લાવું, દરબારમાં ઊભા કરું, ને પછી કહું 'લ્યો જંગલમાં રખડતાઓ ! આ લઈ જાઓ તમારી સીતા. તમને સીતાનું દયાદાન કરું છું,'- આમ કહીને સીતાને સોંપી દઉં એમાં મારી બહાદુરી અને ઉદારતા વખણાય." આ અભિમાનથી રાવણ લડવા ગયો, તો એનો વિનાશ થયો.

અભિમાન ન કરવા આ એક જબરદસ્ત બોધપાઠ છે. અભિમાનમાં ઘણું ઘણું ગુમાવવાનું થાય છે. લાભ કશો નહિ, ઊલટું અનંત અનંત કાળથી ચાલી આવતા માનકષાયને દૃઢ થવાનું થાય. આ ભવ પછી ક્યા ભવમાં એ માનકષાય તોડી શકવાના ? જે તક છે તે અહીં તક છે કે **'જિનશાસન પામ્યા છીએ તો અભિમાનને ઊઠવા ન દઈએ.'**

**સીતાજીનો જંગલમાં ત્યાગ :-**

સીતાજીને અયોધ્યામાં લઈ આવ્યા પછી લોકવચન ચાલ્યું કે, 'રામ મોટા રાજા તે પારકે ઘેર રહી આવેલી પત્નીને ઘરમાં ઘાલે છે ? શું રાજા આવા બાયડીઘેલા ?' આ લોકવચનથી રામ ગભરાઈ ગયા, અને સેનાપતિ પાસે સીતાની વનમાં હકાલપટ્ટી કરી ! પરંતુ ત્યાં પણ સીતા રોવા ન બેઠા, યા પતિ રામને ઉદ્દેશીને કોઈ અપશબ્દ ન બોલ્યા ! ઊલટું, સેનાપતિ રોતો હતો કે "આવા તમારા

જેવા મહાસતીને જંગલમાં એકલા ત્યજી દેવાની નોકરી મારે બજાવવાની આવે, તે પહેલાં મારું પેટ કેમ ન ફૂટી ગયું. કે પેટ ખાતર આવી અધમ સેવા બજાવવી પડે ?'' આમ સેનાપતિ રોતો હતો.

ત્યાં સીતાજીએ એને આશ્વાસન આપ્યું કે ''તું ન રો, આમાં તારો ય વાંક નથી, સ્વામીનો ય વાંક નથી, વાંક મારા કર્મનો છે. તે કર્મ મારે ભોગવી લેવાના છે. લે આ ઊતરી હું રથમાંથી.'

સીતાજીનું કેટલું ધૈર્ય કે અહીં તો પોતે જ આશ્વાસન લેવા લાયક છે, એના બદલે એ પોતે સેનાપતિને આશ્વાસન આપે છે ! આ શીખવા જેવું છે,-આપણે કષ્ટમાં હોઈએ,ને બીજાને આશ્વાસન આપીએ, જાણે આપણને કોઈ કષ્ટ નથી ! આ આવડે તો આપણા મૃત્યુ સમયે આપણને સગાં શું આશ્વાસન આપે, આપણે સગાંઓને આશ્વાસન આપીએ. વળી સીતાજીની કેવી તત્ત્વદૃષ્ટિ ઘોર જંગલમાં એકલા અટુલા ગર્ભિણી અવસ્થામાં છે, અને પાસે કશું બદલવા વસ્ત્ર નથી, ભાતું નથી, પાણી પીવા પવાલું વગેરે કશો સામાન નથી ! એ વિના જ જંગલમાં મૂકાઈ જવાની મહા આપત્તિ આવે એવા મહાદુઃખદ અવસરે તત્ત્વ દૃષ્ટિ કે 'આ તો મારા કર્મે કર્યું છે. બીજા કોઈનો વાંક નથી. **પૂર્વભવે કર્મ આપણને કરતાં આવડ્યાં તો અહીં એ ભોગવતાં પણ આવડવું જોઈએ. એથી કર્મ કચરાનો નિકાલ થાય છે.**

આપણા જીવનના ઘણા ઘણાં પ્રસંગોમાં આ તત્વદૃષ્ટિ અને ધૈર્ય રાખવાનો આમાંથી આપણને બોધ પાઠ મળે છે.

**સીતાનો સંદેશો :-**

વળી સેનાપતિ સીતાને મૂકીને જતી વખતે સંદેશો માગે છે, તો સીતાજી રામને આ સંદેશો કહેવડાવે છે કે ''તમે લોકવચનથી મને છોડી, તો ભલે છોડી, એથી તમને મારા કરતાં સવાઈ પત્ની નહિ મળે એમ નહિ,ને એથી તમારો મોક્ષ અટકી જ જશે એવું પણ નહિ; કિન્તુ કાલે ઊઠીને લોક તમારા ધર્મની નિંદા કરે કે 'આ આપણા રાજા કેવા અક્કલ વિનાના છે કે જુદા જુદા ધર્મની પ્રજાના માલિક થઈને એક માત્ર જૈન ધર્મનું પૂંછડું પકડી રાખી બેઠા છે ?' તો આવા લોકવચનથી ગભરાઈ તમે તમારો જૈનધર્મ છોડી દેતા નહિ; કેમકે આ છોડાશો તો બીજો સવાયો ધર્મ તો નહિ, કિન્તુ આની હરોળનો ય ધર્મ નહિ મળે; અને તેથી તમારો મોક્ષ અચૂક અટકી જશે.''

સીતાજી મહાકપરી સ્થિતિમાં મુકાયા છે, છતાં આવા અવસરે પણ રામને કશી ગાળ દેતા નથી, કશો ટોણો મારતા નથી. કે 'કેવા તમે વિશ્વાસઘાતી અને નિર્દય કે મારી આ સ્થિતિ કરો છો ?' ના, કશું એલફેલ કે રોષનું બોલવાનું નહિ,



કિન્તુ સ્વામીના એકમાત્ર ધર્મરક્ષાની ને આત્મકલ્યાણની ચિંતાના જ બોલ !

**સીતાજીના રુંવાડે રુંવાડે કેટલી બધી ધર્મલગન છવાઈ ગઈ હશે !** એ જોવાનું છે. તેમાંથી આ જ બોધપાઠક લેવા જેવો છે, જેથી જીવન પ્રસંગોમાં આ ધર્મલગન જીવંત રાખીને કશા અનુચિત બોલ કદાપિ ન બોલીએ કે કશા અનુચિત વર્તાવ કદી ન કરીએ.

**સીતાજીની ગંભીરતા :-**

એ પછી સીતાજીને ધર્મનો ભાઈ રાજા મળ્યો, એ એમને ધર્મની બેન કરીને પોતાના મહેલમાં લઈ જઈ રાખે છે. સીતાજીને બે બાળક જનમ્યા, લવણ અને અંકુશ. અહીં સીતાજીની ગંભીરતા કેવી કે આ બાળકો ૧૬-૧૮-૨૦ વર્ષના થયા હશે, ત્યાં સુધી એમને સીતાજી પોતે કશું કહેતા નથી કે 'તમારા બાપાજીએ મારી આ સ્થિતિ કરી હતી.' કેટલી બધી ગંભીરતા ! આપણે જરા તકલીફમાં મુકાયા કે બહારનાને પણ કહેવા જઈએ કે ફલાણાએ મને આમ કર્યું. ત્યારે અહીં પોતાના દીકરાને કહેવાની વાત નથી. એક જ હિસાબ કે 'મારું મારા કર્મે બગાડ્યું, એમાં બીજાને કહેવાથી શો લાભ ? એક તો આપણું કર્મે બગાડ્યું ને હવે આપણે બીજાની હલકાઈ ગાઈ આપણી જાતે જ આપણે આપણું બગાડીએ ?

**જો આ કર્મનો હિસાબ અને આપણી સલામતિનો હિસાબ મન પર રહે, તો સીતાજી જેવી ગંભીરતા લાવવી સહેલી છે.**

**પિતા સાથે લડવામાં પુત્રોને આશીર્વાદ નહિ :-**

સીતાજીએ પોતાના કર્મનો હિસાબ મન પર રાખી ગંભીરતાથી પુત્રોને પતિ તરફથી હકાલપટ્ટીની વાત નહિ કરેલી, પરંતુ પુત્રો બહારથી વાત લાવી એમને કહે છે કે,

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૧,અંક-૩૩,તા.૧૪-૫-૧૯૮૩**

'મા ! તેં તો અમને વાત ય નહિ કરી, પરંતુ બહારથી અમે જાણી લાવ્યા છીએ, તો શું અમારા પિતાજી એમ સમજે છે કે સીતાજીનો કોઈ બેલી રખેવાળ નથી એટલે એમને જંગલમાં ત્યજી દેવાય ? અમે રખેવાળ તૈયાર થઈ ગયા છીએ. જઈએ છીએ અમે એમને યુદ્ધ આપવા, અને હરાવીને એમને બતાવી આપશું કે સીતાજીના આ રખેવાળ છે. માટે અમારા માથે હાથ મૂકી ફત્તેહના આશીર્વાદ આપ.''

શું સીતાજીએ આશીર્વાદ આપ્યા ? ના, એમણે તો ઊલટું ઠપકો આપ્યો કે

'ગાંડાઓ ! બાપુજી સાથે લડવા જવાય ?એમના પગે પડવા જવું જોઈએ. લ્યો પગે પડવા જવું હોય તો આવો આશીર્વાદ આપું.'

બસ, આમ સીતાજીના દિલની કેટલી બધી સ્થિર (સ્થિર) પ્રજ્ઞા અને વિવેક દેખાય છે ? રામચંદ્રજીને પતિ તરીકે સ્વીકારી મનમાં ધારી રાખ્યું, મનમાં એવી પ્રજ્ઞા ધરી, કે 'આમને જીવન સમર્પણ; એટલે ગમે તેવા સંયોગમાં આમને મારે માથે પૂજ્ય તરીકે ધરી રાખવાના.' આ પ્રજ્ઞા સ્થિર રાખી હોય એટલે પછી અહીં પતિ તરફથી આવા હકાલપટ્ટીના સંયોગ ઊભા થયા તો પણ આ પ્રજ્ઞામાં શાનો ફરક પડે ? પતિ પૂજ્ય છે, શિરોમાન્ય છે, એટલે એમને પુત્રો દ્વારા પણ ત્રાસમાં મુકાવામાં મત્તું શાનું મારે ?

પતિ પર કેટલું બધું બહુમાન ! એમની કેટલી હદની ઉત્તમતા કેમ જાણે એમના પર પતિએ કશી આફત નથી આપી ! વિચારવા જેવું છે કે કોઈ સગા સ્નેહી તરફથી તમારા પર આટલી ભયંકર આફત તો નહિ વરસી હોય; છતાં એની સાથે અંટસ વરસોથી ચાલુ ને ? એના પર હૈયામાં બહુમાન નહિ પણ અવજ્ઞા, સૂગ હલકી દૃષ્ટિ ઊભી જ ને ? સીતાજીને એવું કેમ નહિ ? કહો, એક મન પર પોતાના પૂજ્ય પતિ તો ખરા જ, કિન્તુ બીજું એ કે એમની નજર સામે પતિના અનેક ગુણો અને ઉત્તમતાઓ તરવરતા હતા. એ એમના મનમાં પતિ માટે હલકાઈ આવવા જ નહોતા દેતા.

**ઉત્તમતાનો ઉપાય :-**

**ઉત્તમતા લાવવી હોય, તો આ જ માર્ગ છે કે દુશ્મન માટે વિરોધી માટે પણ એના ગુણો અને સારી વિશેષતાઓ આપણી નજર સામે તરવરતા રહેવા જોઈએ.**

જો આટલું ધ્યાનમાં રહે કે

'દિલમાં આવી ઉત્તમતા વસાવવા માટે આ એક માત્ર માનવ અવતારનું જ દિલ છે,

તો આ કામ અહીં નહિ કરું, તો પછી કયા જનમના દિલમાં આ કાર્ય થઈ શકવાનું હતું ? આ સમજાવનાર જિનશાસન ફરી ક્યારે મળવાનું હતું ?' આ કાર્ય ધીરે ધીરે પણ શરૂ કરું. મહાન આત્માઓ એજ રીતે દિલને ઉત્તમ બનાવતાં બનાવતાં ઉંચા આવ્યા છે. મારે પણ મહાન બનવું હોય તો આજ ઉપાય છે.'

**સીતાજીનું દિવ્ય :-**

સીતાજીની એક મહાન વિશેષતા ક્યાં સુધી પહોંચે છે એ જુઓ, સીતાજીએ રામના કહેવાથી દિવ્ય કરવાનું કબૂલ કર્યું ત્યાં એમને એ વિચાર ન આવ્યો કે એક



તો પતિએ ઘોર જંગલમાં મુકાવી દેવાનો જુલ્મ કર્યો, તે શું ઓછો હતો ? તે હવે, ૩૦૦ હાથની ખાઈ અગ્નિએ ભડભડતી, એમાંથી પસાર થવાનું કહે છે ? અને હાય બાપ ! આવા ભડભડતા અગ્નિમાં પેસવાનું ?' કેમ આ વિચાર ન આવ્યો ?' કહો, પહેલું તો પેલા જંગલમાં ત્યજાવાનો જુલ્મ પતિએ કર્યાનું પોતે સમજતા જ નથી. નહિતર પુત્રો આગળ એનો બળાપો ઠાલવ્યો હોત. એ તો કર્મનો જ જુલ્મ થવાનું સમજતા હતા; અને અહીં અગ્નિ-પ્રવેશની વાતમાં પોતાને પોતાના સતીત્વ ઉપર અડગ શ્રદ્ધા છે તેથી દિવ્યની વાતથી જરાય ગભરાય નહિ. બીજું, 'પતિ-વચન એટલે બ્રહ્મ-વચન, એના પર બીજો વિચાર કરવાનો જ નહિ,' એમ સમજતા હતા. માટે પણ એ જરાય ગભરાય નહિ ત્યારે આપણને ગુરુ-વચન વડિલવચન એ બ્રહ્મ-વચન લાગે છે ? એ વિના ઉદ્ધાર ક્યાં છે ? સીતાજીએ સતીત્વ કેવુંક સાચવ્યું હશે કે આ શ્રદ્ધા છે કે 'અગ્નિપ્રવેશના દિવ્યમાં કશું બળવાનું નથી.'

સીતાજીને રૂપાળા માણસો જોવા તો મળ્યા હશે, તો એકેય વાર એમને એનું લેશ પણ આકર્ષણ કેમ નહિ થયું હોય ? એ માટે આ વિચારવાનું છે, કે **પરપુરુષના રૂપનું આકર્ષણ એ પણ શીલને બાધક છે.**

એવું આકર્ષણ શી રીતે અટકે ? એ માટે આ જુઓ, કે

આ જગતમાં વિષયોના ઘેરાવાની વચ્ચે જીવ જકડાયેલો છે, અને જીવને પોતાને અનંત અનંત કાળના વિષયવાસનાના સંસ્કારો લાગેલા છે, તે સંસ્કારોને જાગતા શી વાર ? ત્યાં શી રીતે બચવાનું ? કાં તો (૧) વાસનાના સંસ્કારો ન હોત તો વિષયોના સંયોગ કશી વિષયરમત થઈ શકત નહિ; તેમજ (૨) વાસનાઓ હોત પણ વિષયોના સંયોગ જ ન હોત, તોય જીવ કશી વિષયરમત કરી શકત નહિ; પણ દારૂખાનું ને દેવતા બે ભેગા થાય ત્યાં ભડકો થયા વિના ન રહે. દારૂ એ વિષયો છે, અને દેવતા છે વાસના, આ બે ભેગા થયા પછી શું બાકી રહે ? માટે જ સંસારમાં સંસારી જીવને બંને છે એટલે જ સારું સારું ખાવાની, જોવાની, સારું સારું સાંભળવાની, સારું સારું સ્પર્શવાની,...વગેરે વિષય ક્રીડાઓ અનંત કાળથી ચાલે છે. એમાંથી શે બચાય ?

**વિષયક્રીડાથી બચાવનાર છે (૧) માથે ધર્મનો ભાર, અને (૨) હૈયે પાપનો ભય, પાપની સૂગ.**

માથે ધર્મનો ભાર હોય એ જીવને સૂઝાડે કે 'જો જે આ વિષયોના સંગ કરવા જેવા નથી. અણસમજુ પશુ હતા, અનાર્ય હતા, ત્યારે વિષય-સંગ અનંતીવાર કર્યા. એમાંય જીવને તૃપ્તિ તો થઈ જ નહિ, છતાં અજ્ઞાનતામાં વિષયસંગને મહા

અધર્મ તરીકે સમજ્યા જ નહિ. પણ હવે જ્યારે ધર્મ માથે ધર્યો છે તો એ ચાલે નહિ; નહિતર એ જે ધર્મની અજ્ઞાનતામાં કર્યું, એ શું ધર્મ માથે ધર્યા પછી ય એ કરવાનું ?' જીવને જો આ વિચાર રહે, તો જાગૃતિ રહે. સાંસારિક પ્રસંગો મનને મૂંઝવે નહિ, સીતાજીને મોટી ભડભડતી આગમાં પ્રવેશ કરવાનો છે, છતાં મુંઝવણ નથી; કેમકે કાયા બળી જવાની એટલી પડી નથી જેટલી પતિ-આજ્ઞાના પાલનની પડી છે,

કર્યું દિવ્ય ! અગ્નિપ્રવેશ કર્યો; પણ પ્રવેશ કરતાંની સાથે મોટી ૩૦૦ હાથની અગ્નિની ખાઈ પાણીનું સરોવર બની ગયું ! ત્યારે સીતાજીનું સતીત્વ કેટલું સોલિડ (Solid) નક્કર ! હૈયું મક્કમ.

**શીલ અને સમ્યક્ત્વ બન્નેની દઢતા માટે**

આ પ્રસંગ ધ્યાન પર રાખવાનો. એક પતિ કે પત્ની કર્યા પછી બીજા બધા ભાઈ-બેન યા પતિ-માતા જ લાગે, તો શીલની દઢતા રહે. એમ, જેમ સીતાને મન એક રામ, એક સમકિતીને મન એક અરિહંત હોય, તો સમ્યક્ત્વની દઢતા રહે.

**દૈવી ઉપદ્રવમાં દૈવી શક્તિની સહાય કામ લાગે.**

**પાણીની ભરતી :- સીતાજીની દુશ્મન પ્રત્યેય કરુણા :-**

આગળના પ્રસંગમાં સીતાજીની દુશ્મન પ્રત્યે પણ કોમળતા અને કરુણા ભર્યું દિલ એ વિશેષતા જોવા મળે છે. ખાઈનું સરોવર બની ગયું, અને એની વચમાં સીતાજી સોનાના કમળ પર બેઠા છે ! ત્યાં પાણીની ચારેબાજુ ભરતી એવી ઊંચી ચડવા માંડી કે ચારે બાજુ લોક જોવા માટે માંચડે ચડીને બેઠેલા તે એમના માથા પરથી પાણી જવા જાય છે ! ત્યાં ચારે કોર લોકો મુંઝાણા. 'હવે ક્યાં જવું ? ચારેબાજુ જળબંબાકાર દેખાય છે.'

મહાસતીનું સતીત્વ કેવી દૈવી શક્તિ ધરાવે છે, એ લોકોએ અહીં અગ્નિની ખાઈ સરોવરમાં પલટાઈ જવામાં નજરોનજર જોયું છે. એટલે લોકો હવે બૂમરાડ કરે છે, 'હે જગદંબા ! બચાવો; હે જગદંબા ! બચાવો.'

અહીં સીતાજીની વિશેષતા જુઓ કે એમના મનને એમ નથી થતું કે "લુચ્ચા લોકો ! તમે મારી નિંદા કરતા તમને આંચકો ન આવ્યો ? અસતીનો ભયંકર આક્ષેપ મારા પર ચડાવતા હતા ? તો હવે મરો. તમને હું નથી મારતી, તમે તમારા પાપે મરો છો એમાં હું શું કરું ?" ના, આવી કઠોર નિર્દય વૃત્તિ મહાસતીના દિલમાં ન આવી. એમના હૈયે લોકોની આ ભરતીમાં ડૂબી તણાઈ જવાની સામે ભારો-ભાર દયા છવાઈ ગઈ. તે એમણે તરત જ પોતાની બે



બાજુએ ચડેલા પાણી પર બે હાથ મૂકી દીધા,- આ સંકલ્પથી કે 'મારા શીલના પ્રભાવે પાણી સંકોચાઈ જાઓ ! ને આશ્ચર્ય કે પાણી તરત સંકોચાઈ ગયા ! પાણીથી હિલોળે ચડેલું સરોવર હવે શાંત સરોવર બની ગયું. આ પ્રસંગ દુશ્મન ઉપર પણ દિલને કરુણાના અમૃતથી ભરી દેવાનું શીખવે છે, કઠોરતાના વિષરસથી વ્યાપ્ત ન થવા દેવાનું શીખવે છે.

**સીતાજી અગ્નિ પાણી થવામાં રામનો ઉપકાર માને છે :-**

હવે સીતાજીની એક જબરદસ્ત વિશેષતા કૃતજ્ઞતાની જોવા મલે છે સીતાજી સરોવરની બહાર આવ્યા, રામચંદ્રજીની આંખમાં આંસુ ચાલે છે, ને સીતાને કહે છે, 'મહાદેવી ધન્ય ધન્ય તમારા સતીત્વને ! આવા મહાસતી તમે માફ કરજો મને, તમારા પર મેં મોટો અપકાર કર્યો તેની ક્ષમા માગું છું.'

સીતાજી કહે 'અરે ! આ તમે શું બોલ્યા ? તમે તો મારા પર મહાન ઉપકાર કર્યો છે,'

રામ કહે,- 'વ્યંગમાં બોલો છો ?'

સીતા કહે, - 'ના, સાચું કહું છું તમે જ મારા દિલમાં હતા, તો જ અગ્નિનું પાણી થઈ ગયું. તમારા બદલે જો બીજો કોઈ મારા દિલમાં હોત, તો અગ્નિનું પાણી નહિ, પણ અગ્નિથી મારા શરીરની રાખ થઈ ગઈ હોત. જે મારા દિલમાં તમારા જ વસવાના લીધે અગ્નિ પાણી થઈ જાય, એ તમારો મારા પર ઓછો ઉપકાર છે. માટે હરખના સ્થાને ખેદ ન કરો મારી પ્રાર્થના છે.'

સીતાજીની અહીં કેવી જબરદસ્ત કૃતજ્ઞતા દેખાય છે ! બોલો, અગ્નિ પાણી થઈ જવાના બનાવમાં પોતાના સતીત્વ પર માન થાય ? પોતાના સતીત્વનો પ્રભાવ દેખાય ? કે પતિનો પ્રભાવ દેખાય ?ને પતિના ઉપકાર પર માન થાય ? કહો,

**જેની વૃત્તિ સ્વોત્કર્ષની હોય છે, જાત વડાઈના અભિમાનની જ વૃત્તિ હોય છે, એને બીજાના ઉપકાર યાદ આવતા નથી.**

વ્યવહારમાં જુઓ,- માબાપે વરસો સુધી સમયભોગ, શરીરભોગ, અને સંપત્તિભોગ આપી છોકરાને મોટો કર્યો, હોશિયાર બનાવ્યો, હવે છોકરો વેપારમાં સારું કમાય છે, તો એને એમ લાગે છે કે મારી હોશિયારીનો કેવો પ્રભાવ કે 'હું બાપાજી કરતાં સારી હોશિયારીથી વેપાર કરું છું, સારું કમાઈ લાવું છું.' ! આ શું છે ? સ્વોત્કર્ષ-જાત વડાઈનું અભિમાન ! અને બાપના અનરાધાર ઉપકારોનું વિસ્મરણ ! આમાં કૃતજ્ઞતા ક્યાં રહી ? આમાં દિલની કેટલી બધી ધિઠ્ઠાઈ ! કેટલી બધી નિષ્ઠુરતા !

માણસની મૂર્ખાઈ કેવી છે કે સહેજ માન્યતા ફેરમાં જનમ જનમ પીડે એવી ધિટ્ઠાઈ-નિષ્ઠુરતાને વહોરે છે ! જાત-વડાઈની માન્યતાને બદલે ઉપકારીના ઉપકારને યાદ કરવાની માન્યતા ધરે, તો આ ધિટ્ઠાઈ નિષ્ઠુરતાના જનમ-જનમના અનર્થ ન વહોરે. અંતરની આંખ ખોલીને જુઓ તો ડગલે ને પગલે માતા-પિતાનો ઉપકાર, ગુરુઓનો ઉપકાર, અને અરિહંતદેવનો ઉપકાર યાદ આવે એવો છે.

**વિલાયતની બાઈનું ઈશ્વર આભાર સ્મરણ :-**

વિલાયતમાં એક પાંત્રીસેક વર્ષની બાઈનો ધણી મરી ગયો, ૫-૬ સંતાન છે, બાઈ મુંઝવણમાં પડી ગઈ, 'કમાનારો ગયો, હવે આ બધાનું ભરણ-પોષણ કેમ કરવું ?'

એક માનસશાસ્ત્રી મળ્યો. એને આ બાઈ કહે છે, 'ઈશ્વરના સામ્રાજ્યમાં આ કેવું અંધેર છે ! વિના સંતાનવાળાને આવી આપદા નહિ, ને છ સંતાનવાળી મારે વૈધવ્ય ? અને આ ભૂખે મરવાની આપદા ?'

માનસશાસ્ત્રી કહે 'અંધેર નથી અજવાળું છે. વિના પુરુષાર્થ બેઠા બેઠા ખાતા હતા, તે હવે તમને પુરુષાર્થ વિકસાવવાની તકનું અજવાળું આપ્યું છે.

**મજેનું ખાતા-પિતા જ બેઠા હતા અને ઈશ્વરને ભૂલી ગયા હતા, એ અંધારું હતું.** ઈશ્વરને યાદ કરવાને ઈશ્વરની પ્રાર્થના કરવાનું ઈશ્વરનો ઉપકાર કરવાનું અજવાળુ મળ્યું છે. તો ઈશ્વરની અચિંત્ય શક્તિ પર શ્રદ્ધા મૂકો. ઈશ્વરને પ્રાર્થના કરો કે તમારા અચિંત્ય પ્રભાવે મારું સારું જ થવાનું છે, અને સારું થતું જાય તેમ તેમ ઈશ્વરની દયા માનતા રહો. લ્યો આ થોડી રકમ, બિસ્કીટ વેચવાની નાની હાટડી ચલાવો. સાથે ઈશ્વરને પ્રાર્થના કરતા રહેજો અને કૃતજ્ઞતા દાખવતા રહેજો."

**ભગવાનને પ્રાર્થના :-**

બસ, બાઈનું મન ફોરું ફૂલ થઈ ગયું, એને હિંમત આવી ગઈ, અને ત્યારથી એ પ્રમાણે નાનકડી દુકાન કરી રોજ ઈશ્વરને પ્રાર્થના કરે છે, 'પ્રભુ ! તારો અચિંત્ય પ્રભાવ છે, તારી દયા છે, મારે તારી દયાથી સારું જ થવાનું છે.' વળી અનુકૂળ અનુકૂળ બનતું આવે એમ 'અહો ! આ તો પ્રભુની દયા ! પ્રભુ તારો આભાર માનું છું,'- એમ આભાર માનતી રહે છે. એમ કરતાં એને ભગવાન (ઈશ્વર) પર ભાવ વધતો ગયો. જેમ જેમ એને અનુકૂળતા પ્રતિદિન વધતી લાગી, એમ એમ એ બાઈને લાગતું ગયું કે આમાં ખરેખર ઈશ્વરની દયા જ કામ કરી રહી છે; એટલે ઈશ્વરીય સત્તા અને ઈશ્વરીય દયા પર એની શ્રદ્ધા વધતી ચાલી. એ ઉભય કાળ નિયમિત પ્રાર્થના કરે છે કે,-

"હે પ્રભુ ! કેવી અદ્‌ભૂત તારી દયા છે કે એના પ્રભાવે મારે બધું સિદ્ધ



થતું આવે છે ! મારે તો પતિ ગયા એટલે સમજાય કે ભાગ્ય રુઠેલું હતું. રુઠેલું ભાગ્ય પૈસા શાના આપવા દે ? પરંતુ પ્રભુ ! તારી દયાનો જ ગજબ પ્રભાવ કે મારે પૈસા વગેરે બધી ય જાતની અનુકૂળતા થઈ રહી છે. તારો ખૂબ ખૂબ આભાર માનું છું. "

બાઈને કામકાજ વધી ગયું તે એને નાની દુકાનમાંથી મોટો સ્ટોર થઈ ગયો. એકવાર પેલો માનસશાસ્ત્રી એને મળે છે, હાલત પૂછે છે,- 'કેમ ચાલે છે ?'

ત્યારે આ બાઈ કહે "ખરેખર ! તમે તો મારી આંખ ખોલી નાખી. આ જગમાં મુખ્ય કાર્યકર તત્ત્વ જે ઈશ્વર, એને જ હું ભૂલેલી, એને ઓળખી જ શકેલી નહિ, ત્યારે તમે મને ઈશ્વરતત્ત્વ ઓળખાવી દીધું કે જગતમાં અને આપણા જીવનમાં બધું જે સારું થઈ રહ્યું છે એ ઈશ્વરના જ પ્રભાવે સારું થઈ રહ્યું છે. એ ઈશ્વરની દયાથી જ સારું થઈ રહ્યું છે.

'ઈશ્વરની મહાન દયાથી અણધાર્યા કામ પણ થઈ આવે છે. મેં આવા ઘણા અનુભવ કર્યા છે. દા.ત. ઘરની બહાર નીકળી મનમાં આવ્યું કે 'પેલા ભાઈ બે વરસથી મળ્યા નથી,' ને અજાયબી કે રસ્તે જરાક આગળ ગઈ ત્યાં એ ભાઈ મળી આવ્યા !

"અથવા દુકાન ખોલી ને ક્યારેક અડધા કલાક સુધી ઘરાક ન આવ્યું, ને મનને થયું કે 'આજે ઘરાકી થશે કે નહિ ?' ત્યાં જ ઘરાક હાજર ! તે પણ ઘરાક વધતા જ ગયા ત્યાં સુધી ઈશ્વરની દયા ! "ચાલુ જીવનમાં ય મનને કંઈક થયું કે 'બજારમાંથી આ ચીજ મળે તો લાવવી છે' તે બજારમાં જાઉં ત્યાં તરત જ એ ચીજ મળી આવે છે ! આમાં મારી હોશિયારી શી કામ કરી રહી છે ? કશી જ નહિ. ઈશ્વરની દયા જ કામ કરે છે.

"એટલે મેં એવું રાખ્યું છે કે ધાર્યું થયું યા ધાર્યું મળી આવ્યું ત્યાં હું ઈશ્વરનો આભાર માનું છું,'-'Thank You God' ('થૅન્ક યુ ગોડ') અર્થાત્ ભગવાન ! તમારો આભાર માનું છું.

"તમે માનશો ? દિવસમાં આવું કેટલીય વાર માર થૅન્ક યુ ગોડ 'થૅન્ક યુ ગોડ' કરવાનું થાય છે. ભલે પાણી પીવા ગઈ ગ્લાસમાં પાણી લીધું કે તરક 'થૅન્ક યું ગોડ' કહું છું પ્રભુ ! તમારો આભાર માનું છું કે ગ્લાસમાં પાણી મળ્યું."

તો શું વારે વારે ઈશ્વરનો આભાર માનતી હશે ? હા, જરૂર પડ્યે એને દહાડામાં દોઢસો વાર 'થૅન્ક યુ ગોડ' પ્રભુ ! તારો આભાર માનું છું યાદ આવે છે ! એનું ફળ પણ એને ડગલે ને પગલે દેખાય છે. કશી ય ચિંતા કર્યા વિના સહેજે ઈષ્ટ વસ્તુ સધાતી આવે છે.

પેલા માનસશાસ્ત્રીને બાઈ કહે 'તમે મને આ કેવાક ગજબ દયાળુ ઈશ્વરનું ભાન કરાવ્યું ! 'કેટલી બધી પ્રભુની દયા ! તમારો આભાર માનું છું.' અહીં આ જોવાનું છે કે ધંધો ચલાવવામાં બાઈની મહેનત કામ કરતી હતી અને એથી કમાણી થતી હતી, પરંતુ બાઈના મનને એમ કેમ નથી થતું કે 'કમાણી મારી મહેનતથી થાય છે ?' એના મનને એમ કેમ થાય કે 'કમાણી પ્રભુની દયાથી થાય છે ?'

એનું કારણ એ છે કે એના મનને સચોટ બેસી ગયું છે કે "અજબ ગજબ સિદ્ધ થવામાં માણસનું શું ગજું ? પ્રભુની અચિંત્ય શક્તિ જ કામ કરી રહી છે. મેં પ્રભુને પ્રાર્થના કરી તો એ પ્રાર્થના ને પ્રભુની દયા કરી દ્વારા મારી ધંધાની મહેનત સફળ થઈ. અભિમાનથી પ્રભુને અવગણી જાત-વડાઈ પર તણાઈ ગઈ હોત તો તો એ સ્વચ્છંદ મહેનત કશી કારણભૂત થાત નહિ. પ્રભુનું નામ લઉં છું અને કામ થાય છે એમાં પ્રભુની દયા કામ કરે છે"

પેલી બાઈને વૈધવ્ય આવતાં આશ્વાસન આપનાર માનસશાસ્ત્રી મળતાં બાઈને પૂછે છે 'કેમ બેન હવે કેમ ચાલે છે ?' ત્યારે બાઈ એટલા માટે જ આ કહે છે,-

'તમે તો મારા પર ભારે ઉપકાર કર્યો, તેમ મને ભગવાનની અથાગ દયા બતાવી. એથી રોજ સવાર સાંજ હું ભગવાનની દયાના ગુણ ગાવારૂપે પ્રાર્થના કરવા મંડી અને આશ્ચર્ય છે કે મારે નાની હાટડીમાંથી આજે મોટો સ્ટોર ચલાવતી થઈ ગઈ છું ! એટલે જ રોજિંદી બાબતોમાં કે પ્રસંગ પ્રસંગની બાબતમાં Thanks You' ('ભગવાન તમારો આભાર) કરું છું.

તમારો માટો ઉપકાર છે કે ભગવાનની અનંત દયા મને સમજાઈ. ભગવાનની આ જગત પરકલ્યાણ સામ્રાજ્ય ચલાવવાની અપરંપાર દયાનું તમે મને ભાન કરાવ્યું, તો આજે હું મારા જીવનના દાખલાથી બીજાઓને શીખવું છું કે 'મુખ્યતાએ ઉપકારી ભગવાન હોવા પર શ્રદ્ધા કરો, ભગવાનની અપરંપાર દયા પર શ્રદ્ધા-વિશ્વાસ કરો, અને વાતવાતમાં ભગવાનનો આભાર માનતા ચાલો.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૧,અંક-૩૪,તા.૨૧-૫-૧૯૮૩**

**દુન્યવી પ્રવૃત્તિઓ તુચ્છ છે, પરંતુ જીવનમાં ભગવાનનું શરણ રાખવું અને ભગવાનનો અચિંત્ય પ્રભાવ અચિંત્ય દયા માનવી એ મુખ્ય છે.**

**પ્રભુની પ્રાર્થના અને શ્રદ્ધાથી સદ્‌ગુણો કેમ ખીલે છે ? :-**

એ ભગવાનની શ્રદ્ધા ધરવાથી અને સર્વ કાર્યોમાં મુખ્યપણે કારણભૂત ભગવાનની દયાની માન્યતા ધરવાથી આપણા અભિમાન ઓસરી જાય છે, ને



બીજાઓ પ્રત્યે પ્રેમ, સ્નેહ, મૈત્રીભાવ, સહાનુભૂતિ ઊભા થાય છે. ભગવાનની દયા પર મુખ્ય આધાર રાખ્યાથી સત્ય-ન્યાય-નીતિ...વગેરે સદ્‌ગુણો ખીલી ઉઠે છે, અને અસત્ય-અન્યાય-અનીતિ કરવાનું મન થતું નથી; કેમકે હૈયે હાડોહાડ લાગી ગયું છે કે ભગવાનની દયાથી જ બધું બરાબર બની આવવાનું છે. કે પછી અધીરા થઈ શા માટે જૂઠ-અનીતિ-ગુસ્સો-અભિમાન વગેરેનો આશરો લેવો ?

**ઉપકારીનો ઉપકાર (આભાર) મનાય તો આપણું અભિમાન ઓસરી જાય.**

સીતાજીને અગ્નિની ખાઈ પાણીનું સરોવર બની ગઈ એમાં એમને પોતાના સતીત્વનું અભિમાન લેવાનું મન ન થયું, પરંતુ પતિ રામની આગળ કહે છે "આ અગ્નિનું પાણી થઈ ગયું એમાં તમારો જ ઉપકાર કામ કરી ગયો ! તમે જ મારા દિલમાં હતા તેથી અગ્નિનું પાણી થઈ ગયું. દિલમાં બીજો કોઈ હોત તો આ ન બનતા હું ભસ્મીભૂત થઈ જાત."

આપણા જીવનમાં ય આ બનાવવાનું છે કે આપણી બુદ્ધિ હોશિયારી અને આપણી મહેનત ગમે તેટલી મોટી હોય, અને ઈચ્છિત સિદ્ધ કરી શક્યા હોઈએ, પરંતુ ત્યાં ઉપકાર ભગવાનનો માનવાનો છે,'ભગવાનના પ્રભાવે મનમાન્યું બની આવ્યું' એમ માની ભગવાનનો આભાર માનવાનો છે. રોજ ચૈત્યવંદનમાં 'જય વીયરાય' સૂત્રમાં 'ઇટ્ઠ ફલ સિદ્ધિ' માગીએ છીએ તે આ શ્રદ્ધા પર કે 'ભગાવનના પ્રભાવે ઈષ્ટ ફળની સિદ્ધિ થઈ આવે છે.' આ ઈષ્ટ સિદ્ધિમાં જો ભગવાનનો પ્રભાવ કામ જ ન કરતો હોત તો ગણધર મહારાજ આ પદ સૂત્રમાં ગોઠવત નહિ. 'હોઉ મમં તુહ પભાવઓ ભયવં ! ઇટ્ઠ ફલ સિદ્ધિ,' અર્થાત્ 'ભગવાન ! તમારા પ્રભાવથી મારે ઈષ્ટ ફળની સિદ્ધિ થાઓ' એ ક્યારે કહેવાય ? ઈષ્ટ સિદ્ધિ ભગવાનના પ્રભાવથી થતી હોય તો જ ને ?

**ઉત્તમ પુરુષોની આ વિશેષતા હોય છે કે એ કાર્ય સિદ્ધિમાં વડિલનો જ પ્રભાવ માને છે. ને કાર્ય સિદ્ધિનો જશ એમને આપે છે.**

એમાં ઉપકાર એમનો સમજે છે. આપણે માટે સૌથી મોટા વડિલ છે દેવ અને ગુરુ. એટલે વાત વાતમાં એમનો જ ઉપકાર સમજવાનો છે. આ જો આવી જાય તો જાતવડાઈ ભુલાઈ જાય કે 'આ તો મેં કર્યું.' સીતાજીએ દિવ્ય આબાદ પસાર કર્યું. એમાં એમણે પતિ રામચંદ્રજીનો ઉપકાર માન્યો, રામનો પ્રભાવ ગણ્યો, એટલે પોતાના સતીત્વ ઉપર જાતવડાઈ જરાય માની નહિ.

**હવે સીતાજીની ઘણી ઊંચી વિશેષતા**

આ જોવા મળે છે કે મહા સુખદ સંયોગો બની આવ્યા ત્યારે એમને મહા વૈરાગ્ય ઝળહળી ઊઠે છે !

દિવ્ય સફળતાથી પસાર કરી દીધું રામના પસ્તાવાને શાંત કરી દીધો. હવે પ્રસન્ન રામ-લક્ષ્મણ વગેરે સીતાજીને સોનાના રથમાં બેસી જઈ, અયોધ્યા નગરીમાં ચાલવા અને મહેલમાં આરામથી સુખમય જિંદગી પસાર કરવા કહે છે. ત્યાં સીતાજી તેમ કરવા ઇન્કાર કરે છે.

કારણ કાંઈ ? કારણ છે (૧) પૂર્વ સંકલ્પ, અને (૨) ઉત્કટ વૈરાગ્ય.

(૧) સીતાજી પૂર્વે જ્યારે જંગલમાં ત્યજાયા ત્યારે આ જોયું છે કે

**મૂળમાં જીવ સંસાર-વાસનાને સંતોષવા સંસાર માંડે છે તેથી જ એને અનેક વ્યક્તિઓ અને વિષયોની અનેક પ્રકારની ગુલામી વહોરવી પડે છે; અને એટલે જ એ આવા અનેકાનેક પ્રકારના દુઃખોનો ભોગ બને છે.**

જો સંસાર-વાસના જ નથી પોષવી, તો સંસાર માંડવાનો જ નહિ પછી આ કોઈ દુઃખ નહિ.

સીતાજીએ દિવ્ય પછી જાહોજલાલી થઈ ત્યાં સીધા ચારિત્રમાર્ગે જવાનો નિર્ધાર જાહેર કર્યો એ પરથી લાગે છે કે

**"જ્યારે માથેથી આ કલંક ઊતરી જાય ત્યારે સંસાર ત્યાગ કરવો"**

આવો ક્યાંક સંકલ્પ વનમાં ત્યજાવા પ્રસંગે કરી રાખ્યો હશે એટલે સીતાજીને અત્યારે દિવ્ય કર્યાથી કલંક ઊતરી ગયું છે તો એ સંકલ્પ મુજબ સહેજે સંસાર ત્યાગ કરવાના દૃઢ નિર્ધારવાળા હોય એ સ્વાભાવિક છે. એટલે હવે અયોધ્યામાં જઈ રાજ્ય મહેલમાં સુખે જિંદગી ગાળવાનું શાના કબુલે ? દિવ્ય પછી તરત સંસારત્યાગનું આ એક કારણ.

(૨) બીજું કારણ સંસાર પર ઉત્કટ વૈરાગ્ય. એ થવાનું કારણ આ, કે સીતાજી જાુએ છે કે

**આ સંસારમાં વારે વારે કર્મની તમાચો ખાવી પડે છે, એવા સંસારમાં શું માલ ?**

સીતાજીએ આ જોયું કે

"અહીં આ જનમમાં પિતાને ત્યાંથી પરણીને સાસરે આવી ત્યારે મહેલવાસના સુખ ભોગવવાની આશા હતી, ને કર્મની તમાચ એવી લાગી કે પતિ સાથે વનવાસનાં કષ્ટ આવી પડ્યા.

"છતાં અહીં આશ્વાસન રાખ્યું કે 'હું ક્યાં મહેલને પરણી હતી ? હું તો પતિ રામને પરણી છું....! મારા પતિ અહીં સલામત છે તો સબ સલામત,' ત્યાં કર્મની બીજી તમાચ પડી ! રાવણે ઉઠાવી અને પતિ મારે બિન સલામત થઈ ગયા ! પતિ-યોગ ગયો. છતાં પતિએ યુદ્ધ કરી રાવણને નષ્ટ કરીને મને અયોધ્યામાં



લાવી બેસાડી, તો મનને થયું કે હવે દુઃખના દહાડા ગયા,

ત્યાં કર્મની ત્રીજી તમાચ પડી, ખોટું કલંક ચડ્યું, ને પતિ દ્વારા જ મારો ગર્ભિણી અવસ્થામાં જંગલમાં ત્યાગ કરાયો.

"આમ આ જનમમાં કર્મની મોટી ત્રણ તમાચ ખાધી, હવે દિવ્ય કર્યાથી કલંક ઊતરી ગયું,' જય જયકાર થઈ ગયો, અને બધા ભારે સત્કાર-સન્માન-બહુમાનથી ફરી મહેલમાં આનંદમય જિંદગી પસાર કરવા આગ્રહ કરે છે, પરંતુ એમ કરવામાં શી ખાતરી કે કર્મની કોઈ મોટી ચોથી તમાચ નહિ આવે ? તેથી હવે મહેલવાસ જ શું, સંસારવાસ જ ખોટો. સંયમ જીવન જ સારું,

**પ્ર.-** તો ય છેવટે જઈને કર્મની મૃત્યુ-તમાચ તો સંયમજીવનમાં ય આવવાની ને ?

**ઉ.-** પરંતુ મૃત્યુ-તમાચ આવે તે પહેલાં જિનશાસનને પામીને અહિંસા-સંયમ-તપ રૂપી ધર્મ દ્વારા કર્મને જ તમાચા મારી હંમેશ માટે કર્મને ખત્મ કરવાનું સર્વકર્મક્ષય કરવાનું મહાન કર્તવ્ય, બજાવી લીધું તો મૃત્યુ પછી સીધો મોક્ષ જ થઈ જાય. પછી ક્યારેય કર્મ તમાચા નહિ. એટલે જ સીતાજી વિચારે છે કે જો હું સંસારમાં પડી રહું તો સાધી લેવાનું રહી જાય, અને પછી ભવાંતરે તો કોણ જાણે. અહીંના સંસાર-વાસના પાપોથી કેવી ય ગતિમાં કેવાંય પાપિષ્ઠ જીવન મળે ! ને ત્યાં આ ધર્મ-સાધના અને કર્મ-નાશનું કાર્ય ક્યાંથી થાય ?

ત્યારે હવે કર્મ મને શું તમાચ મારતું હતું, હું જ અહિંસા સંયમ-તપ દ્વારા કર્મને તમાચા લગાવી ખત્મ કરીશ.'

બસ, સીતાજીના આ સંસાર પ્રત્યેના ઉત્કટ વૈરાગ્યથી એ કર્મ-તમાચ ખવરાવનાર સંસારવાસથી ઊભગી જઈ ચારિત્ર માર્ગે જવાનું કરે એમાં નવાઈ નથી. સીતાજીનો ચારેકોર જયજયકાર થઈ ગયો છે, અને કુટુંબીઓના મહા સત્કાર સન્માન સાથે રાજાશાહી લચબચતા વિષય-વિલાસોમાં સુખભરી જિંદગી ગાળવાનો અવસર છે. વળી અત્યાર સુધી જીવનમાં બહું દુઃખ જોયાં છે, તે પછી આવી મોજ ભરી જિંદગી મળે છે ! એવા અવસરે સીતાજીનો સંસાર ત્યાગનો નિર્ધાર એ સીતાજીની એક જબરદસ્ત પરાકાષ્ઠાની વિશેષતા છે. એમાંથી કેવા કેવા બોધપાઠ મળે છે.

**સીતાજીના સંસારત્યાગના પ્રસંગ પરથી બોધપાઠ :-**

(૧) પહેલો તો આ, કે સંસાર-વાસની યાને ઘરવાસની એક પણ સુખદ દેખાતી બાબત પર જરા ય ભરોસો ન મૂકો કે 'એ કાયમ ટકશે.' કેમકે એ અણધારી બેસે એવી છે. એના ભરોસે રહી આત્મહિત-સાધના ગુમાવો નહિ.

(૨) બીજું એ, કે કર્મના માર અનંતીવાર ખાધા, હવે આ ઉત્તમ ભવ અને ઉત્તમ જિનશાસન મળ્યું છે, તે કર્મને મારવા માટે મળ્યું છે; અને તે દાન-શીલ-તપ-ભાવના, અહિંસા-સંયમ-તપ, દર્શન-જ્ઞાન-ચારિત્ર.....વગેરે ધર્મની સાધનાથી કર્મક્ષય થાય. માટે અહીં ફરી પાછા કર્મ-માર વધારે એવી પાપરમતો બંધ કરી ધર્મસાધનામાં લાગો.

(૩) સંસારના વિષયો જાલિમ ઠગારા છે. સળગતી દીવાની જ્યોત પતંગિયા વગેરે જીવોને લલચાવે આકર્ષે અને પછી જ્યોત પતંગિયાદિને ખત્મ કરે છે. એમ ઠગારા વિષયો મૂઢ જીવોને લલચાવે આકર્ષે છે, અને પછી એમાં આસક્ત બનેલા જીવને દુર્ગતિઓમાં ભટકાવે છે. સીતાજીએ એને ઓળખી લઈ એ વિષયસુખો સારા પ્રમાણમાં સ્વાધીન છતાં એને ઠુકરાવી દીધા ! એમ શક્ય એટલા સુખોને ઠુકરાવો, એનો શક્ય ત્યાગ કરતા ચાલો.

સીતાજીની અંતિમ વિશેષતા ચારિત્ર જીવનની સાધનાની એ કેવી અદ્‌ભુત કેવી જોરદાર કે એના પરિણામે સીતાજી બારમા દેવલોકના ઈન્દ્ર અચ્યુતેન્દ્ર થાય છે ! એ કેટલા પુણ્યવંતા કે અસંખ્ય તીર્થંકર ભગવાનનો મેરુપર્વત પર પહેલો જન્માભિષેક કરવાનો જન્મસિદ્ધ હક મળી ગયો ! એમાં વળી કેટલા કાળ સુધી આ ચાલવાનું ? તો કે ૨૨ સાગરોપમના પોતાના આયુષ્યકાળ પર્યન્ત આ હક અને એનું કાર્ય ચાલવાનું. ત્યારે,

**૨૨ સાગરોપમ શેને કહે છે ?**

એક સાગરોપમ કાળમાં ૧૦ કોડાકોડી પલ્યોપમ પસાર થાય. એ હિસાબે ૨૨૦ કોડા કોડી પલ્યોપમ કાળ સુધી આ એકેક પલ્યોપમ કાળમાં મહાવિદેહ ક્ષેત્રમાં અસંખ્ય તીર્થંકર ભગવંતો જન્મવાના ! તો ૨૨૦ ક્રોડ પલ્યોપમમાં કેટલા અસંખ્ય થાય ? એ બધી ય સંખ્યામાં વળી એકવાર નહિ, પરંતુ એક ક્રોડ વાર ! એટલે કે ૨૨૦ ક્રોડ ક્રોડ પલ્યોપમોના કાળમાં જેટલા અસંખ્ય તીર્થંકર ભગવાન જન્મે એ બધાના મેરુપર્વત પર જન્માભિષેક વખતે ૬૪ ઈન્દ્રો અને ક્રોડો દેવતાઓ કળશ ઢાળે એમાં પહેલો કળશ ઢાળનાર હોય છે અચ્યુતેન્દ્ર ! સીતાજી આવા અચ્યુત ઈન્દ્ર થયા છે ! કેટલું બધું અથાગ પુણ્યાનુબંધી પુણ્ય એમનું હશે કે જે પુણ્ય ૨૨૦ ક્રોડો-ક્રોડો પલ્યોપમ સુધી ઉદયમાં આવ્યા કરે ? અને એમને આ પ્રથમ જન્માભિષેકની તક આપ્યા કરે ?

**આ અસંખ્ય તીર્થંકરને પહેલા જન્માભિષેકનું પુણ્ય અને અસંખ્ય ઈન્દ્રોમાં સુપ્રીમ ઈન્દ્રપણાનાં પુણ્યો ઉપાર્જવા પાછળ સીતા સાધ્વીજીની સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર અને તપની સાધનાઓ કેવી કેવી અને કેટલી જોરદાર હશે !**



ત્યારે એ અથાગ પુણ્ય ઊભા થયા હશે એ સાંભળ્યું સમજી લીધું એટલે નહિ પતે; એ કઠોર સાધનાઓ એકેક નજર સામે કલ્પનામાં લાવો તો મનને ચમકારા થશે કે છેલ્લે એમને કેવા રાજાશાહી સુખ-સન્માનની તક, અને એ ફગાવી, કેવી કેવી કઠોર સાધનાઓ એમણે સાધી ? શી રીતે આટલી ઊંચી કડક આરાધનાઓ થાય ? કહો,

**તન અને મન સામે જોયા વિના આરાધના થાય ત્યારે એ ઊંચા પ્રકારની હોય.**

વાતવાતમાં તન-શરીર સામે જોયા કરીએ કે 'મારા શરીરને કેમ રહે છે ?' તો કાંઈ ઊંચી આરાધના ન થાય. એમ મન સામે જોયા કરીએ કે 'મારા મનને શી ભાવના છે ? મારું મન શું કહે છે ?' તો કાંઈ ઊંચી આરાધના ન થાય. એ તો તન તોડી નાખવાનો હિસાબ હોય, અને જ્ઞાનીની આજ્ઞા સામે જ જોઈને મન મોડવાનો હિસાબ હોય, તો જ ઉચ્ચ કોટિની આરાધના થાય. સીતાજીએ સુકોમળ શરીરે અને તેમાં પણ ઠરીઠામ બેસવાના અવસરે જિનેશ્વર ભગવાનની ભક્તિ, ગુરુણીની ભક્તિ, સાધ્વીઓની ભક્તિ, અહિંસા-સંયમનું પાલન, વિવિધ ત્યાગ અને તપસ્યાઓ, તથા જ્ઞાનધ્યાન આદિની કઠોર સાધનાઓ તન તોડીને મન મોડીને કરી હશે, ત્યારે એ અદ્‌ભુત પુણ્યોનો થોક થોક કમાયા હશે, એ વારંવાર યાદ કરવા જેવું છે.

સીતાજીની આ કઠોર આરાધનાઓ પણ માત્ર બાહ્યની નહિ કિન્તુ અંતરમાં ભાવોલ્લાસ અને અનુપમ વિશુદ્ધ લેશ્યા પણ સાથે કરાઈ હશે; ત્યારે એ સામાન્ય નહિ કિન્તુ અદ્‌ભુત પુણ્યોના થોકે થોક કમાયા.

બસ, સીતાજીના જીવનની અનેકાનેક વિશેષતાઓ ટુંકમાં મુદ્દાવાર નોંધી લઈ, યાદ કીર લેવાય, એને મગજમાં ઉપસ્થિત કરી લેવાય, પછી એ વારંવાર યાદ કરતાં રહેવાનું અને જીવનમાં ઠામ ઠામ એનો ઉપયોગ કરવાનો, તથા નિજના આત્માનો મહાન વિકાસ સાધતા રહેવાનું, એ પ્રભાવક પૂર્વજ સીતાજીની યશોગાથા ગાયાની સફળતા ગણાય.

❖ ❖ ❖

## • ''નમો નમો હોઉ સયા જિણાણં'' •

**વારંવાર નમસ્કારના લાભ :-**

એવા જિનેશ્વર ભગવંતોને ''નમો નમો હોઉ સયા'' અર્થાત્ હંમેશા વારંવાર નમસ્કાર હો.આની સામાન્ય વ્યાખ્યા પ્રારંભમાં પૂર્વે કરી છે, પરંતુ અહીં પ્રસંગ હોવાથી એની સ્પષ્ટરૂપે અને એમાં ઊઠતાં પ્રશ્નના સમાધાન સાથે ફીરી વિચારણા કરી લઈએ.

અહીં 'નમો નમો-બે વાર કહ્યું, એ વિપ્સા કહેવાય,અને તેનો અર્થ 'વારંવાર' તે ક્રિયા કરવાની એવો થાય. દા.ત. વાચાલ માણસ બોલ બોલ કરે છે, અર્થાત્ વારંવાર બોલે છે. એવી રીતે 'સિદ્ધચક્કસ્સ નમો નમઃ' એટલે સિદ્ધચક્રને વારંવાર નમસ્કાર કરું છું.

**પ્ર.**- નમો નમો સાથે સયા પદ વધારો પડતું નથી ?

**ઉ.**- ના કેમકે આ પદ વિના એકલા નમો પદથી 'હું વર્તમાનમાં નમસ્કાર કરું છું' એટલો અર્થ થાય. કિંતુ 'સયા' પદથી 'સદા એટલે કે ભવિષ્યમાં પણ હો, એવું સૂચવે છે.

**પ્ર.**- અહીં 'નમો નમો સયા જિણાણં' એમ કહી જિનેશ્વર દેવોને હંમેશા નમસ્કાર હોવાનું સૂચવ્યું તે કેમ ઘટે ? કારણ, ભવિષ્ય બધો કાળ જિનને એકલી નમસ્કારની ક્રિયા થોડી જ કરાતી હોય છે ? ને 'નથી કરાતી' તો પછી 'સદા નમસ્કાર એ વચન અસત્ય નહી ઠરે ?

**ઉ.**- બધો જ કાળ એકલી નમન ક્રિયા ચાલુ નથી, એય સાચું, તો પણ 'નમો નમો સયા' કથન ખોટું નથી. કેમકે આ કથન તેવા અભિગ્રહની જેમ શુભ ભાવને પૂરનારું છે.

દા.ત. કોઈને અભિગ્રહ યાને નિયમ-પ્રતિજ્ઞા કરેલ હોય કે ''મારે જીવનભર ગ્લાન મુનિની સેવા કરવી.' હવે આ પ્રતિજ્ઞાનો વિષય કાંઈ રોજ મળે એવો નથી. રોજ કાંઈ મુનિ ગ્લાન મળે એવું બનતું નથી. એટલે હંમેશા ગ્લાની સેવા કરવાનું બનવાનું નહિ. તો શું નિયમ ભંગ કર્યો ?પ્રતિજ્ઞા ખોટી પાડી ?ના, ગ્લાન મળે ત્યારે તો સેવા કરે જ છે, તો જેવી રીતે આ પ્રતિજ્ઞા શુભ ભાવની પ્રેરક છે, માટે યથાર્થ છે, તેવી રીતે અહીં સર્વ જિનોને હું સદા નમું છું; એ કથન પણ ચિત્તમાં પ્રશસ્ત ભાવને પૂરે છે, માટે એ યથાર્થ જ છે.



શુભ ભાવનું પૂરક આરીતે કે - જેમ પેલી પ્રતિજ્ઞામાં હમેશ માટે ગ્લાન માટે સદ્‌ભાવ, લાગણી-વશતા' તથા પોતાનો ભોગ આપવાની ધગશ અને ગ્લાનને સમાધિ આપવાની વૃત્તિ, જિનાજ્ઞાપાલનની ધગશ, વગેરે શુભ ભાવ પોષાય છે, તેમ અહીં ''નમો નમો સયા જિણાણં' કથનમાં પણ સદાને માટે સર્વ જિનેશ્વરો પ્રત્યે પૂજ્યભાવ, બહુમાન, પોતાનો અપકર્ષ, નમ્રતા ઇત્યાદી પ્રશસ્ત ભાવનું પોષણ થાય છે, તેથી જ આ કથન જુઠ્ઠું નથી, ભલે હંમેશા જિનેશ્વરોને એકલી નમસ્કારની ક્રિયા ન કરે.

શ્રી યશો૦ વિ૦ કૃત શ્રી નવપદજીની પૂજામાં શ્રી રત્નશેખર સૂરિકૃત ''ઉપ્પન્નસન્નાણ....'' વાળી ગાથા પછી હવે શ્રી જ્ઞાનવિલસૂરિકૃત ભુજંગપ્રયાત છંદમાં કાવ્યો આવે છે.

તે ''નમોઽનંત સંતપ્રમોદ પ્રદાન''...થી શરૂ થાય છે. તેની હવે વિચારણા કરીએ.

**વાચના ૨ અરિહંત**

**(ભુજંગપ્રયાત વૃતમ્)**

નમોઽનંત સંત પ્રમોદ પ્રદાન
પ્રધાનાય ભવ્યાત્મને ભાસ્વતાય;
થયા જહેના ધ્યાનથી સૌખ્યભાજા
સદા સિદ્ધિચક્રાય શ્રીપાલ રાજા'....(૨)

વૃત્તાર્થ નમસ્કાર હો હંમેશા તે સિદ્ધચક્રજીને, જે અનંત સંતોને આનંદ આપવામાં અથવા જે અનંત અને સત્-વાસ્તવિક આનંદ આપવામાં મુખ્ય છે, જે ભવ્યાત્માને પ્રકાશક છે અને જેના ધ્યાનથી શ્રીપાળ રાજા સુખને ભજવાવાળા થયા છે. (૨)

## • શાસનનું સર્વસ્વ : શ્રી સિદ્ધચક્ર •

**શાસન સર્વસ્વ :- નવપદ**

અનંત ઉપકારી શાસનદેવ ફરમાવે છે કે શાસનનું સર્વસ્વ નવપદ છે. અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ-દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ- આ નવપદ છે., આ શાસનનું સર્વસ્વ એટલા માટે કે ભગવાનનું શાસન તે પ્રવચન છે, અને દ્વાદશાંગી પ્રવચન પાંચ પરમેષ્ઠિ અને દર્શન-જ્ઞાન ચારિત્ર-તપ અંગે જ છે.

ભગવાને શાસન સ્થાપ્યું ને પ્રવચન આપ્યું, તે અર્થથી આપ્યું, ગણધર ભગવંતે તે સૂત્રમાં ગુથ્યું, તે પ્રચનનો સાર શો ?

**સંયમ અને સંયમી :-**

પ્રવચનો સાર સંયમ છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ પૂર્વક પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના જ્ઞાન પૂર્વક આચરણવાળું જે છે તે સંયમ ગણાય છે.

દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપને જીવાડનાર તે સંયમ છે, તે પ્રવચનનું સર્વસ્વ છે. સંયમને સાંગોપાંગ જીવનમાં ઉતારનાર અરિહંત ભગવંત છે, સિદ્ધ ભગવંત છે સંયમની ઉચ્ચ આરાધના કરનાર આચાર્ય ઉપાધ્યાય સાધુ છે. પંચપરમેષ્ઠિ સંયમી છે.

તેમનો ધર્મ છે-સંયમ. તે ભગવાનના શાસનનું સર્વસ્વ છે.તેના ગુણગાન ગાવા માટે આ નવપદજીની પૂજા છે.

આ પૂજામાં નવપદના અદ્ભૂત ભાવોને ખોલવામાં આવ્યા છે. એના પર આત્માને જો ધ્યાન લાગી જાય, નવપદના ભાવ વિસ્તારથી સમજી લેવામાં આવે, પછી તે ભાવ પર ચિંતન કરવામાં આવે તો આત્માના કર્મના ઘણા કચરા, મોહના ઘણા કચરા સાફ થઈ જાય.

તે મહાન મહિમાને ગાતાં અહીં શ્લોકમાં કવિ કહે છે કે નમોડનંત સંત પ્રમોદ પ્રદાન, પ્રધાનાય

**નવપદ એટલે સિદ્ધચક્ર ને ચક્રવર્તી : સિધ્ધપદ :**

**પ્ર.-** અરિહંતાદિ નવપદને સિદ્ધચક્ર કેમ કહેવામાં આવેલ છે ?

ઉ.- ચક્રવર્તી ને ચક્ર છે, તે છ ખંડનું સામ્રાજ્ય ચક્રથી સાધે છે. સિદ્ધચક્ર તે નવપદનું ચક્ર છે, ચક્ર એવું કે જેનાથી મોક્ષનું સામ્રાજય સધાય છે, અર્થાત્ જે આત્માને સિદ્ધ બનાવે છે પરંતુ સિદ્ધ બનવાનું મન તેને જ થાય જેને સંસારનો થાક લાગ્યો હોય, અર્થાત્ સંસારના અનંત પરિભ્રમણ, પર કંટાળો આવ્યો હોય. સંસાર શું છે ?

સંસાર એટલે સંસરણ અર્થાત્ પરિભ્રમણ, જ્યાં કોઈ સ્થિરતા નથી. સંસારી અવસ્થામાં જીવને કર્મની પરવશતા છે. તેથી જીવની કોઈ Value નથી.

કર્મસત્તા ફૂટબોલની માફક જીવને ઉછાળે છે. એક શરીરમાંથી બીજા શરીરમાં લઈ જાય છે, ક્યાંય કોઈ સ્થિરતા છે ખરી ? ના, કોઈ શરીરમાં પણ સ્થિરતા નથી. માંધાતા પહેલવાનને પણ શરીર છોડી જવું પડે છે.

મનુષ્યે શરીરને પાળી પોસીને સાચવ્યું, સરસ બનાવ્યું, પણ શરીર અંતે નાશવંત ! એવું શરીર શું કામનું ? ભલે સો વર્ષ સારી રીતે સાચવો. છેવટે શું ?





## ચાતુર્માસની આરાધના

**તમારી પાસે સમ્યક્ત્વની જો સમજ છે, તો તપાસો કે સંસારની પ્રત્યેક ક્રિયામાં પાપની સુગ સાથે ન્યાય, સહિષ્ણુતા અને દયાની વૃત્તિ રહે છે ?**

**સારી સમજ અને સારી ક્રિયાનો મેળ ન જામે ત્યાં સુધી જિનશાસનના આરાધક ન બની શકીએ,**

**ઘોર ભૌતિક વાસનાઓને કચરવાનું, સમજવા અને આચરવાને બદલે વિકસાવવાનું તોફાન જે આજે અહીં ચાલી રહ્યું છે, તેમાં માનવ પ્રજા અને ખાસ કરીને આર્યપ્રજા કે જેને સહેજે અધ્યાત્મવાદ મળેલો છે, એનો કચ્ચરઘાણ નીકળી રહ્યો છે !**

**પરાક્રમી પુરુષો બીજી ત્રીજી ચિંતા કરતા નથી. પુણ્ય અને પુરુષાર્થ પર એ ઝઝુમનારા હોય છે.**

**દુર્ગતિના દ્વાર બંધ કરવા, જન્મોજન્મ ભટકવાનું અટકાવવા ચારિત્ર એ રામબાણ ઈલાજ છે.**

**એકેક સંજ્ઞાના પોષણથી જીવો મહાન દુર્ગતિમાં પટકાયા છે અને ભવોના ભવો રોતા-કકળતા રખડ્યા છે !**

**ચોમાસું એટલે જાણે આત્માના કેઈ કર્મ-કુસંસ્કારના રોગો કાઢવાની હૉસ્પિટલ છે. એમાં દાન-શીલ-તપ-ભાવની, પાપત્યાગ-પ્રભુભક્તિની, દર્શન-જ્ઞાન-ચારિત્રની,- એમ વિવિધ ટ્રીટમેન્ટો મળે છે, એનાથી વૈરી વિષયોની લત અને મમતા રવાના થાય છે.**

**આ મનુષ્ય જીવનમાં મળેલા તન-મન ને ધનનો જો સદુપયોગ ન કર્યો, તો મહાદુઃખ-સંતાપમાં બળવાનો વખત આવશે. બીજાને નહિ ઠારો તો તમને ઠરવાનો વખત નહિ આવે.**

**પ્રતિજ્ઞા દ્વારા પાપમાંથી અટક્યા વગર ઉદ્ધાર થવાનો જ નથી.**

### • અષાઢ સુદ ચૌદશે નક્કી કરી લેવા યોગ્ય ધર્મસાધનાઓ •

**જગતનું ચોમાસું અને જૈનનું ચોમાસું :-** અનંત ઉપકારી પરમાત્મા શ્રીજિનેશ્વરદેવોનું શાસન ફરમાવે છે, કે આષાઢી ચોમાસામાં વિવેકી આત્માઓએ ખાસ કરીને યતનાનું પાલન અને વિવિધ નિયમોનો સ્વીકાર કરવો જોઈએ. ચાતુર્માસ

જગતના જીવોને ગમે તે માટે હોય, પણ જૈનશાસનમાં જન્મેલાને તો વિવિધ નિયમો અને યતનાભર્યા જીવન માટે છે.

જગતમાં, જેમ ચોમાસામાં વરસાદ પડે, અંકુરા જન્મે, અને તેમાંથી પાક થાય એટલે ચોમાસું સફળ; એમ જૈનશાસનમાં, સદ્ગુરુના મુખમાંથી ઉપદેશના વરસાદ વરસે, કે કુળસંસ્કારના ધર્મધ્વનિ ગાજે, તેમાંથી આત્મક્ષેત્રે નવો સંવેગ, નવો વૈરાગ્ય અને નૂતનશ્રદ્ધારૂપી ગુણોના અંકુરા ફૂટે, વળી જીવોની યતના સાથે કઠોર વ્રત-નિયમો અને ત્યાગ-તપસ્યા આદિ કરાય, તેમ ચોમાસું ધર્મક્રિયાઓ ખૂબ સાધવામાં પસાર થાય એટલે ચોમાસું સફળ.

**બાહ્યક્રિયા પરમાત્માનેય જરૂરી :-** કેટલાક લોકો એમ કહે છે, કે "આ બધી સાધના નકામી છે. બાહ્યક્રિયાથી કાંઈ નહિ વળે. એકલું આત્મજ્ઞાન મેળવો; તો જ મોક્ષ થશે." પરંતુ પ્રભુશાસન કહે છે, "**ज्ञानक्रियाभ्यां मोक्षः**- જ્ઞાન અને ક્રિયા બંને ભેગા સધાય તોજ મોક્ષ થાય." દુનિયાના અનેક વ્યવહારોથી આ સ્પષ્ટ છે; એટલે પ્રશ્ન પૂછવા જેવું નથી. ખુદ અરિહંત પ્રભુનાં જીવન તપાસો, તો માલુમ પડશે, કે એમણે કર્મક્ષય માટે જ્ઞાન અને ક્રિયા,-બેઉની સાધના કરી છે. એમના મહાવૈરાગ્ય, વિરતિ અને ધ્યાન-એ **જ્ઞાન;** અને ચારિત્રની વિવિધ ચર્યા, તપ વગેરે,-એ **ક્રિયા.** બંનેનો ઉપયોગ કર્યો છે, તો જ કેવળજ્ઞાન અને મોક્ષ મળ્યો છે. તો જ જગતને પણ એ રીતે ઉપકાર કર્યો છે. નહિતર એકલા જ્ઞાનનો જ કે, એકલી ક્રિયાનો જ આશરો લેત ! જ્ઞાનમાં ક્રિયાનો અને ક્રિયામાં જ્ઞાનનો મેળ મેળવ્યો. એ જે મિશ્રણ થયું, એ મિશ્રણે આત્માના જુગજૂના કર્મોનો નાશ કરી પરમાત્માને મુક્તિ અપાવી. આપણે પણ મુક્તિ ચાહતા હોઈએ તો એ મિશ્રણનું જ સેવન કરવું જોઈએ... પરમાત્માએ જીવનભર સાધ્યું, આપણે ચોમાસુંય નહિ સાધીએ ? સાધનાય પાછી પરમાત્મા કરતાં ઘણી હળવી.

**મોક્ષમાં પહોંચાડનારા રથનાં પૈડાં બે, એક જ્ઞાન અને બીજી ક્રિયા. જેમ સમજ પ્રમાણે વર્તાવ જોઈએ જ, તેમ વર્તાવ સાથે સમજ પણ જોઈએ જ.** કહે તો તો એમ હોય કે "સંસાર અસાર છે !" પણ વર્તાવમાં 'પૈસાની અને કુટુંબ-કબીલાની વૃદ્ધિથી જ સુખ છે', એમ વર્તી દેખાડતો હોય, ને સંસારને રસપૂર્વક આબાદ કરવા મથતો હોય, તો પછી એની એ સમજ કેવી કહેવાય ? સાચી કે બનાવટી ? **તમારી પાસે સમ્યક્ત્વની જો સમજ છે, તો તપાસો કે સંસારની પ્રત્યેક ક્રિયામાં પાપની સુગ સાથે ન્યાય, સહિષ્ણુતા અને દયાની વૃત્તિ રહે છે ?** સામાયિકાદિ ધર્મક્રિયાઓમાં કર્મક્ષયનો ઉદ્દેશ અને મહાપુરુષોના જીવન-આદર્શો ધ્યાનમાં રહે છે ? આવું જો હોય તો પછી એ ભલે સંસારમાં બેઠો હોય, કે ધર્મક્રિયામાં બેઠો



હોય, પણ પરમાત્માના શાસનને શોભાવનારો બને છે. કેમ કે સંસારમાં એની ન્યાયસંપન્નતા, પરોપકારિતા વગેરે દેખીને લોક એની અને એના ધર્મની વાહવાહ ગાય છે. ત્યારે ધર્મક્રિયામાં એની શુદ્ધ આરાધના અને ઉલ્લાસ ધર્મીજનોની પ્રશંસાનું પાત્ર બને છે.

**એથી ઊલટું,** કપાળમાં પીળો ચાંલ્લો હોવા છતાં સાંસારિક-વ્યવહારમાં ન્યાય-નીતિ, સહિષ્ણુતા અને દયાની પરવા ન રાખે તો શાસનને કલંક લગાડનારો બને કે નહિ ? સમ્યક્ત્વ એટલે માત્ર તત્ત્વશ્રદ્ધા કે સુદેવ-ગુરુ અને ધર્મનો પ્રેમ, એટલું જ સમજીને બેસી ન રહેતા. **જેમ ધર્મક્રિયા વખતે તેમ વ્યવહારમાંય ધાર્મિકતા જાળવવી જોઈશે. કમમાં કમ એની પરવા તો રાખવી જ પડશે. તો જ સમજ સાચી ગણાશે.** ડગલો (કોટ) સારો ચડાવો ત્યાંય સમજ હોય છે, કે 'આવા ડગલાને આવાં જ બટન જોઈએ,' પાછા સમજ પ્રમાણે લાવીને લગાડી દો છો. એટલે ? સમજ અને ક્રિયાનો મેળ કરો છો. તેમ અહીં પણ જો સમજ છે, તો વિવેક કરો **સમજ અને ક્રિયાનો સુંદર મેળ કરો. સમજ બધી હોય, કે 'નદી આમ તરાય...' પણ ક્રિયા જ ન કરે તો ? એથી ઊલટું ક્રિયા ખૂબ કરતો હોય, કલાકના પાંચ માઈલ ચાલતો હોય, પણ પોતાના ધ્યેય સ્થાનથી ઊલટી દિશામાં. તો ?** પોતાના ઈષ્ટસ્થાને પહોંચી શકે ? રસોઈ કરનારી અણઘડ બાઈ એકલી ક્રિયા જ કરે તો ? તો શું ? સમજ નથી માટે પાંચ તોલા મીઠાને બદલે પોણોશેર મીઠું નાખશે ! ત્યારે તમને જ્યારે માલપાણી ઊડાવવાની ઈચ્છા થાય ત્યારે એકલી પકવાન્ન-પોથી વાંચી જાઓ તો ન ચાલે ? હિસાબ કાઢો, સંસારને નભાવતાં નભાવતાં કેટકેટલી સારી સમજપૂર્વકની પ્રવૃત્તિ રાખો છો ! અને ધર્મની પ્રવૃત્તિ કરતાં સમજ કેટલી રાખી છે ? ખરી વાત તો એ બને છે, કે સારી પ્રવૃત્તિ કરતી વખતે મગજ જ ગેપ થઈ જાય છે ! જ્યારે સારી સમજ કદાચ હોય ત્યારે અમલનું નામનિશાન હોતું નથી ! સમકિતીને સમજ સાથે કર્તવ્યની અપેક્ષા અને ઔચિત્યનું પાલન જેટલો પણ અમલ હોય છે. એમાં સડસઠ પ્રકારના વ્યવહાર આવે છે. માટે જ ધર્મકર્તવ્યો અને માર્ગાનુસારીગુણોની સમજ સાથે તેની પરવા જો નથી, તો એ શું કામનું ?

**ગુણો જ આદરણીય કેમ ? આપણા પ્રત્યે જગતને કેવું ઈચ્છીએ ? આપણે વર્તીએ કેવા ? :-** જગતમાં કિંમત માત્ર ગુણની જ છે. માટે આપણે બીજા તરફથી આપણી જાત પ્રત્યે ન્યાયીવ્યવહાર, સહિષ્ણુતા વગેરે ગુણોની આશા રાખીએ છીએ. એટલે દરેક જીવની દૃષ્ટિએ આવકારવા લાયક માત્ર ગુણ છે. સામી વ્યક્તિ જો ગુણીયલ હોય, તો આપણને સુખ-સગવડ આપે છે. કમમાં કમ દુઃખ તો નહિ જ આપે. આવા આત્માઓની આપણે કિંમત આંકીએ છીએ, વધાવીએ છીએ, સન્માન

કરીએ છીએ. આ બધું આપણે ગુણીયલ માટે રાખ્યું છે. દોષી માટે નહિ. આવી ગુણીયલની કિંમત સમજનારા **આપણે જો માનીયે કે "જગત તો આપણા તરફ આવું ગુણીયલ બને, પણ જગત તરફ હું એવો ન બનું !" તો આ ન્યાય ક્યાંનો ?** જેટલાની સાથે આપણે સંપર્કમાં આવીએ છીએ તેમાંના એકને પણ આપણા તરફ દોષ સેવતો નભાવી લેવા આપણે તૈયાર ખરા ? આપણા સંપર્કમાં જો હજાર માણસ આવતા હોય તો હજારે હજાર અમારા તરફ ગુણીયલ રહેવા જોઈએ, એવું મનને થાય છે. પણ આપણે એમના તરફ કેવા બનીયે છીએ એનો વિચાર કોણ કરશે ? પત્નીને પ્રત્યે "તમે રસોઈ ટાઈમસર કરતા રહો ! જમવા હું મોડો આવું તો ચાલે !" પિતા પ્રત્યે, "બાપાજી ! તમે કંઈ ખાનગી રાખતા નહિ, અમે ભલે ખાનગી ભેગા કરી રાખીએ !" આવાં તોફાનો મનના વલણમાં રહે છે ને ? માનવતાની કોઈ વ્યાખ્યા હશે કે નહિ ? આપણી **સમજ** એવી, કે જગત આપણી તરફ અનુકૂળતાવાળું બનવું જોઈએ, ને આપણી **ક્રિયા** એવી કે આપણે તેના પ્રત્યે પ્રતિકૂળ બનીયે તો ચાલે ! વાહ ! કેવો ન્યાય ! શું છે આ ? **સમજ અને ક્રિયા** બંને ઊલટાં ! **સારી સમજ અને સારી ક્રિયાનો મેળ ન જામે ત્યાં સુધી જિનશાસનના આરાધક ન બની શકીએ.** આજે તો સમકિતને જાણે ગાંધીનું પડીકું બનાવી દીધું છે; અને ન્યાયસંપન્નતા, અરિષડ્વર્ગનો ત્યાગ વગેરેને વિસારી દીધાં છે. તેથી લોકમાં ધર્મીની પ્રતિષ્ઠા ઉઠી ગઈ, ને ધર્મ તરફ નીચી નજર થવા લાગી; અને પોતાની જાતમાં વાસ્તવિક ધર્મીપણું હૈયે સ્પર્શી રહ્યું નહિ. માટે ધર્મની સમજને લુલી-પાંગળી કે વેવલી ન સમજો. ધર્મની સમજ ઉપર તો કર્તવ્યની મોટી જવાબદારી છે. માટે જ શ્રુતકેવળી ભગવાન શ્રી ભદ્રબાહુસ્વામી કહે છે કે "જો અહીં જ મળેલી બોધિને એટલે કે ધર્મસમજને સત્પ્રવૃત્તિથી સફલ નથી કરતો, તો ભવાંતર માટે બોધિ શું જોઈને માગી રહ્યો છે ? માગવાનો અધિકાર શો છે ? આ ઉપરથી એવો પ્રશ્ન ન કરતા કે,

**પ્ર.**- કૃષ્ણ અને શ્રેણિકમાં તો એકલી સમજ જ હતી ને ?

ઉ.- ના, એ ફક્ત શ્રાવકનાં બારવ્રતો નહોતા લઈ શક્યા; પણ એમનામાં બીજું ઘણું હતું. વ્રતોના અમલ સિવાય જૈનશાસનમાં બીજાં ઘણાં અમલ છે. પ્રભુની કિંમતી દ્રવ્યોથી પૂજા છે, સમકિતના સડસઠ ગુણો છે, કેટલાંય પાપના ત્યાગ છે, પ્રભુ પર અગાધ પ્રીતિને યોગ્ય કાર્યો છે. શ્રેણિક અને કૃષ્ણમાં ઘણું ઘણું હતું. કૃષ્ણને પોતાની કન્યાઓને ચારિત્રમાર્ગે ચઢાવવા જોઈતી હતી. તેમ, એ ગુણાનુરાગ વગેરે અનેકાનેક ઉત્તમતાઓ સાચવનારા હતા. શ્રેણિકને પ્રભુની પૂજા કરવામાં નવા જ ઘડેલા સોનાના જવ સાથિયો કરવા માટે જોઈતા હતા; પ્રભુના



સુખશાતાના સમાચાર લાવનારને ઈનામ આપવા જોઈતા હતા; શાલિભદ્ર જેવા ઉપર ઈર્ષ્યા નહિ પણ પ્રમોદ, સાધુનિંદક દેવ પર ગુસ્સો, રાજ્ય સંભાળવા સુયોગ્ય અને પાટવી એવા પણ અભયકુમારને ચારિત્ર લેવામાં સંમતિ વગેરે ઘણું હતું.

**સાચું અધ્યાત્મ :-** સમજ અને અમલ, જ્ઞાન અને ક્રિયા, વૃત્તિ અને પ્રવૃત્તિ, બુદ્ધિ અને વર્તાવ,- એનો જ્યાં સુધી મેળ ન જમાવીયે ત્યાં સુધી મોક્ષ માટેનો નક્કર પુરુષાર્થ સાધ્યો નહિ ગણાય. **જ્ઞાન અને ક્રિયાનો સુમેળ તે સાચું અધ્યાત્મ. આત્મા પરથી મોહનો અધિકાર ઊઠ્યો એટલે સમજ આવી; અને આત્માના ઉદ્દેશથી પ્રવૃત્તિ કરી એટલે ક્રિયા આવી.** એ બે આવ્યું એટલે વાસ્તવિક અધ્યાત્મ આવ્યું. અધ્યાત્મ આવ્યું એટલે મોક્ષ તરફ પ્રયાણ માંડ્યું. **સમર્થ શાસ્ત્રકાર પૂ. ઉપાધ્યાયજી યશોવિજય મહારાજ અધ્યાત્મસાર નામના તેઓશ્રીના ગ્રન્થમાં કહે છે,** કે **આત્મા પરથી મોહના અધિકાર ઊઠી ગયા પછી આત્માના ઉદ્દેશથી, આત્માને અવલંબીને થતી પ્રવૃત્તિ, તેનું નામ અધ્યાત્મ છે.** 'મોહનો અધિકાર ઊઠ્યો' એટલે 'મોહનો પક્ષ કરવાનું ઊઠી ગયું.' તેથી હવે ધર્મનો પક્ષ કરવાનું ઊભું થયું; હૈયામાં મોહ પ્રત્યે અરુચિ અને ધર્મનો પક્ષપાત ઊભા થયા. આ સમજ આવી. આત્મકલ્યાણના આશયથી થતી પ્રવૃત્તિ એ ક્રિયા બનશે.

**આત્માનું નૂર શું ? કેટલું વધ્યું ? આંતરશક્તિનો શો ઉપયોગ ? :-** ચોમાસાની સફળતા કરવી છે ને ? તો સુંદર સમજ સાથે પાપથી પાછા હટવાની અને ધર્મક્રિયાઓ ખૂબ ખૂબ આદરવાની જરૂર છે. એ વસ્તુ પાછી પ્રતિજ્ઞા સાથે કરવાની છે. બીજા ભવોમાં ધર્મક્રિયાઓ ન કરી, અને પાપક્રિયા-કર્મક્રિયા હદ પાર કરી. માનવ જીવન ધર્મક્રિયાઓ કરવાની આંતરશક્તિને ખીલવવા માટે છે, અને કર્મક્રિયાઓની શક્તિ બુઠ્ઠી કરવા માટે છે. આંતરશક્તિ ધર્મક્રિયાઓની ખીલે-વિકસે એટલે મોહ-અજ્ઞાન વગેરે ચોટ્ટાઓ ભાગી જાય. પણ એ **આંતરશક્તિ એમ ને એમ નહિ ખીલે; પરંતુ ખાસ ઉપાયો દ્વારા ચોક્કસ પુરુષાર્થથી આપણે ખીલવશું તો ખીલશે.** એ ખીલવવા માટે સમજો કે આ માનવ જીવન સોનેરી અવસર છે. ધર્મ કેટલા વર્ષોથી કરો છો ? આત્મા શું સાક્ષી પુરે છે ? ધર્મ શરૂ કરતાં જે આત્મનૂર હતું, તેમાં આટલા વર્ષોના ધર્મથી કેટલું વધ્યું ? આત્મનૂર એટલે ઇન્દ્રિયો અને મનોવૃત્તિ સામે અડગ તેજ. આત્મનૂર એટલે દોષોનો હ્રાસ અને ગુણોની વૃદ્ધિ. હવે જુઓ, કે નૂર ન વધવામાં ક્યાં ત્રૂટિ છે ? **ક્રિયાના સ્થાનમાં સાથે સમજ નથી, અને સમજના સ્થાનમાં સાથે ક્રિયા નથી.** પ્રભુદર્શનાદિ ક્રિયા વખતે ચિત્તનું લક્ષ નથી; તેમ સમકિતના વિચાર સાથે યોગ્ય પ્રવૃત્તિ નથી. આંતરશક્તિને ધર્મસમજ અને ધર્મપ્રવૃત્તિમાં જ્યાં ખીલવવી જોઈએ ત્યાં પ્રમાદ, ઉપેક્ષા, બેદરકારી વગેરેથી

એને બુદ્ધી કરાય છે; અને સંસાર સમજ તથા સાંસારિક પ્રવૃત્તિમાં જ્યાં બુદ્ધી કરવાની છે, ત્યાં ખીલવાય છે ! આ મહાન અફસોસીભર્યું છે. વિચારજો કે **અહીં નવકારવાળી ગણવામાં આંતરશક્તિની ખીલવટ કેટલી ? અને ઘેર જઈ રૂપિયા ગણવામાં ખીલવટ કેટલી ?** વ્યાખ્યાન સાંભળવામાં શક્તિ કેટલી કાર્યકર હોય ? અને બજારભાવ-નફાના સમાચાર વગેરે સુણવામાં શક્તિ કેટલી કાર્યકર ? **ધર્મ, ધર્મક્રિયાના ફળ, દેવગુરુધર્મનો પ્રભાવ, ઉપદેશક ગુરુઓ વગેરે તરફ આત્મા બેકદર છે, તેથી યોગ્ય આંતરશક્તિની ખીલવટ નથી થતી. એટલે આત્માનું નૂર વધતું તો નથી, બલ્કે પાપસ્થાનકો તરફના આકર્ષણ અને નિર્ભીક દોટે એ વધુ હણાય છે. આત્મા રાંકડો બન્યો છે; તેથી ખોટાં બિનજરૂરી પાપો સેવ્યે જાય છે.**

**સુધારાનો કાળ કે અંધારાનો ? :-** દુકાળના અવસરમાં પણ આર્યપ્રજા એ માનતી કે 'મરી જઈએ તે હા, પણ ચોરી કરીને ખાઈએ નહિ !' આજે સુકાળના અવસરમાં તોટો કાંઈ જ પડતો ન હોય, ને કદાચ જો તોટો પડતો હોય તો યે તે ખાવા માટે તો નહિ જ પણ બાહ્ય આડંબર માટે, છતાં કહે છે કે 'ચોરી વિના ન ચાલે. જો ઈન્કમટેક્ષમાં બધું બતાવી દઈએ તો બહું દેવું પડે.' તે કાળ એ હતો કે ઘોર આપત્તિના કાળમાં પણ કોઈનું બગાડવાની વાત નહિ; ને આજે અહિંયા ઈર્ષ્યાના માર્યા, કે લોભથી પછડાયા, એવું એવું કરવા જોઈએ છે, કે પછી એમાં કેઈનું બગડી જાય તો ચિંતા નહિ ! આ સુધારાનો કાળને ? કે ઘોર અંધારાનો કાળ ? **ઘોર ભૌતિક વાસનાઓને કચરવાનું સમજવા અને આચરવાને બદલે વિકસાવવાનું તોફાન જે આજે અહીં ચાલી રહ્યું છે, તેમાં માનવ પ્રજા અને ખાસ કરીને આર્યપ્રજા કે જેને સહેજે અધ્યાત્મવાદ મળેલો છે, એનો કચ્ચરઘાણ નીકળી રહ્યો છે !** એ અટકાવવા આ ચોમાસાની ધર્મસાધનાનો અવસર આવી લાગ્યો છે. એકલી ધર્મની સમજના વિશ્વાસે ન રહેતાં વ્રતનિયમ અને તપ-ત્યાગાદિ ધર્મ-પ્રવૃત્તિમાં જરૂર આવજો. તો આજના ઝેરી યુગની ઝપટમાંથી બચી શકશો.

**પતનનાં કારણ :-** આજના વિજ્ઞાનના યુગને સુધારાનો યુગ ગણો છો ? કહો જોઉં. બીજાઓનું બગાડી પોતાનું સાફ કરવું તે સુધારો, કે પોતાનું સુધારી બીજાનું ય ભલું કરવું તે સુધારો ? પુદ્ગલલીલાના રવાડે ચઢી સ્વસ્વાર્થે બીજાનેય એમાં ચઢાવવામાં સ્વ-પરનાં શાં હિત સધાયાં ? આજે મહાશીલ-મહાસદાચાર, વડિલની છત્રછાયા અને એમની આધીનતા વગેરે કેટલા ? આજે તો પહેલાં સ્નેહલગ્ન શિખવાયા. પછી છૂટાછેડા શીખવાયા ! ત્યારે **પહેલાં કરોડોની વસતિમાં વગર સ્નેહલગ્ને આદર્શ ગૃહસ્થ જીવન, પ્રેમ અને કર્તવ્યપાલન દેખાતા. તે આજે લુપ્ત થવા માંડ્યા.** પૂર્વે છૂટાછેડા વર્ષો સુધી નહોતા સંભળાતા, એ આજે કોર્ટો



પણ ત્રાસી જાય એટલા ઉપરા ઉપર છૂટાછેડાના કેસો આવે છે. પાછું તેના કારણમાં કાંઈ માલ નહિ. દા.ત. ''પોતે રેશમી બુશકોટ પહેરે છે. ને અમારે માટે સારું ફ્રોક નથી શીવડાવતો, માટે આપો છૂટાછેડા !'' એવી કોર્ટોમાં ફરીયાદ રજુ થાય છે. અરે ! એથીય તુચ્છ ફરીયાદો આજે કોર્ટમાં નોંધાય છે. ત્યારે પૂર્વે એ સ્નેહસાંકળો હતી કે વ્યસનની સંગતે ચઢી ગયેલો પતિ પત્નીનાં ઘરેણાં માંગે તો પત્ની કહેતી કે ''લ્યો, એક આ સૌભાગ્યના કંકણ વિના બધું તમારું છે.'' ત્યાં બાંધેલા પતિ-પત્નીના પ્રેમ ઊઠાવી લેવાની વાત નહોતી. એવો એ ઝળહળતો પ્રેમ હતો. આજે તો એવા અયોગ્ય નિમિત્તે નહિ, પણ પોતાના વેપારાદિ અર્થે પતિ પત્ની પાસે જો રકમ માગે તો પત્ની કદાચ વિચારમાં પડે કે 'કેમ અપાય ? ખોઈ નાખે તો ? સાચી ધર્મસમજ, પ્રબળ ધર્મપ્રવૃત્તિ, સુંદર ધર્મસંસ્કારોનું સંરક્ષણ, પવિત્ર સદાચારનાં બંધન, આ બધું આજે ઓસરતું ચાલ્યું. એનાં આ માઠાં ફળ છે. **માટે ધર્મની સમજ-અમલ વગેરે ખૂબ વિકસાવો. એની આડે આવતી આહાર-વિષય-પરિગ્રહની લંપટતાને ફગાવો, અર્થ-કામની આંધીને ઉતારી નાખો, એ માટેનો અભ્યાસ કરવા આ ચોમાસાની સીઝન આવે છે. એને સફળ કરવા માટે ભલે ચોમાસા પુરતી, પણ પ્રતિજ્ઞાબદ્ધ ધર્મસાધના જોઈએ.**

## • સાધવાનું શું ? •

**સાધના બે પ્રકારની રહેવાની :- (૧) એક, પાપમાંથી પાછા હટવાની અને (૨) બીજી, પુણ્યપ્રવૃત્તિઓને સેવવાની. પણ આ બંનેના નિયમો ગ્રહવા જોઈએ, અને એ પ્રતિજ્ઞાનું બરાબર પાલન જોઈએ.**

**પ્ર.-** પ્રતિજ્ઞાની શી જરૂર ? નિષિદ્ધ પાપ ન આચરીએ અને કર્તવ્ય ધર્મ સાધીએ તો ન ચાલે ?

**ઉ.- અંતરમાં છૂપાઈ રહેલી પાપ કરવાની અપેક્ષાને તોડી નાંખવા માટે પ્રતિજ્ઞાની જરૂર છે.** એક માણસ જિંદગી સુધી બીજાનું ખૂન ન કરી શકે, પણ 'અવસર આવે તો મારી નાખુ !' એમ કરી ખીસામાં છરો લઈ ફરે તો તે માણસ કેવો લાગે ? **જેમ પાપ આચરવાથી પાપ લાગે તેમ પાપ ન કરવા છતાં 'કદાચ અવસર આવે તો પાપ કરવું પડશે' એમ પાપની અપેક્ષા રખાય તો પણ પાપ લાગે જ છે.** જો પાપ કરવું જ નથી, તો પછી પ્રતિજ્ઞા કેમ નથી કરાતી, તે હૃદયને પૂછો ને ? મનમાં એમ છે, કે ''આમ તો પાપ ન કરું, પણ કોઈ કારણ આવી ચઢે, તો કરવું પડે...! માટે પ્રતિજ્ઞા ન લેવી.'' આવી જે ભાવી પાપ કરવાની અપેક્ષા એ પણ પાપ છે. એને અવિરતિ કહેવાય છે. શ્રી ભગવતીજી સૂત્રમાં પ્રભુ

મહાવીરદેવ ફરમાવે છે, કે લુહાર અગ્નિધીખતા લોઢાને ટીપે એમાં જે પાપક્રિયા થાય છે, એનો ભાર ટીપવાના મોગરના ચ્યવી ગયેલા જીવોને પણ લાગે છે. કેમ કે એ જીવને અવિરતિ છે. પ્રતિજ્ઞા નથી, એથી પાપ લાગે છે. માટે પ્રતિજ્ઞા દ્વારા પાપથી બચાય છે. તેમ પ્રતિજ્ઞાથી મન મજબૂત રહે છે, એ પણ લાભ છે. પ્રતિજ્ઞાથી નિયમિત સાધના થાય છે, એય લાભ છે. તેથી પાપકાર્યો છોડવાની પ્રતિજ્ઞાઓ અને ધર્મકાર્યો સતત આરાધવા માટેની પ્રતિજ્ઞાઓ કરવાની છે.

હવે આ પ્રતિજ્ઞામાં એવું છે કે કેટલાંક પાપ તો તમે આચરતા જ નથી, છતાં પચ્ચક્ખાણ નથી માટે પાપ લાગે છે. તો પહેલું તો, એવાં પાપ ત્યજવાની પ્રતિજ્ઞા તો જરૂર કરી લેવી જોઈએ. દા.ત. ગરીબને કરોડોની મૂડી, હાથી-ઘોડાના સરંજામ વગેરે રાખવાના પચ્ચક્ખાણ, મારવાડ જેવામાં વસનારને નાગરવેલના પાનનો ત્યાગ. તે તે ફળની સીઝન વિનાના કાળે તેનો ત્યાગ. આવા નિયમોનો પણ બહુ લાભ છે. વંકચૂળ બારમા સ્વર્ગે ગયો. ખેડૂતના માથાની ટાલ જોવાના નિયમવાળાને અર્ધું નિધાન મળ્યું.

ત્યારે કહો ચોમાસામાં **પંદર કર્માદાન,-ખેતી,** વગેરે કરવાના છો ? **હથિયારો** વગેરે બનાવવાના છો ? **ખાણો** ખોદાવવાના છો ? સુરંગથી **પત્થરો** ફોડાવવાના છો ? હાથી-દાંતનો, રસનો, કેશનો, લાખનો અને વિષના વેપાર કરવાના છો ? નથી કરવોને ? યંત્ર-પીલણ, ઢોરને ખસી કરવાનું-ડામ દેવાનું, વનમાં દવ લગાડવાનું, વગેરે કરવું છે ? વન-જંગલો બાળીને કોલસા કરવા, કૂવા-તળાવ ખોદાવવા, પંખીઓ વગેરે પાળીને વેચવા... આ ધંધા કરવા છે ? નથી જ કરવાના, છતાં જો પાપની અપેક્ષા રાખી, એટલે કે પાપનો ત્યાગ કરવા પ્રતિજ્ઞા ન લીધી, તો પાપ લાગ્યા કરે છે. માટે કરો નિયમ, કે આ ચોમાસામાં તો પંદર કર્માદાનના વેપાર નહિ કરવા. ખેતી નહિ કરવી... આટલાથી અધિક મૂડી નહિ રાખવી... હાથી-ઘોડા વગેરે નહિ રાખવા...

હવે બીજી વાત. કહો **સાત વ્યસન,**-શિકાર, જુગાર, મદિરાપાન, મોટી-ચોરી, પરદારાગમન, વેશ્યાગમન અને માંસાહાર કરવાના છો ? ના, પણ **જ્યાં સુધી એના ત્યાગની પ્રતિજ્ઞાના હાથ નથી જોડ્યા ત્યાં સુધી આત્મામાં પાપનો પ્રવાહ ચાલુ જ છે.** જ્યાં સુધી "પાપ સેવવાં નહિ" એ પ્રકારનાં પચ્ચક્ખાણ નથી કર્યાં, ત્યાં સુધી પાપ લાગ્યા કરે છે. માટે સાત વ્યસનના ત્યાગની પ્રતિજ્ઞા કરવાની.

શાસ્ત્રમાં આના અંગે એક દૃષ્ટાન્ત આવે છે. વિજયપુર નામના એક નગરમાં રાજા છે વિજયસેન. એને અનેક પુત્રો પુણ્યોદયે આવી મળ્યા છે. પણ તમે જાણો છો ને કે ઈર્ષ્યા અને સ્વાર્થાંધતા બહુ બુરી ચીજ છે. સૌથી મોટો પુત્ર વિજયશ્રી



એકલો જ રાજ્યગાદીનો હકદાર છે અને સુયોગ્ય પણ છે. તેથી રાજાને ચિંતા થાય છે કે "રખેને એને રાજ્યગાદી સોંપવાની છે માટે કરીને એના ઉપર ઈર્ષ્યા અને તૃષ્ણાના માર્યા બીજા કોઈ એને મારે નહિ. તેથી મારે હમણાં દેખાડવું જ નહિ કે હું આને રાજા બનાવવાનો છું." બીજા પુત્રો તરફથી ઈર્ષ્યા થવાનો રાજાને ભય લાગ્યો, **ઈર્ષ્યા ભયંકર છે. ઈર્ષ્યાળુ માણસ સગા ભાઈની પણ સમૃદ્ધિમત્તા સહી શકે નહિ.** ત્યારે સ્વાર્થાંધતા તો એથીય વધુ ભયંકર છે. કેમકે એ તો સગા ભાઈ શું, માબાપની સામે પણ પોતાનો સ્વાર્થ સાધવા પ્રપંચ કે દ્રોહ તિરસ્કાર વગેરે કરાવ્યા વિના રહે નહિ. આજની દુનિયામાં આ બહુ દેખાય છે.

**ઈર્ષ્યા અને સ્વાર્થની કાળી રમતનું પરિણામ શું ? :-**

તામસભાવમાં ચિત્ત રમ્યા કરે, સુખશાંતિ ન મળે; કાળી કૃતઘ્નતા સેવે, મનગમતું થવા પર ખુશી તો બહુ થાય, પણ પોતે પાછો બીજાઓ તરફથી ઈર્ષ્યાનો ભોગ બને ! પોતાના જ દીકરાઓની સ્વાર્થ લંપટતાનો પોતે જ શિકાર બને ! આ તો આ જીવનમાં ! ભવાંતરમાં અસંખ્યગુણો કાળ અસંખ્યગુણા દુ:ખોમાં સબડી મરવાનું.

ત્યારે જુઓ કે આની સામે પ્રમોદ અને પરમાર્થરસિકતા હોય તો માણસ કેટલો સુખી રહે ? અજ્ઞાન અને મોહમૂઢ જીવો સમજતા નથી, પણ ખરી રીતે આ જગતમાં સાચા ધર્મી જીવો જ સુખી છે, પુણીયો જેવો સુખી હતો તેવો સુખી રાજા શ્રેણિક નહિ. અલબત્ત શ્રેણિક સમકિતના ધર્મવાળો જીવ છે, પરંતુ પુણીયો સમ્યક્ત્વ ઉપરાંત વ્રત વગેરે ધર્મો અને મહાસંતોષાદિ ગુણોવાળો છે. એથી ચિત્તમાંથી તૃષ્ણા અને રાગદ્વેષના વિકારો ઘણા ઓછા થઈ જાય છે. એ જ જીવને પરમ સુખનો અનુભવ કરાવે છે. એટલા જ માટે જ્ઞાનીઓએ બતાવેલી ચાતુર્માસિક આરાધના ખરેખર મહાસુખને આપનારી છે, આત્માના દોષો કાઢવા માટે મહાન ઔષધરૂપ છે. તેથી અસંભાવ્યને ત્યજવા ઉપરાંત સંભાવ્ય પણ ઘણા પાપો છેવટે ચોમાસા પુરતા ત્યજવા પ્રતિજ્ઞાઓ કરી લેવી જોઈએ પાપો તો સમજો છો ને ? હિંસા-જૂઠ-ચોરી-મૈથુન-અભક્ષ્ય ભક્ષણ-શોખ વિલાસનાં પાપ વગેરે પાપ છે. એના ત્યાગની પ્રતિજ્ઞા. દા.ત. હાલતાચાલતા નિરપરાધી જીવને નિરપેક્ષપણે મારવાના ઈરાદે હું મારીશ નહિ; એ અહિંસાવ્રત. એવાં બારેય વ્રત... અને બીજા નિયમો ચોમાસા પુરતાં તો સહેલાઈથી કરીને પાળી શકાય.

વ્રતનિયમનો લાભ જુઓ. વિજયસેન રાજાએ વિજયશ્રીના ભલા ખાતર અને બીજા છોકરાઓ ઈર્ષ્યા ન કરે એ માટે વિજયશ્રીને બહુ સ્નેહ અને મમતા દેખાડવાનું બંધ કર્યું. પણ કુદરત કેવી ઊંધી છે ? વિજયશ્રીને એથી એમ લાગ્યું કે

"જ્યાં આપણું સન્માન નહિ ત્યાં આપણે મરેલાની જેમ રહેવાનું શું કામ છે ?" પિતાના આંતરિક આશયને એ કળી શક્યો નહિ. તેથી ત્યાંથી તલવાર લઈ છૂપી રીતે ચાલી નીકળ્યો. શું લઈ ? સમજ્યા ? ભાતાનો ડબો નહિ, પૈસાની કોથળી નહિ, માત્ર તલવાર લઈને નીકળ્યો. **પરાક્રમી પુરુષો બીજી ત્રીજી ચિંતા કરતા નથી; પુણ્ય અને પુરુષાર્થ પર એ ઝઝુમનારા હોય છે.** પૃથ્વીતલ પર ફરતાં ફરતાં એકવાર રસ્તે જંગલમાં એને ભારે ભૂખ લાગી. ત્યારે પૂછો કે હવે ચિંતા થાય કે નહિ ? એના કરતાં ભાતાનો ડબો સાથે રાખવો સારો ને ? પણ અહીં એ સમજો કે નસીબ ન હોય તો લીધેલો ડબોય ક્યાંક ભૂલાઈ જાય, ચોરાઈ જાય, વપરાઈ જાય... વગેરે ઘણું બને. એટલે એ ફોગટ ફાંફા છે. એમાં તો ઊલટી ખરી ચિંતા વિચારણા કરવાની રહી જાય છે.

વિજયશ્રી કુમાર પુણ્યશાળી છે. ત્યાં એને દિવ્ય અલંકાર સજેલા કોઈ માણસે બે રત્ન ભેટ આપ્યાં ! અને ખૂબ સ્નેહ દાખવી વાતચીત કરી ! માત્ર પોતાની ઓળખ ન આપી. કુમારને એ માટે કહ્યું કે 'તું તારા નગરમાં એક મુનિમહાત્મા તરફથી મારી ઓળખાણ મેળવીશ.' રત્નોમાં એક સર્વ ઉપદ્રવને દૂર કરનારું અને બીજું સર્વ વાંછિત સાધી આપનારું હતું. કુમાર ત્યાંથી પહોંચ્યો એક નગરમાં. ત્યાંનો રાજા આંખની ભયંકર પીડાથી રીબાતો હતો. તેને એણે રત્નથી સાજો કરી દીધો. બદલામાં રાજાએ રાજપુત્રી પરણાવી અને પોતાનું રાજ્ય આપ્યું. અપાય ? આવા ઉપકારીને કેમ ન અપાય ? બસ તે જ રીતે સુયોગ્ય માણસો ધર્મના ઉપકારને સમજી ધર્મને ચરણે ઘણું ધરી દે છે. ચોમાસામાં આ સાધનાનો પણ સારો અવસર મળે છે. દેવદ્રવ્યવૃદ્ધિ, જ્ઞાનદ્રવ્યવૃદ્ધિ, સાધર્મી-ભક્તિ વગેરે વગેરે ઘણાં સ્થાનો છે.

બીજી બાજુ કુમારને પિતાનું પણ રાજ્ય મળ્યું. બંને રાજાઓએ ચારિત્ર સ્વીકાર્યું. **માનવ જીવનનું સાચું કર્તવ્ય કેવું સમજાયું હશે ? મોટા રાજા જેવા પણ દીક્ષા લે છે. કેમ ન લે ? દુર્ગતિના દ્વાર બંધ કરવા, જન્મોજન્મ ભટકવાનું અટકાવવા ચારિત્ર એ રામબાણ ઈલાજ છે.** હવે કુમારના રાજ્યમાં એકવાર અવધિજ્ઞાની ગુરુદેવ દેવશર્મા નામે એક રાજર્ષિ પધાર્યા. જુઓ આ પણ રાજાપણામાંથી મુનિ બનેલા ! એમણે પાછી તપ-સંયમાદિની કેવી જોરદાર સાધના કરી હશે કે ઉચ્ચ અવધિજ્ઞાન પામ્યા છે ! **જીવની મોહમૂઢતા કાઢવા ઉપર ઉન્નતિનો આધાર છે.**

**ગુરુએ વિજયશ્રીને પૂર્વભવ કહ્યો :-** "ક્ષેમપુરીમાં સુવ્રત નામના એક શેઠે ગુરુ પાસે ચોમાસી વ્રત નિયમો સ્વીકાર્યા. તું એનો નોકર હતો, એટલે તું પણ ખેંચાયો; અને તેંય દરેક વર્ષના ચોમાસા માટે રાત્રિભોજન-મદિરાપાન-માંસાહાર



અને મધભક્ષણ ત્યાગ કરવાનો નિયમ લીધો. નિયમને ત્યાં બરાબર પાળી મરીને તું અહીં રાજકુળમાં પાટવી કુમારપણે આવ્યો; વિજયશ્રી થયો. શેઠ સુવ્રત મરીને ઋદ્ધિવાળો દેવ થયો. એણે ઘણા નિયમો લીધા. નિયમના પ્રભાવે મરીને સ્વર્ગમાં ગયો ! ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં જઈ ચારિત્ર લઈ મોક્ષ પામશે.

વ્રત નિયમોનો કેટલો પ્રભાવ ! ચોમાસા પુરતા જ ચાર મામુલી નિયમ કરનાર નોકર પણ રાજકુમાર બની ગયો; અને રાજા જેવી સમૃદ્ધિભરી સ્થિતિમાં પણ પાછો અનેક વ્રત નિયમ કરનારો થયો ! આજે તો સમૃદ્ધિ વધે ત્યાં, કદાચ પૂર્વે ધર્મ હોય તોય, તે ભાગી જાય છે ! ધર્મની સાચી શ્રદ્ધા નથી; મનુષ્ય જીવનમાં વ્રત નિયમ એ ખરી ચીજ છે; એની ધગશ લાગી નથી; એથી મોહની, કર્મની, કાયાની, લક્ષ્મીની વગેરે અનેકની ગુલામી કરાય છે. પણ હવે એ ટાળવાની જરૂર છે. એ માટે આવે છે ચોમાસાની ધર્મમોશમ.

શું કરવાનું ? એમાં ? બાર કે ઓછા શ્રાવકવ્રતને ધારણ કરનારે ચોમાસા પુરતો સંક્ષેપ કરી એના અભિગ્રહ લેવાના. વ્રત ન લીધા હોય એમણે પણ પોતાને શક્ય અને યોગ્ય એવા ચાતુર્માસિક અભિગ્રહો સ્વીકારી લેવામાં બહુ લાભ છે. થોડા નિયમો ગણાવ્યા છે. સાત વ્યસનો ત્યાગ, કર્માદાન-ખેતી-વાહનો ચલાવવા-સ્ટીમર-એરોપ્લેનના પ્રવાસ, નગરની કે અમુક માઈલની બહારગમન વગેરેનો ત્યાગ. એવી રીતે અસંભવિત વસ્તુઓના પણ ત્યાગના નિયમ કરી શકાય. કદાચ એવો જ યોગ આવી લાગે તો નિયમના હિસાબે બચી જવાય. વંકચૂળ ચોરે અજાણ્યા ફળ-કાગડાનું માંસ-રાણી સાથે ભોગ-પાંચ સાત ડગલાં પાછા હટ્યા વિના પ્રહાર; આ ચારનો ત્યાગ પ્રતિજ્ઞાથી કર્યો હતો, તો બચી ગયો. અસંભવિતના દાખલામાં ગરીબને હાથી-ઘોડાની, તેમ કારખાનાયંત્રો, વહાણ વગેરેનો પરિગ્રહ, તે તે દેશમાં અલભ્ય ભક્ષ્ય, ચોમાસામાં લગ્ન-ઉજવણી, વગેરે આવે. તેનો ખુશીથી ત્યાગ કરી શકાય. શ્રાવકના બારવ્રત ન લીધા હોય તે પણ ચોમાસા પુરતું તે તે જૂઠ, ચોરી, ભારત બહાર પરદેશ ગમન; કંદમૂળાદિ અભક્ષ્ય ભક્ષણ, વાશી-બોળો-દ્વિદળગોરથી રાત્રિભોજન, નાટક-સિનેમા સરકસ જોવા, શોખથી પશુપંખી પાળવા વગેરેનો ત્યાગ કરી શકે ! આ ઉપરાંત ધર્મક્રિયાઓ, તપસ્યા, રસત્યાગ વગેરેની પ્રતિજ્ઞાઓ કરવાની છે. આ બધાની નોંધ કરજો ભલે જેટલું અને જે રીતે પળે, એટલું અને એ રીતે નિયમોની નોંધ કરી પ્રતિજ્ઞા લઈ લેવાની જરૂર છે. સાચો આત્મપુરુષાર્થ અને સાચી ધર્મશ્રદ્ધા કેળવી તો ગણાશે.

ચોમાસામાં ધર્મસાધના કરવી છે ને ? એટલે જ આજનો મહાદિવસ આ રીતે ઉપવાસ પૌષધ વગેરેથી આરાધી આરાધનાના શ્રીગણેશ માંડો છો ને ?

આરાધના માટે આ ખૂબ ખ્યાલમાં રાખજો કે માનવભવની સફળતા એક માત્ર ધર્મસાધનામાં છે. કેમ કે શ્રીવીતરાગ પરમાત્માએ ઉપદેશેલા આ ધર્મની સાધના સંસારને ટૂંકો કરી દે છે. ત્યારે પૂછોને કે,

**પ્ર.**- તો પછી આવો સુંદર ધર્મ કેમ ગુમાવાય છે ?

ઉ.- ગુમાવાય જ ને ? આ જીવ તિર્યંચગતિમાં - પશુ જીવનમાં સેવેલી આહારાદિસંજ્ઞાઓ ભૂલતો નથી, અને એ સંજ્ઞાઓને પોષવા પાછળ સમસ્ત જીવન વેડફી નાખે છે, પછી સંસારને ટૂંકો કરનારી મહામૂલી ધર્મસાધના કરવાનો અવસર ક્યાં રહે ? હા, મૃત્યુ અવસરે રહે. કેમ કે ત્યારે સંજ્ઞાઓને પોષવાના સંયોગ નથી. તો કહો ધર્મસાધના મૃત્યુ વખતે અને તે પછી જ રાખી છે ને ? ભૂલો નહિ કે ચાર સંજ્ઞા સાથે જ સગાઈ અને જીવનમાં બધા સરવાળા બાદબાકી જે એના જ કાટલે માપવાનું રાખ્યું છે, તેથી જાતે જ પોતાનો પરલોક બગાડી રહ્યા છો !

**સંજ્ઞા એટલે દારુ :**- રંક માણસ, ભિખારી માણસ ઠીકરા ઉપર પણ ચારે સંજ્ઞા પોષવા મથી રહ્યો હોય છે. ભિખારી પાસે આહારની પરિગ્રહની અને વિષયોની શી સામગ્રી છે ? કાંઈ નહિ; છતાં સંજ્ઞાનું જોર એનામાંય શાથી ? કારણ કે એણે પણ અનાદિકાળ જે રટણા એની જ કરી છે; એની અસર, દારુની માફક એનું ઘેન અહીં પણ ચાલ્યું આવ્યું છે. **જેમ દારુ પીધેલો સમ્રાટ રાજા અને દારુ પીધેલો ભિખારી - બંનેય સમાન, અવિવેકી. ગાંડા, નાગા, અને ભાનભૂલા બને છે; બસ તેવી જ રીતે આહાર-વિષય-પરિગ્રહ-ભયસંજ્ઞારૂપી દારુના ઘેનવાળા શું રાજા કે શું રંક. શું પંડિત કે શું અભણ, શું બુદ્ધિ શેખર કે શું મૂર્ખ - બધા જ સમાન અવિવેકી, ગાંડા અને ભાનભૂલા છે. એનું ઘેન ઉતારવા માટે ચાતુર્માસિક આરાધના મહાન જડીબુટ્ટી છે.**

**અભાગણી આહારસંજ્ઞા :**- કેટલાયને આજે ઉપવાસ હશે. કહો, 'આજે બે ટંક ખાધા વિનાના છે,'- એ વિચાર આવે છે ? કે **'અહો આજનો ધન્ય દિવસ ! આજે તપ થયો. આટલા બધા દિવસ આહારસંજ્ઞાનું પોષણ પશુની માફક કર્યું; આજે એમાંથી છૂટવાનો સુંદર અવસર મળ્યો ! ધન્ય પ્રભુના શાસનને કે જેણે આવા સુંદર પર્વ અને સાધના આપ્યા !'** -આવી ભાવના મનમાં રમે છે ? મનમાં શું રમે છે ? ખાવાની વાત કે તપની ? આવતી કાલે એ વિચાર આવશે ને કે 'અરેરે ! મારો આજનો દિવસ અભાગીઓ, કે ખાવાનું આવ્યું ?' કે એના બદલે પારણું કરતાં એમ થશે કે 'હાશ ! જીવમાં જીવ આવ્યો, આપણને તો ભાઈ ! ઉપવાસ ભારે પડી જાય છે. હવે નિરાંત, અસાઢી ચૌદસ બાર મહિને આવશે.' આવું કાંઈક થતું હોય, તો વિચારો તપ અને પારણાના બંને દિવસમાં સંજ્ઞા



કાપવાનો અવસર અને ધીમે ધીમે પણ અનાહારી બનવાના કોડ ક્યાં રહ્યા ? અનાહારીપણું લાવવું છે એટલે આહારસંજ્ઞા તોડી નાખવી જોઈશે. એ માટે પહેલું એ વિચારવાનું, કે આપણા પોતાના જીવનો સ્વભાવ ખાવાનો નથી. જો સ્વભાવ હોય તો ખાધા વિનાની એક મિનિટ બાકી ન રહે. ખાતાં ખાતાં જરાય કંટાળો ન આવે. જ્યારે ખાવાની ભૂખ ખૂબ લાગી હોય, ત્યારે પણ જો કોઈ વિશેષ ચિંતાની વાત આવે તો તે વખતે માણસ ખાવાનું પણ ભૂલી જાય છે. પણ જો ખાવાનો સ્વભાવ જ હોય તો ન ભૂલાય. એટલે સાબિત થાય છે કે ખાવાનો સ્વભાવ નથી. આ તો જીવને કુટેવ પડી ગઈ છે, અનાદિકાળથી ખાવાની લપ લાગી છે ! ખાઉં ! ખાઉં ! એ વૃત્તિ તરફ પરવશતા છે. વૃત્તિની ગુલામી છે. એના પર કાપ મૂક્યે જ છૂટકો છે. એ માટે ખાસ કરીને ચોમાસામાં પોરિસી વગેરે પચ્ચક્ખાણ, એકાસણ, બેયાસણ, છેવટે ત્રણ જ ટંકનો નિયમ જોઈએ. પર્વ તિથિઓમાં આંબેલ-ઉપવાસ વગેરે વિશેષ તપના અભિગ્રહ જોઈએ. કુમારપાલ મહારાજા ચોમાસામાં **રોજ** એકાસણ કરતા હતા. છેવટે એવું નક્કી કરવું જોઈએ કે આખા ચોમાસામાં આટલા ઉપવાસ, આટલા એકાસણા-આંબેલ, માસિક આટલા દિવસે પાંચ વિગય ત્યાગ, (ભલે દાળ-શાકમાંની વિગય છૂટી રાખીને) રોજના ખાવાના આટલાં જ દ્રવ્ય... વગેરે.

**તપથી બળ વધે છે :**- તપથી ઢીલાશ આવે એવું માનતા નહિ. કેમ કે રોગથી આવેલી નિર્બળતા-ઢીલાશ, તે તો આત્માની નિર્બળતા છે, કેમ કે રોગમાં સાધના ન થઈ શકી. પણ કદાચ ઉપવાસાદિ તપથી શારીરિક ઢીલાશ આવે, તો ય તે આત્માની સબળતા છે. આત્મા એમાં પ્રખર પાપક્ષય કમાયો છે. **તપ કરતાં કરતાં બળીયો બનેલો આત્મા ઈન્દ્રિયોનો વિજેતા, આહારાદિ સંજ્ઞાઓનો સંહારક અને કર્મનો નાશક બને છે.** એ જ તપથી બળ વધ્યું. ત્યાં મોં પર ભવ્ય-ઓજસ હોય છે. માટે ઘેલા ન થાવ, બહાર ન જુઓ, અંદર જુઓ. કોને ઢીલાશ આવી ? કાયાને ને ? વિચારો કે "તેમાં મને અંદર શું છે ? અંદર તો કુસંજ્ઞાને કચરવાની ભારે મજબુતાઈ આવી ગઈ ! પછી કાયા ઢીલી પડે તેની કોઈ ચિંતા નહિ, જો આત્મચિંતનનો કોઈ અવકાશ મલતો હોય તો, કુસંજ્ઞા અને કર્મના નાશનો મહાન લાભ થતો હોય તો."

**ભુંડી વિષયસંજ્ઞા :**- શી વાત થઈ ? સંજ્ઞાની ગુલામીમાં ધર્મસાધના ગુમાવાય છે. આહારસંજ્ઞાનું જોર જીવને બહુ સતાવે છે. એવું જ મૈથુનસંજ્ઞા-વિષયસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, અને ભયસંજ્ઞામાં છે. એમાં વિષયસંજ્ઞા ભૂંડી છે. કામની વાસના કામનો પક્ષપાત, કામ પાત્રના આકર્ષણ, વગેરે જોરદાર હોવાથી ચોમાસામાં અખંડ

બ્રહ્મચર્યની વાત આવે છે ત્યાં ત્રાસ છૂટે છે, 'હાય ! શે બને ?' એમ થાય છે. એ વિચાર નથી આવતો કે **દેવના અનંત ભવ કર્યા એની તો વાત શી, પણ એક દેવના ભવમાં લાખો કોટિ દેવીઓ ભોગવી છતાં જીવને જે ધરપત નથી, તે શું અહીં એકાદી કાળીકુબડી મળમૂત્રની પુતળીથી થશે ?** ધરપત થશે કે ખૂબ વધશે ? એની ભૂખમાં અમૂલ્ય આત્મહિત ચૂકાય છે ! આત્માના નિર્વિકાર સુખ તરફ આંખ મિંચામણાં થાય છે ! એનો અર્થ જ એ કે હજી મોક્ષના નિર્મળ સ્વરૂપ હૈયે જચ્યા નથી. **આત્માની અસંગ દશાની શોભા, સુંદરતા અને ઉચ્ચતા વિચારો,** તો એની સામે આ સંગવાળા સુખમાં ભટકવાનું અધમ લાગશે, પશુપણું લાગશે. ચોમાસા માટે પ્રતિજ્ઞાથી નક્કી કરી લેવાનું છે કે સંપૂર્ણ બ્રહ્મચર્ય; ન બને તો ૧૧૯-૧૧૮ દિવસ વગેરે. શ્રી નેમનાથ પ્રભુ, સ્થુલભદ્રસ્વામી, જંબૂકુમાર, પૃથ્વીચંદ્ર, ગુણસાગર, સમરાદિત્યકુમાર વગેરે અનેક આલંબનો બ્રહ્મચર્ય માટે છે.

**પાપી પરિગ્રહસંજ્ઞા :-** ત્યારે પરિગ્રહસંજ્ઞાએ તો હદ વાળી છે. કહોને આજે જીવનમાં જાગવામાંનો ઘણો સમય કઈ સંજ્ઞાની સેવામાં વહી રહ્યો છે ? પરિગ્રહની જ ને ? પરિગ્રહ અનેક પ્રકારના છે. પૈસાનો જેમ પરિગ્રહ, તેમ મકાનનો, વસ્ત્રાદિનો, ફરનીચર-વાહનનો, અરે એક દાંતખોતરણીનો પણ પરિગ્રહ. જીવ કેટકેટલો આમાં સાવધાન છે ! **એમાં ખાસ એ જોવું ભૂલ્યો કે આ બધા સાધનો અધિકરણ છે એટલે કે જીવહિંસાના સાધન છે. તારી ગેરહાજરીમાં બીજા કોઈ એનાથી હિંસા કરે તે અંગે પણ તને પાપ લાગે છે;** કેમકે એ તારા પરિગ્રહમાં છે. આમ પ્રતિસમય કેટલો જથાબંધ પાપનો ભાર માથે ચઢે છે ? એવા પાપભર્યા પરિગ્રહની લત કેટલી ? ચોમાસામાં એ સંજ્ઞા કાપવા, મુડીની અને વેપારની મર્યાદાનો નિયમ કરો.

**ભયંકર ભયસંજ્ઞા :-** ભયસંજ્ઞા પણ ખૂબ ભયંકર છે. પુણ્ય-પાપના ફળનો હિસાબ ભૂલાવી જીવને ભયભીત રાખે છે, 'હાય ! મારું ધન જશે તો ? મને રોગ આવશે તો ? મારું કોઈ માગી લેશે તો ? ખર્ચ વધી જશે તો ?' અરે ! આગળ વધીને ધર્મકાર્યમાં તો જોરદાર ભયસંજ્ઞા રહે છે. 'તપ કરું ને ભૂખ લાગે તો ? લોહી સુકાય તો ? દાન દઉંને પૈસા ખૂટે તો ? સાધુ પાસે જાઉં ને બાધા લેવાનું કહે તો ? સાચું બોલું ને નુકસાન થાય તો ?...' આવા તો કેઈ ભયો ! પછી એ ધર્મ શું સાધે ? ત્યારે કહો **કેવો ભયંકર ભય ? પરલોકહિતના કર્તવ્યથી જ આઘો રખાવે !** એ ભયસંજ્ઞાને ચોમાસાના નિયમોથી તોડી શકાશે, ચોમાસાની ધર્મસાધનાથી ઢીલી કરી શકાશે. જિનપૂજા-સ્નાત્ર-સામાયિક-પૌષધ-સ્વાધ્યાય-દાન-શીલ-વિગયત્યાગ-તપ વગેરેની પ્રતિજ્ઞા અને સુંદર આરાધન એવું આત્મબળ ઊભું



કરશે કે ભયસંજ્ઞા મરવા પડશે.

**તુચ્છ લાલસામાં મહાન તક ન ગુમાવાય :-** આજે આપણે શ્રીજિનેશ્વરદેવના ધર્મ સાથે સંયોગમાં આવી ગયા છીએ; પછી ભલે હૈયે સ્પર્શના થઈ હોય કે નહિ. સ્પર્શના સમજો છો ? સ્પર્શના એટલે ઝણઝણાટી. સ્પર્શના એટલે પરિણમન. આ શાસન મળવા ઉપર એવું કાંઈ ન થયું હોય છતાં એના પરિચયમાં આવી ગયા છીએ. તો અનાદિની કુસંજ્ઞાઓ તોડવાની બહુ જરૂર છે. સંજ્ઞાઓ જો તોડવાને બદલે પોષવામાં જ આત્માની હોશિયારી ખર્ચી નાખી, તો પરિણામ સમજો છો ને ? **એકેક સંજ્ઞાના પોષણથી જીવો મહાન દુર્ગતિમાં પટકાયા છે અને ભવોના ભવો રોતા-કકળતા રખડ્યા છે !** માટે જ શાસનનું, ધર્મનું મૂલ્ય સમજો. ધરાયેલા બાળકની સામે સારું કોઈ રમકડું ધરો તો તે હાથમાંની ખાવાની વસ્તુ ફેંકી દઈ રમકડું લઈ લે છે. તેમ **આજે શ્રીજિનેશ્વરદેવનો ધર્મ આપણી આગળ ધરવામાં આવે છે; તો સંજ્ઞાના વિષયો ફેંકી દઈને તે લેવો છે ?** (૧) જો એ આહારાદિથી કંઈક ધરાયા હશો તો સહેજે તપત્યાગ વગેરે ધર્મ સ્વીકારવાના, અથવા (૨) જો ધર્મનું એના કરતાં ઘણું ઊંચું મૂલ્ય સમજતા હશો તો એ થોડું ઘણું ફગાવી ધર્મમાં જોડાવાના. મનને થશે કે "લાવ, ચોમાસાની મહાન ધર્મમોસમ મળી છે, તો વિવિધ આરાધના કરી લઉં. એની નોંધ કરું. પછી એના નિયમો લઉં. ગમે તેમ કરીને આ વખતે તો જરૂર આરાધું. **ખાવાની લાલસામાં તપ-ત્યાગની આરાધનાની આ સુંદર તકને શું જતી કરું ? કામભોગની લંપટતામાં શું મહાન બ્રહ્મચર્ય અને બીજા પચ્ચક્ખાણોની સાધના ગુમાવું ?** ના, તુચ્છ લાલસામાં મહાન તક ન ગુમાવાય."-આમ મનમાં ઉલટ જગાડશો એટલે અલૌકિક કામ થશે. વ્રત પચ્ચક્ખાણાદિધર્મસાધના સોના જેવી છે. એવા એના મૂલ્ય જો સમજો તો એની આરાધનામાં લાગશો; અને કથિર જેવા આહાર-વિષયોની ગુલામી છોડશો.

**ચોમાસું એટલે હોસ્પીટલ :** દુનિયાના બીજા લોકો પણ પોકારી પોકારીને કહે છે કે માનવપ્રાણીગણ બહુ ઊંચો; તેથી એનું જીવન કિંમતી. શાથી ? એ ય સમજે છે કે માનવ પાસે જે વિશેષતાઓ છે તે બીજા પ્રાણીઓ પાસે નથી. જો કે એ ઉચ્ચતા ગણીને બીજા જીવોની સંહારલીલા ખેલે છે એ એમની અતિ ભયંકર અજ્ઞાન અને મૂઢ દશા છે, છતાં આપણે એટલું જોવાનું છે કે **જો માનવની ઉચ્ચતા જગપ્રસિદ્ધ છે, તો પછી એની સાર્થકતા માટે શું કરવું જોઈએ ? કહો કે સાર્થકતા માટે બાલપણેથી જેમ જેમ મોટા થતા આવીએ તેમ તેમ મલીન વૃત્તિઓ અને જડની ઝંખનાઓ ઘટતી આવવી જોઈએ.** પણ દેખાય છે એવું કે આહાર અને રસની સંજ્ઞા વધી ! પરિગ્રહની ઝંખના વધી ! અરે ! ભયસંજ્ઞાય એવી વધી કે

નાના હતા ત્યારે શરીર પર આક્રમણ આવશે તો ? - એટલો જ ભય હતો. અત્યારે ? જરા અપમાન આવે તો ? - એનો પણ ભય લાગ્યો છે. શું આ ? ભય વધ્યો. વિષયસંજ્ઞા પાછળ આજના યુવાનો વિવેકી મટી હેવાન બન્યા છે. એને કોણ શિખવાડે કે ભોગો દેખીતા રૂપાળા, પણ એમાં તો અહીં માનવતામાંથી દિવ્યતામાં ચઢવાને બદલે પશુતામાં પડાય છે; અને પરલોકમાં ભવભ્રમણ રજીસ્ટર્ડ થાય છે ! એમાં અંતે ક્યાં જઈને મૂકાવાનું ? નરક-નિગોદ-પૃથ્વી, પાણી-વનસ્પતિ-કીડા-મકોડા-પશુ-પંખી જેવા દુઃખદ ત્રાસભર્યા સ્થાનોમાં ! વિષયો તો જીવ પર વેર વાળે છે ! 'તેં કેમ અમને નચાવ્યા ?' હવે એની લત અને મમતા મૂકવા વિરતિમાં-વ્રત નિયમમાં આવવાનું છે. એ માટે જ સમજો ચોમાસું બેસે છે. **ચોમાસું એટલે જાણે આત્માના કેઈ કર્મ-કુસંસ્કારના રોગ કાઢવાની હોસ્પીટલ છે, એમાં દાન-શીલ-તપ-ભાવની, પાપત્યાગ-પ્રભુભક્તિની, દર્શન-જ્ઞાન-ચારિત્રની,-એમ વિવિધ ટ્રીટમેન્ટો મળે છે, એનાથી વૈરી વિષયોની લત અને મમતા રવાના થાય છે.**

**સર્વ કાર્યમાં જયણા :-** ચોમાસામાં બીજી એક મહાન વસ્તુ 'જયણા પાળવાની' છે. સામાન્ય રીતે જયણા એટલે 'જતના', 'જીવોની રક્ષા કરવાની સાવધાની રાખવી તે,' -એવો અર્થ થાય છે; જે વસ્તુ ચોમાસામાં બહુ સાચવવાની છે, પણ અહીં એથી આગળ વધીને વ્યાપક જયણાને જરાક વિચારી લઈએ. આપણી બધી પ્રવૃત્તિમાં જયણાની જરૂર છે. **જયણા એટલે સમજ, અને સાવધાનીની ક્રિયા, -બંને;** જેમકે જીવો માટે જયણા પાળવામાં જીવોના જ્ઞાનની જરૂર છે, તેમ જીવના જ્ઞાનનો ઉપયોગ કરી જીવહિંસા ટાળવાની સાવધાનીનો મહાઉદ્યમ પણ કરવાનો છે. **આમ જ્ઞાન સાથે સત્ક્રિયાનો સાવધાનીનો ઉદ્યમ એ જ જયણા.** જયણાથી ધર્મ આવે; અને ધર્મથી મોક્ષ મળે. મહાવ્રત ઉચ્ચરી લીધા, તેટલા માત્રથી ધર્મ થઈ ગયો ? ના, એ પછી બધી પ્રવૃત્તિમાં સાવધાની જોઈએ. ગોચરીમાં, ક્રિયામાં, ઊઠવામાં-બેસવામાં, મૂકવામાં-લેવામાં બધે જયણા રાખે તો ધર્મી. તેમ વ્યાખ્યાન વાંચવા માત્રથી ધર્મ ન થાય. સાથે, ઉત્સૂત્ર ન બોલાય એની, અર્થકામની વાત ન કરાય એની, કોઈ પર પ્રેમ કે દ્વેષ ન જાગી જાય એની,-એમ જતના-જાગૃતિ રખાય તો ધર્મી થવાય આ તો અમારી વાત થઈ ! તમારી પણ વાત કરવાની ને ? તમે સાંભળવા આવવા માત્રથી ધર્મી ન થઈ શકો. સાથે વિનય, શ્રદ્ધા, એકાગ્રતા, સંવેગ વગેરેની સાવધાની (જયણા) રખાય તો ધર્મી થવાય. 'મારા જીવનમાં ક્યાં ક્યાં આ ઉપદેશ સ્પર્શે છે, અને એને અમલમાં કેટલો ઉતારું છું, એની ખૂબ જતના-કાળજી જોઈએ.' તમે તો કહો છો કે "આવીએ છીએ...બેસીયે છીએ...અને સાંભળીયે પણ છીએ...તેથી વધું શું જોઈએ ?" પણ



એ યાદ નથી કે **જયણા વિના ધર્મ નથી. જયણા તો જીવની માતા છે. એને એક પળ ન વીસરાય, ન છૂટી મૂકાય. સંસારની પ્રવૃત્તિ વખતે કેમ આત્માનો મોહ ન વધે, અને આસક્તિથી અધિક પાપ ન બંધાય એની સાવચેતી તે જયણા. ધાર્મિક પ્રવૃત્તિમાં કેમ મન એકાગ્ર અને બહુ ઉલ્લાસી રહે, અતિચાર-આશાતના ન સેવાઈ જાય...ઈત્યાદિ સાવધાની એ જયણા.**

**જયણા લૌકિક ને લોકોત્તર :-** આમ તમે સંસારના કાર્યમાં પણ શું કરો છો ? સંસારની ભારે જયણા ! દા.ત. "લોટાનો કાંઠો બરાબર પકડજે...તોફાનમાં પડતો નહિ..." વગેરે દૂધ લેવા મોકલેલા છોકરાને કહો છો ને ? અને મંદિરે જતાં ? "મંદિરમાં પણ જયણા જોઈએ. આશાતનાનો ત્યાગ જોઈએ. આશાતના શાથી. શાથી થાય ?"- વગેરે કહો છો ખરા ? આ કેવો વિવેક ? અરે, જયણાના અભાવે મંદિરમાં અવિવેક એવો કે પોતાના કપાળમાં ધીરેથી ચમકતો અને ગોળ ચાંલ્લો, ને પરમાત્માને ઝટપટ ફિક્કો અને ગમે તેવો ચાંલ્લો. **શિવસુંદરીનો ચાંલ્લો કોને થાય ? પોતાના કપાળ કરતાં અનંતગુણી સંપન્ન એવા પરમાત્માને સરસ ચાંલ્લો કરે તેને ને ? શિવ-સુંદરી કાંઈ વરનારનાં રૂપ નથી જોતી, પણ વરનારે સ્વાર્થ ભૂલો અને પરમાર્થ જુઓ. સંસારની સેંકડો નાની મોટી વાતોમાં સાવચેતી આવડે છે. જરા બે પગથીયા ઉતરવા છે, તોય સાવધાનીથી; ત્યાં બધો વિવેક અને પુરુષાર્થ છે. તો ધર્મમાં કેમ નહિ ? સમજજો કે,**

**સાંસારિક બધી લૌકિક જયણા છે. આપણે લોકોત્તર જયણા કેળવવાની છે.** પ્રભુની પૂજા કરવા ગયા ત્યાં જયણા તરીકે નિસીહિનું પાલન આવે. બહુમાનને વિવેક જાળવવા ઉપરાંત દિલની એકાગ્રતા પરમાત્મા સાથે કરવાની છે. શું ધ્યાન રહેવું જોઈએ ? "મારા પરમાત્મા માટે કેસર વાટી રહ્યો છું ! કેસરમાં જેમ સુવાસનો મઘમઘાટ છે, તેમ પરમાત્માના જીવનમાં અધ્યાત્મિકતાદિનો મઘમઘાટ છે." આમ ઠેર-ઠેર જીવ જયણા સાચવવાની ન રાખે એટલે પ્રમાદ અને કષાયમાં ચઢે છે; અને એમાં લાભ ગુમાવવા ઉપરાંત કદાચ નુકશાન ઉભા કરે છે. મમ્મણ પૂર્વ જીવનમાં 'કરેલી દાનાદિ ધર્મક્રિયાનો શોક કરાય નહિ'- એવી જયણા ભૂલ્યો, એટલે એનું જ પાપી મન અને એના શોક લોભાદિ કષાયો, બીજી બાજુ મહાફળદાયી દાન કરેલું છતાં એને મારનાર થયા ! મુનિને દાન કર્યા પછી વસ્તુ પાછી માગતાં ન મળી અને નિંદા તથા શોકમાં પડ્યો તો મમ્મણના ભવમાં પૈસા જે મળ્યા તેણે ધર્મ ન સુઝવા દીધો. એટલે કહો **જયણા વિના ધર્મ નહિ; ધર્મ વિના શિવસુખ નહિ; અને ત્યાં સુધી ભરમ મીટે નહિ. શાનો ભરમ ? કર્મ પહેલાં ગુપ્ત રહે છે, તે ભરમ ! ક્યાં જન્મ ને ક્યારે મરણ એનો પત્તો નહિ તે ભરમ ! સારી ભાવના**

**ક્યારે પડે તેનો પત્તો નહિ તે ભરમ ! સંસારમાં ભરમ-ભરમ ને ભરમ !** અજયણા, અસાવધાની ટળે નહિ, ત્યારે શું હજીય ભરમમાં કુટાવું છે ? આખો ભાવી અનંતકાળ બધો આપણા માટે હાલ ભરમ જ છે ને ? એને સુધારવો હોય તો સંસારના કામમાં પણ જયણા રાખો, અને ધર્મ કરો ત્યાં પણ જયણા રાખો. જેટલી જેટલી જયણા કરી તેટલો ધર્મ થયો ગણાશે. ક્રિયા ચાહ્ય સંસારની હોય કે ધર્મક્રિયા હો, સમજ સાથે દોષથી બચવાનો ઉપયોગ રાખ્યો તે ધર્મરૂપ છે.

**સાંસારિક પ્રવૃત્તિમાં જયણાના દાખલા :-** બૂટ પહેરો એ સંસારક્રિયા, પણ બૂટ પહેરતાં પહેલાં જોઈને પુંજી લો, તો એ જયણા થઈ; જયણા સાચવો તે ધર્મ થયો. સંસારની વાત બોલતાં પહેલાં જૂઠ ન આવી જાય એની કાળજી રાખી, તે ધર્મ થયો. પુંજણીઓ કેટલી રાખો છો ઘરમાં ? જયણા પાળવાની મોસમ છે ચોમાસું. દુકાન પેઢી જેવાં કદાચ આવશ્યક પાપ અર્થદંડમાં જશે. પણ જયણા નહિ રાખો તો તે નિરર્થક પાપરૂપ અનર્થદંડમાં જશે. જીવદયાના પ્રેમી અને મહાદયાળુ ગણાનારા તથા લલાટે વીતરાગનું તિલક કરનારા તમારે નિરર્થક પાપથી બચવાની જરૂર જયણા કરવી જ જોઈએ.

**સાંસારિક કાર્યમાં** ખર્ચ કરવા બેઠા, ત્યાં લાવો આ એકલો ષડ્જીવનિકાયનો સંહારક ખર્ચ એકાંતે પાપબંધ ન કરાવે એ માટે એના હિસાબે થોડી પણ રકમ ઉપાશ્રય કે ઘરમાંની શુભની પેટીમાં નાખું. એમ દરેક દરેક ખર્ચ વખતે શુભની પેટીનો લાગો ભરવાનો. આ જયણા કરી કહેવાય. એમ ભેગું થયેલું દ્રવ્ય શુભકાર્ય કરવામાં પણ કામ લાગે.

**ત્યારે સંસારના સંબંધોમાં** બેઠા છો તે એક બીજા સાથે ઊંચા નીચા થવાનાય પ્રસંગ આવે. તમારું નુકસાન થાય, પ્રતિકૂલ થાય એવા પ્રસંગ નીપજે. ત્યાં જયણા રાખી ક્રોધ, શોક, દુર્ધ્યાન વગેરે ભયાનક દોષોથી બચી શકો. એક ચોમાસું આવો અભ્યાસ કરો પછી આત્માને જણાશે કે કેવું મહાન પરિવર્તન અને ઉન્નતિ પ્રાપ્ત થઈ.

**વળી ખાનપાન, પહેરવું-ઓઢવું.** બીજા પણ રંગ-રાગ ભોગવવા-કરવા, વગેરે સાંસારિક વિષયસુખોમાં પણ ખૂબ જયણા જાળવી શકાય, જાળવવી જોઈએ, અને એમાં અનહદ લાભ છે. **ત્યાં જયણા** એટલે (૧) **શક્ય જીવરક્ષાનો ઉપયોગ,** દા.ત. સ્નાનાદિમાં પાણી બહુ **ઓછું** વાપર્યું, તે જોઈએ. (૨) **ઉદ્ભટતાનો ત્યાગ** જોઈએ. (૩) **ઉડાઉ ખર્ચ ન કરી** તેટલો શુભમાર્ગે વ્યય જોઈએ, અગર ભવિષ્યમાં એટલું કમાવા કરવાનું ઓછું કરવું જોઈએ. (૪) પૌદ્ગલિક આસક્તિ, રાગદ્વેષ, આર્તરૌદ્રધ્યાન, કલેશકંકાશ, વગેરે **આત્માના દોષોથી સાવધ રહેવાનું અને એનો**



**હ્રાસ કરવાનું જોઈએ.**

**તેમજ, વ્યવહારમાં, બોલવા-ચાલવામાં** ખૂબ જયણા જોઈએ. વચન વિચારીને જ બોલાય, સાચું જ બોલાય, હિતકારી અને પ્રિય જ બોલાય, - આ બધી જયણા છે. આ દરેકની કાળજી આત્માને મહાન પુણ્ય-લાભ, પાપવારણ, અને કર્મક્ષયનો લાભ આપે છે. એવું જ બોલવામાં નિંદા ન આવે, વિકથા ન આવે, કોઈની શ્રદ્ધા, ધર્મભાવના, કે વ્રતચારિત્રાદિ હણાય એવું ભાષણ ન થઈ જાય, કોઈને હૃદય વિદારક મર્મવચન ન લાગે એવી એવી પણ જયણા એટલે કે કાળજી જાળવવી જોઈએ. ત્યારે આચરણના વ્યવહારમાં શિષ્ટતા, ઔચિત્ય, નીતિ, ધર્મ, લોકપ્રિયતા, વગેરે ખૂબ સાચવવા જોઈએ. આ બધું જયણા કહેવાય. એ જેટલું સાચવો તેટલો ધર્મ કમાયા ગણાય.

**સંસાર તરવામાં મુખ્ય વાત છે જયણાની :-** દરેક-કાર્ય અને દરેક સ્થાનમાં જયણા રાખવી એ મહાધર્મ છે, પ્રથમ ધર્મ છે. એમાં આષાઢી ચોમાસામાં આવી વિશેષ ચોક્સાઈ કેમ મૂકી ? મુનિઓને એક જ સ્થાનમાં રહેવાનું કેમ ? વર્ષાકાળમાં જો જયણા ન રાખો, તો અનંતા જીવોના કચ્ચરઘાણ નીકળે. જરાક લીલફૂગ કચરવાની ગફલત થઈ, કે તરત કેઈક અસંખ્ય નિગોદશરીરના દરેક શરીરમાં રહેલા અનંતાજીવોની કતલ થઈ જાય. શું કંઈ ખ્યાલમાં આવે છે ? **દયા એ ધર્મનું મૂળ છે. હિંસા એ અધર્મનો પાયો છે. દયાને મહાન ધર્મ શાથી કહ્યો છે ? સર્વ જીવ સુખ ચાહે છે, દુઃખ નથી ચાહતા. તેથી આપણી જાતની જેમ બીજાનેય દુઃખ ન આપવું જોઈએ. એ દયાથી, જીવરક્ષાથી થાય. એમાં (૧) જીવ બચે એ લાભ; સાથે આપણા હૈયાની (૨) કુણાશ રહે, (૩) જિનાજ્ઞાનું પાલન થાય, દયાની ક્રિયાથી આત્મામાં (૪) સારા સંસ્કાર પડે. (૫) આજુબાજુમાં બીજાને દયાનો ધડો મળે વગેરે અનેક લાભો છે.** માટે જ ચોમાસામાં ખાસ કરીને જતના પાળો. ડગલું માંડતા પહેલાં જીવ ન મરે એ જુઓ. ધર્મી જીવો તો આ પાળનારા હોવા જ જોઈએ.

**સાંસારિક ક્રિયામાં દયા પાળવાના કેટલા દાખલા :-**

સુંવાળી પુંજણીથી ફોરા હાથે વાસણ વસ્તુને વાપરતાં પહેલાં પુંજી લેવાની છે. રાંધવું, પાણી ભરવું, ચૂલો ફૂંકવો, વાસણમાં કાંક નાખવું, પાટલા-બાજોઠ ખસેડવા કે લઈ બેસવા-ઇત્યાદિ બધી ક્રિયા સંસારક્રિયા છે. પણ એ કરતાં પહેલાં પુંજણીથી હલકા હાથે પુંજી લો તેટલો જયણાધર્મ કમાવાનો થશે.

(૨) **ચોમાસામાં જીવોત્પત્તિ બહુ, તેથી જોવા-પુંજવાનો ખૂબ ઉપયોગ ખાસ જોઈએ.** અરે ! શરીર પર ખણજ આવી, ત્યાં કપડાના મૃદુ છેડાથી આસ્તે પુંજી

લીધું, અને પૂંજનારા કપડાનો છેડો જોયો તો કદાચ એના પર બારીક જીવડું રમતું ખીલતું હશે. પુંજ્યું ન હોત તો ખણવાથી એ મરત. અહીં કદાચ જીવાત ન પણ હોય, છતાં દયાભાવથી પુંજ્યું તે જયણા થઈ, તે ધર્મ થયો.

(૩) એવી રીતે ચોમાસામાં આંગણાં, મોરીના સ્થાન, પાણીના સ્થાન, પાપડ, અથાણા-તેલ વગેરેના ડબા-બરણીના મોંઢીયાને બહારના ભાગ, ટોપીની અંદરની પટી, પાકીટ, જોડા વગેરે ચામડાની વસ્તુ, -આવા બધા સ્થાને લીલ કે ધોળી ફૂગ ચઢી આવે છે. એમાં એ આવતાં પહેલાં એ ઉત્પન્ન જ ન થાય એવો ઉપયોગ રાખો તે જયણા. સાફસુફી ઉપર ઉપરથી હોય છે તેથી લીલ થાય છે. એમ આઠ માસના ગાળામાં ચામડા વગેરે પર ગમે તેવા હાથ લાગવાથી ચોમાસામાં ત્યાં ફૂગ ચઢે છે. પાપડ પર ભેજ હોવાથી ફૂગ ચઢે છે. આના પર રાખ કે ચૂનાનો ઉપયોગ રાખ્યો હોય તો ફૂગ ન ચઢે. શ્રાવક ગૃહસ્થે આ બધું ખૂબ સાચવવાનું છે. નહિતર પછી લીલ-ફૂગ કચરવામાં દિલ નિષ્ઠુર થઈ જાય છે.

(૪) જયણાની વળી એક વાત એવી છે કે દળવા-ખાંડવા, કુટવા-પીસવા, ધોવા-રંગવા વગેરેની પ્રવૃત્તિ જે આરંભસમારંભભરી છે, તેનો બહુ સંકોચ કરી દેવો જોઈએ. અર્થાત્ ચોમાસામાં સર્વથા અગર આટલા દિવસ આ બધી પ્રવૃત્તિ બંધ, એવો નિયમ જોઈએ. ઘરનાં કામ જેના માથે છે એવી બાઈઓ છેવટે નાના છોકરાના અને પોતાના કપડાં આદિ પુરતો નિયમ કરી શકે.

(૫) વળી એક વાત છે દિવાળી આવતાં પૂર્વે ઘરમાં મહા સાફસુફીની ઉથલપાથલ નહિ કરવાની, દેખાદેખી શરમા-શરમી, અજ્ઞાનતા વગેરે કારણે ચોમાસામાં જ દિવાળી પૂર્વે જોરદાર સાફસુફી કરવામાં સેંકડો-હજારો કંથુઆ, માકણ વગેરે જીવોનો કચ્ચરઘાણ નીકળતો હશે. શું શ્રાવકની દિવાળી એટલે ઠામ કરીને બેઠેલા નિર્દોષ નિરાધાર જીવોની હોળી ? ન શોભે એ. કારતક પુનમ પૂર્વે એવા આરંભસમારંભ કરવાના હોય નહિ. તો જયણા રહે.

**તમે બીજાને ઠાર્યા હશે તો ઠરવાનું મળશે :-** જ્યાં સુધી તમે બીજાને શાતા નહિ આપો, ત્યાં સુધી તમને શાતા મળશે નહિ. શાતાના દાનથી શાતા મળે કે અશાતાના દાનથી શાતા મળે ? પરમાર્થ કરવાથી જ સુખ મળશે. સ્વાર્થથી સુખ નહિ મળે. સ્વાર્થની રમતમાં કેટલાય માણસો દયા ભૂલે છે, તેમ સમ્યક્ત્વ ભૂલે છે. કુદેવ-કુગુરુને ભજે છે. એમને બિચારાને ક્યાં ખબર છે, કે કોઈ જંતર-મંતર, બાવા-ફકીર હરમાન વગેરેથી સુખ નહિ મળે. એ અજ્ઞાન માણસો એવાની પૂંઠે ફરી, ફળફળાદિ આપીને એની આરતિ ઉતારે છે. કેમ જાણે બધું એનાથી મળી જશે ! ખબર નથી કે "ભલા માણસ ! કિમિયાગર જો સાચા હોય તો જગતમાં



કોઈ નિર્ધન, કોઈ રોગી કે કોઈ વાંઝીયું રહે ?" જગતમાં મામુલી સુખ પણ ધર્મને જ મળે છે. ધર્મથી ઉપાર્જેલ ભાગ્યથી મળે છે. કહે છે કે "ફલાણાને મળે છે અને અમને કેમ નહિ ?" ઉત્તર સીધો છે. પૂર્વભવમાં કેઈકને ઠાર્યા હશે, એટલે એમને ત્યાં ધન-કીર્તિ-છોકરાં વગેરે મળી આવ્યું. તમે ઠાર્યા નહિ હોય પણ ઊલટાં બાળ્યાં હશે, સંતાપ્યા હશે પછી ક્યાંથી મળે ? **જો કોઈ ચીજ પર મમત્વભાવ કરવાના પાપે એ ચીજ બીજાને દાન આપીને પરમાર્થ ન કર્યો, તો તે ચીજ ભવાંતરમાં તમને ક્યાંથી મળે ?** દાન કરનારને ઠારવાનું મળે, કે કોથળીનાં મોં બંધ રાખનારને ? આમને તો જાણે એમ છે, કે કર્મ બળજબરીથી ઊપાડી જાય તો વાંધો નહિ, બાકી દાન નહિ દેવાય ! **આ મનુષ્ય જીવનમાં મળેલા તન-મનને ધનનો જો સદુપયોગ ન કર્યો, તો મહાદુઃખ-સંતાપમાં બળવાનો વખત આવશે. બીજાને નહિ ઠારો તો તમને ઠરવાનો વખત નહિ આવે.**

**પરમાર્થમાં જયણા શી ? :-** આમાં એટલું ધ્યાનમાં રાખવાનું કે પરમાર્થ કરીને પાછું ગર્વમાં નથી પડવાનું. બીજા પર અધિકાર નથી જમાવવાનો. નહિતર એ ધર્મક્રિયામાં **અજયણા** થશે. આ તો દાન થોડું કરે અને માને કે હું જગત પર મહાન ઉપકાર કરી રહ્યો છું ! એ ખોટું છે. પરમાર્થ કરીને તો એમ થાય કે "હું લક્ષ્મીના પાપમાંથી બચ્યો !" આજે તો સાચી ઉદારતા ને પરમાર્થ લુપ્ત થઈ જતા લાગે છે. એના નામે સોદા થવા માંડ્યા છે. સામા પાસે ઉપકાર મનાવવાનો, સામાને ઓશિયાળો બનાવવાનો-ગુલામ બનાવવાનો. મોટું માન-સન્માન મેળવવાનો અભખરો લાગ્યો છે. આ બધી વસ્તુ સુકૃતના લાભને ડામે છે. **વિચારવું કે 'મારે જીવી જીવીને કેટલો કાળ જીવવાનું ? એમાં શા સારૂં તુચ્છનો સોદો કરી મહાલાભ ગુમાવવો ?'**

**આશ કરો અરિહંતની :-** વાત એ હતી કે ધર્મના પાયામાં જે સમ્યક્ત્વ જોઈએ એ માટે પણ નિયમમાં આવી જવાનું છે. નિયમ વિનાની વાત ઢીલી અને પોચી. માટે આડીઅવળી આશા-અપેક્ષાઓ મૂકી દઈ એક માત્ર અરિહંત પરમાત્માની જ નક્કર આશા રાખી લેવી જોઈએ. **"જિનભક્તે જે નવિ થયું રે, તે બીજાથી નવિ થાય રે."** આવી પાકી મનઃશ્રદ્ધા કરી લો. પછી એની પ્રતિજ્ઞા કરી લેવાની. સુદેવ-સુગુરુ-સુધર્મ સિવાય બીજાને વંદુ-પૂજું નહિ, માનું-આરાધું નહિ પછી કદાચ સમજો કે કોઈ વિઘ્ન કે કષ્ટ આવ્યું તો તે સહર્ષ સહી લેવાનું. એમાં પૂર્વના પાપ ખપે છે, અને **એક અરિહંત પ્રભુની જ આસ્થા રાખવાને લીધે ભવિષ્ય ઉજળું ઘડાય છે.** ત્યારે આમેય જગતમાં સહવાનું ક્યાં ડગલે ને પગલે નથી આવતું ? ખરી રીતે તો દુનિયાના સંકટ આવે ત્યારે એ વિચાર જોઈએ કે આ આપણે દુનિયા

ઊભી કરી માટે સંકટમાં મૂકાયા. દુનિયા સમજોને ? ઘર-સ્ત્રી-કુટુંબ-દુકાન વગેરે. એના કારણે દુઃખ. ત્યાં દોષ બીજા કોને આપવા યોગ્ય ? આપત્તિમાં સતીઓ શું કરે છે ? દોષ પોતાનો જ કાઢે છે.

**આપત્તિ વખતે જગત બીજાને ગાળ દે છે.**

**આર્યમાનવી કર્મનો દોષ કાઢે છે, જ્યારે,**

**જૈન બચ્ચો પોતે ઊભા કરેલા અહીંના જ અઢાર પાપસ્થાનકમય સંસારનો દોષ માને છે.** તેથી જ મહાત્માઓ ઉપસર્ગમાં ઠેઠ શરીર સુધી પહોંચે છે. અર્થાત્ શરીર પર રાગ કર્યો છે માટે દુઃખ લાગે છે. ત્યાં પૂર્વકર્મનો દોષ નહિ જોવાનો. પૂર્વકર્મનો દોષ જોવામાં જરા દીનતા આવે છે; "શું કરીયે ભાઈ...? આપણાં કરમ એવાં..." પરંતુ જો **આ જન્મના જ પોતાના પાપને કારણભૂત માને તો સાચી વીરતા આવે છે ! પાપ પર સાચો તિરસ્કાર છૂટે છે ! પૂર્વકર્મને દોષ દેનારને તો પુણ્યોદય જાગ્યા પછી સંસારલીલા એમજ ચાલવાનો સંભવ છે. માટે આજ જન્મના રાગદ્વેષાદિ પાપાચારને દોષ દેનારો પુણ્યોદય જાગે તોય પાપચાર છોડશે.**

**બ્રહ્મચર્ય :-** ચોમાસામાં એક ખાસ આરાધના **સંપૂર્ણ બ્રહ્મચર્યની** જોઈએ. તે જો નજ બને તો ૧૧૯-૧૧૮-૧૧૫ દિવસ બ્રહ્મચર્ય પાલન કરવાનું અને તે પણ પ્રતિજ્ઞાપૂર્વક પાળવાનું. બ્રહ્મચર્યથી જીવન દીપે છે. ધર્મી આત્માનો સંસાર કેવો હોય ? એમાં સંસારના ઉમળકા નહિ, પણ ધર્મના ઉમળકા જાગૃત જ જોઈએ. એ ચોંટ હોય કે "ક્યાં ક્યાં અને કઈ-કઈ ધર્મ-આરાધના કરું ?" બસ ! તક-અવસર મળતાં જ તેને ઝડપે. "ચાલો ચોમાસું આવ્યું ! બ્રહ્મચર્ય પાળશું !" બ્રહ્મચર્ય કોણ પાળે ? જેને ક્ષયરોગાદિમાં ડાક્ટરે મનાઈ કરી છે તે ? જેની શક્તિઓ ક્ષીણ થઈ ગઈ છે તે ? જેની પત્ની રીસાઈ પોતાના પિયર ચાલી ગઈ છે, તે ? શરીર વૃદ્ધાવસ્થાથી ઘેરાઈ ગયું હોય તે ? ના, પણ જે યુવાનીના ઉંબરે છે, અને જેને ચોમાસું આરાધવું છે તે. **કુમારપાલ મહારાજા** ચોમાસું આખું બ્રહ્મચર્ય પાળતા. એમાં પાછું મનભંગે મોટી સજા ! મનમાં ચોરી પેસે કે ઉપવાસનો સખત દંડ. કામની ઉત્પત્તિ જ સંકલ્પમાંથી છે ! કવિ કહે છે-

**काम ! जानामि ते मूलं, संकल्पात् किल जायसे ।**
**ततस्तं न करिष्यामि, ततो मे न भविष्यसि ॥**

'હે કામ ! હું તને જાણું છું, તું સંકલ્પમાંથી જ જન્મે છે, પણ હું મૂળમાં જ સંકલ્પને મનમાં પેસવા નહિ દઉં, પછી તું ક્યાંથી જન્મવાનો ?" મહાન સંપત્તિ અને મહારૂપ-લાવણ્યવાળી રાણીના માલિકને આખું ચોમાસું બ્રહ્મચર્ય પાળવાનું ! સમજાય છે કંઈ તમને ?



**જાતની નબળી કડી પારખી એને દૂર કરવી પડશે :-** અંદર છે કામ લંપટતા, અને બહારથી જાણે ઉદારતાનું ફિરસ્તું એવું આજનું જગત સ્ત્રીસમાનતાની, સ્ત્રીપૂજાની વાતો કરે છે. એ વાતો કરનારા કેઈક મનના ચોર હોં ! પૂછજો એ લોકોને કે "શેકહેન્ડ કોની સાથે કરો છો ? કુમળી તરુણીના ગુલાબી હાથ સાથે ? કે વૃદ્ધાના કરચલીયા હાથ સાથે ? મોટર-બસમાં બાજુએ થઈને, કે ઊભા થઈને જગ્યા કોને આપો છો ? ફેશનેબલ યુવતીને કે સાદી સીધી વૃદ્ધાને ? Please Come on sister કહો, કે Come on mother', શું કહો ?" આ ધાંધલ ક્યાં લઈ જશે એની ખબર પડે છે ? આમાંથી ઘેર ઘેર અનાચારી સરજાય કે બીજું કાંઈ ? એમને આ વાત ગળે ઉતરતી નથી, કેમ ? આત્માની કામના આકર્ષણરૂપી નબળી કડી છે. એમને સ્ત્રીઓના ઘુંઘટ કેમ અકારા લાગ્યા ? એ પુનર્લગ્ન ન કરે એમાં કેમ દયા ઉભરાણી ? કહો અંદર ખામી છે. પુરુષની આ ખામીના ઉપર તો કેઈક સ્ત્રીઓ એ નબળી કડીનો લાભ લે છે; વર્ચસ્વ જમાવે છે. આમાં પછી દેવગુરુ ધર્મનું શું ઉપજે ? જ્યારે ઇન્દ્રિયોના ગળચટા વિષયોના સ્વાદ કરવા જોઈએ છે, રંગરાગના ચાળા કરવા ગમે છે, અને ગુલામી કરાવનારી કામવાસના ખપે છે. તો પછી ચોમાસાની સાધના ક્યાં સધાય ? વાસનાની અંધતામાં તો પ્રિયા આગળ પરમાત્માય વિસાતમાં નહિં ! તેય લગ્ન થયે વર્ષો ગયા પછી પણ ! કેમકે કામના સંબંધે સ્નેહ દઢ કર્યા છે. એ અનંત શક્તિવાળા આત્માને મુડદાલ કરે છે ! માનવભવની મહાન બુદ્ધિને આવરી દે છે ! મોંઘેરા જીવનને પરના પનારે બરબાદ કરી દે છે !

**નંદીષેણે શું કહ્યું હશે ? :- જિનાજ્ઞાનો ખપી બનેલો આત્મા તો લુચ્ચી ઈન્દ્રિયોને કહી દે છે, કે "ઈન્દ્રિયો, અમે તમારા ગુલામ નથી, તમને મનફાવતા હુકમો છોડી હવે અમારી પાસે અનર્થ કરાવી શકનાર નથી. હવે તો આ ચોમાસામાં તમારા હુકમને પગ નીચે કચડશું, અને અનંતકલ્યાણ કરનારા સ્વામી જિનેશ્વરદેવના સાચા સેવક બની તેમના હુકમોને હર્ષભેર ઉઠાવશું."** વિચારો, વેશ્યાને ત્યાં ભોગ-વિલાસ માટે આવેલાઓને નંદીષેણ શું ઉપદેશ આપતા હશે, કે જેના યોગે રોજ દસ-દસને પ્રતિબોધ પમાડી પરમાત્માને ત્યાં મોકલતા હતા ? એવો કાંઈ કે **"ભાગ્યવાન ! તું અહિં ક્યાં આવી ચઢ્યો ? જો આ જીવનનું ધ્યેય ચામડીના ગલિચ ભોગોમાં જ રાચવા-માચવામાં હોત, તો ગટર ચુંથનારા ભૂંડનો અવતાર શું ખોટો હતો ? અનંતકાળથી ભોગની રમત કરતો આવતો છતાં હજુ આત્મા એવો ને એવો જ જે ભોગનો ભૂખ્યો રહ્યો છે, તે ભૂખ શું આવા માનવજીવનનો ઊંચો અને ટૂંકો સમય તુચ્છ ભોગના કિચડમાં રગદોળી નાખવાથી મટી જશે ?**

**ભિખારવાપણું ટળી જશે ? ના, એ તો આત્મા કાયાના ધર્મોમાં રાચવાને બદલે બ્રહ્મચર્યમય આત્માના શુદ્ધધર્મોમાં વિચરે તો જ ભૂખ ટળે, અને ભીખ મટે. માનવજીવન અતિદુર્લભ છે ! ક્ષણભંગુર છે ! એમાંથી સુલભ અને શાશ્વત એવા ઉચ્ચ ત્યાગ-વિરાગના ધર્મને સાધ. તો દુનિયાનો એક રંકભોગી બનવાને બદલે સમર્થ ત્યાગી ચક્રવર્તી બની જઈશ !''**

**કુમારપાલ મહારાજાનો ચાતુર્માસિક તપ-ત્યાગ :- તપ અને ત્યાગની** વાત પૂર્વે કરી છે. આહારસંજ્ઞા અને રસલાલસાને કાપવાનો આજ એક ઉપાય છે. ફરીથી યાદ કરો, 'ચોમાસામાં કુમારપાલને રોજ એકાસણાં, રોજ લીલોતરીનો ત્યાગ, રોજ પ્રાયઃવિગયનો ત્યાગ રહેતો.' એ અઢારદેશના માલિક કઠોર શરીરના હશે અને તમે સુકોમળકાયાના, કેમ ? સમજજો, કે આ બધું મન પર રહેલું છે. બે દહાડા કઠિન લાગે, પછી ટેવાઈ જવાય. એવા ટેવાઈ જવાય કે અગીયાર વાગે એક જ વાર ભૂખ લાગે. તેમાં ખવાય પુરું અને કામકાજ સરસ ચાલે. વિગયમાં ચોપડેલી રોટલી અને દાળશાકમાં વઘાર આવે તો તેની છૂટ. તે સિવાય વિગયનો પણ ત્યાગ કરી શકોને ? **મનને એટલું સમજાવો કે ''ખાધે-પીધે જીવ નહિ ધરાય. ત્યાગથી જ ધરાશે. માટે ત્યાગનો અભ્યાસ પાડ. વળી વિચાર, કે અહો ! અનંતકાળથી મને આહારસંજ્ઞા ભારે સતાવતી આવી છે. એની સતામણિમાં ઘણીય વાર સત્ય અને નીતિ, પરમાર્થ અને પરોપકાર, ત્યાગ ને તપ, ભક્તિ ને ઉદારતા વગેરે મારા આત્માના જ કલ્યાણપંથો વિસાર્યા. ઠીક થયું ! ગઈ કાલે ઉપવાસથી આહારસંજ્ઞાને દાબવાનો સુઅવસર મળ્યો ! ફરીફરી એવો સુઅવસર પામવા હવે ક્યારે ભાગ્યશાળી બનું !''**

**ધર્મમાં વિલંબ કરનારે કાળપર વિજય મેળવ્યો છે ! :-** ત્યારે કહો કે સુકૃતને વિલંબે રખાય ? ધર્મ હમણાં જ સાધું એમ થાય કે પછી કરશું એમ થાય ? કાળ પર તમે તો વિજય મેળવ્યો છે ને ? સમજી રાખો, કે કાળને ઇન્દ્ર પણ નથી જીતી શકતો. કેટલાક માણસ એવું નક્કી કરી રાખે છે, કે દાન આટલું જ દેશું. તપ-ત્યાગ આટલા જ સેવશું, આટલાં જ આચરશું...અલ્યા ભાઈ ! કાલની કોને ખબર છે ? એક ક્ષણમાં ઊડી જઈશ, પછી સંસાર તો મળશે પણ ધર્મ કરવાનું નહિ મળે. દાન કોણ દઈ શકે ? પરમાર્થ આગળ લક્ષ્મીની કિંમત કાંઈ નથી એમ માને તે જ દઈ શકે. તપ-ત્યાગ કોણ કરી શકે ? ભોગની કિંમત કંઈ નથી તેમ માને તે. ઘરનો માલિક દાન દઈ આવે, ધર્મમાં ખર્ચી આવે; એમાં પોતે જ ખુશ એમ નહિ, પણ આખું કુટુંબ ખુશ હોય. પત્ની પણ ખુશ. એવી ખુશ કે પતિએ સર્વ આપી દીધા પછી ભૂખે મરવાનું આવે તો પણ અપમાન કે બડબડાટ નહિ, દોષ દેવાનો



નહિ. એવી સુશીલ સ્ત્રીઓથી આર્યદેશ ભર્યો પડ્યો હતો. આજે ? અછત થવા માંડી. કેઈક પતિએ પણ આર્યત્વ ગુમાવ્યું. ને કેઈક પત્નીઓએ પણ સાથે ! પરંતુ હવે આર્યત્વનો ઉદ્ધાર કરો. જીવન પરમાર્થનાં ઘડો. અહીં જે ધર્મસમજ મળી છે, એને સાર્થક કરો તો જાતનો અને બીજાનોય ઉદ્ધાર કરી શકશો.

**શ્રીભદ્રબાહુસ્વામિજી શું કહે છે ? એજ કે સમજ એટલે બોધિ.** ''એને અહીં મળ્યા છતાં જો સફળ નથી કરતો, અર્થાત્ તે સમજને અમલમાં - ક્રિયામાં નથી ઉતારતો, એટલે જો અહિં મળેલી બોધિને નિષ્ફળ કરી રહ્યો છે, તો પછી ભવાંતરમાં બોધિ મળવાનું તું શી રીતે માગી શકે ? અધિકાર રહેતો જ નથી.'' ભવાંતરમાં જિનધર્મ મળે, જિનાજ્ઞાનું પાલન મળે, એવું માગો છો ને ? **'मम हुज्ज सेवा भवे भवे तुम्ह चलणाणं ।''** કહો છો ને ? તો હવે અહીં જે આજ્ઞા મળી છે, તેનું પાલન નહિ કરો, તો ભવાંતરમાં ક્યાંથી મળશે ? **બોધિ અહીં સફળ કરે તેને બોધિનો હક રહે.** માટે સમજ્યા પછી સમજણને સાધનામાં ઉતારો. ચોમાસાની મહામોસમમાં ખૂબ ત્યાગ, ખૂબ તપ જોઈએ. એના નિયમ જોઈએ.

**ચોમાસામાં બહાર જવાનું બંધ :-** જરા જુઓ, કે ઇન્દ્રિયોને સ્વચ્છન્દ મૂકવામાં જયણાધર્મ કેટલો વ્યર્થ ચાલી ગયો ? હોટલ જેવામાં સડેલી દાળમાંથી બનેલા લોટના ગાંઠિયા ખાતાં ટેસ માણવાનો ! શા આ માનવના વૈભવ !! મહાસમ્રાટ કુમારપાલને મહાવૈભવ છતાં જીવનમાં કેટલા નિયમો ! આખું ચોમાસું માત્ર નગરમાં મહેલ, મંદિર અને ઉપાશ્રય પુરતી જ અવર-જવર. બાકી આખું ચાતુર્માસ નગર બહાર જવાનો ત્યાગ. એ પ્રતિજ્ઞાને જાણીને તો ગિઝનીનો સુલતાન ગુજરાત પર ચઢી આવ્યો ! છતાં રોવાનું નહિ. ગુરુમહારાજે એને યોગ બળથી પકડી મંગાવ્યો, તો કુમારપાલે શું કર્યું ? એને જીવતદાન આપી એના રાજ્યમાં છ મહિના સુધી હિંસા બંધ કરાવી. ચોમાસામાં બહુ હરવા-ફરવામાં જીવ વિરાધના થાય છે. તેથી દિશા સંક્ષેપ કરવો જોઈએ, કે 'હું આ ચોમાસામાં ચારે દિશાઓમાં આટ-આટલા જ માઈલ જઈશ.' કૃષ્ણવાસુદેવ પણ ચોમાસામાં દ્વારિકા બહાર નહોતા જતા.

**પાપસ્થાનક અધર્મસ્થાનક :-** તેમ એ પણ છે, કે જગતમાં પાપ બહુ ચાલે છે, તો આ અઢાર પાપસ્થાનકની રમત **''હે જીવ ! તું ક્યાં સુધી ઉપાડીશ ? આખું અમારું જીવન પાપસ્થાનકમય સંસારમાં જશે ? અરે, તો પછી તું ચારિત્રનું નિષ્પાપ જીવન ક્યારે મેળવીશ ?'** એમ અંદર પૂછવાનું. કેમકે **પાપસ્થાનકની જેમ મોકલાશ તેમ ધર્મસ્થાનકની સંકડાશ થવાની.** અને એ ચોક્કસ છે કે આપણે **પાપસ્થાનકના જેટલા પ્રેમી છીએ તેટલા પ્રમાણમાં દુઃખી છીએ, અને જેટલા પ્રમાણમાં ધર્મસ્થાનકના પ્રેમી બનીયે તેટલા પ્રમાણમાં સુખી છીએ.** આય એકલી સમજથી નહિ ચાલે, તેનો

અમલ જોઈશે; અને તો જ ગુણો પ્રગટશે. સમજ જેમ વધતી જાય તેમ ક્રિયામાં વધારો થાય. અને તેમાં રસની પણ વૃદ્ધિ થાય. **ક્રિયામાં વધારો થાય તો જ સમજ સંગીન અને વિકસિત થઈ શકે.** ત્યારે શું આરંભ-સમારંભ અને અવિરતિના ઘોર પાપમાંથી બચવું છે, કે પાપમાં જ સડવું છે ? **વિરતિ એટલે સમજની ક્રિયા છે. પ્રતિજ્ઞા દ્વારા પાપમાંથી અટક્યા વગર ઉદ્ધાર થવાનો નથી.** અધ્યાત્મની વાયડી વાતો કરનારો અને બીજી બાજુ તપના દેવાળા સાથે સારી રીતે ખાવાની આવડતવાળો, ત્યાગના દેવાળા સાથે ઇન્દ્રિયોના સુંવાળા વિષયોમાં આળોટનારો, અને દાનના દેવાળા સાથે પરિગ્રહની પૂંઠે પડેલો જીવ એમજ સંસારમાં રખડતો રહી જાય. કેમ કે જ્ઞાન માત્રથી કુસંજ્ઞાનાં વલણ મરે નહિ. એ મારવા માટે તો તપ, ત્યાગ, બ્રહ્મચર્ય, દાન વગેરે ક્રિયાના સુંદર સરવાળાની આવડત હોય તો મોક્ષની નજીક જવાય. તેથી જ ચોમાસા માટે ખાસ નિયમો કરો. જેટલા બને તેટલા કરો.

ચોમાસાની પહેલી સાધનામાં પાપોનો ત્યાગ તેમ બીજી સાધનામાં ધર્મક્રિયાઓ પ્રતિજ્ઞાપૂર્વક આદરાવી જોઈએ. દિવસમાં બે કે ત્રણવાર પ્રભુના દર્શન-પૂજા, અષ્ટ પ્રકારી પૂજા, રોજ કે તિથિના દિવસે સંપૂર્ણ મોટું દેવવંદન, અમુક દિવસ પોતાના મંદિરના સર્વ જિનબિંબોની પૂજા, સ્નાત્ર, આંગીપૂજા, ગુરુવંદન, સાધુ શુશ્રૂષા, વ્યાખ્યાન શ્રવણ, સુપાત્ર દાન, રોજ નવી ગાથા, રોજ અમૂક સૂત્ર પરાવર્તન, અમુક ધાર્મિક વાંચન, કમમાં કમ ૦। કલાક પણ અરિહંતનું એમના ગુણ, શક્તિ, જીવન અને ઉપકારોના આલંબને ધ્યાનાત્મક ચિંતન સાથે સ્વાત્મનિરીક્ષણ, વીસસ્થાનકના અમુક ખમાસમણા, કાઉસ્સગ્ગ, નવકારવાળીઓ, અમુક તપ, ચૌદ નિયમ, અચિત્તજળ, લીલોતરીત્યાગ, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, દેશાવગાશિક, ધર્મ ખાતે અમુક ધનવ્યય, - ઇત્યાદિ ધર્મકૃત્યો રોજના કે પર્વના હિસાબે અથવા ચોમાસામાં અમુક દિવસો પુરતા આરાધવાની પ્રતિજ્ઞાઓ જોઈએ. બાકી રોજ પણ ટૂંકા ટૂંકા અભિગ્રહનો અભ્યાસ બહુ લાભદાયી છે.

એમાંય ખાસ કરીને પોતાના આત્માના કષાયો, ઇન્દ્રિયોની પરાધીનતા, કૃપણતા, સંજ્ઞાઓ, પ્રમાદ, વિલાસ, પરની કથા વગેરે રોગો વિચારી એ ઘટાડવાના ઔષધરૂપ આમાંના ખાસ અભિગ્રહોમાં પ્રવર્તવું જોઈએ. ઔષધ ઘણી હોય પણ રોગને ટાળનાર ખાસ પ્રતિસ્પર્ધી ઔષધો લેવા પર ખાસ લક્ષ જોઈએ. પોતાને કયું આત્મદરદ છે, એ પરખી પરખી વિશેષે કરીને યોગ્યવ્રત નિયમ ક્રિયારૂપ ઔષધ કરવાથી શીઘ્રતાથી સંસારને ટૂંકો કરી શકાય.



## ચાતુર્માસિક આરાધનાનો ઉપસંહાર

**આ બધામાંથી કેટલું યાદ રાખ્યું ? મુખ્ય મુદ્દા કહી બતાવશો ? લ્યો, ગણી લો,**

**આત્મામાં નવો સંવેગ, નવો વૈરાગ્ય અને ઝળકતી શ્રદ્ધારૂપી ગુણો વિકસે; તેમજ જીવરક્ષાની જતના, કઠોર વ્રત-નિયમો અને પ્રભુભક્તિ, ત્યાગ-તપસ્યાદિની જબ્બર સાધના સધાય; એટલે ચાતુર્માસનું સાફલ્ય.**

**પહેલી વાત-પ્રતિજ્ઞાની શી જરૂર છે ? પાપની અપેક્ષા તોડવા માટે પ્રતિજ્ઞા મહાલાભદાયી છે. અસંભવિતની પ્રતિજ્ઞામાં વંકચૂળને બારમો દેવલોક ! કુમારપાલની મહાપ્રતિજ્ઞાઓ ! અનાદિની ચાર સંજ્ઞાઓ આહાર-વિષય-પરિગ્રહ-ભય સંજ્ઞાનું જોર અહીં ઘટાડો. યાદ રાખો-ખાધ્યે ખાધ્યે ભૂખ નહિ મટે, તપથી મટશે...એવું વિષયાદિ માટે. જિનશાસનને પામી અનાદિની કુસંજ્ઞાઓ તોડવાની બહુ જરૂર છે.**

**કેવળ આત્મજ્ઞાનના પોકાર પોકળ છે. સાધનારથના બે ચક્ર છે. જ્ઞાન અને ક્રિયા. બંનેનું સમાન સ્થાન છે. જ્ઞાનમાં ક્રિયાનો અને ક્રિયામાં જ્ઞાનનો મેળ જોઈએ. સમજ અને અમલ બંનેય રાખો. ગુણની સમજ છતાં બીજા પ્રત્યે ગુણભર્યા અમલ ન રાખીએ તો પછી આપણે બીજા પાસેથી આપણી જાત તરફ ગુણોભર્યા વર્તાવની આશા કેમ રાખી શકીએ ? સારી સમજ અને સારી ક્રિયાના મેળ વિના જિનશાસનના આરાધક નહિ બની શકીએ. જ્ઞાન અને ક્રિયાનો સુમેળ તે જ અધ્યાત્મ; તે જ મોક્ષ તરફ પ્રયાણ.**

**એક અવિવેક; કે : ક્રિયાના સ્થાનમાં સમજ નથી, ને સમજના સ્થાનમાં ક્રિયા નથી ! બીજો અવિવેક; જે જીવનમાં આંતરશક્તિને ખીલવવાની હતી, ત્યાં પ્રમાદ-ઉપેક્ષા અને બેદરકારીથી શક્તિઓને બુઠ્ઠી બનાવાય છે. અને વિજ્ઞાનયુગના ચીલે શક્તિઓને ચલાવાય છે. આવા અવિવેકથી મહાન માનવ જીવનની બરબાદી થાય છે. એને મિટાવવા સાચી ધર્મસમજ અને પ્રબળ ધર્મ પ્રવૃત્તિ અત્યાવશ્યક છે.**

**ચોમાસું એટલે હૉસ્પીટલ ! આત્માના કેઈ કર્મકુસંસ્કારના રોગ કાઢવા માટે દવાખાનું ! એમાં દાન-શીલ-તપ-ભાવની, પાપત્યાગ, પ્રભુભક્તિની, દર્શન, જ્ઞાન, ચારિત્રની એમ વિવિધ ટ્રીટમેન્ટો મળે છે. એનાથી વૈરી વિષયોની લત અને મમતા રવાના થાય છે.**

**બીજી ખાસ વસ્તુ છે જયણાની. જયણા એટલે સમજ સાથે સાવધાનીની ક્રિયા. તે બે રીતે. (૧) એક તો સામાન્ય રીતે જીવોની જતના, અને (૨) બીજી રીતે આપણી સર્વ પ્રવૃત્તિઓમાં વ્યાપક જયણા. લૌકિક જયણાને બદલે લોકોત્તર**

જયણાની ધૂનવાળા બનો. સાંસારિક-પ્રવૃત્તિમાં પાપથી બચવાની અને ધર્મનો કસ ખેંચવાની જયણા; ધાર્મિક-પ્રવૃત્તિમાં ઉલ્લાસ, વિધિ, ઔચિત્ય, સંવેગ વગેરેની જયણા. જીવો પ્રત્યે રક્ષાનો ઉપયોગ રાખતાં વિચારો, કે ''બીજાને આપણે ઠાર્યા હશે તો આપણને ઠરવાનું મળશે.''

આ બધાના મૂળમાં સમ્યકત્વ જોઈએ. તે માટે ''જિનભક્તે જે નવિ થયું રે, તે બીજાથી નવિ થાય રે...'' આવી પાકી માન્યતા જોઈએ. જૈનધર્મની શ્રદ્ધા અંગે આપત્તિ ઉપર જૈનબચ્ચો પોતાના ઊભા કરેલા અહીંના જ અઢાર પાપસ્થાનકમય સંસારનો દોષ કાઢે. જૈનની આ વિશેષતા છે કે કષ્ટ આવે ત્યાં પોતાના રાગદ્વેષાદિભર્યા જીવનનો દોષ કાઢે. ત્યારે આર્ય માનવ આપત્તિમાં પોતાના ભાગ્યનો દોષ કાઢે છે. અને જગત તો વળી બીજા માનવનો દોષ જુએ છે.

ચોમાસાની આરાધનામાં જીવજતના જોઈએ; બીજી ધર્મ સાવધાની જોઈએ; બ્રહ્મચર્ય, કર્માદાન-અભક્ષ્ય વગેરે વિવિધ પાપોનો ત્યાગ, ગામ બહાર જવાનો ત્યાગ, વિવિધ ધર્મક્રિયાઓ, તપ-ત્યાગ વગેરેના નિયમ જોઈએ.

કુમારપાલ મહારાજાનો ચાતુર્માસિક બ્રહ્મચર્ય-ત્રિકાળપૂજા, તપ-ત્યાગ, નગર બહાર જવું નહિ વગેરે અદ્ભુત પ્રેરણા આપી જાય છે.

ધર્મ વિલંબે નાંખવા જેવો નથી, માટે સુકૃતને હમણાં જ સાધો. કેમ કે કાળ પર તમે વિજય નથી મેળવ્યો. ભદ્રબાહુસ્વામિજી કહે છે :-

''અહીં પ્રાપ્ત થયેલી બોધિને જો સત્ક્રિયાથી સફળ નહિ કરે, તો ભવાંતરમાં તું બોધિ માગવાને અધિકારી ક્યાં છે ?''

સાથે, જગતમાં ચાલી રહેલી અઢાર પાપ સ્થાનકની તાંડવ-લીલામાંથી બચવા, અઢાર ધર્મસ્થાનકના પ્રેમી બનો, ચારિત્રના નિષ્પાપ જીવનના કોડ કરો, અને મહાપુણ્યે જૈનકુળમાં પ્રાપ્ત એવી ચોમાસાની ધર્મ મોસમમાં પાપો છોડી, તપ-ત્યાગ, વ્રત-નિયમો, દાન, બ્રહ્મચર્ય, ધાર્મિકક્રિયાઓ, પ્રભુભક્તિ વગેરે ખૂબ આચરો.
પ્રકાશક તરફથી :-

## ચાતુર્માસિક નિયમોની યાદી

**સુચના :** નીચેની નોંધ મુજબની વસ્તુઓનો શક્યતા મુજબ ત્યાગ અને સ્વીકાર, ગુરુ મહારાજનો યોગ જો હોય તો તેમની પાસેથી નહિતર પ્રભુની સામે જાતે, પ્રતિજ્ઞા કરી કરવાનો છે. પછી તે મુજબ પાલન કરવું; અને તે નિયમમાં જે માંદગી વગેરે કારણે છૂટ (અપવાદ) રાખવી હોય તે પ્રતિજ્ઞાનો સ્વીકાર કર્યા પહેલાં નક્કી કરી રાખવા. દા.ત. સામાયિક ન થાય તો ઘી નો ત્યાગ કે ખાંડનો



ત્યાગ, અગર ભંડાર કે જ્ઞાનખાતે પાવલી નાખવી. થાળી ધોઈને ન પીવાય તો પાંચ બાંધી નવકારવાળી કે એકાસણું વગેરે...નીચેની નોંધ મોટી છે, એમ માની ગભરામણ કે ઉપેક્ષા ન કરતાં આમાંથી જુદી ડાયરીમાં પોતાનાથી બને તે મુજબ મુદ્દા નોંધી લેવા. અખંડ ચોમાસું ન બને તો પણ એમ રાખી શકાય કે આખા ચોમાસામાં ૧૧૯-૧૧૮-૧૧૫ દિવસ સામાયિક...બ્રહ્મચર્ય...અચિત્તજળ વગેરે...

## • નીચેની વસ્તુઓનો ત્યાગ કરવાનો •

કુદેવ-કુગુરુ-કુધર્મને વંદન-સત્કાર-માન્યતા, મિથ્યાપર્વના પાલન, શિકાર, માંસાહાર, મદિરાપાન, જુગાર, મોટી ચોરી, પરસ્ત્રી, વેશ્યા. પંદર કર્માદાન : વાડી, ખેતી, ખાણ, પત્થર, યન્ત્ર, ભઠ્ઠી, ગાડા વગેરે બનાવવા, ભાડે ફેરવવા વગેરેના વેપાર... સમુદ્ર-પ્લેન પ્રવાસ. કંદમૂળ. વાશી. બોળ-અથાણું. કેરી, ભાજી, રાયણ, જાંબુ, મધ. માખણ, રાત્રિભોજન, ખોટી સાક્ષી. એંઠુ મૂકવું. એંઠા મોંઢે બોલવાનું. કાચાં દૂધ, દહીં, છાશ સાથે કઠોર ભક્ષણ. બે રાત ઉપરનું દહીં. સિનેમા... નાટક... ઘરની વાર્ષિક સાફસુફી. ધોળામણ. નવાં મકાન ચણાવવાં. જુનાં સમરાવવાં, લીવરએક્ષ્ટ્રેક વગેરે અભક્ષ્યદવા કે ઇન્જેક્શન. બરફ, આઈસ્ક્રીમ... જમીન લીંપવી-ગુંપવી. સુકો મેવો : ખારેક-ખજુર, પાન-બીડી, કાચી ખાંડ, તે જ દિવસની ભાંગેલી સોપારી, તે જ દિવસનું ભાંગેલું ટોપરું, કાચું પાણી, નોવેલ... અશ્લીલ છાપાનું વાંચન.

## • નીચેની વસ્તુઓનો પાલન કરવાનું •

સુદેવ-સુગુરુ-સુધર્મ અને જિનોક્તતત્ત્વની શ્રદ્ધા, દિવસમાં ૨-૩ પ્રભુદર્શન. અષ્ટપ્રકારી પૂજા, સવારમાં ઊઠતાં જ નમસ્કાર મન્ત્રનું સ્મરણ, મહાપુરુષોનું સ્મરણ. (આવડે એને ભરહેસરની સજ્ઝાય.) સ્નાત્ર... પ્રતિક્રમણ... સામાયિક... ૦।, ૦।।, કલાક સ્તવન-સજ્ઝાય-સૂત્ર ગોખવું. ૦। કલાક પરમાત્મ ધ્યાનમાં આત્મચિંતા, ગુરુનો યોગ હોય તો ગુરુ વંદન અને વ્યાખ્યાનશ્રવણ, પૌષધ... દેશાવગાશિક... બે-કે ત્રણથી વધુ ટંક નહિ... એકાસણું... આયંબીલ... ઉપવાસ... વિગયત્યાગ. સચિત્ત ત્યાગ. લુક્ખુ ખાવાનો અભ્યાસ, લીલોતરીત્યાગ. [૧]મૈત્રી- [૨]કરુણા [૩]પ્રમોદ- [૪]ઉપેક્ષા એ ચાર ભાવનાનું ચિંતન. થાળી ધોઈને પીવી... બાંધી નવકારવાળી... છૂટી નવકારવાળી... ખમાસમણાં ૨૫, ૫૦, ૧૦૦, ધાર્મિકવાંચન. લેતાં-મૂકતાં પૂંજણીથી પ્રમાર્જન... ઉકાળેલું પાણી... કપડાં ધોતા પહેલા જીવરક્ષા માટે જોઈ લેવા, ગેસ-પ્રાઈમસ ચેતાવતા પહેલા પૂંજણીથી પૂંજવા.

# ગુરુદેવની અમૃતવાણી

દસકાઓના દસકાઓ સુધી અરિહંતની અમૃતવાણીને પ્રકાશીને હજારો-લાખો ભાવુકોના અંતરમાં અજવાળા પાથરનાર ગુરુદેવશ્રી તો પરલોક સિધાવી ગયા છે પણ તે અમૃતવાણી હજુ યુગોના યુગો સુધી ભાવિ પેઢી પર ઉપકારની ધારા વરસાવતી રહે તેવો અણમોલ સાહિત્ય-વારસો પૂજ્યશ્રી મૂકી ગયા છે. તેઓશ્રીના પુસ્તકનું કોઈ પણ પાનું ફેરવો, દિવ્યદર્શનનો કોઈ પણ અંક હાથમાં લો કે ક્યાંય પણ પૂજ્યશ્રીએ લખેલું એકાદ પણ ઉપદેશ-વચન વાંચો, તે માસ્ટર-પીસ જ હોય...પૂજ્યશ્રીના લખાણોમાં વિરાગ નીતરતો હોય, સંવેગ રેલાતો હોય, પ્રભુશાસન પ્રત્યેનો હાર્દિક અહોભાવ તરબતર થતો હોય અને દાખલા-દલીલોથી કઠિન પદાર્થ પણ સુબોધ્ય અને સરળ બનેલો હોય અને સાધકને મોક્ષમાર્ગમાં વાસ્તવિક રીતે આગળ વધારવાના હેતુપૂર્વક લખાયેલો હોય - આ બધી પૂજ્યશ્રીના લખાણોની આગવી વિશેષતાઓ હતી. શ્રીયુત હરિસત્ય ભટ્ટાચાર્યના એક આધ્યાત્મિક પુસ્તકમાં પૂજ્યશ્રીએ સુદીર્ઘ સુંદર પ્રસ્તાવના લખી છે. તેમાંથી થોડો ભાગ સંકલિત કરીને અહીં પ્રસ્તુત કરતા હર્ષ અનુભવું છું.

**• અરિહંતનો વિશિષ્ટ ઉપદેશ •**

અરિહંત ભગવંતો વાણીમાં શું શું પ્રકાશે છે ? (૧) ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યની મહાસત્તાથી વ્યાપ્ત પંચાસ્તિકાય. (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય) (૨) જીવ - અજીવ, આસ્રવ - બંધ - સંવર - નિર્જરા - મોક્ષ એ સાતમાં સમાવિષ્ટ જ્ઞેય-હેય-ઉપાદેયની તત્ત્વત્રયી. (૩) મોક્ષમાર્ગભૂત સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન - સમ્યક્ચારિત્રમય રત્નત્રયી. (૪) સુદેવ - સુગુરુ - સુધર્મ રૂપી ઉપાસ્યત્રયી. (૫) કર્મ - જીવ અને જગત સંસારની અનાદિતા, વિશ્વનું નિયમબદ્ધ સંચાલન, આત્મપુરુષાર્થનું અંતિમ ફળ, વગેરે સમસ્યાઓનો સચોટ ઉકેલ. (૬) તથા માર્ગાનુસારિતારૂપી સામાન્ય ગૃહસ્થ ધર્મથી માંડી સમ્યક્ત્વમૂલ બાર વ્રત અને અગ્યાર પ્રતિમા રૂપ વિશેષ ગૃહસ્થ-ધર્મ તથા સાપેક્ષ-નિરપેક્ષ યતિધર્મ સુધીનો ક્રમબદ્ધ આચાર માર્ગ. (૭) ચૌદ ગુણસ્થાનકની અંતર્ગત ભાવમળની અલ્પતા, સકૃદ્બંધકદશા, અપુનર્બંધક



દશા, માર્ગાભિમુખ, માર્ગપતિત વગેરે પ્રથમ ગુણસ્થાનકથી માંડી અયોગી શૈલેશીકરણ સુધીનો ક્રમશઃ વિકસતો ક્રમબદ્ધ સૂક્ષ્મતાભર્યો આત્માનો ઉત્ક્રાંતિ માર્ગ. (૮) આજ્ઞાવિચય, અપાયવિચય, વગેરે ધર્મધ્યાનથી માંડી વ્યુપરતક્રિયાનિવૃત્તિરૂપી શુક્લધ્યાનના અંતિમ પાયા સુધીનો ક્રમબદ્ધ ધ્યાન માર્ગ. (૯) પારમાર્થિક લોકોત્તર સ્વરૂપવાળો અષ્ટાંગ યોગ અને અદ્વેષજિજ્ઞાસાદિ ગુણાષ્ટક વગેરેથી પરિવરેલો મિત્રાદષ્ટિથી માંડી પરાદષ્ટિ સુધીનો ક્રમબદ્ધ યોગદષ્ટિ માર્ગ. (૧૦) અંજલિબદ્ધ પ્રણામ અને વાચિક સ્તુતિરૂપ નમસ્કારથી વધતાં વધતાં ગીતનૃત્ય સુધીનો પૂજનવિધિનો ક્રમિક દ્રવ્યસ્તવન, તથા દેવવંદનાદિથી માંડી ઉત્કૃષ્ટ જિનાજ્ઞા પાલન સુધીનો ભાવસ્તવ, એ ઉભયને અવગાહતો ક્રમબદ્ધ ભક્તિમાર્ગ. (૧૧) નમસ્કાર મહામંત્રથી માંડી દષ્ટિવાદ સુધીના બોધનો ક્રમબદ્ધ જ્ઞાનમાર્ગ. (૧૨) અનશન - ઊનોદરીથી માંડી સંલીનતા સુધીનો બાહ્ય તપ અને પ્રાયશ્ચિત્તથી માંડી કાયોત્સર્ગ સુધીનો અભ્યંતર તપ એમ ક્રમબદ્ધ નિર્જરામાર્ગ - તપોમાર્ગ (૧૩) સમિતિ - ગુપ્તિ વગેરેથી માંડી યથાખ્યાત ચારિત્ર સુધીનો સંવર માર્ગ. (૧૪) દંભત્યાગથી માંડી ભવસ્વરૂપચિંતન, વૈરાગ્ય દષ્ટિએ વધતાં આત્માનુભવ સુધીનો ક્રમબદ્ધ અધ્યાત્મ માર્ગ. (૧૫) ઈચ્છા-પ્રણિધાનથી માંડી સિદ્ધિ-વિનિયોગ સુધીનો ક્રમિક પુરુષાર્થ માર્ગ. (૧૬) ભવાભિનંદીપણાના ત્યાગથી માંડી ચતુઃશરણગમનાદિ સાધતાં અંતે પ્રવ્રજ્યા-ફળ મોક્ષમાં પરિણમતો ક્રમબદ્ધ સાધનામાર્ગ. (૧૭) અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મમાર્ગ, (૧૮) પ્રશંસા બહુમાનરૂપી ધર્મ-અંકુરથી માંડી સિદ્ધસુખ સુધીનો ક્રમબદ્ધ કર્તવ્ય વિકાસ માર્ગ. (૧૯) જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના કર્મો પર બંધન, સંક્રમણ વગેરે કરણોનું સૂક્ષ્મ વિસ્તૃત સ્વરૂપ. (૨૦) વસ્તુમાત્રના જઘન્યથી નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ, એ ચાર નિક્ષેપ; ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ, નય એ ચાર અનુયોગ; નૈગમ, સંગ્રહાદિ સપ્તનય; સ્યાત્-અસ્તિ-સ્યાન્નાસ્તિ વગેરે સપ્તભંગી, સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર - સ્વકાલ - સ્વભાવ તથા પરદ્રવ્યાદિ અપેક્ષાએ સત્ત્વ, અસત્ત્વ, નિત્યત્વ - અનિત્યત્વ, ભેદ - અભેદ, સામાન્ય - વિશેષ, વગેરે ધર્મોની વ્યાપ્તિનો અનેકાંતવાદ...ઈત્યાદિ ઈત્યાદિ ઘણું ઘણું શ્રીસર્વજ્ઞ અરિહંતોએ ઉપદેશ્યું છે.

**—"ભુવનભાનુનાં અજવાળા"** પુસ્તકમાંથી સાભાર

❖ ❖ ❖